# શેઠ
# આણંદજી કલ્યાણજીની
# પેઢીનો
# ઇતિહાસ

ભાગ-૧

॥ नमो तित्थस्स ॥

# શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો ઇતિહાસ

## ભાગ ૧

卐


લેખક

રતિલાલ દીપચંદ દેસાઈ



પ્રકાશક

શેઠ આણંદજી કલ્યાણજી

અમદાવાદ–૧

પ્રકાશક
બાપાલાલ મગનલાલ ઠાકર
જનરલ મેનેજર
શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી
ઝવેરીવાડ; પટણીની ખડકી
અમદાવાદ – ૩૮૦૦૦૧
( ગુજરાત )

卐

વિ. સં. ૨૦૩૯, માહ; ફેબ્રુઆરી, ૧૯૮૩
વીરનિર્વાણ સંવત ૨૫૦૯

કિંમત પચાસ રૂપિયા

★

—મુદ્રક—

ગ્રંથના—
શ્રી જસવંતલાલ ગિરધરલાલ શાહ
શ્રી પાર્શ્વ પ્રિન્ટરી
૧૪૭, તંબોળીનો ખાંચો,
દોશીવાડાની પોળ,
અમદાવાદ–૩૮૦૦૦૧

છબીઓના—
શ્રી નરેશ કે. દેસાઈ
વિનય પ્રિન્ટીંગ પ્રેસ
વાળંદની વાડી; પ્રકાશ સિનેમાની પાછળ;
ઘીકાંટા રોડ;
અમદાવાદ–૩૮૦૦૦૧



શ્રેષ્ઠિવર્ય કસ્તૂરભાઈ લાલભાઈ
( તા. ૧૯-૧૨-૧૮૯૪-તા. ૨૦-૧-૧૯૮૦ )

# અ ર્પ ણ

શ્રેષ્ઠિવર્ય કસ્તૂરભાઈ લાલભાઈને—

તેઓશ્રીએ અરધી સદી જેટલા સુદીર્ઘ સમય સુધી,
શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના એક પ્રતાપી સુકાની તરીકે

તથા

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના મુખ્ય અગ્રણી તરીકે,
જૈન તીર્થભૂમિઓ, જૈન સંઘ અને જૈન સંસ્કૃતિની

તન, મન, ધનથી બજાવેલી,
શાણપણ, દૂરંદેશી અને નિષ્ઠાભરી
અનેકવિધ સેવાઓ પ્રત્યે

તેમ જ

દેશના એક વિશ્વવિખ્યાત ઉદ્યોગપતિરૂપે,
બાહોશ અને વગદાર રાજપુરુષરૂપે

તથા

કેળવણીક્ષેત્રના સમર્થ પુરસ્કર્તા અને ઉદાર દાતારૂપે
દેશના એક મહાન પ્રભાવશાળી મહાજન તરીકે
કરેલ અનેક પ્રકારનાં સત્કાર્યો પ્રત્યે
કૃતજ્ઞતાની વિનમ્ર લાગણી પ્રદર્શિત કરવા નિમિત્તે

—સાદર સમર્પિત.

—રતિલાલ

## શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું

## વર્તમાન ટ્રસ્ટી મંડળ

(વહીવટદાર પ્રતિનિધિઓ)

૧. શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ, પ્રમુખ

૨. વકીલ શ્રી ચંદ્રકાંત છોટાલાલ ગાંધી

૩. શેઠશ્રી નરોત્તમદાસ મયાભાઈ

૪. શેઠશ્રી ચંદ્રકાંત બકુભાઈ

૫. શેઠશ્રી આત્મારામ ભોગીલાલ સુતરિયા

૬. શેઠશ્રી મનુભાઈ લલ્લુભાઈ

૭. શેઠશ્રી રસિકલાલ મોહનલાલ

૮. શેઠશ્રી ગૌરવભાઈ અનુભાઈ

૯. શેઠશ્રી કલ્યાણભાઈ પુરુષોત્તમદાસ ફડિયા

# સાંસ્કૃતિક વારસાના જતનનો થોડોક ઇતિહાસ

## ( પ્રકાશકીય નિવેદન )

જૈન સંઘનો સાંસ્કૃતિક વારસો જેમ અનેક પ્રકારનો છે, તેમ તેનું પ્રમાણ ઘણું વિશાળ છે, અને અમૂલ્ય કહી શકાય એવી એની સમૃદ્ધિ છે. ભગવાન તીર્થંકરદેવોએ, જગતના કલ્યાણ માટે, જે સર્વમંગલકારી જંગમ અને સ્થાવર તીર્થની સ્થાપના કરી હતી, તેને સદા ઉદ્યોતમંત રાખવાનું એટલે કે માનવસમાજની ધર્મભાવનાને ટકાવી રાખવાનું તથા એમાં અભિવૃદ્ધિ કરતાં રહેવાનું પાયાનું કામ, છેક પ્રાચીન કાળથી, આ સાંસ્કૃતિક વારસા દ્વારા થતું રહ્યું છે એની ઇતિહાસ સાક્ષી પૂરે છે.

આવા ઉમદા સાંસ્કૃતિક વારસાનાં પ્રેરક બળ બે છે : એક તો, મોક્ષના રાજમાર્ગ સમી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયીની આરાધના જૈન સંઘ અખંડ રૂપે કરી શકે એવું સમર્થ આલંબન ઊભું કરવું. અને બીજું પ્રેરક બળ છે, તીર્થંકર ભગવાનના અભાવના યુગમાં, જ્ઞાન અને ક્રિયાની આરાધનાના પુષ્ટ અવલંબનરૂપ તીર્થભૂમિઓ, જિનમંદિરો, જિનપ્રતિમાઓ અને જિનવાણીની સારી રીતે ઉપાસના થઈ શકે એવાં ધર્મસ્થાનોની સ્થાપના કરવી.

એટલે, તીર્થંકર પરમાત્માના વિરહના યુગમાં, જિનમંદિરો એમના સમવસરણના અને જિન-પ્રતિમાઓ સ્વયં તીર્થંકરદેવોના સ્મરણનું નિમિત્ત બને છે. અને જિનવાણીના બહુમૂલા ખજાનારૂપ ધર્મશાસ્ત્રો તો, પોતાના અને વિશ્વના કલ્યાણનો પંથ બતાવવામાં, દિવ્ય પ્રકાશની ગરજ સારે છે. તીર્થ-ભૂમિઓ, જિનમંદિરો, જિનપ્રતિમાઓ અને જિનવાણીની આવી ઉપકારકતાને કારણે જ, સમયે-સમયે અને સ્થાને-સ્થાને, તીર્થભૂમિઓ, જિનાલયો અને જ્ઞાનભંડારોની સ્થાપના થતી જ રહી છે અને અત્યારે પણ થતી રહે છે. અને તેથી જ જૈન સંઘના આ સાંસ્કૃતિક વારસામાં, ઉત્તરોત્તર વધારો થતો જ રહે છે. આ સાંસ્કૃતિક વારસો વિવિધ પ્રકારની શિલ્પકળા અને ચિત્રકળાની વિપુલતાથી વિશેષ સમૃદ્ધ બન્યો છે; અને તેથી જૈન-આશ્રિત કળા તરીકે વિશ્વમાં એની ઘણી નામના થયેલી છે એ એક હકીકત છે.

પણ જેમ આ વારસો અસાધારણ રીતે સમૃદ્ધ અને વ્યાપક છે, તેમ એની સાચવણીનું કામ પૂરેપૂરી શ્રદ્ધા-ભક્તિ, જાગૃતિ, દૂરંદેશી, સાહસિકતા અને જવાબદારીભરી કામગીરીની અપેક્ષા રાખે એવું જટિલ અને મોટું હોય છે. એક રીતે જોઈએ તો, એક રાજસત્તા જેટલી સત્તાની અપેક્ષા રાખે એવું અતિ મુશ્કેલ આ કામ છે. અને છતાં રાજસત્તાની રીતરસમો કરતાં જુદી રીતરસમો ધરાવતી ધર્મસત્તાથી જ આ કામ સરખી રીતે થઈ શકે છે. રાજસત્તા અને ધર્મસત્તાની કાર્યપદ્ધતિમાં પાયાનો ફરક એ રહેલો છે કે, રાજસત્તા મોટે ભાગે, વિવેકને વેગળો મૂકીને, કઠોરતા અને અહંભાવથી જ કામ કરતી હોય છે, જ્યારે ધર્મસત્તાએ કરુણાપરાયણતા, વિનમ્રતા તથા વિવેકશીલતા વગેરેથી કામ કરવાનું હોય છે. અને તેથી જ ધર્મરક્ષાના કાર્યને સુવ્યવસ્થિત અને સફળ રીતે કરી શકે એવી

સંસ્થાઓ ઓછી જોવા મળે છે. આ સંદર્ભમાં, ત્રણ સૈકા કરતાંય લાંબા સમયથી, તીર્થરક્ષા, શાસન-પ્રભાવના, જીર્ણોદ્ધાર વગેરે ક્ષેત્રોમાં કામ કરી રહેલ અને શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘનું પ્રતિનિધિત્વ ધરાવતી, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની કામગીરીનું મૂલ્યાંકન કરવા જેવું અમને લાગ્યું છે અને તેથી એ કામગીરીની ઝાંખી કરાવી શકે એવો ઇતિહાસ તૈયાર કરાવવાનું અમે ઉચિત અને જરૂરી માન્યું છે.

તીર્થોનાં હક્કો, હિતો અને યાત્રાળુઓની સલામતી તથા સગવડ વગેરેની સાચવણીના પેઢીના કામની શરૂઆત સાડાત્રણસો વર્ષ કરતાંય વધુ સમય પહેલાં થઈ હતી. એ સમય હતો જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિજી, મોગલ સમ્રાટ અકબર બાદશાહ અને નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીની વિદ્યમાનતાનો. અને ત્યારે અમદાવાદનો શ્રીસંઘ, મુખ્યત્વે, પવિત્ર તીર્થાધિરાજ શત્રુંજયનો વહીવટ સંભાળતો હતો. આ શરૂઆતના સમયમાં રાજનગર–અમદાવાદનો શ્રીસંઘ "શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી" એવા નામથી નહીં પણ એક ધર્મભાવનાશીલ, ધ્યેયનિષ્ઠ અને એકરંગી સંઘ તરીકે આ જવાબદારી નિભાવતો હતો. અને પછી આ બધો કારોબાર "શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી" ના નામથી ચાલવા લાગ્યો એ વાતનેય અઢીસો વર્ષ કરતાં વધુ સમય થઈ ગયો. અને છેલ્લાં આશરે સવાસો વર્ષ દરમ્યાન તો છાપરીયાળી ગામમાં જૈનધર્મના પ્રાણરૂપ અને કરુણાપ્રેરિત જીવદયાના કાર્યને માટે સ્વતંત્ર પાંજરાપોળ ચલાવવારૂપે તથા બીજાં બીજાં તીર્થધામોના વહીવટની જવાબદારીના સ્વીકારરૂપે પેઢીના કાર્યક્ષેત્રનો સારા પ્રમાણમાં વિસ્તાર થયો.

આવા વિશાળ વહીવટની બહુ અટપટી જવાબદારી અદા કરવામાં, પેઢીને, અનેક વાર, એક બાજુ જેમ રાજસત્તા સાથેની અથડામણ કે એવી જ બીજી આકરી અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડ્યું છે, તેમ એને, આવા દરેક પ્રસંગે, શ્રીસંઘનો પૂરેપૂરો અને ઉલ્લાસભર્યો સાથ અને સહકાર મળતો રહ્યો છે. પેઢીના કાર્યકાળમાં આવી તો સંખ્યાબંધ ઘટનાઓ બનતી રહી છે; એટલે એની વિગતો, ધર્મરક્ષા યાને તીર્થરક્ષાની પ્રેરણા આપવા સાથે, રોમાંચ ખડાં કરે એવી છે. એટલે આવી ઘટનાઓમાંથી કેટલીક નોંધપાત્ર કે મહત્ત્વની ઘટનાઓ સંબંધી માહિતી શ્રીસંઘ સમક્ષ રજૂ થઈ શકે એટલા માટે આવો ઇતિહાસ તૈયાર થાય એ અમને હિતાવહ લાગ્યું છે.

વળી જૈનપુરી–અમદાવાદના શ્રીસંઘે, વિક્રમની સત્તરમી સદીના ઉત્તરાર્ધથી, નગરશેઠ શાંતિદાસ ઝવેરીની રાહબરી નીચે શરૂ કરેલી શાસનરક્ષા, તીર્થરક્ષા અને સંઘરક્ષાની પરંપરા દસ દસ પેઢીઓ, એટલે કે આશરે ચાર સૈકા સુધી અવિચ્છિન્નપણે ચાલુ રહે, એને કેવળ અમદાવાદના જ નહીં પણ સમસ્ત ભારતના જૈન સંઘના વગદાર અગ્રણીઓનો તથા પરમપૂજ્ય આચાર્ય મહારાજ આદિ શ્રમણ સંઘનો હાર્દિક અને સક્રિય સાથ અને સહકાર મળતો રહે અને ધર્મસંઘ ઉપર આવી પડેલી મુસીબતનો સામનો કરવા જેવા અણીને વખતે, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, શ્રીસંઘને સજાગ અને એકત્રિત કરવાનું માધ્યમ બની શકે—તે સંબંધી આગળ પડતાં બનાવોની હકીકત શ્રીસંઘ સમક્ષ રજૂ થાય એ, તીર્થંકર પરમાત્માના શાસનના યોગક્ષેમની દૃષ્ટિએ પણ, ઉપયોગી અને પ્રેરક બની શકે એમ અમને લાગ્યું.

એટલે, અમને લાગે છે કે, મુરબ્બી સ્વર્ગસ્થ શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈને, ૧૦–૧૨ વર્ષ

પહેલાં, જે ઘડીએ પેઢીનો ઇતિહાસ લખાવવાનો વિચાર આવ્યો, તે ઘડી તથા એ વિચારને અમે સહર્ષ વધાવી લીધો એ ઘડી પણ એક શુભ ઘડી હતી.

પણ આ ઇતિહાસ લખાવવાનું કાર્ય અનેકવિધ મુસ્કેલીઓથી ભરેલું હતું. કેવળ તીર્થભૂમિઓ અંગે પ્રચલિત કિંવદંતીરૂપ કથાઓ, ભક્તિભાવથી લખાયેલાં કાવ્યો અને તીર્થોની પ્રશસ્તિની દૃષ્ટિએ આલેખાયેલાં ધર્મપુસ્તકોના આધારે જ જો આ ઇતિહાસ લખાય, તો કદાચ તેને સત્ય ઘટનાઓનો ઇતિહાસ ન પણ કહી શકાય. એટલે, ખરી રીતે, આના સંકલન માટે તો સૈકાજૂનાં લેખો, હિસાબી ચોપડાઓ, દસ્તાવેજો, ફરમાનો અને ઉચ્ચ ન્યાયાલયના ચુકાદાઓ વગેરેના અધ્યયન અને સંશોધનના નિચોડરૂપે, વિવેકભરી ભાષામાં, મહત્ત્વની ઘટનાઓને આવરી લઈ, કડીબદ્ધ રીતે તેને શબ્દ-સ્વરૂપ અપાય તે જરૂરી હતું. આ કાર્ય માત્ર કપરું જ ન હતું, પરંતુ પૂરતો શ્રમ, સમય અને અધ્યયન માગી લે તેવું હતું. તેથી આ કાર્યની જવાબદારી સંભાળીને એને સંતોષકારક રીતે પૂરું કરી શકે તેવો ઇતિહાસકાર મેળવવો, તે ઇતિહાસના આલેખન જેટલું જ અઘરું હતું. આ કામ માટે મુરબ્બી શેઠશ્રી કસ્તૂરભાઈએ પ્રથમ એકાદ-બે વિદ્વાનોને પસંદ કરીને તેઓને આ લેખનકાર્ય સોંપેલું, પણ તેમનાથી સંતોષપ્રદ કાર્ય થશે નહીં તેવું જણાવાથી આ માટે ફરીથી શોધ કરવી જરૂરી બની હતી.

મુરબ્બી શેઠશ્રી કસ્તૂરભાઈની ચકોર દૃષ્ટિ ચારે દિશાઓમાં ફરી વળી અને પેઢીનો ઇતિહાસ આલેખી શકે તેવા મહાનુભાવોની નામાવલિ તેઓએ ફરીથી વિચારી. અને, એમ કરતાં, તેમના સ્મરણ-પટ ઉપર શ્રી રતિલાલ દીપચંદ દેસાઈનું નામ તરી આવ્યું. અને તેમને બોલાવીને આ કાર્યભાર વહન કરવા સૂચવતાં શ્રી રતિલાલ દેસાઈએ, આશરે છએક મહિને, સંકોચ સાથે, આ કાર્ય સંભાળ-વાની સંમતિ આપી. શ્રી રતિલાલ દેસાઈ સાત્ત્વિક ભાવના ધરાવતા કલ્પનાશીલ વિદ્યાજીવી અને જૈન સંઘની પરંપરા સાથે ઓતપ્રોત થયેલ ભાવિક સજ્જન છે. તેઓનો પ્રથમ પ્રત્યાઘાત, આ કામને પહોંચી વળવાની દૃષ્ટિએ, બહુ જ વિનમ્ર અને સંકોચભર્યો હતો; કારણ કે, તેઓની દૃષ્ટિએ ક્યાં પેઢીનો ઇતિહાસ લખવાનું ભગીરથ કાર્ય અને ક્યાં પોતાની આટલી મોટી ઉંમરે તે કામ પૂરું કરવાની મર્યાદિત શક્તિ—કંઈક આવો ખ્યાલ એમના મનમાં ઉદ્ભવ્યો હશે. પરંતુ આજે શ્રી રતિભાઈએ અથાગ પ્રયત્ન કરી આ પ્રથમ ભાગ પૂરો કર્યો છે અને બાકીનું કામ ઝડપભેર પૂરું કરવા તૈયારી કરેલ છે, તે આનંદ અને ગૌરવનો વિષય છે.

શ્રી રતિભાઈ દેસાઈએ આ ઇતિહાસના આલેખનમાં કોઈ નાની સરખી હકીકત પણ લક્ષ બહાર જવા ન પામે તેની યથાશક્ય ચીવટ રાખી છે. વિશાળ પાયા પરના જૂના રેકર્ડ (દફતર), તેનાં જીર્ણ થયેલાં પાનાંઓ, ચોપડાઓ, ચુકાદાઓ, પરવાનાઓ વગેરેમાં પડેલી મહત્ત્વની ધબકતી વિગતો અને લેખો તથા ઉપલબ્ધ બને તેવી બીજી તમામ સામગ્રીનો ઝીણવટભર્યો અભ્યાસ કરીને આ કાર્યને પહોંચી વળવા પ્રયત્ન કર્યો છે. પેઢીના ઇતિહાસને જુદા જુદા વિષયોમાં વિભાજિત કરીને યથાયોગ્ય વિભાગોમાં તેની ગોઠવણી કરી ઇતિહાસનો આ પ્રથમ ભાગ તેઓએ તૈયાર કર્યો છે, જેને પ્રકાશિત કરતાં અમને હર્ષ થાય એ સ્વાભાવિક છે.

આ ગ્રંથ તૈયાર કરાવવાની ભાવના પ્રથમ વ્યક્ત કરનાર સ્વપ્નશીલ સ્વર્ગસ્થ શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ આપણી વચ્ચેથી સદાને માટે વિદાય થઈ ગયેલા છે અને તેમનું સાંન્નિધ્ય

અત્યારે આપણી વચ્ચે નથી, તેનું આપણને દુઃખ રહે એ સ્વાભાવિક છે. છતાં તેઓએ આ ઇતિહાસનાં હસ્તલિખિત તેર પ્રકરણો જાતે જોયાં–તપાસ્યાં હતાં અને તેનાં સંકલન અને રજૂઆત પરત્વે ખૂબ આનંદ અને સંતોષ વ્યક્ત કરેલ હતો; અને એ રીતે તેઓએ લેખકને પણ આ કાર્ય માટે બિરદાવ્યા હતા અને કાર્ય પૂરું કરવાનાં પ્રેરણા અને બળ આપ્યાં હતાં, તેથી અમે કંઈક સંતોષની લાગણી અનુભવીએ છીએ.

આ ઇતિહાસનો ગ્રંથ બહુ દળદાર ન થાય તે ઔચિત્યનો ખ્યાલ કરીને, તેને બે ભાગમાં પ્રસિદ્ધ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ એનો પહેલો ભાગ છે. તેમાં દસ પ્રકરણો આપવામાં આવ્યાં છે અને દરેક પ્રકરણમાં, યથાયોગ્ય રીતે, જુદી જુદી હકીકતોને આવરી લેવામાં આવી છે. આ ગ્રંથમાં પ્રકરણવાર શી શી સામગ્રી આપવામાં આવી છે તેનો ખ્યાલ ગ્રંથના વિસ્તૃત અનુક્રમ તથા લેખકની પ્રસ્તાવનામાંથી મળી શકે તેમ હોવાથી તેની વિગતો અત્રે આપવાનું જરૂરી માનેલ નથી.

આશા રાખીએ કે, પેઢીની કામગીરીનું વિગતે દર્શન કરાવતો આ ગ્રંથ શ્રીસંઘના દરેક સ્તરના વાચક સમુદાયને પેઢીના કાર્ય અને સંકલનની મહત્ત્વપૂર્ણ માહિતી આપવામાં ઉપયોગી નીવડશે અને તીર્થરક્ષા તથા શાસનપ્રભાવનાની પ્રેરણા આપશે.

ઝવેરીવાડ, પટણીની ખડકી,
**અમદાવાદ–૧.**
તા. ૭–૧૦–'૮૨

**—ટ્રસ્ટી મંડળ**
**શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી**

# પ્રસ્તાવના

## ( લેખકનું નિવેદન )

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ઇતિહાસનો પહેલો ભાગ પ્રગટ થઈ રહ્યો છે, ત્યારે હું કંઈક આવી લાગણી અનુભવું છું: કોઈ પાંગળો માણસ, પોતાના કામની મુશ્કેલી જાણવા છતાં, પહાડ ચડવાની જવાબદારી લઇ બેસે અને, થોડીક થોડીક મજલ કાપતો કાપતો, લાંબે વખતે, પહાડની અરધી કરતાં વધારે ઊંચાઈ સુધી પહોંચી જાય ત્યારે એ જે થોડીક નિરાંત અને થોડોક હાશકારો અનુભવે, કંઈક એવી લાગણી હું અનુભવું છું. અને હજી આ ગ્રંથનો બીજો ભાગ પૂરો કરીને ગ્રંથની, મારી સામાન્ય સમજણ અને ધારણા મુજબ, સાંગોપાંગ પૂર્ણાહુતિ કરવી બાકી છે, એ વિચાર મારા મનમાં કંઈક એવી વિમાસણ જરૂર જગાવે છે કે, ઉંમરના વધવા સાથે ઘટતી જતી કાર્યશક્તિને કારણે, બાકીની મજલ મારાથી ક્યારે અને કેવી રીતે પૂરી કરી શકાશે? પણ, આવી વિમાસણને કારણે, બાકીનું કામ પૂરું થવા અંગે મને વિશેષ નિરાશા કે ગભરામણ એટલા માટે નથી થતી કે, બાકીના લેખન-કાર્યમાંનો આશરે ત્રીજો ભાગ લખાઈ ગયો છે; અને તે સિવાયનાં પ્રકરણોને લગતી સામગ્રીમાંથી મોટા ભાગની સામગ્રી તપાસીને એની કાચી નોંધો કરી લીધેલ છે. બાકી તો, ખરી રીતે, આ કામ ભગવાનનું જ છે અને એમની અસીમ કૃપાથી જ આટલું કામ થઈ શક્યું છે; અને બાકીનું કામ પણ એની અદૃશ્ય કરુણાથી જ પૂરું થઈ શકવાનું છે. એટલે, ખરી રીતે, આમાં હું તો માત્ર એક સાવ સામાન્ય નિમિત્તરૂપ જ છું. આવા કામનું નિમિત્ત બનવાની મને તક મળી, એનો મને હર્ષ છે અને એને હું મારું સદ્ભાગ્ય માનું છું.

### યશના સાચા અધિકારી

આ ગ્રંથના લેખનમાં હું જે કંઈ કામ કરી શક્યો છું, તે માટે હું સૌથી પહેલાં પરમકૃપાળુ પરમાત્માનો મોટો ઉપકાર માનું છું. અત્યારે આ ગ્રંથનો પહેલો ભાગ પ્રગટ થઈ રહ્યો છે, તેનો સંપૂર્ણ યશ, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના શાણા, દૂરદર્શી અને પ્રભાવશાળી પ્રમુખ અને જૈન સંઘના આ યુગના મુખ્ય અગ્રણી શ્રેષ્ઠિવર્ય કસ્તૂરભાઈ લાલભાઈને જ ઘટે છે, એમ મારે, કૃતજ્ઞભાવે, કહેવું જોઈએ.

આ કામની જવાબદારી લેવા માટે તેઓશ્રીએ મને એવા મમતાભાવપૂર્વક આદેશ કર્યો કે, આ કાર્યની જટિલતા અને એ માટેની મારી અશક્તિ અને અયોગ્યતાનો મને પૂરેપૂરો ખ્યાલ હોવાથી, એ લેવાની મારી બિલકુલ તૈયારી નહીં હોવા છતાં, હું એનો ઇનકાર ન કરી શક્યો, અને છેવટે, છ-આઠ મહિનાની આનાકાનીને અંતે, એમના આદેશને માથે ચડાવીને કામની શરૂઆત પણ, તા. ૧-૪-૧૯૭૪ થી કરી દીધી. એ વાતને આજે આશરે નવ વર્ષ જેટલો સમય થઇ ગયો. આ

હકીકત પણ એમ સૂચવે છે કે, આ કામ મારા માટે કેટલું બધું મુશ્કેલ પુરવાર થયું છે; અને એની મજલ કાપવામાં મારી ગતિ કેટલી બધી મંદ રહી છે! આટલા લાંબા સમય પછી પણ હજી એનો પહેલો ભાગ જ તૈયાર થઈ શક્યો છે!

આ ગ્રંથ પ્રકાશિત થઈ રહ્યો છે, તે વખતે એના મુખ્ય પ્રેરણાસ્થાન સમા શ્રેષ્ઠિરત્ન કસ્તૂરભાઈ લાલભાઈનું મને વિશેષ સ્મરણ થઈ આવે અને અત્યારે તેઓ વિદ્યમાન નથી એ હકીકતથી ચિત્ત વિષાદપૂર્ણ બની જાય એ સ્વાભાવિક છે. મને થાય છે કે, આ ગ્રંથના પ્રકાશન વખતે તેઓશ્રી આપણી વચ્ચે મોજૂદ હોત તો, આ જોઈને, એમને કેટલો બધો આનંદ અને મને કેટલો બધો સંતોષ થાત! પણ કુદરતને એ મંજૂર ન હતું, ત્યાં બીજો શો ઉપાય? આમ છતાં, આવા વિષાદની ઘેરી લાગણી વચ્ચે પણ, મારા માટે એટલી વાત થોડોક સંતોષ આપનારી બની કે, આ ગ્રંથનાં તેર પ્રકરણો સુધીનું લખાણ તૈયાર થયા પછી, (પાદનોંધો વગરનું) એ લખાણ મેં એમને વાંચવા મોકલ્યું હતું; અને એ વાંચીને એમણે, એ લખાણ અંગે પોતાનો હર્ષ અને સંતોષ દર્શાવ્યો હતો; એટલું જ નહીં પણ, આ ગ્રંથ અને એના મુદ્રણ અંગે મારે કંઈ પૂછપરછ કરવી હોય, કે સલાહ લેવી હોય તો, મેં એ માટે એક સમિતિ રચવાની વિનંતિ કરી હતી; તેથી મારી આ વિનતિ માન્ય રાખીને સંસ્થાના ટ્રસ્ટી મંડળે (૧) શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ, (૨) શેઠશ્રી નરોત્તમદાસ મયાભાઈ અને (૩) શેઠશ્રી આત્મારામભાઈ ભોગીલાલ સુતરીઆ—એ ત્રણ સભ્યોની સમિતિ પણ નીમી હતી. શેઠશ્રીએ મારા લખાણ પ્રત્યે વ્યક્ત કરેલો સંતોષ અને આ સમિતિમાં તેઓએ પોતે રહેવાનું મંજૂર કર્યું, આ બન્ને બીના મારા માટે વિશેષ પ્રેરણારૂપ અને આનંદપ્રદ પુરવાર થઈ છે એમાં શક નથી.

## આ ગ્રંથ અંગે કંઈક

અત્યાર સુધીમાં આ ગ્રંથનાં તેર પ્રકરણ લખાયાં છે, અને એમાંનાં દસ પ્રકરણ, ખૂબ વિસ્તૃત અને સંખ્યાબંધ પાદનોંધો સાથે, આ પહેલા ભાગમાં આપવામાં આવ્યાં છે. ઇતિહાસલેખનની પદ્ધતિ (Techinique) નો મને અભ્યાસ નથી; અને વિદ્યાર્થી અવસ્થામાં ઇતિહાસનો વિષય મને માથાના દુઃખાવા જેવો અપ્રિય લાગતો હતો! આમ છતાં, ક્યારેક ક્યારેક, કોઈક વિદ્યાકાર્ય નિમિત્તે કે અમુક ઐતિહાસિક જિજ્ઞાસાથી પ્રેરાઈને, ઇતિહાસવિશારદોએ લખેલ ગ્રંથોને જોવા-વાંચવાનો મને જે કંઈ અલ્પ-સ્વલ્પ અવસર મળ્યો, તે ઉપરથી હું એટલું તો સમજી શક્યો છું કે, કોઈ પણ વિષયનું ઐતિહાસિક નિરૂપણ કરવું હોય તો તેનો પાયાનો સિદ્ધાંત છે "**नामूलं लिख्यते किञ्चित्**"—આધાર વગર કશું જ લખી શકાય નહીં એ. અર્થાત્ પ્રત્યેક વાત, વિધાન કે પ્રસંગના સમર્થનમાં, પુરાવારૂપે, અન્ય ગ્રંથો વગેરેની સાક્ષી ટાંકવી જ જોઈએ. ઇતિહાસશાસ્ત્રના પ્રણેતાઓએ માન્ય કરેલી પદ્ધતિ પ્રમાણે, પુરાવા કે સાક્ષીરૂપે રજૂ કરવાનાં લખાણોના ઉતારા આપવાના બદલે, જે તે લખાણોના સ્થળનિર્દેશ કરવા જ પૂરતા ગણાય છે. અને આમ કરવાથી ગ્રંથનું કલેવર વધી જવા પામતું નથી, પણ મર્યાદામાં રહે છે, એ મોટો લાભ છે.

પણ મારે અહીં એ કબૂલ કરવું જોઈએ કે, પાદનોંધોમાં માત્ર જે તે પાઠોનો સ્થળનિર્દેશ જ કરવાની ઇતિહાસકારોએ માન્ય કરેલી આ પદ્ધતિને હું, જાણી-જોઈને જ અનુસર્યો નથી; એટલે જે તે વાત, વિધાન કે પ્રસંગના સમર્થનમાં મેં, અન્ય ગ્રંથો વગેરેમાંથી મળી આવતા, સવિસ્તર પાઠોના પાઠો જ, સ્થળનિર્દેશ સાથે, આ ગ્રંથમાં આપી દીધા છે. આમ કરવાથી આ ગ્રંથનું કલેવર સારા

પ્રમાણમાં વધી જવા પામ્યું છે, એ વાત વાચકના ખ્યાલમાં આવ્યા વગર નહીં રહે. જો પાદનોંધોમાં આવા બધા પાઠો રજૂ કરવાને બદલે માત્ર સ્થળનિર્દેશ કરીને જ મેં સંતોષ માન્યો હોત તો, ગ્રંથનું કલેવર લગભગ અડધા જેટલું ઓછું થઈ શકત. ગ્રંથને જોવાથી એ વાત તરત જ ધ્યાનમાં આવ્યા વિના નહીં રહે કે, ગ્રંથનાં મૂળ પ્રકરણોએ જેટલાં પાનાં રોકયાં છે, એના કરતાં અનેકગણાં વધુ પાનાં જે તે પ્રકરણોની પાદનોંધોએ રોકયાં છે!

ગ્રંથનાં પાનાં વધવાનાં હોય તો ભલે વધે, એની જરાય ફિકર કર્યા વિના, મને પૂરેપૂરો સંતોષ થાય એ રીતે મન ભરીને સંખ્યાબંધ, માહિતીસભર અને લાંબી લાંબી પાદનોંધો મેં આ ગ્રંથમાં આપી છે. એનું કારણ આ છે: આ ગ્રંથને તૈયાર કરવામાં મારી નજર સામે કેવળ ઇતિહાસના નિષ્ણાતો કે સંશોધકોને જ નહીં પણ, સાથે સાથે, અને વિશેષ રૂપે, જૈન પરંપરાની તથા તીર્થરક્ષાની ભાવના અને પ્રવૃત્તિની જિજ્ઞાસા ધરાવતા જૈન સંઘના ભાવનાશીલ અને વિદ્યાપ્રેમી વર્ગને પણ રાખેલ છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ઇતિહાસનું આ ઢબે આલેખન કરવા પાછળનો મારો આશય જૈન સંઘમાં આવી જિજ્ઞાસા જાગ્રત થવા પામે, એવો પણ છે, એ મારે સ્વીકારવું જોઈએ.

જૈન સંઘનો ગૃહસ્થવર્ગ, સામાન્ય રીતે, વેપાર-વણજ, હુન્નર-ઉદ્યોગ કે નોકરી-ચાકરી જેવા અર્થોપાર્જનના ક્ષેત્રમાં જ કામ કરતો હોય છે, એટલે એ આવા સ્થળનિર્દેશથી સૂચિત કરેલ ગ્રંથોને મેળવીને જે તે પાઠો વાંચવા-તપાસવાની તકલીફ લે, એવી અપેક્ષા એમની પાસેથી ભાગ્યે જ રાખી શકાય. અને કોઈને એવી જિજ્ઞાસા થઈ આવે તોપણ એવું બધું સાહિત્ય, જુદાં જુદાં સ્થાનોમાંથી, એકત્ર કરીને એનો ઉપયોગ કરવાનો અવકાશ પણ એમને જવલ્લે જ મળવા પામે, તેથી તેઓ મારા કહેવાના મુદ્દાઓને ત્યારે જ સારી રીતે જાણી શકે કે, જ્યારે એવી બધી સામગ્રી એમની સામે મોજૂદ હોય.

પાદનોંધોમાં આપવાની માહિતી, જે તે અંકવાળા પેજમાં આપવાને બદલે, દરેક પ્રકરણને અંતે આપી છે, તે એટલા માટે કે, જેઓને મૂળ પુસ્તકનું લખાણ જ વાંચવું હોય અને પાદનોંધો વાંચવાની તસ્દી ન લેવી હોય, તેઓ તેમ સહેલાઈથી કરી શકે.

આ ગ્રંથમાં આવી બધી સામગ્રી ખૂબ વિસ્તારપૂર્વક આપી દેવામાં મારો એક લોભ એ પણ છે કે, જૈન શાસનની પરંપરા કેવી ઊજળી, ગૌરવવંતી અને મહિમાવંતી છે અને એનું રક્ષણ અને પોષણ કરનારા કેવા કેવા ધર્માત્મા અને પ્રતાપી મહાપુરુષો આપણા શ્રીસંઘમાં થઈ ગયા છે, એનો પણ કેટલોક ખ્યાલ, આ ગ્રંથનું વાચન કરતાં કરતાં, આપણા શ્રીસંઘને સહજ ભાવે આવે. આ દૃષ્ટિએ તેમ જ આ ગ્રંથનું વાચન કંઈક રોચક બને એ દૃષ્ટિએ મેં આમાં કેટલીક ધર્મકથાઓ પણ આપી છે, જે વાચકોને માટે વિશેષ રુચિકર બનશે એવી મને આશા છે.

વળી, અત્યારે જે સંસ્થા આપણા પરમ પવિત્ર શ્રી શત્રુંજય મહાતીર્થને સંભાળી રહેલ છે તે, શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના પ્રતિનિધિ તરીકે, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને પાલીતાણા રાજ્યના સતત સંપર્કમાં રહેવું પડતું હતું અને તેથી, કેટલીય વાર, આ મહાતીર્થને લગતા જૈન સંઘના હક્કોની, તીર્થ ઉપરનાં સંખ્યાબંધ જિનમંદિરોની તથા દેશના દૂરના તથા નજીકના પ્રદેશોમાંથી તીર્થની યાત્રા માટે, દર વર્ષે, હજારોની સંખ્યામાં આવતાં ભાવિક યાત્રિકોના જાન-માલની રક્ષા અને સલામતી માટે પાલીતાણા રાજ્ય સાથે સંઘર્ષમાંય ઊતરવું પડતું હતું. અને પાલીતાણા રાજ્ય સાથેના પેઢીના

સંપર્ક અને સંઘર્ષનો ખ્યાલ આપતી સામગ્રી ખૂબ મોટા પ્રમાણમાં પેઢી પાસે સચવાયેલી છે. આ સામગ્રીનાં એટલાં બધાં પોટલાં પેઢીના દફતરખાનામાં મોજૂદ છે કે જેને જોતાં અને તપાસતાં થાકી જવાય. આ સામગ્રી જેમ જૂની ગૂજરાતી ભાષામાં છે, તેમ કાયદાની કે રાજદ્વારી અંગ્રેજી ભાષામાંય છે; અને તેથી એને ઉકેલીને એમાંથી અર્થ કે ભાવાર્થ તારવવાનું કામ મને ઠીક ઠીક મુશ્કેલ લાગ્યું છે. પેઢી પાસે આટલા વિપુલ પ્રમાણમાં સામગ્રી વિદ્યમાન હોવાથી, મને જ્યાં જ્યાં જરૂર લાગી ત્યાં ત્યાં, મૂળ પ્રકરણોમાં કે એની પાદનોંધોમાં મેં મોકળે મને એ સામગ્રી આ ગ્રંથમાં રજૂ કરી દીધી છે.

## પેઢીનું મોટું દફતર

પેઢીના દફતરખાનામાં આ સામગ્રી મોટા પ્રમાણમાં અને એકંદર સારા પ્રમાણમાં સચવાયેલ છે. આ સામગ્રીમાં આશરે પોણાચારસો-ચારસો વર્ષ જેટલા જૂના દસ્તાવેજો, અઢીસો વર્ષ જેટલા જૂના ચોપડાઓ, સવાસો વર્ષ જેટલી જૂની ફાઈલો અને એકસો વર્ષ જેટલી પ્રોસિડિંગ બુકો છે. એમ કહી શકાય કે, આ દફતર એક રજવાડાના દફતર જેટલું વિશાળ અને વિવિધ ખાતાંઓને લગતું છે. મારા કામ માટે એને તપાસતાં તપાસતાં, ક્યારેક તો, મેં એવી મીઠી મૂંઝવણ પણ અનુભવી છે કે, આમાંથી કેટલી સામગ્રીનો ઉપયોગ કરવો અને કેટલીને જતી કરવી? પણ છેવટે ગ્રંથનો વિષય સ્પષ્ટ અને આધારભૂત-રૂપમાં રજૂ થાય, એ માટે અનિવાર્ય લાગી એટલી સામગ્રીની, યથાશક્ય વિવેકદૃષ્ટિથી, પસંદગી કરીને મેં મારું કામ ચલાવ્યું છે.

## પાલીતાણા રાજ્યનું દફતર જોવાની જરૂર

આ કામ માટે મને આટલી બધી સામગ્રી સુલભ હોવા છતાં, અને એનો મેં આ ગ્રંથમાં મોકળે મને ઉપયોગ કર્યો હોવા છતાં, ક્યારેક ક્યારેક, મારા કથનનું અનુસંધાન મેળવવા અથવા એ કથનની યથાર્થતાની ચકાસણી કરી જોવા માટે, મને એમ લાગ્યા કર્યું છે કે, આ લખાણમાં ખૂટતી કડીઓ શોધી કાઢવા માટે તથા પાલીતાણા રાજ્યનેય ક્યાંક અજાણતાં અન્યાય ન થઈ જાય એટલા માટે, પાલીતાણા રાજ્યના દફતરમાંથી કે કાઠિયાવાડ એજન્સીના દફતરમાંથી અમુક સામગ્રી જોવા મળે તો સારું. પણ એજન્સીના દફતરમાંની સામગ્રી મેળવવાનું તો લગભગ અશક્ય જેવું હતું, પણ પાલીતાણા રાજ્યના દફતરમાંની મારે જરૂરી સામગ્રી તપાસવાનું કામ મેં, પ્રમાણમાં, સરળ માની લીધેલું. એટલે મેં એ માટે પાલીતાણા તપાસ કરાવી, તો મને જાણવા મળ્યું કે પાલીતાણા રાજ્યના જૂના (ઐતિહાસિક) દફતરને ભાવનગરના કોઠામાં મૂકવામાં આવ્યું છે. આથી આ અંગે હું ભાવનગર તપાસ કરાવવાનું વિચારતો હતો, એવામાં સમાચાર મળ્યા કે ભાવનગરના કોઠામાં મોટી આગ લાગવાથી ત્યાં મૂકવામાં આવેલ દફતરોને ઘણું નુકસાન પહોંચ્યું છે. આ પછી આ સામગ્રી તપાસવાનો વિચાર મેં જતો કર્યો. પણ જો આ સામગ્રી જોવાનો મને લાભ મળ્યો હોત તો, હું મારું કથન વધુ યથાર્થ રૂપમાં રજૂ કરી શકત. એમ ન થઈ શક્યું એનું મને દુઃખ છે.

## રખોપાના કરાર

પાલીતાણા રાજ્ય સાથેના સૈકાઓના સતત સંપર્ક અને સંઘર્ષનો ખ્યાલ આપતી આ વિપુલ સામગ્રીમાં, તીર્થાધિરાજના તથા યાત્રિકોના રક્ષણ માટે, જુદા જુદા સમયે, કરવામાં આવેલ પાંચ રખોપાના કરારો ખૂબ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. એ પાંચ કરારોમાંથી પહેલો અને બીજો કરાર

ગુજરાતી ભાષામાં થયો હતો. એટલે એ આ ગ્રંથના દસમા પ્રકરણના મૂળ લખાણમાં જ આપવામાં આવેલ છે; અને છેલ્લા ત્રણ કરાર અંગ્રેજીમાં થયા હતા, એટલે એનું ગુજરાતી ભાષાંતર આ પ્રકરણમાં મૂળ લખાણમાં અને એ ત્રણેનું અસલ અંગ્રેજી લખાણ આ પ્રકરણની પાદનોંધોમાં આપવામાં આવ્યું છે. વળી આ પાંચ કરારમાંના પહેલા, બીજા અને ચોથા કરારની પૂરેપૂરી છબીઓ અને છેલ્લા પાંચમા કરારના પક્ષકારોની સહીઓવાળા છેલ્લા પાનાની છબી પણ આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. ત્રીજા કરારની છબી એટલા માટે આપી શકાઈ નથી કે, ખરી રીતે, એ પાલીતાણા રાજ્ય અને જૈન સંઘ વચ્ચે થયેલ સીધો કરાર ન હતો, પણ બન્ને પક્ષકારોની વાતો અને દલીલો સાંભળીને કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મેજર આર. એ. કિટિંજે અંગ્રેજી ભાષામાં આપેલો વિસ્તૃત ફેંસલો હતો. રખોપાના આ કરારો અને એની આગળ-પાછળ કરવામાં આવેલી મહેનત તથા એના અમલ માટે રાખવામાં આવેલી ખબરદારી આપણને એ વાતનો સચોટ ખ્યાલ આપી શકે છે કે, આપણા સંઘના પ્રતાપી પૂર્વજો તીર્થભૂમિઓના હક્કોની, તીર્થધામોની, જૈન શાસનની પ્રણાલિકાની અને યાત્રિકોની રક્ષા માટે તેમ જ જૈનધર્મની પ્રભાવના માટે, હંમેશાં, કેટલા બધા સજાગ અને સક્રિય રહેતા હતા.

## યાત્રા-બહિષ્કારનું પ્રકરણ

રખોપાનો છેલ્લો-પાંચમો કરાર પાલીતાણા રાજ્ય સાથે થયો તે અગાઉ, જૈન સંઘની ધર્મ-શ્રદ્ધા અને તીર્થભક્તિની બહુ આકરી અગ્નિપરીક્ષા થઈ હતી, અને, સદ્‌ભાગ્યે, એમાં એ સાંગોપાંગ અને સફળતાપૂર્વક પાર ઊતર્યો હતો, તેની વિગતો જાણવા જેવી, ઐતિહાસિક અને સદાને માટે યાદ રાખવા જેવી છે. સને ૧૮૮૬ ની સાલમાં થયેલો, વાર્ષિક રૂપિયા પંદર હજારનો, ચાલીસ વર્ષની મુદતનો, રખોપાનો ચોથો કરાર, તા. ૩૧-૩-૧૯૨૬ ના રોજ, પૂરો થતો હતો, એટલે, પાલીતાણા રાજ્યનું માનસ જોતાં, હવે પછી એ કેવું રૂપ લેશે એ અંગે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તેમ જ જૈન સંઘ ચિંતિત હતાં; અને સુલેહકારક સમાધાન થાય એવા પ્રયત્નો પણ એમના તરફથી વેળાસર હાથ ધરવામાં આવ્યા હતા. પણ આ પ્રકરણે કંઈક જુદું જ રૂપ ધારણ કર્યું અને પાંચમો કરાર થાય તે પહેલાં, તે વખતના કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસને, જૈન સંઘના હિતની ઉપેક્ષા કરતું અને પાલીતાણાના દરબારશ્રીની તરફેણ કરતું વલણ અખત્યાર કરીને જૈન સંઘ સામે જે અક્કડ અને અન્યાયી પગલાં ભર્યાં તે, સરવાળે, જૈન સંઘને માટે છૂપા આશીર્વાદરૂપ પુરવાર થયાં હતાં.

મિ. વોટસનના આવાં પગલાં સામે આખા દેશના જૈન સંઘોમાં રોષ અને દુઃખની ઘણી ઉગ્ર લાગણી પ્રસરી ગઈ હતી. પેઢીના અને જૈન સંઘના અગ્રણીઓ, વસ્તુસ્થિતિનો તાગ મેળવતાં, તરત જ સમજી ગયા કે, આ દર્દ બહુ ઘેરું-ગંભીર છે, એટલે એના નિવારણ માટે એવાં જ જલદ પગલાં ભર્યાં વગર ચાલવાનું નથી. એટલે બ્રિટિશ સરકારના પ્રતિનિધિએ દાખવેલ આવા એકતરફી અને અન્યાયી વલણ સામે ન્યાય મેળવવા જૈન સંઘ કૃતનિશ્ચય બન્યો હોય અને એ માટે દરેક પ્રકારનો ભોગ આપવા જાણે એણે કમ્મર કસી હોય, એ રીતે એણે, પોતાના પ્રાણ સમા પ્યારા શત્રુંજય મહાતીર્થની યાત્રાનો બહિષ્કાર, તા. ૧-૪-૧૯૨૬ થી, કરવાનો નિશ્ચય કર્યો. આ યાત્રા-બહિષ્કાર એવો સજ્જડ અને સંપૂર્ણ હતો કે એ દરમ્યાન એક ચકલુંય પાલીતાણા શહેરમાં જવા પામ્યું ન હતું, એટલું જ નહીં, આ બહિષ્કાર પૂરાં બે વર્ષ અને બે મહિના એટલે કે છવ્વીસ-છવ્વીસ મહિના જેટલા લાંબા સમય સુધી અખંડપણે ચાલુ રહ્યો હતો. જૈન પરંપરાની અને જૈન સંઘની સુદીર્ઘકાલીન ઘટનાઓમાં જેનો

જોટો ન મળી શકે એવી એક અભૂતપૂર્વ, અદ્‌ભુત, ચેતનવંતી, ઐતિહાસિક અને શકવર્તી કહી શકાય એવી આ ઘટના હતી.

પોતાના પરમ પાવનકારી તીર્થધામના અને એને લગતા, પરાપૂર્વથી ચાલ્યા આવતા હક્કોને માટે જૈન સંઘે, આ શાંત અને અહિંસક લડત વખતે, સંપ, એકતા અને એકવાક્યતાની જે સક્રિય ભાવના દાખવી હતી, તે ખરેખર, અપૂર્વ અને અદ્વિતીય કહી શકાય એવી હતી. એટલે, ખરી રીતે, જૈન પરંપરાના ગૌરવવંતા ઇતિહાસ ઉપર સુવર્ણ કળશ ચડાવે એવી અનોખી આ ઘટના હતી. આ ઘટનાની આટલી બધી મહત્તા હોવાથી, એ બનાવની મહત્ત્વની વિગતોથી જૈન સંઘ માહિતગાર થાય એ મને ઇચ્છવા જેવું અને જરૂરી લાગ્યું. એટલે યાત્રા-બહિષ્કારની આ અદ્‌ભુત લડતની વિગતવાર માહિતી, રખોપાના કરારોને લગતા દસમા પ્રકરણની પાદનોંધો પૂરી થયા પછી, ખાસ **"પુરવણી"** રૂપે મેં આપી છે. આ પ્રકરણને લગતી આવી માહિતી **"પુરવણી"** રૂપે આપવાનું એથી જ શક્ય બન્યું કે, એને લગતી સામગ્રી પણ, પેઢીના દફતરમાં, સારા પ્રમાણમાં સચવાયેલી છે.

## વાચકોનો અધિકાર

આટલા સમય, આટલા ખર્ચ અને આટલા પરિશ્રમ પછી પણ આ લખાણ કેવું થઈ શક્યું છે, એ અંગે હું કંઈ પણ કહું એ સર્વથા અનુચિત જ ગણાય. આમ છતાં, બહુ જ નમ્રતા સાથે, હું એટલું જરૂર કહી શકું કે, આ કામ સરખું અને ઓછામાં ઓછી ખામીવાળું થાય, એ માટે મેં મારાથી બનતો પ્રયત્ન કરવામાં ઉપેક્ષા સેવી નથી. બાકી આ ગ્રંથની ખામી અને ખૂબી અંગે કહેવાના ખરા અધિકારી તો સહૃદય વાચકો જ ગણાય. હું તો આ તબક્કે એટલું જ ઇચ્છું છું અને પ્રાર્થું છું કે, આ ગ્રંથ વાચકોને કંટાળાજનક ન લાગે અને ગૌરવશાળી જૈન પરંપરાનું આછું-પાતળું પણ દર્શન કરાવે. સાથે સાથે હું મારા ઈષ્ટદેવને અંતઃકરણથી એવી પણ પ્રાર્થના કરું છું કે, આ કામની જવાબદારીમાંથી હું જલદી મુક્ત થઈ શકું એ માટે આનો બીજો ભાગ પૂરો કરવાની કૃપા-પ્રસાદી અને શક્તિ મને આપતા રહે.

## નગરશેઠ શાંતિદાસ ઝવેરી વગેરેની સેવાઓ

અહમદશાહ બાદશાહે ગુજરાતના નવા પાટનગર તરીકે અમદાવાદ (અહમદાબાદ) શહેર વિ. સં. ૧૪૬૮ માં વસાવ્યું. તે પછી દોઢસો–પોણાબસો વર્ષ બાદ, શ્રી શત્રુંજય મહાતીર્થ અને એના યાત્રિકોની સાચવણીનો જવાબદારીભર્યો વહીવટ અમદાવાદ શહેરના શ્રીસંઘના હાથમાં આવી ગયો હતો એમ, આનુષંગિક હકીકતો ઉપરથી, જાણી શકાય છે. આ સમય એટલે સમ્રાટ અકબરના પ્રતિબોધક જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિજીનો વિ. સં. ૧૬૫૨ સુધીનો સમય. અને તે પછી મોગલ શહેનશાહો અકબર, જહાંગીર, શાહજહાં, મોરાદબક્ષ તથા ઔરંગઝેબ એમ પાંચે બાદશાહોના શાસન દરમ્યાન, રાજશાસન ઉપર અસાધારણ પ્રભાવ અને વગ ધરાવનાર, નગરશેઠ શાંતિદાસ ઝવેરીનો કાર્યકાળ. તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તથા એના યાત્રિકોનાં જાન-માલના રક્ષણ માટેનો, પાલીતાણા રાજ્ય સાથેનો, રખોપાનો સૌથી પહેલો કરાર અમદાવાદના સંઘના પ્રભાવશાળી મુખ્ય અગ્રણી નગરશેઠ શાંતિદાસ ઝવેરી તથા રતન અને સૂરા નામના બે ઓસવાલ ભાઈઓના નામથી, વિ. સં. ૧૭૦૭ માં, અમદાવાદમાં જ થયો હતો, એ જ બતાવે છે કે, અમદાવાદના શ્રીસંઘના તથા ખાસ કરીને એ નગરશ્રેષ્ઠીશ્રીના હૈયે એ તીર્થનું તથા યાત્રિકોનું હિત સાચવવાની ચિંતા અને ખેવના કેટલી બધી ઊંડી હતી!

તેથી જ શ્રી શત્રુંજય તીર્થની સાથે તથા એના યાત્રિકોની સાચવણીના ઇતિહાસ સાથે નગરશેઠ શાંતિદાસ ઝવેરીનું નામ ડગલે ને પગલે સંકળાયેલું જોવા મળે એમાં શી નવાઈ?

આ અંગે વિશેષ નોંધપાત્ર અને હર્ષ તથા ગૌરવ ઉપજાવે એવી હકીકત તો એ છે કે, શ્રી શત્રુંજય મહાતીર્થનો વહીવટ ઉમદા રીતે ચલાવવાની નગરશેઠ શાંતિદાસ ઝવેરીએ, અમદાવાદ શ્રીસંઘના ધર્મભાવનાશીલ અગ્રણીઓનો સાથ-સહકાર મેળવીને, સ્થાપેલી આદર્શ પરંપરા, એમના ઉત્તરાધિકારી નગરશેઠો તથા અન્ય પ્રતાપી અને ધર્મની ધગશવાળા મહાપુરુષોએ, દસ દસ પેઢી સુધી, અખંડપણે સાચવી રાખી છે, એટલું જ નહીં, સમયના વહેવા સાથે, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ઉત્તરોત્તર વિસ્તૃત થતા રહેલા વહીવટને પણ ખૂબ બાહોશી અને સફળતાપૂર્વક સંભાળી જાણ્યો છે. તીર્થરક્ષા, ધર્મશ્રદ્ધા, રાજ્યમાન્યતા તથા પ્રજામાન્યતાની પરંપરા એકધારી દસ દસ પેઢી સુધી સચવાતી રહી હોય એવા દાખલા મળવા બહુ મુશ્કેલ છે. વર્તમાન સમયમાં આ પરંપરાની સાચવણી કરીને એને વિશેષ ઊજળી કરી જનાર પુણ્યશાળી અગ્રણી તે સ્વર્ગસ્થ શ્રેષ્ઠિવર્ય કસ્તૂરભાઈ લાલભાઈ.

## વર્તમાન ટ્રસ્ટી મંડળની કાર્યનિષ્ઠા

શેઠશ્રી કસ્તૂરભાઈની હયાતીમાં જ, વિ. સં. ૨૦૩૨ ની સાલમાં, તેઓ પેઢીના પ્રમુખપદેથી નિવૃત્ત થયા ત્યારે જ, શ્રીસંઘે એમના અનુગામી તરીકે પેઢીના પ્રમુખપદની મોટી જવાબદારી તેઓના ઉદ્યોગનિષ્ણાત સુપુત્ર શેઠશ્રી શ્રેણિકભાઈને સોંપી હતી. આ અનેકમુખી અને અટપટી જવાબદારીને સફળ રીતે પાર પાડવામાં શેઠશ્રી શ્રેણિકભાઈ તન-મન-ધનથી જે જહેમત ઉઠાવી રહ્યા છે તથા સમયનો ભોગ આપે છે અને એમાં એમના સાથીઓ એટલે કે પેઢીનું ટ્રસ્ટી મંડળ અર્થાત્ પેઢીના વહીવટદાર પ્રતિનિધિ, શ્રેષ્ઠી મહાનુભાવો, એક ધ્યેયલક્ષી જૂથની જેમ, નિષ્ઠાપૂર્વક જે સાથ, સહકાર અને દરેક રીતનો ભોગ આપે છે, તે જોઈને મન ખૂબ ઠરે છે અને પ્રસન્નતા અનુભવે છે.

## નગરશેઠ શાંતિદાસ ઝવેરીની છબી

પેઢીના દફતરમાં નગરશેઠ શાંતિદાસ ઝવેરીની એક રંગીન અને એના ઉપરથી ફોટોગ્રાફીથી પાડેલ એકરંગી (બ્લેક એન્ડ વ્હાઈટ) છબી સચવાયેલી છે. આ છબીમાં નગરશેઠ શાંતિદાસના ગુરુ શ્રી રાજસાગરસૂરિજીને ઊંચે આસને બેઠેલા અને શ્રી શાંતિદાસ ઝવેરીને, એમની સામે હાથ જોડીને, નીચે બેઠેલા ચીતરવામાં આવ્યા છે. અને એમાં ઓળખ માટે "શ્રી રાયસાગરસૂરિ" અને "શ્રી સાંન્તીદાસ" એવું લખાણ મૂકવામાં આવ્યું છે. આ ચિત્રને બે ભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. નીચેના ભાગમાં ગુરુ અને શિષ્યનાં ચિત્રો આપવામાં આવ્યાં છે અને ઉપરના ભાગમાં શિખર જેવું ચિતરામણ કરીને ઉપર ફરકતી ધજા તથા સૂર્ય અને ચંદ્ર દોરવામાં આવ્યાં છે. પણ આ પુસ્તકમાં તો માત્ર ગુરુ અને શિષ્યનાં ચિત્રોવાળો નીચેનો ભાગ જ આપવામાં આવ્યો છે.

આ છબી એક કલ્પિત છબી છે, એ દેખીતું છે; આમ છતાં આ અંગે તપાસ કરતાં એટલું જાણી શકાયું છે કે, આ છબી એક બીજી છબીના આધારે ચીતરવામાં આવી છે, એની વિગત આ પ્રમાણે છે—

આ છબી જોઈને મને આવી છબી સ્વનામધન્ય સાક્ષરરત્ન શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈએ લખેલ "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ" નામે ગ્રંથમણિમાં ક્યાંક જોઈ હોવાનું યાદ આવ્યું.

અને આ ગ્રંથમાં તપાસ કરતાં, એના ૫૬૮ મા પાનાની સામે આ છબી છપાયેલી જોવામાં આવી; સાથે સાથે આ ગ્રંથમાં આપવામાં આવેલ સંખ્યાબંધ ચિત્રોની વિગતે માહિતી આપતા, ગ્રંથની શરૂઆતમાં આપવામાં આવેલ "ચિત્ર-પરિચય" વિભાગના પૃ૦ ૧૨૭ માં આ ચિત્રનો પરિચય આ પ્રમાણે આપવામાં આવેલ છે—

> "આ ચિત્ર 'ગુજરાતનું પાટનગર' એ પુસ્તકના પૃ. ૬૦૧ સામે પ્રથમ પ્રગટ થયું છે ને ત્યાં જણાવ્યું છે કે 'આ ચિત્ર નગરશેઠના વંશજોની દેખરેખમાં ચાલતા એક અપાસરામાં થાંભલા ઉપર જડેલું છે. ચિત્ર ઓછામાં ઓછું બસો વર્ષનું જૂનું દેખાય છે. કોઈ જૂના ચિત્રની નકલ હોય એમ લાગે છે. રંગ હજી પણ સારો રહેલો છે. હાંડીઓ વગેરે સામગ્રી પણ સારી ચીતરેલી છે. આ ચિત્ર રંગમાં મોટું કરવા જેવું છે.'"

જે ગ્રંથમાં, (પૃ. ૬૦૧ ની સામે) ઉપરની નોંધ સાથે આ ચિત્ર પહેલવહેલું છપાયું હતું, એ ગ્રંથનું પૂરું નામ "ગૂજરાતનું પાટનગર અમદાવાદ" એ પ્રમાણે છે. એના વિદ્વાન લેખક છે શ્રી રત્નમણિરાવ ભીમરાવ બી. એ.; અને એ ગ્રંથ અમદાવાદની ગૂજરાત સાહિત્ય સભા તરફથી, ૫૪ વર્ષ પહેલાં—ઈસ્વીસન ૧૯૨૯ માં—પ્રગટ થયો હતો.

સને ૧૯૨૯ માં પ્રગટ થયેલ ગ્રંથમાં જ્યારે આ ચિત્ર બસો વર્ષ જૂનું હોવાનું કહેવામાં આવ્યું છે, ત્યારે અત્યારે તો એ અઢીસો વર્ષ કરતાંય વધુ જૂનું થયું કહેવાય. વળી આ ચિત્ર માટે, ઉપરની નોંધમાં જણાવ્યા પ્રમાણે, "કોઈ જૂના ચિત્રની નકલ હોય એમ લાગે છે" એમ કહેવામાં આવ્યું છે, એનો અર્થ એ જૂના ચિત્રનો સમય, લગભગ વિ. સં. ૧૭૧૫ માં સ્વર્ગવાસ પામેલ નગરશેઠ શાંતિદાસ ઝવેરી અને વિ. સં. ૧૭૨૧ માં કાળધર્મ પામેલ આચાર્યશ્રી રાજસાગરસૂરિજીની હયાતીના સમયને સ્પર્શી જાય છે. પણ આ જૂના ચિત્ર સંબંધી કે એને લગતી આધારભૂત માહિતી બીજે ક્યાંકથી મળી ન આવે ત્યાં સુધી આમાં વાસ્તવિક સ્થિતિ કે તથ્ય શું હશે તે નિશ્ચિત રૂપે કહેવું તો દૂર રહ્યું, પણ એનું અનુમાન કરવું પણ શક્ય નથી લાગતું, એટલે આ અંગે જે કંઈ વિચારણા કરી શકાય એમ છે, તે અત્યારે આપણી સામે વિદ્યમાન ચિત્રને ધ્યાનમાં રાખીને જ કરવી ઉચિત છે.

"ગૂજરાતનું પાટનગર અમદાવાદ" ગ્રંથમાં આ ચિત્ર અંગે ઉપર પ્રમાણે નોંધ વાંચ્યા પછી એ ઉપાશ્રય અને એ ચિત્ર સંબંધી તપાસ કરતાં, ઝવેરીવાડમાં વાઘણપોળમાં, અત્યારે જ્યાં **આયંબિલ શાળા** ચાલે છે, તે ઉપાશ્રય ઉપર—એની બહારની દીવાલ ઉપર—એક આરસની તકતી લગાવેલી અત્યારે પણ મોજૂદ છે, અને એમાં "**શ્રી સાગરગચ્છ ઉપાશ્રય અમદાવાદ**" એવું લખાણ મૂકેલ છે. અને નગરશેઠના વંશજો સાગરગચ્છની શ્રદ્ધા ધરાવતા હતા, એટલે એમની દેખરેખ નીચે ચાલતો ઉપાશ્રય આ જ હતો એ નિશ્ચિત છે.

૩૧ વર્ષ પહેલાં (તા. ૧૭–૪–૧૯૫૨ ના રોજ), આ ઉપાશ્રયનો વહીવટ સંભાળતી નગરશેઠના વંશજોની કમીટીએ ઠરાવ કરીને, આ ઉપાશ્રયનું મકાન આયંબિલ શાળાને માટે ભેટ આપી દીધું હતું; એટલે તે પછી આ મકાનમાં, આયંબિલ શાળાને અનુરૂપ ફેરફાર કરવામાં આવ્યો હતો. આ મકાનમાં નગરશેઠ શાંતિદાસ ઝવેરીના આ ચિત્રની તપાસ કરતાં જાણવા મળ્યું કે, આ ચિત્રની બરાબર સાચવણી થાય એ માટે એને થાંભલા ઉપરથી કાઢી લઈને મકાનની પાછલી દીવાલ ઉપર

ચોડી દેવામાં આવ્યું છે, એટલું જ નહીં, એના ઉપર રંગ કરાવીને એને નવા જેવું અને વધુ ચમકદાર પણ બનાવવામાં આવ્યું છે. અને આ રીતે આ ચિત્રને રંગીન બનાવતી વખતે ગુરુ-શિષ્યના નામમાં પણ થોડો ફેરફાર કરવામાં આવ્યો છે, જેમ કે મૂળ ચિત્રમાં ગુરુનું નામ "શ્રી રાયસાગર" લખ્યું હતું તે "શ્રી રાજસાગર" અને શિષ્યનું નામ "શેઠ સાંન્તીદાસ" લખ્યું હતું તે "શેઠ શાંતિદાસ" લખવામાં આવેલ છે. આ ફેરફારને ધ્યાનમાં લેતાં "ગુજરાતનું પાટનગર અમદાવાદ" પુસ્તકમાં છપાયેલ ચિત્ર તથા પેઢી પાસેનું ચિત્ર આ ફેરફાર કે સુધારા પહેલાંના અસલ ચિત્રને વધુ મળતું આવે છે, એમ સ્પષ્ટ લાગે છે.

સ્થાનફેર અને રંગફેર કરવામાં આવેલ આયંબિલ શાળામાંના આ ચિત્ર સંબંધી માહિતી આ પ્રમાણે આપવામાં આવેલ છે: "પૂજ્યપાદ્ આચાર્યદેવ ૧૦૦૮ શ્રીમદ્ રાજસાગર સૂરીશ્વરને પ્રણામ કરતા શ્રેષ્ઠીવર્ય શ્રી શાંતિદાસ શેષકિરણ. અસલ પ્રતિકૃતિ સાગરગચ્છના જુના ઉપાશ્રયના એક કાષ્ટસ્તંભમાંથી ઉદ્ધૃત."

## જન્મસંવતવાળી છબી

નગરશેઠ શાંતિદાસ ઝવેરીનો જન્મ કયા વર્ષમાં થયો હતો એનો સ્પષ્ટ કે ચોક્કસ ઉલ્લેખ ક્યાંય મળતો નથી. આમ છતાં, આયંબિલ શાળામાં ગુરુ-શિષ્યની આ છબીવાળી દીવાલ ઉપર, તકિયાને અઢેલીને મોટી ગાદી ઉપર બેઠેલી, શ્રેષ્ઠીને શોભે એવાં વસ્ત્રો અને આભૂષણોથી પ્રભાવશાળી લાગતી અને બે હાથ જોડેલી શ્રી શાંતિદાસ શેઠની મોટી આકર્ષક છબી ચીતરવામાં આવી છે. આ છબીની ખાસ નોંધપાત્ર વિશેષતા એ છે કે, એમાં "જન્મસંવત ૧૬૪૫" એમ સ્પષ્ટ રૂપે એમની જન્મસાલ નોંધવામાં આવી છે. આ નોંધ શા આધારે કરવામાં આવી છે, તે શોધવાનું રહે છે. કેમ કે પરમપૂજ્ય આચાર્ય મહારાજ (તે વખતે મુનિ) શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીની પ્રેરણાથી શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈએ સંશોધત કરેલ અને વિ. સં. ૧૯૬૯ માં પ્રગટ થયેલ "જૈન ઐતિહાસિક રાસમાળા" ભાગ ૧ માં આપવામાં આવેલ રાસોના સારમાં (પૃ૦ ૮) સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે, "તેમનો જન્મ ક્યારે થયો, માતાનું નામ શું હતું તે હમણાં તો અજ્ઞાત છે."

આમ છતાં એમનો જન્મ વિ. સં. ૧૬૪૫ માં થયો હતો એવી કલ્પના કરવાનું મન થાય એવા બે આધારો મળે છે, તેનો પણ અહીં ઉલ્લેખ કરવો જોઈએ, જે આ પ્રમાણે છે—

(૧) ભાવનગરથી પ્રગટ થતા "જૈન" સાપ્તાહિકના સને ૧૯૪૧ ના ભેટપુસ્તક તરીકે પ્રગટ થયેલ અને શ્રીયુત ડુંગરશી ધરમશી સંપટે લખેલ "પ્રતાપી પૂર્વજો" પુષ્પ બીજું નામે પુસ્તકમાં આપવામાં આવેલ શાંતિદાસ ઝવેરીના પરિચયને અંતે (પૃ૦ ૪૦ માં) નોંધવામાં આવ્યું છે કે, "શેઠ શાંતિદાસનો સને ૧૬૫૯ (સંવત ૧૭૧૫) માં સ્વર્ગવાસ થયો હતો. આ વખતે શાંતિદાસની વય ૭૦ વરસ લગભગ હોવી જોઈએ."

(૨) આ પુસ્તકથી ૭ વર્ષ અગાઉ, સને ૧૯૩૫ માં, પ્રગટ થયેલ અને વિખ્યાત ઇતિહાસવિદ્ પ્રોફેસર એમ. એસ. કોમીસેરિયટે લખેલ "Studies in the history of Gujarat" નામે પુસ્તકમાં નગરશેઠ શાંતિદાસ ઝવેરીનો પૃ૦ ૫૩ થી ૭૮ સુધી ૨૫ પૃષ્ઠોમાં સવિસ્તર પરિચય આપ્યો છે; એમાં એમના

જન્મના વર્ષ અંગે અનુમાન કરતાં ( પૃ૦ ૫૩ માં ) એમણે લખ્યું છે કે, " Shantidas was probably born during the last dacade or two of the reign of Akbar. " ( અર્થાત્ " શાંતિદાસનો જન્મ, ઘણે ભાગે, અકબરના રાજ્યના છેલ્લા બે દાયકા દરમ્યાન થયો હતો. " ) બાદશાહ અકબરના રાજ્યશાસનનો સમય સને ૧૫૫૬ થી ૧૬૦૫ એટલે કે વિ. સં. ૧૬૧૨ થી ૧૬૬૧ સુધીનો હતો. એટલે એના છેલ્લા બે દાયકા વિ. સં. ૧૬૪૧ થી ૧૬૬૧ ના ગણાય, જે દરમ્યાન શેઠ શાંતિદાસનો જન્મ થયો હોવાનું પ્રો. કોમિસેરિયટે અનુમાન કર્યું છે.

આ બન્ને પુસ્તકોના ઉપર્યુક્ત ઉલ્લેખો ભલે શાંતિદાસ શેઠનો જન્મ વિ. સં. ૧૬૪૫ માં થયાનું સ્પષ્ટરૂપે જણાવતા ન હોય, આમ છતાં એ એમનો જન્મ વિ. સં. ૧૬૪૫ માં થયો હોવાની કલ્પના કે એવા અનુમાનનું, આનુષંગિક પુરાવારૂપે, આડકતરું સમર્થન કરે છે, એટલું તો સ્વીકારવું જ જોઈએ. મતલબ કે, શાંતિદાસ શેઠનો જન્મ વિ. સં. ૧૬૪૫ થયો હતો એવો જે ઉલ્લેખ, આયંબિલ શાળામાંની એમની છબી ઉપર કરવામાં આવેલ છે, એને સાવ નિરાધાર કે કેવળ નરી કલ્પનારૂપ માની લેવાની જરૂર નથી.

નગરશેઠ શાંતિદાસ ઝવેરીની આ છબીનું તથા એમની જન્મસંવતનું ઐતિહાસિક મહત્ત્વ હોવાથી એ સંબંધી આટલી વિગતે અહીં રજૂઆત કરી છે.

## આ ગ્રંથમાં આપવામાં આવેલ છબીઓ

પેઢીના જંગી દફતરમાં જૂનામાં જૂના જે દસ્તાવેજો છે, તે છે મોગલ શહેનશાહોએ, જગદ્ગુરુ હીરવિજયસૂરિજી વગેરેને તથા નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને આપેલાં તીર્થાધિરાજ શ્રી શત્રુંજય વગેરેની માલિકીના હક્કો જૈન સંઘને અર્પણ કર્યા સંબંધીનાં બાદશાહી ફરમાનો. અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું નામ ઓછામાં ઓછું અઢીસો વર્ષ ( વિ. સં. ૧૭૮૭ ) કરતાંય વધુ જૂનું છે, એનો લેખિત પુરાવો શ્રી શત્રુંજય મહાતીર્થના ચોપડામાંથી જ મળ્યો છે.

આવી બધી ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી દસ્તાવેજી સામગ્રી પણ પેઢી પાસે સારા પ્રમાણમાં વિદ્યમાન અને સારી રીતે સચવાયેલી હોવાથી, એમાંના કેટલાય દસ્તાવેજોની છબીઓ આ ગ્રંથમાં આપવાની લાલચ મને થઈ આવે એ સ્વાભાવિક હતું. પણ આ લાલચને જો નિયંત્રણમાં ન રાખું તો, આમાં શેની છબી આપવી અને શેની ન આપવી એની વિમાસણમાં જ મારે અટવાઈ જવું પડે; અને આવી સામગ્રીની છબીઓની મર્યાદા જ રહેવા ન પામે. આવું બનવા ન પામે એટલા માટે, ઉપર જેની વિગત વિસ્તારથી આપી છે તે, નગરશેઠ શાંતિદાસ ઝવેરીની છબી આપવા ઉપરાંત, આ ગ્રંથમાં બહુ જ અગત્યના લાગ્યા, એવા થોડાક દસ્તાવેજોની, ત્રણ શિલાલેખોની, તથા કેટલીક ઇમારતોની છબીઓ આપીને જ મેં સંતોષ માન્યો છે. આમાં રખોપાના કયા કયા કરારની છબીઓનો સમાવેશ થાય છે, તેની વિગત અગાઉ ( પૃ૦ ૧૨ માં ) અપાઈ ગઈ છે.

આ રીતે આ ગ્રંથમાં કુલ ૨૬ છબીઓ આપવામાં આવી છે; અને એની યાદી આ ગ્રંથના અનુક્રમને અંતે આપવામાં આવી છે.

આ છબીઓમાં તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની ચાર સુંદર છબીઓ આપવામાં આવેલ છે; અને

તે રાજસ્થાન સાદડીના સિદ્ધહસ્ત તસ્વીરકાર શ્રીયુત કાંતિલાલભાઈ રાંકાએ એકેક વર્ષ પહેલાં લીધેલ છે. આ માટે હું ભાઈશ્રી કાંતિલાલ રાંકાનો આભાર માનું છું.

## બાદશાહી ફરમાનો

મોગલ સલ્તનતના શહેનશાહોએ શ્રી શત્રુંજય મહાતીર્થ વગેરે તીર્થભૂમિઓ વગેરેને લગતા માલિકી હક્કો જૈન સંઘને અર્પણ કર્યા સંબંધી આપેલ ફરમાનોની કાયદાની દૃષ્ટિએ વ્યવહારુ કહી શકાય એવી ઉપયોગિતા અત્યારે ભલે રહેવા પામી ન હોય, પણ એ જૈન સંઘના ત્યાગી-વૈરાગી-સંયમી તથા જ્ઞાન-ક્રિયાવંત શ્રમણ સંતોના તેમ જ પ્રજા ઉપર તથા રાજ્યશાસન ઉપર પ્રભાવ ધરાવતા જૈન સંઘના કેટલાક વગદાર અગ્રણીઓનાં પ્રતાપ અને ગૌરવના તેમ જ જૈન પરંપરાના યશોજ્જ્વલ ઇતિહાસના બોલતા પુરાવારૂપ કે ચિરંજીવી કીર્તિગાથારૂપ છે; અને, સંજોગવશાત્, તે કાળમાં એનો અમલ થાય તે જોવાની અને તે પછી એની સાચવણી કરવાની જવાબદારીભરી કામગીરી પણ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના જ શિરે આવી હતી. એટલે આવાં ફરમાનોની છબીઓ તથા એનાં ભાષાંતરો સાથેની મહત્ત્વની માહિતી આ ગ્રંથમાં આપવામાં આવે એ જરૂરી લાગવાથી, એ બધી સામગ્રી આ ગ્રંથના બીજા ભાગમાં આપવામાં આવનાર "શ્રી શત્રુંજય તીર્થ સંબંધી બાદશાહી ફરમાનો" નામે તેરમા પ્રકરણમાં, એની છબીઓ સાથે, આપવામાં આવનાર છે.

## મારા પ્રત્યે પેઢીની અસાધારણ ઉદારતા

આવા ઐતિહાસિક વિષયને ન્યાય આપવાની મારી આવડત, સૂઝ અને શક્તિ બહુ જ મર્યાદિત—લગભગ નહીં જેવી કહી શકાય એટલી ઓછી—છે; તેથી મારા માટે તો, આ કાર્ય ઝાઝા હાથ રળિયામણા થાય તો જ થઈ શકે એવું મોટું પુરવાર થયું છે; અને આવી જરૂરી સહાય તો મને ટુકડે ટુકડે અને થોડી થોડી જ મળતી રહી છે; આ કાર્યમાં આટલો બધો વિલંબ થયો અને છતાં હજીય એ પૂરું થઈ નથી શક્યું, એનું મુખ્ય કારણ આ જ છે, અને એની મોટા ભાગની જવાબદારી પણ મારી પોતાની જ છે એ મારે કબૂલ કરવું જોઈએ. વળી આમ થવામાં ઉંમરના વધવાની સાથે ઘટતી જતી મારી કાર્યશક્તિનો પણ ફાળો છે, એ પણ એટલું જ સાચું છે.

આ કાર્યમાં આશરે નવ વર્ષ જેટલો વિલંબ થવા છતાં, પેઢીના સ્વર્ગસ્થ પ્રમુખ શેઠશ્રી કસ્તૂરભાઈ, વર્તમાન પ્રમુખ શેઠશ્રી શ્રેણિકભાઈ કે પેઢીના માન્યવર વહીવટદાર પ્રતિનિધિ (ટ્રસ્ટી) સાહેબો દ્વારા મારા કામનો ક્યારેય હિસાબ માગવામાં નથી આવ્યો, એટલું જ નહીં, મને મારી રીતે કામ કરવાની પૂરેપૂરી મોકળાશ પણ આપવામાં આવી છે; તેઓની આ અસાધારણ ઉદારતા આગળ મારું મસ્તક ઝૂકી જાય છે. આ માટે હું મારા અંતરની ઉપકારવશતાની લાગણીને કેવા શબ્દોમાં વ્યક્ત કરી શકું, એ જ મને સમજાતું નથી—જાણે આ માટે લાગણીસભર શબ્દો પણ ઓછા પડતા હોય એમ જ લાગે છે! વળી મને ક્યારેક ક્યારેક એવી લાગણી પણ થઈ આવે છે કે, પેઢીના સંચાલકોએ મારામાં મૂકેલ પૂર્ણ વિશ્વાસને ન્યાય આપવામાં ઊણા ઊતરવાનો દોષ તો હું નથી વહોરી બેઠો ને? આવી જો કંઈ ભૂલ મારાથી જાણતાં-અજાણતાં થઈ હોય એ માટે પરમાત્મા મને ક્ષમા કરે એવી હું અંતઃકરણથી પ્રાર્થના કરું છું. આવો વિશ્વાસ સંપાદન કરવો અને મોકળે મને કામ કરવાની પૂરેપૂરી છૂટ મળવી, એને હું મારું મોટું સદ્ભાગ્ય અને ઇષ્ટદેવનો મહાન અનુગ્રહ લેખું છું.

વળી પેઢીના નિવૃત્ત મેનેજર સ્વર્ગસ્થ શ્રીયુત શિવલાલભાઈ શાહ, અત્યારના જનરલ મેનેજર

શ્રીયુત બાપાલાલભાઈ ઠાકર, મેનેજર શ્રીયુત જે. કે. પંડ્યા તથા પેઢીના રેકર્ડ ખાતાના ભૂતપૂર્વ તથા વર્તમાન કર્મચારી ભાઈઓ કે જેઓ મને હમેશાં માગી સહાય આપતા રહ્યા છે, તેમ જ પેઢીના નાના-મોટા બધા કર્મચારી ભાઈઓ મારા તરફ જે ભલી લાગણી દર્શાવતા રહે છે, એને હું ક્યારેય વીસરી નહીં શકું. પેઢીના આ બધા કર્મચારી મિત્રો પ્રત્યે હું મારી કૃતજ્ઞતાની ઊંડી લાગણી દર્શાવું છું. અહીં મારે એ વાતનો પણ સહર્ષ સ્વીકાર કરવો જોઈએ કે, પેઢીનો ઇતિહાસ લખવાની કામગીરી નિમિત્તે પેઢીમાં વીતેલાં મારાં આ બધાં વર્ષ એક આનંદ, ઉલ્લાસ અને આત્મીયતાના સમય તરીકે મારા માટે યાદગાર બની રહેશે. મને, મારી પાછલી જિંદગીમાં, આવો ઉત્તમ લાભ મળ્યો એને હું મારી વિશેષ ખુશનસીબી લેખું છું.

## આભાર-નિવેદન

મેં અગાઉ કહ્યું તેમ, ઇતિહાસના વિદ્વાનોથી જ થઈ શકે એવા આ કાર્ય માટેની મારી આવડત, શક્તિ અને સૂઝ નહીં જેવી જ છે; આમ છતાં એક બાબતમાં હું ભાગ્યશાળી છું : જુદા જુદા વિષયના નિષ્ણાત કહી શકાય એવા વિદ્વાનો તથા પંડિત પુરુષોની સદ્‌ભાવના અને કૃપાદૃષ્ટિ હું એટલી હદે મેળવી શક્યો છું કે, મારી શંકાઓનું સમાધાન કે મને જોઈતી માહિતી મેળવવા માટે, એમનાં દ્વાર અને હૃદય, મારા માટે, સદાને માટે ખુલ્લાં જ હોય છે. એટલે શાસ્ત્રીય, ઐતિહાસિક કે બીજી અટપટી શંકાઓનું સમાધાન તથા મારે જરૂરી માહિતી કે શાસ્ત્રપાઠો સત્વર આપીને તેઓ મને સ્નેહભાવે અને આત્મીયભાવે મારા કામમાં હમેશાં સહાય કરતા રહ્યા છે. આવા વિદ્વાનો તે અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના નિવૃત્ત ડાયરેક્ટર અને મારા મિત્ર પંડિત શ્રી દલસુખભાઈ માલવણિયા તથા વર્તમાન ડાયરેક્ટર અને મારા આત્મીય જન ડૉ. નગીનદાસ જે. શાહ; આગમ-સંશોધન-નિપુણ પંડિત શ્રી અમૃતલાલભાઈ ભોજક; શ્રી લક્ષ્મણભાઈ ભોજક; ભો. જે. અધ્યયન-સંશોધન-વિભાગના ડાયરેક્ટર ડૉ. પ્રવીણભાઈ પરીખ વગેરે. ટૂંકમાં કહેવું હોય તો, મારે એ કબૂલ કરવું જોઈએ કે, "પૂછંતાં નર પંડિતા" એ લોકોક્તિ પ્રમાણે, આવા આવા વિદ્વાનો અને પંડિતોને પૂછી પૂછીને હું પંડિત તો નથી જ બની શક્યો, પણ એથી મારું આ ગ્રંથલેખનનું કે આવું બીજું માથે લીધેલું કાર્ય આગળ વધારી શક્યો છું અને ગ્રંથની સામગ્રીને વધુ સમૃદ્ધ કરી શક્યો છું. આ પણ કંઈ સારસ્વત મિત્રોની મૈત્રીથી મને મળેલો જેવો તેવો લાભ ન ગણી શકાય. મને આવી ઉદાર અને સહૃદય સહાય આપવા માટે હું આ બધા વિદ્વાનો તથા પંડિત મહાનુભાવોનો અંતઃકરણથી ખૂબ ખૂબ આભાર માનું છું.

આ કાર્યની જવાબદારી મેં લીધી તે પછી કેટલાક વખત બાદ ડૉ. કનુભાઈ વી. શેઠે અને તેઓના પછી અધ્યાપક ડૉ. વસંતભાઈ બી. દવેએ આ કાર્યમાં મારા સહાયક તરીકે, જૂના દસ્તાવેજો વગેરે સામગ્રી ઉકેલીને એ ઉપરથી નોંધો તૈયાર કરવામાં, મને જે મદદ કરી છે તેનું, આ પ્રસંગે, હું કૃતજ્ઞભાવે સ્મરણ કરું છું. આ બે વિદ્વાન મિત્રોની સહાય મળવી બંધ થઈ તે પછી મારી પુત્રી ચિ. માલતીએ, આશરે બે વર્ષ લગી, મારા કાર્યમાં મને જુદી જુદી રીતે જે સહાય કરી હતી, તેથી આ કાર્યની મુશ્કેલ મજલ કાપવામાં મને ઠીક ઠીક સરળતાનો અનુભવ થયો હતો, એટલું જણાવવાની રજા લઉં છું.

## પૂ. મુનિવરનો ઉપકાર

શાસનસમ્રાટ પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજને હૈયે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું હિત હમેશને માટે પૂરેપૂરું વસેલું હતું; અને એમના કાર્યકાળમાં તેઓ પેઢીના

એક દીર્ઘદર્શી, શાણા અને પ્રભાવશાળી માર્ગદર્શકનું આદરભર્યું સ્થાન ધરાવતા હતા અને પેઢીની નાની-મોટી બધી પ્રવૃત્તિઓથી પૂરેપૂરા માહિતગાર રહેતા હતા. તેઓશ્રીની શિષ્યપરંપરામાં, અત્યારે પાંચમી પાટે વિદ્યમાન, પરમપૂજ્ય મુનિરાજ શ્રી શીલચંદ્રવિજયજી મહારાજ પણ પેઢી પ્રત્યે એવી જ મમતાની લાગણી ધરાવે છે. એટલે, આવી લાગણીથી દોરવાઈને, તેઓ મારા આ કાર્યમાં જીવંત રસ લેતા રહ્યા છે; અને આ કામ ઉત્તમ પ્રકારનું થાય એ માટે તેઓ મને ઉપયોગી સૂચનાઓ, સામગ્રી અને સહાય ઉમંગપૂર્વક આપતા રહ્યા છે અને મને મારા કાર્યમાં હમેશાં સજાગ રાખતા રહ્યા છે. વળી, મારી વિનતિથી, આ આખા ગ્રંથને વાંચી જવાનું કષ્ટ ઉઠાવીને, એનું ગુજરાતી શુદ્ધિપત્રક પણ તેઓશ્રીએ જ તૈયાર કરી આપ્યું છે. મારા કાર્યમાં આટલી બધી ઊલટભરી સહાય, સાવ સહજભાવે આપવા માટે હું તેઓશ્રીનો ખૂબ ખૂબ ઉપકાર માનું છું.

## શબ્દસૂચિ અંગે

આવા ગ્રંથોમાં અનુક્રમ ઉપરાંત શબ્દસૂચિ આપી શકાય તો ગ્રંથનો ઉપયોગ કરવાનું અને ખાસ કરીને, અમુક મુદ્દા સંબંધી તરત જ માહિતી મેળવવાનું કામ ઘણું સહેલું બની જાય છે. એટલે આવા ગ્રંથોને અંતે મોટે ભાગે શબ્દસૂચિ આપવાની પ્રણાલિકા પ્રચલિત છે. એટલે જો આ ગ્રંથને અંતે શબ્દસૂચિ આપવી જ હશે તો તે બીજા ભાગને અંતે આપવાની રહેશે. પણ આ કામ ઘણો શ્રમ અને પૂરતો સમય માગી લે એવું છે, એટલે બીજા ભાગનું લેખન અને છાપકામ પૂરું થયા પછી, મારામાં એટલી સ્ફૂર્તિ હશે અને એ માટે યોગ્ય વ્યક્તિની સહાય મળી રહેશે, તો આ કાર્ય કરવાની મારી પૂરી ભાવના છે, એટલું જ હું અત્યારે તો કહી શકું એવી વસ્તુસ્થિતિ છે. દરમ્યાનમાં આ ગ્રંથનો અનુક્રમ એટલા વિસ્તારથી આપ્યો છે કે જેના આધારે ગ્રંથના વિષયોનો સવિસ્તર ખ્યાલ સહેલાઈથી મળી શકશે.

## ઋણ સ્વીકાર

આ ગ્રંથનું સ્વચ્છ અને સુઘડ છાપકામ શ્રી પાર્શ્વ પ્રિન્ટરીએ કરી આપ્યું છે. એની છબીઓનું છાપકામ વિનય પ્રિન્ટીંગ પ્રેસે કરી આપ્યું છે. અને આ ગ્રંથનું બાઈન્ડિંગ સુપ્રીમ બાઈન્ડીંગ વર્કસે કરી આપ્યું છે. એ બધાના ઋણનો હું સ્વીકાર કરું છું.

## ઉપસંહાર

અંતમાં હું ઇચ્છું છું અને આશા રાખું છું કે, જૈનધર્મના પ્રાણરૂપ તથા અમૂલ્ય સાંસ્કૃતિક વારસારૂપ તીર્થાધિરાજ શત્રુંજય વગેરે તીર્થભૂમિઓ અને અન્ય જિનાલયોની સાચવણી માટે, પૂરી આસ્થા, શ્રદ્ધા અને ભક્તિથી કામગીરી બજાવનાર નગરશેઠ શાંતિદાસ ઝવેરી, એમની વંશપરંપરામાં થયેલા નગરશ્રેષ્ઠીઓ તથા અન્ય પ્રભાવશાળી મહાનુભાવો, તેમ જ સમસ્ત જૈન સંઘના બીજા ધર્મ-ભાવનાશીલ, વગદાર અને પ્રતાપી આગેવાનોની ધર્મરક્ષા, તીર્થરક્ષા અને શાસનપ્રભાવનાની કામગીરીની જે અલ્પ-સ્વલ્પ માહિતી આ ગ્રંથમાં રજૂ થઈ શકી છે, તે આપણા શ્રીસંઘની અત્યારે વિદ્યમાન જૂની પેઢી તથા આપણી ઊછરતી પેઢીને ધર્મ, સંઘ અને શાસનની રક્ષા, પુષ્ટિ અને વૃદ્ધિની કામગીરીની મહત્તા, ઉપયોગિતા અને ઉપકારકતા સમજાવવાનું અને એમને એ માટે પ્રેરણા આપવાનું એક નમ્ર નિમિત્ત બને: આને જ હું મારા આ અદના પ્રયત્નની સફળતા લેખું છું; અને એ માટે હું પરમ કૃપાળુ પરમાત્માને મન-વચન-કાયાથી પ્રાર્થના કરી મારું આ કથન પૂરું કરું છું.

૬, અમૂલ સોસાયટી; અમદાવાદ—૭;

તા. ૨૬–૧–૧૯૮૩ : પ્રજાસત્તાક રાષ્ટ્રપર્વ. —રતિલાલ દીપચંદ દેસાઈ

# અનુક્રમ


(૧) અર્પણ ... ... ... ... ... ૩

(૨) વર્તમાન ટ્રસ્ટી મંડળ ... ... ... ... ૪

(૩) સાંસ્કૃતિક વારસાના જતનનો થોડોક ઇતિહાસ (પ્રકાશકીય નિવેદન) ... ૫

(૪) પ્રસ્તાવના (લેખકનું નિવેદન) ... ... ... ૯

યશના સાચા અધિકારી ૯; આ ગ્રંથ અંગે કંઈક ૧૦; પેઢીનું મોટું દફતર ૧૨; પાલીતાણા રાજ્યનું દફતર જોવાની જરૂર ૧૨; રખોપાના કરાર ૧૨; યાત્રા-બહિષ્કારનું પ્રકરણ ૧૩; વાચકોનો અધિકાર ૧૪; નગરશેઠ શાંતિદાસ ઝવેરી વગેરેની સેવાઓ ૧૪; વર્તમાન ટ્રસ્ટી મંડળની કાર્યનિષ્ઠા ૧૫; નગરશેઠ શાંતિદાસ ઝવેરીની છબી ૧૫; જન્મસંવતવાળી છબી ૧૭; આ ગ્રંથમાં આપવામાં આવેલ છબીઓ ૧૮; બાદશાહી ફરમાનો ૧૯; મારા પ્રત્યે પેઢીની અસાધારણ ઉદારતા ૧૯; આભાર-નિવેદન ૨૦; પૂ. મુનિવરનો ઉપકાર ૨૦; શબ્દસૂચિ અંગે ૨૧; ઋણસ્વીકાર ૨૧; ઉપસંહાર ૨૧.

(૫) અનુક્રમ ૨૩

(૬) ખાસ વિનંતી ૨૯

(૭) કારણનો ખુલાસો ૨૯

(૮) છબીઓની યાદી. ૩૦

**૧. ધર્મનો મહિમા** **૩-૬**

**પાદનોંધો :** (૧)* માનવભવની દુર્લભતા સૂચવતાં અવતરણો ૫; (૨) ઉચ્ચ કોટિના જ્ઞાનનાં સૂચક અવતરણો ૫; (૩–૪) ધર્મ સંબંધી સમજૂતિ ૫; (૫) ધર્મમાં રહેલ અમૃતતત્ત્વ ૬.

**૨. જૈનધર્મ** **૭-૧૨**

**પાદનોંધો :** (૧-૨) ધર્મનો હેતુ મોક્ષ ૧૦; (૪) સમભાવનો મહિમા ૧૦; (૭) અહિંસાની વ્યાપકતા ૧૧; (૧૦) સંયમ, તપ, ત્યાગ વગેરે ૧૨.

**૩. नमो तित्थस्स** **૧૩-૧૮**

જંગમ તીર્થનો મહિમા ૧૩; જંગમ અને સ્થાવર તીર્થોનો ઉપકાર ૧૪; યાત્રાની વ્યાપક ભાવના ૧૪.

**પાદનોંધો :** (૨) તીર્થનો અર્થ ૧૬; (૪) તીર્થંકરનો મહિમા ૧૬; (૬) તીર્થયાત્રાનું ફળ ૧૭; (૭) તીર્થયાત્રા–એક ધર્મકર્તવ્ય ૧૮.


---

* આ અનુક્રમમાં આ પ્રમાણે કૌંસમાં મૂકેલા નંબરો જે તે પાદનોંધનો નંબર સૂચવે છે.

**૪. તીર્થાધિરાજ શ્રી શત્રુંજય (૧) પવિત્રતા અને પ્રાચીનતા** **૧૯-૪૭**

નવાણું યાત્રાનો મહિમા ૧૯; પુંડરીક ગણધરની નિર્વાણભૂમિ ૨૦; સેંકડો જિનમંદિરો અને હજારો જિનપ્રતિમાઓ ૨૧; જાવડશાનો ઉદ્ધાર ૨૧; અંગ-આગમોમાં આ તીર્થનો નામોલ્લેખ ૨૧; બાહડ મંત્રીનો ઉદ્ધાર ૨૨; બૌદ્ધધર્મનો કબજો ૨૨; બે ગચ્છના ઝઘડાથી તીર્થને નુકસાન થયાના કર્નલ ટોડના આક્ષેપનો રદિયો ૨૩; સૌથી પ્રાચીન મૂર્તિ ૨૪; વસ્તુપાળના સ્વર્ગવાસ નિમિત્તે બનેલ સ્વર્ગારોહણપ્રાસાદ ૨૪.

**પાદનોંધો :** (૧) વિવિધ ગ્રંથોમાં શત્રુંજયનો મહિમા ૨૫; (૩) નવાણું યાત્રાનો મહિમા ૨૬; (૪) શાશ્વત તીર્થ શત્રુંજય ૨૬; (૯) શત્રુંજયના યાત્રાવર્ણનને લગતા ગ્રંથો ૨૭; (૧૨) શત્રુંજય સંબંધી કૃતિઓ ૨૯; (૧૩) શત્રુંજયના પ્રાગૈતિહાસિક ઉદ્ધારોની યાદી ૩૨; (૧૪) ઇતિહાસ-યુગમાં થયેલ ચાર ઉદ્ધારો ૩૨; (૧૫) જાવડશાના ઉદ્ધારની કથા ૩૩; (૧૬-૨૦) શત્રુંજય સંબંધી અંગસૂત્રોના પાઠો ૩૮; (૨૬) બૌદ્ધોએ તીર્થનો લીધેલો કબજો ૩૮; (૨૭) "પાલીતાણા" નામ અંગે કેટલીક ખોટી કલ્પના અંગે ખુલાસો ૩૯; (૨૮) શત્રુંજય ઉપર પ્રાચીન અવશેષો નહીં મળવાનું કારણ અને એનો ખુલાસો ૪૦; (૨૯) વિ૦ સં૦ ૧૦૬૪નો શિલાલેખ ૪૨; (૩૧) વસ્તુપાળના સ્વર્ગવાસના સમય અને સ્વર્ગારોહણ પ્રાસાદ સંબંધી વિવિધ મતોની વિચારણા ૪૨–૪૭.

**૫. તીર્થાધિરાજ શ્રી શત્રુંજય (૨) વહીવટ અને વિસ્તાર** **૪૮-૧૦૩**

શ્રી શત્રુંજય પ્રત્યેની શ્રીસંઘની શ્રદ્ધા-ભક્તિ ૪૮; સોલંકી યુગમાં શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ પાટણનો સંઘ સંભાળતો હતો ૪૯; ધોળકા સંઘ હસ્તક તીર્થના વહીવટ અંગે વિચારણા ૫૦; સમરાશાનો પંદરમો ઉદ્ધાર ૫૦; યાત્રિકોને આપવો પડતો કર અને અરાજકતા ૫૩; કર્માશાહનો સોળમો ઉદ્ધાર ૫૪; નગરશેઠ શાંતિદાસ ઝવેરીનો પ્રભાવ તથા અમદાવાદના શ્રીસંઘ હસ્તક આવેલ શત્રુંજયનો વહીવટ ૫૫; રખોપાનો પહેલો કરાર ૫૬; કર્નલ ટોડની એક માન્યતા અંગે ખુલાસો ૫૭; ત્રણ શહેરોનાં સંઘોનો સંયુક્ત વહીવટ ૫૮; નોંધપાત્ર સમયની વિગત ૫૮; વહીવટની સ્થિરતાનું પરિણામ ૬૦; નવ ટૂકની રચનાની સાલવાર યાદી ૬૨; ખાતાની શરૂઆત ૬૨; એક વિશિષ્ટ ઠરાવ ૬૪; વિકાસના ત્રણ તબક્કા ૬૫; મૂર્તિઓનું ઉત્થાપન અને પુનઃસ્થાપન ૬૬; તીર્થની કેટલીક મહત્વની પ્રશસ્તિઓ ૬૭ થી ૭૨ : જેમ્સ ટોડ ૬૭; એલેક્ઝાંડર કિન્લોક ફાર્બ્સ ૬૮; જેમ્સ ફરગ્યુસન ૬૮; જેમ્સ બર્જેસ ૬૯; હેન્રી કઝીન્સ ૭૦; મહાકવિ ન્હાનાલાલ ૭૧; નાથુરામ પ્રેમીજી ૭૨; કવિવર બોટાદકર ૭૨.

**પાદનોંધો :** (૩) સિદ્ધરાજ જયસિંહની યાત્રા ૭૩; (૪) રાજર્ષિ કુમારપાળે કરેલ યાત્રા ૭૪; (૫) બાહડ મંત્રીના ઉદ્ધારની પ્રતિષ્ઠાની સંવત અંગે વિભિન્ન મતો ૭૪; (૬) બાહડ મંત્રીના ઉદ્ધારની કથા ૭૫; (૭) સમરાશાના ઉદ્ધાર સંબંધી કેટલીક વિગત ૭૯; (૮) તીર્થનો વહીવટ ધોળકાના સંઘ હસ્તક (મહામંત્રી વસ્તુપાળ હસ્તક) હોવાનું સૂચન કરતી એક કથા ૮૧; (૧૦) શત્રુંજયની યાત્રામાં યાત્રિકોને પડતી મુશ્કેલી ૮૩; (૧૧) શત્રુંજયના મૂળનાયક શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિમાનું પરિકર નગરશેઠ શાંતિદાસ ઝવેરીએ કરાવ્યા સંબંધી શિલાલેખો ૮૫; (૧૨) સાત ઉદ્ધારો સંબંધી ખુલાસો ૮૭; (૧૬) નગરશેઠ શાંતિદાસ ઝવેરી તથા એમના ચિંતા-

મણિ પાર્શ્વનાથના દેરાસર સંબંધી પ્રશસ્તિઓ ૮૯; (૨૧) નગરશેઠ શ્રી હેમાભાઈએ કરાવેલ દાદાની પ્રતિમાનો મુગટ ૯૫; (૨૨) તેજપાલ સોનીનો જીર્ણોદ્ધાર ૯૫; (૨૪) બાબુનું જિનાલય–ધનવસહીની ટૂંક ૯૬; (૨૮) તલાટીમાં અપાતા ભાતા સંબંધી માહિતી ૯૮; (૩૦-૩૪) શત્રુંજયની પ્રશસ્તિઓ અંગેનું મૂળ અંગ્રેજી લખાણ ૯૯-૧૦૩.

૬. **શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની પ્રાચીનતા** **૧૦૪-૧૨૦**

પેઢીના નામની લોકપ્રિયતા ૧૦૪; દફતરની સાચવણી ૧૦૫; સૌથી જૂનો પુરાવો ૧૦૬; વધુ પુરાવા ૧૦૭; એક સવાલ ૧૦૮; પાલીતાણાનો વહીવટ કયા નામથી ચાલતો હતો? ૧૦૮; પાલીતાણામાં શેઠ આણંદજી કલ્યાણજીના નામની શરૂઆત ૧૦૯; તારણ ૧૧૦; બીજા નક્કર પુરાવા ૧૧૧; પાલીતાણા રાજ્યના દફતરમાંથી મળતી માહિતી ૧૧૨.

**પાદનોંધો:** (૨) ગઢબોળનો એક પ્રસંગ ૧૧૪; (૬-૮) પેઢીના નામોલ્લેખવાળું કેટલુંક નામું ૧૧૮; એક ભૂલસુધાર ૧૨૦.

૭. **પેઢીના કાર્યક્ષેત્રની રૂપરેખા** **૧૨૧-૧૫૨**

જિનમંદિરો તથા તીર્થક્ષેત્ર ૧૨૨; જાત્રાળુઓની વ્યવસ્થા ૧૨૪; જીવદયાનાં કામ ૧૨૫; અર્થવ્યવસ્થા ૧૨૬; લોકોનો વિશ્વાસ ૧૨૮; બીજા પ્રશ્નોનો નિકાલ ૧૨૯; એક જાણવા જેવો પ્રસંગ ૧૨૯; વકીલ રાખવાની પ્રથા ૧૩૦.

**પાદનોંધો:** (૧) સમ્મેતશિખરનું વેચાણખત ૧૩૨; (૨) જીર્ણોદ્ધાર ૧૩૩; (૩) નવા દેરાસરો માટે સહાય ૧૩૪; (૫) નકરાનું ધોરણ ૧૩૬; બીજા કેટલાક દાખલા ૧૩૭; નકરો પાછો આપીને પ્રતિમાજી પાછાં લીધાનો એક પ્રસંગ ૧૩૭; નકરા માટે અત્યારના નિયમ ૧૩૯; (૬) થોડાક જાણવા જેવા દાખલા ૧૪૦; (૭) ધર્મશાળાઓ તથા ભોજનશાળાઓ ૧૪૨; (૮) બીજાં તીર્થોમાં અપાતાં ભાતાં ૧૪૩; (૧૪) બાઈ મેનાનું વીલ ૧૪૪; (૧૫) દોશી સુનીલાલ રખચંદનું વીલ ૧૪૪; (૧૬) પન્નાલાલજી સોનીનું વીલ ૧૪૫; પેઢીની વિશ્વસનીયતાનો એક વધુ પુરાવો ૧૪૮; વિશ્વાસ મૂકી વિશ્વાસ જીતવાનો એક પ્રસંગ ૧૪૯; (૧૯) ધ્યાનમાં લેવા જેવા બે પ્રસંગો ૧૫૦; (૨૧) પાંચમી પાદનોંધની પુરવણી ૧૫૨.

૮. **પેઢીનું બંધારણ** **૧૫૩-૧૮૪**

બંધારણનો યુગ ૧૫૪; બંધારણ તત્કાળ ઘડવાનું મુખ્ય કારણ ૧૫૪; ઠરાવ ૧૫૬; **પહેલું બંધારણ** ૧૫૬; પેઢીનું પ્રમુખપદ ૧૫૯; **બંધારણમાં પહેલી વાર ફેરફાર** ૧૫૯; શ્રી સમ્મેતશિખર તીર્થના પહાડનો માલિકી હક્ક ૧૬૨; ગૌરવભર્યો ઠરાવ ૧૬૩; વિશેષ મહત્ત્વનો ઠરાવ ૧૬૪; વહીવટદાર પ્રતિનિધિઓ ૧૬૪; પેઢીનું પ્રમુખપદ ૧૬૫; આ સભાની કેટલીક યાદગાર બાબતો: પેઢીના કારોબારની પ્રશંસા ૧૬૫; ઠરાવ ચોથો ૧૬૫; ઠરાવ પાછો ખેંચ્યો ૧૬૬; સભામાં હાજર રહેવા દેવાનો ઇનકાર ૧૬૬; **બંધારણમાં છેલ્લો સુધારો** ૧૬૬; થોડીક મહત્ત્વની કલમો ૧૭૦; આઠમી કલમ: પ્રતિનિધિઓના પ્રમાણની પદ્ધતિ ૧૭૦; કો–ઓપ્ટ પ્રતિનિધિ ૧૭૧; પ્રતિનિધિઓની

કુલ સંખ્યા ૧૭૧; કલમ ૨૨ મી તથા ૨૩ મી : પ્રમુખપદની પ્રથામાં ફેરફાર ૧૭૧; (૨૨) ટ્રસ્ટી બનવાનો હક્ક ૧૭૨; (૨૩) પ્રમુખની ચૂંટણી ૧૭૨; કલમ ૩૧ મી : તીર્થો વગેરેની સાચવણી માટે સહાય ૧૭૨; કલમ ૩૨ મી (ક) : સંઘ બહાર કરવાની સત્તામાં ફેરફાર ૧૭૩; કલમ ૪૪ મી : મકાનોમાં પણ નાણાં રોકવાની જોગવાઈ ૧૭૪; કલમ ૫૦ મી : નિયમાવલીમાં ફેરફાર ૧૭૪; અમલ ૧૭૪.

**પાદનોંધો :** (૨) સત્તાવાર પ્રતિનિધિત્વની જરૂર અંગે સરકારનું સૂચન ૧૭૫; (૫) પેઢીનું કાર્યાલય અમદાવાદમાં જ રાખવા અંગે નિર્ણય ૧૭૮; (૬) શ્રીસંઘનો સંતોષ ૧૭૮; (૭) પેઢી હસ્તકનાં અમદાવાદનાં બાર ટ્રસ્ટો ૧૮૦; (૯) ડો. સી. પી. રામસ્વામી અય્યરની પ્રશંસા ૧૮૧; ચમત્કાર જેવી અસર ૧૮૨.

**૯. પેઢી અને પાલીતાણા રાજ્ય** **૧૮૫-૧૮૯**

શત્રુંજય મહાતીર્થના વહીવટ અંગે પેઢીની કામગીરી ૧૮૬; પાલીતાણા રાજ્યની એક પક્ષકાર જેવી સ્થિતિ ૧૮૬; સફળતાનું મુખ્ય કારણ ૧૮૭.

**પાદનોંધો :** (૧) એક એક તીર્થનો વહીવટ સંભાળતી પેઢીઓ ૧૮૮; એકથી વધુ તીર્થોનો વહીવટ સંભાળતી સંસ્થાઓ ૧૮૯.

**૧૦. પાલીતાણા રાજ્ય સાથે થયેલા રખોપાના કરારો** **૧૯૦-૩૪૦**

રખોપાના પાંચ કરારોની યાદી ૧૯૧; રખોપાનો **પહેલો કરાર ૧૯૧**; પહેલા કરારનું લખાણ ૧૯૩; કરારની યથાર્થતા બાબત તકરાર અને તેનું નિરાકરણ ૧૯૪; યતિશ્રી મોતીજીની જુબાની ઉપર દરબારશ્રીની ટીકા ૧૯૫; સને ૧૮૨૧ નો રખોપાનો બીજો કરાર ૧૯૬; શેઠશ્રી મોતીચંદ અમીચંદ વગેરેની મુંબઈના ગવર્નરને અરજી ૧૯૬; શેઠ હેમાભાઈ વખતચંદનો કેપ્ટન બાર્નવેલ ઉપર પત્ર ૧૯૮; સને ૧૮૨૧ નો કરાર ૧૯૯; હેમાભાઈ શેઠનું વર્ચસ્વ ૨૦૦; સને ૧૮૨૧ નો કરાર ક્યાં સુધી ચાલુ રહ્યો ૨૦૧; એક જાણવા જેવું લખાણ ૨૦૨; આ કરાર કાયમી હોવાનો પેઢીનો ખ્યાલ ૨૦૩; રખોપાની રકમ લેવા સામે દરબારશ્રીનો વાંધો ૨૦૪; કરારમાં છેતરપીંડી થયાનો દરબારનો આક્ષેપ ૨૦૫; એક મહત્ત્વની ઘટના ૨૦૬; દસ હજારનો ત્રીજો રખોપા-કરાર ૨૦૭; મેજર કીટિંજનો ફેંસલો ૨૦૭; રખોપાની રકમ રૂા. પાંસઠસો તથા રૂા. પંચોતેરસો રાખવાનું સૂચન ૨૧૪; મેજર કીટિંજના ફેંસલા સામે પેઢીએ કરેલી બે અપીલો ૨૧૫; કીટિંજનો ફેંસલો કાયમ રહ્યો ૨૧૫; ચાર વરસની રખોપાની રકમ પેઢીએ રોકી રાખ્યાનો બનાવ ૨૧૬; પેઢીએ ચૂકવવા પડેલ રૂપિયા ૪૦,૦૦૦] ૨૧૭; પાલીતાણા રાજ્યે મુંડકાવેરો ઉઘરાવવાની કરેલી શરૂઆત ૨૧૮; નગરશેઠ શાંતિદાસના વંશજોને મુંડકાવેરામાંથી મુક્તિ ૨૨૦; મુંડકાવેરા સામે પેઢીની અપીલ ૨૨૧; વાર્ષિક રૂા. ૧૫,૦૦૦] નો ચોથો રખોપા-કરાર ૨૨૨; સને ૧૮૮૬ નો કરાર ૨૨૩; પાલીતાણા રાજ્યનો વહીવટ એડમિનિસ્ટ્રેટર હસ્તક ૨૨૪; **રખોપાનો છેલ્લો —પાંચમો રૂા. ૬૦,૦૦૦] નો કરાર** ૨૨૫; દરબારશ્રીની મુંડકાવેરો ઉઘરાવવા બાબત અરજી ૨૨૫; પેઢીના પ્રતિનિધિઓની મિ. સી. સી. વૉટસનની મુલાકાત ૨૨૬; પાલીતાણા રાજ્યની અરજીની નકલ મેળવવા બાબતની પદ્ધતિ સામે પેઢીનો વાંધો ૨૨૭; પેઢીની તા. ૫-૧૧-૨૫ ની એજન્સીને

અરજી ૨૨૮; આ બાબત પેઢી તરફથી કરવામાં આવેલ બે વધુ અરજીઓ ૨૨૯; પાલીતાણા રાજ્યની અરજીની નકલ એજન્સીમાંથી મેળવવામાં મળેલ સફળતા ૨૩૦; પેઢી તરફથી જવાબ આપવાની મુદતમાં વધારો ૨૩૧; પોલિટિકલ એજન્ટનો વચગાળાનો હુકમ ૨૩૧; મુંડકાવેરાની અનુમતિનો વિરોધ ૨૩૧; જૈન સંઘે શરૂ કરેલ (યાત્રાત્યાગરૂપ) ધર્મયુદ્ધ ૨૩૩; પેઢી તરફથી રજૂ કરવામાં આવેલ જવાબ ૨૩૩; એમાં રજૂ કરવામાં આવેલ ત્રણ માગણીઓ ૨૩૩; પોલિટિકલ એજન્ટનો ચુકાદો ૨૩૪; વોટસનના ફેંસલા સામે જૈન સંઘનો રોષ ૨૩૫; યાત્રાત્યાગને ઠેર ઠેર મળેલ આવકાર ૨૩૬; લોર્ડ ઈરવિનની અપીલમાં રજૂ કરવામાં આવેલ ત્રણ માગણીઓ ૨૩૭; સિમલામાં સમાધાન ૨૩૭; કરારનામું ૨૩૮; યાત્રાની શુભ શરૂઆત અંગે પેઢીની જાહેરાત ૨૪૧; જૈન સંઘમાં વ્યાપેલ હર્ષ અને ઉત્સાહ ૨૪૨; રખોપાની રકમની માફી ૨૪૪; સમાધાન અંગે કરવામાં આવેલ વિશેષ પ્રયત્ન ૨૪૫.

**પાદનોંધો :** (૨) શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરની એક વધુ પ્રશસ્તિ ૨૪૯; (૩) રખોપાના પહેલા કરાર સંબંધી થોડીક વધુ માહિતી ૨૫૦; (૪-૭) રખોપાના પહેલા કરારના સાચા-ખોટાપણાં અંગે જાણવા જેવી માહિતી ૨૫૧; (૮) શેઠશ્રી મોતીશા વગેરેએ લખેલ પત્રમાંનું મૂળ લખાણ ૨૫૫; (૧૩) બીજા કરારની રકમની વહેંચણી સંબંધી વિગતો ૨૫૮; (૧૪-૧૫) પાલીતાણાનું ગિરોખત રદ થયા સંબંધી માહિતી; કરાર પછી પણ શત્રુંજય ઉપર લૂંટ ચલાવ્યાની એક ઘટના ૨૬૦; (૨૦) રૂપિયા ૪૫૦૦)ની એક પહોંચનો નમૂનો ૨૬૬; (૨૨) રખોપાની રકમ લેવા સામે દરબારશ્રીના વાંધાનું કારણ ૨૬૬; (૨૫-૩૦) રખોપાના બીજા કરારમાં ધાલમેલ થયાનો દરબારશ્રીનો આક્ષેપ અને તેનું નિરાકરણ ૨૬૯; (૩૧) રખોપાનો બીજો કરાર બીજા દસ વરસ માટે ચાલુ રાખવાની દરબારશ્રીની અરજી ૨૭૦; (૩૨) દરબારશ્રીએ રૂા. ૩૩૩૩૫) વ્યાજે લીધાનો દસ્તાવેજ ૨૭૦; (૩૫) મેજર કીટિંજના ફેંસલાનું મૂળ લખાણ ૨૭૧; (૩૭-૩૮) મેજર કીટિંજના ફેંસલા સામે પેઢીની મુંબઈ સરકારને અપીલ, કે જે નામંજૂર થઈ ૨૭૯; (૩૯) કેશવજી નાયક અને પાલીતાણા રાજ્ય વચ્ચે થયેલ રૂા. ૧૬,૧૨૫) ના કરારની વિગતો ૨૮૧; (૪૦) રખોપાની દસ હજારની રકમમાં સમાવિષ્ટ થતા મુદ્દાઓ અંગે મુંબઈ સરકારનું લખાણ ૨૮૧; (૪૨) રૂપિયા ચાલીસ હજાર પાલીતાણા દરબારને ચૂકવી આપવાનો પોલિટિકલ એજન્ટનો આદેશ ૨૮૨; (૪૭) નગરશેઠ પ્રેમાભાઈને શાંતિદાસના વંશજ ગણવાનો અંગ્રેજ સરકારનો આદેશ ૨૮૨; (૪૮) ચાર માગણીઓનું મૂળ અંગ્રેજી લખાણ ૨૮૩; (૪૯) બે માગણીઓનું મૂળ અંગ્રેજી લખાણ ૨૮૪; (૫૦) મુંડકાવેરાથી થતી કનડગતનું મૂળ લખાણ ૨૮૫; (૫૧) રખોપાના ચોથા કરારનું મૂળ અંગ્રેજી લખાણ ૨૮૫; (૫૫) દરબારની વતી દીવાનશ્રીએ કરેલ શેરાનું મૂળ અંગ્રેજી લખાણ ૨૯૦; (૬૭) દરબાર માનસિંહજીના રાજ્યારોહણ પ્રસંગે મિ. મેલવિને જૈનો સાથે સમાધાન કરવાની આપેલી સલાહનું લખાણ ૨૯૫; (૭૧) ઈ. સ. ૧૯૨૮ ના પાંચમા રખોપાના કરારનું મૂળ અંગ્રેજી લખાણ ૨૯૬; (૭૨) પોલિટિકલ એજન્ટને પેઢી તરફથી આપવામાં આવેલ જવાબનું મૂળ લખાણ ૩૦૦; (૭૪) શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈની ગવર્નર સાથેની મુલાકાતની નોંધ અને ગવર્નરે એમના પર લખેલ પત્ર ૩૦૧; (૭૫) ભારતના વાઈસરોય અને ગવર્નર જનરલ લોર્ડ રીડિંગની જૈન અગ્રણીઓએ લીધેલી મુલાકાતની નોંધ ૩૦૨; (૭૬) દરબાર તરફથી જૈન સંઘની થતી કનડગતના કેટલાક પ્રસંગો ૩૦૩.

**પુરવણી : યાત્રા-બહિષ્કારનું શકવર્તી અને અપૂર્વ ધર્મયુદ્ધ :** અભિપ્રાય માગતો પત્ર ૩૦૫; યાત્રા-ત્યાગનું સૂચન ૩૦૬; શ્રીસંઘની સભાનો સરક્યુલર ૩૦૬; સભાએ પસાર કરેલ ઠરાવો ૩૦૭; સાત ગૃહસ્થોની કમિટી ૩૦૯; પૂજ્ય શ્રમણ ભગવંતોને વિનતિ ૩૦૯; વચગાળાનો હુકમ ૩૧૦; યાત્રાના બહિષ્કારનો નિર્ણય ૩૧૦; શાંતિદાસના વંશજોની નોંધ કરાવવા અંગે પાલીતાણા રાજ્યની જાહેરખબર ૩૧૦; શાંતિદાસના વંશજો હોવા અંગેની નોંધ કરાવવા સંબંધી પોલિટિકલ એજન્ટની જાહેરખબર ૩૧૧; એક જાણવા જેવો પત્ર ૩૧૧; મુંબઈના સંઘનો રોષ ૩૧૨; 'મુંબઈ સમાચાર'નું લખાણ ૩૧૩; 'સાંજ વર્તમાન'નું લખાણ ૩૧૪; 'વીરશાસન'નું લખાણ ૩૧૫; 'સૌરાષ્ટ્ર'નું લખાણ ૩૧૬; અંગ્રેજી દૈનિકોનો સાથ ૩૧૭; જૈન સંઘની નારાજગી ૩૧૭; આબૂમાં મુલાકાત અને મિ. વોટસનનો ફેંસલો ૩૧૮; જૈન સંઘનો રોષ ૩૧૮; વોટસન પોતાના શબ્દો પાછા ખેંચે છે ૩૧૮; યાત્રા-ત્યાગ અસરકારક હોવા અંગે પેઢીની પાલીતાણા શાખાના પત્રો ૩૧૯; સ્થાનિક પ્રતિનિધિઓ તથા અગ્રણીઓની સભા તથા એનો સરક્યૂલર ૩૨૦; પ્રમુખશ્રીનું વક્તવ્ય ૩૨૦; ઠરાવો ૩૨૩; લડતમાં વેગ ૩૨૪; પેઢી તરફથી પ્રગટ કરવામાં આવેલ ત્રણ પરિપત્રો : (૧) પૂજ્ય મુનિમહારાજો તથા સાધ્વીજી મહારાજોની વિનતિ, (૨) જાહેરખબર, હિંદના સકળ જૈન સંઘની સભાનો ઠરાવ, (૩) જાહેરખબર ૩૨૬; તા. ૧૫-૮-૧૯૨૬ શોકનો ઠરાવવામાં આવેલો દિવસ ૩૨૬; શોક-દિવસના પાલનની કેટલીક વિગતો ૩૨૭; ભારત સરકારને દરમ્યાનગીરીની વિનતી ૩૨૮; બહિષ્કારના ત્રીજા વર્ષના પ્રવેશની ઉજવણી ૩૨૮; આ અંગે મુનિરાજોને પત્ર ૩૨૮; આ અંગે સંઘોને પત્ર ૩૨૯; બહિષ્કાર ચાલુ હોવાની જાહેરાત ૩૩૧; આ અંગેની એક જાહેરખબર ૩૩૧; બિનપાયાદાર અફવા અંગે જાહેર સૂચના ૩૩૨; ત્રણ મોરચાની કામગીરી ૩૩૩; સિમલામાં ત્રિપક્ષી બેઠક ૩૩૩; સમાધાન ૩૩૪; જૈન સંઘમાં વ્યાપેલ હર્ષોલ્લાસ ૩૩૬; બે પ્રશંસનીય પગલાં ૩૩૬; યાત્રાનો મંગળ પ્રારંભ—એ અંગેની જાહેરાત ૩૩૭; પેઢીની વતી શેઠશ્રી પ્રતાપસિંહભાઈ મોહોલાલભાઈએ કરેલ વક્તવ્ય ૩૩૮; પાલીતાણાના નામદાર ઠાકોરશ્રીએ કરેલ વક્તવ્ય ૩૩૮; આનંદ વ્યક્ત કરતું એક ગીત ૩૩૯; યાત્રાનો શુભ પ્રારંભ અને ઉપસંહાર ૩૪૦.

**શુદ્ધિપત્રક** ૩૪૧.

## ખાસ વિનંતી

પુસ્તક શુદ્ધ છપાય અને એમાં ભૂલ રહેવા ન પામે એ માટે પૂરેપૂરી ચીવટ રાખવા છતાં અને બે વ્યક્તિઓની નજરે પ્રુફો તપાસાય એવી ગોઠવણ પણ કરવા છતાં, સરતચૂક અથવા મુદ્રણદોષના કારણે, પુસ્તકમાં ભૂલો રહી જવા પામી જ છે. એ ભૂલો વાચકોના ધ્યાનમાં આવે એ માટે પુસ્તકને અંતે શુદ્ધિપત્રક આપવામાં આવ્યું છે. તેથી, પુસ્તકનો ઉપયોગ કરતાં અગાઉ, એ ભૂલોને સુધારી લેવાની ખાસ વિનંતિ છે

**એક વધુ ભૂલ :** પૃ. ૨૧૫ માં ૧૪ મી લીટીમાં તા. ૧૨-૧-૧૮૨૪ છપાયું છે, તે તા. ૧૨-૧-૧૮૬૪ સુધારવું.

**કારણનો ખુલાસો :** આ પુસ્તકના ૧૩૫ મા પૃષ્ઠમાં, સને ૧૯૦૭ની સાલમાં, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના તે વખતના પ્રમુખ શેઠશ્રી લાલભાઈ દલપતભાઈને સમ્મેતશિખર જવું પડયું હતું તેના કારણ અંગે આ પ્રમાણે મોઘમ લખવામાં આવ્યું છે : "સને ૧૯૦૭ની સાલમાં, શ્રી સમ્મેતશિખર તીર્થ અંગે કોઈક એવો ગહન–જટિલ પ્રશ્ન ઊભો થયો હતો કે, જેનું નિરાકરણ કરવા માટે ખુદ પેઢીના પ્રમુખ શેઠશ્રી લાલભાઈ દલપતભાઈને જાતે જ ત્યાં જવું પડયું હતું અને રોકાવું પડયું હતું." પણ શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈએ પોતાના જીવનનાં સંસ્મરણોની, અંગ્રેજીમાં, જે છૂટી છૂટી નોંધો કરેલી છે, તેના આધારે, શેઠશ્રી કસ્તૂરભાઈના અમૃત મહોત્સવ પ્રસંગે મેં પોતે જ લખેલ એમના પરિચયમાં, શેઠશ્રી લાલભાઈને સમ્મેતશિખર શા કારણે જવું પડયું હતું, તે અંગે આ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે : "સને ૧૯૦૮ માં રાજસત્તાએ સમ્મેતશિખર તીર્થ ઉપર બંગલાઓ બાંધવાની પરવાનગી આપ્યાની વાત આવી. સંઘમાં ભારે સંક્ષોભ જાગ્યો. આવે વખતે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ ચૂપ કેમ બેસી રહે? તરત જ લાલભાઈ શેઠ ત્યાં પહોંચ્યા અને બીજાઓનો સાથ મેળવીને એ વાતને રોકવામાં સફળતા મેળવી." (પૃ૦ ૭) આ ઘટના ૧૯૦૮ માં નહીં પણ ૧૯૦૭માં બની હતી.

# છબીઓની યાદી

૧. શ્રેષ્ઠિવર્ય કસ્તૂરભાઈ લાલભાઈ

૨. દેવમંદિરોની નગરી તીર્થાધિરાજ શત્રુંજયનું સર્વગ્રાહી દૃશ્ય.

૩. હાથીપોળના કળામય, વિશાળ, નૂતન પ્રવેશદ્વારનો દેખાવ.

૪. દાદાની ટૂકમાંના ભગવાન ઋષભદેવના વિશાળ જિનપ્રાસાદ ઉપરના કળામય ભાગનું દૃશ્ય.

૫. દાદાના જિનપ્રાસાદના શિલ્પસમૃદ્ધ શિખર અને સામરણનું દૃશ્ય.

૬. ગિરિરાજ ઉપરની વિ૦ સં૦ ૧૦૬૪ના લેખવાળી ગણધર પુંડરીકસ્વામીની સૌથી પ્રાચીન પ્રતિમા.

૭. આ પ્રતિમા ઉપરના લેખની છબી.

૮. આચાર્ય રાજસાગરસૂરીજી તથા નગરશેઠ શાંતિદાસ ઝવેરી.

૯. પાલીતાણા શહેરમાંની નગરશેઠ શાંતિદાસ ઝવેરીની મેડીનું સ્થાન.

૧૦. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વિ૦ સં૦ ૧૭૮૭માં મોજૂદ હોવાનો પુરાવો.

૧૧. વિ૦ સં૦ ૧૭૮૭ની ખાતાવહીમાં શ્રી આણંદજી કલ્યાણજી, રાજનગરનું ખાતું.

૧૨. વિ. સં૦ ૧૭૯૧ના કરારમાં આણંદજી કલ્યાણજીનું નામ.

૧૩. શ્રેષ્ઠી નારાયણની વિ૦ સં૦ ૧૧૩૧ની મૂર્તિ.

૧૪. પેઢીના દફતરની સાચવણીનો પુરાવો.

૧૫. હાથીપોળમાં નવું દેરું નહીં બાંધવાના વિ૦ સં૦ ૧૮૬૭ના શ્રીસંઘના આદેશનો લેખ.

૧૬. વિ૦ સં૦ ૧૭૦૭ના રખોપાના પહેલા કરારનો દસ્તાવેજ.

૧૭. સને ૧૮૨૧ના રખોપાના બીજા કરારનો દસ્તાવેજ.

૧૮. રખોપાનો બીજો કરાર બીજાં ૧૦ વર્ષ ચાલુ રાખવાની ગોઠવણ કરી આપવા પાલીતાણા રાજ્યે આસીસ્ટંટ પોલિટિકલ એજન્ટને કરેલી અરજી.

૧૯. પાલીતાણા રાજ્યે રૂા. ૩૩૩૩૫ા વ્યાજે લીધા સંબંધી લખાણ.

૨૦. રખોપાની રકમ પોતે ઉઠાવેલ વટાવની તકરારને લીધે પોતાને મોડી મળ્યાનો પાલીતાણા રાજ્યનો એકરાર.

૨૧. હેમાભાઈ શેઠની હવેલીની જીર્ણ ઇમારત.

૨૨. સને ૧૮૮૬ ના રખોપાના ચોથા કરારનો દસ્તાવેજ.

૨૩. પૂ. પં. શ્રી કલ્યાણવિમળજી મહારાજ વગેરેનાં પગલાંની દેરી.

૨૪. ભાતાઘરનું મકાન ગંગામાએ બંધાવી આપ્યાનો લેખ.

૨૫. આધુનિક સુવિધાવાળું ભાતાઘરનું નવું મકાન.

૨૬. રખોપાના છેલ્લા–પાંચમા કરારના સહીઓવાળા છેલ્લા પાનાની છબી.

॥ जयउ सव्वण्णुसासणं ॥

## શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો

# ઇતિહાસ

ભાગ

૧

## WORTHY OF EMULATION

The Jain community takes a great deal of enlightened interest in the maintenance of their shrines and in the maintenance of a proper and serene religious atmosphere surrounding them. The stupendous activity in the direction of repair, expansion and renovation work connected with these temples, some of which are of great architectural beauty, undertaken in an organized manner by organizations like Anandji Kalyanji Trust, Ahmedabad, and other smaller trusts is such that it is worthy of healthy emulation by Hindu temples and organizations.

—Recommendation of Dr. C. P. Ramaswami Aiyar, Chairman, and six other members of "The Hindu Religious Endowments Commission" (1960-62; Page-111).

## અનુકરણ કરવા યોગ્ય

જૈન સમાજ પોતાનાં મંદિરોની સાચવણી માટે તથા એમની આસપાસનું વાતાવરણ સુયોગ્ય, ગંભીર અને ધર્મમય રૂપમાં સચવાઈ રહે એ માટે, ખૂબ જાગ્રત રસ લે છે. આ મંદિરોમાંનાં કેટલાંક તો શિલ્પ-સ્થાપત્યકળાની ઉચ્ચ કોટિની સુંદરતા ધરાવે છે. એમના સમારકામ, વિસ્તાર અને જીર્ણોદ્ધારને લગતી કામગીરી કરવાની દિશામાં, અમદાવાદનું આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ તથા બીજાં નાનાં ટ્રસ્ટો, વ્યવસ્થિત રીતે, જે પ્રવૃત્તિ કરે છે, તે એવા પ્રકારની છે કે, જેનું હિંદુ ધર્મનાં દેવસ્થાનો તથા વ્યવસ્થાતંત્રોએ તંદુરસ્ત અનુકરણ કરવા જેવું છે.

—ડૉ. સી. પી. રામસ્વામી અય્યર, અધ્યક્ષ તથા બીજા ૭ મેમ્બરોએ, એમના "ધી હિંદુ રિલિજિયસ એન્ડાઉમેન્ટસ્ કમીશન"ના અહેવાલમાં, કરેલ ભલામણ (સને ૧૯૬૦-૬૨; પૃ૦ ૧૧૧).

॥ जयइ महप्पा महावीरो ॥

१

# ધર્મનો મહિમા

જીવન તરફનો અનુરાગ, સુખ-દુઃખની લાગણી, ભૂખ-તરસનું સંવેદન, ઘડપણ અને માંદગી તરફનો અણગમો, મરણનો ભય વગેરે બાબતો જીવમાત્ર સાથે સંકળાયેલ છે; અને એમાં માનવજાતિનો પણ સમાવેશ થાય છે. આમ છતાં માનવજાતિ અને અન્ય જીવસૃષ્ટિ વચ્ચે કોઈક એવી અસાધારણ ભેદરેખા કે વિશેષતા રહેલી છે કે, જે સમસ્ત જીવસમૂહો ઉપર માનવજીવનની સર્વોપરિતા સ્થાપિત કરે છે. તેથી જ બધાં ધર્મશાસ્ત્રોએ માનવભવને દુર્લભ અને શ્રેષ્ઠ કહ્યો છે.[1]

માનવજીવન સાથે એકરૂપ બની ગયેલી આ વિશેષતા તે માનવીને મળેલી ચિંતન-મનનની બૌદ્ધિક શક્તિ અને હૃદયની સંવેદનશીલતા. આ શક્તિના બળે, માનવીએ જ્ઞાન અને વિજ્ઞાનનાં વિવિધ ક્ષેત્રોનું, છેક પ્રાચીન કાળથી, ખેડાણ કરીને આત્મદર્શન અને વિશ્વદર્શનના અનેક માર્ગોની શોધ કરી છે અને આંતર તથા બાહ્ય દુઃખના નિવારણનાં અને સુખની પ્રાપ્તિનાં સાધનોનું દર્શન અને નિરૂપણ કર્યું છે.

વિશ્વના સ્વરૂપનું દર્શન કરાવતી અને વિશ્વવ્યાપી ભૌતિક તત્ત્વોની શક્તિઓનું માનવીના ઉપયોગ માટે નિયમન કરતી વિજ્ઞાનની શોધો માનવીની બુદ્ધિશક્તિની નવાઈ ઉપજાવે એવી નીપજ હોવા છતાં, એ સતત પ્રયોગશીલ પ્રક્રિયાઓનું પરિણામ હોવાથી, એ આત્માની જ્ઞાનશક્તિના અસાધારણ કે અપૂર્વ વિકાસનું દર્શન નથી કરાવી શકતી. આત્માની ખરેખરી જ્ઞાનશક્તિનાં પ્રતીતિકર દર્શન તો, ઉચ્ચ કોટિની યોગસાધનાને બળે સિદ્ધ થતા જ્ઞાનના અંતિમ કોટિના વિકાસમાં જ થાય છે.[2] અને આ જ્ઞાન જેમ વિશ્વના સ્વરૂપનું સુરેખ દર્શન કરાવે છે, તેમ આત્માના સૂક્ષ્મમાં સૂક્ષ્મ એક એક ભાવનું દર્શન કરાવીને એની પૂર્ણ શુદ્ધિના ઉપાયો પણ આંકી બતાવે છે. આ ઉપાયો એટલે જ ધર્મ અને એની આરાધના, જે ધર્મપુરુષાર્થ તરીકે સુવિદિત છે અને સદા-સર્વદા આદરણીય અને એકાંત હિતકારક ગણાય છે. આ પ્રક્રિયા યોગસાધના, આત્મસાધના કે આધ્યાત્મિક સાધનાને નામે પણ ઓળખાય છે. અને એના આધારે જ માનવી સંસારનાં બંધનોથી મુક્ત થવાનો પુરુષાર્થ કરી શકે છે. એટલા માટે જ મોક્ષની પ્રાપ્તિના પુરુષાર્થને પરમ પુરુષાર્થ લેખવામાં આવેલ છે. સંસારનાં બંધનોથી મુક્ત થવામાં એટલે કે મોક્ષ મેળવવામાં માનવીને સહાયરૂપ થાય એ ધર્મ : એ રીતે ધર્મને સાદી સમજથી ઓળખી શકાય.[3]

આ દૃષ્ટિએ વિચારીએ તો, જેમ બધી ગતિઓમાં માનવગતિ શ્રેષ્ઠ છે તેમ, માનવીએ કરેલી બધી શોધોમાં પોતાની જાતને સમજવાની અને સુધારવાના ઉપાયોની શોધ એટલે કે ધર્મ યા અધ્યાત્મમાર્ગની શોધ એ મોટામાં મોટી અને સર્વોચ્ચ કોટિની શોધ છે. અને દુઃખ, ક્લેશ અને કષાયોથી ભરેલી દુનિયા થોડા-ઘણા પ્રમાણમાં પણ સુખી અને વસવા યોગ્ય રહી શકી હોય તો તે, મોટે ભાગે, આ શોધને પરિણામે.[૪] પોતાની જાતને સમજવા-સુધારવાની આ શોધ કરવાનું શ્રેય ધર્મને તથા ધર્મસાધકો અને ધર્મ-પ્રરૂપકોને ઘટે છે. આ ધર્મનો આશ્રય લીધા વગર કોઈનું જીવન ચરિતાર્થ નથી થઈ શકતું અને વ્યાપક જનસમૂહમાં સંસ્કારિતા અને સંયમ-સમર્પણની ભાવનાની કેળવણી પણ નથી થઈ શકતી. એટલા માટે જ ધર્મને ધરતીના અમૃતની ઉપમા આપીને અનેક રૂપે એનો મહિમા વર્ણવવામાં આવ્યો છે, તે યથાર્થ છે.[૫]

ધર્મની આવી વિશેષતાને લીધે, માનવસમાજને એનો હમેશાં લાભ મળતો રહે અને દુનિયામાં બંધુભાવની કે કુટુંબભાવનાની લાગણીને પ્રોત્સાહન મળતું રહે એટલા માટે, માનવીની જીવનપદ્ધતિના વિકાસની સાથે સાથે, ધર્મે એક પ્રભાવશાળી અને શક્તિશાળી તેમ જ સહૃદયતા અને ભાવનાશીલતાથી શોભતી સંસ્થાનું રૂપ ધારણ કર્યું. અને સમય જતાં, ધર્મની ઉપકારકતાથી માનવી એટલો બધો પ્રભાવિત થયો કે એણે, ધર્મભાવનાની ભાગીરથી માનવસમાજને નિરંતર પાવન કરતી રહે એટલા માટે, ધર્મને એક સુભગ અને સર્વકલ્યાણકારી સત્તાનું રૂપ આપ્યું.

પણ આ સત્તાનું કામ, કઠોર અનુશાસનથી કોઈની પણ કનડગત ન થાય એ માટે સતત જાગૃતિ રાખીને, જનસમુદાયમાં શુભ અને સ્વ-પર કલ્યાણકારી ભાવના તથા પ્રવૃત્તિનું સીંચન કરવાનું, જ્યાં જ્યાં આવી મંગલ લાગણીઓ પ્રવર્તતી હોય એની સાચવણી અને અભિવૃદ્ધિ કરવાનું અને ધર્મની પ્રભાવના થાય એ રીતે, ભાવનાશીલતા અને સુકુમારતાપૂર્વક, સંઘની વ્યવસ્થા કરવાનું રહ્યું છે. રાજસત્તા અને ધર્મસત્તા વચ્ચે હમેશાં આ પાયાનું અંતર ચાલતું આવ્યું છે. અને જેટલા પ્રમાણમાં ધર્મસત્તા આ રીતે પોતાની ફરજ બજાવી શકી છે, તેટલા પ્રમાણમાં માનવસમાજને અને, માનવસમાજની અહિંસા અને કરુણાથી પ્રેરાયેલી પ્રવૃત્તિને લીધે, અબોલ જીવસૃષ્ટિને પણ લાભ મળતો રહ્યો છે. આ રીતે ધર્મમાં સર્વકલ્યાણકારીપણાનું તત્ત્વ રહેલું હોઈ એનો મહિમા શબ્દોથી ન વર્ણવી શકાય એટલો અસાધારણ છે. *

---

* આ ગ્રંથનાં બધાં પ્રકરણોની પાદનોંધો, જે તે પ્રકરણની પાદનોંધના અંકવાળા પૃષ્ઠની નીચે આપવાને બદલે, દરેક પ્રકરણને અંતે આપવામાં આવેલ છે.

## પહેલા પ્રકરણની પાદનોંધો

૧. (i) चत्तारि परमंगाणि, दुल्लहाणीह जंतुणो ।
माणुसत्तं सुई सद्धा, संजमंमि य वीरियं ॥
—શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, અ૦ ૩, ગા૦ ૧.

(ii) भो भो भव्वा भवोहंमि, दुल्लहो माणुसो भवो ।
चुल्लगाईहिं नाएहिं, आगमंमि विआहिओ ॥
—સિરિસિરિવાલકહા, ગા૦ ૧૦૭૫.

(iii) तं तह दुल्लहलंभं, विज्जुलयाचंचलं माणुसत्तं ।
लद्धूण जो पमायइ, सो कापुरिसो न सप्पुरिसो ॥
—આવશ્યકસૂત્ર નિર્યુક્તિ, અ૦ ૧.

(iv) दुर्लभं मानुषं जन्म, दुर्लभं जिनदर्शनम् ।
—સિત્તુંજકપ્પો, ભા૦ ૧, પૃ૦ ૧૪૭.

(v) मानुष्यं दुर्लभं लोके,
—બોધિચર્યાવતાર, ટીકા, પ્રથમ પરિચ્છેદ.

(vi) न मानुषात् श्रेष्ठतरं हि किंचित् ।
—મહાભારત, શાંતિપર્વ.

(vii) दुर्लभं त्रयमेवैतद्, देवानुग्रहहेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षुत्वं, महापुरुषसंश्रयः ॥
—વિવેકચૂડામણિ, શ્લો૦ ૩.

૨. (i) तत्थ दव्वओ णं सुयनाणी उवउत्ते सव्वदव्वाइं जाणइ पासइ । खेत्तओ णं सुयनाणी उवउत्ते सव्वं खेत्तं जाणइ पासइ । कालओ णं सुयनाणी उवउत्ते सव्वं कालं जाणइ पासइ । भावओ णं सुयनाणी उवउत्ते सव्वे भावे जाणइ पासइ ॥
—શ્રી નંદીસૂત્ર, સૂ૦ ૧૧૭.

(ii) जस्स बलेणं अज्जवि नज्जइ, तियलोयगोयरवियारो ।
करगहियामलयं पिव, तं सन्नाणं मह पमाणं ॥
—સિરિસિરિવાલકહા, ગા૦ ૧૨૭૯.

૩. (i) धम्मो ताणं धम्मो सरणं गई पइट्ठा य ।
धम्मेण सुचरिएण य गम्मइ अयरामरं ठाणं ।
—તંદુલવેયાલિય પ્રકીર્ણક, ગા૦ ૧૨.

(ii) सो धम्मो जो जीवं धारेइ भवण्णवे निवडमाणं ।
—ધર્મપરીક્ષા, ગા૦ ૨.

(iii) देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ।
—શ્રી દશવૈકાલિકસૂત્ર, ૧, ૧.

(iv) संखाय पेसलं धम्मं, दिट्ठिमं परिनिव्वुडे ।
उवसग्गे नियामित्ता, आमोक्खाए परिव्वएज्जासि ॥
—શ્રી સૂત્રકૃતાંગસૂત્ર, શ્રુ૦ ૧, અ૦ ૩, ગા૦ ૨૧.

(v) स धर्मो यो दयायुक्तः, सर्वप्राणिहितप्रदः ।
स एवोत्तारणे शक्तो भवाम्भोधेः सुदुस्तरात् ॥

—તત્ત્વામૃત, શ્લો૦ ૬૫.

(vi) धर्मो मङ्गलमुत्कृष्टं, धर्मः स्वर्गापवर्गदः ।
धर्मः संसारकान्तारोल्लङ्घने मार्गदेशकः ।

—ત્રિષષ્ટિ૦, ૫૦ ૧, સ૦ ૧, શ્લો૦ ૧૪૬.

૪. (i) धर्मो महामङ्गलमङ्गभाजां, धर्मो जनन्युद्दलिताखिलार्त्तिः ।
धर्मः पिता पूरितचिन्तितार्थो धर्मः सुहृद्वर्धितनित्यहर्षः ॥

—પદ્માનન્દ મહાકાવ્ય, ૨, ૧૭૩.

(ii) जरामरणवेगेणं, बुज्झमाणाण पाणिणं ।
धम्मो दीवो पईट्ठा य, गई सरणमुत्तमं ॥

—શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, અ૦ ૨૩, ગા૦ ६८.

(iii) दिने दिने मञ्जुलमङ्गलावलिः, सुसम्पदः सौख्यपरम्परा च ।
इष्टार्थसिद्धिर्बहुला च बुद्धिः, सर्वत्र सिद्धिः सृजतां सुधर्मम् ॥

—ઉપદેશસાર, ઉ૦ ૫, શ્લો૦ ૫.

(iv) अबन्धुनामसौ बन्धुरसखीनामसौ सखा ।
अनाथानामसौ नाथो धर्मो विश्वैकवत्सलः ॥

—યોગશાસ્ત્ર, પ્ર૦ ૪, શ્લો૦ ૧૦૦.

(v) सुखं हि वाञ्छते सर्वः, तच्च धर्मसमुद्भवम् ।
तस्माद्धर्मः सदा कार्यः, सर्ववर्णैः प्रयत्नतः ।

—દક્ષસ્મૃતિ, અ૦ ૩, શ્લો૦ ૨૫.

(vi) धम्मो मंगलमउलं, ओसहमउलं च सव्वदुक्खाणं ।
धम्मो बलं च विउलं, धम्मो ताणं च सरणं च ॥

—સિત્તુંજકપ્પો, ગા૦ ૫ (પૃ૦ ૧૪).

૫. (i) सहजो भावधर्मो हि, शुद्धश्चन्दनगन्धवत् ।
एतद्गर्भमनुष्ठानं, अमृतं सम्प्रचक्षते ॥

—અધ્યાત્મસાર, પ્ર૦ ૩, સદનુષ્ઠાન અધિકાર, શ્લો૦ ૨૫.

(ii) धम्मो चिंतामणी रम्मो, चिंतिअत्थाण दायगो ।
निम्मलो केवलालोअलच्छिविच्छिड्डिकारओ ॥
कल्लाणिक्कमओ वित्त-रूवो मेरूवमो इमो ।
सुमणाणं मणोतुट्ठिं, देइ धम्मो महोदओ ॥

—સિરિસિરિવાલકહા, ગા૦ ૧૦૭૧-૭૨.

(iii) धर्मामृतं सदा पेयं, दुःखातङ्कविनाशनम् ।
यस्मिन् पीते परं सौख्यं, जीवानां जायते सदा ॥

—તત્ત્વામૃત, શ્લો૦ ६४.

# જૈનધર્મ

જિનેશ્વર દેવોએ આત્મવિજયનો સ્વ-પર સૌના કલ્યાણનો જે માર્ગ બતાવ્યો તે જૈનધર્મ. જૈનધર્મનું મુખ્ય અથવા અંતિમ ધ્યેય આત્માને સંસારનાં બધાં બંધનોમાંથી સંપૂર્ણ મુક્ત કરવાનું છે.[1] આ સંસારના બંધનથી મુક્તિ એટલે આત્માને અનાદિ કાળથી વળગેલાં કર્મોથી મુક્તિ. તેથી જ આત્માને લાગેલાં બધાં કર્મોનો સંપૂર્ણ નાશ, એને જ મોક્ષ કહેવામાં આવેલ છે.[2]

જૈનધર્મે, ધર્મની આરાધના માટે, જે વિગતવાર આચારસંહિતા એટલે કે વ્રતો, વિધિ-નિષેધના નિયમો અને ક્રિયાઓ નક્કી કરેલ છે, તેનો આધાર જૈન દર્શન અર્થાત્ જૈન તત્ત્વજ્ઞાન છે. દર્શન અથવા તત્ત્વજ્ઞાન વિશ્વના સ્વરૂપ, પરમાત્માના સ્વરૂપ અને આત્માના સ્વરૂપનો નિશ્ચય કરી આપે છે; અને દર્શને સમજાવેલ વિશ્વના અને આત્માના સ્વરૂપને ધ્યાનમાં રાખીને, ધર્મ, હિંસા વગેરે દોષોના ઓછામાં ઓછા સેવનથી કેવી રીતે જીવી શકાય અને આત્માને કર્મના બંધનમાંથી મુક્ત કરવાની દિશામાં કેવી રીતે આગળ વધી શકાય, એ માટેના સ્વ-પર ઉપકારક માર્ગો નક્કી કરી આપે છે. જે તત્ત્વજ્ઞાન અથવા દર્શન, આ રીતે, આત્મસાધના માટેની ધાર્મિક આચારસંહિતા ઘડવામાં ઉપયોગી થાય છે, એ જનસમૂહ અને સંઘમાં જીવન્ત બની રહે છે.

જૈન દર્શને 'वत्थुसहावो धम्मो'[3] એમ કહીને ધર્મની જે મૌલિક અને વૈજ્ઞાનિક વ્યાખ્યા કરી છે, એમાં જ ધર્મ અને એની આરાધનાની ઉપયોગિતા, ઉપકારકતા અને અનિવાર્યતા જોવા મળે છે. વસ્તુનું પોતાનું અસલી એટલે કે મૌલિક સ્વરૂપ તે ધર્મ. અને જે માર્ગ કે ઉપાયથી કોઈ પણ વસ્તુ પોતાના મૂળ સ્વભાવ કે સ્વરૂપને પ્રાપ્ત કરી શકે એનું નામ પણ ધર્મ. તીર્થંકર ભગવંતોએ, પોતાની વિશિષ્ટ આત્મસાધના કે યોગ-સાધનાને બળે પ્રગટેલ સર્વજ્ઞપણા અને સર્વદર્શીપણાના આધારે, ત્રણે લોક અને ત્રણે કાળનું સ્પષ્ટ દર્શન કરીને, જે ધર્મની પ્રરૂપણા કરી તે ધર્મ આત્મલક્ષી છે; અને તેથી આત્માનો ઉદ્ધાર, આત્માનું શુદ્ધીકરણ અને આત્માની મુક્તિ, એ એનો મુખ્ય ઉદ્દેશ છે. જૈનધર્મની બધી આરાધના આ ઉદ્દેશની દિશામાં આગળ વધવા માટે જ છે. એને ધાર્મિક આરાધના કહીએ કે યોગસાધના, આત્મસાધના કે આધ્યાત્મિક સાધના કહીએ, એ બધાનો ભાવ એક જ છે. જે પ્રક્રિયા આત્માને એના સ્વભાવ કે સ્વરૂપને પ્રગટ કરવામાં સહાયક થાય એ ધર્મ.

અને, જ્યારે ધર્મની આરાધનાના કેન્દ્રમાં આત્માના ઊર્ધ્વીકરણને સ્થાન આપવામાં

આવે ત્યારે, એ આરાધના માટે નક્કી કરવામાં આવેલ બધાં આચારો, વિધિવિધાનો, વ્રતો અને વિધિ-નિષેધના નિયમો આત્મલક્ષી કે મોક્ષલક્ષી જ હોય, એ સહેજે ફલિત થાય છે.

જૈનધર્મની આવી મોક્ષલક્ષી સાધનામાં સમતા એટલે કે સમભાવની સાધનાનું સ્થાન સર્વોચ્ચ અને સર્વશ્રેષ્ઠ છે.[૪] પૂર્ણ સમભાવની જીવનમાં પ્રતિષ્ઠા કર્યા વગર કર્મથી સર્વથા મુક્તિ મેળવવારૂપ મોક્ષની પ્રાપ્તિ થઈ શકતી નથી. આનો અર્થ એ થયો કે, જેમ જેમ કર્મોનો મળ ઓછો થતો જાય એટલે કે કર્મોની નિર્જરા થતી જાય, તેમ તેમ સમભાવની પ્રાપ્તિની દિશામાં આગળ વધી શકાય. તેથી જે જે ઉપાયોથી કર્મોનો ભાર ઓછો ને ઓછો થતો જાય, તે ઉપાયોને અપનાવવાનો આદેશ[૫] ભગવાન તીર્થંકરોએ પ્રરૂપેલ જૈનધર્મે ઠેર ઠેર કરેલો છે.

કર્મોને દૂર કરવાના અને સમભાવની કેળવણી કરવાના ઉપાયોમાં સૌથી મહત્ત્વનું સ્થાન પ્રાણાતિપાતવિરમણવ્રત એટલે કે અહિંસાને આપવામાં આવ્યું છે; અને અહિંસાની બીજી બાજુ તે કરુણા. જૈનધર્મે 'વિશ્વના બધાય જીવો સાથે મૈત્રીભાવ કેળવવાનો અને કોઈ પણ જીવ પ્રત્યે વૈર-વિરોધ નહીં રાખવાનો' જે ઉદાત્ત આદેશ આપ્યો છે[૬] તે, અહિંસા અને કરુણાના આચરણથી જ જીવનવ્યવહાર સાથે એકરૂપ થઈને સાધકને સમભાવ મેળવવાની દિશામાં આગળ લઈ જાય છે. અને અહિંસાવ્રતનું પરિપૂર્ણ પાલન કરવું હોય તો મૃષાવાદવિરમણ, અદત્તાદાનવિરમણ, મૈથુનવિરમણ અને પરિગ્રહપરિમાણ (સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ) એ ચારે વ્રતોનું પાલન અનિવાર્ય બની જાય છે. અર્થાત્ અહિંસાવ્રતના સંપૂર્ણ પાલનમાં આ ચારે વ્રતોના પાલનનો સમાવેશ થઈ જાય છે.[૭] તેથી આ ચાર વ્રતોના પાલનમાં જે કંઈ ઊણપ રહે, તેટલી ઊણપ અહિંસાવ્રતના પાલનમાં રહેવાની.

જૈનધર્મના પ્રરૂપકોએ વિશ્વમૈત્રીની ભાવનાને અને સમભાવને કેળવવાના ઉપાય તરીકે અહિંસાનું મહત્ત્વ સમજાવીને જ સંતોષ ન માનતાં, અહિંસાની સાધના કેવી રીતે થઈ શકે એનો વ્યવહારુ ઉપાય પણ સમજાવ્યો છે. આ ઉપાય છે સંયમ અને તપનો માર્ગ અપનાવવાનો. સંયમ દ્વારા ઇંદ્રિય-સુખોપભોગની વિલાસી વૃત્તિ ઉપર કાબૂ મેળવી શકાય છે; અને બાહ્ય અને આભ્યંતર તપ દ્વારા ચિત્તની ચંચળતા અને કર્મોની સત્તા ઉપર વિજય મેળવી શકાય છે. એટલા માટે તો અહિંસા, સંયમ અને તપમય ધર્મને ઉત્કૃષ્ટ મંગલરૂપ ગણવામાં આવેલ છે.[૮]

સંક્ષેપમાં, જૈન સાધનાનો ક્રમ આ પ્રમાણે નિરૂપી શકાય : કર્મોના સંપૂર્ણ ક્ષયરૂપ મોક્ષને માટે પૂરો સમભાવ કેળવવો જોઈએ. આ સમભાવ એટલે વિશ્વના બધા જીવો માટે મૈત્રીભાવ. સમભાવ કે મૈત્રીભાવ પૂર્ણ અહિંસા અને કરુણાથી મેળવી શકાય. અને અહિંસાની ભાવનાને જીવન સાથે વણી લેવા માટે સંયમ અને તપનો આશ્રય લેવો

જોઈએ. આધ્યાત્મિક સાધનાનો આ ક્રમ વૈજ્ઞાનિક કહી શકાય એવો સચોટ અને સાધકને સફળતાની દિશામાં દોરી જાય એવો કાર્યક્ષમ છે. અને એનું કારણ એની પાછળ આત્મ-સાધક મહાપુરુષોના જાતઅનુભવનું બળ રહેલું છે એ છે. જૈન સાધનાની આવી વૈજ્ઞાનિક પ્રક્રિયાને જીવનમાં ઉતારવાના પાયાના ઉપાયો છે દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધના.[૯] સાધકને આવી આરાધનામાં આગળ વધવાનું બળ મળે છે ત્યાગ, વૈરાગ્ય અને તિતિક્ષાનો માર્ગ સમજપૂર્વક અપનાવવાથી.

જીવનસાધના કે આત્મસાધનામાં સંયમ, તપ, ત્યાગ, વૈરાગ્ય અને તિતિક્ષાની ભાવનાને તથા પંચાચારના પાલનને અપાયેલી મુખ્યતા,[૧૦] એ જૈન સાધનાની અસાધારણ વિશેષતા છે; અને આ વિશેષતા જ જૈન સાધનાને અન્ય સાધનાઓથી જુદી પાડે છે, અને એનો વિશેષ મહિમા પ્રસ્થાપિત કરે છે.

વસ્તુસ્થિતિ આવી છે એટલે જૈનધર્મે પ્રરૂપેલી બધી ધર્મક્રિયાઓ, ધર્મપર્વોની આરાધના અને ધર્મતીર્થોની યાત્રાની વિધિઓ ઉપર તપ-ત્યાગ-વૈરાગ્ય-સંયમ-તિતિક્ષાની ભાવનાનો વ્યાપક પ્રભાવ પ્રસરેલો જોવા મળે છે. જે ધર્મક્રિયા, જે પર્વઆરાધના અને જે તીર્થયાત્રા સાધકના જીવનમાં આ ભાવનાની અભિવૃદ્ધિ કરે તે આદર્શ અને ચરિતાર્થ થયેલી ગણાય છે.

આટલા માટે તો અહિંસા, ત્યાગ, વૈરાગ્ય, તપ અને સંયમપ્રધાન ધર્મ તરીકે જૈનધર્મની જનસમૂહમાં મોટી નામના અને પ્રતિષ્ઠા છે. અને જૈનધર્મને આવી વિરલ કીર્તિ અપાવવામાં જૈન સંઘનાં પવિત્ર તીર્થધામોનો ફાળો પણ ઘણો મોટો છે. અને એટલા માટે ધર્મતીર્થની સ્થાપના અને રક્ષાના કાર્યને આપણાં ધર્મશાસ્ત્રોએ મહાન ધર્મકૃત્ય તરીકે બિરદાવેલ છે.[૧૧]

## બીજા પ્રકરણની પાદનોંધો

૧. (i) जं मए इमस्स धम्मस्स केवलिपन्नत्तस्स...निव्वाणगमणपज्जवसाणफलस्स ॥

—પાક્ષિકસૂત્ર, પૃ૦ ૪.

(ii) नमो त्थु णं समणस्स भगवओ महावीरस्स आदिगरस्स चरिमतित्थयरस्स पुव्वतित्थयरनिद्दिट्ठस्स जाव संपाविउकामस्स,

—કલ્પસૂત્ર, સૂ૦ ૧૬.

(iii) अभग्गेहिं णाणदंसणचरित्तेहिं अजियाइं जिणाहि इंदियाइं, जियं च पालेहि समणधम्मं, जिअविग्घो वि य वसाहि तं देव सिद्धिमज्झे,

—કલ્પસૂત્ર, સૂ૦ ૧૧૨.

(iv) भीसणो मच्चू सव्वाभावकारी... ...धम्मो एअस्स ओसहं एगंतविसुद्धो महापुरिससेविओ सव्वहिअकारी निरइआरो परमाणंदहेऊ...इच्छामि अहमिणं धम्मं पडिवज्जित्तए, सम्मं मणवयकायजोगेहिं होऊ ममेअं कल्लाणं...॥

—પંચસૂત્ર, સૂ૦ ૨, પેટા સૂ૦ ૧૨, ૧૩.

(v) सद्भिर्गुणदोषज्ञैर्दोषानुत्सृज्य गुणलवा ग्राह्याः ।
सर्वात्मना च सततं, प्रशमसुखायैव यतितव्यम् ॥

—પ્રશમરતિ, શ્લો૦ ૩૧૧.

(vi) त्यजन् दुःशीलसंसर्गं, गुरुपादरजः स्पृशन् ।
कदाहं योगमभ्यस्यन्, प्रभवेयं भवच्छिदे ॥

—યોગશાસ્ત્ર, પ્ર૦ ૩, શ્લો૦ ૧૪૩.

૨. कृत्स्नकर्मक्षयो मोक्षः ।

—તત્ત્વાર્થસૂત્ર, અ૦ ૧૦, સૂ૦ ૩.

૩. (i) धर्मं—चेतनाऽचेतनद्रव्यस्वभावं श्रुतचारित्ररूपं वा वेत्तीति धर्मवित् ॥

—આચારાંગટીકા, શ્રુ૦ ૧, અ૦ ૩, ઉ૦ ૩.

(ii) धम्मत्थिकाय धम्मो० । काया समुदाया, अत्थी य काया य अत्थिकाया, ते य इमे धम्माऽधम्माऽऽकासजीवपोग्गला, "धम्मो सभावो लक्खणं" ॥

—દશવૈકાલિકચૂર્ણિ, પૃ૦ ૧૦.

૪. (i) सेयंबरो य आसंबरो य, बुद्धो व अहव अन्नो वा ।
समभावभावियप्पा, लहई मुक्खं न संदेहो ॥

—સંબોધસપ્તતિ, ગા૦ ૨.

(ii) समया सव्वभूएसु, सत्तु-मित्तेसु वा जगे ।

—ઉત્તરાધ્યયનસૂત્ર, અ૦ ૧૯, ગા૦ ૨૬.

(iii) समयाए समणो होइ ।

—ઉત્તરાધ્યયનસૂત્ર, અ૦ ૨૫, ગા૦ ૩૨.

(iv) कान्ता मे समतैवैका, ज्ञातयो मे समक्रियाः ।
बाह्यवर्गमिति त्यक्त्वा, धर्मसंन्यासवान् भवेत् ॥

—જ્ઞાનસાર, ત્યાગાષ્ટક, શ્લો૦ ૩.

૫. (i) जन्मनि कर्मक्लेशैरनुबद्धेऽस्मिन् तथा प्रयतितव्यम् ।
कर्मक्लेशाभावो यथा भवत्येष परमार्थः ॥
परलोकहितायैव, प्रवर्तते मध्यमः क्रियासु सदा ।
मोक्षायैव तु घटते, विशिष्टमतिरुत्तमः पुरुषः ॥

—તત્ત્વાર્થસૂત્ર, સંબંધકારિકા, શ્લો૦ ૨, ૫.

(ii) किं बहुणा इह जह जह, रागद्दोसा लहुं विलिज्जंति ।
तह तह पयट्टियव्वं, एसा आणा जिणिंदाणं ॥

—ધર્મપરીક્ષા, ગા૦ ૧૦૭.

(iii) आकालमियमाज्ञा ते, हेयोपादेयगोचरा ।
आश्रवः सर्वथा हेय उपादेयश्च संवरः ॥
आश्रवो भवहेतुः स्यात्, संवरो मोक्षकारणम् ।
इतीयमार्हतीमुष्टि–रन्यदस्याः प्रपञ्चनम् ॥

—વીતરાગસ્તવ, પ્ર૦ ૧૯, શ્લો૦ ૫, ૬.

(iv) જેમ નિર્મળતા રે રત્નસ્ફટિક તણી, તેમ જે જીવસ્વભાવ;
તે જિનવરે ધર્મ પ્રકાશીયો, પ્રબળ કષાય અભાવ.

—શ્રી સીમંધરજિનવિનતિ (સવાસો ગાથાનું સ્તવન), ગા૦ ૧૭.

૬. मित्ती मे सव्वभूएसु वेरं मज्झं न केणइ ।

—વંદિત્તુસૂત્ર, ગા૦ ૪૬.

૭. (i) अहिंसा-गहणे पंच महव्वयाणि गहियाणि भवंति ।
संजमो पुण तीसे चेव अहिंसाए उवग्गहे वट्टइ,
संपुण्णाय अहिंसाय, संजमो वि तस्स वट्टइ ॥

—દશવૈકાલિકચૂર્ણિ, અ૦ ૧.

(ii) अहिंसैषा मता मुख्या, स्वर्गमोक्षप्रसाधनी ।
एतत्संरक्षणार्थं च, न्याय्यं सत्यादिपालनम् ॥

—શ્રી હરિભદ્રસૂરિકૃત અષ્ટક, ૧૬મું નિત્યાનિત્યાષ્ટક, શ્લો૦ ૫.

(iii) इक्कं चिय इत्थ वयं निद्दिट्ठं जिणवरेहिं सव्वेहिं ।
पाणाइवायविरमणं अवसेसा तस्स रक्खट्ठा ॥

૮. धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।

—દશવૈકાલિકસૂત્ર, અ૦ ૧, ગા૦ ૧.

૯. सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।

—તત્ત્વાર્થસૂત્ર, અ૦ ૧, સૂ૦ ૧.

૧૦. સંયમ અને તપ—

(i) सज्झायसंजमतवे वेयावच्चे य झाणजोगे य ।
जो रमति, ण रमति, असंजमम्मि सो पावए सिद्धिं ॥
—દશવૈકાલિકસૂત્ર-નિર્યુક્તિ, ગા૦ ૩૬૮.

(ii) वरं मे अप्पा दंतो संजमेण तवेण य ।
—ઉત્તરાધ્યયનસૂત્ર, અ૦ ૧, ગા૦ ૧૬.

(iii) मूलोत्तरगुणश्रेणि-प्राज्यसाम्राज्यसिद्धये ।
बाह्यमाभ्यन्तरं चेत्थं, तपः कुर्यान् महामुनिः ॥
—જ્ઞાનસાર, તપઅષ્ટક, શ્લો૦ ૮.

ત્યાગ—

जे उ कंते पिए भोए, लद्धे विपिट्ठि कुव्वई ।
साहीणे चयई भोए, से हु चाइ त्ति वुच्चइ ॥
—દશવૈકાલિકસૂત્ર, અ૦ ૨, ગા૦ ૮.

વૈરાગ્ય—

(i) माया पिया ण्हुसा भाया, भज्जा पुत्ता य ओरसा ।
नालं ते मम ताणाय, लिप्पंतस्स सकम्मुणा ॥
—ઉત્તરાધ્યયનસૂત્ર, અ૦ ૬, ગા૦ ૩.

(ii) जम्म दुक्खं जरा दुक्खं, रोगा य मरणाणि य ।
अहो ! दुक्खो हु संसारो, जत्थ कसंति जंतवो ॥
—ઉત્તરાધ્યયનસૂત્ર, અ૦ ૧૯, ગા૦ ૧૬.

(iii) दृढतामुपैति वैराग्य-भावना येन येन भावेन ।
तस्मिंस्तस्मिन् कार्यः, कायमनोवाग्भिरभ्यासः ॥
—પ્રશમરતિ, શ્લો૦ ૧૬.

(iv) शुद्धात्मद्रव्यमेवाहं, शुद्धज्ञानं गुणो मम ।
नान्योऽहं न ममान्ये चे-त्यदो मोहास्त्रमुल्बणम् ॥
—જ્ઞાનસાર, અમોહાષ્ટક, શ્લો૦ ૨.

તિતિક્ષા—

खुहं पिवासं दुस्सेज्जं, सीउण्हं अरई भयं ।
अहियासे अव्वहिओ, देहे दुक्खं महाफलं ॥
—દશવૈકાલિકસૂત્ર, અ૦ ૮, ગા૦ ૪૧૫.

પંચાચાર—

सम्यक्त्व-ज्ञान-चारित्र-तपो-वीर्यात्मको जिनैः प्रोक्तः ।
पञ्चविधोऽयं विधिवत्, साध्वाचारः समनुगम्यः ॥
—પ્રશમરતિ, શ્લો૦ ૧૧૩.

૧૧. (i) रहजत्ता तित्थजत्ता य । ગા૦ ૩.
पुत्थयलिहणं पभावणा तित्थे । ગા૦ ૫.
—મન્હ જિણાણં આણં સજ્ઝાય.

(ii) तहेव तित्थस्स प्रभावना ।
—શ્રી વિજયલક્ષ્મીસૂરિકૃત "શ્રી પર્યુષણાષ્ટાહ્નિકા વ્યાખ્યાન," વ્યા૦ બીજું.

૩

# नमो तित्थस्स

જૈનધર્મના પ્રરૂપકો ખુદ તીર્થંકરો છે, એટલા ઉપરથી પણ જૈન સાધના અને સંસ્કૃતિમાં તીર્થ કેટલું મહત્ત્વનું સ્થાન ધરાવે છે તે સમજી શકાય છે. ઉપરાંત, ધર્મના પ્રરૂપકો અને ધર્મતીર્થના સ્થાપકો ભગવાન તીર્થંકરો પોતે, ધર્મપરિષદમાં (સમવસરણમાં) પોતાની ધર્મદેશના શરૂ કરતાં પહેલાં, '**नमो तित्थस्स**'[1] પદનું ઉચ્ચારણ કરીને, તીર્થનું બહુમાન કરતા હોય ત્યારે તો તીર્થનો મહિમા કેટલો બધો હોવો જોઈએ અને તીર્થની સ્થાપના કરનાર તીર્થંકર ભગવાનનો પ્રભાવ પણ કેટલો વ્યાપક હોવો જોઈએ, એ સહજપણે સમજાઈ જાય છે. તીર્થ અને તીર્થની ભાવના ધર્મમાર્ગના ઓછા જાણકાર અને ધર્મના આચરણની દિશામાં ડગલાં ભરવાની શરૂઆત કરનાર શ્રદ્ધાવાન ભદ્રિક સામાન્ય જનસમૂહના અંતરમાં પણ ધર્માનુરાગની કેવી કેવી સુભગ લાગણીઓ જન્માવે છે!

તીર્થંકર ભગવાન જે તીર્થની સ્થાપના કરે છે અને જે તીર્થને નમસ્કાર કરે છે તે, સ્થાવર નહીં પણ જંગમ એટલે કે ચેતન તીર્થ[2] છે, અને તેને ભાવતીર્થ પણ કહેવામાં આવે છે. ધર્મની પ્રરૂપણા માનવીના કલ્યાણ માટે કરવામાં આવે છે; અને ધર્મનો લાભ મેળવીને પોતાના જીવનને દોષમુક્ત, નિર્મળ અને પવિત્ર કરવાનો પુરુષાર્થ કરનાર માનવી તીર્થના જેવો આદરણીય છે, એ એની પાછળનો ભાવ છે. તેથી જ તીર્થંકર ભગવાન પોતાના ધર્મસંઘના અંગરૂપ અને મોક્ષમાર્ગી ધર્મનું અનુસરણ કરનાર સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘને તીર્થ તરીકેનું ગૌરવ આપે છે, અને એને નમસ્કાર કરે છે. પોતાના ધર્મસંઘના અંગરૂપ સાધકોને આવું ગૌરવ આપવાની જૈનધર્મની આ પ્રણાલિકા વિરલ અને જૈન સંસ્કૃતિની આગવી વિશેષતા કહી શકાય એવી છે; બીજા કોઈ ધર્મે પોતાના અનુયાયીઓને તીર્થ તરીકે બિરદાવવાની આવી પ્રણાલિકા કાયમ કરી હોય એમ જાણવા મળતું નથી. નીતિશાસ્ત્રકારોએ "સાધુ-સંતોનું દર્શન પુણ્યકારક છે, કેમ કે સાધુ-સંતો એ તીર્થસ્વરૂપ છે."[3] એમ જે કહ્યું છે, એનો ભાવ પણ જૈનધર્મની જંગમ તીર્થની ભાવનાને પુષ્ટ કરે એવો જ છે.

જૈનધર્મે પોતાના સંઘના અંગરૂપ સાધકોને તીર્થ તરીકેનું ગૌરવ આપ્યું, એની પાછળનો એક ભાવ ઇતર જીવન કરતાં માનવજીવન શ્રેષ્ઠ છે અને ધર્મનું પાલન કરવાનો પુરુષાર્થ કરનાર માનવસમૂહ વિશેષ આદરપાત્ર છે, એ દર્શાવવાનો હોય એમ પણ લાગે છે. મતલબ કે, જ્યારે પણ માનવીનું મન નિષ્ઠાભરી ધર્મકરણી તરફ વળે છે, ત્યારે ઉત્તરોત્તર એનું જીવન વધુ ને વધુ પવિત્ર થતું જાય છે; અને, જૈન પરંપરા પ્રમાણે,

એને તીર્થ જેવું ગૌરવ મળે છે. આવું ગૌરવ મેળવનારાઓમાં તીર્થંકરદેવનું સ્થાન સર્વોચ્ચ છે; અને તેથી જ તેઓ સમસ્ત શ્રીસંઘના આરાધ્યદેવ તથા દેવોને પણ પૂજનીય એવા દેવાધિદેવ ગણાય છે.[૪]

તીર્થંકર ભગવાન પોતાના ધર્મશાસનની પ્રભાવના માટે ચતુર્વિધ સંઘરૂપ જંગમ તીર્થની સ્થાપના કરે છે, તે પછી જંગમ તીર્થરૂપ શ્રીસંઘ સ્થાવર તીર્થધામોની સ્થાપના કરે છે,[૫] એ માટે પ્રેરણા આપે છે અને એની સાચવણી માટે બધી વ્યવસ્થા કરે છે. સાથે સાથે સ્થાવર તીર્થો શ્રીસંઘની ધર્મભાવનાને જાગ્રત કરવાનું, ટકાવી રાખવાનું અને એમાં અભિવૃદ્ધિ કરવામાં બહુ ઉપયોગી અને ઉપકારક કાર્ય કરે છે. આ રીતે તીર્થંકર ભગવાનના અભાવમાં જંગમ અને સ્થાવર એ બંને પ્રકારનાં તીર્થો, એકબીજાંનાં ઉપકારક બનીને, શ્રી જિનેશ્વરદેવના ધર્મશાસનની રક્ષા, અભિવૃદ્ધિ અને પ્રભાવના કરતાં રહે છે.

તીર્થભૂમિ અને તીર્થયાત્રાની ભાવના જનસમૂહના સંસ્કાર-ઘડતરમાં અને એની ગુણસંપત્તિમાં વધારો કરવામાં ઘણો ઉપકારક ફાળો આપે છે. એટલા માટે જ દુનિયાના બધા દેશો અને ધર્મોમાં ધર્મતીર્થનાં યાત્રાધામોની મોટી સંખ્યામાં સ્થાપના કરવામાં આવી છે અને પોતાનાં પવિત્ર તીર્થધામો તરફ ધર્માનુરાગી જનસમૂહ અપાર શ્રદ્ધા, ભક્તિ અને સમર્પણની ભવ્ય ભાવના ધરાવતો હોય છે. અને આવાં યાત્રાધામો એના યાત્રિકને પોતાના ઇષ્ટદેવનો મહિમા વિશેષરૂપે સમજવાનો અને એમના વિમળ સાંનિધ્યમાં પોતાની ખામીઓને શોધવા તથા સ્વીકારવાનો તેમ જ પોતાના જીવનને સદ્દગુણોથી સમૃદ્ધ બનાવવાનો પ્રયત્ન કરવાનો તથા શુભ કાર્યો માટે પોતાનાં તન-મન-ધન ન્યોછાવર કરવાનો બહુમૂલો અવસર આપે છે. માનવજાત ઉપરનો તીર્થભૂમિઓનો આ ઉપકાર વર્ણવી ન શકાય એટલો વ્યાપક છે.

જનસમૂહમાં પ્રવર્તતી તીર્થયાત્રાની ભાવનાના અને તીર્થભક્તિની તમન્નાનાં હૃદયસ્પર્શી દર્શન કોઈ પણ તીર્થભૂમિમાં થઈ શકે છે. એક આભ ઊંચો ગિરિરાજ છે; અને પોતાના આરાધ્યદેવ એ ગિરિરાજના ઉન્નત શિખર ઉપર બિરાજે છે. કોઈક વૃદ્ધ ભાવિકજનના અંતરમાં એ દુર્ગમ પહાડ ઉપર બિરાજતા પોતાના દેવાધિદેવ પરમેશ્વરનાં કે ઇષ્ટદેવનાં દર્શન કરીને પોતાની જાતને ધન્ય અને પાવન કરવાના મનોરથ જાગે છે. પછી તો, પોતાની વૃદ્ધ ઉંમર, વધતી શારીરિક અશક્તિ અને ડગમગતી કાયાના નિરાશાપ્રેરક વિચારો પણ એની ભાવનાને રોકી શકતા નથી; અને એ, પોતાના ઇષ્ટદેવના સ્મરણથી અદમ્ય મનોબળ મેળવીને, પર્વતના શિખર ઉપર પહોંચવા તૈયાર થઈ જાય છે. કાયા ભલે ડોલતી હોય, પગ ભલે ધીમા ધીમા ઊપડતા હોય અને થાકેલા શરીરને આરામ આપવા ભલે લાકડીનો સહારો લેવો પડતો હોય, પણ એની ભાવના ઉત્તરોત્તર એવી વધતી હોય છે કે, એની આગળ આવા બધા અવરોધો દૂર હટી જાય છે; અને, એક

પુણ્ય ઘડીએ, યાત્રિક ગિરિવરના શિખર ઉપર પહોંચી જાય છે, અને પોતાના આરાધ્યદેવની પૂજા-ભક્તિ-સ્તવના કરી કૃતાર્થતા અનુભવે છે.

ધર્મ તરફ રુચિ ધરાવતાં સંપત્તિશાળી ભાઈઓ અને બહેનો તીર્થભૂમિ નિમિત્તે પોતાનું ધન ઉદારતાથી વાપરવાની ભાવના ધરાવતાં હોય છે. અને જ્યારે પણ આવો અવસર મળે છે ત્યારે, પોતાના ધનનો સદ્વ્યય કરીને, એવા અવસરનો તેઓ ઉલ્લાસથી લાભ લે છે. દેશ-વિદેશમાં પ્રસરેલી નાની-મોટી અસંખ્ય તીર્થભૂમિઓ, સંપત્તિવાન ભાઈઓ-બહેનોએ પોતાની સંપત્તિનો ઉદારતાથી સદુપયોગ કર્યાની અને એમની ધર્મ-શ્રદ્ધા તથા તીર્થભક્તિની સાક્ષી પૂરે છે.

અને, આટલું જ શા માટે, સામાન્ય અને ગરીબ સ્થિતિવાળાં અસંખ્ય ધર્મ-ભાવનાશીલ ભાઈઓ-બહેનોને પણ હમેશાં એવી ઝંખના રહ્યા કરે છે કે, ક્યારે પાવન તીર્થભૂમિનો સ્પર્શ કરવાનો સોનેરી અવસર મળે? અને, પોતાની ઓછી કમાણીમાંથી પણ કંઈક બચત કરીને તેઓ તીર્થયાત્રાની પોતાની આવી ઉત્તમ ઝંખનાને પૂરી કરે છે ત્યારે જ એમને સંતોષ થાય છે. લોકમાનસ ઉપર આવો અદ્ભુત પ્રભાવ છે તીર્થભૂમિ અને તીર્થયાત્રાની ભાવનાનો.

આ ભાવનાને પૂરી કરવામાં આવી પડતાં શરીર-કષ્ટો ધર્માનુરાગી મહાનુભાવને પોતાના આત્માની કસોટી જેવાં આવકારદાયક લાગે છે. તીર્થયાત્રા કરતી વખતે ચિત્ત જે આનંદ અને ઉલ્લાસનો અનુભવ કરે છે, એ અપૂર્વ હોય છે. અને પોતાની સંપત્તિનું વાવેતર કરીને એને કૃતાર્થ કરવાનો જે લાભ તીર્થભૂમિમાં મળે છે, એ પોતાના અને બીજાના માટે લાંબા વખત સુધી ઉપકારક બની રહે છે.[૬] અર્થાત્ તીર્થભૂમિ અને તીર્થ-યાત્રા જનસમૂહને તન-મન-ધનને સમર્પિત અને કૃતકૃત્ય કરવાની અમૂલ્ય પ્રેરણા અને તક આપે છે.

તીર્થભૂમિ અને તીર્થયાત્રાનો આવો અસાધારણ પ્રભાવ હોવાના કારણે તીર્થભૂમિ-ઓની સ્થાપના અને રક્ષાને તેમ જ તીર્થયાત્રા માટે કાઢવામાં આવતા સંઘોને ઉત્તમ પ્રકારનું ધર્મકૃત્ય લેખવામાં આવ્યું છે;[૭] અને એના વહીવટ માટે અનેક સંસ્થાઓ સ્થાપવામાં આવી છે. આવી સંસ્થાઓમાં, જૈન સંઘમાં, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી આગળ પડતી અને પ્રથમ પંક્તિની સંસ્થા ગણાય છે. અને એની કાર્યવાહીનો ઇતિહાસ જૈન સંઘની શ્રદ્ધા, ભક્તિ અને કાર્યશક્તિની કીર્તિગાથા બની રહે એવો અને એના ગૌરવનું દર્શન કરાવે એવો છે.

## ત્રીજા પ્રકરણની પાદનોંધો

૧. 'तीर्थाय नम' इत्येव-मुच्चैरुच्चारितस्तुतिः ।
रत्नसिंहासने पूर्वा-भिमुखो न्यषदत् प्रभुः ॥
—ત્રિષષ્ટિ૦, પ૦ ૩, સ૦ ૪, શ્લો૦ ૬૮.

૨. (i) तित्थं भंते । तित्थं, तित्थगरे तित्थं ? । गोयमा ! अरहा ताव णियमा तित्थगरे, तित्थं पुण चाउव्वणाइण्णे समणसंघे । तं जहा–समणा, समणीओ, सावया, सावियाओ य ।
—ભગવતીસૂત્ર, શ૦ ૨૦, ઉ૦ ૮.

(ii) भावे तित्थं संघो सुयविहियं, तारओ तहिं साहू ।
नाणाऽऽइतियं तरणं, तरियव्वं भवसमुद्दोऽयं ॥
—વિશેષાવશ્યકભાષ્ય, ગા૦ ૧૦૨૯.

(iii) कस्मात् पुनः संघो भावतीर्थमित्याह–
जं नाणदंसणचरित्तभावओ तव्विवक्खभावाओ ।
भवभावओ य तारेइ तेण तं भावओ तित्थं ॥
—વિશેષાવશ્યકભાષ્ય, ગા૦ ૧૦૩૦.

(iv) तित्थं ति पुव्वभणियं, संघो जो नाणचरणसंघाओ ।
इह पवयणं पि तित्थं, तत्तोऽणत्थंतरं जेह ॥
—વિશેષાવશ્યકભાષ્ય, ગા૦ ૧૩૭૭.

(v) બ્રાહ્મણ ધર્મમાં પણ માનસ-તીર્થ અને ભૌમ-તીર્થ—એ રીતે તીર્થના બે પ્રકાર બતાવવામાં આવ્યા છે. માનસ-તીર્થ એટલે આધ્યાત્મિક તીર્થ; અને ભૌમ-તીર્થ એટલે તીર્થભૂમિ.
—જુઓ, સ્કંદપુરાણ, કાશી ખંડ.

૩. साधूनां दर्शनं पुण्यं, तीर्थभूता हि साधवः ।
तीर्थं फलति कालेन, सद्यः साधुसमागमः ॥
—પ્રચલિત સુભાષિત.

૪. (i) जगचिंतामणि जगनाह जगगुरु जगरक्खण जगबंधव जगसत्थवाह......
—જગચિંતામણિ ચૈત્યવંદન, ગા૦ ૧.

(ii) पुरिसुत्तमाणं पुरिससीहाणं । पुरिसवरपुंडरीआणं पुरिसवरगंधहत्थीणं ॥
लोगुत्तमाणं लोगनाहाणं । लोगहिआणं लोगपईवाणं लोगपज्जोअगराणं ॥
—નમુત્થુણંસૂત્ર, સૂ૦ ૩, ૪

(iii) तमतिमिरपडलविद्धंसणस्स सुरवरनरिंदमहिअस्स ।
सीमाधरस्स वंदे पप्फोडियमोहजालस्स ॥
—પુક્ખરવરદીવડ્ઢેસૂત્ર, ગા૦ ૨.

(iv) जो देवाण वि देवो जं देवा पंजलि नमंसंति ।
तं देवदेवमहियं सिरसा वन्दे महावीरं ॥

—સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર, ગા૦ ૨.

(v) तस्मादर्हति पूजामर्हन्नेवोत्तमोत्तमो लोके ।
देवर्षिनरेन्द्रेभ्यः पूज्येभ्योऽप्यन्यसत्त्वानाम् ॥

—તત્ત્વાર્થસૂત્ર, સમ્બન્ધકારિકા, શ્લો૦ ૭.

(vi) यो वीतरागः सर्वज्ञो यः शाश्वतसुखेश्वरः ।
क्लिष्टकर्मकलातीतः, सर्वथा निष्कलस्तथा ॥
यः पूज्यः सर्वदेवानां, यो ध्येयः सर्वयोगिनाम् ।
यः स्रष्टा सर्वनीतीनां, महादेवः स उच्यते ॥ युग्मम् ॥

—હરિભદ્રસૂરિકૃત અષ્ટક, પહેલું મહાદેવાષ્ટક, શ્લો૦ ૩, ૪.

(vii) सर्वे येनोदमूल्यन्त, समूलाः क्लेशपादपाः ।
मूर्ध्ना यस्मै नमस्यन्ति, सुरासुरनरेश्वराः ॥

—વીતરાગસ્તોત્ર, પ્ર૦ ૧, શ્લો૦ ૨.

૫. (i) પુંડરીકાદિક પાંચે તીરથ, ચૈત્યના પાંચ પ્રકાર રે;
થાવર તીરથ એહ ભણીજે, તીર્થયાત્રા મનોહાર રે;
શ્રી તીરથપદ પૂજો ગુણી જન, જેહથી તરિયે તે તીરથ રે. ૩
વિહરમાન વીશ જંગમ તીરથ, ... ... ... ૪
સંઘ ચતુર્વિધ જંગમ તીરથ, ... ... ... ૫

—વિજયલક્ષ્મીસૂરિકૃત શ્રી વીશસ્થાનકની પૂજા, પૂજા ૨૦મી.

(ii) **તીર્થની વ્યાખ્યા—**
तिज्जइ जं तेण तर्हि, तओ व तित्थं ॥

—વિશેષાવશ્યકભાષ્ય, ગા૦ ૧૦૨૩.

(iii) ભવ જલ તરિયે જેહથી, તીરથ કહિયે તેહ;
દ્રવ્ય-ભાવથી સેવતાં, ટાળે પાપની રેહ. ૧
તીરથ સેવી બહુ જના, પામ્યા ભવનો પાર;
જંગમ થાવર તીરથના, ભાખ્યા દોય પ્રકાર. ૨

—રૂપવિજયજીકૃત વીશસ્થાનક પૂજા, પૂજા ૨૦મીના દોહા.

**તીર્થયાત્રાથી મળતા ફળ અંગે કહેવામાં આવ્યું છે કે—**

(i) आरम्भाणां निवृत्तिर्द्रविणसफलता सङ्घवात्सल्यमुच्चै-
र्नैर्मल्यं दर्शनस्य प्रणयिजनहितं जीर्णचैत्यादिकृत्यम् ।

तीर्थोन्नत्यं च सम्यग् जिनवचनकृतिस्तीर्थसत्कर्मकत्वं,
सिद्धेरासन्नभावः सुरनरपदवी तीर्थयात्रा फलानि ॥

—ઉપદેશતરંગિણી, પૃ૦ ૨૪૨.

(ii) श्रीतीर्थपान्थरजसा विरजीभवन्ति,
तीर्थेषु विभ्रमणतो न भवे भ्रमन्ति ।
तीर्थव्ययादिह नराः स्थिरसम्पदः स्युः,
पूज्या भवन्ति जगदीशमथार्चयन्तः ॥

—ઉપદેશતરંગિણી, પૃ૦ ૨૪૬.

(iii) वपुः पवित्रीकुरु तीर्थयात्रया ।

—સૂક્તમુક્તાવલી.

(iv) अग्रणीः शुभकृत्यानां, तीर्थयात्रैव निश्चितम् ।
दानादिधर्मः सर्वोऽपि, यस्मिन् सीमानमश्नुते ॥

—કુમારપાલભૂપાલચરિત્ર મહાકાવ્ય, સ૦ ૯, શ્લો૦ ૨૭૫.

૭. (i) नमिऊण वद्धमाणं, सम्मं संखेवओ पवक्खामि ।
जिणजत्ताए विहाणं, सिद्धिफलं सुत्तणीईए ॥

—પંચાશક પ્રકરણ, પં૦ ૯, ગા૦ ૧ (શ્રી હરિભદ્રસૂરિવિરચિત).

(ii) तथा प्रतिवर्षं जघन्यतोऽप्येकैका यात्रा कार्या । यात्रा च त्रिधा । यदुक्तं—
अष्टाह्निकाभिधामेकां, रथयात्रामथापराम् ।
तृतीयां तीर्थयात्रां चेत्याहुर्यात्रां त्रिधा बुधाः ॥

—શ્રાદ્ધવિધિપ્રકરણ, સટીક, ભા૦ ૨, પૃ૦ ૨૨.

(iii) अथ तीर्थयात्रास्वरूपम् । तत्र तीर्थानि श्रीशत्रुञ्जय-श्रीरैवतादीनि । तथा तीर्थकृज्जन्मदीक्षाज्ञाननिर्वाणविहारभूमयोऽपि प्रभूतभव्यसत्त्वशुभभावसंपादकत्वेन भवांभोनिधितारणात् तीर्थान्युच्यन्ते । तेषु सद्दर्शनविशुद्धिप्रभावनाद्यर्थं विधिवद्यात्रागमनं तीर्थयात्रा ।

—શ્રાદ્ધવિધિપ્રકરણ, સટીક, ભા૦ ૨, પૃ૦ ૨૩.

૪

# તીર્થાધિરાજ શ્રી શત્રુંજય

## (૧)

## પવિત્રતા અને પ્રાચીનતા

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની અનેકમુખી કાર્યવાહીનો વિચાર કરતાં તીર્થાધિરાજ શ્રી શત્રુંજયના મહિમાનો અને એના ધર્મભાવના-અભિમુખ વહીવટનો વિચાર કરવાનું સહજપણે પ્રાપ્ત થાય છે; અને છેલ્લા ત્રણથી ચાર સૈકા દરમિયાન થયેલ આ મહાતીર્થના વિસ્તાર તથા વહીવટનો વિચાર કરતાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની કામગીરીનું સહેજે સ્મરણ થઈ આવે છે. પેઢી અને આ તીર્થ વચ્ચે, છેલ્લા ત્રણ-ચાર સૈકા દરમિયાન, આવો નિકટનો અને અભિન્ન સંબંધ બંધાઈ ગયો છે. અને એને લીધે પેઢીનાં નામ અને કામ દેશભરમાં ખૂબ જાણીતાં થઈ ગયાં છે.


માનવીની ધર્મશીલતા પાંગરવા લાગે છે ત્યારે એ, શ્રદ્ધા, ભક્તિ અને સમર્પણની ભાવનાથી પ્રેરાઈને, પોતાની સંપત્તિનો, ન કલ્પી શકાય એટલા મોટા પ્રમાણમાં, કેવી ઉદારતાથી સદ્વ્યય કરે છે અને કેવાં કેવાં જાજરમાન દેવપ્રાસાદો તથા ધર્મતીર્થોનું સર્જન અને રક્ષણ કરે છે, એનો શ્રેષ્ઠ અને કદાચ અનન્ય કહી શકાય એવો દાખલો તીર્થાધિરાજ શ્રી શત્રુંજયમાં જોવા મળે છે. માનવીની ધર્મભાવના અને એની પોતાના આરાધ્ય દેવ પ્રત્યેની અખંડ ભક્તિનો સુભગ સંગમ આવાં તીર્થધામોમાં જોવા મળે છે. શ્રી શત્રુંજય તીર્થ એમાં મુગટમણિની જેમ શોભી રહ્યું છે, અને તેથી એનો મહિમા અનેક ગ્રંથોમાં, ભાવપૂર્વક, વર્ણવવામાં આવેલ છે.[૧] જૈન સંઘ ઉપર એનો કેટલો બધો અસાધારણ પ્રભાવ છે! શ્રીસંઘમાં સૌકોઈ એ તીર્થની, છેવટે જીવનમાં એકાદ વાર પણ, યાત્રા કરવાની કેવી ઉત્કટ તમન્ના સેવતા હોય છે અને એ મહાતીર્થની યાત્રા કરીને પોતાની જાતને કેટલી કૃતકૃત્ય થયેલી સમજે છે, તે સુવિદિત છે. માનવસંસ્કૃતિના આદિ સ્થાપક ભગવાન ઋષભદેવ આ તીર્થસ્થાનમાં પૂર્વ ૯૯ વાર સમોસર્યા (પધાર્યા) હતા,[૨] એ પરંપરાના પુણ્યસ્મરણ અને યથાશક્ય અનુકરણ નિમિત્તે, ગિરિરાજ ઉપર શોભતા આ મહાતીર્થની ૯૯ યાત્રા કરવી એ જીવનનો મોટો લહાવો ગણાય છે. અને અનેક ભાવિક જનો, શારીરિક કષ્ટો અને બીજી અગવડોની ચિંતા કર્યા વગર, તપ, વ્રતો અને ધર્મક્રિયાઓનું યથાશક્તિ પાલન કરીને, અંતરના ઉલ્લાસથી, નવાણું યાત્રા કરવામાં પોતાના જીવનની કૃતાર્થતા અને આત્માની ઉન્નતિ સમજે છે.[૩]

આ તીર્થની ખ્યાતિ 'પ્રાયઃ શાશ્વત તીર્થ'[૪] તરીકેની હોવાના કારણે એની કીર્તિ-ગાથા ઇતિહાસકાળ અને તે પહેલાંના સુદીર્ઘ પ્રાચીન સમય સુધી વિસ્તરેલી જોવા મળે છે.


આ તીર્થ સાથે ભગવાન ઋષભદેવનું નામ જે રીતે સંકળાયેલું છે, તેથી એ ભગવાન ઋષભદેવના તીર્થ તરીકે વિખ્યાત બનેલું છે. વળી, ભગવાન ઋષભદેવના પ્રથમ ગણધર શ્રી પુંડરીકસ્વામી આ ગિરિ ઉપર જ મોક્ષે પધાર્યા હતા, આ બીના પણ આ તીર્થની પવિત્રતા અને પ્રાચીનતાની સાક્ષી પૂરે છે. આ તીર્થ શ્રી પુંડરીક ગણધરની નિર્વાણભૂમિ હોવાથી પુંડરીક ગિરિ તરીકે ઓળખાય છે.[૫] વળી, અસંખ્ય આત્માઓ અહીં આત્મ-સાધના કરીને મોક્ષે ગયેલા એટલે કે સિદ્ધિપદને પામેલા હોવાથી સિદ્ધક્ષેત્ર કે સિદ્ધાચલ તરીકે પણ આ તીર્થ વિખ્યાત બનેલ છે.[૬] આ રીતે આ તીર્થભૂમિના અણુઅણુમાં પવિત્ર-તાનો વાસ હોવાથી એને પરમ પવિત્ર માનવામાં આવે છે.

આ મહાતીર્થની પવિત્રતાની ભાવનાએ, છેક પ્રાચીન સમયથી લઈને તે વર્તમાન સમય સુધી, જૈન સંઘ ઉપર કેટલો બધો પ્રભાવ વિસ્તાર્યો છે, તે સુવિદિત છે. ઇતિહાસ કહે છે કે, આ પ્રભાવ ઉત્તરોત્તર વધતો જ રહ્યો છે; અને જ્યારે પણ, રાજકીય ઝંઝા-વાત કે એવા જ કોઈ બાહ્ય કે આંતરિક કારણે, આ તીર્થની આશાતના થઈ છે, એના ઉપર આક્રમણ થયું છે અથવા આ તીર્થની યાત્રા કરવાનું મોકૂફ રાખવાનો દુઃખદ વખત આવ્યો છે, ત્યારે સમસ્ત શ્રીસંઘે વજ્રપાત જેવો આઘાત અને અંગવિચ્છેદ જેવી કારમી વેદનાનો અનુભવ કર્યો છે. અને આ મહાન તીર્થ ઉપર આવી પડેલા સંકટના નિવારણ માટે શ્રીસંઘે તન-મન-ધનના સમર્પણભાવથી કામ કરવામાં લેશ પણ વિલંબ ન થાય કે કચાશ ન રહે એની પૂરેપૂરી જાગૃતિ રાખી છે; અને જ્યારે એવી આપત્તિ દૂર થવા પામી છે ત્યારે જ એણે નિરાંતનો શ્વાસ લીધો છે.[૭] આ દૃષ્ટિએ જોતાં આ મહા-તીર્થ જૈન સંઘને પોતાના પ્રાણ કરતાં પણ અધિક વહાલું છે એમ વિના અતિશયોક્તિએ કહી શકાય. આ તીર્થનો મહિમા જે રીતે વિસ્તરતો જાય છે, તે જોઈને ભવિષ્યમાં પણ આ મહિમામાં કશી ખામી નથી આવવાની એવી આસ્થા જરૂર રાખી શકાય—જાણે આ તીર્થનો મહિમા શાશ્વતપણાના દિવ્ય રસાયણથી સિંચાયો ન હોય, એમ જ લાગે છે.


આ તીર્થના અપૂર્વ મહિમાથી પ્રેરાઈને તથા એને પાપનું પ્રક્ષાલન કરવાનું ઉત્તમ અને નિર્મળ સાધન અને મોક્ષપદને પ્રાપ્ત કરવાનું પવિત્ર પગથિયું માનીને,[૮] દર વરસે, ચતુર્વિધ સંઘની હજારો ભાવિક વ્યક્તિઓ, એ તીર્થની યાત્રા કરવા આવે છે, એ તો ખરું; ઉપરાંત, નાના-મોટા અનેક સંઘો પણ, દૂરથી તેમ જ નજીકથી, છેક પ્રાચીન કાળથી, આ મહાતીર્થની યાત્રાએ આવતા રહ્યા છે અને અત્યારે પણ આવતા રહે છે.[૯] આ રીતે આ તીર્થ તન-મન-ધનને કૃતાર્થ કરીને આત્માને નિર્મળ અને ઉન્નત કરવાનું અપૂર્વ નિમિત્ત બની રહે છે. આત્માને અંતર્મુખ બનવાની, ચિત્તના ચંચળતાનો ત્યાગ કરીને




દેવમંદિરોની નગરી તીર્થાધિરાજ શત્રુંજય મહાગિરિનું સર્વગ્રાહી દર્શન
" ઉજ્જ્વળ જિનગૃહમંડળી તિહાં દીપે ઉત્તંગા "



હાથીપોળના કળામય, વિશાળ, નૂતન પ્રવેશદ્વારનો દેખાવ



દાદાની ટૂંકમાંના ભગવાન ઋષભદેવના વિશાળ જિનપ્રાસાદના ઉપરના ભ.ગનું કળામય દૃશ્ય.



દાદાના જિનપ્રાસાદના શિલ્પસમૃદ્ધ શિખર અને સામરણનું દ્રશ્ય.

સંયમનો માર્ગ યથાશક્તિ અપનાવવાની અને સુખોપભોગના બદલે સમજપૂર્વક કષ્ટોનો સામનો કરવાની સહિષ્ણુતા કેળવવાની પ્રેરણાને ઝીલીને યાત્રિક, ધર્મસંસ્કૃતિના સારનો અલ્પ-સ્વલ્પ પણ અનુભવ અને આસ્વાદ આ તીર્થમાં મેળવે છે. આ તીર્થનાં દર્શન કરતાં, અલ્પ સમય માટે પણ, પુદ્ગલભાવ વિસારે પડે અને આત્મભાવનો સામાન્ય વિચાર પણ આવે તો તેય મોટા લાભનું કારણ બની રહે છે.[૧૦]

આ તીર્થાધિરાજને નાનાં-મોટાં સેંકડો જિનમંદિરો અને પાષાણની તથા ધાતુની નાની-મોટી હજારો જિનપ્રતિમાઓથી[૧૧] સમૃદ્ધ અને શોભાયમાન કરનાર ધર્મભાવનાશીલ સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓનું સ્મરણ યાત્રિકના અંતરને કેવું લાગણીભીનું, મુગ્ધ અને વિનમ્ર બનાવી મૂકે છે! તેથી જ, આ તીર્થાધિરાજ તથા એના અધિદેવતા ભગવાન ઋષભદેવની સ્તુતિ-પ્રશસ્તિ નિમિત્તે, શાસ્ત્રની ભાષામાં તથા લોકભાષાઓમાં, સૈકે સૈકે, નાની-મોટી અસંખ્ય ગદ્ય-પદ્ય કૃતિઓ રચાતી રહી છે; અને અત્યારના સમયમાં પણ નવી નવી રચાતી જ જાય છે.[૧૨]

'પ્રાયઃ શાશ્વત' ગણાતા આ તીર્થના, ઇતિહાસયુગ પહેલાંના સુદીર્ઘ સમયમાં, અનેક ઉદ્ધારો થયાની કથાઓ જૈન સાહિત્યમાં સચવાયેલી છે.[૧૩] અને ઇતિહાસયુગમાં આ તીર્થના ચાર ઉદ્ધારો થયા,[૧૪] તેમાં સૌથી પહેલો (અને ઉદ્ધારોની પ્રાચીન પરંપરામાં તેરમો) ઉદ્ધાર, વિ૦ સં૦ ૧૦૮ની સાલમાં, શ્રેષ્ઠી જાવડશાએ કરાવ્યાની કથા આપણે ત્યાં ખૂબ જાણીતી[૧૫] છે. આ વિખ્યાત ઘટનાની નોંધ વિક્રમની ઓગણીસમી-વીસમી સદીમાં થઈ ગયેલા આપણા સંતકવિ પંડિત શ્રી વીરવિજયજી મહારાજે, વિ૦ સં૦ ૧૮૮૪માં રચેલ, નવાણુપ્રકારી પૂજામાં આ પ્રમાણે લીધી છે: "સંવત એક અઠલંતરે રે, જાવડશાનો ઉદ્ધાર."

શ્રી શત્રુંજય ગિરિની પ્રાચીનતા દર્શાવતા ગ્રંથસ્થ એટલે કે સાહિત્યિક પુરાવા જૈન આગમોમાં પ્રાચીન લેખાતાં અંગસૂત્રોમાં પણ મળે છે. એનો છઠ્ઠા અંગ શ્રી જ્ઞાતાધર્મકથાંગસૂત્રમાં 'પુંડરીક પર્વત' અને 'શત્રુંજય પર્વત' તરીકે[૧૬] અને આઠમા અંગ શ્રી અંતકૃદ્દશાંગસૂત્રમાં 'શત્રુંજય પર્વત'[૧૭] તરીકે ઉલ્લેખ મળે છે. અંગસૂત્ર જેવા જૈન સાહિત્યના પ્રાચીનતમ તથા મૌલિક ગ્રંથોમાં સચવાયેલા આ ઉલ્લેખો કોઈ ને કોઈ પ્રાચીન ઘટના યા કથાના પ્રસંગમાં કરવામાં આવેલ છે. વળી, આ આગમસૂત્રોની ગૂંથણી શ્રમણ ભગવાન મહાવીરની ધર્મદેશનાને આધારે ગણધર ભગવંતોએ કરી છે; અને પરમાત્મા મહાવીરદેવે, ધર્મદેશના આપતાં, પોતે જ એમ કહ્યું છે કે, હું જે કંઈ કહું છું તે પૂર્વના તીર્થંકરોએ જે કંઈ કહ્યું છે, તેને અનુસરીને કહું છું.[૧૮]

શ્રી શત્રુંજય તીર્થ સાથે સંકળાયેલી આવી કથાઓ અને ઘટનાઓ તથા ભગવાન મહાવીરનું આવું કથન પણ આ તીર્થની પ્રાગૈતિહાસકાળ સુધી વિસ્તરતી પ્રાચીનતાને જ

પુરવાર કરે છે. શ્રી અંતકૃદ્દશાંગસૂત્રમાં તો એક પ્રસંગ એવો આપવામાં આવ્યો છે કે, બાવીસમા તીર્થંકર ભગવાન અરિષ્ટનેમિ (નેમિનાથ)ના શિષ્ય ગૌતમ નામના અણગાર શ્રી શત્રુંજય ગિરિ ઉપર એક માસની અંતિમ સંલેખના કરીને મોક્ષે ગયા હતા.[૧૯] શ્રી શત્રુંજય તીર્થ ઉપર કરવામાં આવેલી સાધનાની અનેક પ્રાચીન ઘટનાઓનું સમર્થન કરે એવા અનેક ઉલ્લેખો પ્રાચીન જૈન સાહિત્યમાંથી મળી શકે એમ છે.[૨૦]

જાવડશાહે આ તીર્થનો તેરમો ઉદ્ધાર વિ૦ સં૦ ૧૦૮માં કરાવ્યો, તે પછી મંત્રીશ્વર ઉદયનના પુત્ર બાહડ મંત્રીએ શ્રી શત્રુંજય ગિરિનો ચૌદમો ઉદ્ધાર વિ૦ સં૦ ૧૨૧૧ની[૨૧] સાલમાં કરાવ્યાનો ઐતિહાસિક (સાહિત્યિક) પુરાવો મળે છે.[૨૨]

શ્રી બાહડ મંત્રીએ કરાવેલ ચૌદમા ઉદ્ધારની અસાધારણ વિશેષતા એ હતી કે, એમણે ગિરિરાજ ઉપરના લાકડાના જિનાલયના સ્થાને પાષાણનું ભવ્ય મંદિર બંધાવ્યું હતું; અને, એમ કરીને, પોતાના સ્વર્ગસ્થ પિતા અને ગૂર્જરપતિના મહામંત્રી ઉદયનની, શત્રુંજય ગિરિરાજ ઉપર લાકડાના મંદિરના સ્થાને, પાષાણનું મંદિર બનાવવાની પ્રતિજ્ઞા પૂરી કરી હતી.[૨૩] વળી, આ ચૌદમા ઉદ્ધારથી જેમ મંત્રીશ્વર ઉદયનની પ્રતિજ્ઞા પૂરી થઈ હતી, તેમ શત્રુંજય તીર્થના અનેકમુખી વિકાસનાં પગરણ પણ આ ઉદ્ધાર પછી જ મંડાયાં હતાં, એમ ઉપલબ્ધ થતી હકીકત ઉપરથી જાણી શકાય છે.[૨૪]

આ રીતે તેરમા અને ચૌદમા ઉદ્ધાર વચ્ચે ૧૧૦૩ વર્ષનો ગાળો રહે છે; તે દરમિયાન પણ આ તીર્થ ઉપર અવારનવાર કષ્ટો આવતાં રહ્યાં હશે તથા યાત્રા બંધ કરવાના વખત પણ આવ્યા હશે; અને એ રીતે આ તીર્થની આશાતના પણ થતી રહી હશે.[૨૫] આમ છતાં, આ તીર્થ પ્રત્યેની શ્રીસંઘની શ્રદ્ધા અને ભક્તિમાં ક્યારેય ઓટ આવવા પામી નથી; આવા સંકટના પ્રસંગે પણ જૈન સંઘનાં પ્રાર્થના અને પુરુષાર્થ તો, આ તીર્થની યાત્રા વહેલાંમાં વહેલી ફરી કેમ શરૂ થાય એ દિશામાં જ થતાં રહ્યાં છે. આ બીના પણ એ જ બતાવે છે કે, આ તીર્થની પ્રાચીનતા અને પવિત્રતાની ભાવના શ્રીસંઘના અંતર સાથે કેવી દૃઢતાપૂર્વક વણાઈ ગયેલી અને ઊંડી છે!

શ્રી શત્રુંજય તીર્થ ઉપર જે કોઈ તરફથી ઉપદ્રવો થયા છે, એમાં બૌદ્ધધર્મના અનુયાયીઓનો પણ સમાવેશ થાય છે.[૨૬] એક કાળે, ભારતના અન્ય ભાગોની જેમ, સૌરાષ્ટ્રમાં પણ બૌદ્ધધર્મનાં કેન્દ્રો હતાં; અને આ સમય દરમિયાન જ આ ધર્મના અનુયાયીઓના હાથે આ તીર્થની આશાતનાના બનાવો બન્યા છે. બૌદ્ધધર્મના સૌરાષ્ટ્રમાંના પ્રસાર અને પ્રભાવથી દોરવાઈને એક અંગ્રેજ સંશોધકે તો 'પાલિતાણા' શહેરના નામની એવી વિચિત્ર સમજૂતી આપી હતી કે, "આ શહેર બૌદ્ધધર્મનાં ધર્મશાસ્ત્રોની ભાષા પાલિભાષાનું સ્થાન હોવાથી એ 'પાલિતાણા' તરીકે ઓળખાયું હતું!"[૨૭] જોગાનુજોગ વિ૦ સં૦ની અગિયારમી સદી પછી, જ્યારે આખા ભારતમાંથી બૌદ્ધધર્મનો

પ્રસાર ઘટવાની શરૂઆત થઈ ત્યાર પછી, એટલે કે મોટે ભાગે ગુજરાત-સૌરાષ્ટ્ર ઉપર સોલંકીઓનું રાજ્યશાસન શરૂ થયું ત્યારથી, એએક પ્રસંગોને બાદ કરતાં, શ્રી શત્રુંજય તીર્થની આશાતના થાય એવા મોટા ઉપદ્રવો ભાગ્યે જ થવા પામ્યા છે, એટલું જ નહીં, એકંદર આ તીર્થનો મહિમા અને વિસ્તાર વધતો જ રહ્યો છે, જેની વિગતો હવે પછીના પ્રકરણમાં આપવામાં આવશે.

આ તીર્થ ઘણું પ્રાચીન હોવા છતાં, તથા ઇતિહાસયુગમાં એનો પ્રથમ (તેરમો) ઉદ્ધાર, છેક વિક્રમના બીજા સૈકાની શરૂઆતમાં જ, શ્રેષ્ઠી જાવડશાના હાથે થયો હોવા છતાં, પુરાતત્ત્વની દૃષ્ટિએ પ્રાચીન ગણી શકાય એવાં શિલ્પ-સ્થાપત્યો અથવા છેવટે એવાં પુરાતન સ્થાપત્યોના જીર્ણ કે ભગ્ન અવશેષો ગિરિરાજ ઉપર, થોડાક પ્રમાણમાં પણ, કેમ સચવાયાં કે મળતાં નહીં હોય, એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. આનો સામાન્ય ખુલાસો એ છે કે, આ ગિરિરાજ નવાં નવાં દેવમંદિરો કે દેવકુલિકાઓનાં સ્થાપત્યોરૂપી સમૃદ્ધિથી વિશેષ સમૃદ્ધ થવાની શરૂઆત ગુજરાતના સુવર્ણયુગ સમા સોલંકીયુગના ઉત્તર કાળથી જ થઈ હતી. આ પહેલાં પણ આ તીર્થની પ્રાચીનતા અને પવિત્રતાની ભાવના શ્રીસંઘના અંતરમાં ખૂબ દૃઢમૂળ થયેલી હોવા છતાં, એની ઉપરનાં સ્થાપત્યોની સંખ્યા બહુ મર્યાદિત હતી, એટલું જ નહીં, ભગવાન ઋષભદેવનું મુખ્ય જિનમંદિર સુધ્ધાં, આ પહેલાં સૂચવ્યા પ્રમાણે, લાકડાનું (અથવા જેના બાંધકામમાં લાકડાનો ઉપયોગ ઘણા મોટા પ્રમાણમાં કરવામાં આવ્યો હશે એવું) બનેલું હોવાનું મંત્રીશ્વર ઉદયનના અંતિમ જીવનને લગતી (ચૌદમા ઉદ્ધારની) એક કથા ઉપરથી પણ જાણી શકાય છે.

ગિરિરાજ શ્રી શત્રુંજય ઉપર પ્રાચીન શિલ્પ-સ્થાપત્યના અવશેષો નહીં મળવાનું કારણ જણાવતાં કર્નલ જેમ્સ ટોડે લખ્યું છે કે, "જૈન સંઘના બે મુખ્ય પક્ષો (તપગચ્છ અને ખરતરગચ્છ) વચ્ચે, આ તીર્થની બાબતમાં, અવારનવાર ઝઘડા થતા રહેતા હતા. એટલે જ્યારે જે ગચ્છનું વર્ચસ્વ પ્રબળ થતું, તે ગચ્છ તરફથી બીજા ગચ્છના કોઈ ને કોઈ સ્થાપત્યને નુકસાન પહોંચાડવામાં આવતું. આને પરિણામે, સમય જતાં, આવા પ્રાચીન શિલાલેખો અને અવશેષો નામશેષ થઈ ગયા."[૨૮] કર્નલ ટોડના આ કથનને કેટલું વજૂદ આપવું એ વિચારણીય છે. કારણ કે, એને કંઈક વજૂદ આપવા યોગ્ય લેખવામાં આવે તોપણ, સોલંકીયુગ પહેલાં એ તીર્થ ઉપર દેવમંદિર વગેરે સ્થાપત્યો બહુ મર્યાદિત સંખ્યામાં હતાં, અને, જીર્ણોદ્ધાર તથા સમારકામને કારણે, એમાં, સમયે સમયે, ક્યારેક નાના તો ક્યારેક મોટા, ફેરફાર થતા જ રહ્યા છે અને એથી એની પ્રાચીનતા પણ ઢંકાતી રહી છે, એ હકીકત પણ આ બાબતમાં ધ્યાનમાં લીધા વગર ચાલે એમ નથી; અને આ હકીકત તરફ ધ્યાન આપવાથી કર્નલ ટોડના આ લખાણમાંનો આક્ષેપ બહુ જ હળવો થઈ જાય છે.

આ તીર્થની પ્રાચીનતાનું સૂચન કરતો એક સૌથી પ્રાચીન કહી શકાય એવો શિલાલેખી પુરાવો વિક્રમની અગિયારમી સદી જેટલો પ્રાચીન તો મળે જ છે; અને અત્યારે પણ એ આ તીર્થમાં બિરાજમાન કરવામાં આવેલ એક પ્રતિમા ઉપર સારી રીતે સચવાયેલો છે.

આ મૂર્તિ ભગવાન ઋષભદેવના પ્રથમ ગણધર શ્રી પુંડરીકસ્વામીની છે, અને તે વિ૦ સં૦ ૨૦૩૨માં પ્રતિષ્ઠિત થયેલ નૂતન જિનાલયમાં, ૩૯મા નંબરની દેરીમાં, પધરાવવામાં આવી છે. આ મૂર્તિ ઉપરના ત્રણ લીટીના અને ત્રણ શ્લોકના આ શિલાલેખનો ભાવ એ છે કે, વિદ્યાધર કુળના શ્રી સંગમસિદ્ધ નામના એક મુનિવરે, અંતિમ સંલેખના (આજીવન અનશન)નું વ્રત સ્વીકારીને અને ૩૪ દિવસ સુધી એનું સ્વસ્થતાપૂર્વક પાલન કરીને, વિ૦ સં૦ ૧૦૬૪ના માગસર વદિ બીજ અને સોમવારે સ્વર્ગગમન કર્યું, તે નિમિત્તે શ્રી પુંડરીકસ્વામીનું આ ચૈત્ય (બિંબ) ભરાવવામાં આવ્યું છે.[૨૯]

શ્રી શત્રુંજય તીર્થ ઉપરથી અત્યાર સુધીમાં મળેલા શિલાલેખોમાં આ શિલાલેખ (પાષાણપ્રતિમાલેખ) સૌથી પ્રાચીન છે. આ શિલાલેખ ઉપરાંત પાષાણની પ્રતિમા ઉપરનો, ધાતુપ્રતિમા ઉપરનો અથવા પગલાં યા બીજા કોઈ સ્થાન કે સ્થાપત્ય ઉપર કોતરેલો બીજો કોઈ આથી વધુ પ્રાચીન લેખ મળી આવે તો તે આ તીર્થની પ્રાચીનતા ઉપર વધારે ઐતિહાસિક પ્રકાશ પાડી શકે.

આગળ સૂચવ્યું તેમ, આ તીર્થનાં સિદ્ધગિરિ અને સિદ્ધાચલ એવાં નામ પણ પ્રસિદ્ધ છે. શ્રી સંગમસિદ્ધ મુનિવરે, પોતાની અંતિમ આરાધનારૂપ મારણાંતિક સંલેખના કરવા માટે, જેમ આ તીર્થભૂમિની પસંદગી કરી હતી, તેમ મહામંત્રી વસ્તુપાલના સમયમાં પણ, પોતાના સાધુધર્મથી ચલિત થયેલા એક મુનિવરને પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો ત્યારે, એ પણ, અંતિમ અનશન કરીને દેહમુક્તિ મેળવવા માટે, શ્રી સિદ્ધગિરિ ઉપર જ ચાલ્યા ગયા હતા.[૩૦] આવા આવા પ્રસંગો ઉપરથી જોઈ શકાય છે કે આવી ઉત્કટ અંતિમ આરાધના કરીને પોતાના આત્માનું કલ્યાણ કરવા માટે જે સ્થાનની પસંદગી કરવામાં આવતી હોય એ સ્થાન જૈન સંઘને મન કેટલું બધું પવિત્ર હોવું જોઈએ !

મહામંત્રી વસ્તુપાળ, પાછલી અવસ્થામાં એમની તબિયત અસ્વસ્થ હતી તે વખતે, શ્રી શત્રુંજય તીર્થની યાત્રાએ જવા, મોટા પરિવાર સાથે, નીકળ્યા હતા. પણ ભાલમાં આવેલ અંકેવાળિયા ગામે તેઓની માંદગી વધી જતાં તેઓ ત્યાં જ સ્વર્ગવાસી થયા હતા. તેમના મૃતદેહને ત્યાં જ અગ્નિસંસ્કાર કર્યા પછી તેજપાળ વગેરે એમના અસ્થિને શ્રી શત્રુંજય ગિરિ ઉપર લઈ ગયા હતા; અને એ અસ્થિને ત્યાં પધરાવીને તે સ્થાને ભગવાન ઋષભદેવનો સ્વર્ગારોહણ પ્રાસાદ બનાવ્યો હતો; અને એમાં બે બાજુ નમિ અને વિનમિ વિદ્યાધરોની અને વચ્ચે ભગવાન ઋષભદેવની કાઉસગ્ગમુદ્રાવાળી પ્રતિમા પધરાવી હતી. આ પ્રસંગ પણ આ તીર્થસ્થાનની પવિત્રતાની સાક્ષીરૂપ બની રહે એવો છે.[૩૧]

## ચોથા પ્રકરણની પાદનોંધો

૧. (i) बंभ्रम्यते कथं धर्म-वाञ्छया सर्वदिङ्मुखम् ।
छायाऽपि पुण्डरीकाद्रेः, स्पृश्यतामितरैरलम् ॥ १७ ॥
नास्त्यतः परमं तीर्थं, धर्मो नातः परो वरः ।
शत्रुञ्जये जिनध्यानं, यज्जगत्सौख्यकारणम् ॥ २० ॥
त्रिधार्जितं कुलेश्याभिः, पापमापत्प्रदं जनाः ।
स्मृत्याऽपि पुण्डरीकाद्रेः, क्षिपन्त्यपि सुदारुणम् ॥ २१ ॥
सिंहव्याघ्राहिशबर-पक्षिणोऽन्येऽपि पापिनः ।
दृष्ट्वा शत्रुञ्जयेऽर्हन्तं, भवन्ति स्वर्गभाजिनः ॥ २२ ॥
मुमुक्षवो योगिनोऽत्र, विद्याधरनरोरगाः ।
कंदरासु पवित्रासु, ध्यायन्त्यर्हन्मयं महः ॥ ३७ ॥
परस्परं विरुद्धा ये, सत्त्वा आजन्मतोऽपि ते ।
त्यक्तवैरा रमन्तेऽत्र, जिनाननविलोकिनः ॥ ४८ ॥
—શત્રુંજયમાહાત્મ્ય, સર્ગ ૧.

(ii) अन्यतीर्थेषु यद् यात्रा-शतैः पुण्यं भवेन् नृणाम् ।
तदेकयात्रया पुण्यं, शत्रुञ्जयगिरौ स्फुटम् ॥ ३० ॥
—સિત્તુંજકપ્પો, પૃ० ૬૩ (ગાથા ૩०).

(iii) आनन्दानम्रकम्रत्रिदशपतिशिरस्फारकोटीरकोटी-
प्रेङ्खन्माणिक्यमालाशुचिरुचिलहरीधौतपादारविन्दम् ।
आद्यं तीर्थाधिराजं भुवनभयभृतां कर्ममर्मापहारं,
वन्दे शत्रुञ्जयाख्यक्षितिधरकमलाकण्ठशृङ्गारहारम् ॥ १ ॥
—શત્રુંજયમંડન ઋષભજિનસ્તુતિ.

(iv) जं किंचि नामतित्थं, सग्गे पायाले माणुसे लोए ।
तं सव्वमेव दिट्ठं, पुंडरिए वंदिए संते ॥
—શત્રુંજય લઘુ કલ્પ, શ્લો० ૧०.

(v) असंखा उद्धारा, असंख पडिमाओ चेइअ असंखा ।
जहिं जाया जयउ तयं, सिरिसत्तुंजयमहातित्थं ॥ २४ ॥
जं कालयसूरि पुरो, सरई सुदिट्ठी सया विदेहे वि ।
इणमिअ सक्केणुत्तं, तं सत्तुंजयमहातित्थं ॥ ३० ॥
जल-जलण-जलहि-रण-वण-हरि-करि-विस-विसहराइदुट्ठभयं ।
नासइ जं नाम सुई, तं सत्तुंजयमहातित्थं ॥ ३७ ॥
—સિત્તુંજકપ્પો.

૨. **नवनवई पुव्वाइं, विहरंतो आगतो अ सित्तुंजे ।**
**उसभो देवेहिं, समं समोसढो पढमतित्थम्मि ॥**
—સિત્તુંજકપ્પો, ભા૦ ૧, પૃ૦ ૪૫ (શુભશીલ ગણિકૃત ટીકા).

૩. (i) યાત્રા નવાણું અમે કરીએ, ભવ ભવ પાતિકડાં હરીએ;
તીર્થ વિના કહો કેમ તરીએ ? વિવેકી વિમલાચલ વસીયે.
—વીરવિજયજીકૃત શ્રી સિદ્ધાચલજીનું સ્તવન, ગા૦ ૧૧.

(ii) યાત્રા નવાણું કરીએ, વિમલગિરિ યાત્રા નવાણું કરીએ;
પૂરવ નવાણું વાર શેત્રુંજાગિરિ, ઋષભ જિણંદ સમોસરીએ.
વિમલગિરિ યાત્રા નવાણું કરીએ.
—પદ્મવિજયજીકૃત શ્રી સિદ્ધાચલજીનું સ્તવન, ગા૦ ૧.

૪. (i) **पर्वतेन्द्रः सुभद्रश्च, दृढशक्तिरकर्मकः ।**
**मुक्तिगेहं महातीर्थं, शाश्वतः सर्वकामदः ॥**
—સિત્તુંજકપ્પો, ટીકા, ભા૦ ૧, પૃ૦ ૩૫, શ્લો૦ ૨ (શુભશીલ ગણિવિરચિત).

(ii) પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાળ અનંત;
શત્રુંજય મહાતમ સુણી, નમો શાશ્વત ગિરિ સંત. (૨૩)
—વીરવિજયજીકૃત શ્રી સિદ્ધાચલનાં ૨૧ ખમાસણાંના દુહા.

(iii) આદિ અંત નહિ જેહનો, કોઈ કાલે ન વિલાય;
તે તીર્થેશ્વર પ્રણમિયે, શાશ્વતગિરિ કહેવાય. (૯૭)
—કલ્યાણસાગરસૂરિના શિષ્ય (પુણ્યમંદિર ?) કૃત શ્રી સિદ્ધગિરિજીના ૧૦૮ દુહા.

૫. **ओसप्पिणीइ पढमं, सिद्धो इह पढमचक्कि-पढमसुओ ।**
**पढमजिणस्स य पढमो, गणहारी जत्थ पुंडरीओ ॥**
**चित्तस्स पुण्णिमाए, समणाणं पंचकोडिपरिवरिओ ।**
**णिम्मलजसपुंडरीअं, जयउ तं पुंडरीयतित्थं ॥**
—સિત્તુંજકપ્પો, ગા૦ ૧૨-૧૩ (ભા૦ ૧, પૃ૦ ૧૦૪).

૬. (i) વીશ કોડીશું પાંડવા, મોક્ષ ગયા ઈણે ઠામ;
એમ અનંત મુગતે ગયા, સિદ્ધક્ષેત્ર તિણે નામ. (૯)
—વીરવિજયજીકૃત શ્રી સિદ્ધાચલનાં ૨૧ ખમાસણાંના દુહા.

(ii) અનંત જીવ ઇણ ગિરિવરે, પામ્યા ભવનો પાર;
તે સિદ્ધાચલ પ્રણમિયે, લહિયે મંગળમાળ. (૫)
કાંકરે કાંકરે ઇણ ગિરિ, સિદ્ધ હુઆ સુપવિત્ત;
તે તીર્થેશ્વર પ્રણમિયે, સિદ્ધક્ષેત્ર સમ ચિત્ત. (૮૯)
—કલ્યાણસાગરસૂરિના શિષ્ય (પુણ્યમંદિર ?) કૃત શ્રી સિદ્ધગિરિજીના ૧૦૮ દુહા.

૭. શ્રેષ્ઠી જાવડશા, બાહડ મંત્રી, શ્રેષ્ઠી સમરાશા તથા શ્રેષ્ઠી કર્માશા—એ ચાર પુણ્યશાળી

ધર્માત્મા મહાપુરુષોએ કરાવેલ અનુક્રમે ૧૩-૧૪-૧૫-૧૬મા ઉદ્ધારો; નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીથી લઈને તે શ્રેષ્ઠી શ્રી કસ્તુરભાઈ લાલભાઈ આદિના પ્રયાસોથી, વિ૦ સં૦ ૧૭૦૭ થી લઈને તે વિ૦ સં૦ ૧૯૮૪ સુધીમાં, પાલીતાણા રાજ્ય સાથે કરવામાં આવેલા રખોપાના પાંચ કરારો તેમ જ વચ્ચે વચ્ચે આ તીર્થની યાત્રાની આડે આવેલ અવરોધોને તથા પાલીતાણા રાજ્ય સાથેના ઝઘડાઓને દૂર કરવા માટે સમયે સમયે થતા રહેલા પ્રયત્નો જૈન સંઘની આ તીર્થની સાચવણી માટેની તેમ જ એની યાત્રાને ચાલુ રાખવાની ચિંતા અને પ્રવૃત્તિનો ખ્યાલ આપે છે. (આ ઘટનાઓની વિગતો આ પુસ્તકનાં ૯ થી ૧૨ સુધીનાં પ્રકરણોમાં આપવામાં આવેલ હકીકતો ઉપરથી જાણી શકાશે.)

૮. આ તીર્થનો પ્રભાવ શ્રી ધર્મઘોષસૂરિપ્રણીત 'સિત્તુંજકપ્પો' ગ્રંથ ઉપરની શ્રી શુભશીલગણિકૃત ટીકામાં પણ વિસ્તારથી વર્ણવવામાં આવ્યો છે, જેમાંની થોડીક ગાથાઓ અહીં આપવામાં આવે છે—

**जं लहइ अन्नतित्थे, चरणेन तवेण बंभचेरेण ।**
**तं लहइ पयत्तेणं सेत्तुंजगिरिम्मि निवसंतो ॥ २ ॥**

**अट्ठावय सम्मेए, चंपा पावाइ उज्जितनगे य ।**
**वंदित्ता पुण्णफलं, सयगुणियं होइ पुंडरीए ॥ ८ ॥**

—સિત્તુંજકપ્પો, ભા૦ ૧, પૃ૦ ૨૨૯.

**कंतार चोर सावय, समुद्द दारिद्द रोगरिउरुद्दा ।**
**मुच्चंति अविग्घेणं, जे सेत्तुंजं धरंति मणे ॥**

૯. ચતુર્વિધ સંઘને માટે તીર્થયાત્રા એ આત્મસાધનાનું એક સમર્થ સાધન છેક પ્રાચીન કાળથી માનવામાં આવેલું છે. અને તેથી વ્યક્તિઓ તેમ જ વ્યક્તિઓના સમૂહો, એટલે કે યાત્રાસંઘો, પણ ભૂતકાળમાં તીર્થયાત્રા કરતા રહ્યા છે અને અત્યારે પણ કરે છે. શ્રેષ્ઠી જાવડશા, મહારાજા સંપ્રતિ, મહારાજા સિદ્ધરાજ જયસિંહ, મહારાજા કુમારપાળ વગેરે રાજવીઓ તેમ જ બાહડ મંત્રી, મહામંત્રી વસ્તુપાળ-તેજપાળ, શ્રેષ્ઠી જગડુશા, શ્રેષ્ઠી સમરાશા, શ્રેષ્ઠી કર્માશા, શ્રેષ્ઠી વર્ધમાન-પદ્મસિંહ વગેરે અનેક શ્રેષ્ઠીઓએ કાઢેલ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયના યાત્રાસંઘોના ટૂંકાં તેમ જ લાંબાં યાત્રાવર્ણનો પ્રાચીન તેમ જ અર્વાચીન ગ્રંથોમાં સચવાઈ રહેલાં છે, જેમાંના કેટલાંકના નામ આ પ્રમાણે છે—

(i) શ્રી મેરુતુંગસૂરિવિરચિત પ્રબંધચિંતામણિ.

(ii) પુરાતનપ્રબંધસંગ્રહ.

(iii) શ્રી રાજશેખરસૂરિકૃત પ્રબંધકોશ (ચતુર્વિંશતિપ્રબંધ).

(iv) શ્રી પ્રભાચંદ્રસૂરિકૃત પ્રભાવકચરિત્ર.

(v) શ્રી જિનપ્રભસૂરિવિરચિત વિવિધતીર્થકલ્પ.

(vi) શ્રી ઉદયપ્રભસૂરિકૃત સુકૃતકીર્તિકલ્લોલિની.

(vii) શ્રી જિનહર્ષકૃત વસ્તુપાલચરિત્ર.

( viii ) શ્રી ઉદયપ્રભસૂરિકૃત સંઘપતિચરિત્ર અપરનામ ધર્માભ્યુદય કાવ્ય.

( ix ) શ્રી કક્કસૂરિવિરચિત નાભિનંદનજિનોદ્ધારપ્રબંધ.

( x ) પં૦ શ્રી વિવેકધીરગણિકૃત શ્રી શત્રુંજય તીર્થોદ્ધારપ્રબંધ.

( xi ) સર્વાનંદસૂરિકૃત જગડૂચરિત.

( xii ) શ્રી અમરસાગરસૂરિકૃત વર્ધમાનપદ્મસિંહશ્રેષ્ઠિચરિત્ર.

૧૦. मिथ्यात्वगरलोद्गारः, सम्यग्दृष्टिसुधारसः ।
पूर्वो ह्रस्वः परो दीर्घो नाभिनन्दनवन्दने ॥

—સૂક્તમુક્તાવલી, અ૦ ૬૬, શ્લો૦ ૯.

૧૧. શ્રી શીલવિજયજીએ વિ૦ સં૦ ૧૭૪૬માં રચેલ 'તીર્થમાળા'માં ગિરિરાજ શત્રુંજય ઉપર ત્રણસો છાસઠ દેરાં હોવાનું નીચે મુજબ લખ્યું છે—

સર્વ થઈ ત્રણસય છાસઠ, ગઢ ઉપર દેરા ગુણ ઉદ્દ;
ભરતે ભરાવી મણીમે જેહ, ધનુષ પાંચશે ઉંચી દેહ.

—ઢાળ પહેલી, ચોપાઈ ૮.

વિ૦ સં૦ ૧૯૭૨માં છપાયેલ 'શ્રી સિદ્ધાચળનું વર્તમાન વર્ણન' ( પૃ૦ ૧૦૬ )માં ગિરિરાજ ઉપરનાં દેરાં, દેરી તથા પ્રતિમા વગેરેની સંખ્યા આ પ્રમાણે જણાવવામાં આવી છે: દેરાં ૧૨૪, દેરીઓ ૭૩૯, પાષાણની પ્રતિમાઓ ૧૧૪૭૪, પગલાં જોડી ૮૯૬૧. આ બાબતમાં વિશેષમાં આ પુસ્તક ( પૃ૦ ૧૦૭ )માં આ પ્રમાણે જણાવવામાં આવ્યું છે—

"શ્રી શેત્રુંજય તીર્થરાજની મોટી નવ ટુંકમાં ઉપર મુજબ દેહેરાં અને દેહેરીઓ ઉપરાંત નાના ગોખ ઘણાં છે; તેમજ કોઠામાં બતાવેલ પ્રતિમાનો કુલ આંકડો ખાસ નાની મોટી પાષાણની જ પ્રતિમા જાણવી. ચાર સહસ્રકુટની ચાર હજાર ભેગી સમજવી. તદુપરાંત ધાતુની પ્રતિમા, સિદ્ધચક્રજી, અષ્ટમંગલિકજી, ૐ, હ્રીંકાર, પતરાં, દેવ, દેવીઓ, શેઠ, શેઠાણીઓ, અને આચાર્યો-મુનિરાજ વિગેરેની પણ પ્રતિમા-મૂર્તિઓ ઘણી છે."

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની યાદી પ્રમાણે સને ૧૯૫૨-૫૩માં ગિરિરાજ ઉપર મોટાં દેરાસર ૧૦૮, દેરીઓ ૮૭૨, પાષાણની પ્રતિમાઓ ૯૯૯૧ અને ધાતુની પ્રતિમાઓ ૬૬૬ વિદ્યમાન હતાં.

૧૨. તીર્થાધિરાજ શત્રુંજયનો તથા આદિદેવ ભગવાન ઋષભદેવનો પ્રભાવ જૈન સંઘ ઉપર છેક પ્રાચીન કાળથી એટલો બધો રહ્યો છે કે તેથી, જેમ એ મહાતીર્થની યાત્રાએ જનાર ભાવિક જનોની સંખ્યા ઉત્તરોત્તર વધતી રહી છે, તેમ એ તીર્થાધિરાજ અને એ દેવાધિદેવનો મહિમા વર્ણવતી કૃતિઓ પણ વધુ ને વધુ રચાતી જ રહી છે. જે કૃતિઓ છપાઈ ગઈ છે, તે ઉપરાંત હજી પણ પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી, રાજસ્થાની, હિંદી વગેરે ભાષાઓમાં રચાયેલી કૃતિઓ સેંકડોની સંખ્યામાં હસ્તલિખિત રૂપમાં ભંડારોમાં સચવાયેલી

છે. એટલે જ્યારે આવી મુદ્રિત કૃતિઓની પૂરી યાદી અહીં આપવાનું મુશ્કેલ જણાય છે, તો પછી બધી અમુદ્રિત કૃતિઓની યાદી આપવાની તો વાત જ શી કરવી? આમ છતાં આ તીર્થનો મહિમા વર્ણવતી, ભલે મર્યાદિત સંખ્યાની પણ, કૃતિઓની યાદી અહીં આપી શકાય એટલા માટે મુખ્યત્વે 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ', 'જૈન ગૂર્જર કવિઓ', 'શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન' એ ગ્રંથોના આધારે, તેમ જ કેટલાક પૂજ્ય મુનિવરોને પૂછીને આવી કૃતિઓ સંબંધી જે યાદી તૈયાર થઈ શકી છે, તે અહીં સાભાર રજૂ કરવામાં આવે છે, જે આ પ્રમાણે છે—

આત્મરંજન ગિરિરાજ શત્રુંજય—પ્ર૦ નેમચંદ જી. શાહ, સં૦ ૨૦૩૧.

ઋષભદેવચરિત્ર—કર્તા: શ્રી વર્ધમાનસૂરિ, સં૦ ૧૧૬૦.

ઋષભપંચાશિકા—કવિ ધનપાલ (૧૧મી સદી).

ઋષભરાસ—કર્તા: શ્રી ગુણરત્નસૂરિ, સં૦ આશરે ૧૫૦૦.

ઋષભશતક—કર્તા: શ્રી હેમવિજયજી, સં૦ ૧૬૫૬.

ઋષભસ્તવન—કર્તા: શ્રી સંઘવિજયજી, સં૦ ૧૬૭૦.

કલ્યાણસાગરસૂરિના શિષ્યના ૧૦૮ દુહા.

જય શત્રુંજય—લે૦ શ્રી સાંકળચંદ શાહ, સં૦ ૨૦૨૬ પછી.

તીર્થાધિરાજ શ્રી શત્રુંજય (ટૂંક પરિચય)—લે૦ શ્રી મધુસૂદન ઢાંકી, સં૦ ૨૦૩૧.

તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ઉપર થયેલ પ્રતિષ્ઠાનો અહેવાલ—લે૦ રતિલાલ દીપચંદ દેસાઈ, સં૦ ૨૦૩૪.

તીર્થાધિરાજ શત્રુંજયયાત્રા માહાત્મ્ય—પ્ર૦ શ્રી જૈનાનંદ પ્રેસ, સં૦ ૨૦૨૭.

નવાણુ અભિષેક પૂજા—કર્તા: પં૦ શ્રી પદ્મવિજયજી, સં૦ ૧૮૫૧.

નવાણુપ્રકારી પૂજા—કર્તા: પં૦ શ્રી વીરવિજયજી, સં૦ ૧૮૮૪.

નાભિનંદનજિનોદ્ધારપ્રબંધ—કર્તા: શ્રી કક્કસૂરિ, સં૦ ૧૩૯૩.

વિમલાચલસ્તવન—કર્તા: શ્રી ક્ષેમકુશળ, સં૦ ૧૭૭૨ પહેલાં.

વીરવિજયજીકૃત દુહા, આશરે ૧૯મી સદીના અંત ભાગમાં.

Shatrunjaya and Its Temples—James Burgess, A. d. 1869.

શત્રુંજય ઉદ્ધાર રાસ—કવિ શ્રી નયસુંદર, સં૦ ૧૬૩૮.

શત્રુંજય કલ્પકથા—કર્તા: પં૦ શ્રી શુભશીલ ગણિ, સં૦ ૧૫૧૮.

શત્રુંજય ગિરિરાજ દર્શન—લે૦ પં૦ શ્રી કંચનસાગરજી, સં૦ ૨૦૩૬.

શત્રુંજય ગિરિરાજ સ્તવનાદિ સંગ્રહ—સં૦ પં૦ શ્રી કનકવિજયજી.

શત્રુંજય ગિરિરાજ સ્પર્શના—લે૦ મુનિ શ્રી નિત્યાનંદવિજયજી, સં૦ ૨૦૩૨.

શત્રુંજય ચૈત્ય પરિપાટી—શ્રી જયસોમશિષ્ય (હસ્તલિખિત).

શત્રુંજય ચૈત્ય પરિપાટી (પ્રવાડી)—કવિ ખીમો.

શત્રુંજય (તીર્થ) ચૈત્ય પ્રવાડી—શ્રી સોમપ્રભ ગણિ (હસ્તલિખિત).

શત્રુંજય તીર્થકલ્પ (વિવિધ તીર્થકલ્પ અંતર્ગત)—કર્તા: શ્રી જિનપ્રભસૂરિજી, સં૦ ૧૩૮૫.

શત્રુંજય તીર્થ દર્શન—લે૦ શ્રી ફૂલચંદ હ. દોશી, સં૦ ૨૦૦૨.

શત્રુંજય તીર્થ પરિપાટી—કર્તા: શ્રી દેવચંદ્રજી, સં૦ ૧૬૯૫.

શત્રુંજય તીર્થમાલા—કર્તા: પં૦ શ્રી અમૃતવિજયજી, સં૦ ૧૮૪૦.

શત્રુંજય તીર્થમાલા—કર્તા: શ્રી વિનીતકુશલ, સં૦ ૧૭૭૨.

શત્રુંજય તીર્થમાલા રાસ ઉદ્ધારાદિક સંગ્રહ—પ્ર૦ નિર્ણયસાગર પ્રેસ.

શત્રુંજય તીર્થરાસ—કર્તા: શ્રી જિનહર્ષ ગણિ, સં૦ ૧૭૫૫.

શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ—કર્તા: શ્રી વિવેકધીર ગણિ, સં૦ ૧૫૮૭.

શત્રુંજય તીર્થોદ્ધાર રાસ—કર્તા: શ્રી સમયસુંદર ગણિ, સં૦ ૧૬૮૬.

શત્રુંજય તીર્થોદ્ધાર સંગ્રહ—સં૦ શ્રી સારાભાઈ મણિલાલ નવાબ, સં૦ ૨૦૦૦.

શત્રુંજય દીગ્દર્શન—લે૦ શ્રી દીપવિજયજી, સં૦ ૨૦૦૩.

શત્રુંજય દ્વાત્રિંશિકા (બત્રીશી)—કર્તા: આ૦ શ્રી જયશેખરસૂરિ.

શત્રુંજયની ગૌરવગાથા—કર્તા: પં૦ શ્રી સદ્‌ગુણવિજયજી, સં૦ ૨૦૩૫.

શત્રુંજયનો વર્તમાન ઉદ્ધાર—પ્ર૦ જૈન આત્માનંદ સભા, સં૦ ૧૯૯૨.

શત્રુંજય પરિપાટી—કર્તા: શ્રી ગુણચંદ્ર, સં૦ ૧૭૬૯.

શત્રુંજય પર્વતનું વર્ણન.

શત્રુંજય પ્રકાશ અને જૈન વિરુદ્ધ પાલીતાણા ભાગ-૧ અને ભાગ-૨—લે૦ શ્રી દેવચંદ દામજી કુંડલાકર, 'જૈન' કાર્યાલય, ભાવનગર, સં૦ ૧૯૮૫.

શત્રુંજય મહાતીર્થ ગુણમાલા—સં૦ શ્રી મહિમાવિજયજી, સં૦ ૨૦૦૯.

શત્રુંજય મહાતીર્થ મહાત્મ્યસાર—પ્ર૦ વિદ્યાશાળા, અમદાવાદ.

શત્રુંજય મહાતીર્થાદિ યાત્રા વિચાર અને ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ—સં૦ શ્રી કર્પૂરવિજયજી મહારાજ, સં૦ ૧૯૭૦.

શત્રુંજયમંડન આદિનાથ સ્તવન—કર્તા: શ્રી સમરચંદ, સં૦ ૧૬૦૮.

શત્રુંજય માહાત્મ્ય—કર્તા: શ્રી ધનેશ્વરસૂરિ, સં૦ ૪૭૭.

શત્રુંજય માહાત્મ્ય—ગુજરાતી (હસ્તલિખિત).

શત્રુંજય માહાત્મ્ય રાસ—કર્તા: શ્રી સહજકીર્તિ, સં૦ ૧૬૮૪.

શત્રુંજય માહાત્મ્યોલ્લેખ—કર્તા: પં૦ શ્રી હંસરત્ન ગણિ, સં૦ ૧૭૮૨.

શત્રુંજય લઘુ કલ્પ—(સારાવલી પયન્નાની ગાથાઓરૂપ), પૂર્વશ્રુતધર પ્રણીત.

શત્રુંજય સૌરભ યાને શ્રી જિન તીર્થ દર્શન—પ્રકા૦ શ્રી શા૦ જયન્તિલાલ પ્રભુદાસ, સં૦ ૨૦૧૫. (વીર સંવત ૨૪૮૫).

શત્રુંજય સ્તવન—સાધુ કીરતિ.

શત્રુંજય સ્તવના—આદિનાથ વિનતિરૂપ—કર્તા: શ્રી પ્રેમવિજયજી (૧૭મી સદી).

સમરારાસુ—કર્તા: શ્રી અમ્બદેવસૂરિ (આમ્રદેવસૂરિ), સં૦ ૧૩૧૧.

સિત્તુંજકપ્પો—કર્તા: શ્રી ધર્મઘોષસૂરિ, ટીકાકાર પં૦ શ્રી શુભશીલ ગણિ, ટીકા સં૦ ૧૫૧૮.

સિદ્ધગિરિરાજ યાત્રાવિધિ—પ્ર૦ શ્રી વોરા મૂલજીભાઈ, સં૦ ૧૯૯૯.

સિદ્ધાચલ ગિરનાર સંઘ—કર્તા: પં૦ શ્રી વીરવિજયજી, સં૦ ૧૯૦૫.

સિદ્ધાચલનું વર્તમાન વર્ણન—લે૦ શ્રી ગુલાબચંદ શામજી કોરડીયા, સં૦ ૧૯૭૨.

નીચેના ગ્રંથોમાંથી પણ શ્રી શત્રુંજય મહાતીર્થ સંબંધી વર્ણન તથા પ્રશસ્તિ મળી શકે એમ છે—

કુમારપાલચરિત—કર્તા: શ્રી સોમતિલકસૂરિ, સં૦ ૧૪૨૪.

કુમારપાલચરિત (પ્રાકૃત)—કર્તા: શ્રી હરિશ્ચંદ્ર.

કુમારપાલચરિત્ર—કર્તા: શ્રી ચારિત્ર્યસુંદર, સં૦ ૧૪૮૪ અને સં૦ ૧૫૦૭ની વચ્ચે.

કુમારપાલચરિત્ર—કર્તા: શ્રી જયસિંહસૂરિ, સં૦ ૧૪૨૨.

કુમારપાલપ્રતિબોધ—કર્તા: શ્રી સોમપ્રભાચાર્ય, સં૦ ૧૨૪૧.

કુમારપાલપ્રતિબોધપ્રબંધ—કર્તા: અજ્ઞાત, સં૦ ૧૪૧૫.

કુમારપાલપ્રબંધ—કર્તા: શ્રી જિનમંડન, સં૦ ૧૪૯૨.

કુમારપાળરાસ—કવિ શ્રી ઋષભદાસ, સં૦ ૧૬૭૦.

કુમારપાળરાસ (ચરિત્ર)—કર્તા: શ્રી જિનહર્ષ, સં૦ ૧૭૪૨.

કુમારપાળરાસ—કર્તા: શ્રી દેવપ્રભ ગણિ, સં૦ ૧૫૪૦ પહેલાં.

કુમારપાળરાસ—કર્તા: શ્રી હીરકુશળ, સં૦ ૧૬૪૦.

ચતુર્વિંશતિપ્રબંધ—કર્તા: શ્રી રત્નશેખરસૂરિ, સં૦ ૧૪૦૫.

જૈન તીર્થ સર્વ સંગ્રહ—પ્ર૦ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, સં૦ ૨૦૧૦.

ધર્માભ્યુદય કાવ્ય અપરનામ સંઘપતિ ચરિત્ર—કર્તા: શ્રી ઉદયપ્રભસૂરિ, વિ૦ સં૦ ૧૨૭૯-૮૦ આસપાસ.

પ્રબંધચિંતામણિ—કર્તા: શ્રી મેરુતુંગસૂરિ, સં૦ ૧૩૬૧.

પ્રભાવકચરિત—કર્તા: શ્રી પ્રભાચંદ્રસૂરિ, સં૦ ૧૩૩૪.

પ્રાચીન લેખ સંગ્રહ ભાગ ૨—સં૦ શ્રી જિનવિજયજી, સં૦ ૧૯૭૮.

વસ્તુપાલચરિત્ર—કર્તા: શ્રી જિનહર્ષ, સં૦ ૧૭૯૩.

શાંતિદાસ અને વખતચંદ શેઠનો રાસ—કર્તા : શ્રી ક્ષેમવર્દ્ધન, સં૦ ૧૮૭૦.

સુકૃતકીર્તિકલ્લોલિની—કર્તા : શ્રી ઉદયપ્રભસૂરિ.

હિંદુસ્તાનનાં જૈન તીર્થો—સં૦ શ્રી સારાભાઈ મણિલાલ નવાબ, સં૦ ૨૦૦૦.

આ યાદી રચનાસંવતના કાળક્રમ પ્રમાણે તૈયાર કરવાને બદલે અકારાદિ ક્રમે બનાવવામાં આવી છે. અને એમાં 'શ્રી'ને ધ્યાનમાં લીધા વગર વર્ણક્રમ ગોઠવવામાં આવેલ છે. તપાસ કરતાં જેટલી કૃતિઓની રચનાસંવત મળી તેનો નિર્દેશ પણ જે તે કૃતિ સાથે કરવામાં આવ્યો છે; થોડીક કૃતિઓ એવી છે કે જેનો રચનાસંવત મળી શક્યો નથી.

૧૩. ઇતિહાસયુગ પહેલાં (પ્રાગૈતિહાસિક સમયમાં) શત્રુંજયના નીચે મુજબ બાર ઉદ્ધારો થયા છે—

ઉદ્ધાર-૧—ભગવાન શ્રી ઋષભદેવસ્વામીના શાસનમાં શ્રી ભરત ચક્રવર્તીએ કર્યો.

ઉદ્ધાર-૨—સૌધર્મ ઇંદ્રની પ્રેરણાથી શ્રી ભરત ચક્રવર્તીના વંશમાં થયેલ આઠમા રાજા શ્રી દંડવીર્યે કર્યો.

ઉદ્ધાર-૩—શ્રી તીર્થંકર દેવના ઉપદેશથી ઈશાન ઇંદ્રે (દંડવીર્યના પછી સો સાગરોપમ જેટલો કાળ ગયા બાદ) કર્યો.

ઉદ્ધાર-૪—ત્રીજા ઉદ્ધાર પછી ક્રોડ સાગરોપમ કાળ બાદ મહેન્દ્ર ઇંદ્રે કર્યો.

ઉદ્ધાર-૫—ચોથા ઉદ્ધાર પછી દશ ક્રોડ સાગરોપમ કાળ બાદ પાંચમા દેવલોકના ઇંદ્રે કર્યો.

ઉદ્ધાર-૬—પાંચમા ઉદ્ધાર પછી લાખ ક્રોડ સાગરોપમ કાળ બાદ ભવન નિકાયના ઇંદ્રોએ કર્યો.

ઉદ્ધાર-૭—શ્રી અજિતનાથ ભગવાનના શાસનમાં સગર ચક્રવર્તીએ કર્યો.

ઉદ્ધાર-૮—શ્રી અભિનંદનસ્વામીના શાસનમાં વ્યંતરેન્દ્રોએ કર્યો.

ઉદ્ધાર-૯—શ્રી ચંદ્રપ્રભ પ્રભુના શાસનમાં ચંદ્રયશા રાજાએ કર્યો.

ઉદ્ધાર-૧૦—શ્રી શાંતિનાથ ભગવાનના શાસનમાં ચક્રધર રાજાએ કર્યો.

ઉદ્ધાર-૧૧—શ્રી મુનિસુવ્રતસ્વામીના શાસનમાં, પોતાના લઘુ બંધુ શ્રી લક્ષ્મણજી સાથે રહીને, શ્રી રામચંદ્રજીએ કર્યો.

ઉદ્ધાર-૧૨—શ્રી અરિષ્ટનેમિનાથના શાસનમાં પાંચ પાંડવોએ કર્યો.

૧૪. ઇતિહાસ-યુગમાં થયેલ ચાર ઉદ્ધારોની યાદી આ પ્રમાણે છે—

૧. શ્રી મહાવીરદેવના શાસનમાં વિ૦ સં૦ ૧૦૮ વર્ષમાં મધુમતીનિવાસી જાવડ શ્રેષ્ઠીએ, આચાર્યશ્રી વજ્રસ્વામીના સાન્નિધ્યમાં, કર્યો (તેરમો ઉદ્ધાર).

૨. ઉદયન મંત્રીના પુત્ર બાહડ મંત્રીએ વિ૦ સં૦ ૧૨૧૧માં (મતાંતરે સં૦ ૧૨૧૩માં), કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના સાન્નિધ્યમાં, કર્યો (ચૌદમો ઉદ્ધાર).

૩. પાટણના શ્રેષ્ઠી દેશળશાના પુત્ર સમરસિંહે (સમરાશાએ) વિ૦ સં૦ ૧૩૭૧માં, આચાર્યશ્રી સિદ્ધસૂરિની નિશ્રામાં, કર્યો (પંદરમો ઉદ્ધાર).

૪. ચિત્તોડના મંત્રી કર્માશાએ વિ૦ સં૦ ૧૫૮૭માં, આચાર્ય રત્નાકરસૂરિજીની નિશ્રામાં, કર્યો (સોળમો ઉદ્ધાર).

આ રીતે પ્રાગ્-ઇતિહાસકાળના બાર અને ઇતિહાસકાળના ચાર મળીને કુલ સોળ ઉદ્ધારો થયાની વાત જેમ પ્રાચીન ગ્રંથોમાં સચવાયેલી છે, તેમ જૈન સંઘમાં પણ ગિરિરાજના સોળ ઉદ્ધાર થયાની વાત જ ઘણે મોટે ભાગે માન્ય અને પ્રચલિત થયેલી છે. આમ છતાં પં૦ શ્રી વિવેકધીર ગણિએ વિ૦ સં૦ ૧૫૮૭માં રચેલ અને મંત્રી કર્માશાએ કરાવેલ ગિરિરાજના છેલ્લા (સોળમા) ઉદ્ધારની વિગતો આપતા 'શ્રી શત્રુંજયતીર્થોદ્ધારપ્રબંધ' નામે કાવ્યમાં પ્રથમ ઉલ્લાસના એકથી ૭ સુધીના શ્લોકમાં ૧૮ ઉદ્ધારોની નામાવલિ આપી છે. તેમાં સમરાશાએ કરાવેલ (પંદરમા) ઉદ્ધારની ગણના અઢારમા ઉદ્ધાર તરીકે કરવામાં આવી છે. એટલે મંત્રી કર્માશાએ કરાવેલ ઉદ્ધારનો ક્રમાંક ૧૯મો થાય છે. આ રીતે આ યાદીમાં જે ત્રણ વધુ ઉદ્ધારો નોંધ્યા છે, તે આ પ્રમાણે છે: (૧) સિદ્ધસેન દિવાકરના ઉપદેશથી વિક્રમ રાજાએ કરાવેલો. (૨) આ૦ ધનેશ્વરસૂરિના ઉપદેશથી શિલાદિત્ય રાજાએ કરાવેલો. અને (૩) મહામંત્રી વસ્તુપાલે કરાવેલો.

૧૫. શ્રેષ્ઠી જાવડશાએ શ્રી શત્રુંજય મહાતીર્થના ઉદ્ધારોના ક્રમ પ્રમાણે તેરમો અને ઇતિહાસ-યુગનો પહેલો ઉદ્ધાર વિ૦ સં૦ ૧૦૮ની સાલમાં કરાવ્યાની કથા શ્રી ધનેશ્વરસૂરિવિરચિત 'શ્રી શત્રુંજય-માહાત્મ્ય' નામક સંસ્કૃત ગ્રંથમાં વિસ્તારપૂર્વક નોંધાયેલી છે, જેનો સાર આ પ્રમાણે છે—

કાંપિલ્યપુર નામે એક નગર. એ નગર પશ્ચિમ ભારતમાં સૌરાષ્ટ્રમાં ગિરિરાજ શ્રી શત્રુંજયની નજીકમાં કોઈક સ્થાને આવેલું હતું. એમાં ભાવડ નામે એક શ્રેષ્ઠી રહે. શ્રેષ્ઠી ભાવડશા જેવા વ્યાપારમાં નિપુણ હતા, તેવા જ ધર્મપરાયણ હતા. એમની પાસે પુષ્કળ ધન હતું. એમની પત્નીનું નામ ભાવલા હતું. તે પણ શીલવતી અને ધર્માનુરાગી હતી. તેમને બધી જાતની સુખ-સંપત્તિ હતી, પણ ભાગ્યે એમને સવાશેર માટીની (સંતાનની) ભેટ આપવાનું બાકી રાખ્યું હતું.

કાળચક્ર ફર્યું અને, દિવસ રાતમાં પલટાઈ જાય તેમ, શ્રેષ્ઠી ભાવડશા ઉપર સમયના વારાફેરા એવી કમનસીબી લઈને આવ્યા કે ધીરે ધીરે, જાણે એમની લક્ષ્મીને પગ આવ્યા હોય એમ, એ એમના ઘરમાંથી અદૃશ્ય થઈ ગઈ! પતિ-પત્ની લક્ષ્મીની ચંચળતાનો જાતઅનુભવ કરી રહ્યાં, પણ એથી તેઓ ન હતાશ થયાં, ન વિચલિત થયાં, અને પોતાની ધર્મસાધનાને બરાબર વળગી જ રહ્યાં, એટલું જ નહીં, એમાં વધારો કરતાં ગયાં.

એક દિવસની વાત છે. આ ધર્મી જીવોના આંગણે બે મુનિવરો વહોરવા આવી પહોંચ્યા. શ્રાવિકા ભાવલાએ ખૂબ ઉલ્લાસથી ગોચરી વહોરાવી અને, મુનિવરોની સરળતા જોઈને, ટૂંકમાં પોતાની દુઃખકથા કહી અને વધારામાં પોતાને સંપત્તિ ફરી ક્યારે મળશે તે પૂછ્યું.

મુનિવરો સાચા ત્યાગી, સંયમી અને બધી જાતની આસક્તિથી મુક્ત હતા. પણ સાથે સાથે તેઓ વિચક્ષણ અને સમયના જાણકાર હતા. એમણે, જૈન શાસનને થનાર ભાવી લાભનો વિચાર કરીને, એ બહેનને કહ્યું: "બહેન! તમે પૂછ્યા એવા સવાલોના જવાબ આપવાનું શ્રમણ-સંતોને કલ્પે નહીં. પણ તમારા કુટુંબથી ભવિષ્યમાં શાસનનો ઉદ્યોત થવાનો છે, તેથી અમે તમને કહીએ છીએ કે, આજે એક ઘોડી વેચાવા આવશે, તેને તમે ખરીદી લેજો. એના પગલાંથી તમને ધનની પ્રાપ્તિ થશે." આટલું કહીને મુનિવરો ધર્મલાભ આપી વિદાય થયા.

મુનિવરોના કહેવા મુજબ એક ઘોડી વેચાવા આવી; પોતાની પત્નીના કહેવાથી ભાવડશાએ તે ખરીદી લીધી. સમય જતાં એ ઘોડીએ એક વછેરાને જન્મ આપ્યો. એ ઉત્તમ લક્ષણોથી અંકિત હતો. એ ત્રણેક વર્ષનો થયો ત્યારે તપન નામના રાજાએ એને ત્રણ લાખ જેટલું દ્રવ્ય આપીને ખરીદી લીધો.

શ્રેષ્ઠી ભાવડશા ઘોડાના પારખુ હતા. એટલે આ લક્ષ્મીના બળે તેઓ ઘોડાના સોદાગર બની ગયા. અને એક સમયે ઉત્તમ કોટીના સંખ્યાબંધ (૨૧) અશ્વોને એમણે એવા કેળવ્યા કે જોનાર એને બે ઘડી જોઈ જ રહે!

તે સમય પરદુઃખભંજન રાજા વીર વિક્રમનો હતો. એ જેવો ઉદાર હતો, તેવો જ વિચક્ષણ હતો. તે પોતાની ચતુરંગી સેનાને હંમેશા સજ્જ રાખતો અને એમાં ઉત્તમ કોટિના અશ્વોને વસાવવાનો એને શોખ હતો. ભાવડશાએ ઉજ્જયિની નગરીમાં જઈને પોતાના ઉત્તમ અશ્વો સમ્રાટ વિક્રમને ભેટ આપી દીધા. અને જ્યારે વિક્રમ રાજાએ પ્રસન્ન થઈને એનું મૂલ્ય લેવા કહ્યું ત્યારે ભાવડશાએ લાગણી અને વિવેકપૂર્વક કહ્યું : "આપ તો આખા દેશના રક્ષક છો અને આખી પ્રજાનું ભલું કરનારા છો. તો આપના કાર્યમાં મારી આ નમ્ર ભેટ સ્વીકારીને મને ઉપકૃત કરશો. મારે અશ્વોનું મૂલ્ય લેવાનું નથી."

ભાવડશાની વાત વિક્રમ રાજાના અંતરને સ્પર્શી ગઈ. એ વખતે તો તેઓ ચૂપ રહ્યા, પણ થોડા દિવસ પછી સમ્રાટે એને રાજસભામાં બોલાવીને એનું ખૂબ બહુમાન કર્યું અને શત્રુંજયની નજીકમાં આવેલ મધુમતી (મહુવા) નગરી અને એની આસપાસનાં બાર ગામો ભેટ આપીને એનું રાજવીપણું એને અર્પણ કર્યું. ભાવડશા સમ્રાટની આજ્ઞા લઈને પોતાના નગર પાછા ફર્યા અને તે પછી તેઓ કાંપિલ્યપુર છોડીને મધુમતીમાં રહેવા લાગ્યા. એમનો ભાગ્યનો સૂર્ય વધુ ને વધુ પ્રકાશમાન થતો જતો હતો.

સમય જતાં આ શેઠ-શેઠાણીને સંતાનની જે ખામી લાગ્યા કરતી હતી, તે પણ દૂર થઈ અને એમને ત્યાં એક લક્ષણવંતા પુત્રનો જન્મ થયો. એનું નામ એમણે જાવડ રાખ્યું. જાવડશા મોટી ઉંમરના થયા ત્યારે શ્રી શત્રુંજયની તળેટીમાં આવેલ ઘેટી ગામના શ્રેષ્ઠી શૂરની સુપુત્રી સુશીલા સાથે એમનાં લગ્ન કરવામાં આવ્યાં. સુશીલા પણ એના નામને અનુરૂપ સુશીલ અને ધર્માનુરાગી સન્નારી હતી.

દિવસ આથમે અને ખીલેલું કમળ બિડાઈ જાય તેમ આયુષ્યનો દોર પૂરો થયો અને શ્રેષ્ઠી ભાવડશા તથા શેઠાણી ભાવલા આ દુનિયામાંથી વિદાય થયાં. મધુમતી અને ૧૨ ગામના રાજવીપદની જવાબદારી શ્રેષ્ઠી જાવડશા સંભાળવા લાગ્યા. સાથે સાથે એમનો વહાણવટા વગેરેનો વ્યવસાય તો ચાલુ જ હતો. વળી ગિરિરાજ શત્રુંજય મહાતીર્થની સંભાળ રાખવાની જવાબદારી પણ એમના ઉપર જ હતી.

સૌરાષ્ટ્રની નજીકનો એક દેશ. ત્યાં મ્લેચ્છો (મોગલો)નું રાજ્ય. ત્યાંના રાજાએ જાણ્યું કે ભારતના સૌરાષ્ટ્ર વગેરે દેશોમાં અઢળક ધન પડ્યું છે, એટલે ધન મેળવવાના લોભથી પ્રેરાઈને એણે સૌરાષ્ટ્રમાં દરિયા મારફત પોતાનું લશ્કર ઉતાર્યું અને મધુમતી નગરી વગેરે સ્થાનો પર હુમલો કર્યો. જાવડશાએ એનો સામનો તો પૂરેપૂરો કર્યો, પણ લશ્કર ઓછું એટલે અંતે તેઓ હારી ગયા. મ્લેચ્છ રાજા અઢળક ધન તેમ જ અનેક દાસ-દાસીઓને લઈને પોતાના દેશ તરફ રવાના થયો, એટલું જ નહીં, પણ એ પોતાની સાથે શ્રેષ્ઠી જાવડશા અને એનાં પત્નીને પણ કેદ કરીને લેતો ગયો.

મ્લેચ્છ દેશમાં પણ જાવડશા પોતાની બુદ્ધિના બળે અને ધર્મના પ્રતાપે રાજા અને પ્રજા બંનેમાં માનીતા થઈ પડ્યા. અને વેપાર ખેડીને એમણે ધન પણ ઘણું ભેગું કર્યું. ત્યાંના બાદશાહના તો

એ અંગત સલાહકાર જ થઈ ગયા હતા. આ બધું છતાં એમને વારે વારે પોતાનું વતન યાદ આવ્યા કરતું હતું. વળી પોતાના પ્રાણપ્યારા તીર્થ શત્રુંજયની સાર-સંભાળ કેવી લેવાતી હશે એની પણ ચિંતા એમને સતાવ્યા કરતી હતી.

આ રીતે કેટલોક વખત પસાર થયા પછી એમના જાણવામાં આવ્યું કે તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનો કબજો અઘોરીઓએ લઈ લીધો છે અને એના ઉપર તો માંસ-મદિરાની મહેફીલો મંડાય છે! આથી તીર્થની યાત્રા બંધ થઈ ગઈ છે, જિનાલય ધ્વસ્ત થઈ ગયું છે અને એની આશાતનાનો કોઈ પાર રહ્યો નથી. આ સમાચાર જાણીને એમના રોમરોમમાં હજારો વીંછીઓના ડંખ જેવી વેદના જાગી ઊઠી અને એમની ઊંઘ હરામ થઈ ગઈ. એમને પોતાની જાત ઉપર પણ ધિક્કાર આવ્યો કે હું કેવો કુપુત્ર અને કમનસીબ કે પિતાએ સોંપેલ રાજ્ય અને તીર્થની પણ સાચવણી ન કરી શક્યો! એમને તો રાત-દિવસ એમ જ થયા કરતું કે અહીંથી ક્યારે વતનમાં પહોંચું અને ક્યારે પરમ પાવન એ તીર્થનો ઉદ્ધાર કરું.

પણ એમણે જોયું કે, પરદેશમાં ઉતાવળ કરવાથી કામ પતે એમ ન હતું. એટલે એમણે, ધીરજ-પૂર્વક, યોગ્ય સમયની રાહ જોવાનું મુનાસિફ માન્યું. સદ્‌ભાગ્યે એમને આવી તક મળી ગઈ: ત્યાંના બાદશાહ ઉપર કોઈક એવી મુશ્કેલી આવી પડી કે જેમાંથી બચી જવાનો માર્ગ પોતાના અનેક સલાહ-કારોમાંથી કોઈએ ન સૂચવ્યો. છેવટે એમને જાવડશાની સલાહ લેવાનો ખ્યાલ આવ્યો. એમણે એમની સલાહ લીધી, અને એ સલાહથી એમની મુશ્કેલી દૂર થઈ ગઈ. આથી બાદશાહ ખૂબ પ્રસન્ન થયો અને પોતાને જે કંઈ જોઈતું હોય તે માગી લેવા એણે જાવડશાને આગ્રહ કર્યો. પણ એ શાણા શ્રેષ્ઠીએ અહીં મારે કોઈ વાતની ખામી નથી એમ કહી કશું માગવાની ના કહી. પણ જ્યારે બાદશાહે આ માટે ખૂબ આગ્રહ કર્યો ત્યારે એમણે, હવે રાજાને પોતાના મનની વાત કહેવાનો સમય પાકી ગયો છે એમ માનીને, પોતાને પોતાના વતન પાછા ફરવાની અનુમતિ આપવાની માગણી કરી. બાદશાહ શાણો હતો. એ જાવડશાની લાગણીને સમજી ગયો અને તરત જ એણે એમની માગણીનો સ્વીકાર કર્યો, એટલું જ નહીં, એમની બધી સંપત્તિ, રાજ્ય મારફત, એમના વતન પહોંચતી કરવાની જવાબદારી પણ લીધી.

શ્રેષ્ઠી જાવડશાના પાછા આવવાના સમાચારથી મધુમતી નગરી અને આખા પરગણામાં આનંદ આનંદ છવાઈ ગયો. બધાંએ એમનું ખૂબ ઉમળકાથી સ્વાગત કર્યું. પણ જાવડશાના મનને હજી પણ ચેન ન હતું. એમના મનમાં તો એક જ ભાવના રમતી હતી કે ક્યારે તીર્થાધિરાજનો ઉદ્ધાર થાય, ક્યારે દેવાધિદેવની ફરી પ્રતિષ્ઠા થાય અને ક્યારે એની યાત્રા ફરી ચાલુ થાય, એવી પુણ્યઘડી આવે! તેઓએ પોતાની બધી શક્તિ અને સંપત્તિ એકત્ર કરીને અઘોરીઓને ગિરિરાજના પહાડ ઉપરથી દૂર કરી આખા પહાડને દૂધ અને પવિત્ર જળથી ધોવરાવીને તીર્થની આશાતના દૂર કરી અને અઢળક ધન ખર્ચીને દેવાધિદેવ ભગવાન ઋષભદેવના ભવ્ય જિનાલયનું ટૂંક વખતમાં જ નવનિર્માણ કરાવ્યું.

આ રીતે આ તીર્થની આશાતના દૂર થઈ અને જિનપ્રાસાદ તૈયાર થઈ ગયો એટલે જૈન શાસનના તે સમયના મહાન પ્રભાવક મહાપુરુષ વજ્રસ્વામીના સાંનિધ્યમાં એની પ્રતિષ્ઠા કરાવવાનું નક્કી કર્યું. એમાં પધરાવવા માટે જાવડશાએ તક્ષશિલામાં બાહુબલિએ ભરાવેલ ભગવાન ઋષભદેવનું બિંબ, ચક્રેશ્વરી દેવીની સહાયથી, મેળવ્યું હતું. પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારવા માટે ગામેગામના સંઘોને આમંત્રણ-પત્રિકાઓ મોક-લવામાં આવી. તીર્થાધિરાજની યાત્રાની મુક્તિના આ શુભ સમાચાર સાંભળીને ચતુર્વિધ સંઘ ખૂબ હર્ષ

અનુભવી રહ્યો અને આ મહોત્સવમાં ભાગ લેવા માટે અનેક ગામોના સંઘો પાલીતાણામાં સમયસર પહોંચી ગયા. ચારેકોર આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ પ્રવર્તી રહ્યું. નગરમાં જાણે માનવ-મહેરામણ હિલોળા લેવા લાગ્યો.

પ્રતિષ્ઠાનો સર્વઆનંદકારી દિવસ આવી પહોંચ્યો. બધા સંઘો ગિરિરાજ ઉપર સમયસર પહોંચી ગયા અને શુભ મુહૂર્તે આદિદેવ ભગવાન ઋષભદેવના જિનાલયની પ્રતિષ્ઠા કરવામાં આવી. શ્રેષ્ઠી જાવડશા અને શેઠાણી સુશીલાના હર્ષની આજે કોઈ અવધિ ન હતી. તેઓ અસીમ ઉલ્લાસમાં તરબોળ બનીને શિખર ઉપર ધજાદંડ ચડાવવા જિનપ્રાસાદની ઉપર ગયાં. સંઘ પણ એમની સાથે ગયો. ધજાદંડ ચડાવીને તેઓ એવાં ભાવવિભોર અને રોમાંચિત બની ગયાં હતાં કે દિન-દુનિયા અને પોતાના જીવનનો પણ ખ્યાલ વીસરીને તેઓ આનંદ-સમાધિમાં લીન થઈ ગયાં હતાં અને એમના રોમરોમમાંથી પરમાત્માએ કરેલ ઉપકારના ધબકારા ગાજી રહ્યા હતા.

તેઓ પરમાત્માના સ્મરણમાં એવાં એકાગ્ર થઈ ગયાં હતાં કે એમને નીચે ઊતરવાનો પણ ખ્યાલ જ ન રહ્યો. સંઘ ધીરે ધીરે નીચે આવી ગયો અને શ્રેષ્ઠીયુગલ નીચે આવી પહોંચે એટલે એમનું બહુમાન કરવાની ધન્ય ક્ષણની રાહ જોઈ રહ્યો. પણ મિનિટો ઉપર મિનિટો વીતવા છતાં શ્રેષ્ઠી-યુગલ નીચે ન આવ્યું, ત્યારે સંઘના મોવડીઓ એમને નીચે બોલાવી લાવવા ફરી જિનપ્રાસાદની ઉપર ગયા. ત્યાં એક અલૌકિક દૃશ્ય જોઈને તેઓ બધા સ્તબ્ધ થઈ ગયા. તેઓએ જોયું કે, શ્રેષ્ઠી જાવડશા અને સુશીલા શેઠાણી, જિનપ્રાસાદના શિખરની પાસે જ, પ્રભુને વંદન કરવાની મુદ્રામાં, સ્વર્ગવાસી થઈ ગયાં હતાં! એમની પવિત્ર કાયાને અને દિવ્ય ભાવનાને વંદના કરી શ્રીસંઘ કૃતાર્થ થયો!

આ છે શ્રેષ્ઠી જાવડશાના તેરમા ઉદ્ધારની ટૂંકી ધર્મકથા.

**નોંધ**—(૧) જાવડશાએ કરાવેલ શત્રુંજયના ઉદ્ધારની કથા કેટલાક ફેરફાર સાથે આ૦ શ્રી ધર્મઘોષસૂરિ રચિત 'સિત્તુંજકપ્પો' ઉપરની શ્રી શુભશીલ ગણિએ રચેલ સવિસ્તર ટીકામાં વિસ્તારથી આપવામાં આવી છે. તેમાં ઉદ્ધાર કરાવનારનું નામ જાવડના બદલે જાવડિ આપવામાં આવ્યું છે. 'વિવિધ તીર્થકલ્પ'માંના શ્રી 'શત્રુંજય તીર્થકલ્પ'માં પણ જાવડના બદલે જાવડિ નામ મળે છે.

(૨) કર્નલ જેમ્સ ટોડે પણ એમના 'Travels in Western India' નામના પુસ્તકમાં (પૃ૦ ૨૮૦–૮૧) શત્રુંજયના તેરમા ઉદ્ધારક તરીકે જાવડશાનો ઉલ્લેખ કર્યો છે અને એ ઉદ્ધારનો સમય વિક્રમાદિત્ય પછી એક સો વર્ષે થયાનું નોંધ્યું છે. પણ આ પુસ્તકમાં કર્નલ ટોડે ખાસ વાત તો એ લખી છે કે જાવડશા કાશ્મીરના વેપારી હતા. પણ એમણે આ વાતનો કોઈ આધાર ટાંક્યો નથી. ("...the thirteenth by Javadasah, a merchent of Kashmir, one hundred years after Vikramaditya.")

(૩) જેમ્સ બર્જેસે એમના 'Shatrunjaya and its Temples' નામે પુસ્તકના (પૃ૦ ૨૬, કો૦ ૧)માં જાવડશાએ તેરમો ઉદ્ધાર સંવત ૧૦૧૮માં કર્યો હોવાનું નોંધ્યું છે. ("...a Jain account obtained on the spot states that 'this temple was built by Javadasa in Samvat 1018 ( A. D. 961 ) being its thirteenth Uddhara or restoration, and it is there to the present day.'")

શ્રી બર્જેસે તેરમો ઉદ્ધાર સં૦ ૧૦૧૮માં થયાની વાત, તેઓની શત્રુંજયની મુલાકાત વખતે, તેઓને કોઈએ મોઢામોઢ આપેલી માહિતીના આધારે લખી હોવાનું એમના ઉપર ટાંકેલ લખાણમાં નોંધ્યું છે, તે જોઈ શકાય છે. પણ આમાં ખાસ ધ્યાન ખેંચે એવી વાત તો એ છે કે એમણે પોતાના આ લખાણથી છએક લીટી પહેલાં જ, કર્નલ જેમ્સ ટોડનો મત ટાંકીને, જાવડશાએ તેરમો ઉદ્ધાર વિક્રમાદિત્ય પછી એકસો વર્ષે કરાવ્યાનું નોંધ્યું છે. આનો અર્થ કંઈક એવો થાય છે, કે તેરમા ઉદ્ધારના સમય અંગેની કર્નલ ટોડની તથા પોતાની માહિતી વચ્ચે જે નવસો વર્ષનો ફેર રહેવા પામ્યો છે, તેનું નિરાકરણ કરવાની જરૂર એમને નહીં લાગી હોય, અથવા તો, એમનું ધ્યાન જ એ તરફ નહીં ગયું હોય.

૧૬. (i) **पुंडरीयपव्वय—तते णं से थावच्चापुत्ते... ...जेणेव पुंडरीए पव्वए तेणेव उवागच्छइ २ पुंडरीयं पव्वयं सणियं २ दुरूहति... ...जाव पाओवगमणं णुवन्ने ।**

—જ્ઞાતાધર્મકથાંગસૂત્ર, સૂ૦ ૫૫ (આગમોદય સમિતિ), પત્ર ૧૦૮ A.

(ii) **तएणं से सुए अणगारे अन्नया कयाइं तेणं अणगारसहस्सेणं सद्धिं संपरिवुडे... ...जेणेव पोंडरिए पव्वए जाव सिद्धे ।**

—જ્ઞાતાધર્મકથાંગસૂત્ર (આગમોદય સમિતિ), પત્ર ૧૦૮ B.

(iii) **सेत्तुंज पव्वय—...तं सेयं खलु अम्हं देवाणुप्पिया ! इमं पुव्वगहियं भत्तपाणं परिट्ठवेत्ता सेत्तुंजं पव्वयं सणियं सणियं दुरूहित्तए... ...जेणेव सेत्तुंजे पव्वए तेणेव उवागच्छंति, उवागच्छित्ता सेत्तुंजं पव्वयं दुरूहंति २ जाव कालं अणवकंखमाणा विहरंति ।**

—જ્ઞાતાધર્મકથાંગસૂત્ર, સૂ૦ ૧૩૦ (આગમોદય સમિતિ), પત્ર ૨૨૬ B.

૧૭. (i) **जहा पढमो वग्गो तहा सव्वे अट्ठ अज्झयणा गुणरयणतवोकम्मं सोलसवासाइं परियाओ सेत्तुंजे मासियाए संलेहणाए सिद्धी ।**

—અન્તકૃદ્દશાંગસૂત્ર, સૂ૦ ૩ (આગમોદય સમિતિ), પત્ર ૩ B.

(ii) **छ अज्झयणा एकगमा बत्तीसओ दाओ वीसं वासा परियातो चोद्दस सेत्तुंजे सिद्धा ।**

—અન્તકૃદ્દશાંગસૂત્ર, સૂ૦ ૪ (આગમોદય સમિતિ), પત્ર ૩ B.

(iii) **सेसं जहा गोयमस्स जाव सेत्तुंजे सिद्धे ।**

—અન્તકૃદ્દશાંગસૂત્ર, સૂ૦ ૫ (આગમોદય સમિતિ), પત્ર ૪ A તથા સૂ૦ ૮, પત્ર ૧૪ B.

(iv) **सेसं तं चेव सेत्तुंजे सिद्धे निक्खेवओ ।**

—અન્તકૃદ્દશાંગસૂત્ર, સૂત્ર ૭ (આગમોદય સમિતિ), પત્ર ૧૪ B.

૧૮. **से बेमि जे अईया जे य पडुपन्ना आगमिस्सा अरहंता भगवंतो ते सव्वे एवमाइक्खंति एवं भासंति एवं पण्णविंति एवं परूविंति...॥**

—આચારાંગસૂત્ર, શ્રુ૦ ૧, અ૦ ૪, ઉ૦ ૧.

૧૯. બાવીસમા તીર્થંકર શ્રી અરિષ્ટનેમિના શિષ્ય ગૌતમ અણગાર માસિક સંલેખના વડે શત્રુંજય ગિરિ ઉપર કાળધર્મ પામીને મોક્ષે ગયા હતા, તેનો ઉલ્લેખ આ પ્રમાણે મળે છે—

**...ततेणं से गोतमअणगारे अण्णया कताई जेणेव अरहा अरिट्ठणेमी...तहा थेरेहिं सद्धिं सेत्तुंजए पव्वए दुरूहति, मासियाए संलेहणाए बारस वरिसाइं परियाओ० जाव सिद्धे ॥**

—અન્તકૃદ્દશાંગસૂત્ર, સૂ૦ ૩ (આગમોદય સમિતિ), પત્ર ૩ B.

૨૦. શ્રી ધનેશ્વરસૂરિકૃત 'શ્રી શત્રુંજયમાહાત્મ્ય', શ્રી ધર્મઘોષસૂરિરચિત અને શ્રી શુભશીલ ગણિકૃત વૃત્તિયુક્ત 'સિત્તુંજકપ્પો'—આ બે ગ્રંથોમાં તો મુમુક્ષુ આત્માઓએ શ્રી શત્રુંજય ઉપર કરેલી સાધનાની અનેક કથાઓ સચવાયેલી છે; ઉપરાંત જૈન સાહિત્યમાંના ઉપદેશાત્મક તેમ જ ચરિત્રાત્મક બીજા ગ્રંથોમાં પણ આવી ઘટનાઓ નોંધાયેલી મળે છે.

૨૧. 'પ્રભાવકચરિત્ર'માં આ સંવત વિ૦ સં૦ ૧૨૧૩ જણાવ્યો છે, ત્યારે 'પ્રબંધચિંતામણિ' તથા 'કુમારપાલપ્રતિબોધપ્રબંધ' નામે એક અજ્ઞાતકર્તૃક કૃતિમાં વિ૦ સં૦ ૧૨૧૧ બતાવ્યો છે. આની વધુ માહિતી માટે જુઓ પાંચમા પ્રકરણની પાંચમી પાદનોંધ.

૨૨. પાદનોંધ નં. ૨૧માં સૂચવેલ ત્રણ ગ્રંથો ઉપરાંત 'સિત્તુંજકપ્પો'ની ટીકામાં પણ બાહડ મંત્રીએ કરાવેલ ઉદ્ધારની કથા આપવામાં આવી છે.

૨૩. બાહડ મંત્રીએ કરાવેલ ૧૩મા ઉદ્ધારની કથા ખૂબ હૃદયસ્પર્શી અને ધર્મભાવનાને જાગૃત તથા પુષ્ટ કરે એવી છે. આ કથા પાંચમા પ્રકરણની છઠ્ઠા નંબરની પાદનોંધમાં આપવામાં આવી છે.

૨૪. આ ઉદ્ધાર થયો ત્યાં સુધી તો ગિરિરાજ ઉપર બહુ જ ઓછી સંખ્યામાં દેવમંદિરો હતાં. અને આ પર્વતના બીજા શિખર ઉપર નવ ટૂંકરૂપે દેવમંદિરોનો જે અસાધારણ વૈભવ રચાયો તે તો આ ઉદ્ધાર થયા પછીના સમયમાં જ.

૨૫. એક હજાર વર્ષ કરતાં પણ લાંબા સમય દરમ્યાન આ તીર્થ ઉપર આવતી રહેલી આપત્તિઓની વિગતો ઉપલબ્ધ નથી. આમ છતાં જ્યારે સૌરાષ્ટ્રમાં બૌદ્ધધર્મનું વર્ચસ્વ હતું ત્યારે એ ધર્મના અનુરાગીઓ તરફથી આ તીર્થ ઉપર ઉપદ્રવ થયાની હકીકત કેટલાક પ્રમાણમાં જાણવા મળે છે, જે પાદનોંધ નંબર ૨૬માં આપવામાં આવેલ છે.

૨૬. (i) **बौद्धैरङ्गीकृतं तीर्थं, पुण्डरीकाभिधं वरम् ।**
**ज्ञात्वा धनेश्वराचार्यो वल्लभीनगरे ययौ ॥**

**शिलादित्यनृपं तत्र, प्रबोध्य सूपदेशतः ।**
**जित्वा बौद्धांश्च सिद्धाद्रिं, तीर्थं शीघ्रमवालयत् ॥**

विक्रमार्कान्नृपाद्वर्षे, सप्तसप्तचतुर्मिते ।
शिलादित्यनृपो जैन-धर्मकर्ताऽभवद्वरः ॥
—સિત્તુંજકપ્પો, શુભશીલગણિકૃત ટીકા, ભાગ ૨, પૃ૦ ૧૧૭.

(ii) शिलादित्यनृपो बौद्धान्, प्रपूजयति भक्तितः ।
शत्रुञ्जये च ऋषभ-स्तैर्बुद्धीकृत्य पूजितः ॥
शत्रुञ्जये जिनाधीशं, भवपञ्जरभञ्जनम् ।
कृत्वा श्वेताम्बरायत्तं, यात्रां प्रावर्तयन्नृपः ॥
—પ્રબંધકોશ, મલ્લવાદિપ્રબંધ, શ્લોક ૨૬, ૨૮, પૃ૦ ૨૨-૨૩.

૨૭. કેપ્ટન લી આન્ડ જેકોબે પાલીતાણા નામનો "બૌદ્ધધર્મનાં ત્રિપિટકો જેમાં રચાયાં છે તે પાલી ભાષાનું સ્થાન"—એ મતલબનો પોતાનો અભિપ્રાય આપતાં લખ્યું છે કે—

"The very name of the place, Palitana, or the place of the Palee language, chiefly devoted to them, or to Buddhistical writings, betokens a very ancient period."

—The Palitana Jain Case, p. 18.

કર્નલ ટોડે એમના 'Travels in Western India' નામે પુસ્તક (પૃ૦ ૨૭૫)માં "પાલીતાણા"નો અર્થ "પલ્લીનું રહેઠાણ" ("The dwelling of the Palli") એવો કર્યો છે. આગળ જતાં (પૃ૦ ૨૯૫માં) આ નામ અંગે તેઓએ વધારામાં લખ્યું છે કે, "પલ્લીનું નિવાસસ્થાન આ પર્વતની નજીકમાં જ છે. આ નામમાં શું મહત્ત્વ છે? એ અંગે હું ઘણા વખતથી આશા રાખી બેઠો હતો કે જ્યાં પલ્લી નામની વ્યક્તિએ પોતાના નામ અને પોતાના ધર્મનો પ્રચાર કર્યો હતો, તેનો મને અહીં ખુલાસો મળશે. આ પલ્લી ઇન્ડોસિથિયાની ગલાતી અથવા કેટ્ટી નામની ભ્રમણશીલ જ્ઞાતિનો હશે. પણ અહીં મને આવું કંઈ મળ્યું નથી... ...આના બદલે મને એમ કહેવામાં આવ્યું કે, આ નામનો સંબંધ પાદલિપ્ત નામના એક મંત્રના મોટા જાણકાર [જૈન આચાર્ય] સાથે છે. ... ... ... પાલીતાણા ગામના નામ અંગે વિદ્વાન આચાર્યોએ પાદલિપ્તસૂરિ સાથે જે કંઈ સંબંધ જોડ્યો છે, તે બાલિશ અને અસંતોષકારક છે; અને હું જરા પણ ખમચાયા વગર એ વાતનો ઇન્કાર કરું છું." (...the abode of the Palli is in contact with the mount. "What's in a name?" I had long indulged the most sanguine expectations, that on the spot where the Palli had perpetuated his name and his faith, I should supply one of the many desiderata regarding this nomadic race, the Galatae or Kettae of Indo-Scythia... ... ...instead... ...I was referred to a mighty magician named, Padalipta... ... ...we are thus far constrained to follow the truth of the Mahatma, as expounded by the

learned Acharyas, puerile and unsatisfactory... ...but, ... ... I do not hesitate utterly to reject old Padalipta and his unguents, with whatever magical power he may have possessed, to deny that his name could have been the foundation for that of this abode of Palli.)

ઉપર કર્નલ ટોડે 'મહાત્મ' (Mahatma)નો ઉલ્લેખ કર્યો છે, તે શ્રી ધનેશ્વરસૂરિ-વિરચિત 'શ્રી શત્રુંજયમાહાત્મ્ય'નું સૂચન કરે છે. આ ગ્રંથમાં તેમ જ બીજા અનેક ગ્રંથોમાં પાલીતાણાની સ્થાપના પાદલિપ્તસૂરિના સ્મરણ નિમિત્તે, એમના નામ ઉપરથી, કરવામાં આવી હતી તે સ્પષ્ટ રૂપે જણાવવામાં આવ્યું છે. આમ છતાં ક્યારેય ક્યારેક અંગ્રેજ સંશોધકો અમુક નામ અંગે કેવી વિચિત્ર અને વિલક્ષણ કલ્પના કરી બેસતા હતા અને આપણી પરંપરાગત માન્યતાનો ઇનકાર કરતા હતા, તેનો આ પણ એક નમૂનો છે.

પાલીતાણાની સ્થાપના પાદલિપ્તસૂરિના નામ ઉપરથી, એમના શિષ્ય નાગાર્જુન નામના યોગીએ કરી હતી, એના જૈન સાહિત્યમાં અનેક પુરાવાઓ સચવાયા છે, જેમાંના કેટલાક આ પ્રમાણે છે—

(i) **ततः शत्रुञ्जयं गत्वा, पादलिप्तकसूरियुग् ।**
**विस्तरात् स्नात्रपूजादि, नागार्जुनो व्यधात्तमाम् ॥**
**प्रासादं जर्जरं दृष्ट्वा, नागार्जुनस्तदादरात् ।**
**उद्धार गुरोर्नाम, ददौ कुर्वन् महोत्सवम् ॥**
**उद्धारो विदधे पाद-लिप्तेन गुरुणा किल ।**
**शत्रुञ्जय इति ख्यातिं, व्यस्तारयत् स नागभूः ॥**
**पादलिप्तकसंज्ञं च, पुरं नागार्जुनस्ततः ।**
**वासयित्वा गुरोर्नाम्ना, जिनागारमचीकरत् ॥**

—સિત્તુંજકપ્પો, શુભશીલ ગણિકૃત ટીકા, ભાગ ૨, પૃ૦ ૮૫.

(ii) **ढङ्कपर्वते नागार्जुनः, ...तेन 'पादलिप्तक' पुरं नव्यं कृतम् ॥**

—પ્રબંધકોશ, પાદલિપ્તાચાર્યપ્રબંધ, પૃ૦ ૧૩.

(iii) **तीए पभावओ सो, वंदइ उज्जितमाइसु जिणिंदे ।**
**पालित्ताणं च पुरं, संठावइ सूरिनामेणं ॥**


—ધર્મરત્નપ્રકરણ, સુખબોધા ટીકા, ગાથા ૨૮નું વિવેચન.

૨૮. All that is most celebrated for antiquity or sanctity, is contained in this court: but sectarian animosities, the ambition to be regarded as founders, and the bigotry of other creeds, have all conspired to deface the good works which Faith had planted on this holy mount. It is notorious, that sectarian

ગિરિરાજ ઉપરની વિ. સં. ૧૦૬૪ ના લેખવાળી ગણધર પુંડરીક-સ્વામીની સૌથી પ્રાચીન પ્રતિમા
( જુઓ, પૃ. ૨૪, ૪૨ )




આ પ્રતિમા ઉપરના લેખની છબી
( જુઓ, પૃ. ૪૨ )







આચાર્ય શ્રી રાજસાગરસૂરિજી તથા નગરશેઠ શાંતિદાસ ઝવેરી
( જુઓ, પૃ. ૫૫, ૬૧, ૮૫ થી ૮૯ તથા પ્રસ્તાવના પૃ. ૧૫ )





પાલીતાણા શહેરમાં, મોટા દેરાસરની નજીકમાં આવેલ નગરશેઠ શાંતિદાસ ઝવેરીની મેડીનું સ્થાન;
અહીં "ચંચળબેન જૈન ઉપાશ્રય" નામના બહેનોના ઉપાશ્રયની નવી ઈમારત
વિ. સં. ૨૦૧૪ માં, બાંધવામાં આવી છે.




શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વિ. સં. ૧૭૮૭માં મોજૂદ હોવાનો પુરાવો.
શ્રી સિદ્ધાચલજી તીર્થની વિ. સં. ૧૭૮૭ની ખાતાવહીમાંનાં ખાતાંઓની યાદી.
આ યાદીની છેલ્લી લીટીમાં પેઢીનું ખાતું ૯મે પાને હોવાનું નોંધ્યું છે.

( જુઓ, પૃ. ૧૦૭ )




વિ. સં. ૧૭૮૭ ની ખાતાવહીમાં ૯મે પાને આણંદજી કલ્યાણજી,
શ્રી રાજનગરના ખાતામાં ખતવેલી રકમો (જુઓ, પૃ. ૧૦૭)



વિ. સં. ૧૭૮૧ના શ્રી સિદ્ધાચલજીના રોજમેળમાં લખેલ કોઈ કરારની બીજી લીટીમાં આણંદજી કલ્યાણજીનું નામ છે. ( જુઓ પૃ. ૧૦૮ )




શ્રેષ્ઠી નારાયણની વિ. સં. ૧૧૩૧ ની મૂર્તિ (શ્રી પુંડરીક-સ્વામીની વિ. સં. ૧૦૬૪ની પ્રતિમા પછી પ્રાચીનતામાં આ મૂર્તિની ગણતરી થાય છે.) અત્યારે આ મૂર્તિ શ્રી શાંતિનાથ ભગવાનના દેરાસરમાં પ્રવેશદ્વારની પાસે રાખવામાં આવી છે.



શ્રી.

શ્રી. પવિત્ર શેત્રુંજા ડુંગર ઉપર શ્રી ચોમુખજીની ટુંકમાં સ. ૧૭૮૭ થી તે સં. ૧૮૮૦
સુધીમાં દેરાસર કામ કરેલ તેના ખાતા વીગેરે આજ ત્યાર નીચે મુજબ.

પેઢીના દફતરની ચીવટભરી સાચવણીનો પુરાવો ( જુઓ. પૃ. ૧૦૫, ૧૧૬ )



॥ संवत् १८६७ ना वर्षे चैत्र सु
द १५ दने संघ समस्त मलिकरीने
लषाव्युं छे जे हाथी पोलना चोकम
ध्ये कोइए देरासर करवा नथी मे त्र
ने जो कदाचित देरासर जो कोइए क
रावे तो तिर्थ तथा समस्त संघनो गु
न्हे छे समस्त संघ देसावरना ते ता
मलीने ए रीते लषाव्युं छे ते चोकम
ध्ये ओवली तथा पीवलानी साह मार
रुण तथा उत्तर दिशे तथा पुर्व दिशि
मा दरी जे कोई देरासर करावे तेने
समस्त संघनो गुन्हो छे सहि छे।
सा १८६७ ना वर्षे चैत्र सुद १५ दने

હાથીપોળમાં નવું દેરું નહીં બંધાવવાનો વિ. સં. ૧૮૬૭નો શ્રીસંઘનો આદેશ ફરમાવતો લેખ ( જુઓ, પૃ. ૬૪)

zeal, amongst persons of similar faith, is more destructive than the hatred of those of dissimilar creeds; and here, from the mouths of learned Jains, whose universal law is to 'hurt no sentient being', I became acquainted with the fact, that the wars of their two chief sects, the Tup-gacha and Khartra-gacha, did more than the Islamites to destroy all records of the past; for 'when the Tup has had the ascendancy, they tore down the inscribed tablets of the Khartras, and replaced them by their own, which again were broken into fragments, when, during the reigh of Sid Raj, the Khartras had power.'

—Travels in Western India, p. 284.

**નોંધ**—કર્નલ જેમ્સ ટોડે પોતાના ઉપરના લખાણમાં પોતે જ સૂચવ્યું છે કે, એમને બે ગચ્છો વચ્ચેના ઝઘડાને કારણે પાલીતાણાના ગિરિરાજ ઉપરના પ્રાચીન સ્થાપત્યને, ખાસ કરીને શિલાલેખોને, નુકસાન પહોંચ્યાની હકીકત વિદ્વાન જૈન સાધુઓ પાસેથી જાણવા મળી હતી; પણ જે સાધુઓએ આવી માહિતી આપી હોય તેઓએ અમુક ગચ્છ તરફ પક્ષપાત બતાવીને સત્યથી વેગળી માહિતી આપી હોય એવું કેમ ન બન્યું હોય ?

જાણીતા પુરાતત્ત્વાચાર્ય શ્રી જિનવિજયજીએ કર્નલ ટોડના આ કથનને ધ્યાનમાં લેવા જેવું માનીને, એમણે સંપાદિત કરેલ, 'શત્રુંજયતીર્થોદ્ધારપ્રબંધ'ના ઉપોદ્ઘાત (પૃ૦ ૨૬)માં કહ્યું છે કે, "**भारतहितैषी इस सज्जन पुरुष के कथन में बहुत कुछ सत्यता है, ऐसा मैं अपने अन्यान्य अनुभवों से कह सकता हूं।... ... ... ...ऐसा ही निन्द्य कृत्य, संकुचित विचार वाले क्षुद्र मनुष्यों द्वारा, टाड साहब के कथनानुसार, शिलालेखों के विषय में भी किया गया हो तो उस में आश्चर्य नहीं। चाहे कुछ भी हो, परन्तु इतना तो सत्य है कि, शत्रुंजय के मन्दिरों की ओर देखते, उन की प्राचीनता सिद्ध करने वाले प्रामाणिक साधन हमारे लिये बहुत कम मिलते हैं।**"

કર્નલ ટોડના આ મતની સામે તેઓ, શત્રુંજય ઉપર પ્રાચીન અવશેષો કેમ નથી મળતાં ?—એનો ખુલાસો કરતાં, એ જ ઉપોદ્ઘાત (પૃ૦ ૨૫-૨૬)માં કહે છે કે, "**कारण यह है कि यहां पर जितने पुराणे मन्दिर हैं उन सब का अनेक बार पुनरुद्धार-संस्कार हो गया है। उद्धार कर्ताओं ने उद्धार करते समय, प्राचीन कारीगरी, बनावट और शिलालेखों आदि की रक्षा तरफ बिलकुल ही ध्यान न रक्खा। इस कारण, पुरातत्त्वज्ञ की दृष्टि में, इन में कौनसा भाग नया और कौनसा पुराणा है, यह नहीं ज्ञात होता।**"

શ્રીમાન જિનવિજયજીનું આ કથન શત્રુંજય ઉપર પ્રાચીન સ્થાપત્યના અવશેષો નહીં મળવાના કારણનો બુદ્ધિગમ્ય અને માની શકાય એવો ખુલાસો આપે છે, એ જોઈ શકાય છે.

વળી, કર્નલ ટોડના કથનના અનુસંધાનમાં, એક વાત એ પણ ધ્યાનમાં રાખવી જરૂરી છે કે, જેમ કોઈ સ્થાપત્યની પ્રાચીનતાને સમજવા કે પુરવાર કરવા માટે શિલાલેખ એ ઉત્તમ અને અકાટ્ય સાધન લેખાય છે તેમ, કોઈ સ્થાપત્યનો શિલાલેખ ખોવાઈ ગયો હોય કે ભૂંસાઈ ગયો હોય તો છેવટે, પુરાતત્ત્વવિદ્યાના નિષ્ણાતો ઇમારતનું શિલ્પકામ જોઈને પણ એની પ્રાચીનતા કે અર્વાચીનતાનો, મોટે ભાગે, યથાર્થ નિર્ણય કરી શકે છે. ઉપર 'કર્નલ ટોડના આ કથનને કેટલું વજૂદ આપવું એ વિચારણીય છે' એમ જે સૂચવવામાં આવ્યું છે તેનું એક અને મુખ્ય કારણ આ જ છે.

૨૯. આ શિલાલેખ આ પ્રમાણે છે—

[1] **श्रीमद्युगादिदेवस्य पुण्डरीकस्य च क्रमौ ।**
**ध्यात्वा शत्रुंजये शुद्ध्यत्सलेस्या(श्या)ध्यानसंयमैः ॥**

**श्रीसंगमसिद्धमुनिर्विद्याध [2] रकुलनभस्तलमृगांकः ।**
**दिवसैश्चतुर्भिरधिकैर्मासमुपोष्याचलितसत्त्वः ॥**

**वर्षसहस्रे षष्ट्याचतुरन्वितयाधिके दिवमगच्छत् ।**
[3] **सोमदिन आग्रहायणमासे कृष्णद्वितीयायाम् ॥**

**अम्मैयकः शुभं तस्य श्रेष्ठिरोधैर्यकात्मकः ।**
**पुण्डरीकपदासंगि चैत्यमेतदचीकरत् ॥**

૩૦. આ પ્રસંગની કથા પાંચમા પ્રકરણની આઠમા નંબરની પાદનોંધમાં આપવામાં આવી છે.

૩૧. મહામંત્રી વસ્તુપાળનો સ્વર્ગવાસ થયાના બે સંવત મળે છે. એક વિ૦ સં૦ ૧૨૯૬ અને બીજો વિ૦ સં૦ ૧૨૯૮. વિ. સં૦ ૧૨૯૬નો ઉલ્લેખ 'વસંતવિલાસ' નામના કાવ્યમાં આપવામાં આવેલ છે. આ કાવ્યની રચના ચંદ્રગચ્છીય શ્રી હરિભદ્રસૂરિના પટ્ટધર અને મહામંત્રી વસ્તુપાલના સમકાલીન બાલચંદ્રસૂરિએ કરેલ છે. આ કાવ્યમાં મહામંત્રી વસ્તુપાલનાં ધર્મકાર્યોની પ્રશસ્તિ કરવામાં આવેલ છે. વળી, આ કાવ્યના ચૌદમા સર્ગના સાડત્રીસમા શ્લોકમાં વસ્તુપાળના સ્વર્ગવાસની સાલ આપવા ઉપરાંત મહિનો, તિથિ અને વાર પણ આપવામાં આવેલ છે. આ ઉલ્લેખ પ્રમાણે વસ્તુપાળનો સ્વર્ગવાસ વિ૦ સં૦ ૧૨૯૬ માહ શુદિ પાંચમ (વસંતપંચમી) ને રવિવારના રોજ થયો હતો. વળી આ કાવ્યના ચૌદમા સર્ગના એકાવનમાં શ્લોકમાં જણાવ્યા મુજબ, મહામંત્રીનો સ્વર્ગવાસ, અંકેવાળીઆ ગામમાં કે બીજા કોઈ સ્થાનમાં નહીં પણ, ગિરિરાજ શ્રી શત્રુંજય ઉપર જ થયો હતો. કવિ બાલચંદ્રસૂરિએ આ કાવ્યની રચના ક્યારે કરી હતી એનો સંવત તો કાવ્યમાં નોંધ્યો નથી; પણ કવિએ આ કાવ્યની

રચના, મહામંત્રી વસ્તુપાળના પુત્ર જૈત્રસિંહ (જયંતસિંહ)ની વિનંતિથી કરી હતી, એટલે આ કાવ્યનો સમય વિક્રમની તેરમી સદીનો છેક અંત ભાગ કે વધુમાં વધુ ચૌદમી સદીનો પહેલો દસકો ગણી શકાય. આ રીતે વસ્તુપાળના સ્વર્ગવાસના સમય અને સ્થળ સંબંધી સૌથી પહેલો અને એકાદ દાયકા જેટલા ટૂંકા સમયાંતરવાળો ઉલ્લેખ આ કાવ્યમાં જ થયેલો હોવાથી એને પ્રમાણભૂત ગણવાનું મન થાય એ સ્વાભાવિક છે. આની સાથે સાથે એક વાત એ પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે, આ કાવ્યમાં મહામાત્ય વસ્તુપાળના સ્વર્ગગમનના સમય અને સ્થળ સંબંધી આટલો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો હોવા છતાં, મંત્રીશ્વરના સ્વર્ગારોહણની સ્મૃતિમાં, શત્રુંજયતીર્થ ઉપર સ્વર્ગારોહણપ્રાસાદ બનાવવામાં આવ્યા સંબંધી કશો જ ઉલ્લેખ એમાં કરવામાં આવ્યો નથી; જ્યારે કેટલાક ગ્રંથોમાં સ્વર્ગારોહણપ્રાસાદ બનાવ્યા સંબંધી સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો છે, એટલું જ નહીં, કેટલીક તીર્થમાળાઓના કર્તાઓએ તો, પોતે સ્વર્ગારોહણપ્રાસાદનાં દર્શન કર્યાનું પણ પોતાની તીર્થમાળાઓમાં નોંધ્યું છે.

મોટે ભાગે વસ્તુપાળના સ્વર્ગવાસની સાલ વિ૦ સં૦ ૧૨૯૮ની માનવામાં આવે છે અને તેને 'પ્રબંધકોશ', 'પુરાતનપ્રબંધસંગ્રહ' તથા 'શ્રી વસ્તુપાલચરિત'નો આધાર છે.

'પ્રબંધકોશ'માં આ પ્રસંગનો ઉલ્લેખ (પૃ૦ ૧૨૭-૧૨૯માં) આ પ્રમાણે છે—

**अथ विक्रमादित्यात् १२९८ वर्षं प्राप्तम् । श्रीवस्तुपालो ज्वररुक्क्लेशेन पीडितः [तदा] तेजःपालं सपुत्रपौत्रं स्वपुत्रं च जयन्तसिंहमभाषत–वत्सा ! श्रीनरचन्द्रसूरिभिर्मलधारिभिः संवत् १२८७ वर्षे भाद्रपदवदि १० दिने दिवंगमसमये वयमुक्ताः–मन्त्रिन् ! भवतां १२९८ वर्षे स्वर्गारोहो भविष्यति। तेषां च वचांसि न चलन्ति, गीःसिद्धिसम्पन्नत्वात् । ततो वयं श्रीशत्रुञ्जयं गमिष्याम एव । ... ... ... अथ चचाल वस्तुपालः । अङ्केवालिआग्रामं यावत्प्राप, तत्र शरीरं बाढमसहं दृष्ट्वा तस्थौ । ... ... इति भणन्नेवास्तमितो जैनशासनगगनमण्डलमृगाङ्कः श्रीवस्तुपालः । ... ... ... ततस्तेजःपाल-जयन्तसिंहाभ्यां मन्त्रिदेहस्य शत्रुञ्जयैकदेशे संस्कारः कृतः । संस्कारभूम्यासन्नः स्वर्गारोहणनामा प्रासादो नमि-विनमियुतऋषभसनाथः कारितः ।**

આ ઉલ્લેખ પ્રમાણે અંકેવાળિયા ગામમાં મંત્રીશ્વરનો સ્વર્ગવાસ થયા બાદ એમના મૃત દેહને ગિરિરાજ શત્રુંજય ઉપર લઈ જઈને ત્યાં તેનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો. અને એ અગ્નિસંસ્કારની ભૂમિની પાસે સ્વર્ગારોહણ નામે જિનપ્રાસાદ બનાવીને તેમાં નમિ-વિનમિયુક્ત શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિમા પધરાવવામાં આવી હતી.

'પુરાતનપ્રબંધસંગ્રહ'માં (પૃ૦ ૬૮માં) આ પ્રસંગ આ રીતે નોંધાયેલો છે—

**संवत् १२९८ वर्षे जातकेनायुषोऽन्तं परिज्ञाय नृपं मुत्कलापयामास–**

**देव ! क्षम्यताम्, यत्स्वामिन ऊनं न्यूनं वा कृतः। राजा–हे मन्त्रिन् ! कथमेतत् ?। देवसेवायै यास्यामि । ... ... ... मन्त्री अंकेवालिआग्रामे गतः। गुरवस्तत्रोक्ताः–भगवन् ! मेऽनशनं प्रयच्छत । तत्र तेजःपालानुमत्या गुरुभिरनशनं प्रदत्तम् । मन्त्री क्षमित-क्षामणापूर्वं पञ्च परमेष्ठिनः स्मरन् स्वर्गं गतः । संस्कारादनु तेजःपालेनास्थीनि श्रीशत्रुञ्जये प्रहितानि । तत्र स्वर्गारोहणप्रासादः कारितः ।**

આ ઉલ્લેખ પ્રમાણે મંત્રીના મૃત દેહનો અગ્નિસંસ્કાર ગિરિરાજ શ્રી શત્રુંજય ઉપર નહીં, પણ અંકેવાલિઆ ગામમાં જ કરવામાં આવ્યો હતો અને તે પછી એમના આસ્થને ગિરિરાજ ઉપર લઈ જઈને ત્યાં એના ઉપર સ્વર્ગારોહણપ્રાસાદ બનાવવામાં આવ્યો હતો.

તીર્થાધિરાજની પવિત્રતાની દૃષ્ટિએ તેમ જ એની આશાતનાનો દોષ ન લાગે એ દૃષ્ટિએ પણ મંત્રીના મૃત દેહને ત્યાં લઈ જઈને ત્યાં એનો અગ્નિસંસ્કાર કરવાને બદલે એમના અસ્થિને કોઈક સ્થાને પધરાવીને એના ઉપર સ્વર્ગારોહણપ્રાસાદ બનાવવાની વાત વધારે ઉચિત અને માનવા યોગ્ય લાગે છે.

'પ્રબંધચિંતામણિ'માં તેઓનો સ્વર્ગવાસ અંકેવાળિયા ગામમાં થયાનો તેમ જ એમના અગ્નિસંસ્કારની ભૂમિ ઉપર સ્વર્ગારોહણપ્રાસાદ બનાવ્યાનો ઉલ્લેખ તો છે, પણ એમાં ન તો સ્વર્ગવાસની સાલનો નિર્દેશ છે કે ન તો સ્વર્ગારોહણપ્રાસાદ ગિરિરાજ ઉપર બનાવ્યાનો નિર્દેશ છે. આ પ્રસંગનો ઉલ્લેખ આ ગ્રંથમાં (પૃ૦ ૧૦૫માં) આ રીતે સચવાયેલો છે—

**आकेवालीयाग्रामे... ... ...नमोऽर्हद्भ्यो नमोऽर्हद्भ्य इत्यक्षरैः समं परिहृतसप्तधातुबद्धशरीरः स्वकृतकृतोपमसुकृतफलमुपभोक्तुं स्वर्लोकमलंचकार। तत्संस्कारस्थानेऽनुजश्रीतेजःपाल-सुतजैत्रसिंहाभ्यां श्रीयुगादिदेवदीक्षावस्थामूर्त्तिनालंकृतः स्वर्गारोहणप्रासादोऽकारि ।**

વળી શ્રી જિનહર્ષ ગણિવિરચિત 'શ્રી વસ્તુપાલચરિત'માં, પ્રસ્તાવ ૮, શ્લોક ૫૪૨, ૫૭૫, ૫૮૫ થી ૫૮૮માં, આ પ્રસંગનું જે વર્ણન આપવામાં આવ્યું છે, તે 'પ્રબંધકોશ'ના વર્ણનને જ મળતું છે. અર્થાત્ મહામંત્રીનો સ્વર્ગવાસ વિ૦ સં૦ ૧૨૯૮માં થયો હતો; એમના મૃત દેહને શત્રુંજયગિરિ ઉપર લઈ જઈને એનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો અને એમના અગ્નિસંસ્કારના સ્થાને સ્વર્ગારોહણપ્રાસાદની રચના કરવામાં આવી હતી. આ ઉપરાંત આમાં વધારામાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે તે વખતના ચૌલુક્ય રાજવી વિસલદેવની આજ્ઞાથી અંકેવાલિઆ ગામ જિનપૂજાને માટે ભેટ આપવામાં આવ્યું હતું. આ ઉલ્લેખ આ પ્રમાણે છે—

**तत्र श्रीजिनपूजायै, चौलुक्येश्वरशासनात् ।**
**तेनार्कपालिकग्रामो देवदाये कृतस्ततः ॥ ५८८ ॥**

ગિરિરાજ શ્રી શત્રુંજય ઉપર કયા સ્થાને આ સ્વર્ગારોહણ પ્રાસાદની રચના *કરવામાં આવી હશે, તે સ્થાન સંબંધી ચોક્કસ નિર્ણય થઈ શકે એવી સ્થિતિ અત્યારે* નથી. કારણ કે, આ જિનપ્રાસાદના કોઈ પણ પ્રકારના અવશેષો આજે જોવામાં આવતા નથી. આમ છતાં આ સ્થાન કયું હોઈ શકે એ સંબંધી એક જિજ્ઞાસુએ જે કલ્પના કરેલ છે તે તથા એક વિદ્વાને અભ્યાસ કરીને જે નિર્ણય કરેલ છે, તે અહીં રજૂ કરવાં ઉચિત લાગે છે.

(i) ભાવનગરની શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના માસિક મુખપત્ર 'જૈન ધર્મ પ્રકાશ'ના વિ૦ સં૦ ૧૯૭૪ના જેઠ માસના અંકમાં આ સ્થાન સંબંધી ચર્ચા કરતો એક નાનો લેખ પ્રગટ થયો છે, તેમાં જણાવવામાં આવ્યું છે કે—

"ડુંગર ઉપર મૂળનાયકજીના દેરાસરજીના ઉત્તરાદા કરાની સામે અને રાયણ પગલાંની પાસે પથ્થરમાં કોરેલી જાળીવાળું નાનું એક દેરાસર હાલ ઊભું છે. તે ઉગમણા બારનું છે. તેમાં આસપાસ નમિ તથા વિનમિ તથા વચ્ચે કાયોત્સર્ગ ધ્યાને ઊભેલી શ્રી આદીશ્વર દાદાની મૂર્તિ છે. ... ... ... ... આ સિવાય આખા ડુંગર ઉપર આવું બીજું કોઈ સ્થળ નથી. મૂળનાયકના દેરાસરજીના પશ્ચિમ તરફના ઉત્તરાદા કરા અને આ દેરાસરજી વચ્ચે ફૂટ—નું અંતર છે. ઉપરની તમામ હકીકતથી સિદ્ધ થાય છે કે મહાન જૈન મંત્રી વસ્તુપાળના દેહને ડુંગર ઉપર દાદાના દેરાસરજીની નજીક અગ્નિસંસ્કાર કરવામાં આવેલો અને તે જગ્યા ઉપર તેમના ભાઈ તથા પુત્રે સ્વર્ગારોહણ નામનું ઉપર જણાવેલું દેરાસર બંધાવેલું."

આ લેખમાં સૂચવ્યા મુજબનું દેરાસર નજરે જોતાં પહેલી જ દૃષ્ટિએ મનમાં એવો ખ્યાલ ઊભો થાય છે કે, સ્વર્ગારોહણપ્રાસાદનું સ્થાન આ ન જ હોઈ શકે. કારણ કે, (૧) જેને દેરાસર કહેવામાં આવે છે એ દેરાસર નહીં પણ દેરી છે અને એમાં બિરાજમાન કરવામાં આવેલી ત્રણેય પ્રતિમાઓ નાના કદની છે. (૨) પ્રતિમાઓ નાના કદની હોવા અંગેનો વાંધો જતો કરીએ તોપણ આ દેરાસર એવું મોટું નથી કે જેને જિનપ્રાસાદ (સ્વર્ગારોહણપ્રાસાદ) જેવું મોટું નામ આપી શકાય; ખરી રીતે તો એને દેરી કહી શકાય એવું જ એ સ્થાન છે. (૩) આ બે ઉપરાંત સૌથી મોટો વાંધો તો એ છે કે, મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનના મુખ્ય જિનપ્રાસાદની પાછળના ભાગમાં, પંદરેક ફૂટના અંતરે, કોઈ પણ વ્યક્તિના મૃત દેહને અગ્નિસંસ્કાર કરવામાં આવે એ કોઈ રીતે સંભવિત લાગતું નથી; પણ ઊલટું એથી તો તીર્થની આશાતના થવાનો જ પ્રસંગ ઊભો થાય છે. એટલે આ લખાણમાં આ સ્થાન અંગે જે કલ્પના કરવામાં આવી છે તે કોઈ રીતે માની શકાય એવી નથી.

(ii) જાણીતા પુરાતત્ત્વવિદ શ્રીયુત મધુસૂદનભાઈ ઢાંકીએ અવલોકન તથા અભ્યાસ કરીને, 'તીર્થાધિરાજ શ્રી શત્રુંજય' (ટૂંક પરિચય) નામે એક નાની પણ પ્રમાણભૂત તથા સચિત્ર પુસ્તિકા લખી છે અને એમાં શત્રુંજય તીર્થ અંગેની મુખ્ય મુખ્ય જાણવા

જેવી બાબતોનો પરિચય તેમણે આપ્યો છે. આ પુસ્તિકા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી પ્રગટ કરવામાં આવી છે. આ પુસ્તિકામાં (પૃ૦ ૫-૬માં) 'સ્વર્ગારોહણ-પ્રાસાદ'ના સ્થાન અંગે પોતાનો નિર્ણય રજૂ કરતાં શ્રીયુત ઢાંકીએ આ પ્રમાણે લખ્યું છે—

"અગાઉ મોતીશાની ટૂકને સ્થાને મંત્રી તેજપાળે પોતાની પત્ની અનુપમાદેવીના નામથી બંધાવેલ 'અનુપમા-સરોવર' હતું; પાછલા કાળમાં તે 'કુંતાસર' નામથી ઓળખાતું. (આ સરોવરની પાળે, મંત્રીશ્વર વસ્તુપાળની અગ્નિદાહભૂમિ પર, મંત્રી તેજપાળે 'સ્વર્ગારોહણપ્રાસાદ' બંધાવી તેમાં નમિ-વિનમિ સમેત ભગવાન ઋષભદેવની પ્રતિમાની સ્થાપના કરેલી)."

શ્રીયુત ઢાંકીએ સ્વર્ગારોહણપ્રાસાદના સ્થળ અંગે પોતાનો જે નિર્ણય ઉપર આપ્યો છે, તે પ્રાચીન તીર્થમાળાઓના આધારે આપ્યો હોવો જોઈએ, એમ કેટલીક પ્રાચીન તીર્થમાળાઓ જોતાં જણાઈ આવે છે. આવા ત્રણ આધારો આચાર્ય શ્રી વિજયધર્મસૂરિ (કાશીવાળા)એ સંપાદિત કરેલ 'પ્રાચીન તીર્થમાળા સંગ્રહ' ભાગ પહેલામાંથી મળી આવે છે, જે આ પ્રમાણે છે—

(૧) ઉપાધ્યાય શ્રી ભાનુચંદ્રના શિષ્ય પં૦ શ્રી દેવચંદ્રજીએ રચેલ 'શત્રુંજય-તીર્થ-પરિપાટી'ની બીજી ઢાળની છઠ્ઠી કડી (પૃ૦ ૪૧)માં સ્વર્ગારોહણપ્રાસાદના સ્થાનનું સૂચન આ રીતે કરવામાં આવ્યું છે—

ત્રિહુરૂપેં ઋષભ નમું એ સરગારોહિણી નાંમ કિ,
ચોરી રાજીમતીતણી એ દીઠી અતિ અભિરામ કિ. આ૦ ૬

આ પરિપાટીની રચનાનો સંવત તો એને અંતે આપવામાં આવ્યો નથી, પણ આ તીર્થયાત્રા શ્રી દેવચંદ્રજીએ વિ૦ સં૦ ૧૬૯૬માં કરી હતી તેથી, ઉપરની કડીમાં સૂચવ્યું છે તેમ, તે વખતે—એટલે કે સ્વર્ગારોહણપ્રાસાદની રચના થયા પછી ચારસો વર્ષે—પણ, નેમનાથની ચોરી તરીકે જાણીતા દેરાસરની નજીકમાં જ, સ્વર્ગારોહણપ્રાસાદ વિદ્યમાન હતો એમ જાણી શકાય છે.

(૨) એક અજ્ઞાતકર્તૃક 'શત્રુંજય-ચૈત્ય-પરિપાટી'માં બે કડીઓ (પૃ૦ ૧૫૫)માં આ વાતનો આ પ્રમાણે ઉલ્લેખ મળે છે—

હિવ અણુપમસરપાલિ વેશ્યાવસહી જિણ નમૂઅં;
સરગારોહ નિહાલિ ત્રિહુરૂપે સિરિ રિસહજિણું. ૭.
સરહપાલિહિં સરહપાલિહિં સરગારોહ ત્રિહુરૂપે,
સિરિરિસહજિણું નમિવનમિખેચરહિં સેવીય. ૧૭.

આ ઉપરથી એમ જાણવા મળે છે કે, આ સ્વર્ગારોહણપ્રાસાદ અનોપમા સરોવરને કિનારે બનાવવામાં આવ્યો હતો અને એમાં નમિ-વિનમિ નામે વિદ્યાધરોની મૂર્તિઓ સાથે ભગવાન ઋષભદેવની મૂર્તિ પધરાવવામાં આવી હતી.

(૩) વિક્રમની સોળમી સદીના ઉત્તરાર્ધમાં થયેલ કવિ ખીમાએ રચેલ 'શત્રુંજય-ચૈત્ય-પરિપાટી'ની આઠમી ચોપાઈમાં આ વાતનો નિર્દેશ આ રીતે કરવામાં આવ્યો છે—

તિહાં ડાવઈ અનોપમશર અછઈ સ્વર્ગારોહણુ વંદૂં પછઈ;
વાઘિણિ પેખૂં પહિલઈ બારિ આગલિ પુહતુ પોલિ પગારિ. ૮.

આ ત્રણેય ઉલ્લેખો પ્રમાણે, વાઘણપોળની બહારના ભાગમાં, અનોપમા સરોવરના કિનારા પાસે જ, સ્વર્ગારોહણપ્રાસાદ બનાવવામાં આવ્યો હતો, જે તે વખતે નેમિનાથની ચોરીના દેરાસરની નજીક જ હશે.

વળી, શ્રી દેવવિમલ ગણિએ સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં રચેલ "હીરસૌભાગ્ય" કાવ્યમાં જ્યાં જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિજીએ શ્રી શત્રુંજયનાં દેરાસરોનાં દર્શન કર્યાનું લખ્યું છે, એમાં (સર્ગ ૧૬, શ્લોક ૪૬માં) પણ સ્વર્ગારોહણપ્રાસાદનું નામ મળે છે.

ઉપર ટાંકેલ શ્રી દેવચંદ્રજીની પરિપાટીની કડીમાં તથા અજ્ઞાતકર્તૃક પરિપાટીની કડીમાં ભગવાન ઋષભદેવની પ્રતિમાનું "ત્રિહુરૂપે"–ત્રણ રૂપમાં–દર્શન કર્યાનું લખ્યું છે, તેની કથા આનંદ અને ભક્તિભાવ ઉપજાવે એવી છે. આ કથાનો ભાવ સંક્ષેપમાં એવો છે કે, રાજા ઋષભદેવે દીક્ષા લેવાની પૂર્વતૈયારી રૂપે, એક બાજુ વાર્ષિક દાન આપ્યું અને બીજી બાજુ પોતાનું રાજ્ય પોતાના એકસો પુત્રોને વહેંચી આપ્યું; તે પહેલાં કચ્છ અને મહાકચ્છના પુત્રો નમિ અને વિનમિ, રાજા ઋષભદેવની આજ્ઞાથી, પરદેશ ગયા હતા એટલે એમને રાજા ઋષભદેવ પાસેથી કશી જ સંપત્તિ કે જમીન ભેટ મળી ન હતી.

તેઓ પરદેશથી પાછા આવ્યા, ત્યારે એમણે જાણ્યું કે રાજા ઋષભદેવ તો, પોતાના સર્વસ્વનો ત્યાગ કરીને, આત્મસાધનામાં લીન થઈ ગયા છે. પણ સાવ ભોળા સ્વભાવના નમિ-વિનમિને તો ભગવાન પાસેથી પોતાનો ભાગ મેળવવો જ હતો, એટલે તેઓ ધ્યાન-મૌનમાં રહેલ ભગવાનની પાસે જઈને યાચના કરવા લાગ્યા. પણ ભગવાન તો ન કશું બોલે કે ન ચાલે. પણ એ બેય જણા તો, તલવારની ધારની જેમ, પૂરા ભક્તિભાવથી ભગવાનની સેવા કરવા લાગ્યા. આથી ભગવાન તો પ્રસન્ન ન થયા, પણ પ્રભુના સેવક નાગરાજ ધરણેન્દ્રે એમના ઉપર પ્રસન્ન થઈને, એમને ખેચરી વિદ્યા આપીને, એમને વિદ્યાધરની ઋદ્ધિ-સિદ્ધિ આપી.

નમિ-વિનમિની તલવારની ધાર જેવી સેવાની યાદમાં જ્યાં પણ ભગવાન ઋષભ-દેવની પ્રતિમાની આસપાસ નમિ-વિનમિ વિદ્યાધરોની મૂર્તિઓ મૂકવામાં આવે છે, ત્યાં ભગવાનની બન્ને બાજુ તલવારનું શિલ્પ કોતરવામાં આવે છે. આ તલવારનું પાનું એટલુ ચકચકિત કલ્પવામાં આવે છે કે એ બન્નેમાં ભગવાનની પ્રતિમાનાં પ્રતિબિંબ પડે છે; અને તેથી ભગવાનનાં ત્રણ રૂપ જોવા મળે છે. "ત્રિહુરૂપ"નો આ ભાવ છે.

("જૈન ધર્મ પ્રકાશ"ના ઉપર ટાંકવામાં આવેલ લખાણમાં રાયણપગલાં પાસેની દેરીમાં નમિ-વિનમિની મૂર્તિઓ યુક્ત ભગવાન ઋષભદેવની ઊભી પ્રતિમા હોવાનું લખ્યું છે, એમાં બે ઊભી તલવારોનું શિલ્પ પણ કોતરવામાં આવ્યું છે.)

૫

# તીર્થાધિરાજ શ્રી શત્રુંજય

## (૨)

## વહીવટ અને વિસ્તાર

તીર્થધામની પ્રભાવના અને જાહોજલાલીમાં આંતરિક અને બાહ્ય એમ બંને પ્રકારનાં નિમિત્તોથી અભિવૃદ્ધિ થવા પામે છે. આંતરિક કારણ તે, જનસમૂહની જે તે તીર્થધામ પ્રત્યેની આસ્થા અને ભક્તિ; અને બાહ્ય કારણ તે, જે તે તીર્થસ્થાનની સાચવણી માટેની વ્યવસ્થા તથા યાત્રાળુઓની સારી રીતે રક્ષા કરી શકે અને સગવડ સાચવી શકે એવો વહીવટ. બીજાં બીજાં કાર્યો કે ક્ષેત્રોની વ્યવસ્થા કરતાં તીર્થસ્થાનનો તેમ જ કોઈ પણ ધાર્મિક ક્ષેત્રનો વહીવટ સંભાળતા વ્યવસ્થાતંત્રમાં મોટો અને પાયાનો તફાવત એ હોય છે કે, ધાર્મિક બાબતોને લગતું વ્યવસ્થાતંત્ર ભાવનાશીલતા, ભક્તિ-પરાયણતા અને ધર્માનુરાગથી સુરભિત હોવું જોઈએ. આવું ગુણિયલ વ્યવસ્થાતંત્ર જ યાત્રાળુ ભાઈઓ-બહેનોની ધર્મભાવનાને સરખી રીતે ન્યાય આપીને એમને વધારે પ્રમાણમાં આકર્ષી શકે અને તીર્થના મહિમામાં વધારો કરી શકે.

તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તરફની જૈન સંઘની શ્રદ્ધા-ભક્તિ તો છેક પ્રાચીન કાળથી જીવંતરૂપે ચાલી આવે છે. કોઈ અસાધારણ સંકટને કારણે ક્યારેક આ મહાતીર્થની યાત્રા કરવાનું, અમુક વખત માટે, સ્થગિત કરી દેવું પડ્યું હોય તેવા સમયમાં પણ શ્રીસંઘની ભાવના તો આ તીર્થની યાત્રા કરવાની જ હોય છે; અને યાત્રા કરવાના સંયોગો વહેલામાં વહેલા ઊભા થાય એ માટે દરેક પ્રકારના પ્રયત્નો પૂરી નિષ્ઠાથી કરવામાં આવે છે.[૧]

પ્રાચીન કાળમાં આ તીર્થની યાત્રાએ નાના-મોટા અનેક સંઘો તેમ જ એકલવાયાં ધર્માનુરાગી ભાઈઓ-બહેનો દૂરથી તથા નજીકથી આવતાં રહેતાં હતાં. પણ વાહન-વ્યવહારની ઓછી સગવડવાળા અને ચોર-ડાકુઓના વધારે ભયવાળા એ યુગમાં યાત્રા કરવા નીકળવું એ બહુ મુશ્કેલ લેખાતું, તેથી યાત્રાળુઓની સંખ્યા મર્યાદિત રહેતી. વળી, સોલંકી યુગ પહેલાં શ્રી શત્રુંજય તીર્થ ઉપરનાં સ્થાપત્યોની સંખ્યા પણ મર્યાદિત હતી, એટલે એ તીર્થની સંભાળ અને એના યાત્રાળુઓની સગવડ માટે મર્યાદિત વ્યવસ્થા-તંત્રથી પણ કામ ચાલી રહેતું હતું. પણ ત્યારબાદ સોલંકી યુગમાં અને તે પછીના સમયમાં ગિરિરાજ ઉપર નાનાં-મોટાં દેવમંદિરોની તેમ જ યાત્રાળુઓની સંખ્યામાં

ઝડપથી વધારો થવા લાગ્યો, એટલે પછી એનું વ્યવસ્થાતંત્ર પણ ખૂબ કાબેલ, કુશળ અને કાર્યદક્ષ હોય એ જરૂરી થઈ પડયું.

ગુજરાતમાં સોલંકી રાજ્યશાસનની શરૂઆત થઈ તે પહેલાં શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ કોણ સંભાળતું હતું અને એ કેવી રીતે ચાલતો હતો, એની નિશ્ચિત માહિતી આપી શકે એવી આધારભૂત સામગ્રી ઉપલબ્ધ નથી. ફક્ત વિક્રમ સંવતના પહેલા-બીજા સૈકામાં પ્રાચીન મધુમતી (વર્તમાન મહુવા) નગરીના શ્રેષ્ઠી ભાવડશા અને એમના પુત્ર શ્રેષ્ઠી જાવડશા આ તીર્થનો વહીવટ સંભાળતા હતા અને ઇતિહાસ-યુગમાં આ તીર્થનો પહેલો ઉદ્ધાર (ઉદ્ધારોના ક્રમ મુજબ તેરમો ઉદ્ધાર) શ્રેષ્ઠી જાવડશાએ કરાવ્યો હતો, એટલી કથારૂપ માહિતી જૈન સાહિત્યમાં ('શ્રી શત્રુંજય માહાત્મ્ય', 'સિત્તુંજ કપ્પો', વગેરે અનેક ગ્રંથોમાં) સચવાઈ રહી છે. આ કથા ચોથા પ્રકરણની ૧૫મી પાદનોંધમાં વિસ્તારથી આપવામાં આવી છે.

સોલંકી યુગને ગુજરાતના ઇતિહાસના સુવર્ણયુગ તરીકેનું ગૌરવ અપાવનાર એ ગુર્જરપતિઓ મહારાજા જયસિંહ સિદ્ધરાજ અને મહારાજા કુમારપાળ તથા એ બન્ને ઉપર પ્રભાવ પાડીને એમની પાસે પ્રજાકલ્યાણનાં અને ધર્મપ્રભાવનાનાં અનેક સત્કાર્યો કરાવનાર કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનાં નામો ખૂબ જાણીતાં છે.[૨] ગૂર્જર સામ્રાજ્યના સમ્રાટ કે ચક્રવર્તી સમા આ બન્ને રાજવીઓએ શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી હતી, એટલું જ નહીં, એ મહાતીર્થના નિભાવ માટે સારી એવી ભેટ પણ ધરી હતી.[૩] ઉપરાંત, મહારાજા કુમારપાળે તો આ તીર્થની યાત્રા, સંઘ સાથે, કરવાનો લહાવો પણ લીધો હતો,[૪] અને ગિરિરાજ ઉપર જિનમંદિર પણ બનાવરાવ્યું હતું. આ બન્ને ગૂર્જરપતિઓના શાસનકાળ દરમિયાન અનેક શક્તિશાળી જૈન રાજપુરુષો તથા શ્રેષ્ઠીઓએ રાજ્યસંચાલનમાં ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો હતો. અને એમને હાથે જિનમંદિરો, ઉપાશ્રયો, યાત્રાસંઘો વગેરે ધર્મશાસનની પ્રભાવનાનાં અનેક કાર્યો થયાં હતાં, તેથી એમની કીર્તિ ચોમેર ફેલાઈ ગઈ હતી. આ ઉપરથી એમ જરૂર સમજી શકાય કે, આ સમયમાં શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ, ગુજરાતના તે સમયના પાટનગર પાટણના જૈન સંઘ અને પાટણના શ્રેષ્ઠીઓ હસ્તક હોવો જોઈએ.

શ્રેષ્ઠી જાવડશાએ ઇતિહાસકાળમાં, વિ૰ સં૰ ૧૦૮ના અરસામાં, આ તીર્થનો તેરમો ઉદ્ધાર કરાવ્યો તે પછી લગભગ અગિયારસો વરસે, વિ૰ સં૰ ૧૨૧૧ની[૫] સાલમાં, વયોવૃદ્ધ મંત્રીશ્વર ઉદયન મહેતાના મોટા પુત્ર બાહડ મંત્રીએ આ તીર્થનો ૧૪મો ઉદ્ધાર કરાવ્યો હતો એ વાતનો સામાન્ય નિર્દેશ ચોથા પ્રકરણમાં (પૃ. ૨૨) કરવામાં આવ્યો છે. આ પ્રસંગને લગતી એક કથા પણ, શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ તે કાળે પાટણના

જૈન સંઘ હસ્તક હોવાની વાતનું જ સમર્થન કરે છે.[૬]

આ તીર્થનો વહીવટ પાટણ સંઘના હાથમાં હતો એનો એક બીજો પણ વધારે સબળ પુરાવો મળે છે.

બાહડ મંત્રીએ વિ૦ સં૦ ૧૨૧૧માં શ્રી શત્રુંજય તીર્થનો ચૌદમો ઉદ્ધાર કરાવ્યો તે પછી, બે દાયકા બાદ જ, ગુજરાત એવી ઘેરી રાજદ્વારી અનિશ્ચિતતામાં અટવાઈ ગયું કે, એની શક્તિ ઉત્તરોત્તર વધુ ને વધુ ક્ષીણ થતી ગઈ, એટલું જ નહીં, કેટલાક દાયકા માટે સત્તાનું કેન્દ્ર પાટણના બદલે ધોળકા બન્યું. આ પછી થોડાક દાયકા બાદ પોતાની લોહીતરસી જેહાદોને લીધે 'ખૂની' તરીકેની અપકીર્તિ પામેલા, અલ્લાઉદ્દીન ખીલજીના સૈન્યે ગુજરાત-સૌરાષ્ટ્ર ઉપર મોટું આક્રમણ કર્યું; અને ગિરિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થ પણ આ આક્રમણમાંથી બચવા ન પામ્યું. એનાં મંદિર અને મૂર્તિ બન્ને ખંડિત થયાં. આ દુર્ઘટનાથી જૈન સંઘમાં હાહાકાર પ્રવર્તી ગયો. આ દુર્ઘટના વિ૦ સં૦ ૧૩૬૯માં બની; એટલે બાહડ મંત્રીના ઉદ્ધાર પછી, ૧૫૮ વર્ષ બાદ જ શત્રુંજય તીર્થનો ફરી ઉદ્ધાર કરાવવાની જરૂર ઊભી થઈ.

શ્રી શત્રુંજય તીર્થનો ભંગ થયાની આ વાત તો, પવનવેગે, ગુજરાત-સૌરાષ્ટ્રમાં તથા ગુજરાતની બહારના જૈન સંઘોમાં પણ પહોંચી ગઈ હતી; છતાં એનો તરત જ ઉદ્ધાર કરાવીને અને વહેલાંમાં વહેલી તકે એની ફરી પ્રતિષ્ઠાનો ઉત્સવ ઊજવીને તીર્થાધિરાજની યાત્રા ફરી શરૂ કરાવવાનો પ્રયત્ન કરવાની ભાવના તો તે વખતના પાટણના ઓસવાળ વંશના શ્રેષ્ઠી દેશળશાના અંતરમાં જ જાગી હતી. અથવા એમ કહેવું જોઈએ કે, આ તીર્થનો સત્વર ઉદ્ધાર કરવાની સમસ્ત શ્રીસંઘની ભાવનાને ચરિતાર્થ કરવાનું પુણ્ય સાધન બનવાનું સૌભાગ્ય શ્રેષ્ઠી દેશળશાને લાધ્યું હતું. દેશળશાના પુત્ર સમરસિંહ ભારે કુશળ, સાહસી અને સુલતાન-બાદશાહના રાજ્યશાસનમાં પણ ઘણી લાગવગ ધરાવનાર બાહોશ રાજપુરુષ હતા, અને ધાર્યું કામ પાર પાડવાની શક્તિ અને સૂઝ એમનામાં હતી. ઉપરાંત દિલ્હીના બાદશાહના ગુજરાતના સૂબા અલપખાન સાથે સમરસિંહને દોસ્તીનો ગાઢ સંબંધ હતો અને એ એની પાસે ધાર્યું કામ કરાવી શકે એમ હતા. એટલે એમને શત્રુંજયના ઉદ્ધારના કાર્યમાં કોઈ પણ જાતની મુશ્કેલી ઊભી થાય એવો ભય લાગતો ન હતો. શ્રેષ્ઠી દેશળશાને તો શત્રુંજય તીર્થનો ભંગ થયાની વાત જાણીને પ્રાણાંત કષ્ટ જેવી વેદના થઈ. એમણે તે વખતે પાટણમાં બિરાજતા આચાર્ય શ્રી સિદ્ધસૂરિજીને શ્રી શત્રુંજય ગિરિનો ઉદ્ધાર કરાવવાની પોતની ભાવના દર્શાવીને એ માટે અનુજ્ઞા માગી. આ પછી તીર્થનો ઉદ્ધાર કરાવવાની બધી જવાબદારી સમરસિંહે ઉલ્લાસથી સંભાળી લીધી, અને એ માટેનું બાદશાહી ફરમાન પણ અલપખાન મારફત મેળવી લીધું. આ પ્રસંગે શ્રી યુગાદિદેવ આદીશ્વર ભગવાનની નવી પ્રતિમા ઘડાવવાની વાત આવી ત્યારે સમરસિંહે

પાટણનો સંઘ ભેગો કરી પૂછ્યું કે, મહામંત્રી વસ્તુપાળે આવી પ્રતિમા બનાવવા માટે મેળવેલી આરસની મોટી શિલા (ફલહી) ભોંયરામાં સાચવી રાખવામાં આવી છે, તેનો ઉપયોગ નવી પ્રતિમા ઘડાવવામાં કરવો કે નવી શિલા લાવવી? સંઘે નવી શિલા મેળવવાનો આદેશ આપ્યો; અને સમરસિંહે એ માન્ય રાખ્યો. આ પ્રસંગ ઉપરથી પણ એમ નક્કી થાય છે કે, શ્રી શત્રુંજયનો વહીવટ એ સમયમાં પાટણના સંઘના હાથમાં જ હતો.

પછી એમણે એવી કુનેહ અને ઝડપથી આ કામ કર્યું કે ફક્ત બે વર્ષ પછી જ, વિ૦ સં૦ ૧૩૭૧માં, આ જિનપ્રાસાદ નવેસરથી બંધાઈને તૈયાર થઈ ગયો, એટલે પછી શ્રેષ્ઠી દેશળશા, આચાર્ય મહારાજ શ્રી સિદ્ધસૂરિની નિશ્રામાં, મોટો સંઘ લઈને પાલીતાણા પહોંચ્યા અને ત્યાં ખૂબ મોટા ઉત્સવ સાથે, વિ૦ સં૦ ૧૩૭૧ના માહ સુદ ૧૪ ને સોમવારના રોજ, આ તીર્થની પ્રતિષ્ઠા કરવામાં આવી, જે પંદરમા ઉદ્ધાર તરીકે વિખ્યાત બનેલ છે.[૭] આ ઉપરથી પણ લાગે છે કે, જોકે આ તીર્થ પ્રત્યે ઊંડી ભક્તિ તો આખા દેશનો જૈન સંઘ ધરાવતો હતો, પણ એની રક્ષા કરવાની અને વ્યવસ્થા સાચવવાની જવાબદારી તો તે કાળે પાટણનો સંઘ જ નિભાવતો હતો.

વળી ભાવનગરથી પ્રગટ થતા 'જૈન' સાપ્તાહિકના કાર્યાલય તરફથી વિ૦ સં૦ ૧૯૮૫માં પ્રગટ કરવામાં આવેલ 'શ્રી શત્રુંજય પ્રકાશ' નામે પુસ્તકમાં આ અરસાના શ્રી શત્રુંજય તીર્થના વહીવટ સંબંધમાં જણાવવામાં આવ્યું છે કે—

"સંવત ૧૩૬૯માં મ્લેચ્છ સેના ડુંગર ઉપર અઢળક લક્ષ્મી પથરાયેલી છે તેમ સાંભળી ચઢી, પરંતુ કંઈ ન મળવાથી ખાલી ઊભેલાં મંદિરોની છૂટીછવાઈ ભાંગફોડ કરીને ચાલી ગઈ. શ્રી સિદ્ધાચળની મુખ્ય દેખરેખ અણહીલપુરના સંઘમાં હોવાથી ત્યાં આ ખબર મળતાં અણહીલપુરમાં બિરાજતા આચાર્ય શ્રી સિદ્ધસૂરિએ ત્યાંના શેઠ દેસલશાને આ વાતથી વાકેફ કર્યા. દેસલશાહ વૃદ્ધાવસ્થાને લીધે અણહીલપુરમાં રહેતા; જ્યારે તેના પુત્ર સમરાશા (સમરસિંહ) દિલ્લીમાં રહેતા (પૃ૦ ૮૩). .... ....સમરાશાના ઉદ્ધાર પછી તીર્થની વ્યવસ્થા દેશલશાને સોંપાણી. તેઓ અણહીલપુરમાં રહીને તીર્થવ્યવસ્થા સંભાળવા ઉપરાંત સંઘસહવર્તમાન યાત્રાર્થે આવીને જાતે તપાસ કરી જતા (પૃ૦ ૮૭).

"સમરાશાના ઉદ્ધાર પછીના આ આખા સૈકામાં દિલ્લીની ગાદી ઉપર અનેક રાજપલટા થવાથી 'મારે તેની તલવાર' જેવું ચાલતું હતું. ....આ અશાંતિયુગ વચ્ચે તીર્થની વ્યવસ્થા સમરાશાના વંશજો સંભાળતા હતા. પરંતુ તે પછી સં૦ ૧૪૬૮માં અહમદશાહ સુલતાને અમદાવાદ વસાવી ગુજરાતનું પાયતખ્ત ત્યાં સ્થાપ્યું, એટલે પાટણનો વ્યાપાર પડી ભાંગવાથી વસ્તીનો મોટો ભાગ અમદાવાદ તથા ખંભાત વસવાટ માટે જવા લાગ્યો, તેમ જ સમરાશાના વંશજ સાજણશાને પણ પોતાની પેઢી ખંભાત ફેરવવા ઇચ્છા થઈ,

તેથી તેમના પાસે રહેલો શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ અણહીલપુર પાટણના શ્રીસંઘને સંભાળી લેવા જણાવ્યું. એટલે આચાર્ય શ્રી વિજયરાજસૂરિના નેતૃત્વ નીચે સંઘે મળીને પાટણ, રાધનપુર અને ખંભાતના આગેવાનોની એક કમિટી ચૂંટીને તેને વહીવટની સોંપણી કરી અને સ્થાનિક સંભાળ માટે અણહીલપુરથી આચાર્યશ્રીએ પોતાના શિષ્યને પાલીતાણા રોકચા. (પૃ૦ ૮૮, ૮૯)."

આ ઉપરથી જોઈ શકાય છે કે, બાહડ મંત્રીએ શ્રી શત્રુંજય ગિરિનો ઉદ્ધાર કરાવ્યો ત્યારે, શ્રી સમરાશા ઓસવાલે કરાવેલા ઉદ્ધાર વખતે અને ત્યાર પછી લગભગ એક સૈકા સુધી શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ પાટણના સંઘના હાથમાં એટલે કે પાટણના શ્રેષ્ઠીઓના હાથમાં હતો.

બાહડ મંત્રીએ તીર્થાધિરાજનો ચૌદમો ઉદ્ધાર વિ૦ સં૦ ૧૨૧૧માં (મહારાજા કુમારપાળ અને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના અસ્તિત્વકાળમાં) કરાવ્યો હતો અને સમરાશાએ કરાવેલ પંદરમા ઉદ્ધારની પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૧૩૭૧માં થઈ હતી.

આ બે ઉદ્ધારોની વચ્ચેનું સમય-અંતર ૧૬૦ વર્ષ જેટલું છે. અને કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનો વિ૦ સં૦ ૧૨૨૯માં અને મહારાજા કુમારપાળનો વિ૦ સં૦ ૧૨૩૦માં સ્વર્ગવાસ થયા પછી ગુજરાત ઉપરની સોલંકી યુગની સત્તા કેવળ નબળી પડવા લાગી હતી, એટલું જ નહીં, એ આથમવા પણ લાગી હતી. અને ત્રણેક દાયકા માટે ગુજરાતના પાટનગર તરીકેનું કેન્દ્ર અણહીલપુર પાટણથી હટીને, વાઘેલાઓના રાજ્ય-શાસનમાં, ધોળકા નગરમાં બદલાઈ ગયું હતું; અને ગુજરાતના મહામંત્રી તરીકેની જવાબદારી વસ્તુપાળ સંભાળતા હતા. આ અરસાની એક કથા જૈન સાહિત્યમાં સચવાઈ રહી છે, તે ઉપરથી કંઈક એવો અણસાર મળે છે કે, ધોળકાના શાસન દરમિયાન, શ્રી શત્રુંજય ગિરિના વહીવટની જવાબદારી મહામંત્રી વસ્તુપાળ (અર્થાત્ ધોળકાનો શ્રીસંઘ) સંભાળતા હતા.[૮] આ પછી વળી પાછો શત્રુંજયનો વહીવટ એકાદ સૈકા માટે પાટણનો સંઘ કે શ્રેષ્ઠી દેશળશાના વંશજો સંભાળતા હતા. પછી, ઉપર સૂચવ્યું તેમ, એ વહીવટ સંભાળવાની જવાબદારી પાટણ, ખંભાત અને રાધનપુરના સંઘોના આગેવાનોની કમિટીને સોંપવામાં આવી હતી.

'જૈન પરંપરાનો ઇતિહાસ' ભાગ ત્રીજા (પૃ૦ ૨૫૭)માં જણાવ્યા પ્રમાણે શ્રી શત્રુંજયનો વહીવટ, કેટલાક વખત માટે, રાધનપુરના મસાલિયા કુટુંબ હસ્તક પણ રહ્યો હતો. આ કુટુંબની એક ધર્મશાળા પણ પાલીતાણામાં છે.

શ્રી સમરાશાહનો (પંદરમો) ઉદ્ધાર વિ૦ સં૦ ૧૩૭૧માં થયો તે પછી શ્રી શત્રુંજયનો વહીવટ તો, ઉપર જણાવ્યા મુજબ, ત્રણ શહેરોના સંઘો દ્વારા સંયુક્તપણે ચાલતો રહ્યો

હશે; પણ આ વ્યવસ્થા કેટલો વખત ચાલુ રહી અને એમાં ક્યારે કેવી જાતનો ફેરફાર થયો, એની ચોક્કસ માહિતી કે નોંધ મળતી નથી. એટલે તીર્થાધિરાજનો વહીવટ સંભાળવાની આવી જ કોઈ વ્યવસ્થાથી તે વખતે કામ ચાલતું હશે એવું અનુમાન થઈ શકે છે.

પણ આ અરસામાં તીર્થની રક્ષા તથા સારસંભાળ અંગે જરૂરી ગોઠવણ તો કરવામાં આવી જ હશે, તે છતાં તીર્થના ખંડનનો બનાવ બન્યો હતો. શ્રી સમરાશાહે વિ૦ સં૦ ૧૩૭૧માં તીર્થનો ઉદ્ધાર કરાવ્યો, તે પછી ફરી પાછા કોઈક સમયે મુસલમાનોએ તીર્થ ઉપર આક્રમણ કરીને તીર્થને નુકસાન પહોંચાડ્યું અને મૂળનાયક ભગવાનની પ્રતિમાને પણ ખંડિત કરી.[૯] આ ભાંગફોડ કયા વર્ષમાં થઈ એ ચોક્કસ જાણવા મળતું નથી. પણ આ નુકસાન એવું મોટું હતું કે જેથી મંદિરનો (તીર્થનો) ઉદ્ધાર કરાવીને ફરી પ્રતિષ્ઠા કરાવવી પડે. પણ આ સમય દરમિયાન મુસલમાન શાસકોએ, પોતાની જેહાદ જેવી રીત-રસમોથી, ભય અને બિનસલામતીની એવી લાગણી ઊભી કરી હતી કે જેથી જૈન સંઘ તરત જ શરૂ કરવા જેવું આ કાર્ય પણ સમયસર હાથ ધરી શકયો ન હતો; અને કેટલાક ભાવિક યાત્રિકો, જોખમ ખેડીને પણ, એ તીર્થની યાત્રાએ છૂટાંછવાયાં જતાં અને ખંડિત પ્રતિમાનાં દર્શન કરીને યાત્રા કરવાની પોતાની ભાવના પૂરી કરતાં. આ રીતે જેઓ ધર્મભાવનાથી પ્રેરાઈને યાત્રા માટે સાહસ ખેડતાં એમની પાસેથી યાત્રા કરવા માટે ૧, ૨, ૫ કે ૧૦ રૂપિયા અને, ક્યારેક તો, સોનામહોર સુધ્ધાં વસૂલ કરવામાં આવતી; અને યાત્રિકોને લાચાર બનીને એ આપવી પણ પડતી.[૧૦]

એક રીતે કહીએ તો, તીર્થાધિરાજનાં યાત્રિકો માટે (અને બીજાઓ માટે પણ) આ સમય આતંક, અરાજકતા અને ઘણી કનડગત વચ્ચે યાત્રા કરવાનો મુશ્કેલીભર્યો સમય હતો. આ રીતે સમરાશાહના ઉદ્ધાર પછી બે સૈકા જેટલો લાંબો ગાળો અનિશ્ચિતતામાં નીકળી ગયો; તેમાંય આ સમયના છેલ્લા કેટલાક દસકા તો આ તીર્થ અને આ તીર્થનાં યાત્રિકો માટે વિશેષ કપરા હતા; અને હવે આ તીર્થના ઉદ્ધારનો સમય પાકી ગયો હોય એમ લાગતું હતું.

વિક્રમના સોળમા સૈકા દરમિયાન કોઈક સમયે, આ તીર્થ ઉપર આક્રમણ કરીને, મુસલમાનોએ ત્યાં ઘણી ભાંગફોડ કરી હતી, એટલું જ નહીં પણ, ઉપર સૂચવવામાં આવ્યું છે તેમ, મૂળનાયક ભગવાન ઋષભદેવની પ્રતિમાને પણ ખંડિત કરી હતી, તેથી શ્રીસંઘ ખૂબ ચિંતામાં મુકાઈ ગયો હતો. આવી ચિંતાકારક સ્થિતિમાં ચિત્તોડના શ્રેષ્ઠી કર્માશાહનું ધ્યાન આવી અતિ શોચનીય પરિસ્થિતિ તરફ ગયું; એટલે એમને આ તીર્થનો સત્વર ઉદ્ધાર કરાવવાની જરૂર લાગી. એમનું રોમરોમ જાણે આ ચિંતાથી વ્યાપ્ત થઈ ગયું અને તેઓ આ કાર્ય પૂરું કરવાના પ્રયત્નમાં તન-મન-ધનથી પરોવાઈ ગયા. ગુજરાતના (ચાંપાનેરના) સુલતાન બહાદુરશાહ સાથેના સારા સંબંધને કારણે, એમણે

શત્રુંજયનો ઉદ્ધાર કરવાની અનુમતિ આપતું બાદશાહી ફરમાન પણ મેળવ્યું. તે પછી એમણે આ ઉદ્ધાર કરવાની અનુજ્ઞા કોઈ શહેરના સંઘ પાસેથી મેળવ્યાનો ઉલ્લેખ નથી મળતો, કે જે સંઘ ગિરિરાજ શ્રી શત્રુંજયનો વહીવટ સંભાળતો હોય. શ્રેષ્ઠી કર્માશાહ ચાંપાનેરથી ખંભાત જઈને પોતાના ગુરુ ઉપાધ્યાય શ્રી વિનયમંડન પાઠકને શત્રુંજયના ઉદ્ધારની બાદશાહી અનુમતિ મળ્યાની વાત કરે છે અને, એમની પાસેથી આ કામ જલદી શરૂ કરવાનો આદેશ મેળવીને, પાલીતાણા પહોંચીને ઉદ્ધારના કામની શરૂઆત કરાવે છે.

બાદશાહ બહાદુરશાહ વિ૦ સં૦ ૧૫૮૩ના ભાદ્રપદ માસમાં ગાદીએ બેઠો હતો અને કર્માશાહે કરાવેલા ૧૬મા ઉદ્ધારની પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૧૫૮૭માં વૈશાખ વદિ ૬ ને રવિવારના રોજ કરાવવામાં આવી હતી;[૧૧] એ ઉપરથી લાગે છે કે, મંત્રી કર્માશાહે આ ઉદ્ધારનું કામ, શ્રેષ્ઠીવર્ય સમરાશાહના પંદરમા ઉદ્ધારની જેમ, ખૂબ ઝડપથી, બે-ત્રણ વર્ષમાં જ પૂરું કરાવ્યું હોવું જોઈએ.[૧૨]

આ દરમિયાનમાં, આ ઉદ્ધારથી એક સૈકા કરતાં પણ વધુ સમય પહેલાં, બાદશાહ અહમ્મદશાહ વિ૦ સં૦ ૧૪૫૪માં ગુજરાતની ગાદી પર બેઠો હતો અને એણે વિ૦ સં૦ ૧૪૬૮માં,[૧૩] પોતાના નામથી, સાબરમતી નદીના કિનારે, નવું નગર અહમદાવાદ વસાવીને, અણહિલપુર પાટણના બદલે, એને ગુજરાતની રાજધાની બનાવ્યું હતું. આમ છતાં, અમદાવાદની સ્થાપના અને શ્રેષ્ઠી કર્માશાહના ઉદ્ધાર વચ્ચેના ૧૧૯ વર્ષ જેટલા લાંબા સમય દરમિયાન શત્રુંજયનો વહીવટ અમદાવાદના જૈન સંઘે કે બીજા કયા શહેરના સંઘે સંભાળ્યો હતો, એની ચોક્કસ માહિતી ઉપલબ્ધ થતી નથી.

આ પછીનો સમય એટલે કે કર્માશાહના ઉદ્ધારના સોળમી સદીના અંત ભાગથી શરૂ કરીને તે અઢારમી સદીના દોઢેક દસકા સુધીનો આશરે સવાસો વર્ષ જેટલો સમય, ભારતવર્ષના ઈતિહાસમાં, એકંદરે સુખ-શાંતિનો ગણી શકાય એવો સમય હતો[૧૪] અને ધર્મઝનૂની ઔરંગઝેબ દિલ્લીની ગાદીએ બેઠો તે પછી ફરી પાછો પ્રજાની સુખ-શાંતિનો ભંગ થયો હતો. સુખ-શાંતિના આ સમય દરમ્યાન, જૈન સંઘના પ્રભાવક આચાર્ય જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિજી વગેરે શ્રમણભગવંતો, અન્ય ધર્મોના ગુરુઓ, દેશના વગદાર અગ્રણીઓ તથા ભારતસમ્રાટ અકબર વગેરે બાદશાહો વચ્ચેના સારા સંબંધોને લીધે, જૈન શાસનની વિશેષ પ્રભાવના થઈ હતી તથા પ્રજાની ભલાઈનાં અનેક કાર્યો પણ થયાં હતાં. આ અરસામાં જેમ શ્રી શત્રુંજય વગેરે જૈન તીર્થોનાં માલિકી-હક્કોનાં અનેક બાદશાહી ફરમાનો જૈન સંઘને મળ્યાં હતાં તથા અહિંસા-અમારિ-પ્રવર્તનનું ધર્મકાર્ય સારા પ્રમાણમાં થયું હતું, તેમ દેશની હિંદુ પ્રજાને અન્યાય અને પીડા કરનાર જજિયાવેરો પણ નાબૂદ થયો હતો.[૧૫]

વિક્રમની સત્તરમી સદીના ઉત્તરાર્ધના પહેલા દસકા આસપાસથી અમદાવાદના નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીનો પ્રભાવ દિલ્હી અને ગુજરાતના શાસકો ઉપર, જૈન સંઘમાં તેમ જ પ્રજામાં, ધીમે ધીમે, વિસ્તરવા લાગ્યો હતો; અને એમની ધર્મ માટેની ધગશ, કાર્યકુશળતા, બાહોશી અને રાજદ્વારી કુનેહને લીધે તેઓ ભારતના જૈન સંઘોના મુખ્ય અગ્રણી બન્યા હતા. અને મુગલ રાજશાસકો પાસે પણ એમનું ઘણું ચલણ હતું.[૧૬]

એ રીતે અમદાવાદના જૈન સંઘનું સ્થાન જૈન શાસનમાં આગળ પડતું થતું જતું હતું અને એની ખ્યાતિ 'જૈનપુરી' અને 'રાજનગર' તરીકે વિસ્તરવા લાગી હતી. એટલે, જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિજી વગેરે શ્રમણ ભગવંતોના જ્ઞાન અને ચારિત્રથી પ્રભાવિત થઈને, સમ્રાટ અકબર તથા બીજા મુગલ સમ્રાટોએ જૈન સંઘને કરી આપેલ શ્રી શત્રુંજય વગેરે તીર્થોનાં માલિકી-હક્કોનાં ફરમાનોની સાચવણી અને એના અમલની દેખભાળ કરતાં રહેવાની જવાબદારી અમદાવાદના શ્રીસંઘે તથા મુખ્યત્વે નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીએ તેમ જ એમના ઉત્તરાધિકારીઓએ સંભાળી લીધી હતી.[૧૭] આ રીતે, ક્રમે ક્રમે, સમય જતાં, શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ પણ અમદાવાદ શહેરના શ્રીસંઘના હસ્તક આવતો ગયો. આ સમય દરમિયાન અમદાવાદ ગુજરાતનું પાટનગર બન્યાને બેએક સૈકા વીતી ગયા હતા. આ બાબતમાં વિશેષ નોંધપાત્ર બીના એ છે કે, શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ અમદાવાદના સંઘના હાથમાં આવી ગયા પછી એ વ્યવસ્થિત, સ્થિર અને વહીવટનું સ્થાન બદલાવવાની ચિંતાથી સર્વથા મુક્ત બન્યો હતો; અને આમ થવાનું કારણ નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી, એમના ધર્મપ્રભાવક ઉત્તરાધિકારીઓ અને અમદાવાદના સંઘના ધર્મસેવા-પરાયણ અગ્રણીઓની તીર્થરક્ષા માટેની ધગશ અને નિષ્ઠાભરી કામગીરી જ કહી શકાય. અલબત્ત, આમાં ભારતના જૈન સંઘો અને એમના અગ્રણીઓના વિશ્વાસ અને ઉદાર સહકારનો ફાળો પણ નોંધપાત્ર કહી શકાય એવો છે જ, એમાં શક નથી.

આ બધી માહિતી ઉપરથી, સોલંકીયુગથી શરૂ કરીને તે અત્યાર સુધી, શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ કયાં કયાં શહેરોએ સંભાળ્યો, એનું તારણ કાઢીએ તો, કંઈક એવું અનુમાન થઈ શકે છે કે, છેલ્લાં આશરે એક હજાર વર્ષ દરમિયાન, જે શહેર ગુજરાતનું પાટનગર બનવાનું ગૌરવ ધરાવતું હતું એ, મોટે ભાગે, ગિરિરાજ શત્રુંજયના વહીવટની જવાબદારી સંભાળતું હતું.

જે અરસામાં, અર્થાત્ વિક્રમની સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં, શ્રી શત્રુંજય તીર્થની સંભાળ રાખવાની તથા તીર્થના યાત્રિકો માટે પાલીતાણા શહેરમાં જરૂરી સગવડ કરી આપવાની જવાબદારી અમદાવાદ શહેરના જૈન સંઘના અગ્રણીઓના હાથમાં આવવાની શરૂઆત થઈ, તેના કેટલાંક વર્ષ પહેલાં સૌરાષ્ટ્રના ગોહિલવાડ વિભાગના ગારિયાધાર–પાલીતાણા પરગણા ઉપર ગોહિલ વંશના રાજવીઓનું શાસન સ્થિર થવા લાગ્યું હતું. આમ થવાથી

આ પહેલાંના સમયમાં આ વિભાગ ઉપર ગાયકવાડની રાજસત્તાનું કેટલુંક આધિપત્ય હતું, તેમ જ ભાવનગરના ગોહિલ રાજવીઓનું જે કંઈ ચલણ હતું, એનો પણ અંત આવ્યો હતો. આમ છતાં પાલીતાણા રાજ્ય ગાયકવાડ સરકારનું ખંડિયા રાજ્ય હતું[૧૮] અને તેથી એને ગાયકવાડ સરકારને, ઘણું કરીને, દર વર્ષે આઠેક હજાર રૂપિયા ખંડણી તરીકે, ઇસ્વી સનની ઓગણીસમી સદીના પૂર્વાર્ધ સુધી, આપવા પડતા હતા, એવા પુરાવા મળે છે. વસ્તુસ્થિતિ આવી હોવા છતાં એકંદર રીતે શ્રી શત્રુંજય તીર્થ અને પાલીતાણા શહેર અંગે ઊભી થતી મુશ્કેલીનો નિકાલ લાવવાની બાબતમાં, એક જ રાજસત્તાની સાથે વાતચીત અને વાટાઘાટ કરવાની જરૂર રહેવાથી, જૈન સંઘને માટે, એ કામ કંઈક સરળતાવાળું બની ગયું હતું. એટલે જ્યારે જ્યારે આવો કોઈ પણ પ્રશ્ન કે પ્રસંગ ઊભો થતો ત્યારે શ્રી રાજનગર–અમદાવાદના શ્રીસંઘના આગેવાનો, અન્ય સ્થાનોના શ્રીસંઘો અને વગદાર અગ્રણીઓનો સહકાર લઈને, શરૂઆતમાં ગારિયાધારમાં રહેતા અને પછીથી પાલીતાણા આવીને વસેલા ગોહેલ રાજવીઓ સાથે વાટાઘાટો કરીને એનો નિકાલ કરવા પ્રયત્ન કરતા; અને એમાં એમને એકંદરે સફળતા પણ મળતી.

શ્રી શત્રુંજય તીર્થ અને એ તીર્થનાં યાત્રાળુઓની રક્ષા કરવાના પાલીતાણા રાજ્ય અને જૈન સંઘ વચ્ચે થયેલ રખોપાના કરારના જે દસ્તાવેજો સચવાઈ રહ્યા છે, તેમાં સૌથી જૂનો દસ્તાવેજ વિ૦ સં૦ ૧૭૦૭નો એટલે આજથી (વિ૦ સં૦ ૨૦૩૯માં) આશરે સવા ત્રણસો વર્ષ જેટલો જૂનો છે. આ કરાર એક બાજુ તે વખતની રાજધાની ગારિયાધારમાં રહેતા પાલીતાણાના રાજવી ગોહેલ કાંધાજી અને બીજી બાજુ સમસ્ત જૈન સંઘ વતી નગરશેઠ શ્રી શાંતિદાસ સેસકરણ ઝવેરી અને શેઠશ્રી રતન તથા સૂરા નામે બે ભાઈઓ વચ્ચે વિ૦ સં૦ ૧૭૦૭ના કારતક વદિ ૧૩ ને મંગળવારના રોજ થયો હતો.[૧૯]

આ દસ્તાવેજ ઉપરથી પણ એ સ્પષ્ટ થાય છે કે, વિક્રમની સત્તરમી સદીના ઉત્તરાર્ધ અને અઢારમી સદીના પૂર્વાર્ધમાં શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ અમદાવાદના જૈન સંઘના અગ્રણીઓ હસ્તક આવી ગયો હતો; અને એમાં નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીનો ફાળો ઘણો મહત્ત્વનો હતો.

આ પછી, જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ, શ્રી શત્રુંજય તીર્થના વહીવટની જવાબદારી, બીજા કોઈ સ્થાનના જૈન સંઘ પાસે જવાને બદલે, અમદાવાદના સંઘના અગ્રણીઓ પાસે જ વધારે સ્થિર અને દૃઢ થતી ગઈ; અને સમય જતાં, આ વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના નામથી ચાલવા લાગ્યો, જે અત્યારે પણ એ નામથી જ ચાલી રહ્યો છે. આની વિગતો હવે પછીના (છઠ્ઠા) પ્રકરણમાં આપવામાં આવી છે.

## એક ખુલાસો

"ટોડ રાજસ્થાન" ( Annals of Rajasthan ) નામે ઐતિહાસિક ગ્રંથના વિખ્યાત લેખક અને રાજસ્થાનના પોલિટિકલ એજન્ટ કર્નલ જેમ્સ ટોડે " Travels in Western India " ( પશ્ચિમ ભારતનો પ્રવાસ ) નામે ગ્રંથ લખ્યો છે.[૨૦] એમાં તેઓએ શ્રી શત્રુંજય તીર્થ અને પાલીતાણા શહેરનો પ્રવાસ કરેલો તેનું વર્ણન ૧૪મા પ્રકરણમાં (પૃ૦ ૨૭૪–૩૦૨) કર્યું છે. આ વર્ણનમાં ( પૃ૦ ૨૯૩–૨૯૪ ) તેઓએ એ વખતે શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ કોણ સંભાળતું હતું, એ અંગેની જે માહિતી આપી છે, તે આ પ્રમાણે છે—

" The temporalities of Adnath are managed by a committee of wealthy lay-votaries from the chief cities, as Ahmedabad, Baroda, Puttun, Surat etc. These nominate resident and ambulatory agents, who receive the offerings of the devout, carry them to account, and note the disbursements for repairs, daily oblations of frankincense or saffron, the feeding of the sacred pigeons, the animals whose lives have been redeemed from sacrifice, or worn-out kine, which find pension and pasture within the holy precincts."

અર્થાત્ " આદિનાથનાં દેરાસરોની મિલકતની વ્યવસ્થા અમદાવાદ, વડોદરા, પાટણ, સૂરત વગેરે મુખ્ય શહેરોના ધનવાન ગૃહસ્થ ભક્તોની કમિટી સંભાળે છે. આ કમિટી માણસોની નિમણૂક કરે છે, જેઓ સ્થાનિક અને સમયે સમયે બદલાતા રહેતા ભક્તોએ આપેલી ભેટો સ્વીકારે છે, તેની ચોપડામાં નોંધ કરાવે છે, અને સમારકામના, ધૂપના અને કેસરના ખર્ચની ચુકવણીની નોંધ રાખે છે; પવિત્ર કબૂતરોને ચણ નાખે છે, બલિદાન થતાં બચાવી લેવામાં આવેલ પશુઓને, ઘરડી ગાયોને ખવરાવે છે અને એ પવિત્ર સ્થળની હદમાં એમને સાચવવાની અને ચરાવવાની વ્યવસ્થા કરે છે."

કર્નલ જેમ્સ ટોડે પોતાનો પ્રવાસ તા. ૧–૬–૧૮૨૨ના રોજ શરૂ કર્યો હતો અને શ્રી શત્રુંજય તીર્થ અને પાલીતાણા શહેરની મુલાકાત એમણે તા. ૧૭–૧૧–૧૮૨૨ના રોજ લીધી હતી.[૨૧] આ વખતે તો શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના નામથી જ ચાલતો હતો, એટલું જ નહીં, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ કેપ્ટન આર. બાર્નવેલની દરમિયાનગીરીથી, પાલીતાણા રાજ્યને, રખોપાના, વાર્ષિક રૂ. ૪૫૦૦/–આપવાનો દસ વર્ષનો બીજો કરાર, તા. ૮–૧૨–૧૮૨૧ના રોજ, જૈન સંઘની વતી શેઠ આણંદજી કલ્યાણજીએ જ કર્યો હતો. વસ્તુસ્થિતિ આવી હોવા છતાં, કર્નલ જેમ્સ ટોડને શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ, ઉપર નોંધ્યું તેમ, " અમદાવાદ, વડોદરા, પાટણ, સૂરત વગેરે મુખ્ય શહેરોના ધનવાન ગૃહસ્થ ભક્તો સંભાળે છે " એવી

માહિતી કોણે આપી હશે, અથવા કયા આધારે આપવામાં આવી હશે, કે એમણે કેવી રીતે નોંધી હશે, એવો સવાલ સહેજે થાય છે.

પાટણની પડતી શરૂ થઈ ત્યારે શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ, આગળ સૂચવવામાં આવ્યું છે તેમ, આચાર્ય શ્રી વિજયરાજસૂરિની સલાહ મુજબ, પાટણ, ખંભાત અને રાધનપુર શહેરના જૈન સંઘોના આગેવાનો સંયુક્તપણે સંભાળતા હતા, એ વાત તો વિક્રમના પંદરમા સૈકાના અંત ભાગને લગતી છે; અને કર્નલ ટોડે તો શ્રી શત્રુંજય તીર્થની મુલાકાત છેક, વિક્રમની ઓગણીસમી સદીના અંતભાગમાં (ઈ૦ સ૦ ૧૮૨૨=વિ૦ સં૦ ૧૮૭૮માં) લીધી હતી, એટલે એમને મળેલી અને એમણે પોતાના પ્રવાસવર્ણનમાં નોંધેલી, આ તીર્થનો વહીવટ ગુજરાતનાં જુદાં જુદાં શહેરોના ધનવાન આગેવાનો સંભાળતા હોવાની વાત નિરાધાર છે, એ સ્પષ્ટ છે.

વળી, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું પદ્ધતિસરનું (કાયદેસરનું) બંધારણ સૌથી પહેલાં, કર્નલ ટોડની પાલીતાણાની મુલાકાત પછી ૫૮ વર્ષે એટલે કે ઈ૦ સ૦ ૧૮૮૦ની સાલમાં ઘડાયું હતું, એટલે આ બંધારણમાં કરવામાં આવેલ જુદાં જુદાં શહેરો–પ્રદેશોના સ્થાનિક પ્રતિનિધિઓની નિમણૂકની જોગવાઈને અનુલક્ષીને કર્નલ ટોડે આ પ્રમાણે લખ્યું હોય એ પણ બનવા જોગ નથી. સંભવ છે, કદાચ વિક્રમની પંદરમી સદીમાં શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ જુદાં જુદાં શહેરોના વગદાર જૈન આગેવાનો સંભાળતા હોવાનો ઉલ્લેખ ક્યાંકથી વાંચીને એમણે આ પ્રમાણે લખી દીધું હોય; અથવા તો આ તીર્થની સાચવણી સમસ્ત જૈન સંઘ કરે છે, એવા મતલબની માહિતી એમને આપવામાં આવી હોય અને એના ઉપરથી એમણે આ પ્રમાણે લખ્યું હોય. એ ગમે તેમ હોય, પણ શ્રી શત્રુંજય તીર્થના વહીવટ બાબતમાં કર્નલ ટોડે આપેલ આ હકીકત વસ્તુસ્થિતિથી જુદી અને કંઈક ભ્રમ ઊભો કરે એવી છે, એટલું નિશ્ચિત છે.

## નિર્ણાયક સમય

વિક્રમની સત્તરમી સદીના ઉત્તરાર્ધનો સમય શ્રી શત્રુંજય તીર્થના વહીવટની દૃષ્ટિએ વિશેષ નોંધપાત્ર અને નિર્ણાયક હતો, તેની મુખ્ય મુખ્ય વિગતો આ પ્રમાણે છે—

(૧) પાલીતાણા પરગણું ગોહિલવંશની રાજસત્તા નીચે આવી ગયું હતું, અને એની રાજધાની ગારિયાધારમાં હતી.

(૨) ભાવનગર રાજ્ય અને ગાયકવાડ સરકારની આ પરગણા ઉપરની હકૂમતમાં જે દખલગીરી હતી, એનો મોટે ભાગે અંત આવ્યો હતો—માત્ર પાલીતાણા રાજ્યે ગાયકવાડ સરકારને દર વર્ષે અમુક રકમની ખંડણી આપવી પડતી હતી, એટલા પૂરતી આ દખલગીરી ચાલુ રહી હતી.

(૩) શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ અમદાવાદ શહેરના સંઘના અગ્રણીઓના હાથમાં આવી ગયો હતો.

આવી અનુકૂળ પરિસ્થિતિનું સર્જન થવાને કારણે શ્રી શત્રુંજય તીર્થના વહીવટમાં એકંદર સ્થિરતા અને નિશ્ચિતતા આવી ગઈ હતી. અને એ રીતે સવાસો–દોઢસો વર્ષ સુધી શાંતિથી બધો કારોબાર ચાલતો રહ્યો હતો. આ પછી પણ તીર્થાધિરાજના વહીવટની બાબતમાં થોડીક વિશેષ અનુકૂળતા થાય એવા બે પ્રસંગો બન્યા, તે આ પ્રમાણે છે—

વિક્રમની ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં (સને ૧૮૦૮ની સાલમાં), એક બાજુ કર્નલ વૉકરના સેટલમેન્ટ પ્રમાણે કાઠિયાવાડમાં અંગ્રેજ રાજસત્તાના અમલની શરૂઆત થઈ; તો બીજી બાજુ, ગોહેલ રાજવી પૃથ્વીસિંહના વખતમાં, આ પરગણાની રાજધાની ગારિયાધારથી બદલીને પાલીતાણા શહેરમાં સ્થાપવામાં આવી; અને વધારામાં, આ અરસામાં, આ તીર્થનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના નામથી જ ચાલવા લાગ્યો હતો.

આમ થવાને લીધે, જ્યારે જ્યારે શ્રી શત્રુંજય તીર્થના વહીવટની બાબતમાં પાલીતાણા રાજ્ય સાથે જૈન સંઘને એટલે કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને વાંધો પડતો કે ઝઘડો ઊભો થતો ત્યારે, પહેલાં તો રાજ્ય સાથે વાટાઘાટો ચલાવીને એનો નિકાલ લાવવાનો પ્રયત્ન કરવામાં આવતો; પણ જ્યારે એવા પ્રયત્નનું ધાર્યું પરિણામ ન આવતું અને એ નિષ્ફળ જતો, ત્યારે અંગ્રેજ સરકારને દરમિયાનગીરી કરવાની વિનંતી કરવામાં આવતી. આવી વિનંતી, મોટે ભાગે તો, જૈન સંઘ તરફથી જ થતી; છતાં, ક્યારેક ક્યારેક, પાલીતાણાના દરબારશ્રી તરફથી પણ આવી દરમિયાનગીરીની માગણી કરવામાં આવતી. આ હકીકતની સાક્ષી અંગ્રેજ સરકારના પ્રતિનિધિની દરમિયાનગીરીથી સધાયેલ સંખ્યાબંધ સમજૂતીઓ, સમાધાનો અને કરારના દસ્તાવેજો પૂરે છે. સને ૧૮૨૧માં (વિ૦ સં૦ ૧૮૭૮માં) પાલીતાણા રાજ્યને, રખોપા નિમિત્તે, વાર્ષિક રૂ. ૪૫૦૦/ આપવાનો, દસ વર્ષની મુદતનો, બીજો કરાર, જૈન સંઘની વતી, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અને પાલીતાણાના દરબાર ગોહેલ કાંધાજી વચ્ચે, તે વખતના કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ કેપ્ટન આર. બાર્નવેલની દરમિયાનગીરીથી જ થયો હતો. (આ અસલ દસ્તાવેજ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, અમદાવાદના દફતરમાં સુરક્ષિત છે, અને એની છબી આ પુસ્તકમાં આપવામાં આવી છે.)

આ ઉપરથી એ પણ ફલિત થાય છે કે, શ્રી શત્રુંજય તીર્થની બાબતમાં પાલીતાણા રાજ્ય અને શ્રી જૈન સંઘ વચ્ચે અર્થાત્ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વચ્ચે ક્યારેક ક્યારેક મતભેદ કે ક્લેશનું નિમિત્ત ઊભું થયા કરતું હતું. (આ અંગેની નોંધપાત્ર વિગતો "પાલીતાણા રાજ્ય સાથેના કેટલાક ઝઘડા" એ નામે અગિયારમા પ્રકરણમાં આપવામાં આવી છે.)

## વહીવટની સ્થિરતાનું પરિણામ

ઉપર સૂચવ્યું તેમ, શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ અમદાવાદના જૈન મહાજનોના હાથમાં આવ્યા પછી તીર્થના વહીવટ અને વિસ્તાર અંગે જે આવકારદાયક સ્થિતિનું નિર્માણ થયું, તે મુખ્યત્વે નીચે મુજબ ગણાવી શકાય—

(૧) વિ૦ સં૦ ૧૫૮૭માં શ્રેષ્ઠી કર્માશાએ આ તીર્થનો સોળમો ઉદ્ધાર કરાવ્યો તે પછી, તીર્થની સાચવણી અને દેખરેખની એવી સારી વ્યવસ્થા થઈ કે, જેને લીધે, લગભગ સાડા ચારસો વર્ષ જેટલો લાંબો સમય વીતી જવા છતાં, એનો ઉદ્ધાર કરાવવાની જરૂર હજી સુધી (વિ૦ સં૦ ૨૦૩૬ સુધી) ઊભી નથી થઈ. અલબત્ત, વિ૦ સં૦ ૧૬૫૦માં, ખંભાતના શ્રી તેજપાલ સોનીએ આ તીર્થમાં કેટલુંક જીર્ણોદ્ધારનું કામ કરાવ્યું હતું,[૨૨] પણ એ કામ જીર્ણોદ્ધારની તાત્કાલિક જરૂરિયાત પૂરતું હોવાથી એની ગણના તીર્થના સ્વતંત્ર ઉદ્ધાર તરીકે કરવામાં નથી આવતી. એટલે આ તીર્થના ઉદ્ધારોની સંખ્યાનો અંક અત્યાર સુધીમાં ૧૬થી આગળ નથી વધ્યો—શ્રેષ્ઠી કર્માશાનો ઉદ્ધાર એ આ તીર્થનો છેલ્લો-સોળમો ઉદ્ધાર હતો એ જાણીતું છે. આ પરિસ્થિતિની સામે બાહડ મંત્રીએ વિ૦ સં૦ ૧૨૧૧ની સાલમાં કરાવેલ ૧૪મા, વિ૦ સં૦ ૧૩૭૧ની સાલમાં પાટણના શ્રેષ્ઠી સમરાશાહે કરાવેલ ૧૫મા અને વિ૦ સં૦ ૧૫૮૭મા મંત્રી કર્માશાએ કરાવેલ ૧૬મા ઉદ્ધાર વચ્ચેના ગાળાની સરખામણી કરવા જેવી છે. વિ૦ સં૦ ૧૨૧૧થી વિ૦ સં૦ ૧૫૮૭ સુધીમાં થયેલ ત્રણ ઉદ્ધારો વચ્ચેનો ૩૭૬ વર્ષનો ગાળો જોઈએ તો, દર દોઢસો-બસો વર્ષે આ તીર્થનો ઉદ્ધાર કરાવીને એમાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની નવી પ્રતિમા પધરાવવાની[૨૩] અને ફરી પ્રતિષ્ઠા કરાવવાની જરૂર ઊભી થતી જ રહી છે. પણ છેલ્લાં સાડા ચારસો વર્ષ દરમિયાન આમ કરવાની જરૂર ઊભી નથી થઈ, તેમાં, અમુક પ્રમાણમાં, રાજદ્વારી આક્રમણખોરીના અભાવનો પણ ફાળો છે; અને વિશેષ ફાળો આ તીર્થની રક્ષા માટે અમદાવાદ શ્રીસંઘના મોવડીઓએ દાખવેલી સતત જાગ્રતિ અને ચીવટનો છે એમ કહેવું જોઈએ.

(૨) આ તીર્થનો વહીવટ અમદાવાદના જૈન આગેવાનોના હાથમાં આવ્યા પછી એમાં એક પ્રકારની સ્થિરતા આવી હતી; સાથે સાથે એમાં તેઓ, જરૂરિયાત પ્રમાણે, એવી રીતે ફેરફાર પણ કરતા રહ્યા હતા કે જેથી નવી પરિસ્થિતિને બરાબર રીતે ન્યાય આપીને તીર્થના હિતની અને એની પવિત્રતાની પૂરેપૂરી રક્ષા થઈ શકે. અને જ્યારથી આ કાર્ય શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના નામથી ચાલવા લાગ્યું અને પેઢીનો કારોબાર વ્યવસ્થિતપણે અને સૌને સંતોષ થાય એ રીતે ચાલતો રહે એ માટે એનું સ્વતંત્ર બંધારણ ઘડવામાં આવ્યું અને એમાં પણ, સમયે સમયે, જરૂરિયાત પ્રમાણે, ફેરફારો કરવામાં આવ્યા, ત્યારથી તો આ કામ વિશેષ પદ્ધતિસર અને વ્યવસ્થિત રૂપમાં ચાલી રહ્યું છે.

(૩) અમદાવાદના શ્રીસંઘના હાથમાં આ તીર્થનો વહીવટ આવ્યા પછી, કોઈ આવકારપાત્ર ભવિતવ્યતાનો યોગ કહો કે ગમે તે કહો, પણ આ તીર્થનો ઉત્તરોત્તર વિસ્તાર થતો જ રહ્યો છે, અને હજી પણ તીર્થના વિસ્તારની આ પ્રક્રિયા ચાલુ છે.[૨૪] વિક્રમની સત્તરમી સદીના પૂર્વાર્ધ સુધી તો આ તીર્થ ઉપર એક માત્ર દાદાની–શ્રી આદીશ્વર ભગવાનની–જ ટૂક હતી; અને એમાં પણ સગાળપોળથી લઈને તે રતનપોળ સુધીમાં અત્યારે છે એટલાં બધાં નાનાં-મોટાં જિનમંદિરો ન હતાં, પણ ઓછાં જ જિનમંદિરો હતાં.[૨૫] ઉપરાંત, નવ ટૂકો જેના ઉપર વસી છે તે બીજા શિખર ઉપર પણ થોડાંક જ પ્રાચીન જૈન દેવસ્થાનોનાં સ્થાપત્યો હતાં.[૨૬] આ રીતે વિક્રમની સત્તરમી સદીના પૂર્વાર્ધ સુધી આ તીર્થનો વિસ્તાર મર્યાદિત હતો, એ સ્પષ્ટ છે.

પણ વિક્રમની સત્તરમી સદીના પૂર્વાર્ધના છેલ્લા દસકામાં એટલે કે જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિજીના શાસનકાળનાં છેલ્લાં વર્ષો દરમિયાન, આ તીર્થની પરિસ્થિતિમાં ખૂબ સાનુકૂળ અને આવકારપાત્ર ફેરફાર થવાની શરૂઆત થઈ. સૌથી મોટી વાત તો, મોગલ શહેનશાહ અકબર તરફથી શ્રી શત્રુંજય તીર્થ (તેમજ અન્ય કેટલાંક તીર્થસ્થાનો) ઉપરના માલિકી હક્કનું ફરમાન જૈન સંઘને આ સમયમાં જ મળ્યું હતું; એટલું જ નહીં પણ, અન્ય શ્રમણ ભગવંતો તથા ખાસ કરીને નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના રાજકીય પ્રભાવ અને ચીવટભર્યા અવિરત પ્રયાસને લીધે, જહાંગીર, શાહજહાં, મુરાદબક્ષ અને ઔરંગજેબ જેવા મુગલ શહેનશાહોએ એ ફરમાનને તાજું કરી આપ્યું હતું, એ છે. મોગલ શહેનશાહોએ આ તીર્થ અંગે તેમ જ અન્ય જૈન તીર્થો અંગે તેમ જ અમારિ–અહિંસાની ઘોષણાની બાબતમાં બતાવેલી આવી કૂણી લાગણીનું પરિણામ દૂરગામી, આ તીર્થ ઉપરનાં મુસ્લિમ આક્રમણોને ખાળનારું અને તીર્થને પૂરી રીતે સુરક્ષિત બનાવનારું આવ્યું એ દેખીતું છે.

બીજી બાજુ, આ તીર્થના વિસ્તારની શરૂઆત પણ આ સમયમાં એવા મોટા પાયા પર થઈ કે, એક કાળે, મોટે ભાગે, ખાલી લાગતું આ તીર્થનું બીજું શિખર પણ, અઢીસો વર્ષ જેટલી સમયાવધિમાં, સેંકડો કળામય તથા સાદાં અને આલિશાન તેમ જ નાનાં જિનમંદિરોથી શોભાયમાન નવ ટૂકોનું ધામ બની ગયું, એટલું જ નહીં, કુંતાસર જેવી ખૂબ ઊંડી ખાઈની પૂરણી કરીને એના ઉપર પણ એક ખૂબ વિશાળ ટૂકની (મોતીશા શેઠની ટૂકની) રચના કરવામાં આવી. આ નવ ટૂકોમાં સૌથી પહેલી ટૂક બની તે સવા સોમાની ચૌમુખજીની ટૂક. નવ ટૂકમાં આ ટૂક જેમ સૌથી પ્રાચીન છે, તેમ વિશાળતા અને ભવ્યતામાં પણ એ સૌથી ચડિયાતી અને પ્રથમ પંક્તિમાં આવે એવી છે. આ નવ ટૂકોની સ્થાપના ક્રમે ક્રમે ક્યારે થઈ તે નીચેની હકીકત ઉપરથી જાણી શકાશે—

(૧) સવા સોમાની (ખરતરવસીની) અથવા ચોમુખજીની ટૂક, વિ૦ સં૦ ૧૬૭૫માં (બીજી ટૂક; અમદાવાદ).

(૨) છીપા વસીની ટૂક, વિં૦ સં૦ ૧૭૯૧માં (ત્રીજી ટૂક; ભાવસાર ભાઈઓની).

(૩) પ્રેમવસી–પ્રેમચંદ મોદીની ટૂક, વિ૦ સં૦ ૧૮૪૩માં (સાતમી ટૂક; અમદાવાદ).[૨૭]

(૪) હેમવસી–હેમાભાઈ શેઠની ટૂક, વિ૦ સં૦ ૧૮૮૬માં (છઠ્ઠી ટૂક; અમદાવાદ).

(૫) ઉજમફઈની – નંદીશ્વર દ્વીપની ટૂક, વિ૦ સં૦ ૧૮૯૩માં (પાંચમી ટૂક; અમદાવાદ).

(૬) સાકરવસી – સાકરચંદ પ્રેમચંદની ટૂક, વિ૦ સં૦ ૧૮૯૩માં (ચોથી ટૂક; અમદાવાદ).

(૭) બાલાવસી–બાલાભાઈની ટૂક, વિ૦ સં૦ ૧૮૯૩માં (આઠમી ટૂક; ઘોઘા).

(૮) મોતીશાની ટૂક, વિ૦ સં૦ ૧૮૯૩માં (નવમી ટૂક; મુંબઈ).

(૯) નરશી કેશવજીની ટૂક, વિ૦ સં૦ ૧૯૨૧માં (પહેલી ટૂક; મુંબઈ).

ઉપર નોંધેલ નવ ટૂકોની સ્થાપનાને લગતી માહિતીનું પૃથક્કરણ કરતાં જાણી શકાય છે કે—

(૧) આ નવ ટૂકોમાં સવા સોમાની ટૂકની સ્થાપના સૌથી પહેલાં – વિ૦ સં૦ ૧૬૭૫માં –અને નરશી કેશવજીની ટૂકની સ્થાપના સૌથી છેલ્લે – વિ૦ સં૦ ૧૯૨૧માં–થઈ હતી. આ રીતે વિ૦ સં૦ ૧૬૭૫ થી ૧૯૨૧ સુધીના ૨૪૬ વર્ષના ગાળામાં નવ ટૂકોની સ્થાપના થઈ હતી; અને આ બધા સમય દરમિયાન શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ શરૂઆતમાં અમદાવાદના જૈન સંઘના અગ્રણીઓ હસ્તક અને પાછળથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી હસ્તક હતો.

(૨) આ નવ ટૂકોમાં જૂનામાં જૂની સવા સોમાની ટૂક (સ્થાપના વિ૦ સં૦ ૧૬૭૫) સહિત પાંચ ટૂકો અમદાવાદના શ્રેષ્ઠીઓ તથા ઉજમફઈએ બંધાવી હતી.

(૩) જે વર્ષમાં (વિ૦ સં૦ ૧૮૯૩માં) શ્રી મોતીશા શેઠની ટૂકની રચના થઈ, એ જ વર્ષમાં ચોથી (નં૦ ૬), પાંચમી (નં૦ ૫) અને આઠમી (નં૦ ૭)–એમ એકીસાથે બીજી ત્રણ ટૂકોની પણ રચના થઈ હતી, એ બીના પણ ધ્યાન ખેંચે એવી છે.

## ભાતા-તલાટી : ભાતાની શરૂઆત

ગિરિરાજ શત્રુંજયની યાત્રા કરનાર યાત્રિકોને ભાતા-તલાટીમાં આપવામાં આવતા ભાતા–નાસ્તાની શરૂઆત સવાસો વર્ષ કરતાં પણ વધુ સમય પહેલાં થઈ હતી, એની ભક્તિભાવને જાગ્રત કરે એવી ધર્મકથા ટૂંકમાં આ પ્રમાણે છે—

એક વાર મુનિરાજ શ્રી કલ્યાણવિમળજી મહારાજ યાત્રા કરીને પાછા ફરતા હતા, ત્યારે તલાટીએ ઊતરીને એમણે જોયું કે, તાપથી તપેલાં અને તરસ્યાં થયેલાં યાત્રિકો ભાતા-ઘરની નજીકની સતી વાવ પાસેની પરબમાંથી પાણી પીતાં હતાં. આ જોઈને એ લાગણી-

શીલ મુનિવરને થયું કે, યાત્રા કરીને થાકેલાં યાત્રિકોને કંઈક ભાતું આપવામાં આવે, તે વાપરીને પછી તેઓ પાણી પીવે એવી વ્યવસ્થા થાય તો કેવું સારું! અને એ મુનિરાજની આ ભાવના એવી ઉત્કટ હતી કે એમના ઉપદેશને ઝીલીને રાયબાબુ સીતાબચંદજી નાહરના દાદાએ તળાટીમાં ભાતું આપવાના પુણ્યકાર્યની તરત શરૂઆત કરી.

શરૂઆતમાં અહીં ભાતામાં શું આપવામાં આવતું હશે તે અંગે મુનિરાજ શ્રી ન્યાયવિજયજીએ (ત્રિપુટીએ) લખેલ "જૈન તીર્થોનો ઇતિહાસ" નામે મોટા અને માહિતીપૂર્ણ ગ્રંથમાં (પૃ૰ ૪૫) જણાવવામાં આવ્યું છે કે, "ભાતામાં શરૂઆતમાં ચણા અપાતા; પછી સેવ-મમરા અપાતા." વળી, મોઢામોઢ મળતી માહિતી પ્રમાણે, કેટલીક વખત ઢેબરાં અને દહીં પણ આપવામાં આવતાં હતાં. અને છેલ્લા કેટલાય દાયકાથી તો લાડવો અને ગાંઠિયા અને ક્યારેક ક્યારેક તો, ભાતું વહેંચનારની સંઘભક્તિની ઉચ્ચ ભાવના મુજબ, બીજી બીજી મીઠાઈઓ પણ આપવામાં આવે છે. ઉપરાંત, કોઈ કોઈ વાર, ચા-કૉફી અને સાકરિયા પાણી પણ, ભાતાની સાથે, આપવામાં આવે છે. જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ આ તીર્થસ્થાનમાં ભાતું આપવાનો મહિમા સતત વધતો જ ગયો છે, એ વાત એ હકીકત ઉપરથી પણ જાણી શકાય છે કે, ભાતું આપવાની બધી–ચોમાસા સિવાયના આઠે મહિનાની–તિથિઓ નોંધાઈ ગઈ છે. (શ્રી શત્રુંજય ઉપરાંત કેટલાંક બીજાં જૈન તીર્થોમાં પણ ભાતું આપવામાં આવે છે.)

મુનિવર્ય શ્રી કલ્યાણવિમળજીની પ્રેરણાથી ભાતું આપવાનો પ્રારંભ કયા વર્ષથી થયો એ તો જાણી શકાયું નથી; પણ પાલીતાણામાં તલાટી માર્ગ ઉપર, નાહર બિલ્ડિંગ અને પાંચ બંગલાવાળી ધર્મશાળાની વચ્ચે, આપણા ડાબા હાથે, શ્રી કલ્યાણવિમળજીની તથા હર્ષવિમળજી અને ગજવિમળજીની ચરણપાદુકાઓવાળી સમાધિસ્થાનની છત્રી આવે છે; એના ઉપર વિ૰ સં૰ ૧૯૧૨નો લેખ છે. એ ઉપરથી એટલું તો નિશ્ચિત થાય જ છે કે, ભાતું આપવાની શુભ શરૂઆત વિ૰ સં૰ ૧૯૧૨ પહેલાં એટલે આજથી (વિ૰ સં૰ ૨૦૩૬ના વર્ષથી) ઓછાંમાં ઓછાં સવાસો વર્ષ પહેલાં તો થઈ જ હતી. આ કાર્યની પ્રેરણા આપનાર મુનિરાજ શ્રી કલ્યાણવિમળજી અને એ પ્રેરણાને ઝીલનાર રાયબાબુ સીતાબચંદજી નાહરના દાદા શ્રીસંઘ ઉપર કેટલો મોટો ઉપકાર કરી ગયા છે![૨૮]

શરૂઆતમાં યાત્રિકો સતી વાવની પાસેના ઓટલા ઉપર બેસીને ભાતું વાપરતાં હતાં. આ ઓટલાની પાસે એક મોટું વડનું વૃક્ષ હતું, તેથી બધાંને છાંયડો મળી રહેતો. પણ, સને ૧૯૧૨-૧૩ની સાલ આસપાસ ક્યારેક, વાવાઝોડાથી, આ વડલો પડી ગયો; એટલે, યાત્રાળુઓ આરામથી બેસીને ભાતું વાપરી શકે તે માટે, શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈનાં ધર્મભાવનાશીલ માતુશ્રી ગંગાબાઈએ (ગંગામાએ), સને ૧૯૧૪ની સાલમાં, ભાતાઘરનું પાકું અને મોટું મકાન બંધાવી આપ્યું હતું. એ મકાન ઉપર આ પ્રમાણે લેખ મૂકવામાં આવ્યો હતો—

"ૐ શેઠ લાલભાઇના માતાજી ગંગાબાઈ સને ૧૯૧૪, અમદાવાદ મિસ્ત્રી મો. મા. સં: ૧૯૭૦ની સા."

થોડાંક વર્ષ પહેલાં (વિ૦ સં૦ ૨૦૨૬ની સાલમાં), આ મકાનમાં સારા પ્રમાણમાં ફેરફાર કરીને એને અદ્યતન સુવિધાથી યુક્ત બનાવવામાં આવ્યું છે, જેથી હવે યાત્રિકો, જમીન પર બેસીને ભાતું વાપરવાને બદલે, ખુરશી ઉપર બેસીને ટેબલ ઉપર ભાતું વાપરે છે.

યાત્રિકોને આપવામાં આવતા ભાતાની શરૂઆતને પણ આ તીર્થના સતત થઈ રહેલ વિકાસના એક અંગરૂપ જ લેખવી જોઈએ.

આ ઉપરથી એ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે, આ તીર્થનો વહીવટ અમદાવાદના સંઘના હાથમાં અને સમય જતાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના હાથમાં આવ્યા પછી, આ તીર્થ દિવસે દિવસે વધારે જાહોજલાલ થતું ગયું અને એના હક્કોમાં વધારો થવાની સાથે સાથે એ હક્કોની સાચવણીની ગોઠવણ પણ બરાબર થઈ હતી.

## એક વિશિષ્ટ ઠરાવ

આ પછી તો ગિરિરાજ ઉપર મંદિર કે દેરી કરાવવાની અથવા છેવટે જિનપ્રતિમા પધરાવવાની માગણીમાં ઉત્તરોત્તર બહુ વધારો થવા લાગ્યો, એટલું જ નહીં, ખુદ હાથી-પોળમાં જ દેરું કે દેરી કરાવવાની માગણી પણ એટલા મોટા પ્રમાણમાં વધી ગઈ હશે કે જેથી, વિ૦ સં૦ ૧૮૬૭ના ચૈત્રી પૂનમના પર્વ દિને, પાલીતાણામાં, જુદાં જુદાં સ્થાનોના સંઘોને એકત્ર મળીને, હવેથી હાથીપોળમાં કોઈએ પણ મંદિર નહીં બંધાવવું અને જો કોઈ બંધાવે તો એ તીર્થ અને સંઘનો ખૂની ગણાય, એવો, નીચે મુજબનો આકરો અને વિશિષ્ટ પ્રકારનો ઠરાવ કરવાની ફરજ પડી હતી—

> "॥ સંવત ૧૮૬૭ના વર્ષે ચૈત્ર સુદ ૧૫ દને સંઘ સમસ્ત મલિ કરીને લખાવ્યું છે જે હાથીપોલના ચોક મધ્યે કોઈએ દેરાસર કરવા ન પામે અને જો કદાચિત્ દેરાસર જો કોઈએ કરાવે તો તિર્થ તથા સમસ્ત સંઘનો ખુનિ છે. સમસ્ત સંઘ દેશાવરના ભેલા મલીને એ રીતે લષાવ્યું છે. તે ચોક મધ્યે આંબલી તથા પીપલાની સાહમા દક્ષણ તથા ઉત્તર દિશે તથા પુર્વ પશ્ચિમ દિશે જે કોઈ દેરાસર કરાવે તેને સમસ્ત સંઘનો ગુનહિ છે સહિ છે। સા ૧૮૬૭ના વર્ષે ચૈત્ર સુદ ૧૫ દને."

સમયના વહેવા સાથે શ્રી શત્રુંજય મહાતીર્થનો, ઉત્તરોત્તર, જેટલો વિકાસ થતો રહ્યો છે, અને હજી પણ થઈ રહ્યો છે, એટલો વિકાસ બીજા કોઈ તીર્થનો ભાગ્યે જ થવા પામ્યો હશે. શ્રીસંઘના અંતરમાં અંકિત થયેલી આ મહાતીર્થ પ્રત્યેની પવિત્રતાની અને એના તરફની ઊંડી અને દૃઢ શ્રદ્ધા–ભક્તિની ઉત્કટ લાગણીનું જ આ સુપરિણામ છે, એ સ્પષ્ટ છે.

આ તીર્થાધિરાજના ક્રમિક વિકાસની કથાનું સમગ્ર રૂપે દર્શન–અવલોકન–પૃથક્કરણ કરીએ તો, એના આ પ્રમાણે ત્રણ તબક્કા કે યુગો સ્પષ્ટ રૂપે જાણવા મળે છે—

(૧) ગુજરાતમાં સોલંકી (ચૌલુક્ય) વંશની રાજસત્તાની શરૂઆત થઈ તે પહેલાંનો યુગ. આ યુગ છેક પ્રાચીન–પ્રાગૈતિહાસિક સમયથી શરૂ થઈને સોલંકી યુગની શરૂઆત સુધીના સમયને આવરી લે છે. જોકે ખૂબ ખૂબ લાંબા સમયના અવધિને આવરી લેતા આ યુગમાં પણ આ ગિરિરાજની પ્રાચીનતા અને પવિત્રતા અંગે શ્રીસંઘ ભારે આસ્થા, ઊંડી શ્રદ્ધા અને પૂરેપૂરી ભક્તિ ધરાવતો હતો, અને ગિરિવરની રજના સ્પર્શને પાપ-વિમોચનકારી તથા પુણ્યનો તેમ જ કર્મની નિર્જરાનો આંતરિક લાભ કરનાર માનતો હતો, છતાં એ વખતે એના ઉપર જિનમંદિરોનાં સ્થાપત્યો મોટી સંખ્યામાં ન હતાં; એની સંખ્યા બહુ જ ઓછી હતી.

(૨) ગિરિરાજની વિકાસકથાનો બીજો યુગ તે સોલંકી વંશના ઉદયથી તે ગુજરાતમાંથી મુગલ રાજ્યસત્તાનો અસ્ત થયો તે આશરે છસો વર્ષનો સમય. આ સમય દરમિયાન આ મહાતીર્થના નોંધપાત્ર વિકાસનો પ્રારંભ, મહામંત્રી ઉદયનની લાકડાના જિનમંદિરના સ્થાને પથ્થરનું મંદિર બનાવવાની પ્રતિજ્ઞા એમના ધર્મી સુપુત્ર બાહડ મંત્રીએ પૂરી કરી અને વિ૦ સં૦ ૧૨૧૧ની સાલમાં આ તીર્થનો ૧૪મો ઉદ્ધાર કરાવ્યો, ત્યારથી થયો. આ ઉદ્ધાર પછી દાદાની મુખ્ય ટૂકમાં બીજાં પણ કેટલાંક નાનાં-મોટાં દેવમંદિરો બન્યાં હતાં. શ્રેષ્ઠી સમરાશાએ વિ૦ સં૦ ૧૩૭૧માં કરાવેલો પંદરમો ઉદ્ધાર અને શ્રેષ્ઠી કર્માશાનો વિ૦ સં૦ ૧૫૮૭નો સોળમો ઉદ્ધાર તેમ જ ખંભાતના શ્રી તેજપાળ સોનીએ વિ૦ સં૦ ૧૬૫૦માં કરાવેલ આ તીર્થનો જીર્ણોદ્ધાર પણ આ બીજા તબક્કા દરમિયાન જ થયા હતા. અને એ રીતે આ તીર્થના ત્વરિત અને વ્યાપક વિકાસના યુગનો અરુણોદય થયો હતો.

(૩) આ વિકાસકથાનો ત્રીજો યુગ મુગલ તથા મુસ્લિમ સલ્તનતના મધ્યાહ્ન અને અસ્તાચળના સમયથી શરૂ થઈને છેક વર્તમાન કાળને સ્પર્શે છે. આશરે ચારસો વર્ષ જેટલા લાંબા સમય દરમિયાન જેમ દાદાની મુખ્ય ટૂક ધરાવતું ગિરિરાજનું શિખર જિન-

મંદિરોનાં વધારે સ્થાપત્યોથી શોભાયમાન બન્યું હતું, તેમ એ ગિરિવરનું વધારે ઊંચું બીજું શિખર-નવ ટૂંકોમાંનાં નાનાં-મોટાં સેંકડો જિનમંદિરોથી ખૂબ સમૃદ્ધ બન્યું તે પણ આ સમય દરમ્યાન જ. આમાંના કેટલાક જિનપ્રાસાદો તો ગગનચૂંબી અને શિલ્પ-સ્થાપત્ય-કળાના ઉત્તમ નમૂનારૂપ બનેલા છે.

વળી, ગિરિરાજનાં આ બે શિખરો વચ્ચે આવેલી અને કુંતાસરને નામે ઓળખાતી ઊંડી ખાઈને પૂરીને એના ઉપર મોતીશા શેઠે ખૂબ વિશાળ અને મનમોહક ટૂકની રચના કરાવી હતી. આ ટૂક શ્રી મોતીશા શેઠે તથા એમની સાથે સંબંધ ધરાવતી જુદી જુદી ધર્મભાવનાશીલ વ્યક્તિઓએ મળીને બનાવેલ નાનાં-મોટાં સોળ જિનાલયો તેમ જ ૧૨૩ જેટલી દેરીઓથી ખૂબ રમણીય અને સમૃદ્ધ બનેલી છે. આ ટૂકની રચના પણ ગિરિવરના વિકાસના આ ત્રીજા યુગ દરમ્યાન જ થયેલ છે.

## મૂર્તિઓનું ઉત્થાપન અને પુનઃસ્થાપન

જ્યારે જુદાં જુદાં ગામોના સંઘોએ પાલીતાણામાં ભેગા થઈને, ઉપર (પૃ૦ ૬૪માં) સૂચવવામાં આવ્યું છે તેમ, હાથીપોળની અંદર નવીન દેરું કે દેરી બનાવવા સામે પ્રતિબંધ મૂક્યો, ત્યારે પણ શ્રીસંઘની ભાવના તો હાથીપોળમાં, દેરું કે દેરી ન બનાવી શકાય તો છેવટે, એકાદ નાની-મોટી જિનપ્રતિમાને પધરાવવાની તો રહેતી જ હતી. અને આ ભાવના સફળ બનાવવાના પ્રયાસરૂપે, દાદાની ટૂકમાં જ્યાં ક્યાંય પણ ખાલી જગ્યા દેખાઈ ત્યાં, આશાતના થવાનો કે શિલ્પશાસ્ત્રના નિયમનો ભંગ થવાનો વિચાર કર્યા વગર, ઠેર ઠેર સેંકડો જિનપ્રતિમાઓ પધરાવવામાં આવી હતી. આમ થવાને લીધે, આશાતના તેમ જ શિલ્પશાસ્ત્રના નિયમનો ભંગ થવા ઉપરાંત, દાદાની ટૂકની મનોહરતામાં પણ ખામી આવી જવા પામી હતી. આ ખામીને દૂર કરવાની દૂરંદેશી વાપરીને, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા, વિ૦ સં૦ ૨૦૨૦–૨૧ની સાલમાં, દાદાની ટૂકમાંથી નાની-મોટી ૫૦૦ કરતાં પણ વધુ જિનપ્રતિમાઓનું ઉત્થાપન કરાવવામાં આવ્યું હતું. આ પ્રતિમાઓને પુનઃપ્રતિષ્ઠિત કરવા માટે દાદાની મુખ્ય ટૂકમાં–રતનપોળમાં–જ, બે-બારાના નામે ઓળખાતા વિશાળ પ્રાંગણમાં, એકાવન દેરીઓ તથા મુખ્ય દેરાસર મળીને કુલ બાવન જિનાલય ધરાવતા એક સુંદર નૂતન જિનપ્રાસાદની રચના કરવામાં આવી હતી. અને એમાં તથા નવા આદીશ્વરજી, સીમંધરસ્વામીજી, પુંડરીકસ્વામીજી, ગાંધારિયા ચોમુખજી તેમ જ દાદાના દેરાસર ઉપરના ભાગોમાં—એમ જુદે જુદે સ્થાને મળીને, કુલ ૫૦૪ જેટલી જિનપ્રતિમાઓની ફરી પ્રતિષ્ઠા, વિ૦ સં૦ ૨૦૩૨ના માહ શુદિ સાતમ, તા. ૭–૨–૧૯૭૬ ને શનિવારના રોજ, મોટા ઉત્સવ સાથે કરવામાં આવી હતી.[૨૮] આ રીતે દાદાની ટૂકમાંથી આ પ્રતિમાઓનું ઉત્થાપન કરીને એમને અન્ય સ્થાનોમાં બિરાજમાન કરવાથી, દાદાના મુખ્ય દેરાસરનું પ્રાચીન શિલ્પ પ્રગટ થવાને કારણે તેમ જ કેટલાંક

સ્થાનોમાં જગ્યા ખુલ્લી થઈ જવાને કારણે, દાદાની ટૂક વિશેષ શોભાયમાન બની છે, એમ કોઈને પણ લાગ્યા વગર નહીં રહે.

ગિરિવર ઉપરની શિલ્પ-સમૃદ્ધિનો આ ત્રીજા યુગમાં થયેલો વિકાસ જેટલો ઝડપી હતો તેટલો જ વ્યાપક પણ હતો, એ વાત ઉપર વર્ણવવામાં આવેલ હકીકત ઉપરથી સહેજે સમજાઈ જાય છે.

આભઊંચા શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર આશરે ૧૦૦૦ જેટલાં નાનાં-મોટાં જિનમંદિરોની રચનાથી તેમ જ લગભગ અગિયાર હજાર જેટલી ધાતુની તેમ જ પાષાણની જિનપ્રતિમાઓ તેમાં પધરાવવામાં આવેલ હોવાથી, આ અદ્‌ભુત અને ખૂબ શિલ્પ-સમૃદ્ધ બનેલ ગિરિરાજને 'મંદિરોની નગરી' એવું ગૌરવવંતુ અને અપૂર્વ બિરુદ આપવામાં આવ્યું છે તે બિલકુલ યથાર્થ છે.

આ તીર્થધામને આવું સાર્થક બિરુદ આપનાર મહાનુભાવે તથા અન્ય વિદેશી તેમ જ દેશી પ્રવાસીઓએ, આ સ્થાનના શિલ્પ-સ્થાપત્ય અને કળા-વૈભવથી પ્રભાવિત થઈને, એની મુક્ત મને જે પ્રશસ્તિ કરી છે, તેમાંની કેટલીક અહીં નોંધવી ઉચિત લાગે છે, જે આ પ્રમાણે છે—

## કેટલીક મહત્ત્વની પ્રશસ્તિઓ *

**જેમ્સ ટોડ** આ તીર્થનો મહિમા વર્ણવતાં લખે છે કે—

"પાલીતાણાથી પર્વતની તલાટી સુધીનો માર્ગ વડના ભવ્ય વૃક્ષો વચ્ચેથી પસાર થાય છે, જે પૂજા માટે એકત્ર થતા વિશાળ સંઘને પવિત્ર છાંયડો આપે છે. (પૃ૦ ૨૮૧). ....હવે આપણે ઠીક ઠીક ઊંચાં પગથિયાં ચડીને અને પુંડરીકસ્વામીના દરવાજાના નામે ઓળખાતા કમનોવાળા માર્ગે થઈને, પવિત્રમાં પણ પવિત્ર સ્થાને પહોંચી જઈએ છીએ, જે આપણને આદિનાથ ભગવાનના મંદિરની સામે લઈ જાય છે (પૃ૦ ૨૮૪). ....ભગવાન આદિનાથનું મંદિર જોકે એક ભવ્ય ઇમારત છે, છતાં એ, દેખાવ કે (શિલ્પની) સામગ્રીની દૃષ્ટિએ, આબૂનાં મંદિરો જેવું શિલ્પ-સૌન્દર્ય ધરાવતું નથી. ગભારો ઘુમ્મટવાળી છત ધરાવતો વિશાળ ચોરસ ખંડ છે. એ જ રીતે સભામંડપ એટલે કે બહારનો ખંડ પણ ઘુમ્મટવાળો છે. સ્વચ્છ સફેદ આરસમાંથી બનાવેલી પરમાત્માની પ્રતિમા વિરાટ કદની છે. અને તે ચાલુ ધ્યાનમુદ્રામાં (પદ્માસનમુદ્રામાં) બિરાજેલી છે અને એના હાથ અને પગની પલાંઠી વાળેલી છે (પૃ૦ ૨૮૫). ........ખાસ મહોત્સવોના અવસરે ભારતના

* અહીં આપવામાં આવેલ, અંગ્રેજી ભાષાની, પાંચે પ્રશસ્તિઓનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રકરણની પાદનોંધોમાં આપવામાં આવ્યું છે.

દરેક પ્રદેશમાંથી યાત્રિકો અહીં ઠલવાય છે. આ જનસમૂહને 'સંઘ' કહે છે; અને ક્યારેક તો એની સંખ્યા વીસ હજાર જેટલી થઈ જાય છે (પૃ૦ ૨૯૬)."[30]

—ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા.

ગુજરાતના ઇતિહાસ અને સાહિત્યના સહૃદય અને પ્રેમી વિદ્વાન **શ્રી એલેક્ઝાંડર કિન્લોક ફાર્બસ** લખે છે—

"એક ગલી પછી બીજી ગલી, અને એક ચોક પછી બીજો ચોક, એ પ્રમાણે જૈન ધર્મનાં દેવાલય તેઓના ભવ્ય કોટ સહિત વિસ્તાર પામ્યાં છે, તે અર્ધા મ્હેલ જેવાં, અર્ધા કોટ જેવાં, એકાન્ત અને મહિમાવાન્ પર્વત ઉપર દેદીપ્યમાન આરસપાહાણનાં બાંધેલાં, અને સ્વર્ગના મહાલય સમાન, છેક ઊંચે હવામાં મૃત્યુલોકને પગ દેવાને દુર્લભ, એવાં છે. પ્રત્યેક ચૈત્યના ગંભારામાં અજિતનાથની, આદિનાથની અથવા કોઈ બીજા તીર્થંકરની એક અથવા વધારે મૂર્ત્તિઓ છે. તેનો, ઉદાસીન વૃત્તિ ધારણ કરેલો, આરસપાહાણની મૂર્ત્તિનો આકાર, રૂપેરી દિવિયોના ઓછા અજવાળાથી ઝાંખો દૃષ્ટિએ પડે છે, અગરબત્તીની સુગંધ હવામાં મ્હેંકી રૂહે છે, અને ચકચકિત ફરસબંધી ઉપર ભક્તિમાન્ સ્ત્રીઓ, સોનાના શૃંગાર સજેલી અને વિચિત્ર રંગનાં વસ્ત્રથી ઝઘઝઘાટ મારતી, એકસ્વરી પણ મધુર સ્તવન ભણતી એવી, ઉઘાડે પગે પણ ધીમે ધીમે પ્રદક્ષિણા કરે છે. શત્રુંજય, ખરેખાત પૂર્વ ભણીની અદ્ભુત કથાના એક કલ્પિત ડુંગરની ઘટિત રીતે ઉપમા આપી શકાય એવો છે. એના રહેવાસિયો જાણે એકાએક આરસનાં પુતળાં બની ગયેલાં હોય, પણ તે ઉપર આવીને અપ્સરાના હાથ, સર્વ સ્વચ્છ અને ચકચકિત રાખતા હોય, અને સુગંધીવાળા પદાર્થોના ધૂપ કરતા હોય તેમ જ તે અપ્સરાના સુસ્વર, દેવનાં શૃંગારિક ગીત ગાઈને હવાને ભરી દેતા હોય એવો ભાસ થાય છે. ....શત્રુંજય ઘણું જ પ્રાચીન અને જૈન ધર્મનું અતિ પવિત્ર ધામ છે. સર્વ તીર્થ કરતાં એ અગ્રેસર ગણવામાં આવ્યું છે, અને જેનો નિરંતર નિવૃત્તિ સાથે સંબંધ થાય છે, તેનું એ સુખસ્થાન ગણાય છે. વળી તે મુમુક્ષુઓનું મહામંદિર મનાય છે, અને અંગ્રેજોના પવિત્ર અયોનાની પેઠે દુનિયાના નાશની વેળાએ પણ એનો નાશ થવો સર્જ્યો નથી એમ કહેવાય છે."[31]

—રાસમાળા (ગુજરાતી ભાષાંતર, ત્રીજી આવૃત્તિ), પૃ૦ ૫-૬.

વિખ્યાત પુરાતત્ત્વવેત્તા **શ્રી જેમ્સ ફરગ્યુસન** શ્રી શત્રુંજય તીર્થનું નિરીક્ષણ કરીને કેટલા બધા પ્રભાવિત થયા હતા, તે એમના નીચેના ઉદ્ગારો ઉપરથી પણ જાણી શકાય છે—

"દેખાવડા મંદિર ઉપર અત્યારે ધનની મોટામાં મોટી રકમ ઉદારતાથી ખરચાઈ રહી છે. ....હવે નવાં મંદિરો અને નવી દેરીઓથી એને (પહાડના શિખરને) ઢાંકી દેવામાં આવી રહ્યું છે. આ ઇમારતો કેવળ ભવ્યતામાં જ નહીં પણ સુંદરતા અને એમની

વિગતોની સુકુમારતામાં પણ જૂની ઇમારતોની સ્પર્ધા કરે છે. અને એ બધાં મળીને સૌથી વધુ ધ્યાન ખેંચે એવું એક એવું (દેવમંદિરોનું) જૂથ રચે છે કે જે બીજે ક્યાંય જોવા મળતું નથી—આ હકીકત વધારે નોંધપાત્ર તો એટલા માટે છે કે આટલી બધી ઇમારતોનો સમૂહ આ સદીની સમય-મર્યાદામાં જ ઊભો કરવામાં આવ્યો છે. સ્થાપત્ય-વિદ્યાના તત્ત્વજ્ઞાનના જિજ્ઞાસુ વિદ્યાર્થીને માટે આ સ્થાન દુનિયા ઉપરનાં રસપ્રદ સ્થાનોમાંનું એક છે; કારણ કે ત્યાં એને, મધ્ય યુગમાં, વિવિધ પ્રકારની પ્રક્રિયાઓથી, બીજા કોઈ પણ સ્થાન કરતાં વધારે મોટા પાયા ઉપર અને વધારે કુદરતી રીતે ઊભાં કરવામાં આવેલાં દેવળો જોવા મળે છે. આપણે જ્યારે દૂર દૂરનાં સ્થાનોમાં, મકાનોના નકશા બનાવવાની અત્યારે પણ અનુસરવામાં આવતી પદ્ધતિઓનું નિરીક્ષણ કરીએ છીએ, ત્યારે જ આપણને ખ્યાલ આવે છે કે, અણકેળવાયેલ હિંદુઓ શિલ્પકળાની મૌલિકતા અને સંપૂર્ણતામાં કેટલી ઊંચી કક્ષાએ પહોંચી શકે છે, કે જ્યાં મધ્ય યુગથી તે અત્યાર સુધીમાં યુરોપ પહોંચી શકેલ નથી.”

—હિસ્ટરી ઓફ આર્કિટેકચર, ભાગ ૨, પૃ૦ ૬૩૦, ૬૩૨ (સને ૧૮૬૭).

વિશેષમાં શ્રી જેમ્સ ફરગ્યુસન લખે છે કે—

“પોતાનાં (જૈનોનાં) મંદિરોની સમૂહ-રચના, કે જેને **“મંદિરોની નગરીઓ”** કહી શકાય, એ જૈનોની એક વિશેષતા છે, અને ભારતના કોઈ પણ ધર્મના અનુયાયીઓ કરતાં વધારે મોટા પ્રમાણમાં તેઓ એનો અમલ કરે છે. ........આ ધર્મોમાંનો કોઈ પણ ધર્મ, શત્રુંજય ઉપર છે એવો મંદિરોનો સમૂહ ધરાવતો નથી. ........**એ દેવતાઓની નગરી છે**, અને એમના માટે જ યોજાયેલી છે; માનવીના ઉપયોગ માટે એ બનેલ નથી. ........આ બધી વિશેષતાઓ, જાણીતાં લગભગ બધાં સ્થાનો કરતાં વધુ નોંધપાત્ર પ્રમાણમાં પાલીતાણામાં જોવા મળે છે. અને (શિલ્પકળાની) શૈલિના અભ્યાસીને માટે તો, લાંબા સમય-પટ ઉપર વિસ્તરતી આ વિશેષતાઓ, સદ્ભાગ્યરૂપ છે. આ મંદિરોમાંનાં કેટલાંક તો ૧૧મી સદી જેટલા પ્રાચીન હોઈ શકે; પણ ૧૪મી અને ૧૫મી સદીના મુસલમાન હુમલાખોરોએ બધાંય જૂનાં દેવળો ઉપર સિતમ ગુજાર્યો હતો; તેથી એના થોડાક અંશો જ આપણી પાસે રહ્યા છે. ........શત્રુંજયનાં મંદિરોમાં આકાર અને ચણતરની દરેક જાતની વિવિધતા છે. અને (મંદિરોના) આ સમૂહ ઉપર નિબંધ લખવામાં આવે તો, એ શિલ્પવિષયક, પુરાતત્ત્વવિષયક અને પૌરાણિક કથાઓવિષયક એક રસદાયક નિબંધ બની રહે. ....મોટું મંદિર એક ઊંચા શિખરવાળી બે માળની પ્રભાવશાળી ઇમારત છે, અને એનો નીચેનો ભાગ ઘણી નાની દેરીઓથી વીંટળાયેલો છે.”[૩૨]

—હિસ્ટરી ઓફ ઇન્ડિયન એન્ડ ઈસ્ટર્ન આર્કિટેકચર, પૃ૦ ૨૪–૨૮.

ભારતીય પુરાતત્ત્વવિદ્યાના વિખ્યાત વિદ્વાન **શ્રી જેમ્સ બર્જેસે** આ તીર્થની આ પ્રમાણે પ્રશસ્તિ કરી છે—

"આ સ્થાનેથી જે દશ્ય નજરે પડે છે, તે ધ્યાનને વશ કરી લે એવું છે. એ વિશાળતામાં ખૂબ સુંદર છે; અને અજોડ ચિત્ર માટેની ભવ્ય ગોઠવણીરૂપ છે—માનવીની મહેનતમાં આપણે કેટલે પહોંચી શકીએ છીએ તે આ કાર્ય (દર્શાવે) છે. ........પણ કાવ્યની અતિશયોક્તિને બાજુએ રાખીએ તોપણ, એ ખરેખર, અદ્ભુત છે–એક અજોડ સ્થાન છે–**મંદિરોની નગરી** છે. કારણ કે, કેટલાક કુંડોને બાદ કરતાં, દરવાજાઓ (ગઢ)ની અંદરના ભાગમાં બીજું કશું જ નથી. આંગણા પછી આંગણામાં થઈને આગળ વધતો પ્રવાસી ભૂખરા રંગના ચૂનાની સુંવાળી ફરસબંધી ઉપર થઈને, મંદિર પછી મંદિરની મુલાકાત લે છે—આ મંદિરોમાંનાં મોટા ભાગનાં મંદિરો નજીક આવેલ ગોપનાથની ખાણમાંના પથ્થરોથી ચણેલાં છે, પણ થોડાંક મંદિરો આરસપહાણનાં બનાવેલાં છે—બધાં ઝીણવટથી કોતરેલાં છે; અને કેટલાંકની સપ્રમાણતા ધ્યાન ખેંચે એવી છે. અને જ્યારે પ્રવાસી સ્ફટિકનાં ચક્ષુઓવાળી અને ચોખ્ખા શ્વેત આરસપહાણમાંથી ઘડેલી મૂર્તિઓ પાસેથી પસાર થાય છે, ત્યારે એ પ્રતિમાઓ જાણે સેંકડો શાંત-એકાંત દેરીઓમાંથી એની સામે નિહાળ્યા કરતી હોય એમ લાગે છે! સાચેસાચ, દુનિયામાં આની બરોબરી કરી શકે એવું કોઈ સ્થાન નથી. વળી દરેક પ્રાંગણમાં, માર્ગમાં, પ્રવેશદ્વારમાં અને ખંડમાં–બધાં સ્થાનોમાં–જે સ્વચ્છતા છે, તે પણ કંઈ ઓછો આહ્લાદ આપતી નથી. મહોત્સવની મોસમ સિવાય અહીં જે શાંતિ–નીરવતા–ચુપકીદી પ્રવર્તે છે, તે પણ ધ્યાન ખેંચે એવી છે. સવારના વખતે, કેટલીક ક્ષણો માટે, અવારનવાર, ઘંટારવ કે થોડા સમય માટે વગાડવામાં આવતા નગારાનો ધ્વનિ તમને સાંભળવા મળે છે. અને પર્વદિવસોમાં મોટાં મંદિરોમાં ગવાતાં સ્તવનો તમારા કાને પડે છે. પણ, બપોર પછીના વખતે, મોટે ભાગે, એક મંદિરથી બીજા મંદિરની છત ઉપર ઝડપથી કૂદાકૂદ કરતાં કબૂતરોનાં મોટાં ટોળાંઓના અવાજો જ ત્યાં સંભળાય છે. પોપટ, ખિસકોલીઓ, કબૂતરો તથા જંગલી કબૂતરો અને મોર બહારની દીવાલો ઉપર, અવારનવાર, જોવા મળે છે."[૩૩]

—શત્રુંજય એન્ડ ઇટ્સ ટેમ્પલ્સ, પૃ૦ ૧૮-૧૯.

**શ્રી હેન્રી કઝીન્સે** શ્રી શત્રુંજય તીર્થની પ્રશંસા આ શબ્દોમાં કરી છે—

"બધા કદનાં અને બધી આકૃતિઓનાં સેંકડો મંદિરોથી છવાઈ ગયેલાં અને વચ્ચે વચ્ચે ખીણો ધરાવતાં આ શિખરોને લગભગ **હવામાં બનાવેલા પવિત્ર નગર** તરીકે જ વર્ણવી શકાય. ........એક બાબત જે મંદિરોના આ સમૂહને, સપાટ મેદાનોમાં વસેલાં શહેરોમાં બનેલા, આવા સમૂહોથી જુદો પાડે છે, તે છે, કેવળ મંદિરોની વચ્ચે જ નહીં પણ પર્વત ઉપર કોઈ પણ સ્થાને, કોઈ પણ જાતના વસવાટો–ઘરોનો સર્વથા અભાવ. શહેરોમાં અને એની આસપાસ બનેલ બધી પવિત્ર ઇમારતોના સમૂહ સાથે જોડાઈ ગયેલો રોજિંદો જીવન-વ્યવહાર અહીં એની ગેરહાજરીના કારણે ઊડીને આંખે વળગે છે. અને આ તેમ જ વાદળોથી સારી રીતે જુદી પડતી એની સ્થિતિ એને તરત જ

એવી આકર્ષકતા અને એવું ગૂઢ વાતાવરણ આપે છે કે જે એની પોતાની ખાસિયતરૂપ જ ગણાય. ટેનીસને જ્યારે એમ લખ્યું કે 'અને હું ઉપર ચડયો અને મેં સર્વશક્તિમાન પર્વતને તથા શિખર ઉપર ગઢવાળા નગરને જોયાં—ન માની શકાય એવા કળશોથી આકાશને વીંધતાં શિખરો' ત્યારે એમના ચિત્તમાં લગભગ આ જ (ચિત્ર) હશે."[૩૪]

—આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા (સોમનાથ એન્ડ અધર મેડિઇવલ ટેમ્પલ્સ ઑફ કાઠિયાવાડ) (૧૯૩૧), પૃ૦ ૭૩-૭૪.

**મહાકવિ ન્હાનાલાલ** આ મહાતીર્થનો મહિમા, પોતાની આગવી લાક્ષણિક ઊર્મિલ શૈલિમાં વર્ણવતાં કેવા ભાવવિભોર થઈ ગયા હતા, તે એમના શબ્દોમાં જોઈએ—

"આગલી સન્ધ્યાએ તળેટીની એક વૃક્ષછાયામાં આ ભૂમિની મહેમાની માણેલો એક અતિથિ, કીડીને વેગે પણ સિંહના આત્મનિષ્ઠ પગલે, આ ગિરિરાજની કેડીએ ચડે છે—જાણે ફૂંકી ફૂંકીને પગલાં ભરતો ન હોય. તેજની પાંખો જેવું એનું પીળું તેજસ વસ્ત્ર છે, પદ્મપાંખડી સમા એના અડવાણા પાય છે, દેહના ને આત્માના આધાર સમો એનો ધર્મદંડ છે, ધર્મના અરીસા સમો એનો મુખચંદ્ર છે. એનો દેહ આત્મનિષ્ઠ છે, આત્મા દેહનિષ્ઠ છે. ઊંચે ને ઊંચે એનો પ્રયાણમાર્ગ છે—જાણે આભને આરે જઈને ઊભશે કે શું? કાલે સાયંકાળે એ તળેટીનો અતિથિ હતો; આજે મધ્યાહ્‌ને એ શિખરનો મહેમાન થશે. સિદ્ધાચળે ચ્હડી, તપશ્ચર્યા કરી, પછી તો અનેક સિદ્ધો સિદ્ધિને પામેલા છે. આ સાધુ હતા સિદ્ધાચળે ચ્હડનારા તપશ્ચર્યાર્થી પ્રથમ સિદ્ધ. એમની પગલી પગલીએ સિદ્ધાચળ પવિત્ર થતો કે સિદ્ધાચળને સ્પર્શે સ્પર્શે એ પાવન થતા એ પણ ત્ય્હારે તો ઉકેલવાનો એક ધર્મકોયડો હતો. એ સાધુવર કાંઈક શોધતા હતા. ........

"દિશાઓને શોધતા શોધતા તે ચ્હડતા હતા. પર્વતની પ્રથમ ધાટીએ ચ્હડી રહ્યા. હાથીના કુંભસ્થળ શી બીજી ધાટી એમણે ચ્હડવા માંડી. સિદ્ધાચળને શિખરે ત્ય્હારે ન હતા મન્દિર કે મુગટ, ત્ય્હારે ન હતા ધૂપ કે કેસર-ચંદનના સુગન્ધ. ગિરિરાજ સ્વયં કુદરતનું મહામન્દિર હતું, તરુવરો મુગટ હતા, ગિરિફૂલડાં અને ગિરિઔષધિઓ ઢોળતાં'તાં ધૂપકેસરના સુગન્ધ. એ ચ્હડતા જાય, ને વાતાવરણ નિર્મળું ને પારદર્શક થતું જાય. આદીશ્વર ભગવાનનું આજ મંદિર છે એ શિખરની ધારે જઈને સાધુવર ઊભા. ....

"....બે હજાર પગલાંની ઊંચાઈએથી એ સાધુવરે પશ્ચિમ દિશામાં દૃષ્ટિ પરોવી. પ્રથમ તો એમણે દીઠી પગલાં નીચે ઢોળાતી, રૂપાની રેલ સમી, શત્રુંજય ગિરિરાજની ભગિની શત્રુંજયી નદી. ચોકની ડુંગરીઓમાંથી નીસરી તાલધ્વજી તળાજિયા ડુંગરની પ્રદક્ષિણાએ જતી હતી. .... .... એમણે વીતેલાં વર્ષોને જોયાં, સૈકાઓને જોયા, યુગપલટા જોયા, યુગયુગાન્તરને જોયા, મન્વન્તરને જોયા, અને સૌની પાછળ સૃજન-પ્રલયની મહાલીલાને જોઈ. સિદ્ધાચળને શિખરે ઉભેલા એ સાધુવરની આંખડીમાં વિરાટ આવીને ઊભો. અનંતા કાળ એમને અણુ-પરમાણુ થઈ રહ્યો. જન્મ-મરણની ભવભૂલભૂલામણી એમને

રાજમાર્ગ સમી ભાસી. 'નિર્વાણ' 'મહાનિર્વાણ' પોકારતા સાધુવરે એ યુગયુગાન્તરના દર્શનને દંડવત્ પ્રણામ કીધા. આભના દરવાજા એમને ઉઘડી ગયા.

"સજ્જનો ! સિદ્ધાચળના એ પ્રથમ સિદ્ધદેવ ઋષભદેવજી.

"એમણે પ્રથમ કીધું એ યુગયુગાન્તરનું દર્શન તે પછી અનેક સાધુવરોએ કીધું છે, અને સિદ્ધાચળને શિખરે અનન્તા સિદ્ધદેવો થઈ ગયા છે. એ હતા યુગયુગાન્તરના પ્રથમ વટેમાર્ગુ. એમણે વાટ પાડી અને પુણ્યવાટે પુણ્યશાળીઓ પરવાર્યા."

—પાલીતાણામાં, તા. ૧૪-૯-૧૯૩૬ના રોજ, આપેલ ભાષણનો કેટલોક અંશ.

દિગંબર સંઘના રાષ્ટ્રવાદી અને સમભાવી વિદ્વાન **શ્રી નાથુરામ પ્રેમીજીએ** ગિરિરાજ શ્રી શત્રુંજય તીર્થની વિશેષતા વર્ણવતાં કહ્યું છે કે—

**"पर्वत की चोटी के दो भाग हैं। ये दोनों ही लगभग तीन सौ अस्सी अस्सी गज लम्बे हैं और सर्वत्र ही मन्दिरमय हो रहे हैं। मन्दिरों के समूह को टोंक कहते हैं। टोंक में एक मुख्य मंदिर और दूसरे अनेक छोटे छोटे मंदिर होते हैं। यहां की प्रत्येक टोंक एक एक मजबूत कोट से घिरी हुई है। एक एक कोट में कई कई दर्वाजे हैं। इन में से कई कोट बहुत ही बडे बडे हैं। उन की बनावट बिलकुल किलों के ढंग की है। टोंक विस्तार में छोटी बडी हैं। अन्त की दशवीं टोंक सब से बडी है। उस ने पर्वत की चोटी का दूसरा हिस्सा सब का सब रोक रक्खा है।**

**"पर्वत की चोटी के किसी भी स्थान में खडे होकर आप देखिए, हजारों मन्दिरों का बडा ही सुन्दर, दिव्य और आश्चर्यजनक दृश्य दिखलाई देता है। इस समय दुनिया में शायद ही कोई पर्वत ऐसा होगा जिस पर इतने सघन, अगणित और बहु-मूल्य मन्दिर बनवाये गये हों। मन्दिरों का इसे एक शहर ही समझना चाहिए। पर्वत के बहिः प्रदेशों का सुदूर-व्यापी दृश्य भी यहां से बडा ही रमणीय दिखलाई देता है।"**

—"જૈનહિતૈષી"ના કોઈ અંકમાં પ્રકાશિત અને શ્રી શત્રુંજયતીર્થોદ્ધારપ્રબંધના ઉપોદ્ઘાત (પૃ૦ ૧૭)માં ઉદ્ધૃત લેખનો થોડો અંશ.

કુટુંબભાવનાની કૂણી લાગણીઓના હૃદયસ્પર્શી સર્જક **કવિવર બોટાદકરે** આ તીર્થને આ શબ્દોમાં પોતાની ભાવાંજલિ આપી છે—

"આ પ્રાસાદો અનેરા કર દઈ કરમાં રાસ રંગે રચીને,
ઊભા દેવાંગનાનાં રસિક હૃદયનાં ઝીલવા ગાન હર્ષે;
ચિત્રોનું ને કલાનું, વિવિધ હૃદયના ભાવ ને વૃત્તિઓનું,
સૌંદર્યોનું, રસોનું, ઉચિત ખચિત આ સંગ્રહસ્થાન સાચું."

"શાંતિના ધામ જેવો, સતત શરણ ને દર્શને શાંતિ દેતો,
ઊંચા યોગીશ્વરોએ અભિમત વરવા એ થકી યોગ્ય માન્યો;
ભૂલાયે વિશ્વ વેગે, અમર-હૃદયનો ઉચ્ચ આનંદ આવે,
ને મોંઘી મુક્તિ કેરા પુનિત ચરણને સ્પર્શતાં હર્ષ વાધે."

—બોટાદકરની કાવ્યસરિતા, પૃ૦ ૧૯-૨૦.

## પાંચમા પ્રકરણની પાદનોંધો

૧. વિ૦ સં૦ ૧૭૦૭ થી (ઈ૦ સ૦ ૧૬૫૧ થી) શરૂ કરીને તે વિ૦ સં૦ ૧૯૮૪ (ઈ૦ સ૦ ૧૯૨૮) સુધીના ૨૭૭ વર્ષ જેટલા લાંબા સમય દરમ્યાન, ખૂબ જહેમત લઈને, શત્રુંજય મહાતીર્થની તથા એના યાત્રિકોની સલામતી માટે, કરવામાં આવેલ રખોપાના પાંચ કરારો આ વાતના બોલતા પુરાવારૂપ બની રહે એવા છે. તેમાંય છેલ્લો પાંચમો કરાર થયો તે પહેલાં સમસ્ત શ્રીસંઘે જે જાગૃતિ અને એકવાક્યતા દર્શાવી હતી, તે તો ખરેખર, બેનમૂન કહી શકાય તેવી હતી. આ પાંચે કરારોની સવિસ્તર માહિતી આ પુસ્તકના દસમા પ્રકરણમાં આપવામાં આવી છે.

૨. **तेन यथा श्रीसिद्धराजो रञ्जितः, व्याकरणं कृतम्, वादिनो जिताः। यथा च कुमारपालेन सह प्रतिपन्नम्। कुमारपालोऽपि यथा पञ्चाशद्वर्षदेशीयो राज्ये निषण्णः। यथा श्रीहेमसूरयो गुरुत्वेन प्रतिपन्नाः।**

—પ્રબંધકોશ, શ્રી હેમસૂરિપ્રબંધ, પૃ૦ ૪૭.

૩. મહારાજા સિદ્ધરાજ જયસિંહે શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી હતી અને તીર્થના નિભાવ માટે બાર ગામ પણ ભેટ આપ્યાં હતાં, તે સંબંધી ઉલ્લેખ આ પ્રમાણે મળે છે—

**ततः पुरस्सरीकृत्य, गुरुं जंगमतीर्थवत्।**
**विमलाचलमारुक्षत्, सिद्धराट् सपरिच्छदः॥ २७॥**

**ईदृशे यदि तीर्थेऽस्मिन्, स्वयं न श्रीर्निवेश्यते।**
**तदा प्रेत्य कथंकारं, सुराजंभवमंगिभिः॥ ३२॥**

**विचार्येति नृपोऽगण्य-पुण्यपण्यसमीहया।**
**ददिवान् द्वादशग्रामीं, श्रीनाभेयार्चनाकृते॥ ३३॥ युग्मम्॥**

—કુમારપાલભૂપાલચરિત્ર, સ૦ ૩.

વળી મહારાજા સિદ્ધરાજની જેમ (રાજર્ષિ કુમારપાળની વતી અથવા એમની અનુમતિથી) બાહડ મંત્રીએ (વાગ્ભટ મંત્રીએ) પણ, તીર્થના ચૌદમા ઉદ્ધાર વખતે, તીર્થની સાચવણી માટે, ૨૪ ગામ ભેટ આપ્યાનો ઉલ્લેખ આ પ્રમાણે મળે છે—

**अवरुह्य ततस्तीर्थात्, तदीयतटभूतले।**
**वाग्भटः स्थापयामास, निजनाम्ना नवं पुरम्॥ ६४८॥**

**चतुर्विंशतिमारामान्, निर्माप्य परितः पुरम्।**
**देवार्चनाकृते दत्वा, ग्रामानपि च तावतः॥ ६५०॥**

—કુમારપાલભૂપાલચરિત્ર, સ૦ ૮.

આ ઉપરાંત શ્રી જિનહરખવિરચિત 'કુમારપાળ રાજાનો રાસ' (પૃ૦ ૨૪૭)માં પણ 'ચોવીસ ગામ પૂજા ભણી' એમ કહીને ચોવીસ ગામ ભેટ આપ્યાની વાત નોંધી છે.

૪. રાજર્ષિ કુમારપાળે કરેલ શ્રી શત્રુંજય વગેરે તીર્થોની યાત્રા માટે જુઓ :

(૧) કુમારપાલભૂપાલચરિત્રમ્, સર્ગ ૯, શ્લોક ૨૮૩ થી ૩૩૫.

(૨) પુરાતનપ્રબંધસંગ્રહ, પૃષ્ઠ ૪૨-૪૩.

(૩) પ્રબંધચિંતામણિ, પૃષ્ઠ ૯૨-૯૩.

(૪) પ્રબંધકોશ, પૃષ્ઠ ૪૮-૪૯.

૫. બાહડ મંત્રીએ કરાવેલ ચૌદમા ઉદ્ધારની પ્રતિષ્ઠા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના સાંનિધ્યમાં, જેમ વિ૦ સં૦ ૧૨૧૧ની સાલમાં, થયાના ઉલ્લેખો મળે છે, તેમ આ પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૧૨૧૩ અને ૧૨૧૪માં થયાના ઉલ્લેખો પણ મળે છે, જે આ પ્રમાણે છે—

વિ૦ સં૦ ૧૩૦૧ની સાલમાં શ્રી જયસિંહસૂરિએ રચેલ 'કુમાલપાલભૂપાલચરિત્ર'માં આ પ્રતિષ્ઠાનો નિર્દેશ આ પ્રમાણે કરવામાં આવ્યો છે—

**श्रीविक्रमाच्छिवार्क्षेंदु-वत्सरे सहसः सिते ।**
**सप्तमेऽहनि शनौ वारे, निवेश्य प्रथमं जिनम् ॥ ६४२ ॥**

—કુમારપાલભૂપાલચરિત્ર, સ૦ ૮.

આ ઉલ્લેખમાં માત્ર પ્રતિષ્ઠાનું વર્ષ જ નહીં પણ એનો મહિનો, તિથિ અને વાર પણ આપેલ છે. અર્થાત્ વિ૦ સં૦ ૧૨૧૧ના માગશર સુદ સાતમ અને શનિવારના રોજ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

આ ઉપરાંત અજ્ઞાતકર્તૃક 'કુમારપાલપ્રતિબોધપ્રબંધ' (પૃ૦ ૬૧)માં, 'પ્રબંધચિંતામણિ' (પૃ૦ ૮૭)માં અને શ્રી જિનહરખવિરચિત 'કુમારપાળ રાજાનો રાસ' (પૃ૦ ૨૪૬)માં પણ પ્રતિષ્ઠાનું વર્ષ વિ૦ સં૦ ૧૨૧૧ આપવામાં આવ્યું છે. તેમાંથી 'કુમારપાળ રાજાનો રાસ'નો ઉલ્લેખ આ પ્રમાણે છે—

"તુરત નિપાવ્યો દેહરો, દીપે તેજ દિણંદ લાલ રે;
બાર ઇગ્યાર શનિવાસરે, બેઠા રિષભ જિણંદ લાલ રે."

ઉપરના ઉલ્લેખમાં સંવત ઉપરાંત પ્રતિષ્ઠાનો વાર—શનિવાર પણ લખવામાં આવેલો છે.

આ બાબતમાં વિમાસણ ઉપજાવે એવી વાત તો એ છે કે, આ જ ગ્રંથના પૃ૦ ૨૫૬માં બાહડ મંત્રીએ આ ઉદ્ધાર વિ૦ સં૦ ૧૨૧૪માં કરાવ્યાનો પણ ઉલ્લેખ થયેલો છે, જે આ પ્રમાણે છે—

"સંવત બાર ચઉદોત્તરે રે, મંત્રી બાહડદે સુવિચાર રે;
શ્રી શત્રુંજય શોભતો રે, કીધો ચઉદો જિણે ઉદ્ધાર રે."

'પ્રભાવકચરિત્ર' (પૃ૦ ૨૦૫)માં તથા પં૦ શ્રી વીરવિજયજી મહારાજ વિરચિત

'નવાણું પ્રકારી પૂજા'માં, પાંચમી પૂજામાં, આ પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૧૨૧૩માં થયાનું નોંધ્યું છે. અને 'સિત્તુંજકપ્પો'ની શુભશીલગણિકૃત ટીકા (પૃ૦ ૭૯)માં ચૌદમા ઉદ્ધારની પ્રતિષ્ઠાનું વર્ષ વિ૦ સં૦ ૧૨૧૪ નોંધ્યું છે.

આ બધા ઉલ્લેખોમાં વિ૦ સં૦ ૧૨૧૩ની સાલમાં પ્રતિષ્ઠા થયાની વાત વિશેષ પ્રચલિત થઈ હોવા છતાં, આ પ્રસંગનો નિર્દેશ આપતાં જૂનામાં જૂના વિ૦ સં૦ ૧૩૦૧માં રચાયેલા 'કુમારપાલભૂપાલચરિત્ર'માં આપવામાં આવેલ સંવત, બે કારણોસર, વધારે માનવા લાયક ઠરે છે: એક તો, એમાં સંવત આપવા ઉપરાંત પ્રતિષ્ઠાનાં મહિનો, તિથિ અને વાર પણ આપવામાં આવેલ છે. બીજું કારણ એ છે કે, આ વાતનું બીજા ગ્રંથોએ પણ, ઉપર સૂચવ્યું તેમ, સમર્થન કર્યું છે.

૬. બાહડ મંત્રીએ કરાવેલ ઉદ્ધાર એ, ખરી રીતે, તીર્થનો કોઈ પણ પ્રકારનો ભંગ થવાને કારણે નહોતો કરાવ્યો, પણ એમના પિતા મહામંત્રી ઉદયનની, ગિરિરાજ ઉપરના લાકડાના દેરાસરના સ્થાને પથ્થરનું દેરાસર કરાવવાની અંતિમ પ્રતિજ્ઞાને પૂરી કરવા માટે જ કરાવ્યો હતો. આ આખા પ્રસંગનાં પગરણ મહામંત્રી ઉદયનની પ્રતિજ્ઞાથી શરૂ થાય છે અને વિ૦ સં૦ ૧૨૧૧ની સાલમાં થયેલ પાષાણના જિનપ્રાસાદની પ્રતિષ્ઠાથી એ પૂરો થાય છે. મહામંત્રી ઉદયનની ભાવના અને બાહડ મંત્રીની કાર્યવાહી–એ બેની વચ્ચે એક ત્રીજી વ્યક્તિ પણ એવી છે કે જે આ ધર્મકથા વાંચતાં આપણા હૃદય ઉપર અસર કરી જાય છે. આ ત્રીજી વ્યક્તિ તે, સાધુનો વેષ ધારણ કરીને મહામંત્રીની સાધુનાં દર્શન કરવાની અંતિમ ભાવનાને પૂરી કરનાર, એક ભવાયા કોમની વ્યક્તિ. આ ત્રણેય વ્યક્તિઓની કામગીરીને એક સળંગ કથારૂપે વાંચીએ તો ધર્મશીલતાથી ઊભરાતી શીલ અને સમર્પણની એક હૃદયસ્પર્શી ધર્મકથા વાંચવા મળે છે. મહામંત્રી ઉદયન અને સાધુનો વેષ ધારણ કરનાર ભવાયાની કથાનાં બીજ 'પ્રબંધચિંતામણિ' (પૃ૦ ૮૭)માં સચવાયેલ છે, જેનું આલેખન આ રીતે થઈ શકે—

ત્યારે ગુજરાત ઉપર મહારાજા કુમારપાળનું શાસન ચાલતું હતું; અને મંત્રીશ્વર ઉદયન મહેતા, પોતાની વૃદ્ધાવસ્થાને કારણે, રાજ્યની સેવામાંથી નિવૃત્ત થયા હતા. એ અરસામાં, સોરઠમાં, જૂનાગઢ પાસેના એક નાના રાજ્યના સૂંસર નામના કોઈ જાગીરદારે, ગુર્જરપતિની આજ્ઞા માનવાનો ઇન્કાર કરીને, પોતાની મરજી મુજબ વર્તન ચલાવવા માંડ્યું હતું. અણહિલપુર પાટણમાં મહારાજા કુમારપાળની રાજ્યસભામાં આ વાતની ચર્ચા થઈ ત્યારે, ગુજરાત રાજ્યના યોગક્ષેમની ખાતર—એનું ગૌરવ તથા વર્ચસ્વ ટકાવી રાખવા માટે—એ માથાભારે જાગીરદારને દાબી દેવાનું અને જરૂર પડે તો એ માટે એની સામે યુદ્ધે ચડવાનું પણ નક્કી કરવામાં આવ્યું. પણ આ યુદ્ધનું સેનાપતિપદ સ્વીકારવા, રખેને આમાં પાછા પડવાનો વખત આવે એ આશંકાથી, કોઈ તૈયાર થતું ન લાગ્યું એટલે, છેવટે, રાજ્યની સેવામાંથી નિવૃત્ત થયેલા વયોવૃદ્ધ ઉદયન મંત્રીએ, દેશભક્તિથી પ્રેરાઈને, એ જવાબદારી સ્વીકારી અને, મંગળ મુહૂર્તે, ચતુરંગી સેના સાથે, એ માટે પ્રયાણ કર્યું.

કૂચ કરતાં કરતાં વચમાં વઢવાણ શહેર આવ્યું. સેનાએ ત્યાં પડાવ કર્યો. સેનાપતિ બનેલ ઉદયન મહેતાએ વિચાર્યું: એક તરફ મારી ઉંમર થઈ છે અને બીજી બાજુ જનના

જોખમથી ભરેલો યુદ્ધનો અવસર છે; ન માલૂમ ક્યારે શું થાય? કદાચ મોતના મોંમાં સમાઈ જવાનો પણ વખત આવે! એટલે, સમરાંગણમાં પહોંચતાં પહેલાં, ગિરિરાજશ્રી શત્રુંજય તીર્થ ઉપર જઈને, યુગાદિદેવ શ્રી ઋષભદેવની યાત્રા કરી લેવી ઉચિત છે. અને મંત્રીએ તરત જ, પોતાના મન સાથે એ બાબતનો નિશ્ચય કરી લઈને, પોતાના સાથીઓને એ વાતની જાણ કરી. વઢવાણથી બે માર્ગ જુદી જુદી દિશામાં ફંટાતા હતા: એક જૂનાગઢ તરફ જતો હતો અને બીજો પાલીતાણા તરફ. નાના સેનાપતિઓ સાથે સેનાને જૂનાગઢ તરફ કૂચ કરવા એમણે આદેશ આપ્યો અને, પોતે સમયસર યુદ્ધભૂમિ ઉપર પહોંચી જશે એમ કહીને, એમણે બીજી દિશામાં શ્રી શત્રુંજય તીર્થ તરફ પ્રયાણ કર્યું. અને ઝડપથી પાલીતાણા પહોંચીને તેઓ યાત્રા માટે ગિરિરાજ ઉપર ગયા.

મંત્રીશ્વર ભાવ-ભક્તિથી ભગવાન ઋષભદેવની પૂજા-સેવા કરીને, રંગમંડપમાં બેસીને, એકાગ્ર ચિત્તે ચૈત્યવંદન કરતા હતા, એવામાં કંઈક ખટખટખટ અવાજ થતો સાંભળીને એમની આંખો ખૂલી ગઈ. જોયું તો, એક ઉંદર દીપકમાંથી સળગતી વાટ ખેંચી લઈને એક દરમાં પેસી રહ્યો હતો! આ જોઈને મંત્રીશ્વરનું મન એ વિચારથી ઘણું ચિંતિત થઈ ગયું કે, આ રીતે ઉંદરો દીવાની સળગતી વાટ ખેંચી લઈને મંદિરમાં જ્યાં ત્યાં પેસતા રહે તો, ક્યારેક, દેવાધિદેવનું આ લાકડાનું મંદિર સળગીને ભસ્મ થઈ જાય! અને, આવી અમંગળ શક્યતાનું નિવારણ કરવા માટે, તરત જ એ વયોવૃદ્ધ મંત્રીપ્રવરે પ્રતિજ્ઞા કરી કે, જ્યાં સુધી ગિરિરાજ ઉપરના આ લાકડાના મંદિરના સ્થાને પાષાણનું મંદિર ન બને ત્યાં સુધી મારે હમેશાં એકાસણાનું તપ કરવું.

શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરીને અને એના ઉદ્ધાર માટેની આવી પ્રતિજ્ઞા લઈને ઉદયન મહેતા, પવન જેવી ઝડપી ગતિએ, યુદ્ધના મેદાનમાં જઈ પહોંચ્યા. પહાડે પહાડ અથડાવા તૈયાર ખડા હોય એમ બન્ને પક્ષનાં સૈન્યો યુદ્ધ માટે જાણે થનગની રહ્યાં હતાં. પરિસ્થિતિની ગંભીરતાનો વિચાર કરીને એમણે યુદ્ધ દરમિયાન સેનાની આગેવાની પોતે જાતે જ સંભાળી લીધી. દુશ્મન અને એની સેના પણ કંઈ ઓછાં ઊતરે એવાં ન હતાં. યુદ્ધનો આરંભ થયો અને બન્ને પક્ષો વચ્ચે ખૂનખાર યુદ્ધ થયું. પળવાર તો જય-પરાજય ત્રાજવે તોળાઈ રહ્યા હોય એમ પણ લાગ્યું. પરંતુ અંતે ગૂર્જર સેનાનો વિજય થયો. પણ આ વિજયનું મૂલ્ય ગુર્જર સેનાને બહુ ભારે ચૂકવવું પડ્યું હતું: મંત્રીશ્વર ઉદયન મરણતોલ ઘાયલ થયા હતા, એમના અંગ-અંગમાંથી લોહી વહી રહ્યું હતું, એમને સંભાળપૂર્વક ઊંચકીને તત્કાળ શિબિરમાં લઈ જવામાં આવ્યા; અને સૈન્ય સાથેના કુશળ વૈદ્યે એમની સારવાર શરૂ કરી. પણ બધાને લાગ્યું કે, આમાંથી એમના બચવાની કોઈ આશા ન હતી! પણ તીર્થાધિરાજના જિનમંદિરના ઉદ્ધારની તેમ જ તે પહેલાં ભૃગુકચ્છના (ભરુચના) શકુનિકાવિહાર જિનાલયના ઉદ્ધારની પોતે કરેલી પ્રતિજ્ઞા એમને અંત સમયે ખૂબ બેચેન બનાવી રહી હતી. છેવટે લાગણીભરી વિનતીથી, પોતાની પ્રતિજ્ઞાની વાત એમણે પોતાના સાથીઓને કરી. સાથીઓએ એ પ્રતિજ્ઞા એમના પુત્ર બાહડ મંત્રી તથા આંબડ મંત્રી પૂરી કરશે, એવી એમને ખાતરી આપી.

પોતાની પ્રતિજ્ઞા પોતાના પુત્રો પૂરી કરશે એ જાણીને મંત્રીને પૂરાં સંતોષ અને શાંતિ

થયાં; આમ છતાં એમના અંતરમાં હજી પણ કોઈક ઇચ્છા અધૂરી રહ્યાનો વિચાર ઘોળાઈ રહ્યો છે અને તેથી તેઓની દેહમુક્તિ થતી નથી, એમ એમના સાથીઓને લાગ્યું. એમના પૂછવાથી મંત્રીશ્વરે અંત સમયે સાધુ–મુનિરાજનાં દર્શન કરવાની પોતાની ઇચ્છા એમને કહી બતાવી. સાથીઓ વિચારમાં પડી ગયા : આ યુદ્ધના મેદાનમાં મુનિરાજ ક્યાંથી લાવવા ? પણ પછી સેના સાથેના એક ભવાયાને–નાટકિયાને (વંઠને) મુનિનો વેશ પહેરાવીને તેઓ મંત્રી પાસે લઈ ગયા. મંત્રી ગુરુ મહારાજનાં અંતિમ દર્શન કરીને સુખપૂર્વક સ્વર્ગે સિધાવ્યા. અને સાધુવેશનો આવો મહિમા જાણીને પેલો ભવાયો પણ, પોતે લીધેલ સાધુવેશનો ત્યાગ કરવાને બદલે, એ વેશનો હમેશને માટે સ્વીકાર કરીને, પોતાનું આત્મકલ્યાણ કરવા માટે, શ્રી ગિરનાર તીર્થમાં તપ કરવા ચાલ્યો ગયો.

જેમ લાકડાના મંદિરના સ્થાને પાષાણનું મંદિર બનાવવાની મહામંત્રી ઉદયનની પ્રતિજ્ઞા એમની ઊંડી ધર્મભાવના અને તીર્થરક્ષાની ચિંતાની સાક્ષી પૂરે છે, તેમ એ મંદિરની રચનાની કથા પણ, બાહડ મંત્રીની ઊંડી ધર્મશ્રદ્ધા, સમર્પણની ભાવના અને પ્રશાંત શૌર્ય-કથાને સંભળાવતી હોય એમ જ લાગે છે.

ગિરિરાજ ઉપર લાકડાના જિનાલયના સ્થાને પાષાણનો જિનપ્રાસાદ બનાવવાની પોતાના પિતાશ્રીની પ્રતિજ્ઞા અને આજ્ઞાની જાણ થતાં બાહડ મંત્રી પોતાની જાતને ધન્ય માનવા લાગ્યા અને પોતાને એક અતિ મહામૂલો અવસર મળ્યો એમ સમજીને ખૂબ ઉલ્લાસ અનુ-ભવી રહ્યા. એટલે એમણે આ કામ વહેલાંમાં વહેલી તકે પૂરું થાય એ માટે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના આશીર્વાદ અને મહારાજા કુમારપાળદેવની અનુમતિ મેળવીને એ કામ તાબડતોબ શરૂ કરાવવાનો સંકલ્પ કર્યો. નવીન જિનાલયની રચના માટે કુશળ શિલ્પીઓને રોકવામાં આવ્યા. અને ઇમારતના નકશા વગેરે તૈયાર થઈ જતાં, વિના વિલંબે, બાંધકામ શરૂ કરાવવામાં આવ્યું. આ માટે જેમ પૈસાની કોઈ ખામી ન હતી, તેમ ભાવનાની પણ કોઈ ઊણપ ન હતી અને કામ પૂરું કરવામાં જરા પણ વિલંબ ન થાય એની પૂરેપૂરી તકેદારી રાખવામાં આવતી હતી.

સમય વીતતાં પાલીતાણાથી આવેલ કાસદે મંદિરનું કામ પૂરું થયાના શુભ સમાચાર મંત્રીને આપ્યા. સમાચાર સાંભળી બાહડ મંત્રી ભારે આહ્લાદ અને સંતોષ અનુભવી રહ્યા; અને, પોતાની ખુશાલી વ્યક્ત કરવા માટે, એમણે સંદેશવાહકને કીમતી ભેટ આપી પ્રસન્ન કર્યો. પણ, જાણે મંત્રીની ધર્મભાવના અને સમર્પણ-ભાવનાની સચ્ચાઈની અગ્નિપરીક્ષા થવાની હોય એમ, તરત જ પાલીતાણાથી આવેલ બીજા કાસદે એવા ખેદજનક સમાચાર આપ્યા કે તૈયાર થયેલ દેવપ્રાસાદનો મુખ્ય ભાગ જમીનદોસ્ત થઈ ગયો છે ! આ સમાચાર હતાશ –નિરાશ બનાવી મૂકે એવા હતાં, છતા પણ મંત્રી બાહડે એ સમાચાર પૂરી શાંતિ અને સ્વસ્થતાથી સાંભળ્યા, એટલું જ નહીં પણ, આ સમાચાર લાવનાર કાસદને પહેલા સમાચાર લાવનાર કાસદ કરતાં વધારે પારિતોષિક આપ્યું ! એમણે દીર્ઘદૃષ્ટિ અને શાણપણપૂર્વક એવો વિચાર કર્યો કે, સારું થયું કે મારી હયાતિમાં અને પ્રતિષ્ઠા થયા પહેલાં જ આ મંદિર પડી ગયાના સમાચાર મને મળ્યા, જેથી હવે પછી હું એવું મજબૂત મંદિર બંધાવી શકું કે જેને વાવાઝોડા વગેરેની કોઈ પણ જાતની માઠી અસર થવા ન પામે. મંત્રીનું મન

નવું વધારે મજબૂત મંદિર ચણાવવા ખૂબ ઉત્સુક બની ગયું અને તેઓ તરત જ પાલીતાણા જઈ પહોંચ્યા. ત્યાં જઈને મુખ્ય સ્થપતિ તેમ જ બીજા શિલ્પીઓને એકત્ર કરીને એમણે એમની સાથે એ વાતની ચર્ચા કરી કે મંદિર એકાએક પડી જવાનું શું કારણ છે? મુખ્ય સ્થપતિ આનું કારણ તો જાણતા હતા, પણ એ કહેતાં એમને સંકોચ થતો હતો. બાહડ મંત્રીને એ સમજતાં વાર ન લાગી અને એમણે તરત જ કહ્યું કે, આમ થવાનું જે કંઈ કારણ હોય તે તમે વિના સંકોચે મને કહો. મારે તો દેવાધિદેવનું ખૂબ રળિયામણું અને કાળની સામે ટકી શકે એવું મજબૂત મંદિર બંધાવીને મારા પૂજ્ય પિતાની આજ્ઞાનું પાલન કરવું છે; સાથે સાથે મારા જીવન અને ધનને પણ કૃતાર્થ બનાવવું છે.

મુખ્ય સ્થપતિએ ખુલાસો કરતાં કહ્યું કે, "મંત્રીશ્વર! જે મંદિર પડી ગયું તે અમે ભમતીવાળું બનાવ્યું હતું અને આટલે ઊંચે ભમતીવાળું મંદિર બનાવવા જતાં ઝંઝાવાત કે વાવાઝોડા વખતે દેવપ્રાસાદમાં જે હવા ભરાઈ જાય છે, તેને બહાર નીકળવાની પૂરતી જગ્યા મળતી નથી, તેથી તે હવાના જોશને લીધે મંદિરનો ભંગ થઈ જાય છે." એનો જવાબ આપતાં મંત્રીશ્વરે તરત જ કહ્યું: "જો એમ છે તો હવે પછી જે જિનપ્રાસાદની રચના કરવાની છે, તે ભમતી વગર જ કરો, જેથી અત્યારે કે ભવિષ્યમાં પણ એને ક્યારેય કુદરતી આફતને કારણે કશું પણ નુકસાન પહોંચવા ન પામે." સ્થપતિએ સંકોચપૂર્વક કહ્યું: "આપનું કહેવું તો સાચું છે, પણ ભમતી વગરનું દેરાસર કરવા જતાં, શિલ્પશાસ્ત્રની દૃષ્ટિએ, એમાં એક મોટો દોષ સેવવો પડે છે." મંત્રી: "એવો શો દોષ છે?" સ્થપતિ: "એમાં મહાન દોષ એ છે કે જે વ્યક્તિ ભમતી વગરનું જિનાલય બંધાવે છે, તેનો વંશવેલો વધતો નથી—તે નિઃસંતાન રહે છે!" મહામંત્રી: "બસ, એટલું જ? ઓહો, એમાં આટલા બધા શા માટે સંકોચાઓ કે મૂંઝાઓ છો? મહાતીર્થના આ મહાગિરિ ઉપર ધર્મનો સર્વ-મંગલકારી સંદેશો ફેલાવતું મજબૂત જિનાલય બનતું હોય તો, નિઃસંતાન રહેવું મને મંજૂર છે. ધર્મના ભોગે મને સંતતિ મળે એવી કોઈ લાલસા મને સતાવતી નથી." મંત્રી બાહડનો આ જવાબ એ એમના જીવન સાથે એકરૂપ બની ગયેલ ધર્મશ્રદ્ધા, દેવસેવા, સમર્પણ-ભાવના અને પિતૃભક્તિની કીર્તિગાથા બની રહે એવો છે.

મંત્રીશ્વરની આ ભાવનાના પાયા ઉપર જે ઉત્તુંગ અને મજબૂત જિનપ્રાસાદ રચાયો, તેના કેટલાક અવશેષો તો અત્યારના જિનાલયમાં પણ વિદ્યમાન છે અને જાણે એ મંત્રી-શ્વરની ધર્મરુચિની કીર્તિગાથા સંભળાવી રહ્યા છે!

આપણા ધર્મપ્રશંસક અને જ્ઞાનસાધક શ્રમણ ભગવંતોએ આ વિરલ ઘટના અંગે મંત્રી બાહડની જે પ્રશસ્તિ કરી છે, તે પાવન કરે એવી હોવાથી તેનો થોડોક આસ્વાદ લઈએ—

(i) **भ्रमतीयुते प्रासादे पवनप्रविष्टो न निर्यातीति स्फुटनहेतुं शिल्पिभि-र्निर्णीय भ्रमतीहीनेषु प्रासादेषु निरन्वयताकारणं ज्ञात्वा मदन्वयाभावे धर्मसंतानमेवास्तु । पूर्वोद्धारकारिणां श्रीभरतादीनां पंक्तौ नामाऽस्तु ।**

—કુમારપાલપ્રતિબોધપ્રબંધ, પૃ૦ ૬૧.

(ii) **सभ्रमे प्रासादे पवनः प्रविष्टो न निर्यातीति स्फुटनहेतुं शिल्पिभि**

निर्णीयोक्तम्, अमहीने तु प्रासादे निरन्वयतां च विमृश्याऽन्वयाभावे धर्मसन्तानमेवास्तु; पूर्वोद्धारकारिणां श्रीभरतादीनां पंक्तौ नामास्तु ।

—પ્રબંધચિંતામણિ, કુમારપાલાદિપ્રબંધ, પૃ૦ ૮૭.

(iii) निर्भमश्च जिनावासः कार्यते स स्थिरस्तथा ।
परं कारयितुर्नैव सन्तानं जायतेऽग्रतः ॥

बाहडः प्राह सन्तान-वृद्धयालं मे चिरं ध्रुवम् ।
सन्तानेन न (च) को याति स्वर्गं शिवं च मानवः ॥

—સિત્તુંજકપ્પો, દ્વિતીય વિભાગ, બાહડોદ્ધારપ્રબંધ, પૃ૦ ૭૯.

(iv) પૂછ્યો મંત્રી શિલાવટાં ॥ કિમ પડ્યું જિનગૃહ એહ ॥
દેવળ પવન વશે પડ્યું ॥ મ ધરો મન સંદેહ ॥ સુ૦ ૧૫ ॥

હવે ચઉબારો કરું ભલો ॥ પ્રૌઢો જિનપ્રાસાદ ॥
નિશ્ચલ કહીયે ચલે નહીં ॥ કરે ગગનશું વાદ ॥ સુ૦ ૧૬ ॥

પણ એક દોષ મોટો અ છે ॥ પાછળ ન હુવે સંતાન ॥
ઢાળ અઠ્યાશીમી એ થઈ ॥ કહિ જિનહરષ પ્રધાન ॥ સુ૦ ૧૭ ॥

### ઢાળ ૮૯મી

#### દુહા

સુણો શિલાવટ માહરો ॥ વચન કહ્યું મન રંગ ॥
ફિકર નહીં મુજ સુત તણી ॥ કર પ્રાસાદ ઉતંગ ॥ ૧ ॥

પુત્ર અને પુત્રી ઘણી ॥ જેહને કેડે હોય ॥
મરતા માતપિતા તણે ॥ કેડે નાવે કોય ॥ ૨ ॥

—શ્રી કુમારપાળ રાજાનો રાસ, ઢાં૦ ૮૮, ૮૯, પૃ૦ ૨૪૫, ૨૪૬.

૭. અલ્લાઉદ્દીન ખિલજીના સૈન્યે તીર્થાધિરાજ શત્રુંજયનો ભંગ કર્યો ત્યારથી લઈને તે એ તીર્થનો ઉદ્ધાર કરીને, પંદરમા ઉદ્ધાર તરીકે એ મહાતીર્થની પ્રતિષ્ઠા કરાવવામાં આવી ત્યાં સુધીની ઘટનાઓનું સવિસ્તર વર્ણન એક કાવ્યમાં કરવામાં આવ્યું છે. સંસ્કૃત ભાષામાં, પદ્ય શૈલીમાં, રચવામાં આવેલ આ કાવ્યનું નામ 'શ્રી નાભિનંદનજિનોદ્ધારપ્રબંધ' છે. એના કર્તા, જેઓની નિશ્રામાં આ પ્રતિષ્ઠા-મહોત્સવ ઊજવવામાં આવ્યો હતો તે, ઉકેશ ગચ્છના શ્રી સિદ્ધસૂરિજીના પટ્ટધર આચાર્ય શ્રી કક્કસૂરિ છે. આ કાવ્યની નોંધપાત્ર વિશેષતા એ છે કે, આ પ્રતિષ્ઠા પછી ૨૨ વર્ષે, વિ૦ સં૦ ૧૩૯૩ની સાલમાં જ, એની રચના થઈ હતી. એટલે આ કાવ્યની રચના કરનાર આચાર્યશ્રી પણ આ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત હશે એમ માની શકાય. અને તેથી આ પ્રસંગનું વર્ણન કરતું આ કાવ્ય વિશેષ પ્રમાણભૂત કહેવાય.

વળી, શ્રેષ્ઠી સમરાશાએ શ્રી શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કર્યો અને તેની પ્રતિષ્ઠા વિ૦ સં૦

૧૩૭૧ના માહ શુદિ ૧૪ ને સોમવારના રોજ કરાવી, એ સંબંધી પ્રતિષ્ઠા-લેખ તો જોવામાં નથી આવતો, પણ એ જ સાલ, એ જ તિથિ તથા એ જ વારે શ્રી શત્રુંજય ગિરિ ઉપર, જુદાં જુદાં સ્થાનોમાં મૂકવામાં આવેલ અને આ ઉદ્ધાર સાથે સંકળાયેલ વ્યક્તિઓના નામવાળા જુદી જુદી ત્રણ મૂર્તિઓના લેખો સચવાયેલા છે. આ ત્રણ લેખો 'પ્રાચીન ગૂર્જર કાવ્યસંગ્રહ' નામે પુસ્તકમાં છપાયેલા છે. અને તે ઉપરથી તે લેખો પુરાતત્ત્વાચાર્ય શ્રી જિનવિજયજીએ સંપાદિત કરેલ 'પ્રાચીન જૈન લેખ સંગ્રહ' ભાગ બીજામાં ફરી છાપ્યા છે, જેના નંબર ૩૪, ૩૫, ૩૬ છે. પંદરમા ઉદ્ધારની આ ઘટનાના આડકતરા શિલાલેખી પુરાવા સમા એ લેખો અહીં આપવા ઉચિત છે.

૩૪મો લેખ એક દેવીની મૂર્તિ ઉપર કોતરેલો છે, જે આ પ્રમાણે છે—

( ३४ )

॥ ई० ॥ संवत् १३७१ वर्षे माह सुदि १४ सोमे श्रीमदूकेशवंशे वेशट्गोत्रीय सा० सलषण पुत्र सा० आजडतनय सा० गोसल भार्या गुणमती कुक्षिसंभवेन संघपति आसाधरानुजेन सा० लूणसीहाग्रजेन संघपति साधुश्रीदेसलेन पुत्र सा० सहजपाल सा० साहणपाल सा० सामंत सा० समरा सा० सांगण प्रमुख कुटुंबसमुदायोपेतेन निजकुलदेवी श्रीचंडिका (?) मूर्तिः कारिता ।

यावद् व्योम्नि चंद्रार्कौ यावन्मेरुर्महीतले ।
तावत् श्रीचंडिका (?) मूर्तिः ... ... ... ॥

( प्राचीनगूर्ज्जरकाव्यसंग्रह )

૩૫મો લેખ સંઘપતિ આસાધરની મૂર્તિ ઉપર કોતરેલો છે, તે આ પ્રમાણે છે—

( ३५ )

संवत् १३७१ वर्षे माह सुदि १४ सोमे श्रीमदुकेशवंशे वेसटगोत्रे सा० सलषणपुत्र सा० आजडतनय सा० गोसल भार्या गुणमती कुक्षिसमुत्पन्नेन संघपति सा० आसाधरानुजेन सा० लूणसीहाग्रजेन संघपति साधु श्रीदेसलेन सा० सहजपाल सा० साहणपाल सा० सामंत सा० समरसीह सा० सांगण सा० सोम प्रभृतिकुटुंबसमुदायोपेतेन वृद्धभ्रातृ संघपति आसाधरमूर्तिः श्रेष्ठिमाढ( ढ ? )लपुत्री संघ० रत्नश्रीमूर्तिसमन्विता कारिता ॥ आशाधरकल्पतरु... ... ...युगादिदेवं प्रणमति ॥

( प्राचीनगूर्ज्जरकाव्यसंग्रह )

૩૬મો લેખ (જૂનાગઢના) રાજવી શ્રી મહીપાલદેવની મૂર્તિ ઉપર આ પ્રમાણે કોતરેલો છે—

( ३६ )

संवत् १३७१ वर्षे माह सुदि १४ सोमे
राणक श्रीमहीपालदेवमूर्तिः संघपति श्रीदेसलेन कारिता श्रीयुगादिदेवचैत्ये ॥

( प्राचीनगूर्ज्जरकाव्यसंग्रह )

જ્યારે શ્રેષ્ઠી સમરાશાએ કરાવેલ શત્રુંજય ગિરિરાજના ઉદ્ધારની જ સંવત, તિથિ અને વારવાળા અને એમના પોતાના તથા એમના કુટુંબીઓના નામોલ્લેખ ધરાવતા આવા ત્રણ પ્રતિમાલેખો મળતા હોય, ત્યારે એવી કલ્પના કરવી કે એવું અનુમાન કરવું ન તો અસ્થાને ગણાય કે ન તો નિરાધાર ગણાય કે, આ પ્રતિષ્ઠાનો શિલાલેખ પણ કોતરાવીને યોગ્ય સ્થાને મૂકવામાં આવ્યો હશે; પણ ગમે તે કારણે તે સુરક્ષિત નહીં રહી શક્યો હોય.

વળી આ સ્થાને અહીં એ જાણવું પણ ઉપયોગી થઈ પડશે કે, ઉપર સૂચવેલ ૩૬મા લેખ પછી ૩૭મો લેખ આ જ ગ્રંથમાં આ પ્રમાણે આપવામાં આવેલ છે—

(૩૭)

**संवत् १४१४ वर्षे वैशाख सुदि १० गुरौ संघपति देसलसुत सा० समरा-समरश्रीयुग्मं सा० सालिग सा० सज्जनसिंहाभ्यां कारितं प्रतिष्ठितं श्रीकक्कसूरि-शिष्यैः श्रीदेवगुप्तसूरिभिः । शुभं भवतु ।**

**( प्राचीनगूर्जरकाव्यसंग्रह )**

આ લેખ ઉપરથી એમ જાણી શકાય છે કે, શ્રેષ્ઠી સમરાશાએ વિ૦ સં૦ ૧૩૭૧માં કરેલ શ્રી શત્રુંજય મહાતીર્થના પંદરમા ઉદ્ધારની પ્રતિષ્ઠા પછી, ૪૩ વર્ષે, વિ૦ સં૦ ૧૪૧૪ના વૈશાખ વદિ ૧૦ ને ગુરુવારના રોજ, સમરાશાના પુત્રો સાલિગ અને સજ્જનસિંહે પોતાના પિતા સમરાશા અને પોતાની માતા સમરશ્રીની મૂર્તિ શત્રુંજય ગિરિ ઉપર મુકાવી હતી. આ ચારે પ્રતિમાલેખો, દેશળશા અને સમરાશાના અસ્તિત્વ સંબંધી, ઉપર સૂચવ્યું તેમ, શિલાલેખી પુરાવા પૂરા પાડે છે, એ સ્પષ્ટ છે.

૮. 'પુરાતન પ્રબંધ સંગ્રહ' (પૃ૦ ૬૪)માં સચવાયેલ આ કથાનો ભાવ આ પ્રમાણે છે—

એક વાર મંત્રીશ્વર વસ્તુપાળ શ્રી શત્રુંજય તીર્થની યાત્રાએ ગયેલા. ત્યાં તીર્થની વ્યવસ્થાની તપાસ કરતાં એમના જાણવામાં આવ્યું કે, અહીંના વહીવટમાં દેવદ્રવ્ય ખવાઈ જાય છે. આથી તીર્થની ઘણી આશાતના થાય છે અને સંઘ બહુ મોટા દોષમાં પડે છે, માટે આનો કંઈક બંદોબસ્ત કરવો જોઈએ.

ધોળકા આવીને મંત્રીશ્વરે પોતાની આ ચિંતા પોતાના ગુરુ આચાર્ય શ્રી વિજયસેન-સૂરિજી તથા ઉદયપ્રભસૂરિજીને કરી અને આ વ્યવસ્થા સંભાળવાની જવાબદારી સોંપવા માટે એક તપસ્વી, વૈરાગી, વૃદ્ધ મુનિવરની પસંદગી કરી અને એમને શ્રી શત્રુંજય ગિરિના વહીવટની દેખરેખ રાખવા માટે પાલીતાણા જવાની આજ્ઞા કરવાની આચાર્યશ્રીને વિનંતી કરી. આ વયોવૃદ્ધ મુનિવરની અંતરની ઇચ્છા તો, સંયમની નિર્મળ આરાધનાનો માર્ગ છોડીને, આવી વહીવટી જવાબદારી લેવાની ન હતી; પણ છેવટે, ગુરુની આજ્ઞા શિરે ચડાવીને, તેઓ પાલી-તાણા ગયા અને ગિરિરાજના વહીવટની ખૂબ ચીવટથી દેખભાળ કરવા લાગ્યા.

આને લીધે પેલા માથાભારે ગુમાસ્તાઓ દેવદ્રવ્યનું ભક્ષણ કરતા હતા તે બંધ થઈ ગયું.

પણ આ વાત એમને કોઈ રીતે ન રુચિ અને તેઓ આ મુનિરાજ પોતાને વશ થઈ જાય એવી યુક્તિઓ શોધવા લાગ્યા. 'દગલબાજ દૂના નમે' એ લોકોક્તિ પ્રમાણે, એમણે મુનિ-રાજની ખૂબ ભાવથી એવી સેવા-ભક્તિ કરવા માંડી કે છેવટે તેઓ પોતાની સંયમ-સાધનામાં, ધીમે ધીમે, છૂટછાટ લેવા લાગ્યા! બગભગત જેવા આ ભક્તોના કહેવાથી એમણે સાદાં, મેલાં અને જીર્ણ વસ્ત્રોને બદલે કીમતી વસ્ત્રો વાપરવા માંડ્યાં; આહાર-પાણીમાં પણ આ ભક્તોએ ખાસ તૈયાર કરેલ વસ્તુઓ વહોરવા માંડી; અને છેવટે, આ માયાવી ભક્તોના મમતાભર્યા આગ્રહને વશ થઈને, એમણે પાદવિહારને બદલે પાલખીનો ઉપયોગ કરવો પણ શરૂ કરી દીધો; અને જ્યારે તેઓ બહાર જતા ત્યારે એમની સાથે છડીદારો તથા જય જય-કાર બોલનારાઓ પણ રહેવા લાગ્યા! પછી તો, તીર્થની પેઢીના વહીવટની તપાસ રાખવાનું કામ તેઓ લગભગ ભૂલી ગયા કે એની સારી પેઠે ઉપેક્ષા કરવા લાગ્યા! એટલે પછી પેઢીના પેલા જૂના અને રીઢા નોકરોને માટે તો હવે મન ફાવે તેમ દેવદ્રવ્યનો ઉપયોગ કરવાનો માર્ગ ફરી પાછો ખુલ્લો થઈ ગયો.

મંત્રી વસ્તુપાળ તો એ સાધુ-મુનિરાજના ભરોસે તીર્થના વહીવટની બાબતમાં નચિંત થઈ ગયા હતા અને બધું બરાબર ચાલતું હશે એમ માનતા હતા. એવામાં એક વાર મંત્રી-શ્વર ગિરિરાજની યાત્રાએ ગયા, ત્યારે કેટલાક માણસોને સામેથી જય જયકાર બોલાવતા આવતા એમણે જોયા. એમની સાથે એક પાલખી પણ હતી અને એમાં કોઈક બેસેલ પણ હતું. એ જોઈને મહામંત્રીને કુતૂહલ થયું, એટલે એમણે પોતાની સાથેના માણસને આ બધું શું છે, એ બાબત પૂછપરછ કરી. એ માણસે ખુલાસો કરતાં કહ્યું કે, આ તો આ તીર્થના વહીવટની દેખરેખ રાખવા માટે આપે મોકલેલ વૃદ્ધ મુનિમહારાજ પાલખીમાં બેસીને ક્યાંક જઈ રહ્યા છે.

વાત સાંભળીને પોતે એક આત્મસાધક મુનિવરના પતનનું નિમિત્ત બન્યા, એ વિચારથી મહામંત્રીને બહુ જ દુઃખ થયું અને તેઓ ઊંડી ચિંતા અને વિમાસણમાં પડી ગયા. પણ એ વખતે કંઈ પણ બોલ્યા વગર એમણે, એ પાલખીવાળાઓને ઊભા રાખીને, અંદર બેઠેલા મુનિવરને વિધિપૂર્વક વંદના કરી. મંત્રીને આ રીતે સાવ અણધાર્યા જોઈને એ મુનિવર ખૂબ શરમાઈ ગયા. પોતે સેવેલ અતિચાર માટે એમને ઘણો પશ્ચાત્તાપ થયો. અને પછી, કંઈ પણ બોલ્યા વગર, તેઓ અનશન કરવા ગિરિરાજ ઉપર ચાલ્યા ગયા અને પછી ક્યારેય ક્યાંય દેખાયા જ નહીં!

૯. પંડિત શ્રી ધીરવિમલ ગણીએ રચેલ 'શત્રુંજયતીર્થોદ્ધારપ્રબંધ'ના સંપાદક, જાણીતા પુરાતત્ત્વાચાર્ય શ્રી જિનવિજયજીએ આ પુસ્તકના ઉપોદ્‌ઘાત (પૃ૦ ૩૩-૩૪)માં આ બાબતનો નિર્દેશ કરતાં જણાવ્યું છે કે—

**"समरासाह की स्थापित की हुई मूर्ति का मुसलमानों ने पीछे से फिर शिर तोड दिया। तदनन्तर बहुत दिनों तक वह मूर्ति वैसे ही खण्डित रूप में ही—पूजित रही। कारण यह कि मुसलमानों ने नई मूर्ति स्थापन न करने दी महमूद बेगडे के बाद गुजरात और काठियावाड में मुसलमानोंने प्रजा को**

बड़ा कष्ट पहुंचाया था। मन्दिर बनवाने और मूर्ति स्थापित करने की बात तो दूर रही, तीर्थस्थलों पर यात्रियों को दर्शन करने के लिये भी जाने नहीं दिया जाता था।"

૧૦. ઉપર સૂચિત પુસ્તકના ઉપોદ્‌ઘાત (પૃ૦ ૩૪)માં આ સમયમાં શત્રુંજયની યાત્રા કેટલી મુશ્કેલ બની ગઈ હતી, તે અંગે જણાવવામાં આવ્યું છે કે—

"यदि कोई बहुत आजीजी करता था तो, उस के पास से जी भर कर रुपये ले कर, यात्रा करने की रजा दी जाती थी। किसी के पास से ५ रुपये, किसी के पास से १० रुपये और किसी के पास से एक असरफी—इस तरह जैसी आसामी और जैसा मौका देखते वैसी ही लंबी जबान और लंबा हाथ करते थे। बेचारे यात्री बुरी तरह कोसे जाते थे। जिधर देखो उधर ही बड़ी अंधाधुन्धी मची हुई थी। न कोई अर्ज करता था और न कोई सुन सकता था। कई वर्षों तक ऐसी ही नादिरशाही बनी रही और जैन प्रजा मन ही मन अपने पवित्र तीर्थ की इस दुर्दशा पर आंसु बहाती रही।"

આ અંગે "સૂરીશ્વર અને સમ્રાટ" પુસ્તક (પૃ૦ ૧૫૦)માં સૂચવવામાં આવ્યું છે કે—

"'હીરસૌભાગ્યકાવ્ય'ના કર્તાનું કથન છે કે—'આ સિદ્ધાચલ તીર્થ ઉપર યાત્રા કરવા જનાર પાસેથી પહેલાં દીનાર (સોનાનાણું), તે પછી પાંચ મહમુંદિકા અને તદનન્તર ત્રણ મહમુંદિકા લેવાતી'; છેવટે અકબરથી આ કર દૂર થયો હતો."

ઉપરના લખાણમાં 'હીરસૌભાગ્યકાવ્ય'નો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે મૂળ શ્લોકો તથા તેના ઉપરનું વિવેચન ખાસ જાણવા જેવું હોવાથી અહીં સાભાર રજૂ કરવામાં આવે છે—

यः पूर्वं कलिकालकेलिकलनालीलालयश्रीजुषां
म्लेच्छक्षोणिभुजां वशंवदतया जज्ञे नृणां दुर्लभः ।
तिग्मज्योतिरखण्डचण्डिममहःसंदोहदूरीकृत-
ज्योत्स्नारम्भविभावरीशविभवः सौगन्धिकानामिव ॥

सौवर्णेन ततो बभूव भविकैर्लभ्योऽत्र गोशीर्षव-
ज्जातः साधिकरूपकेण तदनु प्राप्यः कथंचिज्जनैः ।
साहिश्रीमदकब्बरेण यवनक्षोणीभुजा संमदा-
त्सोऽपि श्रीविमलाचलो मुनिमणेश्चक्रे शयालुः शये ॥

—હીરસૌભાગ્ય મહાકાવ્ય, સર્ગ ૧૪, શ્લોક ૨૮૨-૨૮૩.

આ બંને શ્લોકો ઉપર કર્તાએ પોતે જ રચેલી ટીકાના આધારે આ બંને શ્લોકોનો અર્થ સમજાવતાં પરમપૂજ્ય સાધ્વીજી મહારાજ શ્રી સુલોચનાશ્રીજી આ કાવ્યના અનુવાદમાં જણાવે છે કે—

"સૂર્યનાં તીક્ષ્ણ અને પ્રચંડ કિરણોથી દૂર કરાયેલા ચન્દ્રના વૈભવની પ્રાપ્તિ જેમ ચન્દ્રવિકાસી કમલને દુર્લભ હોય, તેમ પૂર્વે 'શત્રુંજય પર્વત', કલિયુગને ક્રીડા કરવા માટેના ક્રીડામંદિરની શોભા ધારણ કરનારા મ્લેચ્છ રાજાઓને આધીન હોવાથી, યાત્રિકોને દુર્લભ હતો; ત્યાર પછી કેટલાક કાળે સુવર્ણના મૂલ્યથી જેમ ચંદન સુલભ બને તેમ સોનૈયાના કરથી શત્રુંજય સુલભ બન્યો. ત્યાર બાદ મહમ્મદના સમયમાં પાંચ મુદ્રિકાના કરથી અને પછીથી મુસીબતે ત્રણ મુદ્રિકાના કરથી યાત્રિકોને સુલભ બન્યો. તેવા પ્રકારના દુષ્પ્રાપ્ય શત્રુંજય પર્વતને અકબર બાદશાહે ઘણા જ હર્ષપૂર્વક આચાર્યદેવ હીરવિજયસૂરિજીના કરકમલમાં સમર્પિત કર્યો, અર્થાત્ કરમુક્ત કર્યો. ॥ ૨૮૨ ॥ ૨૮૩ ॥

—હીરસૌભાગ્ય મહાકાવ્ય (અનુવાદયુક્ત), ભાગ ૩, પૃ૦ ૬૦૬-૬૦૭.

કર્નલ જેમ્સ ટૉડે પણ શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરવામાં યાત્રિકોને પડતી મુશ્કેલીનું વર્ણન કરતાં કહ્યું છે કે—

"The predatory Catti, whose roving bands for the last fifty years deterred the wealthy Srawucs, or Jain laity, from visiting this their Palestine, are now known only by name; whereas, in past days, it was a chance that the pilgrim found his journey concluded with a bird's-eye view of the sacred rock from some reiver's castle, there to languish until ransomed (p. 294). ... ... The tax levied by the Gohil chief on the pilgrims was formerly from one to five rupees each, according to their means and the distance they came, but I was told that it is now only one rupee, without regard to circumstances (pp. 300-301)."

—Travels in Western India.

અર્થાત્—"લૂંટારુ કાઠીઓની જે રખડતી ટોળકીઓ, છેલ્લાં પચાસ વર્ષથી, ધનવાન જૈન શ્રાવકો કે અન્ય ગૃહસ્થોને તેઓના આ પેલેસ્ટાઈનની યાત્રા કરતાં અટકાવ્યા કરતી હતી, તે હવે નામશેષ થઈ ગઈ હતી. પણ ભૂતકાળમાં તો, યાત્રિક કોઈક લૂંટારાના ગઢમાંથી આ પવિત્ર ખડક (પહાડ) ઉપર ઊડતી નજર નાખીને પોતાના પ્રવાસને પૂરો કરવા પામતો, એને એક દૈવયોગ (લહાવો) લેખવામાં આવતો! અને એ ગઢમાં એને ત્યાં સુધી પિલાયા કરવું પડતું હતું, કે જ્યાં સુધી એ પોતાને મુક્ત કરવા માટે બાનની રકમ (પૈસા) ન આપતો (પૃ૦ ૨૯૪). ... ...પહેલાંના વખતમાં ગોહેલ રાજવી યાત્રિકો પાસેથી જે કર (યાત્રાવેરો) ઉઘરાવતા હતા તે, યાત્રિકોની સ્થિતિ અને તેઓ જેટલે દૂરથી આવતા તે મુજબ, યાત્રિક દીઠ, એકથી પાંચ રૂપિયા સુધીનો રહેતો. પણ, મને કહેવામાં આવ્યા મુજબ, હવે, કોઈ પણ જાતનો ભેદભાવ રાખ્યા વગર, એક જ રૂપિયો લેવામાં આવે છે (પૃ૦ ૩૦૦-૩૦૧)."

—ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા.

(**નોંધ**—કર્નલ જેમ્સ ટૉડે જ્યારે (તા. ૧૭–૧૧–૧૮૨૨ના રોજ) શ્રી શત્રુંજય

તીર્થની મુલાકાત લીધી તે પહેલાં (તા. ૯-૧૨-૧૮૨૧ના રોજ) તો, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ, કેપ્ટન આર. બાર્નવેલની દરમિયાનગીરીથી, પાલીતાણા રાજ્ય અને જૈન સંઘની વતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વચ્ચે, વાર્ષિક રૂ. ૪૫૦૦]નો રખોપાનો બીજો કરાર થઈ ગયો હતો. એટલે પછી રાજ્યે કોઈ પણ યાત્રિક પાસેથી, યાત્રાવેરા તરીકે, કોઈ પણ રકમ વસૂલ કરવાની હતી જ નહીં. તો પછી શત્રુંજયની જાત્રાએ આવતા દરેક યાત્રિક પાસેથી, પાલીતાણા રાજ્ય દ્વારા, યાત્રાવેરા તરીકે, એક રૂપિયો લેવાતો હોવાની ખોટી માહિતી કર્નલ જેમ્સ ટોડને કોણે, કેવી રીતે આપી હશે, એવો સવાલ થયા વગર રહેતો નથી; કારણ કે, રખોપાના કરારનો બરાબર અમલ થતો રહે અને રાજ્ય તરફથી, યાત્રિકને, યાત્રા કરવામાં, કોઈ પણ જાતની કનડગત વેઠવી ન પડે, એની પૂરી તકેદારી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી રાખવામાં આવતી જ હતી.)

૧૧. શ્રી કર્માશાએ કરાવેલ આ ઉદ્ધારના અનુસંધાનમાં, વિશેષમાં, એ જાણવું ઉપયોગી થઈ પડશે કે, કર્માશાએ ભરાવેલ ભગવાન ઋષભદેવની પ્રતિમાની આસપાસ પરિકર ગોઠવવામાં આવેલ ન હતું. એટલે કે, કેવળ પરિકર વગરની વિશાળ પ્રતિમાની જ એમણે પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રતિષ્ઠાનો સવિસ્તર શિલાલેખ પણ મૂળનાયક ભગવાનની પલાંઠી ઉપર તેમ જ આરસની જુદી શિલા ઉપર પણ કોતરવામાં આવેલ છે. પણ અત્યારે મૂળનાયક ભગવાનની આસપાસ જે સુંદર શિલ્પવાળું પરિકર મૂકવામાં આવેલ છે તે, આ પ્રતિષ્ઠા પછી ૮૩ વર્ષે એટલે કે વિ૦ સં૦ ૧૬૭૦માં, નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી તથા એમના મોટા ભાઈ શ્રી વર્ધમાન શેઠે બનાવરાવ્યું હતું, જે વાત આ પરિકર ઉપર કોતરવામાં આવેલ શિલાલેખો ઉપરથી જાણી શકાય છે. એ શિલાલેખો આ પ્રમાણે છે—

મૂળનાયકના પરિકરમાંની પદ્માસનસ્થ શ્રી શાંતિનાથજી તથા શ્રી નેમિનાથજીની મૂર્તિના મસ્તક પરનો સળંગ લેખ—

**॥ ई० ॥ संवत् १६७ [ ० ] श्री अहम्मदावाद वास्तव्य साधु सहसकरण सुत सा० शांतिदास नाम्ना श्री आदिनाथ परिकरः कारितः प्रतिष्ठितश्च तपागच्छे ॥** [શ્રી શાંતિનાથજીની મૂર્તિ ઉપરનો લેખ]

**पातसाहि श्री अकब्बरभूपालदत्त षण्मासि अभयदान श्री हीरविजयसूरि पट्टभृत् पातसाह श्री अकबर [ प्र ] दत्त लब्धजयभट्टारक श्री विजयसेनसूरिभिः ॥**

[શ્રી નેમિનાથજીની મૂર્તિ ઉપરનો લેખ]

મૂળનાયકના પરિકર પૈકીના ઉપરોક્ત શાંતિનાથજીની પદ્માસનસ્થ મૂર્તિની નીચેનો લેખ—

**॥ ई० ॥ सा० शांतिदास नाम्ना श्री शांतिबिंबं कारितं प्रतिष्ठितं च तपागच्छाधिराज भट्टारकपुरंदर श्री विजयसेनसूरिभिः ॥ श्री ॥**

મૂળનાયકના પરિકર પૈકીના ઉપરોક્ત શ્રી નેમિનાથજીની પદ્માસનસ્થ મૂર્તિની નીચેનો લેખ—

**॥ ई० ॥ सा० शांतिदास नाम्ना श्री नेमिनाथबिंबं कारितं प्रतिष्ठितं च तपागच्छाधिराज भट्टारकचक्रवर्ति भट्टारक श्री विजयसेनसूरिभिः ॥**

મૂળનાયકની જમણી બાજુના પરિકરમાંની કાયોત્સર્ગસ્થ મૂર્તિની બાજુનો લેખ—

**श्री पार्श्वनाथबिंबं का० प्र० ।**

મૂળનાયકની ડાબી બાજુના પરિકરમાંની કાયોત્સર્ગસ્થ મૂર્તિની બાજુનો લેખ—

**श्री महावीरबिंबं का० प्र० ।**

મૂળનાયકની જમણી બાજુના પરિકરમાંની કાયોત્સર્ગસ્થ મૂર્તિની નીચેનો લેખ—

**(1) सं० १६७० वर्षे श्री अहम्मदावादवास्तव्य श्री उ (ओ) सवालज्ञातीय वृद्धशाखीय साह (2) वछा भार्या बाई गोरदे सुत सा [०] सहसकरण भार्या सोभागदे सुतेन साह वर्द्धमान लघुभ्राता (3) सांतिदास नाम्ना भार्या सुरमदे सुत सा० पनजी प्रमुख कुटुंबयुतेन स्वमातुल सा० श्रीपाल प्रेरितेन (4) श्री आदिनाथपरिकरः प्रतिमाचतुष्कसहितः कारितः प्रतिष्ठितश्च श्री तपागच्छे भट्टारक श्री हेम[ विमलसूरि ].**

મૂળનાયકની ડાબી બાજુના પરિકરમાંની કાયોત્સર્ગસ્થ મૂર્તિની નીચેનો લેખ—

**(1) पट्टालंकारकृत साधुक्रियोद्धार भट्टारकराज [श्री श्री] (2) श्री आनंदविमलसूरिपट्टकैरवाकर कलाधरोपमान (3) भ० श्री विजयदानसूरिपट्टकर्णिकायमाणसुरत्राणदत्त (4) ... ... षण्मासिक जंतुजयनाभयदान जीजिया श्री शत्रुंजयादि तीर्थकर मोचनस्फुरन्मान भट्टारक (5) [हीरविज]यसूरि पट्ट पूर्वाचलसहसकिरणानुकारैः पातसाहपर्षत् प्राप्तजयवादैः श्री विजयदेवसूरि [भिः] (6) ... ... श्री विजयसेनसूरिभिः यावत्तीर्थं तावन्नंदतात् परिकरः पंडित जयसकलगणिसमये ॥**

૧૨. જેમ શ્રેષ્ઠી સમરાશાએ કરાવેલ ગિરિરાજ શત્રુંજયના પંદરમા ઉદ્ધારનું સવિસ્તર, માહિતીપૂર્ણ અને પ્રમાણભૂત વર્ણન શ્રી કક્કસૂરિએ, વિ૦ સં૦ ૧૩૯૩માં રચેલ 'નાભિનંદનજિનોદ્ધારપ્રબંધ' નામે સંસ્કૃત કાવ્યમાં કરવામાં આવ્યું છે, તેમ મંત્રી કર્માશાએ કરાવેલ ગિરિરાજ શત્રુંજયના સોળમાં ઉદ્ધારનું વર્ણન પં૦ શ્રી વિવેકધીર ગણિએ રચેલ 'શત્રુંજયતીર્થોદ્ધારપ્રબંધ' નામે સંસ્કૃત કાવ્યમાં પૂરેપૂરી માહિતી સાથે કરવામાં આવ્યું છે. બે ઉલ્લાસમાં રચવામાં આવેલ આ ઐતિહાસિક કાવ્યની અસાધારણ કહી શકાય એવી વિશેષતા એ છે કે, એની રચના આ સોળમા ઉદ્ધારની પ્રતિષ્ઠા જે તિથિએ કરવામાં આવી, તેના બીજા જ દિવસે-એટલે કે વિ૦ સં૦ ૧૫૮૭ના વૈશાખ વદિ સાતમ ને સોમવારના રોજ જ—કરવામાં આવી હતી. એટલે આ વર્ણનને આંખેદેખ્યા અહેવાલ જેવું વિશેષ આધારભૂત કે પ્રમાણભૂત માનવું જોઈએ.

જેમ આ ઉદ્ધારનો, ઉપર સૂચવ્યું તેમ, સાહિત્યિક પુરાવો સચવાઈ રહેલો છે, તેમ એનો એક સબળ શિલાલેખી પુરાવો પણ સચવાઈ રહ્યો છે, તે વિશેષ આનંદ ઉપજાવે એવી બીના છે. જૈન સંઘમાં પોતાની કાવ્યરચનાઓને લીધે ખૂબ વિખ્યાત બનેલા કવિવર

લાવણ્યસમયજીએ આ ઉદ્ધારને લગતી એક સંસ્કૃત પ્રશસ્તિ રચી હતી. જુદા જુદા છંદોમાં ૪૪ શ્લોકોમાં રચવામાં આવેલી આ પ્રશસ્તિની શરૂઆતમાં તેમ જ પાછળના ભાગમાં કેટલુંક ગદ્ય લખાણ પણ મૂકવામાં આવેલ છે. વિશેષ આનંદ તો એ જોઈને થાય છે કે, આ પ્રશસ્તિ અત્યારે પણ પૂરેપૂરી સચવાઈ રહેલી છે અને તેને દાદાના મુખ્ય દેરાસરના દ્વાર પરથી કાઢીને રતનપોળની અંદર, આપણી જમણી બાજુએ, ફરીથી ચોડવામાં આવેલ છે. આ પ્રશસ્તિ પુરાતત્ત્વાચાર્ય શ્રી જિનવિજયજી સંપાદિત 'પ્રાચીન જૈન લેખ સંગ્રહ'ના બીજા ભાગમાં (એપિગ્રાફિઆ ઇંડિકા–૨/૪૨–૪૭માંથી ઉદ્ધૃત કરીને) છાપવામાં આવી છે; ઉપરાંત તેઓએ સંપાદિત કરેલ 'શત્રુંજયતીર્થોદ્ધારપ્રબંધ'માં પણ (પૃ૦ ૭૧ ઉપર) પરિશિષ્ટરૂપે એ આપવામાં આવેલ છે. એની સાથે સાથે મૂળનાયક શ્રી ઋષભદેવ ભગવાનની પલાંઠી ઉપરનો લેખ પણ આ પુસ્તકોમાં છાપવામાં આવ્યો છે.

આ શિલાલેખમાં જણાવ્યા મુજબ, આ પ્રશસ્તિનું લખાણ પં૦ શ્રી વિવેકધીર ગણિએ પોતાના હાથે લખ્યું હતું.

## સાત ઉદ્ધાર સંબંધી ખુલાસો

આ પ્રશસ્તિની શરૂઆતના ભાગમાં લખવામાં આવ્યું છે કે, '**श्रीचित्रकूटवास्तव्य दो० करमाकृत–सप्तमोद्धारसत्का प्रशस्तिर्लिख्यते** ॥ આ લખાણમાં શ્રી લાવણ્ય-સમયજીએ શત્રુંજય તીર્થના કર્માશાએ કરાવેલ ઉદ્ધારને સાતમા ઉદ્ધાર તરીકે ઓળખાવેલ છે. જો કર્માશાના ઉદ્ધારને સાતમો ઉદ્ધાર કહેવામાં આવે તો, તે પહેલાં ગિરિરાજના ૭ ઉદ્ધાર થયા હતા એમ ફલિત થાય છે. આ વાત પ્રથમ દૃષ્ટિએ કંઈક નવતર લાગે એવી છે, પણ તેનું સમાધાન આ રીતે થઈ શકે એમ છે—

'શત્રુંજયતીર્થોદ્ધારપ્રબંધ'માં (ઉલ્લાસ ૧, શ્લોક પાંચ-છમાં) કર્માશાના ઉદ્ધાર પહેલાં અઢાર ઉદ્ધારોની જે યાદી આપી છે, તે ઉપરથી એ ફલિત થાય છે કે, કર્માશાનો ઉદ્ધાર એ ઓગણીસમો ઉદ્ધાર હતો. આ ઓગણીસ ઉદ્ધારમાંથી પ્રાગ્-ઇતિહાસકાળના બાર ઉદ્ધારોને બાદ કરીએ તો, ઇતિહાસકાળમાં થયેલ સાત ઉદ્ધારોનો ઉલ્લેખ કરવાનું શ્રી લાવણ્યસમયજીને અભિપ્રેત હતું એમ સ્પષ્ટ લાગે છે. 'શત્રુંજયતીર્થોદ્ધારપ્રબંધ'માં ઇતિહાસકાળના જે સાત ઉદ્ધારો સૂચવવામાં આવ્યા છે, તે નીચે મુજબ છે—

(૧) વિક્રમ રાજાનો. (૨) જાવડશાનો. (૩) શિલાદિત્ય રાજાનો. (૪) બાહડ મંત્રીનો. (૫) વસ્તુપાળનો. (૬) સમરાશાનો. (૭) કર્માશાનો.

અહીં એ જાણવું ઉપયોગી થઈ પડશે કે, 'નાભિનંદનજિનોદ્ધાર પ્રબંધ'માં પણ શત્રુંજયના સાત ઉદ્ધારો થયાનું લખ્યું છે, અને દરેક ઉદ્ધારનું સવિસ્તર વર્ણન પણ આપ્યું છે. આ વર્ણન એ ગ્રંથના અનુવાદના પૃ૦ ૧૪૪ થી ૧૬૧માં અને મૂળ ગ્રંથના ત્રીજા પ્રસ્તાવના શ્લોક ૬૩ થી ૨૫૩માં આપવામાં આવેલ છે. આ સાત ઉદ્ધારોની યાદી આ પ્રમાણે છે—

(૧) ભરત ચક્રવર્તીનો. (૨) સગર રાજાનો. (૩) પાંડવોનો. (૪) જાવડશાનો. (૫) બાહડ મંત્રીનો. (૬) સમરાશાનો. (૭) કર્માશાનો.

સાત ઉદ્ધારોની આ બંને યાદીઓને સરખાવતાં એ જોઈ શકાય છે કે, એમાં પહેલાં ત્રણ ઉદ્ધારો કરનારના નામમાં ફરક છે. 'શત્રુંજયતીર્થોદ્ધારપ્રબંધ'ની યાદીમાં પહેલા ત્રણ ઉદ્ધારો પણ ઇતિહાસકાળમાં જ થયેલા છે, જ્યારે 'નાભિનંદનજિનોદ્ધારપ્રબંધ'માં જણાવ્યા મુજબ પહેલા ત્રણ ઉદ્ધારો ઇતિહાસ-કાળ પહેલાંના છે.

૧૩. 'શત્રુંજયતીર્થોદ્ધારપ્રબંધ'ને અંતે આપવામાં આવેલ રાજાવલીના કોષ્ટક પ્રમાણે, અમદાવાદ શહેરની સ્થાપનાના સંવત અંગે આ પ્રમાણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે: "**सं० १४५४ व० अहिमदराज्यं व० ३२ । संवत १४६८ वर्षे वैशाखवदि ७ रवौ पुष्ये अहिमदावाद स्थापना ।**" આ ઉલ્લેખ પ્રમાણે તો અમદાવાદની સ્થાપના વિ૦ સં૦ ૧૪૬૮ના વૈશાખ વદિ સાતમ, રવિવાર, પુષ્ય નક્ષત્રના યોગમાં થઈ હતી એ સ્પષ્ટ છે. આમ છતાં અમદાવાદની સ્થાપનાની સંવત બાબતમાં ઇતિહાસકારોમાં કેટલાક મતાંતરો પણ પ્રવર્તે છે. આની કેટલીક ચર્ચા શ્રી રત્નમણિરાવ ભીમરાવકૃત 'ગૂજરાતનું પાટનગર અમદાવાદ' નામે પુસ્તકના પ્રકરણ ત્રીજામાં (પૃ૦ ૨૪ થી ૨૮માં) તથા શ્રી એમ. એસ. કોમિસેરિયેટ-કૃત 'A History of Gujarat' Vol. I ના નવમા પ્રકરણમાં (પૃ૦ ૯૧ થી ૯૨માં) કરવામાં આવી છે.

૧૪. મંત્રી કર્માશાએ કરાવેલ આ ઉદ્ધાર સોળમા ઉદ્ધાર તરીકે વિશેષ જાણીતો છે. આ ઉદ્ધાર પછી શ્રી શત્રુંજય ગિરિ ઉપર અવારનવાર સમારકામ જેવું જીર્ણોદ્ધારનું કામ તો થતું જ રહ્યું છે, પણ તે પછી ત્યાં એવું કોઈ મોટું બાંધકામ કે સમારકામ કરવું નથી પડ્યું કે જેને સ્વતંત્ર ઉદ્ધાર તરીકે સ્વીકારવામાં આવે. જૈન પરંપરાની માન્યતા પ્રમાણે, આ સોળમા ઉદ્ધાર પછી સત્તરમો ઉદ્ધાર, છેક પાંચમા આરાના અંત ભાગમાં, શ્રી દુપ્પસહસૂરિના ઉપદેશથી, વિમળવાહન રાજાના હાથે થશે અને તે આ અવસર્પિણી કાળના છેલ્લા એટલે કે સત્તરમા ઉદ્ધાર તરીકે ઓળખાશે. આ વાતનો નિર્દેશ 'શ્રી શત્રુંજયમાહાત્મ્ય'ના પંદરમા સર્ગના ૨૨૪મા શ્લોકમાં આ પ્રમાણે કરવામાં આવ્યો છે—

**गुरुदुःप्रसहादेशाद्राजा विमलवाहनः ।**
**विमलाद्राविहोद्धारं, यात्रां चापि करिष्यति ॥**

વસ્તુસ્થિતિ આવી હોવાથી મંત્રી કર્માશાએ કરાવેલ ઉદ્ધારની વિ૦ સં૦ ૧૫૮૭માં કરાવેલ પ્રતિષ્ઠાને અત્યારે (વિ૦ સં૦ ૨૦૩૬માં) લગભગ સાડાચારસો વર્ષ વીતી ગયાં હોવા છતાં, ગિરિરાજ ઉપરના દાદાના દેરાસરની વર્ષગાંઠ મંત્રી કર્માશાએ કરેલ પ્રતિષ્ઠાની તિથિએ જ, એટલે કે દરેક વર્ષની વૈશાખ વદિ છઠના રોજ જ, ઊજવવામાં આવે છે.

૧૫. વિક્રમની સત્તરમી સદીમાં જેમ શાસનપ્રભાવક જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિજી, એમના પટ્ટધર શ્રી વિજયસેનસૂરિજી, શ્રી વિજયદેવસૂરિજી, ઉપાધ્યાય શ્રી શાંતિચંદ્ર, ઉપાધ્યાય શ્રી ભાનુચંદ્ર, આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિ, આચાર્ય શ્રી જિનસિંહસૂરિ, આચાર્ય શ્રી કલ્યાણ-સાગરસૂરિ વગેરે મહાન શ્રમણ સંતો થઈ ગયા, તેમ વગદાર અને ધર્મપ્રભાવક શ્રાવકરત્નોમાં અમદાવાદના નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી, બિકાનેરના મંત્રી કર્મચંદ બચ્છાવત, જેસલમેરના શ્રી પીરૂ શાહ, ભદ્રેશ્વરના શ્રેષ્ઠી વર્ધમાનશા તથા પદ્મસિંહશા, આગરાના શ્રેષ્ઠી ઋષભદાસના

સુપુત્રો શ્રી કુંવરપાલ (કુંરપાલ) અને સોનપાલ વગેરે સંઘમાં, પ્રજામાં અને રાજ્યમાં સમાન રીતે માન્ય બનેલા ધર્મપરાયણ શ્રેષ્ઠીઓ પણ થઈ ગયા. વળી પોતાના ઇસ્લામ ધર્મના ઝનૂનથી મુક્ત બનેલા મોગલ સમ્રાટ અકબર, જહાંગીર અને શાહજહાં જેવા શાણા, ઉદાર અને પ્રજાવત્સલ બાદશાહો પણ આ જ સદીમાં થઈ ગયા. ધર્મગુરુઓ, શ્રેષ્ઠીઓ અને બાદશાહો—એ ત્રણે વચ્ચેના સુમેળને લીધે, એ સમયમાં, જેમ પ્રજાનો ઠીક ઠીક ઉત્કર્ષ થવા પામ્યો હતો, તેમ અમારિ–અહિંસાનું પ્રવર્તન, શ્રી શત્રુંજય વગેરે તીર્થોના માલિકી-હક્કોનાં ફરમાનોની પ્રાપ્તિ, જજિયા જેવા વેરાની તથા યાત્રાવેરાની નાબૂદી વગેરે સત્કાર્યોને લીધે ધર્મક્ષેત્રને અને જૈન સંઘને પણ અનેક પ્રકારે લાભ થયો હતો.

આ રીતે વિક્રમની સત્તરમી સદી એકંદર ધર્મપ્રભાવક પુરવાર થઈ હતી એમ કહી શકાય. વળી અહીં એ પણ નોંધવું જોઈએ કે, ગિરિરાજ શત્રુંજયનું બીજું શિખર નાનાં-મોટાં સંખ્યાબંધ જિનાલયોથી સુશોભિત અને સમૃદ્ધ થવાની શરૂઆત થઈ, તે પણ આ સદીમાં જ. જેને આજે નવ ટૂક કહેવામાં આવે છે, તેમાં સૌથી વિશાળ અને ઊંચું દેવાલય ધરાવતી સવા સોમાની અથવા ખરતર વસહીની ટૂકના નામથી ઓળખાતી અને વર્તમાન ટૂકોના ક્રમમાં બીજી ગણાતી ટૂક પણ આ સદીમાં એટલે કે વિ૦ સં૦ ૧૬૭૫માં જ રચાઈ હતી.

૧૬. "Jainism has produced in Gujarat in the course of centuries many distinguished religious guides and teachers whose names are held in high reverence by the community. But among its temporal magnates there is no name which can equal that of Shantidas Jawahari, who is said to have received, according to an old historical tradition, the title of Nagarsheth or 'Lord Mayor' of Ahmedabad in the early years of the seventeenth century. Without any connection with the official nobility of the Mughal Empire, Shantidas was able to exercise, by virtue of his business connections and his vast riches, an influence at the court of successive Mughal Emperors from the time of Jahangir to the accession of Aurangzeb which must have been envied by many an exalted amir or mansabdar of the Empire."

—Studies in the History of Gujarat, p. 53.

અર્થાત્—"જૈનધર્મે, સદીઓ દરમ્યાન, ઘણા વિશિષ્ટ ધાર્મિક માર્ગદર્શકો અને ધર્મ-ગુરુઓને ઉત્પન્ન કર્યા છે; અને જૈન કોમ એમના પ્રત્યે ખૂબ આદર ધરાવે છે. પણ એના ગૃહસ્થ મહાપુરુષોમાં એવી કોઈ વ્યક્તિ નથી થઈ કે જે શાંતિદાસ ઝવેરીની બરોબરી કરી શકે. જૂની ઐતિહાસિક માન્યતા પ્રમાણે, સત્તરમી સદીની શરૂઆતમાં, એમને અમદાવાદના નગરશેઠ અથવા 'મેયર'નો ખિતાબ મળ્યો હતો. મોગલ સામ્રાજ્યના અધિકારી ઉમરાવો

સાથે કોઈ પણ જાતનો સંબંધ ન હોવા છતાં, શાંતિદાસ, પોતાના વ્યાપારી સંબંધો અને પોતાની વિશાળ સંપત્તિના કારણે, જહાંગીરથી લઈને ઔરંગઝેબ સુધીના એક પછી એક મોગલ બાદશાહોના દરબારમાં પોતાનો પ્રભાવ પાડી શકયા હતા, કે જેની સામ્રાજ્યમાં ઊંચો દરજ્જો ધરાવતા ઘણા અમીરો અથવા મનસબદારોને અદેખાઈ આવી હોવી જોઈએ."

—સ્ટડીઝ ઇન ધી હિસ્ટરી ઑફ ગુજરાત, પૃ૦ ૫૩.

શ્રી એમ. એસ. કોમિસેરિયેટે ઉપરના ફકરામાં નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી મોગલ બાદશાહો ઉપર કેવો પ્રભાવ ધરાવતા હતા તેનું ટૂંકમાં, પણ જે સચોટ અને હૂબહૂ જેવું વર્ણન કર્યું છે, તેમાં રહેલ વાસ્તવિકતાનું દર્શન કરાવતી, તેઓએ બંધાવેલ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરની ભવ્ય અને કરુણ કથા ખાસ જાણવા જેવી હોઈ અહીં એ ટૂંકમાં રજૂ કરવી ઉચિત છે—

નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ઉપર ખૂબ આસ્થા હતી, કારણ કે, એક દંતકથા પ્રમાણે, સૂરતમાં, એક સાધુ મુનિરાજે પોતાના શાંતિદાસ નામના ભક્તને માટે સાધેલ ચિંતામણિ પાર્શ્વનાથનો મંત્ર, અકસ્માત અને સાવ અણધારી રીતે, અમદાવાદના આ શાંતિદાસને પ્રાપ્ત થયો હતો અને એના પ્રતાપે તેઓ અઢળક સંપત્તિ મેળવી શકયા હતા. એટલે જ્યારે એમના મોટાભાઈ શ્રી વર્ધમાન શેઠ તથા એમણે પોતે કોઈક ધર્મનું એવું કામ કરવાનો વિચાર કર્યો કે જેથી પોતાનું જીવન તથા ધન કૃતાર્થ થાય અને સાથે સાથે એનાથી સંઘને પણ હમેશાં લાભ થતો રહે ત્યારે, આ બાબતમાં શું કરવું એ સંબંધી વિચાર કરીને, છેવટે, એમણે અમદાવાદમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું ખૂબ વિશાળ અને ભવ્ય જિનાલય બંધાવવાનું નક્કી કર્યું; અને એ માટે બાદશાહ જહાંગીર પાસેથી જમીન પણ મેળવી લીધી. આ જમીન અમદાવાદના અત્યારે સરસપુરના નામથી જાણીતા પરાના તે વખતે બીબીપુર નામે ઓળખાતા વિભાગમાં પસંદ કરવામાં આવી હતી. આ દેરાસરનું બાંધકામ વિ૦ સં૦ ૧૬૭૮માં શરૂ કરવામાં આવ્યું હતું અને, ચારેક વર્ષની કામગીરીને અંતે, એક આલિશાન જિનાલય તૈયાર થઈ ગયું હતું, એટલે પછી વિ૦ સં૦ ૧૬૮૨ની સાલમાં, ખૂબ વિશાળ પાયા ઉપર, એનો પ્રતિષ્ઠા-મહોત્સવ ઊજવવામાં આવ્યો હતો.

આ જિનાલય બંધાયા પછી બારેક વર્ષે, સને ૧૬૩૮ (વિ૦ સં૦ ૧૬૯૪)માં, જર્મન પ્રવાસી મેન્ડેલસ્લોએ એની મુલાકાત લીધી હતી; અને એની સુંદરતા અને ભવ્યતાથી એ ખૂબ પ્રભાવિત થયા હતા. એનું વર્ણન કરતાં તેઓએ લખ્યું હતું કે—

"The principal mosque of the Banyas' was in all its pristine splendour and without dispute one of the noblest structures that could be seen. ... ...It was then new, for the Founder, who was a rich Banya merchant, named Shantidas, was living in my time. It stood in the middle of a great court which was enclosed by a high wall of freestone. All about this wall on the inner side was a gallery, similar to the cloisters of the monasteries in Europe,

with a large number of cells, in each of which was placed a statue in white or black marble. ..., ...Some of the cells had three statues in them, namely, a large one between two smaller ones. At the entrance to the temple stood two elephants of black marble in lifesize and on one of them was seated an effigy of the builder. The walls of the temple were adorned with figures of men and animals. At the further end of the building were the shrines consisting of three chapels divided from each other by wooden rails. In these were placed marble statues of the Tirthankars with a lighted lamp before that which stood in the central shrine."

—Mandelslo's Travels in Western India, pp. 24-25.

અર્થાત્—"વાણિયાઓનું મુખ્ય દેવાલય એની પુરાતન ભવ્યતાથી સભર હતું, અને જે સ્થાપત્યો (એ વખતે) જોઈ શકાતાં હતાં એમાં, નિઃશંકપણે એ સર્વોત્તમ હતું. ... ... એ વખતે એ નવું બનેલું હતું, કારણ કે, હું ત્યાં ગયો એ વખતે એની સ્થાપના કરનાર શાંતિદાસ, જે ધનવાન વાણિયા અને વેપારી હતા, તે હયાત હતા. એ મંદિર વિશાળ આંગણાની વચ્ચે ખડું હતું; અને એની ચારે તરફ સાદા પથ્થરની ઊંચી દીવાલ બનાવવામાં આવી હતી. આ દીવાલની અંદરના ભાગમાં ચોમેર, યુરોપના ક્રિશ્ચિયન મઠોમાં હોય છે એવી, ઘણી ઓરડીઓ (દેરીઓ) હતી. અને દરેક દેરીમાં સફેદ અથવા શ્યામ આરસની મૂર્તિ હતી. ... ... કેટલીક દેરીઓમાં તો બે નાની મૂર્તિઓની વચ્ચે એક મોટી મૂર્તિ—એમ ત્રણ મૂર્તિઓ હતી. મંદિરના પ્રવેશદ્વારની બન્ને બાજુએ, કાળા આરસમાંથી ઘડેલ, પૂરા કદના, બે હાથી મૂકેલા હતા. અને એમાંના એક ઉપર મંદિર બંધાવનારની પ્રતિમા બેસારવામાં આવી હતી. મંદિરની દીવાલો માનવીઓ અને પશુઓનાં શિલ્પોથી સુશોભિત કરવામાં આવી હતી. આ ઇમારતના દૂરના છેડે, લાકડાના કઠેડાથી જુદી પાડેલી, ત્રણ દેવકુલિકાઓ હતી; અને એમાં તીર્થંકરોની આરસની પ્રતિમાઓ બિરાજમાન કરેલી હતી; અને વચ્ચેની દેવકુલિકામાં પધરાવેલ પ્રતિમાની સામે દીપક પ્રગટાવવામાં આવ્યો હતો."

—મેન્ડેલસ્લોઝ ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા, પૃ૦ ૨૪-૨૫.

પ્રતિષ્ઠા થયા પછી બે દાયકા કરતાં પણ ઓછા વખતમાં જ આ મંદિર ખંડિત થયું અને, સમયના વહેવા સાથે, એ નામશેષ બની ગયું, એવી સ્થિતિમાં શ્રી મેન્ડેલસ્લોએ આ વિશાળ જિનપ્રાસાદનું પ્રત્યક્ષ અવલોકન કરીને કરેલું આ વર્ણન એની ભવ્યતા, વિશાળતા અને સુંદરતાની સાક્ષી પૂરતા દસ્તાવેજી લેખ જેવું મહત્ત્વનું બની ગયું છે, એમાં શક નથી.

દેરાસરની પ્રતિષ્ઠા થયા પછી પંદરેક વર્ષે, વિ૦ સં૦ ૧૬૯૭માં, એની લાંબી પ્રશસ્તિ રચવામાં આવી હતી. છએક દાયકા પહેલાં તો આ પ્રશસ્તિની નકલ એક જ્ઞાનભંડારમાંથી, પુરાતત્ત્વાચાર્ય શ્રી જિનવિજયજીને મળી હતી; અને એનો ઉપયોગ શ્રી રત્નમણિરાવ ભીમરાવે

એમના "ગુજરાતનું પાટનગર અમદાવાદ"નામે પુસ્તકમાં કર્યો હતો; ઉપરાંત શ્રી એમ. એસ. કોમિસેરિયેટે પણ એમના "સ્ટડીઝ ઇન હિસ્ટરી ઑફ ગુજરાત" અને "હિસ્ટરી ઑફ ગુજરાત" ભાગ બીજો–એ નામે પુસ્તકોમાં કર્યો હતો. પણ પછીથી ૮૬ શ્લોકની એ પ્રશસ્તિ એવી રીતે ખોવાઈ ગઈ છે કે હજી સુધી એ ઉપલબ્ધ થઈ શકી નથી. આમ છતાં, સદ્‌ભાગ્યે, 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પૃ૦ ૫૬૯માં કરવામાં આવેલ એક નોંધ ઉપરથી એમ જાણવા મળે છે કે, આ પ્રશસ્તિની એક અશુદ્ધ નકલ રોયલ એશિયાટીક સોસાયટીની મુંબઈ શાખામાં સચવાયેલી છે. તેનો નંબર "વે૦ નં૦ ૧૭૫૬" છે. તેની નકલ મેળવવાનો પ્રયત્ન ચાલુ છે, અને તે મળી જશે એવી આશા છે.

આ પ્રશસ્તિની રચના થયા પછી ચારેક વર્ષે શાહજાદો ઔરંગઝેબ ગુજરાતનો સૂબો નિમાયો. જૈન સંઘનું આ ભવ્ય મંદિર એ ધર્મઝનૂની રાજકુમારની આંખે ચઢી ગયું અને એણે એ મંદિરને ખંડિત અને અપવિત્ર કરીને તેમ જ એની અંદર એક ગાયનો વધ કરાવીને એને મસ્જિદમાં ફેરવાવી નાંખ્યું. અને એમાં મહેરાબો ગોઠવીને એને મસ્જિદનું પૂરેપૂરું રૂપ આપવા સાથે એની અંદર ફકીરોને પણ વસાવ્યા. "મિરાત-ઇ-અહમદી"માં જણાવ્યા મુજબ, ઔરંગઝેબે આ મસ્જિદને "કૌવત-અલ-ઇસ્લામ" (ઇસ્લામની તાકાત) એવું ગુમાન-સૂચક નામ પણ આપ્યું હતું! આ બનાવ વખતે અમદાવાદમાં કોમી હુલ્લડ પણ થયું હતું અને નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી અને જૈન સંઘના દુઃખની કોઈ અવધિ રહી ન હતી. જિનાલયની આ ભાંગફોડ વખતે કેટલીક પ્રતિમાઓને કુનેહપૂર્વક બચાવીને ઝવેરીવાડમાં લઈ આવવામાં આવી હતી.

શ્રી શાંતિદાસ શેઠની હયાતિમાં જ આ દુર્ઘટના બની હતી અને તેઓનું દિલ્લી દરબારમાં સારું એવું ચલણ હતું. આમ છતાં એમણે, કેટલોક વખત શાંત રહેવામાં જ શાણપણ માન્યું અને ત્રણેક વર્ષ બાદ એ અંગે બાદશાહ શાહજહાંનું ધ્યાન દોરીને પોતાને ન્યાય આપવાની માગણી કરી. આ કાર્યમાં અમદાવાદના મુલ્લાં અબ્દુલ હકીમે પણ શ્રી શાંતિદાસ શેઠને સારી સહાય કરી હતી. પોતાને આ વાતની જાણ થતાં તરત જ બાદશાહ શાહજહાંએ શાહજાદા ઔરંગઝેબને સૂબા તરીકે તરત જ દૂર કર્યો અને એ જિનપ્રાસાદ શ્રી શાંતિદાસને સુપરત કરવાનું શાહી ફરમાન સને ૧૬૪૮ (વિ૦ સં૦ ૧૭૦૪)માં આપ્યું. એમાં મંદિરમાં જે કંઈ ભાંગફોડ થઈ હોય તે રાજ્યના ખર્ચે સમી કરાવી આપવાનું, ફકીરોને હાંકી કાઢવાનું અને મહેરાબોને દૂર કરવાનું જણાવવામાં આવ્યું હતું. આ રીતે આ જિનાલય પાછું મળ્યું એ કેવળ નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના પ્રભાવને કારણે જ, એમાં શક નથી. પણ, કમનસીબે, મસ્જિદમાં ફેરવાઈ ગયેલ અને ગાયના વધથી અપવિત્ર થયેલ એ સ્થાનમાં ફરીથી જિનમંદિર ચાલુ ન થઈ શક્યું! જો એ ફરી ચાલુ થયું હોત તો, એ જૈન સંઘને માટે ગૌરવરૂપ અને નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીની કાર્યશક્તિ અને ધર્મભક્તિ સંબંધી એક અમર કીર્તિગાથારૂપ બની રહેત, એમાં શક નથી.

ઔરંગઝેબે સને ૧૬૪૫ (વિ૦ સં૦ ૧૭૦૧)માં આ જિનપ્રાસાદને ખંડિત અને ભ્રષ્ટ કરીને એને મસ્જિદમાં ફેરવી નાખ્યો, ત્યાર પછી ૨૧ વર્ષે, સને ૧૬૬૬ (વિ૦ સં૦ ૧૭૨૨)માં એમ. ડી. થેવેનોટ (M. D. Thevenot) નામે એક ફ્રેંચ મુસાફરે અમદા-

વાદનાં સ્થાપત્યોની મુલાકાત લીધી હતી, એમાં ચિંતામણિના જિનપ્રાસાદના ભગ્ન અવશેષો જોઈને, એનું વર્ણન કરતાં, એમણે લખ્યું હતું કે—

"Ahmedabad being inhabited also by a great numbers of heathens, there are Pagods or idol-temples in it. That which was called the Pagod of Santidas was the chief, before Aurangzeb converted it into a mosque. When he performed that ceremony he caused a cow to be killed in the place, knowing very well that, after such an action, the gentiles, according to their law, could worship no more therein. All round the temple there is a cloister furnished with lovely cells, beautified with figures of marble in relief, representing naked women sitting after the oriental fashion. The inside roof of the mosque is pretty enough and the walls are full of the figures of men and beasts; but Aurangzeb, who hath always made a show of an affected devotion, which at length raised him to the throne, caused the noses of all these figures, which added a great deal of magnificence to that mosque, to be beat off."

—Studies in the History of Gujarat, p. 57.

અર્થાત્—"અમદાવાદમાં ઘણા મૂર્તિપૂજકો (યહૂદી, ખ્રિસ્તી અને ઇસ્લામ ધર્મથી જુદા ધર્મના અનુયાયીઓ) પણ વસતા હોવાથી એમાં પેગોડા કે મૂર્તિઓવાળાં મંદિરો છે. એમાં, જે મંદિર શાંતિદાસના મંદિર તરીકે ઓળખાતું હતું તે, ઔરંગઝેબે એને મસ્જિદમાં ફેરવી નાખ્યું તે પહેલાં, બધાંમાં મુખ્ય હતું. જ્યારે એણે આ વિધિ કર્યો ત્યારે એણે એ સ્થાનમાં એક ગાયની કતલ કરાવી હતી; કારણ કે, એ બરાબર જાણતો હતો કે, આવું કૃત્ય કર્યા પછી એ અનાર્યો (જૈનો), એમના નિયમ મુજબ, એમાં પૂજા નહીં કરી શકે. મંદિરની ચારે બાજુ સુંદર ઓરડીઓ (દેરીઓ) ધરાવતો મઠ (ચોક) હતો. અને આરસની કલાકૃતિઓથી એ દેરીઓ શોભાયમાન લાગતી હતી. આ કલાકૃતિઓ પૌરસ્ત્ય પદ્ધતિમાં બેઠેલી (પલાંઠી વાળેલી), નગ્ન સ્ત્રીઓનું પ્રતિનિધિત્વ કરતી હતી. (થેવેનોટે પણ, મેન્ડેલસ્લોની જેમ, તીર્થંકરોની, પદ્માસનસ્થ પ્રતિમાઓને, ભૂલથી નગ્ન સ્ત્રીઓની બેઠેલી મૂર્તિઓ માની લીધી હતી.) મંદિરની અંદરની છત ખૂબ સુંદર છે અને એની દીવાલો માનવીઓ અને પશુઓનાં શિલ્પોથી ભરેલી છે. પરંતુ ઔરંગઝેબ, કે જેણે હમેશાં દાંભિક ધર્મશ્રદ્ધાનો દેખાવ કર્યો હતો અને એને લીધે છેવટે જે સિંહાસને બેસી શક્યો હતો, એણે મંદિરની ભવ્યતામાં ઘણો બધો વધારો કરતી આ આકૃતિઓનાં નાક ખંડિત કરાવી નાખ્યાં હતાં."

—સ્ટડિઝ ઇન ધી હિસ્ટરી ઓફ ગુજરાત, પૃ૦ ૫૭.

આ મંદિર ખંડિત થયું એ પહેલાં જર્મન પ્રવાસી શ્રી મેન્ડેલસ્લોએ એની મુલાકાત

લઈને કરેલું એનું વર્ણન જેમ એ જિનાલયની ભવ્યતાનો ખ્યાલ આપે છે, તેમ ફ્રેંચ પ્રવાસી શ્રી થેવેનોટે, એ જિનાલયના ભગ્ન અવશેષોનું અવલોકન કર્યા પછી, કરેલ આ વર્ણન પણ, આ જિનાલયની ઉચ્ચ કોટીના શિલ્પ-સ્થાપત્યની કલાને સમજવા માટે એટલું જ મહત્ત્વનું છે.

સને ૧૬૩૮થી ૧૬૬૬ સુધીના અઠ્ઠાવીસ વર્ષ જેટલા, પ્રમાણમાં, ટૂંકા કહી શકાય એવા ગાળામાં, બે વિદેશી પ્રવાસીઓએ, પોતે નિહાળેલ ગુજરાતનાં અને ખાસ કરીને અમદાવાદ શહેરનાં વિશિષ્ટ સ્થાપત્યોની જે પ્રવાસનોંધો કરી હતી, એમાં ચિંતામણિ પાર્શ્વનાથના જિનપ્રાસાદની એમણે આવી પ્રશંસાત્મક નોંધો કરી, એને એક સુયોગ જ લેખવો જોઈએ. એ બન્ને પ્રવાસી મહાનુભાવોની આ નોંધોનું જેમ સાંસ્કૃતિક મૂલ્ય છે, તેમ એનું ઐતિહાસિક મૂલ્ય પણ છે, એ કહેવાની જરૂર નથી.

નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીની રાજકર્તા વર્ગ અને પ્રજામાં પ્રવર્તતી પ્રભાવકતાનો વિશેષ ખ્યાલ તો એ હકીકત ઉપરથી પણ આવી શકે છે કે, વિ૦ સં૦ ૧૭૦૧ની સાલમાં, શ્રી ચિંતામણિના દેરાસર જેવા ધર્મસ્થાનને નષ્ટ-ભ્રષ્ટ કરનાર, ખુદ ઔરંગઝેબે જ, જ્યારે એ બાદશાહ થયો ત્યારે (સંવત ૧૭૧૫ની સાલમાં), શત્રુંજય વગેરે તીર્થોની માલિકીનું પોતાના પૂર્વજોએ આપેલ ફરમાન નગરશેઠ શ્રી શાંતિદાસને જારી કરી આપ્યું હતું. આ ફરમાન અત્યારે પણ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પાસે સુરક્ષિત છે.

૧૭. મોગલ સમ્રાટો અકબર, જહાંગીર, શાહજહાં, મુરાદબક્ષ અને ઔરંગઝેબ—એ પાંચે બાદશાહોએ શ્રી શત્રુંજય તીર્થ વગેરેના માલિકીહક્કો શ્રીસંઘને અર્પણ કર્યા એ સંબંધી કુલ નવ ફરમાનો ઉપલબ્ધ થયાં છે. તેમાં એક બાદશાહ અકબરનું, બે બાદશાહ જહાંગીરનાં, બે બાદશાહ શાહજહાંનાં, બે મુરાદબક્ષનાં અને બે ઔરંગઝેબનાં છે. આમાંનાં સાત ફરમાનો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પાસે છે અને બાકીનાં બે ફરમાનોમાંનું એક પૂજ્ય મુનિરાજ શ્રી વિદ્યાવિજયજીએ લખેલ 'સૂરીશ્વર અને સમ્રાટ' પુસ્તકમાં આપવામાં આવેલ છે અને બીજું ફરમાન શ્રી એમ. એસ. કોમિસેરિયેટે લખેલ 'Imperial Mughal Farmans in Gujarat'માં છાપવામાં આવ્યું છે. આ બધાં ફરમાનોના ફોટાઓ અને એનો અનુવાદ આ પુસ્તકના "શ્રી શત્રુંજય મહાતીર્થ સંબંધી બાદશાહી ફરમાનો" નામે તેરમા પ્રકરણમાં આપવામાં આવેલ છે.

૧૮. "The Chieftain of Palitana and his possession are tributary to the Gaekvar, not to the British Government."

—R. Barnewell, D. 20-12-1820.
(પેઢીનું દફતર ૧૩, ફાઈલ નં. ૧૧૪.)

૧૯. પાલીતાણા રાજ્ય સાથે વિ૦ સં૦ ૧૭૦૭ની સાલમાં રખોપાનો પહેલો કરાર કરવામાં આવ્યો, તેમાં પણ નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીએ જે દૂરંદેશી વાપરીને અગમચેતી દાખવી હતી, તે ખાસ ધ્યાન ખેંચે એવી તેમ જ એમની ભવિષ્યને પારખવાની શક્તિનો ખ્યાલ આપે

એવી છે. જે વખતે આ કરાર કરવામાં આવ્યો તે સમયે, તેઓની પાસે, મોગલ બાદશાહોએ આપેલાં શત્રુંજયની માલિકીના હક્કો જૈન સંઘને અર્પણ કરવા સંબંધી અનેક ફરમાનો હતાં જ. આમ છતાં રાજસત્તા માટેના આંતર વિગ્રહને કારણે મોગલ સલ્તનત નબળી પડતી જતી હતી, તે તેઓ સ્પષ્ટ રૂપે જોઈ શક્યા હતા. વળી, વિ૦ સં૦ ૧૭૦૧માં શાહજાદા ઔરંગઝેબે અમદાવાદના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરની જે કારમી બેહાલી કરી હતી તેની ઘેરી અસર પણ એમના મન ઉપર પડેલી હતી જ. આ બધાં કારણોને લીધે તેઓની વેધક દૃષ્ટિએ સમયનાં એ એંધાણ પારખી લીધાં હતાં કે, ભવિષ્યમાં આ ફરમાનો તીર્થની સાચવણીમાં ભાગ્યે જ ઉપયોગી થઈ શકવાનાં છે. અને તીર્થાધિરાજ શત્રુંજય તથા તેના યાત્રિકોનું હિત સાચવવાની વૃત્તિ તો એમના રોમરોમમાં ભરી હતી. એટલે પાલીતાણા રાજ્ય સાથે વિ૦ સં૦ ૧૭૦૭નો રખોપાનો પહેલો કરાર કરીને એમણે પોતાની આ લાગણીને અમલીરૂપ આપ્યું હતું, એમ કહેવું જોઈએ.

૨૦. આ ગ્રંથનો શ્રી ગોપાલ નારાયણ બહુરાએ કરેલો '**पश्चिमी भारत की यात्रा**' નામે હિંદી અનુવાદ જોધપુરના રાજસ્થાન પ્રાચ્ય વિદ્યા પ્રતિષ્ઠાન તરફથી, 'રાજસ્થાન પુરાતન ગ્રંથમાળા'ના ગ્રંથાંક ૮૦ તરીકે, ઈ૦ સ૦ ૧૯૬૫ની સાલમાં, બહાર પડેલ છે. એની કિંમત રૂ. ૨૧) રાખવામાં આવેલ છે.

૨૧. કર્નલ ટોડે પોતાના આ પુસ્તકના પૃ૦ ૨૯૫માં એક ખાસ જાણવા જેવી માહિતી એ આપી છે કે: "Hema Bhye, a rich banker of Ahmedabad, recently presented a crown of massive gold, studded with large sapphires, valued at a sum equivalent to £ 3,500."

અર્થાત્ કર્નલ ટોડે શ્રી શત્રુંજય તીર્થની મુલાકાત લીધી તે અગાઉ, થોડા વખત પહેલાં, અમદાવાદના ધનવાન શરાફ (નગરશેઠ) શ્રી હેમાભાઈએ મોટાં મોટાં પન્નાંથી મઢેલો સોનાનો, આશરે ૩૫૦૦ પાઉંડની કિંમતનો, ભારે મુગટ તીર્થને ભેટ ધર્યો હતો.

૨૨. ખંભાતના સોની તેજપાલે કરાવેલ આ જીર્ણોદ્ધાર સંબંધી જુદા જુદા છંદોમાં રચાયેલ સડસઠ શ્લોક જેટલો મોટો શિલાલેખ અત્યારે પણ સચવાઈ રહેલ છે અને તે દાદાના દેરાસરમાં જતાં રતનપોળની નીચેના ભાગમાં જમણી તરફ ચોડવામાં આવ્યો છે. આ શિલાલેખમાં સુધર્માસ્વામીથી લઈને તે છેક વિજયસેનસૂરિ સુધીની પાટપરંપરામાં થયેલ મુખ્ય મુખ્ય આચાર્યોની નામાવલિ આપવા ઉપરાંત જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિએ લીધેલી બાદશાહ અકબરની મુલાકાતનો અને તેથી જૈન સંઘને તથા સામાન્ય પ્રજાને થયેલ લાભનો પણ સંક્ષેપમાં નિર્દેશ કરવામાં આવ્યો છે. આ જીર્ણોદ્ધાર પછી દાદાના મુખ્ય દેરાસરની પ્રતિષ્ઠા પણ જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિજીના હાથે જ થઈ હતી. ઉપરાંત તેમાં તેજપાલ સોનીની વંશપરંપરા પણ આપવામાં આવેલ છે. આ લેખ શ્રી શત્રુંજય તીર્થને લગતા લેખોમાં સૌથી મોટો અથવા તો સૌથી મોટા લેખમાંનો એક કહી શકાય એવો છે; અને તે એક એક પંક્તિમાં ૪૦ થી ૫૦ અક્ષરો ધરાવતી ૮૭ લીટીઓમાં કોતરવામાં આવેલ છે.

૨૩. અહીં એ વાત ખ્યાલમાં રાખવાની છે કે, બાહડ મંત્રીએ કરાવેલ શત્રુંજય તીર્થના ૧૪મા ઉદ્ધાર વખતે મૂળનાયક શ્રી ઋષભદેવ ભગવાનની નવી મૂર્તિ ભરાવવી નહોતી પડી, પણ પહેલાંના લાકડાના જિનાલયમાં જે મૂર્તિ હતી તેની જ પ્રતિષ્ઠા કરાવી હતી, કારણ કે આ ઉદ્ધાર કોઈ જાતની ભાંગફોડને કારણે કરવો નહોતો પડ્યો, પણ લાકડાના મંદિરના સ્થાને પથ્થરનું મંદિર બનાવવા માટે જ કર્યો હતો.

૨૪. ગિરિરાજની જયતલાટીના ઉપરના ભાગમાં બંધાયેલ 'ધનવસહીની ટૂક', જે 'બાબુના દેરાસર' તરીકે વિખ્યાત બનેલ છે, તેનું વિશાળ અને સુંદર જિનાલય મુર્શિદાબાદનિવાસી રાય ધનપતસિંહજી તથા લખપતસિંહજી–એ બે ભાઈઓએ એમની માતા મહેતાબકુંવરના શ્રેય નિમિત્તે બંધાવરાવ્યું હતું. એની પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૧૯૫૦ના માહ શુદિ દશમના રોજ કરવામાં આવી હતી. આ ટૂકની ગણતરી પણ તીર્થાધિરાજના ચાલુ રહેલ વિકાસમાં જ કરી શકાય. પણ, એ વાતને બાજુએ રાખીએ અને, છેલ્લા બેએક દાયકા દરમ્યાન પણ થયેલ વિકાસનો વિચાર કરીએ તો, બાબુના દેરાસરની સામે, ૧૦૮ તીર્થોની દેરીઓ સાથે સમવસરણ મંદિરના નામે, બની રહેલ મોટો જિનપ્રાસાદ, ઘેટીની પાગે બનેલ ત્રણ નવાં જિનાલયો વગેરે પણ આ વાતની સાક્ષી પૂરે છે. વળી પાલીતાણા શહેરથી તે તળાટી સુધીના એકાદ માઈલ જેટલા લાંબા માર્ગમાં બનેલ શ્રી કેસરિયાજીનગરનું ભોંયરા તથા બે માળવાળું આલિશાન જિનાલય તેમ જ કેટલીક ધર્મશાળાઓ વગેરેમાં બનેલ નાનાંમોટાં દેરાસરો પણ તીર્થના સતત થઈ રહેલ વિકાસનું જ સૂચન કરે છે.

૨૫. ગિરિરાજ ઉપર વાઘણપોળમાં પેસતાં, ડાબા હાથે, શ્રી શાંતિનાથ ભગવાનનું જિનમંદિર આવે છે, કે જ્યાં યાત્રિકો ચૈત્યવંદન કરે છે, તે પણ વિક્રમની ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં (વિ૦ સં૦ ૧૮૬૦માં) જ બનેલું છે. વળી વાઘણપોળથી હાથીપોળ સુધીમાં, જમણી તથા ડાબી બન્ને બાજુ, બનેલ સંખ્યાબંધ જિનમંદિરોમાંનાં મોટા ભાગનાં જિનમંદિરો વિક્રમની સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં, અઢારમી સદીમાં, ઓગણીસમી સદીમાં તથા વીસમી સદીની શરૂઆતમાં સુધ્ધાં બનેલ છે. (જુઓ, શ્રી મધુસૂદન ઢાંકીએ લખેલી "તીર્થાધિરાજ શ્રી શત્રુંજય : ટૂંક પરિચય" નામે પુસ્તિકા, પૃ. ૯-૧૩.)

૨૬. નવ ટૂક ધરાવતા, શ્રી શત્રુંજય ગિરિના બીજા શિખર ઉપર તો પ્રાચીન જૈન સ્થાપત્યો સાવ ગણ્યાંગાંઠાં જ હતાં. આ અંગે શ્રી મધુસૂદન ઢાંકી ઉપરસૂચિત પુસ્તિકામાં લખે છે કે—

"ખરતરવસી ટૂકમાં પ્રવેશતાં શ્રી શાંતિનાથ ભગવાન અને મરુદેવી માતાનાં પ્રાચીન સ્થાનો આવે છે. શાંતિનાથ ભગવાનનું વર્તમાન મંદિર તો ચૌદમા શતકનું છે. અને મરુદેવીનું મંદિર પણ વર્તમાન સ્વરૂપે પાછલા કાળનું છે. પણ બન્ને સ્થળોનો ઉલ્લેખ સોલંકીકાલીન સાહિત્યમાં મળતો હોઈ એ મંદિરો અસલમાં વિશેષ પ્રાચીન હોવાં જોઈએ." (પૃ૦ ૧૪). "મોદીની ટૂકથી નીચે પોણોસો જેટલાં પગથિયાં ઊતરતાં ખડક પર કંડારેલ "અદ્ભુત આદિનાથ"ની બાર હાથ ઊંચી મૂર્તિ આવે છે. આની પુનઃ પ્રતિષ્ઠા વિ૦ સં૦૧૬૮૬ (ઈ૦ સ૦ ૧૬૩૦)માં ધરમદાસ શેઠે કરાવી છે. આ પ્રતિમાનો જિનપ્રભસૂરિએ 'પાંડવ-કારિત ઋષભ' તરીકે અને ચૈત્યપરિપાટીકારોએ 'સ્વયંભૂ આદિનાથ', 'અદ્ભુત આદિનાથ' વગેરે શબ્દોથી ઉલ્લેખ કરેલો હોઈ, તે પ્રાચીન છે" (પૃ૦ ૧૭).

આદિનાથ ભગવાનની લોકોમાં "અદબદનાથ" તરીકે ઓળખાતી આ પ્રતિમા, એની વિશાળતાને કારણે, "અદ્ભુત આદિનાથ"ના નામથી ઓળખાય એ સ્વાભાવિક છે. અને જ્યારે આ પ્રતિમાની પુનઃ પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૧૬૮૬માં થયાનો ઉલ્લેખ મળવા ઉપરાંત, શ્રી જિનપ્રભસૂરિએ વિ૦ સં૦ ૧૩૮૯માં રચેલ "વિવિધતીર્થકલ્પ" અંતર્ગત અને વિ૦ સં૦ ૧૩૮૫માં રચેલ "શત્રુંજયતીર્થકલ્પ"માં પણ આનો ઉલ્લેખ મળતો હોય તો, આ પ્રતિમા એના કરતાં પણ પહેલાંના સમયની છે એ નિશ્ચિત થાય છે.

"અદ્ભુત આદિનાથ" તરીકે ઓળખાતી આ વિશાળ પ્રતિમા શ્રી ઋષભદેવ ભગવાનની જ હોવા છતાં, કર્નલ જેમ્સ ટોડે એમના "Travels in Western India" નામે પુસ્તક (પૃ૦ ૨૮૯)માં એને "આદિ-બુદ્ધ-નાથજી" તરીકે ઓળખાવીને એનો બૌદ્ધ-ધર્મ સાથે સંબંધ દર્શાવતાં લખ્યું છે કે, "About half-way up stands the statue of Adi-Budha-Nathji, or the 'First Divine Budha', of amorphous proportions. ... ... This name affords another proof of the identity of the impersonations of Buddha and the Jineswars; indeed, my authorities recognized no difference between Ar-budha and Ad-nath, the First Intelligence and First Divinity, though Europeans have contrived to puzzle themselves on the subject."

અર્થાત્—"ઉપરના માર્ગે અડધું ચડીએ, ત્યાં આદિ-બુદ્ધ-નાથજીની એટલે કે 'પહેલા દિવ્ય બુદ્ધ'ની, સપ્રમાણતા વગરની મૂર્તિ ખડી (બેઠી) છે. ... ... આ નામ બુદ્ધ અને જિનેશ્વરોની આકૃતિઓ (Impersonations) વચ્ચે પ્રવર્તતા સરખાપણા (Identity)નો બીજો પુરાવો પૂરો પાડે છે. સાચે જ, મારી પાસે જે પુરાવાઓ છે તે, આર-બુદ્ધ (કે અર-બુદ્ધ, એ જે હોય તે, પણ આ શબ્દનો ભાવ સમજાતો નથી; એમાં કંઈ અશુદ્ધિ તો નહીં હોય, એવી શંકા પણ જાગે છે.) અને આદ-નાથ–'પ્રથમ બુદ્ધિમત્તા' અને 'પ્રથમ દિવ્યતા' વચ્ચે કશા ભેદને સ્વીકારવાનો ઇન્કાર કરે છે—જોકે આ વિષયમાં યુરોપિયનોએ એવી શોધ કરી છે કે જેથી તેઓ પોતે જ દુવિધામાં પડી ગયા છે!"

(**નોંધ**—ચોથા પ્રકરણની ૨૭મી પાદનોંધમાં સૂચવ્યા પ્રમાણે, જેમ કર્નલ ટોડે કરેલ "પાલીતાણા"નો "પલ્લીનું સ્થાન" એવો અર્થ આપણે સ્વીકારી શકતા નથી, તે જ રીતે "અદ્ભુત આદિનાથ"નો "આદિ-બુદ્ધ-નાથજી" એવો જે અર્થ એમણે કર્યો છે અને સાથે સાથે બુદ્ધ અને જિનેશ્વરો વચ્ચે એકસરખાપણું હોવાની જે વાત એમણે અહીં કરી છે, તે પણ, વાસ્તવિકતાથી વેગળી હોવાથી, આપણાથી સ્વીકારી શકાય એવી નથી. (ખરી રીતે તો, આવું કથન કરીને તેઓ શું કહેવા માગે છે, તે જ અસંદિગ્ધ અને સ્પષ્ટ રૂપમાં સમજવું મુશ્કેલ લાગે છે.)

૨૭. શ્રી પ્રેમવસી તરીકે જાણીતી આ સાતમી ટૂક બંધાવનાર શ્રેષ્ઠી શ્રી પ્રેમચંદ લવજી મોદી

અમદાવાદના હોવાનું શ્રી શત્રુંજય તીર્થનો પરિચય લખનાર બધા લેખકોએ સ્વીકાર્યું છે; આમ છતાં કર્નલ જેમ્સ ટોડને તેઓ વડોદરાના રહેવાસી હોવાની માહિતી આપવામાં આવી હોવી જોઈએ, એથી જ એમણે લખ્યું છે કે—

"We must now quit this shrine, and proceed to the next division of the mount, called, after the rich corn-factor of Baroda, PREM MOODI-CA-TOOK."

—Travels in Western India, p. 288.

અર્થાત્—"હવે આપણે આ પવિત્ર સ્થાનને છોડીને પર્વતનો અન્ય વિભાગ કે જે, **વડોદરા**ના ધનવાન અનાજના આડતિયાના નામ ઉપરથી, પ્રેમ મોદીની ટૂકને નામે ઓળખાય છે, એ તરફ આગળ વધવું જોઈએ."

—ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા, પૃ૦ ૨૮૮.

શ્રી શત્રુંજય તીર્થની તલાટીમાં ભાતાની શરૂઆત કરવાની પ્રેરણા આપનાર પૂજ્ય મુનિરાજ શ્રી કલ્યાણવિમળજી મહારાજ તથા એમની પ્રેરણાને ઝીલીને ભાતું આપવાની શરૂઆત કરનાર રાયબાબુ સીતાબચંદજી નાહરના દાદાના જીવન સંબંધી માહિતી મેળવવા માટે બનતો પ્રયાસ કરતાં, જે થોડી માહિતી મળી શકી છે, તે આ પ્રમાણે છે—

મુનિરાજ શ્રી કલ્યાણવિમળજી મહારાજ મુનિરાજ શ્રી દાનવિમળજીના શિષ્ય અને મુનિરાજ શ્રી દયાવિમળજીના ગુરુભાઈ થતા હતા. એમને પંન્યાસ પદવી આપવામાં આવી હતી. તેઓનું આયુષ્ય લગભગ ૮૦ વર્ષ જેટલું દીર્ઘ હતું. તેઓશ્રીએ શ્રી શત્રુંજય તીર્થની પવિત્ર છત્રછાયામાં, પાલીતાણા શહેરમાં, કાયમનો નિવાસ અથવા વૃદ્ધવાસ કર્યો હતો, એમ લાગે છે. ગિરિરાજ ઉપર ચડતાં, બાબુના દેરાસરની જમણી બાજુ, એક દેરી બનેલી છે; તેમાં સરસ્વતી દેવીની મૂર્તિ પધરાવવામાં આવેલ છે. આ દેરી પંન્યાસજી મહારાજ શ્રી કલ્યાણવિમળજી મહારાજના સદુપદેશથી, શ્રાવક ભાઈઓએ, વિ૦ સં૦ ૧૮૬૦ની સાલમાં, બનાવરાવી આપી હતી. અને પંન્યાસ શ્રી કલ્યાણવિમળજી મહારાજ હમેશાં એમાં ધ્યાન કરવા બેસતા હતા અને નિત્ય આયંબિલનું તપ કરતા હતા. એમના ઉપદેશથી રાયબાબુ સીતાબચંદજી નાહરના દાદાએ ગિરિરાજના યાત્રિકોને, તલાટીમાં, ભાતું આપવાની શુભ શરૂઆત વિ૦ સં૦ ૧૮૮૦ની સાલમાં, માગસર સુદિ ૧૩થી, ચણા-મમરાથી, કરી હતી. એટલે ભાતું આપવાની આ અતિ અનુમોદનીય તેમ જ અનુકરણીય પ્રવૃત્તિનો મંગળ પ્રારંભ થયો, એ વાતને અત્યારે (વિ૦ સં૦ ૨૦૩૬ની સાલમાં) દોઢસો વર્ષ કરતાં પણ વધુ વખત થયો. પંન્યાસ શ્રી કલ્યાણવિમળજી મહારાજ, પાલીતાણામાં, વિ૦ સં૦ ૧૯૧૦ના ફાગણ વદિ આઠમના રોજ, કાળધર્મ પામ્યા હતા. અને વિ૦ સં૦ ૧૯૧૨ની સાલમાં, એમના અગ્નિ-સંસ્કારના સ્થાને સમાધિમંદિરરૂપે દેરી બનાવીને, અને એમાં એમની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરીને શ્રીસંઘે એમના પ્રત્યે પોતાની કૃતજ્ઞતાની લાગણી દર્શાવવાનો પ્રયત્ન કર્યો હતો. એમની પાદુકાની સાથે મુનિરાજ શ્રી હર્ષવિમળજીની પાદુકા પધરાવવામાં આવી છે; તે એમના ગુરુ-ભાઈ થતા હતા.

રાયબાબુ સીતાબચંદજી નાહરના દાદાના નામ વગેરે અંગે માહિતી મેળવવાનો પ્રયાસ કરતાં, કેટલીક જાણકારી આ પ્રમાણે મળી છે; બાબૂ શ્રી વિજયસિંહજી નાહર પૂર્વ ભારતના અને કલકત્તાના જૈન સંઘના અત્યારે એક વગદાર અને બાહોશ અગ્રણી ગણાય છે; અને તેઓ આપણા દેશના સક્રિય રાજકારણમાં પણ પૂરો રસ ધરાવે છે. એમના પિતા સદ્ગત બાબૂ પૂરણચંદજી નાહર જૈન ઇતિહાસ અને પુરાતત્ત્વના અભ્યાસી હતા અને એમણે પુરાતન સામગ્રીનો ઘણો મોટો સંગ્રહ કર્યો હતો, અને જૈન શિલાલેખ સંગ્રહના ત્રણ મોટા ગ્રંથોનું સંપાદન પણ કર્યું હતું. તેમના પિતાનું નામ બાબૂ સીતાબચંદજી નાહર હતું. બાબૂ સીતાબચંદજીના પિતા તે બાબૂ ગુલાબચંદજી નાહર; અને બાબૂ ગુલાબચંદજીના પિતાનું નામ હતું બાબૂ ઉત્તમચંદજી નાહર. આ રીતે બાબૂ ઉત્તમચંદજી નાહર બાબૂ સીતાબચંદજી નાહરના દાદા થાય, કે જેમના નામથી શત્રુંજયની તલાટીમાં ભાતું આપવાની શરૂઆત થઇ હતી. આ અંગે બાબૂ શ્રી વિજયસિંહજી નાહરનું કહેવું એવું છે કે, બાબૂ ઉત્તમચંદજી નાહર માત્ર સત્તર વર્ષ જેટલી નાની ઉંમરે જ ગુજરી ગયા હતા, અને ગિરિરાજ શત્રુંજયની યાત્રા પણ એમણે ભાગ્યે જ કરી હશે. તેથી આ ભાતાની શરૂઆત એમનાં ધર્માનુરાગી ધર્મપત્ની શ્રી મયાકુંવરે કરાવીને એની સાથે એમના સ્વર્ગસ્થ પતિ બાબૂ ઉત્તમચંદજી નાહરનું નામ જોડાવ્યું હોવું જોઈએ. (બાબૂ ઉત્તમચંદજીના પિતાનું નામ બાબૂ ખડ્ગસિંહ હતું. બાબૂ ઉત્તમચંદજીનાં પત્નીએ બાબૂ ગુલાબચંદજી નાહરને અને બાબૂ ગુલાબચંદજીનાં પત્નીએ રાયબાબૂ સીતાપચંદજી નાહરને દત્તક લીધા હતા. આ નાહર કુટુંબનું વતન અજિમગંજ હતું.)

આના અનુસંધાનમાં નીચેની હકીકત જાણવી ઉપયોગી થઈ પડશે—

(૧) બાબૂ ઉત્તમચંદજી નાહરનાં ધર્મપત્ની શ્રી મયાકુંવરે અજીમગંજના શ્રી સુમતિનાથ જિનાલયની, વિ૦ સં૦ ૧૯૧૩ના વૈશાખ સુદિ પાંચમે, પ્રતિષ્ઠા કરાવી હતી. (૨) એ જ વર્ષમાં, જેઠ વદિ ૧૧ના દિવસે, એમણે ગિરિરાજ શત્રુંજય ઉપર, દાદાના જિનપ્રાસાદના ઉપરના મજલે, જિનપ્રતિમા પધરાવી હતી. આ બન્ને પ્રતિષ્ઠાઓના લેખો બાબૂ પૂરણચંદજી નાહરના "જૈન લેખ સંગ્રહ"ના પહેલા ભાગના પૃ૦ ૧માં તથા પૃ૦ ૧૬૪માં (લેખ નં. ૬૯૯) છપાયેલ છે. (૩) પાલીતાણામાં જે ધર્મશાળા "નાહર બિલ્ડિંગ"ના નામથી જાણીતી છે, તે રાયબાબૂ સીતાબચંદજી નાહરે ઈસ્વી સન ૧૯૧૧ (વિ૦ સં૦ ૧૯૬૭)માં બંધાવી હતી.

૨૯. આ પ્રતિષ્ઠા-મહોત્સવનો સવિસ્તર અને સચિત્ર અહેવાલ "તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ઉપર થયેલ પ્રતિષ્ઠાનો અહેવાલ" નામે આ પુસ્તકના લેખકે લખેલ છે; અને તે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી પુસ્તકરૂપે પ્રગટ કરવામાં આવેલ છે. તેની કિંમત પંદર રૂપિયા છે.

૩૦. The road from Palithana to the foot of the mount is through an avenue of noble Burr trees, affording a sanctified shade to the vast concourse which flocks to worship ( p. 281 ). ... ... We now approached the holy of holies, by a considerable flight of steps, leading through an archway, called the portal of Pundaric, which brought us in front of the shrine of Adnath ( p. 284 ). ... ...

Although the shrine of Adnath is an imposing edifice, it possesses none of the architectural beauty of the shrines of Aboo, either in form of material. The sanctum is a large square chamber, with a vaulted roof; a SOWA-MUNDUFF, or external vestibul, likewise vaulted. The statue of the god, of colossal size, is of pure white marble, and in the usual sitting, contemplative postur, the hands and legs crossed ( p. 285 ). ... ... On particular festivals, immense bodies of pilgrims pour into the peninsula from every part of India. These congregations are termed SUNGS, and sometimes amount to twenty thousands. ( p. 296 ).

—Travels In Western India.

૩૧. Street after street, and square after square extend these shrines of the Jaina faith, with their stately enclosures, half palace, half fortrees, raised in marble magnificence, upon the lonely and majestic mountain, and, like mansions of another world, far removed in upper air from the ordinary tread of mortals. In the dark recesses of each temple, one image or more of Adinatha, of Ajita, or of some other of the Tirthankaras, is seated, whose alabaster features, wearing an expression of listless repose, are rendered dimly visible by the faint light shed from silver lamps; incense perfumes the air, and barefooted, with noiseless tread, upon the polished floors, the female votaries, glittering in scarlet and gold, move round and round in circles, chanting forth their monotonous, but not unmelodious, hymns. Satrunjaya indeed might fitly represent one of the fancied hills of eastern romance, the inhabitants of which have been instantaneously changed into marble, but which fairy hands are ever employed upon, burning perfumes, and keeping all clean and brilliant, while fairy voices haunt the air in these voluptuous praises of the Devas. ... ... Shutroonjye is one of the most ancient and most sacred shrines of the Jain religion. It is described as the first of places of pilgrimage, the bridal hall of those who would marry everlasting rest: like our own sacred Iona, it is not destined to be destroyed even at the end of the world.

—Forbes, Ras Mala, Vol. I, pp. 7, 8.

૩૨. The fashionable shrine, on which at the present day the greatest amount of wealth is lavished.

It is now being covered with new temples and shrines which rival the old buildings not only in splendour, but in the beauty and delicacy of their details, and altogether form one of the most remarkable groups to be found anywhere—the more remarkable, if we consider that the bulk of them were erected within the limits of the present century. To the philosophical student of architecture it is one of the most interesting spots on the face of the globe, inasmuch as he can there see the various processes by which cathedrals were produced in the middle ages, carried on on a larger scale then anywhere else, and in a more natural manner. It is by watching the methods still followed in designing buildings in that remote locality that we become aware how it is that the uncultivated Hindu can rise in architecture to a degree of originality and perfection which has not been attained in Europe since the middle ages.

—History of Architecture (ed. 1867), vol. II, pp. 630, 632.

The grouping together of their temples into what may be called "Cities of Temples" is a peculiarity which the Jains have practised to a greater extent than the followers of any other religion in India. ... Neither of these religions, however, possess such a group of temples, for instance, as that at Satrunjaya, or Palitana. ... ...It is a city of the gods, and meant for them only, and not intended for the use of mortals. ... ...All these peculiarities are found in a more marked degree at Palitana than at almost any other known place, and, fortunately for the student of the style, extending over a considerable period of time. Some of the temples may be as old as the 11th century, but the Moslim invaders of 14th and 15th centuries made sad havoc of all the older shrines, and we have only fragments of a few of them. ... ...Among the Satrunjaya temples there is every variety of form and structure, and a monograph on this group, fully illustrated, would be of great architectural, antiquarian, and mythological interest. ... ... The

great temple is an imposing two storeyed building with a lofty spire, and with its base surrounded by many small shrines.

—History of Indian and Eastern Architecture, Vol. II, 24-28.

૩૩. The view that presents itself from this point may well arrest the attention. It is magnificent in extent; a splendid setting for the unique picture—this work of human toil we have reached. ... ... But apart from the poetical exaggeration of this, it is truly a wonderful—a unique place—a city of temples,—for, except a few tanks, there is nothing else within the gates. Through court beyond court the visitor proceeds over smooth pavements of grey chunam, visiting temple after temple—most of them built of stone quarried near Gopnath, but a few of marble;—all elaborately sculptured, and some of striking proportions. And, as he passes along, the glassy-eyed images of pure white marble, seem to peer out at him from hundreds of cloister cells. Such a place is surely without a match in the world : and there is a cleanliness withal about every square and passage, porch and hall, that is itself no mean source of pleasure. The silence too, except at festival seasons, is striking; now and then in the morning you hear a bell for a few seconds, or the beating of a drum for a short a time, and on holidays, chaunts from the larger temples meet your ear, but generally during the after part of the day the only sounds are those of vast flocks of pigeons that rush about spasmodically from the roof of one temple to that of another. Parroquets and squirrels, doves and ringdoves, and peacock are occasionally met with on the outer walls.

—Satrunjaya And Its Temples, pp. 18-19.

૩૪. These tops, with the intervening valley, now covered with hundreds of temples of all sizes and designs, might almost be described as a sacred city in mid air. ... ... The one thing that removes this collection of temples from others of its kind, as found in the cities of the plains, is the total absence of dwellings of any kind, not only among the temples but anywhere upon the hill. Everyday life, which is so wedded to all collections of sacred buildings

in and about the towns, is here conspicuous by its absence; and this it is, together with its thoroughly isolated position among the clouds, that at once gives it that charm and mysterious air which is so peculiarly its own. Tennyson might almost have had it in mind when he wrote :

> 'And I rodo on and found a mighty hill,
> And on the top a city walled : the spires
> Prick'd with incredible pinnacles into heaven.'

—Archaeological Survey of India, ( Somanatha and other mediaeval Temples in Kathiawad ) ( Ed. 1931 ) pp. 73-74.

## ૬

# શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની પ્રાચીનતા

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી એ અખિલ–ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રીસંઘની પ્રતિનિધિ સંસ્થા છે. એનું નામ કોઈ વ્યક્તિવિશેષના નામ ઉપરથી નથી પડ્યું, પણ શ્રીસંઘનું નામ અને કામ સદા આનંદકારી અને કલ્યાણકારી જ હોય, એવી ભાવનાને ધ્યાનમાં લઈને, 'આનંદ' અને 'કલ્યાણ' એ બે શુભસૂચક ભાવાત્મક શબ્દોના જોડાણથી યોજવામાં આવ્યું છે.[૧]

પેઢી સંબંધી માહિતી ધરાવતી સાહિત્યિક તથા બીજી જે કંઈ સામગ્રી અત્યારે ઉપલબ્ધ છે, તે તપાસતાં આવું નામકરણ કોણે, ક્યારે કર્યું હતું, અર્થાત્ આ નામ કોણે સૂચવ્યું હતું અને ક્યારે સૂચવ્યું હતું અને એની શરૂઆત કયા શહેરની શ્રીસંઘની પેઢી તરીકે થઈ હતી, એની આધારભૂત માહિતી મળી શકી નથી. આમ છતાં, આ બાબતમાં કંઈક એવું અનુમાન જરૂર કરી શકાય એમ છે કે, અમુક આચાર્ય મહારાજ કે સાધુ-મુનિરાજોની ભલામણથી અથવા જૈનપુરી શ્રી રાજનગર–અમદાવાદના શ્રીસંઘના અગ્રણીઓએ અંદરોઅંદર વિચારણા કરીને, અમદાવાદના જૈન સંઘની પેઢીને માટે આવા, સમય જતાં ખૂબ લોકપ્રિય થયેલા, નામનો સ્વીકાર કર્યો હોવો જોઈએ. આ નામ આશરે અઢીસો વર્ષ જેટલું પ્રાચીન તો છે જ, એમ આધારભૂત રીતે કહી શકાય એવી પુરાવારૂપ સામગ્રી ઉપલબ્ધ થઈ છે, જેનો નિર્દેશ આગળ કરવામાં આવશે.

આ નામ શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં કેટલું લોકપ્રિય થઈ પડ્યું છે, તે બે બાબતો ઉપરથી પણ જાણી શકાય છે. એક તો શ્રીસંઘના હિતને સ્પર્શતો કોઈ પણ ધાર્મિક પ્રશ્ન ઉપસ્થિત થાય છે, ત્યારે શ્રીસંઘનો ખ્યાલ, સૌથી પહેલાં, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફ જાય છે; અને, મોટે ભાગે, પેઢીની દોરવણી મુજબ જ એ અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે—પેઢીએ એની, અઢીસો વર્ષ કરતાં પણ વધુ લાંબા સમયપટને સ્પર્શતી, તીર્થરક્ષા અને સંઘરક્ષાની અખંડ તેમ જ શાણપણ અને દીર્ઘદૃષ્ટિ-ભરી કાર્યવાહીથી શ્રીસંઘના અંતરમાં આવું આદરભર્યું સ્થાન મેળવ્યું છે.[૨]

આ નામ શ્રીસંઘમાં વિશેષ આવકારને પાત્ર બન્યું, એનો બીજો બોલતો પુરાવો એ છે કે, કેટલાંક શહેરોના સંઘોએ, પોતાના સંઘની પેઢીનું, સમસ્ત શ્રીસંઘનું પ્રતિનિધિત્વ ધરાવતી શેઠ આણંદજી કલ્યાણજીની મુખ્ય પેઢીની શાખા તરીકે એની સાથે જોડાણ કર્યું નહીં હોવા છતાં, પોતાના શહેરની શ્રીસંઘની પેઢીનું નામ 'શેઠ આણંદજી કલ્યાણજીની

પેઢી ' જ રાખ્યું છે. દાખલા તરીકે, સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, વઢવાણ શહેર, જોરાવરનગર, ધ્રાંગધ્રા, લીંબડી, બોટાદ શ્રીસંઘની પેઢીનું નામ તેમ જ ગુજરાતમાં વિરમગામ, ઉપરિયાળા તીર્થ વગેરે સ્થાનોના સંઘોની પેઢીનું અને રાજસ્થાનમાં કાપરડાજીની પેઢીનું નામ પણ શેઠ આણંદજી કલ્યાણજી જ રાખવામાં આવેલ છે; અને કોઈ કોઈ સ્થાનના શ્રીસંઘની આ નામની પેઢી તો સો-સવાસો વર્ષ કરતાં પણ વધારે જૂની છે.

વળી, કોઈ કોઈ તીર્થસ્થાનનો વહીવટ સંભાળતી પેઢીનું નામ આ આખા નામમાંથી અમુક અંશ લઈને પાડવામાં આવ્યું હોવાના દાખલા પણ મળે છે; જેમ કે, વિખ્યાત આબુ તીર્થનો વહીવટ કરતી પેઢીનું નામ શ્રી કલ્યાણજી પરમાનંદજી અને કચ્છના સુપ્રસિદ્ધ શ્રી ભદ્રેશ્વર-વસઈ તીર્થનો વહીવટ સંભાળતી પેઢીનું નામ વર્ધમાન કલ્યાણજી રાખવામાં આવ્યું છે.

એમ લાગે છે કે, ' શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ' એ નામ કોઈક એવા શુભ ચોઘડિયે સૂચવવામાં કે રાખવામાં આવ્યું હતું કે, જેથી એ જેમ લોહચાહનાનું વધુ ને વધુ અધિકારી બન્યું, તેમ શ્રીસંઘના વ્યાપક વહીવટનું પ્રતીક બનવાની સાથે સાથે ચિરસ્મરણીય પણ બની શક્યું.

આ નામની શરૂઆત અમદાવાદ શહેરના શ્રીસંઘની પેઢીથી થઈ હોવી જોઈએ અને એ નામ આશરે અઢીસો વર્ષ જેટલું જૂનું છે, એ હકીકત નીચેના આધારોથી પુરવાર થઈ શકે છે—

પેઢીએ પોતાનું જે દફતર સાચવી રાખ્યું છે, તેને જંગી કહેવું પડે એટલું વિશાળ છે. આમાં આશરે સાડાત્રણસો વર્ષ જેટલા જૂના દસ્તાવેજોથી લઈને છેક વર્તમાન સમયના દસ્તાવેજોનો, હિસાબના અઢીસો વર્ષ જેટલા જૂના ચોપડાઓનો, દોઢસો વર્ષ જેટલી જૂની ફાઈલોનો અને વહીવટદાર પ્રતિનિધિઓની મીટિંગો તથા સ્થાનિક પ્રતિનિધિઓની સભાઓનાં એકસો વર્ષ જેટલા જૂના પ્રોસિડિંગ (કાર્યવાહી)નાં રજિસ્ટરોનો સમાવેશ થાય છે. વળી આ સામગ્રી જેમ વિપુલ છે, તેમ એની સાચવણી એકંદરે વ્યવસ્થિત કહી શકાય એવી છે. આટલી વિપુલ સામગ્રીને વ્યવસ્થિત રીતે સાચવી રાખવાનું કાર્ય કંઈ જેવું તેવું ન ગણાય. આ દફતર કેટલું વ્યવસ્થિત છે, તે એક જ દાખલા ઉપરથી પણ જાણી શકાય એમ છે: ક્યારેક જરૂર પડી ત્યારે, ગિરિરાજ શત્રુંજય ઉપરની સવા સોમજીની ચોમુખજીની ટૂકને લગતા અમુક હિસાબનો વિ૰ સં૰ ૧૭૮૭થી તે વિ૰ સં૰ ૧૮૯૦ સુધીનો–૧૦૩ વર્ષનો–ઉતારો તૈયાર કરવામાં આવ્યો હતો, જે પેઢીના દફતરમાં અત્યારે પણ મોજૂદ છે.[૩]

ઉપર સૂચવ્યું તેમ, પેઢી પાસે અઢીસો વર્ષના જે હિસાબી ચોપડા સચવાયેલા છે, તેમાં સૌથી જૂનો ચોપડો પાલીતાણાના પોટલા નં. ૧ માંનો ૧ નંબરનો ચોપડો છે; અને તે ગિરિરાજ શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ સંભાળતી પાલીતાણાની પેઢીનો અર્થાત્ કારખાનાનો છે, એમ એના ઉપર ચોડેલ ચિઠ્ઠી ઉપરથી જાણી શકાય છે. તીર્થ-સ્થાનનો વહીવટ સંભાળતી પેઢીને શ્રીસંઘ મોટે ભાગે, 'કારખાના'ના નામથી ઓળખે છે, તે સુવિદિત છે; અને આ પ્રથા આજે પણ ક્યાંક ક્યાંક જોવામાં આવે છે. આ ચોપડો વિ૦ સં૦ ૧૭૭૭ તથા ૭૮ ની સાલનો રોજમેળ છે; અને એનાં ૭૪ થી ૨૧૩ સુધીનાં પાનાં જ બચ્યાં છે. અને એમાં વિ૦ સં૦ ૧૭૭૭ના માહ સુદિ ૧૫ થી વિ૦ સં૦ ૧૭૭૭ ના અષાડ સુદિ ૧ સુધીનું તથા પાના ૨૦૫ થી વિ૦ સં૦ ૧૭૭૮ ના અષાડ સુદિ ૨ થી (પાના ૨૧૩ સુધીમાં) વિ૦ સં૦ ૧૭૭૮ ના અષાડ સુદિ ૯ સુધીનું નામું લખવામાં આવ્યું છે. આ ચોપડામાં નોંધ્યા મુજબ, એ વખતમાં, નવું વર્ષ કારતક સુદિ ૧ થી નહીં પણ અષાડ સુદિ બીજથી શરૂ કરવામાં આવતું હતું, એમ જાણવા મળે છે.[૪]

આ એક નંબરના પોટલામાંનો બે નંબરનો ચોપડો વિ૦ સં૦ ૧૭૮૧થી ૧૭૮૪ સુધીના આવરાનો છે. એમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના નામે કોઈ રકમ જમે કે ઉધાર કરેલી જોવા ન મળી; પણ એ ચોપડા ઉપર, એની ઓળખાણ માટે, જે ચિઠ્ઠી ચોડવામાં આવેલ છે, એના ઉપર ઝીણા અક્ષરોમાં 'શેઠ આણંદજી કલ્યાણજી' એવું નામ લખેલું છે. આ અક્ષરો, આ ચોપડામાંના અક્ષરોથી તેમ જ તે વખતના ચાલુ અક્ષરોથી મરોડમાં જુદા પડે છે, અને પાછળના સમયના હોય એમ લાગે છે. આમ છતાં આ ચિઠ્ઠીમાંના પેઢીના નામનું સૂચન કરતા લખાણ ઉપરથી તેમ જ ખાસ કરીને ચોપડાંઓની વર્ષવાર અને શાખાવાર યાદી જે રજિસ્ટરમાં આપવામાં આવી છે, તે ઉપરથી પણ આ ચોપડો પાલીતાણાનો છે એમ નક્કી થઈ શકે છે.

## સૌથી જૂનો પુરાવો

આ પોટલામાંનો ૩ નંબરનો ચોપડો વિ૦ સં૦ ૧૭૮૭ની સાલનો રોજમેળ છે. પણ એનાં ૮૬ થી ૯૭ અને ૧૮૬ થી ૧૯૭ સુધીનાં પાનાં જ સચવાયાં છે; તે સિવાય-નાં પાનાં ગૂમ થઈ ગયાં છે. પણ આ રીતે અધૂરા સચવાયેલ ચોપડાના ૮૬, ૮૮, ૯૦, ૯૬ તથા ૧૯૪ –એ પાનાંઓમાં 'શેઠ અણદજી કલણ' ના નામે રકમ જમે કે ઉધાર કરેલી જોવામાં આવે છે. આ રીતે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું નામ સૌથી પહેલાં આ ચોપડામાં નોંધેલું મળે છે.

આ પોટલામાંનો ૪ નંબરનો ચોપડો વિ૦ સં૦ ૧૭૮૭ની સાલનો આવરો છે; અને એમાં પણ અનેક પાનાંઓમાં 'શેઠ આણદજી કલાણ "ના નામે રકમો જમે કે

ઉધાર કરવામાં આવી છે. આ આવરાની ખતવણી આ એક નંબરના પોટલામાંના સાતમા નંબરના ખાતાવહીના ચોપડામાં કરવામાં આવી છે. આ સાતમા નંબરના ખાતાવહીના ચોપડાના નવમા પાને એક ખાતું છે, તેને 'શેઠ આણદાજી કાલાણ ખાતુ શ્રી રાજનગરો' એવું નામ આપવામાં આવ્યું છે. રાજનગર એ જૈનપુરી અમદાવાદ શહેરનું સૂચન કરતું નામ છે એ જાણીતું છે; અને આવું નામ પડયું તેની પાછળનો ધ્વનિ 'શ્રી જૈન શાસનના સંઘનું પાટનગર' એવો કંઈક હોય એમ લાગે છે.[૫]

આ સાતમા નંબરના ચોપડામાંના આ ખાતા ઉપરથી એટલું નિર્વિવાદપણે નક્કી થાય છે કે, શેઠ આણંદજી કલ્યાણજીના નામની પેઢી શરૂઆતમાં અમદાવાદમાં કામ કરતી હતી; અને શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ કરતી પાલીતાણાની પેઢી સાથે એને સંબંધ હતો. જો પાલીતાણાની જેમ અમદાવાદ સંઘના પણ આ વર્ષના હિસાબના ચોપડા મળી શકયા હોત તો, આ બાબતની વધુ ચોકસાઈ થઈ શકી હોત; પણ એ ચોપડા નથી મળી શકયા તેથી પણ આ હકીકતમાં કશો ફરક પડતો નથી.

ઉપરાંત આ સાતમા નંબરના વિ૦ સં૦ ૧૭૮૭ની ખાતાવહીના ચોપડાના ચોથે પાને 'શ્રી રાજનગરા ખાતો શેઠ અકારો કાલાણ ખાતો' એ નામનું એક ખાતું છે; અને ચાર નંબરના વિ૦ સં૦ ૧૭૮૭ના આવરામાં જ્યાં જ્યાં આ ખાતાવહીમાં જમે કે ઉધાર કરેલી રકમો જમે કે ઉધાર કરવામાં આવી છે, ત્યાં આ ખાતાનું નામ 'શ્રી અમદાવાદ શેઠ અકારો કાલાણ ખાતો' એ પ્રમાણે નોંધવામાં આવ્યું છે. આ ઉપરથી પણ એ નક્કી થઈ શકે છે કે, 'રાજનગર' અને 'અમદાવાદ' એક જ શહેરનાં નામ છે; અને એક-બીજાના પર્યાય તરીકે પહેલાં પણ એનો ઉપયોગ થતો હતો અને અત્યારે પણ થાય છે.

વળી આ સાતમા નંબરના ખાતાવહીના ચોપડાના ૧૫મા પાને પણ 'શેઠ આણદાજી કાલણ' નામનું ખાતું છે. અને એમાં પહેલા નંબરના પોટલામાંના છ નંબરના વિ૦ સં૦ ૧૭૮૮ના રોજમેળમાં આ ખાતામાં જમે કે ઉધાર કરેલ રકમો ખતવવામાં આવી છે.

### વધુ પુરાવા

આ એક નંબરના પોટલામાંનો પાંચ નંબરનો ચોપડો વિ૦ સં૦ ૧૭૮૮ તથા ૧૭૮૯ની સાલનો આવરો છે. આ ચોપડામાં પણ, કેટલેક ઠેકાણે, શેઠ આણંદજી કલ્યાણજીના નામે રકમો જમે કે ઉધાર કરવામાં આવી છે; જુઓ પાના નંબર ૨, ૪૫, ૫૭–૬૦, ૬૫, ૬૮, ૮૪, ૮૫, ૮૮, ૮૯, ૯૯, ૧૧૩, ૧૪૬, ૧૪૭, ૩૦૯, ૩૫૩, ૪૪૬.[૬] આ ઉપરાંત જમે કે ઉધાર કરેલા બીજા કોઈ નામના ખાતાના પેટામાં અથવા એ ખાતાની વિગતમાં પણ, કેટલેક ઠેકાણે, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું નામ મળે છે; જુઓ પાના નંબર ૨૫, ૬૭, ૮૩, ૧૧૯, ૧૩૬, ૧૪૨, ૧૪૩, ૧૪૬, ૧૫૧, ૧૬૩,

૧૬૪, ૧૯૮. આમાં ૧૪૬મા પાને, જમેમાં બીજા ખાતાના પેટામાં પેઢીનું નામ અને ઉધારમાં પેઢીના નામનું ખાતું–એમ બન્ને પ્રકાર જોવા મળે છે.[૭]

પાલીતાણાના ચોપડાના બે નંબરના પોટલામાંનો એક નંબરનો ચોપડો વિ૦ સં૦ ૧૭૯૧ની સાલનો રોજમેળ છે. એમાં પણ શેઠ આણંદજી કલ્યાણજીના નામે રકમો જમે તથા ઉધાર કરેલી મળે છે.[૮] ઉપરાંત, આ ચોપડાના છેલ્લા પાને અમુક કડિયાએ શ્રી શત્રુંજય તીર્થમાં કંઈક કામ કરી આપવાનું રાખેલું, તેના કરારમાં શેઠ આણંદજી કલ્યાણજીનું, શેઠ મલૂકચંદ કસ્તુરચંદનું તથા શા મીઠા વિઠલદાસનું નામ આવે છે.

**એક સવાલ :** આ પોટલામાંનો બે નંબરનો ચોપડો વિ૦ સં૦ ૧૭૯૧ના એક નંબરના ચોપડાની ખાતાવહીનો છે. એના પહેલા પાને આ ચોપડો શ્રી સિદ્ધાચળજીના કારખાનાનો હોવાનું લખ્યું છે. આ ચોપડાના ૩૧૫મા પાને 'શેઠજી અણદજી કલણજી સુરત શ્રી........' નામના ખાતામાં કેટલીક રકમોની નોંધ કરેલી છે. આ ઉપરથી એવો પ્રશ્ન થાય છે કે, શું સુરતમાં આ નામની પેઢી હશે અથવા અમદાવાદની પેઢીની સુરતમાં શાખા હશે?

વળી, પહેલા પોટલામાંનો ૮ નંબરનો ચોપડો વિ૦ સં૦ ૧૭૯૦ની ખાતાવહી હોવાનું લખ્યું છે. આ ચોપડામાં પણ ખાસ નોંધપાત્ર બાબત એ છે કે, એના ૬૬મા પાને એક ખાતું 'શેઠ આણંદજી કલણજી'ના નામનું અને બીજું ખાતું 'બાબત શ્રી સુરતનું શેઠ અણદજી કલણ' એ નામનું છે. આ ઉપરથી સહેજે સવાલ થાય છે કે, શું એ વખતે સુરતમાં આ નામની કોઈ સંઘની પેઢી હશે? આ સવાલનો ખુલાસો મેળવવા સુરત પત્ર લખીને કેટલીક પૂછપરછ કરી હતી, પણ ત્યાંથી કશો ખુલાસો મેળવી શકાયો નથી.

## પાલીતાણાનો વહીવટ કયા નામથી ચાલતો હતો?

આ અરસામાં એટલે કે વિક્રમની અઢારમી સદીનાં છેલ્લાં ૨૦-૨૫ વર્ષ દરમિયાન શ્રી શત્રુંજય તીર્થનો કારોબાર પાલીતાણામાં કયા નામથી ચાલતો હશે?–એના ખુલાસારૂપે જે જૂનામાં જૂની માહિતી પેઢીના દફતરમાંથી મળે છે, તે પાલીતાણાના ચોપડાના એક નંબરના પોટલામાં જ સચવાયેલી છે, જે આ પ્રમાણે છે—

આ પોટલામાંનો પાંચમા નંબરનો ચોપડો વિ૦ સં૦ ૧૭૮૮ અને ૧૭૮૯નો આવરો છે. આ ચોપડાના પહેલા પાને આ ચોપડો કોનો છે, એ અંગે લખ્યું છે કે–"સંવત ૧૭૮૮ના વરખે સરવણ સુદ ૫, વરા શનેઉ, શ્રી સીધાચલજીની ચોપડી કરખનની." વળી એના ૮૫મા પાને, જ્યાં વિ૦ સં૦ ૧૭૮૯ની સાલ શરૂ થાય છે ત્યાં પણ, આ ચોપડો કોનો છે તે માટે આ પ્રમાણે લખાણ મૂકવામાં આવ્યું છે :

"સ્વાસ્તા શ્રી સંવત ૧૭૮૯ના વરખે મતી કરતગ શુદ ૧ વરા શનેઉ શ્રી સીધાચળજીના કારખનાની ચોપડી છે શ્રી રીખવદેવ પરભુજી."

આ પોટલામાંના આઠ નંબરના ચોપડાના ૨૭મે પાને વિ૦ સં૦ ૧૭૯૦ની સાલ શરૂ થાય છે, તેની શરૂઆતમાં લખવામાં આવ્યું છે કે–"સંવત ૧૭૯૦ના વરખે મતી કરતગ શુદ ૧ વારા શનેઉ શ્રી ગઉતમ સ્વમની લબધ શ્રી રીખવદવજી પરભુજી શ્રી સીધાચલજીના કારખનની ચોપડી."

## પાલીતાણામાં શેઠ આણંદજી કલ્યાણજીના નામની શરૂઆત

પાલીતાણામાં શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ સંભાળતા કારખાનાની કાર્યવાહી શેઠ આણંદજી કલ્યાણજીના નામથી ક્યારથી શરૂ થઈ, તેની તપાસ કરતાં પાલીતાણાના ચોપડાના છ નંબરના પોટલામાંના બે નંબરના વિ૦ સં૦ ૧૮૦૫ના રોજમેળના ચોપડાના પહેલે પાને તેમ જ ત્રણ નંબરના વિ૦ સં૦ ૧૮૦૫ની ખાતાવહીના ચોપડાના પણ પહેલે પાને ચોપડાની ઓળખને લગતું જે લખાણ આપવામાં આવ્યું છે, તેના ઉપરથી એટલું નક્કી થઈ શકે છે કે, વિ૦ સં૦ ૧૮૦૫ની સાલથી પાલીતાણામાં પણ શેઠ આણંદજી કલ્યાણજીનું નામ શરૂ થયું હતું. આ લખાણ આ પ્રમાણે છે: "શ્રી સંવાતા ૧૮૦૫ના કરતગ સુદ ૧ વારા ભુમો આ ચોપડા શ્રી સીધચાલાજીના કારખાનાનો છે શેઠજી આણાદજી કલાણાજી મારફતા દોસી સમાતાદાસ માલુકચંદની." વિ૦ સં૦ ૧૮૦૫ની ખાતાવહીના ત્રણ નંબરના ચોપડાના પહેલે પાને પણ આવું જ લખાણ છે.

પાલીતાણાના કારખાનાના ચોપડાઓમાં, અગાઉ જણાવ્યું તે મુજબ, જેમ રાજનગરના શેઠ આણંદજી કલ્યાણજીના નામનું ખાતું જૂનામાં જૂનું વિ૦ સં૦ ૧૭૮૭ના ચોપડામાં મળે છે, તેમ પાલીતાણાની પેઢીમાં શેઠ આણંદજી કલ્યાણજીનું નામ શરૂ થયું તેનો સૌથી જૂનો પુરાવો, ઉપર સૂચવેલ વિ૦ સં૦ ૧૮૦૫ના ચોપડામાં મળે છે. એટલે અમદાવાદ પછી ૧૮ વર્ષે પાલીતાણાના કારખાનાનો કારોબાર પણ શેઠ આણંદજી કલ્યાણજીના નામથી શરૂ થયો હતો એમ જાણી શકાય છે. આ લખાણમાં "મારફત દોસી સમાતાદાસ માલુકચંદ" એમ લખ્યું છે, એનો અર્થ શું સમજવો તેનો સ્પષ્ટ ખ્યાલ આવતો નથી; સંભવ છે, એ નામ, પેઢીનો વહીવટ જેમની દેખરેખ નીચે ચાલતો હોય એ સદ્‌ગૃહસ્થનું હોય. આમાં સમાતાદાસ લખ્યું છે તે સુમતિદાસ હશે એમ લાગે છે.

વિ૦ સં૦ ૧૮૦૬, ૧૮૦૭, ૧૮૦૮ અને ૧૮૦૯ની સાલના કોઈ કોઈ ચોપડામાં પણ ઉપર પ્રમાણે (શેઠજી આણંદજી કલ્યાણજી, મારફત સુમતિદાસ મુલકચંદ) નામ લખેલ છે.

પાલીતાણાના ચોપડાના ૧૧મા નંબરના પોટલામાંનો પહેલા નંબરનો ચોપડો વિ૦ સં૦ ૧૮૧૪ની સાલની ખાતાવહી છે. આ ચોપડાના ત્રીજા પાને અમુક વ્યક્તિઓએ પોતાની દુકાન રૂ. ૫૦) થી શેઠ આણંદજી કલ્યાણજીની પાસે ગીરો મૂક્યાનો પેઢીના નામે લખી આપેલ દસ્તાવેજ છે. આ દસ્તાવેજ વિ૦ સં૦ ૧૮૧૫ની સાલનો છે. આ દસ્તાવેજ ક્યા ગામનો છે તે એમાં નથી લખ્યું; પણ આ ચોપડો પાલીતાણાનો છે, એટલે એવું અનુમાન થઈ શકે કે, આ દસ્તાવેજ પાલીતાણાની કોઈ દુકાનને લગતો હશે. આ ઉપરથી એમ નક્કી થઈ શકે છે કે, આ અરસામાં પાલીતાણાનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીના નામથી થવા લાગ્યો હતો.

આ અગિયારમા પોટલામાંના નં. ૧/૧, નં. ૩ અને નં. ૪/૧ના ચોપડાના શરૂઆતના પાને "શ્રી સીધાચલજી કારખાનાના ચોપડો છે. મારફત શેઠ શ્રી આણદજી કલાણજી લી શાવક નાથુ જીવણદાસ તરફથી........" એવું કંઈક લખ્યું છે. આ નોંધમાં વહીવટ કરનારના નામની આગળ "મારફત" અને પાછળ "તરફથી" એમ બન્ને શબ્દો મૂકેલા છે. અહીં વહીવટ સંભાળનારનું નામ સુમતિદાસ મલૂકચંદના બદલે નાથુ જીવણદાસ કે એને મળતું આપ્યું છે, તેથી એમ લાગે છે કે આ પેઢીનો વહીવટ સંભાળનાર જ્યારે બદલાતા હશે ત્યારે એમનું નામ લખવામાં આવતું હશે.

પણ પાલીતાણાનો (શ્રી શત્રુંજય તીર્થનો) વહીવટ સંભાળનાર પેઢીનું આણંદજી કલ્યાણજીનું ચોખ્ખેચોખ્ખું, અર્થાત્ કોઈ પણ વ્યક્તિના નામ સાથે 'મારફત' કે 'તરફ' જેવા ઉલ્લેખ વગરનું, નામ આ પોટલાના ચાર નંબરના ચોપડાના પહેલે પાને લખેલું મળે છે, જે આ પ્રમાણે છે:

"શંવત ૧૮૧૫ના વરખે, શરાવણ સુદ ૭ વાર સોમે એ ચોપડો ખાતાનો શ્રી શીધાચળજીના ભંડારનો છે. નામ શેઠજી આણંદજી કલાણજીનું લખાઅ છે શ્રી પાલીતાણે લખો છે."

એ જ રીતે પાલીતાણાના પોટલા નં. ૨૪માના ચાર નંબરના ચોપડામાં, પૂજાના પહેલે પાને, લખ્યું છે કે, "શ્રી પલતણા શેઠશ્રી અણાદજી કલાણજીન ચપડો સંવત ૧૮૪૪ કરતગ સુદ ૧ વર શનેઉ"–આ રીતે આ ચોપડામાં પાલીતાણાની પેઢીનું નામ શેઠ આણંદજી કલ્યાણજીનું લખ્યું છે તે સ્પષ્ટ દેખાય છે. આ પોટલામાંના પાંચ નંબરના વિ૦ સં૦ ૧૮૪૩ની ખાતાવહીના ચોપડામાં પણ પૂજાના પાને ઉપર પ્રમાણે જ પેઢીનું નામ લખ્યું છે.

## તારણ

પાલીતાણાના ચોપડાઓમાં મળતી માહિતી ઉપરથી શેઠ આણંદજી કલ્યાણજીની

પેઢીના નામ અંગે તારણરૂપ જે નિર્ણય થઈ શકે છે, તે આ પ્રમાણે છે—

(૧) પાલીતાણાના વિ૦ સં૦ ૧૭૮૭ના ચોપડામાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું અમદાવાદનું નામ સૌથી પહેલું મળે છે.

(૨) શ્રી શત્રુંજય ગિરિરાજનો વહીવટ સંભાળતા પાલીતાણાના શ્રી સિદ્ધાચળજીના કારખાનાને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના નામથી ઓળખાવવાની શરૂઆત વિ૦ સં૦ ૧૮૦૫થી એટલે કે પાલીતાણાના ચોપડામાં અમદાવાદની આણંદજી કલ્યાણજીની પેઢીનું નામ જ્યારથી મળે છે, ત્યારથી ૧૮ વર્ષ પછી થઈ; પણ એમાં "મારફત કે તરફ અમુક વ્યક્તિ" એટલો વધારાનો ઉલ્લેખ કરવામાં આવતો હતો.

(૩) અને છેવટે, "મારફત કે તરફ અમુક વ્યક્તિ" એવા કોઈ પણ જાતના ઉલ્લેખ વગર, પાલીતાણાનો વહીવટ સંભાળનાર સંસ્થાનું શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી એવું ચોખ્ખે-ચોખ્ખું નામ, દસ વર્ષ પછી, વિ૦ સં૦ ૧૮૧૫ની સાલથી મળે છે.

આ પુરાવાને આધારે એમ પણ નક્કી કરી શકાય છે કે, અમદાવાદ સંઘની પેઢી શેઠ આણંદજી કલ્યાણજી નામથી વિ૦ સં૦ ૧૭૮૭ પહેલાં પણ કામ કરતી હતી. ખરેખર, આ નામ વિ૦ સં૦ ૧૭૮૭થી પણ કેટલું જૂનું હશે, એ નક્કી કરવા માટે બીજાં સાધનોની જરૂર રહે છે. પણ એવું કોઈ સાધન ન મળી આવે તોય આ નામ અઢીસો વર્ષ જેટલું પ્રાચીન તો છે જ, એ વાત નિર્વિવાદ છે.[૯]

શ્રી શત્રુંજય મહાતીર્થના ચોપડામાં સચવાયેલા આ પુરાવાઓનું મહત્ત્વ દસ્તાવેજી પુરાવા જેવું જ છે, એમાં શંકા નથી. વળી આ પુરાવાઓ ઉપરાંત બીજા પણ કેટલાક પુરાવાઓ એવા મળે છે કે જે, આ બાબતમાં, નક્કર દસ્તાવેજી પુરાવાઓની ગરજ સારે છે, જે આ પ્રમાણે છે—

## બીજા નક્કર પુરાવા

શ્રી સિદ્ધાચલજી તીર્થનો વહીવટ પાલીતાણામાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સંભાળતી હતી, એનો જૂનામાં જૂનો દસ્તાવેજી પુરાવો પાલીતાણાના દસ્તાવેજોમાંના સાત નંબરની ફાઈલમાંના બે દસ્તાવેજોરૂપે સચવાયેલો છે. આ બન્ને દસ્તાવેજો પાલીતાણાના દરબાર ગોહેલ ઉન્નડજી તથા કુંવર બાવાજીએ કરી આપ્યા છે, અને બન્નેમાં એમની સહીઓ છે. આમાંનો એક દસ્તાવેજ વિ૦ સં૦ ૧૮૩૩નો છે અને એની અંદર શેઠ આણંદજી કલ્યાણજીનું નામ છે. અને બીજો દસ્તાવેજ વિ૦ સં૦ ૧૮૬૯નો છે. અને એ શેઠ આણંદજી કલ્યાણજીને લખી આપેલો છે. આ દસ્તાવેજો શાને લગતા છે તે સમજાતું નથી, પણ આ દસ્તાવેજો ગમે તે બાબતના હોય, પણ અહીં મુખ્ય વાત લગભગ ૨૦૦ વર્ષ કરતાં પણ વધુ જૂના દસ્તાવેજોમાં શેઠ આણંદજી કલ્યાણજીનું નામ નોંધેલું મળે છે, એ છે.

આ ઉપરાંત અહીં આ બાબતમાં બીજા એક દસ્તાવેજનો પણ નિર્દેશ કરવા જેવો છે. આ દસ્તાવેજ સને ૧૮૨૧ એટલે કે વિ૦ સં૦ ૧૮૭૮નો છે. તે વખતના કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ આર. બાર્નવેલની દરમિયાનગીરીથી જૈન સંઘ અને પાલીતાણાના દરબાર વચ્ચે રખોપાની બાબતમાં એક કરાર થયો હતો, જે રખોપાને લગતો બીજો કરાર ગણાતો હતો. આ કરાર મુજબ જૈન સંઘે પાલીતાણાના દરબારને, દસ વર્ષ સુધી, દર વર્ષે રૂ. ૪૫૦૦) આપવાના હતા. આમાં રૂ. ૪૦૦૦) દરબારના, રૂ. ૨૫૦) રાજગોરના અને રૂ. ૨૫૦) ભાટસમસ્તના મળીને રૂ. ૪૫૦૦) નક્કી કર્યા હતા. જૈન સંઘની વતી આ કરારમાં શેઠ આણંદજી કલ્યાણજીને સામેલ કરવામાં આવેલ હતા. કરારની શરૂઆત આ પ્રમાણે થાય છે: "લી. ગોહેલ શ્રી કાંધાજી તા. કુંવર નોઘણજી જત શેઠ આણંદજી કલ્યાણજી રહેવાસી પાલીતાણા જત સાવકનો સંઘ તથા પરચૂરણ આદમી પાલીતાણે જાત્રાને આવે છે તે ઉપર અમારી રખોપાની લાગત છે."

આ પછી આ કરારની વિગતો આપવામાં આવી છે; પણ એની ચર્ચા અહીં નહીં કરતાં રખોપાના કરારોને લગતા દસમા પ્રકરણમાં કરવામાં આવી છે; અહીં તો એટલું જ જણાવવાનું છે કે, સને ૧૮૨૧ના આ કરારમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું પાલીતાણાના રહેવાસી તરીકે નામ આપવામાં આવ્યું છે. આ કરાર વિ૦ સં૦ ૧૮૭૮ના માગસર સુદિ ૧૫, તા. ૯-૧૨-૧૮૨૧ ના રોજ કરવામાં આવ્યો હતો. આ કરારનો અંગ્રેજી અનુવાદ "The Palitana Jain Case" નામે અંગ્રેજી પુસ્તકના ૧૧૧-૧૧૨મા પાને અને ગુજરાતી ભાષાનો મૂળ આખો કરાર, આ પુસ્તકનો ગુજરાતી અનુવાદ "પાલીતાણા જૈન પ્રકરણ" નામે બહાર પડ્યો છે, તેમાં આપવામાં આવ્યો છે. આ બન્ને પુસ્તકો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી પ્રગટ કરવામાં આવ્યાં છે.

આ કરારનો અસલ દસ્તાવેજ તથા, આ કરાર મુજબ, દરબારશ્રીને પૈસાની ચૂકવણી કરવામાં આવી તેની વિ૦ સં૦ ૧૯૧૬ની સાલ સુધીની પહોંચો પણ શેઠ આણંદજી કલ્યાણજીના નામની સચવાયેલી છે.

## પાલીતાણા રાજ્યના દફતરમાંથી મળતી માહિતી

શ્રી શત્રુંજય તીર્થ પાલીતાણા રાજ્યમાં આવેલું હતું અને પાલીતાણા રાજ્ય સાથે, એક યા બીજા કારણે, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને, પત્રવ્યવહારરૂપે, કોઈ મુદ્દા અંગે ફરિયાદરૂપે કે એવી જ કોઈ બાબતને કારણે, સતત સંપર્કમાં રહેવું પડતું હતું. એટલે જો જૂના પાલીતાણા રાજ્યનું દફતર જોવા મળી શકે તો એમાંથી પણ પેઢી કેટલી પ્રાચીન છે એના કેટલાક વધુ પુરાવા મળી શકે, પણ હવે એ બનવું અશકય નહીં તોપણ અતિ મુશ્કેલ તો છે જ. આમ છતાં, પાલીતાણાના ઠાકોર સાથે છેલ્લે છેલ્લે સને ૧૯૨૬ની

સાલમાં રખોપાની રકમનું જે સમાધાન થયું, તે પહેલાં જૈન સંઘની વાત સચોટ રીતે રજૂ કરવા માટે, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી, "The Palitana Jain Case" નામે અંગ્રેજીમાં અને "પાલીતાણા જૈન પ્રકરણ" નામે ગુજરાતીમાં પ્રગટ કરવામાં આવેલ પુસ્તકોમાં જે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી, તેમાં પાલીતાણા દરબાર તરફથી એક મુદ્દો એવો રજૂ કરવામાં આવ્યો હતો કે જે ઉપરથી પાલીતાણા રાજ્યના દફતરમાં વિ૦ સં૦ ૧૮૪૧ માં (સને ૧૭૮૫ માં) શેઠ આણંદજી કલ્યાણજીનું ખાતું લખેલું મળે છે.

પાલીતાણાના દરબાર તરફથી પોતાનો હક્ક સાબિત કરવા માટે જે દાખલાઓ રજૂ કરવામાં આવ્યા હતા, એમાં એક દાખલો આ રીતે ટાંકવામાં આવ્યો હતો—

"આ વાત નીચેની રકમો રજૂ કરીને બતાવે છે. પહેલું જૂના ચોપડામાં દાખલ કરેલી રકમો.

"[P] સંવત ૧૮૩૫–૧૮૪૬ ની ખરડા ખાતાવહીને ૫૮ મે પાને સંવત ૧૮૪૧ (સને ૧૭૮૫) નું આણંદજી કલ્યાણજીનું ખાતું.

"આ ખાતાને મથાળે 'પરતાપગઢ દેવાલીયાના જાત્રાળુ લોકો સંબંધી' એવું લખેલું છે અને ૨૧ દેહેરીઓની જામી ૮૦૦ ઉધારી છે.

"દેરી ૨૧ ના ચુકાવીને કર્યા છે." (પાનું ૩૧-૩૨)

જોકે દેરી માટે પોતાને ચૂકવવામાં આવેલ રકમની દરબારશ્રી તરફથી ઉપર મુજબ જે રજૂઆત કરવામાં આવેલી હતી, તે બાબત સાચી નહીં હોવાનું શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી, પોતાના જવાબમાં, જણાવવામાં આવ્યું હતું; તોપણ, આ બાબતના સાચા-ખોટાપણામાં ઊતર્યા વગર પણ, આ ઉતારા ઉપરથી એટલું તો નક્કી થઈ જ શકે છે કે, તે વખતે શેઠ આણંદજી કલ્યાણજીનું નામ પાલીતાણા દરબારના ચોપડામાં પણ નોંધાયેલું મળે છે, જે સને ૧૮૨૧ (વિ૦ સં૦ ૧૮૭૮) ના રખોપાના કરારમાંના પેઢીના નામોલ્લેખ કરતાં પણ જૂનું છે.

## છઠ્ઠા પ્રકરણની પાદનોંધો

૧. "The nominal plaintiff is Anandji Kallianji; but this is not the name of any person. It is the fictitious name (signifying joy and prosperity), of a firm, which is managed by the leaders of the Jain community in Western India, and which has been established for many years in order to carry on all matters of business connected with the temples sacred to the Jain Religion on the Shatrunjay Hill."

—E. T. Candy

Acting Judicial Assistant to the Political Agent in Kattywar
The Palitana Jain Case, p. 1.

અર્થાત્—"નામમાત્રના વાદી તરીકે આણંદજી કલ્યાણજીનું નામ છે; પરંતુ આ નામ કોઈ વ્યક્તિનું નથી; એ એક પેઢીનું કલ્પિત નામ છે (એ આનંદ અને આબાદીનું સૂચન કરે છે). એની સ્થાપના, ઘણાં વર્ષ પહેલાં, શત્રુંજય પર્વત ઉપરનાં જૈન મંદિરોના વહીવટને લગતી બધી બાબતોનું સંચાલન કરવા માટે, કરવામાં આવી હતી; અને એનો વહીવટ પશ્ચિમ ભારતના જૈન સમાજના અગ્રણીઓ સંભાળે છે."

—ઈ. ટી. કેન્ડી

કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટના એકટીંગ જ્યુડિશિયલ આસિસ્ટન્ટ,
ધી પાલીતાણા જૈન કેસ, પૃ૦ ૧.

૨. જ્યારે કોઈ પણ જૈન તીર્થ તેમ જ કોઈ પણ ગામ કે શહેરનું જિનમંદિર મુશ્કેલીમાં આવી પડતું, અને એવા વખતે એવી મુશ્કેલીનું નિવારણ કરવાનું કામ જે તે સ્થાનના જૈન સંઘને કપરું કે પોતાની શક્તિ બહારનું લાગતું, ત્યારે એનું ધ્યાન, મોટે ભાગે, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફ જતું હતું. રાજસ્થાનના આપણા જાણીતા તીર્થ ઘાણેરાવની નજીકમાં આવેલ ગઢબોળ ગામના જિનાલયની આશાતના દૂર કરાવીને અને એના ઉપર આવી પડેલ સંકટનું નિવારણ કરાવીને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ જે રીતે એનો જીર્ણોદ્ધાર કરાવી આપ્યો હતો, એ કથા આ વાતની સાક્ષીરૂપ બની રહે એવી છે. આ આખો પ્રસંગ પૂજ્ય મુનિરાજ શ્રી શીલચંદ્રવિજયજી મહારાજે લખેલ "શાસનસમ્રાટ" નામે પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના ચરિત્રમાં (પૃ૦ ૧૫૦-૧૫૨માં) વિસ્તારથી આપવામાં આવેલ છે; તે જાણવા જેવો હોવાથી અહીં એનો સાર આપવામાં આવે છે—

વિ૦ સં૦ ૧૯૬૭ની સાલની આ વાત છે. એક દિવસ તેરાપંથી મુનિઓ ગઢબોળ ગામમાં આવ્યા અને ત્યાંના જિનમંદિરમાં ઊતર્યા, એટલું જ નહીં, એમણે મૂર્તિ અને મૂર્તિપૂજાનો વિરોધ કરતી વાતો કહેવા માંડી; અને, જાણે આટલું ઓછું હોય એમ,

મૂર્તિમાં કશી શક્તિ નથી અથવા એ પોતાનો પણ બચાવ કરી શકતી નથી, એ બતાવવા તેઓએ મૂર્તિ ઉપર ખીલા સુધ્ધાં ઠોક્યા ! આ જોઈને ત્યાંના ધર્મશ્રદ્ધાવાન શ્વેતાંબર મૂર્તિ-પૂજક ભાઈઓના દુઃખનો પાર ન રહ્યો. પણ, એમની સંખ્યા અને શક્તિ ઓછી હોવાથી, તેઓ આવા અધાર્મિક કૃત્યની સામે પણ ન કંઈ પગલાં ભરી શક્યા, ન વિરોધ ઉઠાવી શક્યા !

પણ આ દુર્ઘટનાથી એમને એટલો ઊંડો આઘાત લાગ્યો હતો કે, એને માટે કંઈક પણ ઇલાજ કર્યા વગર એમને જંપ વળે એમ ન હતો. છેવટે એમણે પોતાના સંઘની આ દુઃખકહાની ઘાણેરાવ વગેરે ગામોના જૈન સંઘના અગ્રણીઓને કરી. ઘાણેરાવ સંઘના અગ્રણીઓને પણ આ વાત ખૂબ અસહ્ય લાગી, એટલે તેઓ ગઢબોળના સંઘના ભાઈઓની સાથે, આ વાતથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને માહિતગાર કરવા તેમ જ આ માટે પૂરતી સહાય મેળવવા, અમદાવાદ આવ્યા અને તરત જ પેઢીના બે અગ્રણીઓ શેઠશ્રી લાલભાઈ દલપતભાઈ તથા શેઠશ્રી મનસુખભાઈ ભગુભાઈને મળ્યા.

પણ એમની સાથેની વાતચીતથી એમને પૂરતો સંતોષ ન થયો તેથી તેમ જ આ ઘટનાની સામે સત્વર પગલાં ભરવામાં આવે એ આશયથી, એમણે પોતાના ગામના દેરાસરની વીતક-કથા પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજને વિસ્તારથી કહી અને આ માટે પૂરતી સહાય કરવા દર્દભરી વિનતિ કરી.

આ ઘટનાની વિગતો સાંભળીને આચાર્ય મહારાજ પણ ક્ષણભર જાણે સ્તબ્ધ બની ગયા : દેવાધિદેવના દેરાસર ઉપર આ કેવો કારમો સિતમ વરસી ગયો હતો ! એનું નિવારણ કરવાનો પ્રયાસ પળનાય વિલંબ વગર શરૂ કરવાનો એમણે નિશ્ચય કર્યો અને રાજસ્થાનથી આવેલા ભાઈઓને એવી હૈયાધારણ આપી કે જેથી એમનું દુભાયેલું ચિત્ત શાતા અનુભવી રહ્યું.

પછી આચાર્ય ભગવંતે શ્રી લાલભાઈ શેઠ તથા શ્રી મનસુખભાઈ શેઠ સાથે આ બાબત અંગે, ગંભીરપણે, વિચારણા કરીને આ માટે બાહોશ અને ધર્મની ઊંડી ધગશવાળા વકીલને મોકલવાની તથા બીજી પણ એવી પાકી ગોઠવણ કરી કે, છેવટે આ જિનાલયનો ઉદ્ધાર થયો, ગઢબોળના શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘને પૂરો ન્યાય મળ્યો અને, ગઢબોળ ગામ ઉદયપુર રાજ્યની હકૂમતમાં હોવાથી, ઉદયપુરના મહારાણા શ્રી ફતેહસિંહજીએ એવી રાજ-આજ્ઞા ફરમાવી કે, "કોઈ પણ તેરાપંથી શખ્સે મંદિરમાં પ્રવેશ કરવો નહીં; તેરાપંથી સાધુએ મંદિરમાં ઊતરવું નહીં. આ હુકમની વિરુદ્ધ જે વર્તશે તે રાજ્યનો ગુનેગાર ગણાશે અને તેને સખ્ત નશીયત કરવામાં આવશે."

શેઠ આણંદજી કલ્યાણની પેઢીએ જેમ ભૂતકાળમાં જિનમંદિર, તીર્થ અને ધર્મની રક્ષાની આવી કામગીરી બજાવી છે, તેમ વર્તમાન કાળમાં પણ આપણા તીર્થ, સંઘ અને ધર્મ ઉપર આવી પડતા આક્રમણ પ્રસંગે આપણા સંઘનું ધ્યાન મુખ્યત્વે પેઢી તરફ જાય છે; અને આવા સંકટના પ્રસંગે પેઢી તન-મન-ધનથી એનું નિવારણ કરવાના કામમાં લાગી જાય છે અને એમાં જરા પણ કચાશ રહેવા ન પામે એની પૂરી સાવધાની રાખે છે. આ કામ એ એવી અગમચેતી અને ઊંડી સૂઝ-સમજણપૂર્વક જ કરે છે, કે જેથી એને એમાં મોટે ભાગે સફળતા જ મળે છે, અને પાછા પડવાનો વખત જવલ્લે જ આવે છે.

૩. આ ઉતારાના મથાળાનું લખાણ આ પ્રમાણે છે—

"શ્રી પવિત્ર શેત્રુંજા ડુંગર ઉપર શ્રી. ચોમુકજીની ટુકમાં સ ૧૭૮૭થી સ. ૧૮૯૦ સુધીમાં રીપેર કામ કરેલ તેનાં ખાતા વીગેરે બાબત વાર નીચે મુજબ."

વિ૦ સં૦ ૧૭૮૭-૮૮ની સાલના નામાની નોંધ આ પ્રમાણે કરેલ છે—

"ખા. પા. ૫૦-૫૭. શ્રી. ચોમુકજીની ટુકના નવા દેરા ખાતે ૫૭ાા૭ાાા"

આ પછી વિ૦ સં૦ ૧૭૯૯ના ખર્ચનો જે ઉતારો આપ્યો છે, એની સાથેના લખાણ ઉપરથી એવું જાણવા મળે છે કે, ૧૦૩ વર્ષ જેટલા લાંબા સમયનો આ ઉતારો, વિ૦ સં૦ ૧૮૭૫ની સાલમાં "મોટા કેસ" નામે ઓળખાતા કોઈ કેસમાં રજૂ કરવા માટે તૈયાર કરવામાં આવ્યો હતો, જે આ પ્રમાણે છે—

"સં. ૧૭૯૯ ખા. પા. ૮. ગોખલા ખાતુ ૭૫|. આ. પા. ૨૪૧ મેં બાઇ મુલી દીવ બંદરની દેરડી. ૧| નવી કરાવી ચોમુખજી પાસે તે રકમ સં. ૧૮૭૫નાં **મોટા કેસમાં** રજુ થયેલ છે તથા. ૧૨૫| આ. પા. ૨૭૨મેં જમે કરેલ છે તે ઉપર પણ **મોટા કેસમાં** રજુ કર્યાની સહી છે."

એ જ રીતે વિ૦ સં૦ ૧૮૧૦નો ઉતારો આ પ્રમાણે લખ્યો છે—

"સં. ૧૮૧૦ ખા. પા. નથી. સવા સોમજીના ચોમુખ ખાતુ પરચુરણ રકમાં ૨૩૦૧ા શ્રી સવા સોમજીના ચોમુખ ખાતે. આ. પા. ૫૯ મેં સં. ૧૮૦૯ના આસો શુદ. ૯ થી સં. ૧૮૧૦ના ફાગણ વદ. ૨ સુધી કારીગર તથા માલીના ખર્ચના ઉધારેલા છે તે રકમ સં. ૧૮૭૫નાં **મોટા કેસમાં** રજુ કર્યાની સહી છે. તથા. ૧૫૩ા આ. પા. ૭૮ મેં સવા સોમજીના ચોમુખ ખતે સલાટ વીગેરેની મજુરીનાં ઉધારેલાં છે તે રકમ ઉપર પણ સં. ૧૮૭૫નાં **કેસમાં** રજુ કર્યાની સહી છે."

આ રીતે બીજાં કેટલાંક વર્ષોની રકમો પણ કેસમાં રજૂ કરવામાં આવ્યાનું લખ્યું છે; તો કેટલાંક વર્ષોની રકમો આ ઉતારામાં લખવામાં આવેલ હોવા છતાં એ કેસમાં રજૂ કરવામાં આવ્યા સંબંધી નોંધ કરવામાં આવી નથી.

આ ઉતારો વિ૦ સં૦ ૧૭૮૭ થી વિ૦ સં૦ ૧૮૯૦ સુધીનો હોવાનું એના મથાળે લખેલું હોવા છતાં, આમાં છેલ્લી રકમ વિ૦ સં૦ ૧૮૮૫ની સાલની આ પ્રમાણે ઉતારવામાં આવેલ છે—

"સં. ૧૮૮૫ ખા. પા. ૧૦૧. શ્રી ચોમુખજીના ઉતારાનું તળીયા ખાતું છે. ૧૦૧ા૧૧ાા ચોમુખજીના ઉતારાના તળીયા ખાતે. બાબતે ચોમુખજી મધે ગોઠીના ઉતારા પાસે તળીયું તેના ખર્ચનાં તે શ્રી કારખાનાં ખાતે ઉધાર."

આ લખાણમાં અમુક અમુક રકમો **મોટા કેસમાં** રજૂ કર્યાનું લખ્યું છે, તે ઉપરથી એમ લાગે છે કે તે વખતે કોઈ **કેસ** ઊભો થયો હશે. આ કેસ શી બાબતને લગતો હતો, તે જાણી શકાયું નથી.

૪. આ ચોપડાના ૨૦૩ પછીના (૨૦૪મા પાનાનો અંક લખવો રહી ગયો છે; અને તેની પછી ૨૦૫મું પાનું શરૂ થાય છે, એટલે આ અંક વગરનું પાનું ૨૦૪ જ સમજવાનું છે.) પાનામાં વિ૦ સં૦ ૧૭૭૭ના અષાડ સુદિ ૧નું નામું લખેલું છે. અને તે પછીના ૨૦૫મા પાને, અષાડ સુદિ ૨ને ગુરુવારે વિ૦ સં૦ ૧૭૭૮ની સાલ શરૂ થતું હોવાનું લખ્યું છે. આ લખાણ દુર્વાચ્ય અને અશુદ્ધ છે, એટલે એને ઉકેલવાનો પ્રયત્ન કરતાં, એ લખાણ કંઈક આ પ્રમાણે હોય એમ લાગે છે—

"સાવાતા ૧૭૭૮ના વારખે અસડી સુદ ૨ વારો ગારણિ, શ્રી ગતામા સામીની લાભધી, ધાના સાલીભાદારાના રધી, શ્રી કાવાના સેઠના ભાગ્ય, શ્રી બાહુબાલાની બળા, શ્રી ભરાતા ચાકારાવાધની પાદાવી (... ...લખાણ ઊકલતું નથી)...શ્રી ગડી પારાસાનાથ રખ૦ (... ...નથી ઊકલતું.)"

અત્યારે પણ કચ્છનું નવું વર્ષ અસાડી બીજે શરૂ થાય છે; ઉપરાંત હિંદુસ્તાનના જુદા જુદા પ્રદેશોમાં નવા વર્ષનો પ્રારંભ જુદી જુદી તિથિઓએ થાય છે, તે જાણીતું છે.

આની સાથે સાથે અહીં એ પણ નોંધવું જોઈએ કે, આ જ અરસાના કેટલાક ચોપડામાં નવું વર્ષ, અત્યારની જેમ, કારતક સુદિ એકમે પણ શરૂ થાય છે. દા૦ ત૦ પાલીતાણાના ચોપડાના પહેલા નંબરના પોટલામાંના પાંચમા નંબરના ચોપડાના ૮૫મે પાને વિ૦ સં૦ ૧૭૮૯ની સાલ કારતક સુદિ એકમે શરૂ થતું હોવાનું આ પ્રમાણે લખ્યું છે—

"૦°૦] ।। સ્વાસ્તા શ્રી સંવત ૧૭૮૯ના વરખે મતી કરતગ સુદ ૧ વરા શનેઉ શ્રી સીધાચલજીના કારખનાની ચોપડી છે શ્રી રીખવદવ પરભુજી."

૫. આ ચોપડાઓ ઉપરથી, એક બાબત એ પણ જાણવા મળે છે કે, એ વખતે ચલણી નાણું જામીનું હોવાથી નામામાં જે રકમો જમે કે ઉધાર કરવામાં આવતી તે જામીની સંખ્યાનું સૂચન કરતી. પછી જ્યારે રૂપિયાનું ચલણ શરૂ થયું ત્યારે પણ જ્યાં જ્યાં રૂપિયા જમે કે ઉધાર કરવામાં આવતા ત્યારે, એની વિગતની અંદર જેટલા રૂપિયા લખવામાં આવ્યા હોય તેથી અઢીગણી રકમ જમે કે ઉધાર કરવામાં આવતી. અને અઢી ગણી રકમનો આ આંકડો 'જામી'નું સૂચન કરતો. એમ લાગે છે કે, એ વખતે રૂપિયાની સાથે સાથે ચલણ તરીકે 'જામી'નો વ્યવહાર વધારે પ્રચલિત હશે.

દાખલા તરીકે આ પ્રકરણની ત્રીજી પાદનોંધમાં સવા સોમાની ટૂકના ૧૦૩ વર્ષના હિસાબના જે ઉતારાની વાત કરવામાં આવી છે, તેની સાથેના કાગળમાં, વિ૦ સં૦ ૧૮૪૩ના હિસાબમાં જમે કરેલ એક રકમનું નામું આ પ્રમાણે નાખવામાં આવ્યું છે—

જ

૩૧૨।। સા. વીમલચંદ રૂપચંદ સુરતના,
રો. પા. ૪૦. ૧૨૫] સવા સોમજીના
ચોમુકમાં ખરચવાને આપા છે. હ.
ગો. ભગવાનદાસ જીવણદાસને રોકડા
આપા છે. ખા. પા. ૩૪.

આમાં હિસાબની વિગતમાં ૧૨૫)ની રકમ લખી છે, તે રૂપિયા સમજવા, અને જમે ૩૧૨ાાની રકમ લખી છે તે ૧૨૫)ની અઢી ગણી રકમ જામી સમજવી. આ કાગળોમાં બધી રકમોનું નામું આ પ્રમાણે જ લખવામાં આવ્યું છે.

ઉપરાંત આ ચોપડાઓમાંના કેટલાક ચોપડાના મથાળે, જુદા જુદા રાજ્યના ચલણના હુંડિયામણ (Exchange)નો દર પણ નોંધવામાં આવેલો છે. દા૦ ત૦ પાલીતાણાના વિ૰ સં૦ ૧૮૪૨ની સાલ આસપાસના ચોપડાઓના મથાળે, રૂપિયો, જામી અને બીજા કોઈ નાણાના હુંડિયામણના દરમાં થતો ફેરફાર તિથિવાર નોંધવામાં આવેલ છે. પણ, આ રીતે જામી અને રૂપિયાના હુંડિયામણના દરમાં દરરોજ થોડો-ઘણો ફેરફાર થતો રહેતો હોવા છતાં, નામું તો ૧ રૂપિયાની ૨ાા જામીના હિસાબે જ લખવામાં આવતું હતું.

વળી, આ સમયમાં દેવદ્રવ્યની ઊપજ-ખર્ચની રકમ 'દેવદ્રવ્ય' કે 'ભંડાર' એ નામના ખાતામાં લખવાને બદલે 'દેવકા' નામના ખાતામાં જમે-ઉધાર કરવામાં આવતી હતી. આ 'દેવકા' શબ્દમાંના 'કા' અક્ષરને હિંદી ભાષાનો છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય ગણીએ તો 'દેવકા'નો અર્થ 'દેવનું' એવો થાય, એટલે કે એ ખાતાનું નામ 'દેવનું ખાતું' એમ સમજી શકાય. પાછળથી આ ખાતાનું નામું 'ભંડાર ખાતું' એ નામે લખવામાં આવેલું પેઢીના ચોપડા ઉપરથી જાણવા મળે છે.

૬. પાનું ૨—ઉધાર : ૩)પાાા શ્રી અણદજી કલણ
પાનું ૪૫—જમે : ૫) સેઠ અણદજી કલણ
પાનું ૬૫—ઉધાર : ૪ાા૧ા સેઠ અણદજી કલણ
પાનું ૬૮—જમે : ૨૭ાા શ્રી અણદજી કલણ
પાનું ૧૪૬—ઉધાર : ૨)૧ા શ્રી અણદજી કલણ
પાનું ૧૪૭—જમે : ૭)૯ા શેઠ અણદજી કલણના જમે

આ નામામાં હું ફક્ત રકમ તથા પેઢીનું નામ જ વાંચી શક્યો છું; તે સિવાય જમે કે ઉધાર કરવામાં આવેલ રકમની વિગત મારાથી વાંચી શકાઈ નથી; કારણ કે બોડિયા અક્ષરની લિપિ વાંચવાનો મને અભ્યાસ નથી. પણ મારા કામની દૃષ્ટિએ તો હું પેઢીનું નામ વાંચી શક્યો એટલું જ પૂરતું છે.

૭. પાનું ૮૩—જમે : ૨૩૬)૦ાા શ્રી દવકા ખાતે જમે

એના પેટામાં બીજી રકમો લખી છે, તેમાં—

૭ાા શ્રી અણદજી કલણ

પાનું ૧૧૯—જમે : ૨ાાપ સુખડીઆ રાઅચંદ (?)

એના પેટામાં બીજી રકમો લખી છે, તેમાં—

૦ાા૧ા શ્રી અણદજી કલણ

પાનું ૧૩૬—ઉધાર : ૨૧૦ાા૦ાા શ્રી સલટા અતમારામ રીખવ
આની વિગતમાં "રાખા શ્રી અણદજી કલણ" લખ્યું છે.

પાનું ૧૪૬—જમે : ૨) મીઆ અણુ બન મામુજીના જમે
એના પેટામાં બીજી રકમો લખી છે, તેમાં—
૦ાા૬ સેઠજી અણદજી કલણ

૮. પાનું ૬૧—ઉધાર : ૧૧ાા૨ા શેઠ અણદજી કલણ

પાનું ૧૯૧—જમે : ૨૦ાાા શ્રી અણદજી કલણના જમે

આ કરારનું લખાણ આ પ્રમાણે છે—

" ૦ ાા૭૪ાા સાવાત ૧૭૯૧ના વારઓ આસો સુદ ૭ વાર શુકરે શેઠ આણદાજી કલાણ તથા મલુકચંદ કસ્તુરચંદ તાથા સા. મીઠા વીઠલાદાસ લાખતગ કડીઆ શ્રી આમદાવાલા જતર (?) શ્રી શાતારજાના કારખના માયા કામ કરવના આવા તાનો માસારે આમો સારવા તેના પાસેથી ચુકાવી લીધો છે. પાટલા જેગુ રાધવજી પાસો રહીની (?) સાખ છે."

આ લખાણ બરાબર ઉકેલી શકાયું નથી. આ માટે જુઓ આની છબી.

૯. "શ્રી શત્રુંજય સૌરભ યાને શ્રી જિન તીર્થ દર્શન" નામે પુસ્તકમાં (પૃ૦ ૮૯-૯૦માં) પેઢીની શરૂઆત ક્યારે થઈ તે અંગે લખ્યું છે કે—

"શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીની શરૂઆત ઘણા લાંબા સમયથી ચાલતી આવે છે. લગભગ સોળમા સૈકાથી (અહીં સોળમા સૈકાને બદલે સત્તરમો સૈકો જોઈએ.) મોગલ મહાન બાદશાહ અકબરશાહના વખતથી શ્રીમદ્ તપાગચ્છાધિપતિ વિજયહીરસૂરીશ્વરજી જૈનાચાર્યની કૃપા વડે અમદાવાદના નગરશેઠના જ હસ્તકમાં ગુજરાતના પાંચ પહાડો–તીર્થો અને બંગાલમાં સમેતશિખરજી, સોરઠમાં ગીરનારજી તથા શ્રી શત્રુંજય મહાગીરિ આદિ પહાડો જૈનોના હોઈ જૈનોને જ સુપ્રત થયા. અને તેના સંરક્ષક તરીકે નગરશેઠ નીમાયા. તે જ વખતે નગરશેઠે સારા સારા ગૃહસ્થોની એક કમીટી દ્વારા એક પેઢી સ્થાપી, અને તેમનું નામ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી એવું રાખ્યું. તે પેઢીનું કામકાજ અત્યાર લગી સારા અને સંપૂર્ણ કાળજીપૂર્વક ચાલ્યું અને 'યથા નામા તથા ગુણા' એ કહેવત મુજબ તે નામ સાર્થક થયું."

આમાં "શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી" એ નામની પેઢીની સ્થાપના નગરશેઠે ( શ્રી શાંતિદાસ ઝવેરીએ) કરી હોવાનું લખ્યું છે, તે શા આધારે લખ્યું છે, તે નોંધવામાં આવ્યું હોત તો, પેઢીની સ્થાપના શ્રી શાંતિદાસ શેઠે, એમના વિ૦ સં૦ ૧૭૧૫માં થયેલ સ્વર્ગવાસ પહેલાં, કરી હતી એમ નિશ્ચિતરૂપે, અને પુરાવા સાથે, કહી શકાત. આમ છતાં નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીએ કરેલી જૈન શાસનની પ્રભાવના, રક્ષા અને અનેક પ્રકારની સેવાઓ

જોતાં, તેમ જ વિ૦ સં૦ ૧૭૦૭ની સાલમાં પાલીતાણા રાજ્યના, તે વખતે રાજ્યની રાજધાની ગારિયાધારમાં રહેતા, દરબાર સાથે, જૈન સંઘની વતી, પોતાના તેમ જ અમદાવાદના જ બે વીસા ઓસવાળ ભાઈઓ રત્ના અને સુરાના નામથી, ગિરિરાજ શત્રુંજય અને એના યાત્રિકોની સાચવણી માટે, કરેલ રખોપાનો પહેલો કરાર જોતાં, અમદાવાદના જૈન સંઘના આગેવાનો, અમદાવાદ સંઘની વતી અથવા અમદાવાદ સંઘના નામથી, શ્રી શત્રુંજય મહાતીર્થનો વહીવટ સંભાળતા હતા એ નિશ્ચિત છે; એટલે આ સંઘે "શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી" એ નામથી પોતાનો વહીવટ ક્યારથી શરૂ કર્યો એટલું જ ફક્ત નક્કી કરવાનું રહે છે. પણ આ પ્રકરણમાં આપવામાં આવેલ પુરાવા ઉપરથી એટલું તો પુરવાર થઈ જ ગયું છે કે, વિ૦ સં૦ ૧૭૮૭ની સાલમાં અમદાવાદ–રાજનગરના જૈન સંઘની પેઢીનું નામ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી—એવું હતું જ.

### એક ભૂલસુધાર

સને ૧૯૬૦માં, ભારત સરકારના કાયદા ખાતાએ હિંદુ ધર્માદા ખાતાંઓની (ધી હિન્દુ રિલિજિયસ એન્ડાઉમેન્ટસની) કામગીરીની તપાસ કરીને એમાં સુધારા સૂચવવા માટે એક કમીશન નીમ્યું હતું. આમાં જૈનોનાં ધર્માદા ખાતાંઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. એ કમીશન એક ચેરમેન અને બીજા પાંચ મેમ્બરો એમ છ વ્યક્તિઓનું બનેલું હતું. અને એના ચેરમેનપદે ડૉ. સી. પી. રામસ્વામી અય્યરની નિમણૂક કરવામાં આવી હતી.

આ કમીશને પોતાની કામગીરીનો જે અહેવાલ સને ૧૯૬૨માં "રિપોર્ટ ઓફ ધી હિંદુ રિલિજિયસ એન્ડાઉમેન્ટસ કમીશન (૧૯૬૦-૧૯૬૨)" નામે તૈયાર કર્યો હતો, તેમાં (પૃ૦ ૧૦૭માં) શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની સ્થાપના ૮૦ કે ૯૦ વર્ષ અગાઉ થઈ હોવાનો નિર્દેશ કરતાં લખ્યું હતું કે—

"Sheth Anandji Kalianji, Ahmedabad, is a very important Jain institution and it came into existence 80 or 90 years ago."

અર્થાત્—"અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજી એ એક બહુ જ મહત્ત્વની જૈન સંસ્થા છે; અને એ ૮૦ કે ૯૦ વર્ષ પહેલાં અસ્તિત્વમાં આવી હતી." (એટલે કે પેઢીની સ્થાપના ૮૦ કે ૯૦ વર્ષ પહેલાં કરવામાં આવી હતી.)

સને ૧૯૬૦ની સાલથી ૮૦ થી ૯૦ વર્ષ પહેલાંનો સમય એટલે ૧૮૮૦ થી ૧૮૭૦નો સમય. આ વર્ષમાં પેઢીની સ્થાપના નહોતી કરવામાં આવી, પણ સને ૧૮૮૦ની સાલમાં, નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈની આગેવાની નીચે, દેશભરના સંઘોના પ્રતિનિધિઓની હાજરીમાં, અમદાવાદમાં, કેવળ પેઢીનું કાયદેસરનું બંધારણ જ ઘડવામાં આવ્યું હતું. મતલબ કે, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તો તે પહેલાં જ (આશરે દોઢસો વર્ષ પહેલાં જ) સ્થપાઈ ચૂકી હતી. આની વિગતો આ પુસ્તકના આ પ્રકરણમાં (પૃ૦ ૧૦૬ વગેરેમાં) જ વિસ્તારથી આપવામાં આવી છે.

આ ઉપરથી જોઈ શકાય છે કે, આ કમીશનના સને ૧૯૬૦-૬૨ના રિપોર્ટમાં પેઢીની સ્થાપના ૮૦ થી ૯૦ વર્ષ પહેલાં થયાનું લખ્યું છે, તે ભૂલ છે. ખરી રીતે એ સમય (સન ૧૮૮૦ની સાલ) પેઢીની સ્થાપનાના વર્ષનું નહીં પણ પેઢીનું પહેલું બંધારણ ઘડાયું તે વર્ષનું જ સૂચન કરે છે.

૭

# પેઢીના કાર્યક્ષેત્રની રૂપરેખા

આમ જોઈએ તો, પેઢીનું કાર્યક્ષેત્ર મુખ્યત્વે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘનાં પવિત્ર તીર્થસ્થાનો, જિનમંદિરો તથા જિનબિંબોની સાચવણી કરવાનું, એને લગતાં હક્કોની જાળવણી કરવાનું અને એ માટે સતત જાગ્રત રહેવાનું ગણાય. આથી આગળ વધીને, ટૂંકમાં કહેવું હોય તો, એમ કહી શકાય કે જૈન શાસનનાં સાતે ક્ષેત્રોના યોગ-ક્ષેમની રક્ષા માટે નિરંતર જાગ્રત અને પ્રયત્નશીલ રહેવું એ પેઢીની મુખ્ય કામગીરી છે.

આ સાત ક્ષેત્ર એટલે પવિત્ર તીર્થસ્થાનો સહિત નાનાં-મોટાં સઘળાં જિનમંદિરો, જિનપ્રતિમાઓ, જિનેશ્વરદેવની વાણી (એટલે કે પંચાંગીયુક્ત આપણાં પવિત્ર આગમ-સૂત્રો તથા બધાં ધર્મશાસ્ત્રો), ઉપરાંત પૂજ્ય શ્રમણસંઘ, પૂજ્ય શ્રમણીસંઘ, શ્રાવક (શ્રમણોપાસક) સંઘ અને શ્રાવિકા (શ્રમણોપાસિકા) સંઘરૂપ ચતુર્વિધ શ્રીસંઘ. આ સાતે ક્ષેત્રો ઉદ્યોતકર, શક્તિસંપન્ન અને પ્રભાવશાળી હોય તો જૈન શાસનની પ્રભાવના થઈ શકે —આ સાતે ક્ષેત્રોની રક્ષા કરવાની ભાવના અને આજ્ઞા પાછળનો મુખ્ય હેતુ આ છે. અને તેથી એની રક્ષાને ધર્મકૃત્ય લેખવામાં આવ્યું છે. એટલે પેઢીની કામગીરીમાં એનો આપમેળે જ સમાવેશ થઈ જાય છે.

આ દૃષ્ટિએ પેઢીના કાર્યક્ષેત્રનો વિચાર કરીએ તો, સાત ક્ષેત્રોની રક્ષા અને વૃદ્ધિ માટેના દરેક પ્રકારના પ્રયત્નમાં એનો સમાવેશ થઈ જતો હોવાથી એ અંગે વિશેષ જાણવાનું કે કહેવાનું ભાગ્યે જ રહે છે. પણ પેઢીના કાર્યક્ષેત્રની અને એની અનેક પ્રકાર-ની કામગીરીની વિગતોનું ધ્યાનથી અવલોકન કરવામાં આવે તો વસ્તુસ્થિતિ આથી કંઈક જુદી જ—એટલે કે પેઢીનું કાર્યક્ષેત્ર બહુ વિસ્તૃત અને વિવિધલક્ષી હતું એમ જ—જાણવા મળે છે.

જો પેઢીના કાર્યક્ષેત્રની વિશાળતા અને વિવિધતાને ધ્યાનમાં લઈને કહેવું હોય તો, અતિશયોક્તિનો જરા પણ દોષ વહોર્યા વગર, વિના સંકોચે, એમ કહી શકાય કે પેઢીનો વહીવટ એક રજવાડાના વહીવટ જેવો વિશાળ છે, અને એમાં અનેક પ્રકારની અટપટી કામગીરીનો સમાવેશ થાય છે. પણ એમાં વિશેષતા એ છે કે, રાજ્યનો વહીવટ સત્તાના બળે ચલાવવાનો હોય છે, ત્યારે પેઢી જેવી સંઘની ધાર્મિક સંસ્થાના વહીવટનો પાયાનો હેતુ ધર્મની રક્ષા અને અભિવૃદ્ધિ કરવાનો હોવાથી, એ વહીવટ સત્તાને કેન્દ્રમાં રાખીને

નહીં પણ ધર્મભાવના અને પાપભીરુતા અથવા ભવભીરુતાને કેન્દ્રમાં રાખીને, વિવેક, શાણપણ તથા દૂરંદેશીપૂર્વક, કરવાનો હોય છે. અને તેથી આવી ધર્મની પેઢીના વહીવટની આધારશિલા પોતાનું તથા બીજાનું-એમ ઉભયનું કલ્યાણ સાધવાની ભાવના જ બની શકે છે. રાજસત્તા અને ધર્મસત્તા વચ્ચેનો આ તફાવત પાયાનો કહી શકાય એવો છે. અને તે એના વહીવટ અને વ્યવહારમાં છતો થાય તો જ એ વહીવટ પોતાના હેતુને અનુરૂપ થાય છે અને પોતાના હેતુને ન્યાય આપી શકે છે, એમ કહી શકાય. અને જ્યારે પણ ધર્મક્ષેત્રના વહીવટ પાછળની આ ભાવનામાં ઊણપ આવે છે, ત્યારે ધર્મરક્ષા અને ધર્મપ્રભાવનાના કાર્યમાં પણ ખામી આવ્યા વિના રહેતી નથી.

ત્યારે હવે, પેઢીનાં કામો તથા એના કાર્યક્ષેત્રની સવિસ્તર માહિતી આપતી વિગતોમાં ઊતરવાનું આગળ ઉપર રાખી, એની કેટલીક મુખ્ય મુખ્ય વિગતો જોઈએ.

## જિનમંદિરો તથા તીર્થક્ષેત્રો

પેઢીનું સૌથી પહેલું કામ શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘનાં જિનમંદિરો અને તીર્થક્ષેત્રોની રક્ષા કરવાનું, એના હક્કો સાચવવાનું અને એનો વહીવટ સંભાળવાનું છે. આ સાચવણી એવી રીતે કરવાની હોય છે કે, જેથી એ લાંબો વખત ટકી રહે, કોઈ પણ કારણે એને કોઈ પણ જાતનું નુકસાન થયું હોય તો તરત જ એને સમું કરાવી લેવામાં આવે, અને એને લગતા જે કંઈ હક્કો મળેલા હોય તેનું બરાબર પાલન તથા જતન થતું રહે. વળી, એનો વહીવટ સંભાળવામાં ભાવિક જનોને દર્શન-પૂજનમાં કોઈ પણ જાતની તકલીફ ન પડે, બધાં કાર્યો નિયમસર અને કોઈ પણ જાતના વિક્ષેપ વગર થતાં રહે અને તીર્થક્ષેત્રો અને જિનમંદિરોમાં દાખલારૂપ સ્વચ્છતા સચવાઈ રહે એવી કામગીરીનો પણ સમાવેશ થાય છે.

આવા પ્રકારની કામગીરીમાં તીર્થો કે જિનમંદિરોના હક્કોની સાચવણી કરવાનું કામ ખૂબ દૂરંદેશી, કુનેહ અને ધર્મનિષ્ઠા માગી લે એવું હોય છે. સ્વરાજ્ય મળ્યા પહેલાં (સને ૧૯૪૭ પહેલાં) જૈન સંઘનાં અનેક તીર્થો, બ્રિટિશ હકૂમતના પ્રદેશો ઉપરાંત, ભારતનાં જુદાં જુદાં દેશી રાજ્યોમાં પણ આવેલાં હતાં; અને તેને લીધે એવાં રાજ્યો સાથે તીર્થસ્થાનો અથવા યાત્રિકોની સારસંભાળ નિમિત્તે, અવારનવાર, ઘર્ષણમાં ઊતરવાના પ્રસંગો પણ ઊભા થતા રહેતા હતા. આવા વખતે પૂરેપૂરી મક્કમતા, સમજ, વિવેક અને નમ્રતાની સાથે નીડરતાથી કામ કરવું પડતું. તેમાંય તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તે વખતે પાલીતાણા રાજ્યમાં હોવાથી, રખોપા ઉપરાંત બીજાં સંખ્યાબંધ નાનાં-મોટાં અને સાચાં-ખોટાં કારણોને આગળ કરીને, પાલીતાણા રાજ્ય તરફથી જૈન સંઘની અનેક રૂપે કનડગત થતી રહેતી હતી.

ક્લેશ કે કનડગતના આવા પ્રસંગોએ તીર્થ અંગેના જૈન સંઘના હક્કોની જાળવણી માટે તેમ જ જાત્રાળુઓની રાજ્ય તરફથી કોઈ પણ જાતની પરેશાની ન થાય એ માટે, ભૂતકાળમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી જે કામગીરી બજાવવામાં આવી હતી, તે એની દૂરંદેશી, કાર્યકુશળતા અને તીર્થરક્ષા માટેની ધગશની સાક્ષી પૂરે છે. સ્વરાજ્ય મળ્યા પછી રાજ્યોનું વિલીનીકરણ થયું એટલે દેશી રાજ્યો સાથેનાં ઘર્ષણોનો તો કોઈ સવાલ રહ્યો જ નહીં, છતાં પણ, ક્યારેક ક્યારેક, આપણા પ્રાદેશિક રાજ્યો સાથે અને વિશેષે કરીને કેટલાંક તીર્થોની બાબતમાં શ્રી દિગંબર જૈન સંઘ સાથે ઘર્ષણમાં ઊતરવાના પ્રસંગો તો આવતા જ રહે છે. શ્રી સમ્મેતશિખર તીર્થને લગતા આપણા સંઘના હક્કો માટે તો બિહાર સરકાર સાથે પણ પેઢીને સંઘર્ષમાં ઊતરવું પડ્યું હતું.[૧] આવા વખતે આપણી વાતની કાયદેસર રીતે અને સચોટપણે રજૂઆત કરવાનું જરૂરી થઈ પડે છે. તેમાંય શ્રી દિગંબર જૈન સંઘ સાથેના પ્રસંગોમાં તો ઘણી જ તકેદારી અને મક્કમતા રાખવી પડે છે.

પોતાના વહીવટ નીચેનાં તીર્થો અને જિનમંદિરોના જીર્ણોદ્ધારનું કામ તો પેઢી સારી રીતે સંભાળે જ છે, ઉપરાંત દેશભરમાંથી જ્યાં ક્યાંયથી પણ પોતાને ત્યાંનાં જિન-મંદિરોના જીર્ણોદ્ધાર માટે સલાહ તથા સહાય માગવામાં આવે છે, તેના ઉપર પણ પેઢી પૂરેપૂરું લક્ષ આપે છે, અને એ માટે લાખો રૂપિયા ખર્ચે પણ છે.[૨]

એ જ રીતે ખાસ જરૂરિયાતવાળા સ્થળે, શ્રીસંઘની ધર્મભાવનાને ટકાવી રાખવા માટે, નવું જિનમંદિર બનાવવાની જરૂર જણાય તો, તે માટે પણ પેઢી તરફથી જરૂરી માર્ગદર્શન તેમ જ મદદ આપવામાં આવે છે.[૩]

તીર્થભૂમિની કે જિનમંદિરની આસાતના થાય કે શ્રીસંઘની લાગણી દુભાય એવો કોઈ પ્રસંગ, ક્યાંય પણ, ઊભો થાય તો, એનું સત્વર નિવારણ કરવાનાં પગલાં પણ પેઢી ભરે છે.[૪]

વળી એને, જિનમંદિરો તથા તીર્થસ્થાનોમાં, જ્યાં જરૂર હોય ત્યાં, પૂજા માટે કેસર, સુખડ, ફૂલ અને આંગીની સંતોષકારક વ્યવસ્થા કરી આપવી પડે છે, કીમતી આભૂષણો તથા ભારે આંગીઓની સાચવણી માટે તેમ જ એનો સરખી રીતે ઉપયોગ થતો રહે એ માટે ધ્યાન આપવું પડે છે, અને પોતા હસ્તકની જિનપ્રતિમા આપવા માટે નકરો નક્કી કરવો વગેરે કામો પણ કરવાં પડે છે.[૫]

જિનમંદિરો અને તીર્થક્ષેત્રોની સાચવણી તથા વ્યવસ્થાને લગતાં આવાં આવાં અનેક કાર્યો કરવા ઉપરાંત પેઢીએ ધર્મ અને સંઘને સ્પર્શતા અણધાર્યા આવી પડતા

પ્રશ્નોનો પણ તત્કાળ અને સમુચિત નિકાલ કરતાં રહેવું પડે છે, જે સતત જાગૃતિ અને કાર્યદક્ષતા માગી લે છે.[૬]

## જાત્રાળુઓની વ્યવસ્થા

ભાવનાશીલતા અને ધર્મરુચિથી પ્રેરાઈને પવિત્ર તીર્થભૂમિઓની યાત્રા કરવા આવનાર ભાઈઓ-બહેનો શાંતિથી રહી શકે, એમને પૂરતું રક્ષણ મળી રહે, એમની કોઈ પણ જાતની કનડગત થવા ન પામે અને તેઓ નિરાંતથી તેમ જ ઉલ્લાસથી, નિશ્ચિંત-પણે, તીર્થયાત્રાનો લાભ લઈ શકે એવી એમના રહેવા તથા જમવા વગેરેની વ્યવસ્થા કરવી એ પણ ધર્મનું તેમ જ ધર્મપ્રભાવનાનું જ કાર્ય છે, તેથી પેઢી ધર્મશાળાઓ અને ભોજનશાળાઓનો પોતે પ્રબંધ કરે છે અથવા સાધર્મિક-ભક્તિની ભાવનાથી પ્રેરાઈને બીજાઓ એવી ગોઠવણ કરે એ જુએ છે. તીર્થભૂમિઓમાં યાત્રિકોને માટે, આપણા સંઘ તરફથી, પૂજા-ભક્તિની ઉત્તમ વ્યવસ્થા કરવાની સાથે સાથે ધર્મશાળા અને ભોજનશાળાની જે ગોઠવણ કરવામાં આવે છે, તે આદર્શ અને ઇતર સમાજોમાં પ્રશંસા-પાત્ર બનેલી છે.[૭] એ જ રીતે તીર્થસ્થાનોમાં યાત્રિકોને ભાતું આપવાની ગોઠવણ પણ જૈન સંઘની આગવી વિશેષતા ગણાય છે. તેમાંય શ્રી શત્રુંજય તીર્થમાં ભાતું વહેંચવાની શ્રીસંઘનાં ભાઈઓ-બહેનોની ઉત્સુકતા તો, જેમ એક બાજુ એમની સહધર્મી-ભક્તિનું સૂચન કરે છે, તેમ બીજી બાજુ, એ પેઢી ઉપરના એમના ઇતબારને પણ દર્શાવે છે. ચોમાસા સિવાયના વખતમાં રોજ સેંકડો યાત્રિકો, આ ગોઠવણનો લાભ લે છે, જે યાત્રા કરીને થાકેલ ભાઈઓ-બહેનોને મોટી સહાયરૂપ થાય છે.[૮] શ્રી ગિરિરાજ શત્રુંજયની તળાટીમાં ભાતું આપવાની શરૂઆત ક્યારથી થઈ એની સવિસ્તર માહિતી પાંચમા પ્રકરણની ૨૮ નંબરની પાદનોંધ (પૃ૦ ૯૮)માં આપવામાં આવી છે.

અક્ષયતૃતીયાના પર્વ પ્રસંગે પાલીતાણામાં વર્ષીતપનાં ૧૨૦૦–૧૫૦૦ તપસ્વીઓ એકસાથે પારણાં કરે, એ માટે પેઢી તરફથી જે ગોઠવણ કરવામાં આવે છે, તે પણ એની કાર્યશક્તિ માટે માન ઉપજાવે એવી છે.

વળી, શ્રી શત્રુંજય, ગિરનાર જેવા પર્વત ઉપર વસેલાં તીર્થોમાં હજારો યાત્રિકો નહાઈને તીર્થંકર ભગવાનની સેવા-પૂજાનો લાભ લઈ શકે એવી પૂરતા ગરમ પાણીની ગોઠવણને, દુષ્કાળ જેવા વખતમાં પણ, ચાલુ રાખવી એ કંઈ નાનુંસૂનું કાર્ય ન ગણાય. એ કામ પણ સૌને સંતોષ થાય એ રીતે થતું રહે છે.[૯]

મતલબ કે, યાત્રાળુઓની દરેક પ્રકારની સગવડ સચવાય, એમની ધર્મભાવનાને પ્રોત્સાહન મળતું રહે અને સાથે સાથે ગિરિરાજની યાત્રાનો લાભ વધુમાં વધુ યાત્રિકો

લેવા પ્રેરાય એનું પેઢી હમેશાં ધ્યાન રાખે છે અને એ માટે જે કંઈ કરવું ઘટે તે સમયસર અને જરૂરી ખર્ચ કરીને કરે છે.

### જીવદયાનાં કામ

આમ તો જીવદયાનાં કાર્યો જૈનધર્મનાં પાયાનાં કાર્યો ગણાય છે, એટલે મૂંગાં પ્રાણીઓનો જીવ બચાવવો અને એના દુઃખ-દર્દનું નિવારણ કરવું, એ જૈન સંઘની અને એણે સ્થાપેલ સંસ્થાઓની પવિત્ર ફરજ ગણાય છે; એટલે પેઢી પણ આવું જીવદયાનું કામ કરે છે એ કહેવાની જરૂર નથી. આવી સંસ્થાઓને શ્રીસંઘમાંથી પૂરતી સહાય મળી રહે છે, તેથી આ કામ આ સંસ્થાઓ તથા પેઢી પૂરા ઉત્સાહથી કરે છે. અને જ્યારથી ભાવનગર રાજ્યે, પાંજરાપોળ સ્થાપીને જીવદયાનાં કામો કરવા માટે, છાપરિયાલી ગામ, એની ગામ અને સીમને લગતી કુલ હકૂમત સાથે, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને, શરૂઆતમાં વાર્ષિક રૂ. ૨૫૧)ના ઇજારાથી અને વિ૦ સં૦ ૧૯૦૮માં ભેટ આપ્યું, ત્યારથી તો પેઢીની જીવદયાને લગતી કામગીરી ઘણી વધી ગઈ છે.[૧૦] વિ૦ સં૦ ૧૯૦૫ની સાલમાં પેઢીએ ખોડાઢોરના ચરવા માટે જમીન વેચાણ લીધી હતી, તેનો દસ્તાવેજ પણ પેઢી પાસે છે.[૧૧]

આ માટે પાલીતાણામાં પણ પેઢી તરફથી એક પાંજરાપોળ ચલાવવામાં આવે છે.[૧૨] અને છાપરિયાળીમાં તો જીવદયાનું કામ ઘણા મોટા પાયા ઉપર સંભાળવામાં આવે છે. અને આ કામ સારી રીતે ચાલતું રહે એ માટે પૂરેપૂરી તકેદારી પણ રાખવામાં આવે છે.

આ કામ માટે છાપરિયાળીનું આખું ગામ, એની સીમ સાથે, પેઢીની હકૂમતમાં હોવાથી એની ખેડની ઊપજ પાંજરાપોળને મળે છે; અને એની સામે ખેડૂતોને તગાવી આપવાની, બિયારણ પૂરું પાડવાની, દુષ્કાળ જેવા વખતમાં મહેસૂલમાફી કે સહાય આપવાની, ક્યારેક પાણી માટે સવલત કરી આપવાની, ઢોરો માટે ઘાસચારો પૂરતા પ્રમાણમાં મળી રહે એવી, તો ક્યારેક તરતનાં જન્મેલાં બકરાં-ઘેટાંની અને કૂકડા-કબૂતર જેવાં પક્ષીઓની સંભાળ રાખવાની અને મરેલાં ઢોરોને જ્યાં દાટવામાં આવે છે, તે ભામનો ઇજારો આપીને પૈસા ઉપજાવવાની—એમ એકાદ નાના સરખા રજવાડાને કરવી પડે એવી અનેક પ્રકારની કામગીરી પેઢીએ બજાવવાની હોય છે. તેમાંય જ્યારે ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્રમાં વ્યાપક દુષ્કાળ પ્રવર્તે છે, ત્યારે તો પેઢીની આ કામગીરી અને જવાબદારી ખૂબ વધી જાય છે.

આ ઉપરાંત માછલાંને બચાવવાં, પારેવાંને દાણા નાખવા, કૂતરાંને રોટલા નાંખવા વગેરે મૂંગાં પશુ-પંખીઓને સહાયરૂપ થવાની કરુણાપ્રેરિત પ્રવૃત્તિઓ પણ પેઢીને સંભાળવી પડે છે.

તીર્થભક્તિ અને તીર્થરક્ષાની કામગીરી બજાવવા ઉપરાંત આ પ્રમાણે એક મોટી પાંજરાપોળ ચલાવીને પ્રાણીરક્ષાનાં કામ હમેશાં થતાં રહે એ અંગેની જવાબદારીની બાબતમાં, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અન્ય તીર્થસ્થાનોનો વહીવટ સંભાળતી પેઢીઓથી જુદી પડે છે, એ આ હકીકત ઉપરથી જોઈ શકાય છે.

### અર્થવ્યવસ્થા

પેઢીના વહીવટમાં સૌથી જટિલ અને મુશ્કેલ ગણી શકાય એવું કામ છે, એની અર્થવ્યવસ્થાને સંભાળવાનું અને ધર્મબુદ્ધિથી અપાયેલ ધનની સાચવણી કરવાનું.

આમાં સૌથી મહત્ત્વની વાત એ છે કે, તીર્થસ્થાનો, જિનમંદિરો તથા અન્ય ધર્મસ્થાનોમાં બોલી દ્વારા, ભંડારમાં નાખવારૂપે, કે ટીપ કે ફાળામાં નોંધાવવામાં આવેલી રકમોરૂપે અથવા જ્ઞાન-ખાતામાં, વૈયાવચ્ચ-ખાતામાં યા સાધારણ-ખાતામાં જે કંઈ નાણું એકત્ર થાય છે, તે ધર્માનુરાગી સદ્‌ગૃહસ્થો તથા સન્નારીઓ દ્વારા પોતાની ધર્મભાવનાને કૃતાર્થ કરવાની ધર્મબુદ્ધિથી આપવામાં આવેલ હોય છે. એટલે એનો વહીવટ પણ એવી ચીવટ, ધર્મબુદ્ધિ તથા પાપભીરુતાપૂર્વક કરવાનો હોય છે કે જેથી એની પાઈએ પાઈ લેખે લાગે એ રીતે વપરાય અને કશું પણ નુકસાન વેઠવાનો વખત ન આવે. આવક લાખો રૂપિયાની હોય, ખર્ચ પણ લાખો રૂપિયાનો થતો હોય અને અનેક તીર્થસ્થાનોની કરોડોની સ્થાવર તથા જંગમ મિલકતનો વહીવટ સંભાળવાનો હોય, ત્યારે એ જવાબદારીને, દોષરહિતપણે, સાંગોપાંગ પૂરી કરવાનું કામ કેટલું મુશ્કેલ હોય છે, એ તો અનુભવથી જ સમજી શકાય એવી બાબત છે. આ માટે પેઢીએ જે તકેદારી રાખી છે અને વ્યવસ્થા ગોઠવી છે, એ બીજાઓને માટે દાખલારૂપ બની રહે એવી અને પેઢીને આર્થિક નુકસાનીના પ્રસંગોમાંથી સર્વથા નહીં તોપણ ઘણા મોટા પ્રમાણમાં મુક્ત રાખે એવી છે.

પેઢી પોતાના અર્થતંત્રને આવું નમૂનેદાર અને કાર્યક્ષમ બનાવી શકી છે, તેમાં બે બાબતો ખાસ ધ્યાન ખેંચે એવી છે: એક તો, પોતે નાના કે મોટા જે કોઈ કાર્યની જવાબદારી સ્વીકારી હોય એને આર્થિક ચિંતાથી મુક્ત અને સધ્ધર બનાવવાની અને એમાં ક્યારેય પૈસાનો બગાડ થવા ન પામે એની પૂરી ચીવટ રાખવાની વણિક કોમની સહજ-સુલભ પ્રકૃતિ; અને બીજી બાબત છે, એમાં ભળેલી એ ધર્મધનનું પૂરેપૂરું જતન કરવાની ધર્મબુદ્ધિપ્રેરિત જાગૃતિ.

શ્રી શત્રુંજય તીર્થના રખોપા નિમિત્તે તે વખતના પાલીતાણા રાજ્યને દર વર્ષે આપવાની રકમનો સવાલ હોય કે એવી જ કોઈ બીજી આર્થિક જવાબદારીને પૂરી કર-

વાનો અવસર હોય, આવા દરેક પ્રસંગે પેઢી, અગમચેતી વાપરીને, એ જવાબદારી નિયમિત અને વ્યવસ્થિતપણે પૂરી થઈ શકે એ માટે, શ્રીસંઘમાંથી જરૂરી ભંડોળ એકત્રિત કરી લેતી રહી છે; અને શ્રીસંઘ પણ, પેઢી ઉપરના પૂરા ઇતબારને લીધે, પેઢીની આવી ટહેલ, ઉલ્લાસ અને ભક્તિપૂર્વક, પૂરી કરતો રહ્યો છે. જે દાન કે ભેટની પાછળ આવી ધર્મભાવના રહેલી હોય એની સાચવણી માટે પૂરેપૂરી ગોઠવણ કરવામાં આવે અને જાગૃતિ રાખવામાં આવે, એમાં શી નવાઈ? ખરી રીતે, આવું સુંદર અને સુનિશ્ચિત વ્યવસ્થાતંત્ર જ જનસમૂહમાં વિશ્વાસની લાગણી જન્માવી શકે છે.

આ અર્થતંત્રમાં પહેલું ધ્યાન, જે ધન જે હેતુ માટે મળ્યું હોય, તે એ હેતુ માટે જ વપરાય, એ અંગે રાખવામાં આવે છે. બીજું, પૈસા નકામા પડ્યા ન રહે અને સંસ્થાને વ્યાજની ખાદ ન પડે એ રીતે સમયે સમયે એનું રોકાણ કરવામાં આવે છે. અરે, પેઢીને પૈસાની હેરફેરમાં પણ આવક થાય એ માટે પેઢીના ચોપડામાં, છેક જૂના વખતથી, વટાવખાતું સુધ્ધાં રાખવામાં આવતું હોવાનું જાણવા મળે છે.

વધારાની મૂડીમાંથી આવક કરવાને હિસાબે, પહેલાંના વખતમાં ગામ, ગરાસ, ઘરખોરડાં વગેરે ઉપર પણ નાણાં ધીરવામાં આવ્યાના દાખલા પેઢીના જૂના ચોપડામાંથી મળે છે. અને પબ્લિક એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ એક્ટ અમલમાં આવ્યા પછી, એના નિયમોને અધીન રહીને જ, નાણાંનું રોકાણ કરવામાં આવે છે, એ તો ખરું જ; ઉપરાંત સને ૧૯૩૪માં મુંબઈ સરકાર દ્વારા આવો કાયદો (પબ્લિક એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ એક્ટ) ઘડાવાની અને એનો અમલ કરવાની વાત આવી ત્યારે પેઢીએ, એના પ્રમુખ શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈની દૂરંદેશીભરી સલાહને અનુસરીને, તેમ જ કેટલીક વ્યક્તિઓની નારાજગી વહોરીને પણ, સૌથી પહેલાં, એ વિચારને આવકાર આપ્યો હતો, એ વાત પણ એમ સૂચવે છે કે, કોઈ પણ જાહેર સંસ્થાનો આર્થિક વહીવટ સ્વચ્છ હોય એ માટે પેઢી કેવો આગ્રહ ધરાવે છે.

પેઢીની મિલકત એ ખરી રીતે શ્રીસંઘની મિલકત છે; અને શ્રીસંઘની ઉદારતા, દાનવૃત્તિ અને ધર્મબુદ્ધિથી જ એ પેઢી પાસે એકત્રિત થાય છે, એટલે એના વહીવટમાં તેમ જ રોકાણમાં મૂડીને જરા પણ જોખમ ન થાય એનું બરાબર ધ્યાન રાખવામાં આવે છે. આ દૃષ્ટિએ વિચારતાં પેઢીના કારોબારમાં બે બાબતો ખાસ આગળ તરી આવે છે.

આમાંની એક વાત તો એ છે કે, કોઈ પણ વ્યક્તિ નાણાંની સલામતીની ગમે તેવી ખાતરી આપે અથવા એ માટે ગમે તેવો અવેજ આપવાની વાત કરે, તોપણ પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓને એવી બધી વાત પૂરેપૂરી વિશ્વાસપાત્ર લાગે અને નાણાંની પૂરેપૂરી સલામતી લાગે, તો જ એવી ખાતરીવાળી માગણીનો સ્વીકાર કરવાનું

તેઓ નક્કી કરતા હતા. અને જ્યારે શ્રીસંઘની મૂડીને માટે લેશ પણ જોખમ ખેડવા જેવું લાગે કે બીજી કોઈ જાતની મુશ્કેલી ઊભી થવાનો લેશ પણ અંદેશો આવે તો, એવી સ્થિતિમાં, શેઠ-શાહુકારો અને રાજાઓની સુધ્ધાં ધિરાણની માગણી નકારી કાઢયાના દાખલા પેઢીના ઇતિહાસમાં જોવા મળે છે, જે પેઢીને માટે ગૌરવ અને બહુમાન ઉપજાવે એવી વાત ગણાય.

અને બીજી વાત છે ધિરાણ એટલે કે વ્યાજે અથવા ઉછીની આપેલી રકમ ડૂબી જવાનો અથવા એની વસૂલાત જોખમમાં પડી જવાનો જ્યારે પણ ખ્યાલ આવ્યો છે, ત્યારે પેઢીના સંચાલકો સામી વ્યક્તિ મોટી છે કે નાની અથવા પોતાની સાથે કામ કરનાર છે કે બીજી, એની જરા પણ ખેવના કર્યા વગર તેમ જ એમની શેહ-શરમમાં ખેંચાયા વગર, વધુમાં વધુ રકમ વસૂલ થાય અને પેઢીને ઓછામાં ઓછું નુકસાન ભોગવવું પડે, એ માટે દરેક જાતનાં જરૂરી પગલાં ભરતાં પેઢીના ટ્રસ્ટીઓ સંકોચાયા નથી એ. આવા પણ અનેક પ્રસંગો પેઢીની કાર્યવાહીમાંથી જાણવા મળે છે, જે એની કારકિર્દીને વિશેષ વિશ્વસનીય, ઉજ્જવળ અને યશસ્વી સાબિત કરે છે.

શ્રીસંઘનાં નાણાંની રખેવાળી માટે રાખવામાં આવતી આટલી બધી તકેદારીનું મુખ્ય અને મોટું કારણ તો, ધર્મના નામે લોકોએ આપેલ ધનની બરાબર સાચવણી કરવામાં જરા પણ બેદરકારી દેખાડવામાં આવે, અને એ ધનને કંઈ પણ જોખમ કે નુકસાન થાય તો, આપણે પોતે પણ પાપના ભાગી થઈએ, એ ભાવના છે. એમ કહેવું જોઈએ કે દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણદ્રવ્ય, વૈયાવચ્ચ-ફંડ, જીવદયા-ફંડ કે સહધર્મીભક્તિ-ફંડ જેવા કોઈ પણ ખાતામાં એકત્ર થયેલ દ્રવ્ય, જે તે ખાતાના ઉદ્દેશ પ્રમાણે વાપરવાની અને કોઈ પણ ખાતાના દ્રવ્યનો ગેરઉપયોગ ન થાય અથવા એ ડૂબી જવા ન પામે, એ માટે શ્રીસંઘમાં જે સાવચેતીની લાગણી પ્રસરેલી છે, તેની પાછળ આવી ધર્મભાવના અને પાપભીરુ વૃત્તિ જ રહેલી છે. આમ છતાં "મૂડીની સાથે હમેશાં જોખમ તો જોડાયેલું હોય જ છે," એ સામાન્ય નિયમની અસર પેઢીના વહીવટમાં પણ જોવા મળે છે, પણ આવા દાખલા બહુ જ જૂજ બનવા પામે છે.[૧૩]

## લોકોનો વિશ્વાસ

પેઢીએ પોતાનો નાણાંવ્યવહાર વિશુદ્ધ રાખવાની જે તકેદારી રાખી છે અને જે તંદુરસ્ત પ્રણાલિકા પાડી છે, તેને લીધે જૈન સંઘમાં તેમ જ અન્ય સમાજોમાં પણ એના તરફ કેવી વિશ્વાસની લાગણી ઊભી થઈ છે, તેની પ્રતીતિ નીચેના દાખલાઓ ઉપરથી પણ થઈ શકે છે—

(૧) સને ૧૯૦૪માં વીજાપુરનાં એક બહેને પોતાની એક દુકાન શત્રુંજયની પેઢીને ભેટ આપી હતી.[૧૪]

(૨) સને ૧૯૫૧માં, વડાલીના એક શ્રાવક ભાઈએ, વિલ કરીને, એનો અમલ કરવાની સત્તા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને આપી હતી.[૧૫]

(૩) સને ૧૯૫૫માં, જેસલમેરના સોની શ્રી પન્નાલાલજીએ પોતાનું વિલ કર્યું, તેમાં પોતાની અડધી મિલકત પાલીતાણાની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને આપવાનું લખ્યું હતું. આ વિલ મુજબ પેઢીને રૂ. ૩૩૪૪૯=૯૦ પૈસા જેટલી રકમ મળી હતી. બાકીની અડધી રકમ કાલીકમલીવાલા બાવાજીને આપવાનું વિલમાં લખ્યું હતું.[૧૬]

આ ત્રણે વિલના દસ્તાવેજ પેઢી પાસે છે.

## બીજા પ્રશ્નોના નિકાલ

ભૂતકાળમાં યતિઓ અને ગોરજીઓના પ્રશ્નો અને ઝઘડાઓનો સામનો કે નિકાલ પેઢીને કરવો પડતો હતો. ક્યારેક જુદા જુદા ગચ્છો વચ્ચેના પ્રશ્નો પણ આવી પડતા હતા.[૧૭] બારોટો સાથે, એમના હક્ક બાબતમાં, વિ૦ સં૦ ૨૦૧૮માં (સને ૧૯૬૨માં) કાયમી સમાધાન થવા છતાં, હજી પણ એમને લગતા પ્રશ્નો ઊભા થાય છે.[૧૮] તેમ જ ક્યારેક ડોળીવાળાઓના પ્રશ્નો પણ સામે આવી પડે છે. આ કે આના જેવા બીજા જે કોઈ પ્રશ્નો કે ઝઘડાઓ ઊભા થાય છે ત્યારે, એથી શ્રીસંઘને કંઈક ને કંઈક પરેશાની ભોગવવી પડે છે. આવા વખતે પેઢીએ જ આવી બાબતોનો નિકાલ કરવો પડે છે.

પેઢીનો કારોબાર સાચવવા માટે, એની બધી શાખાઓમાં થઈને, મોટા-નાના હોદ્દેદારો, કારકૂનો, પહેરાવાળા, પટાવાળા, પૂજારીઓ અને અન્ય કર્મચારીઓનો મળીને આશરે ૭૫૦ માણસોનો કાયમી સ્ટાફ નિભાવવામાં આવે છે; એ સિવાય નવા જિનમંદિરને ચણાવવા માટે તથા જૂના જિનમંદિરના જીર્ણોદ્ધાર માટે, જે તે કામ પૂરતા, જે તે સ્થાને, રોકવામાં આવતા માણસો તો જુદા સમજવા. આટલી માહિતી ઉપરથી પણ પેઢીનો વહીવટ કેટલો બહોળો અને કેટલો વિવિધતાવાળો છે, એનો ખ્યાલ આવી શકે છે.

## એક જાણવા જેવો પ્રસંગ

ઉપર આપેલ હકીકતના અનુસંધાનમાં એક જાણવા જેવો પ્રસંગ અહીં નોંધવો ઉચિત છે. સને ૧૯૭૦માં, પાલીતાણા મ્યુનિસિપાલીટીએ, પાલીતાણાની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને એક વેપાર કરતી ધંધાદારી પેઢી માનીને, એણે દુકાનધારાના નિયમ મુજબ પોતાની નોંધણી (રજિસ્ટ્રેશન) નહીં કરાવેલ હોવાથી, કાયદાના ભંગ માટે, પાલીતાણાના ફર્સ્ટ કલાસ ન્યાયાધીશની કોર્ટમાં, પેઢી સામે ફોજદારી દાવો માંડ્યો હતો. આ દાવાનો ફેંસલો પેઢીની વિરુદ્ધ આવ્યો અને એમાં પેઢીની પાલીતાણા શાખના મૅનેજર શ્રી લાભશંકર જેઠાલાલને રૂ. ૪૦)ના દંડની અને દંડ ન ભરે તો એક માસની જેલની સખ્ત સજા ફરમાવવામાં આવી હતી.

આ ફેંસલાની અસર પેઢીની બધી શાખાઓ ઉપર પડે એવી સ્થિતિ ઊભી થઈ હતી; અને એમ થાય તો, પેઢી એક ધાર્મિક અને સખાવતી ટ્રસ્ટ છે, એ હકીકત પણ વિશ્વાસપાત્ર કે ખોટી પુરવાર થવાનો વખત આવે. તેથી પેઢીને માટે તો આ એક સિદ્ધાંતનો પ્રાણપ્રશ્ન બની ગયો. એટલે પેઢીએ આ ફેંસલાની સામે ભાવનગરની સેશન કોર્ટમાં અપીલ કરી.

આ કેસની બધી વિગતો સાંભળીને, એનો અભ્યાસ કરતાં, ભાવનગરની સેશન કોર્ટના ન્યાયાધીશશ્રીને પાલીતાણાના ન્યાયાધીશનો ફેંસલો ખોટો લાગ્યો, એટલે આ બાબતમાં એમણે ગુજરાત હાયકોર્ટની સંમતિ મેળવવા આ કેસ ત્યાં મોકલી આપ્યો. ગુજરાત હાયકોર્ટના ન્યાયાધીશશ્રીએ, ભાવનગરના સેશન જજના ફેંસલા સાથે સંમત થઈને, પાલીતાણા મ્યુનિસિપાલીટીનો દાવો કાઢી નાખ્યો અને પેઢીના મેનેજર શ્રી લાભશંકરભાઈને કરવામાં આવેલી સજા રદ કરી. ગુજરાત હાઈકોર્ટે આ ફેંસલો તા. ૨-૧૨-૧૯૭૨ના રોજ આપ્યો હતો અને તેથી પેઢી એની કાર્યવ્યવસ્થાના માળખા ઉપર કાયમી અસર પાડે એવી એક આપત્તિમાંથી બચી ગઈ હતી.[૧૯]

## વકીલ રાખવાની પ્રથા

પેઢીના કારોબારને એક રજવાડાના કારોબાર જેવો કહેવામાં આવેલ છે, તે વાત એ હકીકત ઉપરથી પણ ખ્યાલમાં આવી શકે છે કે, અંગ્રેજી હકૂમત દરમિયાન, પહેલાંના વખતમાં, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટના મુખ્ય મથક રાજકોટમાં તથા આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટના મુખ્ય મથક સોનગઢમાં, જેમ કાઠિયાવાડનાં જુદાં જુદાં રજવાડાંઓના ઉતારા તથા કાયદાના સલાહકાર રાખવામાં આવતા હતા તેમ, પેઢીની વતી પણ ત્યાં એક કાયદાના સલાહકાર રહેતા હતા.

સને ૧૯૨૬ની સાલમાં પાલીતાણા દરબાર અને જૈન સંઘ વચ્ચે શ્રી શત્રુંજય તીર્થના રખોપાની રકમ નવેસરથી નક્કી કરવાની બાબતમાં જે મોટો ઝઘડો ઊભો થયો હતો, તે વખતે આ ઝઘડાનું સમાધાન જૈન સંઘે કેવી શરતોથી કરવું, એ બાબતમાં માર્ગદર્શન આપવા શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ, શેઠશ્રી સારાભાઈ ડાહ્યાભાઈ વગેરે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓએ પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજને વિનંતિ કરી હતી. એ ઉપરથી આચાર્ય મહારાજે સમાધાનનો જે કાચો મુસદ્દો લખી આપ્યો હતો, તેમાં પેઢી તરફથી કાયમને માટે રાખવામાં આવતા કાયદાના સલાહકાર સંબંધી જે માહિતી આપવામાં આવી છે, તે જાણવા જેવી છે. આ માહિતી (પાના ૪-૬ માં) આ પ્રમાણે નોંધાયેલી છે—

"વળી, નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈના વખતમાં, તે વખતના રાજકોટ પોલિટિકલ એજન્ટ પાસે તથા સોનગઢના આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટ પાસે, નગરશેઠ પ્રેમાભાઈ

હેમાભાઈ, શેઠ આ × કને એક રાજ્ય તરીકે ઓળખાવવા ખાતર તેમ જ બીજા અનેક હેતુઓથી, રાજકોટ મથુરાદાસ અને સોનગઢ વલ્લભદાસને, બીજા સ્ટેટો જેમ પોતાના વકીલો રાખતા અને રાખે છે તેમ, વકીલો રાખતા હતા. અને સાહેબની સવારી જ્યાં ડીસ્ટ્રીક્ટમાં જતી ત્યાં, બીજા રજવાડાઓ તરફથી બીજા સ્ટેટોના વકીલોનો જેટલો આદર-સત્કાર સન્માન થતો તેટલો જ શેઠ આ × કના વકીલોનો થતો. અને પોલીટીકલ એજન્ટ સ્ટેટના વકીલોને જેટલી ખબરો આપતા તેટલી જ શેઠ આ × કના વકીલોને પણ ખબરો આપતા. ટુંકાણમાં, સ્ટેટના વકીલોનો જેટલો દરજ્જો હતો તેટલો જ શેઠ આ × કના વકીલોનો પણ હતો. તેથી શેઠ આ × ક એક પાલીતાણા સ્ટેટ જેવું, જુદું સ્ટેટ જેવું જ ગણાતું અને આ પોઝીશનને લઈને ચાદી[20]જ કાયમ આપવામાં આવતી. આ પોઝીશન ન બગડવા માટે નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈએ ઠેઠ સુધી ભલામણ કરેલી કે વકીલોને કોઈ દિવસ કાઢવા નહિ.

"નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈ પછીના કમીટીના મેમ્બરોને તેમ જણાયું કે નગર-શેઠ માત્ર પોતાનું પોઝીશન સાચવવાની ખાતર, શેઠ આ × કના ખર્ચે, આ વકીલો રાખ્યા છે, અને નાહકનું આવું ખર્ચ શેઠ આ × કને કરવાની જરૂર નથી. આવી તેમની ગેર-સમજણને લઈ ને, યા તો ભાવિ નિરીક્ષણ કરવાની બુદ્ધિની ગેરહાજરીને લઈ ને, યા તો નગરશેઠ ઉપરની અસૂયાને લઈ ને, આ વિગેરેમાંના ગમે તે કારણને લઈ ને, તે વકીલોને કાઢી નાખ્યા. આ બાબતમાં શેઠ લાલભાઈ દલપતભાઈએ અમારી પાસે બળતરાનો પાર રાખ્યો નથી. પણ ભાવી આગળ કોઈનો ઉપાય નથી. ભૂલવું ન જોઈએ કે, અમારા સ્મરણ પ્રમાણે, આ વકીલોને નગરશેઠ માત્ર ત્રીશથી પાંત્રીશ રૂપીઆનો પગાર આપતા હતા.[21]

આ ઉપરથી પણ સમજી શકાય છે કે, પેઢીનો કારોબાર એક રજવાડા જેટલો મોટો છે.

વણિક કોમની એટલે કે આપણા મહાજનોની સહજ પ્રકૃતિ પ્રમાણે, જ્યાં જ્યાં પોતાનાં તીર્થસ્થાનો આવેલાં છે, ત્યાંના શાસકો અને સત્તાધારીઓ સાથે હમેશાં સારા-સારી રાખવાનો અને જ્યારે પણ કોઈ ઘર્ષણનો પ્રસંગ ઊભો થાય ત્યારે પણ, બને ત્યાં સુધી, એનો સમાધાનથી નિવેડો લાવવાનો યથાશક્ય પ્રયત્ન પેઢી તરફથી કરવામાં આવે છે; પણ આમ કરવામાં તીર્થનું હિત જરા પણ ન જોખમાય એનું પૂરેપૂરું ધ્યાન રાખવામાં આવે છે; અને તેથી, જરૂર લાગે ત્યારે, મક્કમતાભરેલાં પગલાં પણ, વિના સંકોચે, લેવામાં આવે છે.[22]

આ છે પેઢીના કાર્યક્ષેત્રની સામાન્ય રૂપરેખા.

# સાતમા પ્રકરણની પાદનોંધો

૧. પૂર્વ ભારતમાં બિહારમાં આવેલ શ્રી સમ્મેતશિખર પહાડ, જૈન શાસનની વર્તમાન ચોવીશી (ચોવીશ તીર્થંકરો)માંથી ૨૦ તીર્થંકર ભગવંતોની નિર્વાણભૂમિ હોવાથી, પરમ પાવનકારી મહાતીર્થ લેખાય છે. આ પહાડ પાલગંજના રાજાની હકૂમતમાં આવેલ હતો. આ હકૂમત સાથે શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘને અવારનવાર થતી અથડામણના નિવારણ અર્થે તેમ જ તીર્થ તથા તીર્થના યાત્રિકોના રક્ષણ માટે, સને ૧૮૧૮માં, પાલગંજ રાજ્ય સાથે, વાર્ષિક રૂ. ૧૫૦૦) આપવાનો રખોપાના કરાર જેવો કરાર શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘે કર્યો હતો.

આ પછી ચાલીસ વર્ષ બાદ, સને ૧૯૧૮ની સાલમાં, પાલગંજના રાજા પાસેથી, અઢી લાખ રૂપિયામાં, આ પહાડ શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘે, ખરીદી લીધો હતો. અને આ પહાડની ખરીદીને લગતો વેચાણ-દસ્તાવેજ, સમગ્ર શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના પ્રતિનિધિ તરીકે, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના નામથી—પેઢીના તે વખતના પ્રમુખ નગરશેઠ કસ્તુરભાઈ મણિભાઈના નામથી—કરવામાં આવ્યો હતો.

સને ૧૯૪૭માં આપણો દેશ સ્વતંત્ર થયા પછી, બિહારની સરકારે, સને ૧૯૫૦માં, "ધી બિહાર લેન્ડ રિફોર્મ્સ એક્ટ" નામે કાયદો ઘડચો હતો; આ કાયદામાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે, જે જમીનને આ કાયદો લાગુ પાડવામાં આવતો, એના ઉપરનો વ્યક્તિગત તથા સંસ્થાગત માલિકી હક્ક નાબૂદ થઈ જતો, અને એ જમીન સરકારના અધિકારમાં આવી જતી. આ જોગવાઈ પ્રમાણે, બિહાર સરકારે, સને ૧૯૫૩માં, એક જાહેરનામું પ્રગટ કરીને, શ્રી સમ્મેતશિખરના પહાડને આ કાયદો લાગુ પાડચો. આમ થવાથી એ પરમ પવિત્ર પહાડ ઉપરનો શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘનો માલિકી હક્ક નાબૂદ થઈ જતો હતો અને એ બિહાર સરકારના અધિકારમાં આવી જતો હતો.

શ્રી સમ્મેતશિખર જેવા પરમ પાવન મહાન તીર્થ અંગે બિહાર સરકારે લીધેલ આ પગલાથી આપણા સમસ્ત શ્રીસંઘે ઘણો મોટો આઘાત અનુભવ્યો. પણ આ આઘાતથી, વધારે પડતા સ્તબ્ધ બનીને, નિષ્ક્રિય કે નિરાશ થવાને બદલે, એની સામે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ તરત જ કારગત પગલાં ભર્યાં; અને, બાર વર્ષ જેટલા લાંબા વખત સુધી, ધીરજ અને દૂરંદેશીપૂર્વક, બિહાર સરકાર સાથે કરવામાં આવેલી અનેક જાતની વાટાઘાટોને અંતે, સને ૧૯૬૫ની સાલમાં, બિહાર સરકારે, આ બાબતમાં, આપણા સંઘની વતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સમાધાનનો એક કરાર કરી આપ્યો.

આ પછી શ્રી દિગંબર જૈન સંઘે પણ બિહાર સરકાર પાસે, આ મહાતીર્થ પોતાના સંઘને પણ પૂજનીય હોવાની અને એના ઉપર પોતાનો અધિકાર હોવાની વાત રજૂ કરી અને એ સંબંધી વાટાઘાટો કરી. આને પરિણામે બિહાર સરકારે, દિગંબર સંઘને પણ, સને ૧૯૬૬ની સાલમાં, સમાધાનનો બીજો કરાર કરી આપ્યો !

આમ થવાથી એટલે કે એક જ બાબત અંગે, જુદા જુદા બે ફિરકાના જૈન સંઘોને કરી આપવામાં આવેલ બે કરારોના પરિણામરૂપે, બિહાર સરકાર, શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિ-પૂજક સંઘ અને શ્રી દિગંબર જૈન સંઘ વચ્ચે નાના-મોટા ઝઘડાઓ ઊભા થવા પામ્યા છે, અને એના દાવાઓ બિહાર રાજ્યની જુદી જુદી અદાલતોમાં અત્યારે પણ ચાલી રહ્યા છે.

(શ્રી સમ્મેતશિખર પહાડ સંબંધી રખોપાનો કરાર, એ પહાડ વેચાણ લીધાનો દસ્તાવેજ અને સને ૧૯૬૫નો કરાર વગેરેની વિશેષ વિગતો આ ગ્રંથમાં આગળ આપવામાં આવવાની હોવાથી અહીં તો એનો માત્ર નામોલ્લેખ જ કરવામાં આવેલ છે.)

૨. પેઢીએ પોતાના વહીવટ નીચેનાં શ્રી રાણકપુર, ગિરનાર, તારંગા, કુંભારિયાજી, મક્સિજી, સેરિસા વગેરે તીર્થોમાંનાં કેટલાંક તીર્થોના, પૂરતું ખર્ચ કરીને, ઉત્તમ કોટિના એવા નમૂનેદાર જીર્ણોદ્ધારો કરાવ્યા છે કે, જેની વિશ્વવિખ્યાત સ્થપતિઓએ પણ મુક્ત મને પ્રશંસા કરી છે; અને કેટલાંક તીર્થોના જીર્ણોદ્ધારનું કામ અત્યારે પણ ચાલી રહ્યું છે.

વળી, પોતાના વહીવટમાં ન હોવા છતાં, શિલ્પસ્થાપત્યની કળાની દૃષ્ટિએ વિશ્વનાં સ્થાપત્યોમાં આગળ પડતું સ્થાન પામી શકે અને જૈન સંસ્કૃતિની કીર્તિગાથા સતત પ્રસારતાં રહે, એવાં આબૂ તીર્થનાં પ્રાચીન, સુપ્રસિદ્ધ જિનાલયોનાં જીર્ણોદ્ધારની સંપૂર્ણ જવાબદારી પોતે સ્વીકારીને પેઢીએ એ માટે ચૌદ લાખ રૂપિયા જેટલું ખર્ચ કર્યું હતું. આ જીર્ણોદ્ધારનું કામ ચૌદ વર્ષ સુધી ચાલ્યું હતું. એ જ રીતે રાજસ્થાનમાં આવેલ ઓશિયાજી તીર્થનું જિનાલય પણ ઘણું પ્રાચીન અને કળામય છે. એનો જીર્ણોદ્ધાર કરાવીને એની પૂરતી સાચવણી થઈ શકે, એ માટે પેઢીએ પાંચ લાખ રૂપિયા કરતાં પણ વધુ રકમની સહાય આપી છે. અને સુપ્રસિદ્ધ કાવી તીર્થના રક્ષણ–જીર્ણોદ્ધાર માટે પણ પેઢી તરફથી પોણા ત્રણ લાખ રૂપિયાની સહાય આપવામાં આવી હતી.

વિ૦ સં૦ ૧૯૯૩ની સાલથી જૂના દેરાસરોના જીર્ણોદ્ધાર માટે જરૂરી સહાય અને સલાહ આપવાનું તથા પેઢીના મિસ્ત્રી મારફત ખર્ચની આકારણી કરાવી આપવાનું શરૂ કર્યું ત્યારથી વિ૦ સં૦ ૨૦૩૬ સુધીનાં ૪૩ વર્ષ દરમ્યાન, ૭૫૨ દેરાસરોના જીર્ણોદ્ધાર માટે, પોણો કરોડ રૂપિયા કરતાંય વધુ રકમ (રૂ. ૭૬,૦૮,૯૨૩) મંજૂર કરવામાં આવેલ છે; અને એમાંથી મોટા ભાગની (અડધો કરોડ રૂપિયા કરતાં પણ વધુ) રકમ તો ખરચાઈ પણ ગઈ છે.

અને તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થ ઉપરના એક યા બીજા જિનપ્રાસાદના તથા ગઢ વગેરેના જીર્ણોદ્ધારનું કામ તો સતત ચાલતું જ રહે છે. તેમાંય દાદાની ટૂકના જીર્ણોદ્ધાર માટે મૂર્તિઓનું ઉત્થાપન કરીને એના શિલ્પકલાને પ્રગટ કરીને, એ ટૂકની શોભામાં જે વધારો કરવામાં આવેલ છે, અને ઉત્થાપન કરેલી પ્રતિમાઓને બિરાજમાન કરવા માટે એ ટૂકમાં જ બાવન જિનાલયવાળું મનોહર જિનમંદિર બનાવવામાં આવ્યું છે, તેની સૌકોઈ ઉલ્લાસથી પ્રશંસા કરે છે.

અહીં એ જાણવું પણ વિશેષ ઉપયોગી થઈ રહેશે કે, દેશભરનાં જિનમંદિરોના જીર્ણોદ્ધારનું કાર્ય સરખી રીતે અને વધારે મોટા પાયા ઉપર થઈ શકે એ આશયથી, વિ૦ સં૦

૧૯૯૨ની સાલમાં, અમદાવાદમાં, "શ્રી અમદાવાદ દેરાસર જીર્ણોદ્ધાર કમીટી અને ફંડ" નામે એક સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. આ સંસ્થાનું કાર્યાલય શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, અમદાવાદમાં જ રાખવામાં આવ્યું છે, એટલે એના દ્વારા થતી તથા પેઢી દ્વારા થતી જીર્ણોદ્ધારની કામગીરીને એકબીજાની પૂરક ગણવી જોઈએ. આ સંસ્થાએ પણ, વિ૦ સં૦ ૨૦૩૬ની સાલ સુધીનાં (તા. ૩૦-૬-૧૯૮૦ના રોજ પૂરા થતા વર્ષ સુધીનાં) ૪૪ વર્ષ જેટલા સમય દરમ્યાન, ૪૪૩ જેટલાં દેરાસરોના જીર્ણોદ્ધાર માટે ૩૭-૩૮ લાખ રૂપિયા (રૂ. ૩૭,૭૮,૪૬૨) જેટલી મોટી રકમ મંજૂર કરી હતી; અને એમાંની રૂ. ૩૬,૫૪,૯૬૨ જેટલી રકમ તો ચુકવાઈ પણ ગઈ છે.

આ બધી હકીકત ઉપરથી એ સ્પષ્ટ રૂપે જાણી શકાય છે કે, દેશભરનાં જિનાલયોમાંથી, જેનો જીર્ણોદ્ધાર કરવાની જરૂર હોય અને એ માટે જે તે સ્થાનના સંઘ તરફથી માગણી કરવામાં આવે, એને જરૂરી સહાય તથા માર્ગદર્શન આપીને એની સાચવણી કરવા માટે પેઢી કેટલી ચિંતા સેવે છે, અને એ દિશામાં કેવી પ્રવૃત્તિ પણ કરતી રહે છે.

૩. પાંચ-છ વર્ષ પહેલાં પેઢી તરફથી મુખ્યત્વે તીર્થસ્થાનો તથા દેરાસરોના જીર્ણોદ્ધાર માટે જ સહાય આપવામાં આવતી હતી. પણ જ્યારે પેઢીનું ધ્યાન એ હકીકત તરફ ગયું કે, મોટાં શહેરોનો વિસ્તાર, કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીઓરૂપે તથા સ્વતંત્ર મકાનો-બંગલાઓ કે ફ્લેટોના બાંધકામરૂપે, ઝડપથી વધવા લાગ્યો છે, અને એમાં જૈનોનો વસવાટ નોંધપાત્ર પ્રમાણમાં થવા લાગ્યો છે એટલું જ નહીં, કેટલાંક સ્થાનો તો જૈનોની વસાહતો જેવાં બની ગયાં છે તેથી, એમની ધર્મશ્રદ્ધાને ટકાવી રાખવાના તથા વધારવાના મુખ્ય આલંબનરૂપે, પરિસ્થિતિને અનુરૂપ, નાનાં કે મોટાં જિનમંદિરોની સ્થાપના કરવાનું બહુ જરૂરી બની ગયું છે, ત્યારે પેઢીએ, વિ૦ સં૦ ૨૦૩૨ની સાલથી, નવા જિનમંદિરો માટે પૂરક સહાય આપવાની પણ શરૂઆત કરી છે. આ રીતે, વિ૦ સં૦ ૨૦૩૬ની આખર સુધીમાં, પાંચ વર્ષ દરમ્યાન, ૨૪ નવાં જિનમંદિરો માટે રૂ. ૫,૫૬,૦૦૦]ની સહાય આપી છે. નવા જિનમંદિર માટે સહાય આપવા માટે પેઢીએ નક્કી કરેલ ધોરણ કે નિયમ આ પ્રમાણે છે: જે નવું જિનાલય બંધાવવાનું અંદાજી ખર્ચ, પહેલાં બે લાખ રૂપિયા જેટલું અને હવે પાંચ લાખ રૂપિયા જેટલું હોય, એને, કામના હિસાબે, વધુમાં વધુ પચીસ હજાર રૂપિયા સુધીની સહાય આપવી.

૪. શ્રી સમ્મેતશિખર તીર્થનો પહાડ પાલગંજના રાજા પાસેથી શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘે વેચાણ લીધો તે પહેલાં, સને ૧૮૯૧માં, આ પહાડના કેટલાક ભાગ ઉપર એક ચરબીનું કારખાનું બાંધવા માટેનો પરવાનો, પાલગંજના રાજા પાસેથી, બોડમ (Boddam) નામના અંગ્રેજે મેળવ્યો હતો. એ કારખાનામાં ચરબી બનાવવા માટે ભૂંડોની કતલ કરવામાં આવનાર હતી. જે પહાડ ઉપર જૈનધર્મના વીસ તીર્થંકરો, સંખ્યાબંધ શ્રમણ ભગવંતો સાથે, નિર્વાણ પામ્યા હતા, એનો એક એક અંશ જૈન સંઘને માટે પવિત્ર હતો; એટલે ત્યાં ચરબી તૈયાર કરવાનું કારખાનું (ખરી રીતે ભૂંડોની હત્યા કરવા માટેનું કતલખાનું) બનવાના સમાચારથી જૈન સંઘને અસહ્ય આઘાત લાગ્યો અને શ્રીસંઘમાં ભારે ખળભળાટ ઊભો થઈ ગયો. મુંબઈના શ્રી જૈન એસોસીએશન ઓફ ઇન્ડિયાએ આની સામે જરૂરી

કાર્યવાહી કરવાનો સત્વર નિર્ણય કર્યો અને એની જવાબદારી સંસ્થાના માનદમંત્રી સ્વનામ-ધન્ય શ્રી વીરચંદભાઈ રાઘવજી ગાંધીને સોંપી. એમણે, આદર્શ અને ઊંડી ધર્મશ્રદ્ધા અને ધર્મ-બુદ્ધિથી પ્રેરાઇને, રાત-દિવસનો કે પોતાનાં ઊંઘ કે આરામનો વિચાર કર્યા વગર, કલકત્તા જેવા દૂરના પ્રદેશમાં લાંબો વખત રોકાણ કરીને, એવી સચોટ કામગીરી કરી કે જેથી એમનું કાર્ય સફળ થયું, એ કતલખાનું બંધાતું અટકી ગયું, આ તીર્થભૂમિની પવિત્રતા સતત હણાતી રહે એવો અતિ કમનસીબ પ્રસંગ ટળી ગયો અને જૈન સંઘમાં આનંદની અને રાહતની લાગણી પ્રસરી ગઈ. પોતાની વાતની સચોટ રજૂઆત થઈ શકે એ માટે શ્રી વીરચંદભાઈ ગાંધીએ બંગાળી ભાષાનો પણ અભ્યાસ કરી લીધો હતો.

પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓની મીટીંગોની પાંચ નંબરની પ્રોસીડીંગ બુકમાંની તા. ૪–૯–૧૯૦૭ની તથા તા. ૧–૧૦–૧૯૦૭ની બે મીટીંગોનું પ્રમુખપદ, પેઢીના તે વખતના પ્રમુખ શેઠ શ્રી લાલભાઈ દલપતભાઈ બહારગામ ગયેલ હોવાથી, શેઠ શ્રી મનસુખ-ભાઈ ભગુભાઈએ લીધું હોવાની નોંધ ઉપરથી એમ લાગે છે કે, ઉપર નોંધેલ ચરબીના કારખાનાની (એને અટકાવવાની) ઘટના બન્યા પછી, સોળેક વર્ષે, સને ૧૯૦૭ની સાલમાં, શ્રી સમ્મેતશિખર તીર્થ અંગે કોઈક એવો ગહન–જટિલ પ્રશ્ન ઊભો થયો હતો કે, જેનું નિરાકરણ કરવા માટે, ખુદ પેઢીના પ્રમુખ શેઠશ્રી લાલભાઈ દલપતભાઈને જાતે જ ત્યાં જવું પડ્યું હતું અને રોકાવું પડ્યું હતું. આ રોકાણ દરમ્યાન એમના હાથે વાગવાથી, એની સારવાર માટે, એમને કલકત્તા પણ જવું પડ્યું હતું. ઉપર સૂચવેલ બન્ને તારીખોના પ્રોસીડીંગમાં, આ બાબત સંબંધી નોંધ આ પ્રમાણે લેવામાં આવી છે: "પ્રેસીડેન્ટ શેઠ લાલભાઈ દલપતભાઈ શ્રી સમ્મેતસીખરના કામ સારુ ગયેલા; ત્યાં હાથે વાગવાથી કલકત્તે છે તેથી, તેમની ગેરહાજરીમાં, સેઠ મનસુખભાઈ ભગુભાઈને ચેરમેન ઠરાવી મીટીંગનું કામ શરૂ કર્યું."

પાલીતાણા રાજ્યની દખલગીરીને કારણે તીર્થાધિરાજ શત્રુંજયની આશાતના થાય એવા નાના-મોટા પ્રસંગો તો અવારનવાર બનતા જ રહેતા હતા. આથી, એ મહાતીર્થની આશાતનાને ટાળવા માટે, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને પાલીતાણા રાજ્ય સાથે વારંવાર સંઘર્ષમાં ઊતરવું પડતું હતું. પાલીતાણા રાજ્ય સાથે થયેલ આવા સંઘર્ષોની કામગીરીના સંખ્યાબંધ દાખલા પેઢીના દફતરમાં સચવાયેલા છે. આવા પ્રસંગોની સવિસ્તર માહિતી, આ પુસ્તકના "પાલીતાણા રાજ્ય સાથેના કેટલાક ઝઘડા" નામે અગિયારમા પ્રકરણમાં આપવામાં આવેલ હોવાથી, આ બાબત અંગે અહીં તો આટલો સામાન્ય નિર્દેશ જ પૂરતો છે.

મધ્ય પ્રદેશના શ્રી મક્સીજી તીર્થનો વહીવટ પેઢી સંભાળે છે. એ તીર્થમાં તથા મહા-રાષ્ટ્રમાં આવેલ શ્રી અંતરિક્ષજી તીર્થમાં, કેટલાય દાયકાઓથી, દિગંબર જૈન સંઘ સાથે જાત જાતના ઝઘડા થતા જ રહે છે. એને લીધે એ તીર્થની વારંવાર આશાતના થવા ઉપરાંત એ તીર્થ ઉપરના શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના અધિકારો પણ જોખમમાં મુકાઈ જાય છે; અને, ક્યારેક તો, બોલાચાલીથી આગળ વધીને, મારામારી જેવા અતિ શોચનીય બનાવો પણ બનવા પામે છે. આવા પ્રસંગોએ પેઢી તરફથી જરૂરી કાર્યવાહી સત્વર હાથ ધરવામાં આવે છે અને સહાય તથા સલાહ પણ આપવામાં આવે છે.

આ રીતે જે કોઈ તીર્થ, જિનમંદિર કે ધર્મની આરાધનાના સ્થાનની આશાતના થાય એવી ઘટના બને છે ત્યારે, એના નિવારણ માટે, જે તે સ્થાનના સંઘનું ધ્યાન પેઢી તરફ જાય છે; અને પેઢી પણ એ માટે જરૂરી કાર્યવાહી હાથ ધરીને, શ્રીસંઘના એ વિશ્વાસને સફળ બનાવે છે.

વિ૦ સં૦ ૧૯૪૧ (સને ૧૮૮૪)ની સાલમાં, શેઠ માનચંદ વીરજીવાળાની ભાવના ગિરિરાજ શત્રુંજય મહાતીર્થ ઉપર એક દેરાસર બંધાવવાની થઈ અને એ માટે એમણે અરજી કરી. એ ઉપરથી પેઢીના ટ્રસ્ટીઓએ એમને શ્રી બાલાભાઈની ટૂકમાં દેરાસર બાંધવાની જગ્યા આપવાનું, એના નકરા તરીકે પાંચ હજાર રૂપિયા લેવાનું અને એ રકમમાંથી પચીસસો રૂપિયા નકરા ખાતે અને બાકીના પચીસસો રૂપિયા કેસર-સુખડ વગેરેના ખાતે જમે કરવાનું નક્કી કર્યું. (તા. ૧૮-૧૧-૧૮૮૪, ૧૯-૧૧-૧૮૮૪, ૭-૧૨-૧૮૮૪ અને ૧૦-૧૨-૧૮૮૪નાં પ્રોસીડીંગ.)

ખેડામાં બંધાયેલ ચાર માળના એક દેરાસરમાં પધરાવવા માટે ચાર પ્રતિમાજીઓ આપવાની માગણી ઉપરથી, તા. ૧૨-૧-૧૮૮૮ના રોજ, (એક આંગળના રૂ. ૧૨ાાના હિસાબે) દસ આંગળનાં એક પ્રતિમાજી રૂ. ૧૨૫) નકરો લઈને આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

અમદાવાદના વતની શ્રી રતનચંદ લક્ષ્મીચંદની પુત્રી શ્રી પરસનબાઈને, એમની માગણી મુજબ, અઢીસો રૂપિયા લઈને, દાદાની ટૂકમાં આવેલ અષ્ટાપદજીના દેરાસરની આગળ એક ગોખલો તૈયાર કરાવીને તે, પ્રતિમા સાથે, આપવાનું તા. ૪-૨-૧૮૮૯ના રોજ ઠરાવવામાં આવ્યું.

તખતગઢમાં બંધાયેલ એક નવા અને મોટા દેરાસર માટે એક સવાગજની અને બે એક એક ગજની એમ કુલ ત્રણ પ્રતિમાજીઓની માગણી ત્યાંના મહાજન તરફથી આવેલી. તે ઉપરથી તખતગઢના દેરાસર માટે, ત્યાંના મહાજનની માગણી મુજબના માપની ત્રણ પ્રતિમાઓ, આઠસો રૂપિયાના નકરાથી આપવાનું, તા. ૧૭-૨-૧૮૮૯ના રોજ, ઠરાવવામાં આવ્યું.

## નકરાનું ધોરણ

સને ૧૮૮૮ પહેલાંના કોઈક વર્ષથી ગિરિરાજ શત્રુંજય ઉપરના જિનાલયમાં પરોણા દાખલ રાખેલ પ્રતિમાજીની, બીજા ગામમાં બિરાજમાન કરવા માટે, માગણી આવતી તો, એક આંગળની ઊંચાઈના રૂ. ૧૨ાા (સાડા બાર) મુજબ નકરો લેવામાં આવતો હતો.

**અપવાદ**—આમ છતાં, સને ૧૮૯૧ની સાલમાં, સૂરત જિલ્લાના બારડોલી ગામમાં, ત્યાંના સંઘ તરફથી, એક દેરાસર બંધાવવામાં આવ્યું હતું, એમાં પધરાવવા માટે ત્રણ પ્રતિમાજી તથા એ દેરાસરની લગોલગ એક નાનું દેરાસર શા. રૂપાજી મોતીજીએ બંધાવ્યું હતું, એમાં પધરાવવા માટે બે પ્રતિમાજી—એમ કુલ પાંચ પ્રતિમાજીઓ એમને જોઈતી હતી. આ માટે શા. રૂપાજી મોતીજી તથા શા. દેવચંદજી મોતીજી વગેરે ચાર ભાઈઓએ, શ્રી શત્રુંજય તીર્થ ઉપર જઈને, પાંચ પ્રતિમાજીઓ પસંદ કરી હતી; અને પાંચસો રૂપિયા નકરો લઈને એ પાંચ પ્રતિમાઓ પોતાને આપવાની પેઢી પાસે માગણી કરી હતી. પણ આ પાંચે પ્રતિમાજીઓની કુલ ઊંચાઈ ૭૯ા આંગળ થતી હતી તેથી, ચાલુ નિયમ મુજબ,

એનો નકરો રૂ. ૯૯૨ા થતો હતો. આ અંગે એમની અને પેઢી વચ્ચે પત્રવ્યવહાર થતાં, છેવટે, પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓએ, એ ભાઈઓની માગણી મુજબ, રૂ. ૮૫૧] નકરાના લઈને એમને, એમની પસંદગી મુજબનાં, પાંચ પ્રતિમાજીઓ આપવાનું, તા. ૫–૧૨–૧૮૯૧ના રોજ, નક્કી કર્યું હતું.

**નકરા વગર પ્રતિમાજી આપ્યાં**—દેપલાના મહાજનને, નકરો લીધા વગર, ત્રણ પ્રતિમાજી આપવા બાબત, વહીવટદાર પ્રતિનિધિઓએ, તા. ૧૨–૧૦–૧૮૯૦ ના રોજ, નીચે મુજબ ઠરાવ કર્યો હતો, જે એમની વિવેકી ધર્મદૃષ્ટિનું સૂચન કરે છે—

"દેપલાના માઝનને પ્રતમાજી નંગ ૩ વગર નકરે આપવા પ્રથમ તા. ૧૭ નવેંબર ૧૮૮૭ ના રોજ પાલીટાણે લખેલું છે, વાસ્તે તેમને આપવા જે ત્રણ પ્રતમાજી ગઈ સાલમાં ડુંગર ઊપરથી નીચે ઊતરાવેલી છે, તે પ્રતમાજી નંગ–૩ તેમને વગર નકરે આપવા પાલીટાણે લખવું."

આ ઉપરથી એટલું જોઈ શકાય છે કે, પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓ, ખાસ જરૂર લાગે ત્યારે, સામી વ્યક્તિની પરિસ્થિતિ ઉપર વિવેકપૂર્વક વિચાર કરીને, એને બની શકે તેટલી રાહત પણ આપતા હતા. ચાલુ શિરસ્તામાં આવો અપવાદ કરવાની પાછળ એમની એક જ ભાવના રહેતી કે, જે તે સ્થાનના સંઘને ધર્મની આરાધનાનું આલંબન મળી રહે.

## બીજા કેટલાક દાખલા

મુંબઈના શા. કેસરીચંદ રૂપચંદ, હા. બાઈ મણિકુંવરબાઈએ, શ્રી શત્રુંજય તીર્થ ઉપર, મોટી ટૂંકમાં, એક દેરાસરના રંગમંડપમાં, ચાર પ્રતિમાજીઓ પધરાવવા માટે, ચાર પ્રતિમાઓ તથા જગ્યાના નકરાના, કેસર-સુખડના તથા ગોખલા તૈયાર કરાવી આપવાના—એમ બધાના મળીને રૂ. ૧૮૦૦] આપવાનું કહેલ; તે ઉપરથી, તા. ૨૪–૪–૧૮૯૫ના રોજ, એમની પાસે વધુ રકમની માગણી કરવાનું અને તેઓ વધુ રકમ આપવા માગતાં ન હોય તો, રૂ. ૧૮૦૦માં એમની માગણી મંજૂર કરવાનું ઠરાવવામાં આવ્યું હતું.

મોટી ટૂકમાં, સોથંભિયા દેરાસરની નજીક દેરાસર બાંધવા માટે, ગઢને લગતી ૧૭ ગજ ૧૦ તસુ લાંબી અને ૧૫ ગજ પહોળી જમીન, રૂ. ૩૧૦૦]ના નકરાથી, કપડવંજવાળાં શ્રી માણેકબાઈના ટ્રસ્ટી દોશી શંકરલાલ વીરચંદને આપવાનો, તા. ૯–૭–૧૮૯૫ના રોજ, ઠરાવ કરવામાં આવ્યો હતો.

ઉપર આપેલા થોડાક દાખલાઓ ઉપરથી એટલું તારણ નીકળી શકે છે કે, ગિરિરાજ ઉપર, દેરું કે દેરી બાંધવા માટે જમીનની માગણીને કે મૂર્તિને પધરાવવાની માગણીને મંજૂર કરવા માટે નકરાની રકમ, જે તે માગણીના ગુણ-દોષની વિચારણાને અંતે, નક્કી કરવામાં આવતી હતી. વળી કોઈક વાર આવી માગણી નામંજૂર કરવાનો પણ પ્રસંગ આવતો.

## નકરો પાછો આપીને પ્રતિમાજી પાછાં લીધાનો એક પ્રસંગ

ભાવનગરનું દાદાસાહેબના દેરાસરના નામથી જાણીતું જિનાલય, એક લાખ રૂપિયાના

ખર્ચે, વિ૦ સં૦ ૧૯૫૫ની સાલમાં (સને ૧૮૯૯ના વર્ષમાં) તૈયાર થવા આવ્યું, એટલે, એમાં મૂળનાયક તરીકે બિરાજમાન કરવા માટે, શ્રી શત્રુંજય તીર્થ ઉપર, દાદાની ટૂકમાં, મુખ્ય જિનપ્રાસાદના બહારના મંડપમાં, જમણી બાજુની ચોકી તરફ જતાં, ડાબી બાજુએ એક ગોખલામાં બે પ્રતિમાજી હતાં, તેની પાસે મહાવીરસ્વામીનાં પીળા રંગનાં એક પ્રતિમાજી હતાં તે, એક હજાર રૂપિયાના નકરાથી, આપવાની માગણી, ભાવનગર સંઘની વતી, શેઠ શ્રી જેઠાભાઈ સુરચંદે કરી હતી. આ ઉપરથી, આ પ્રતિમાજી, ભાવનગર સંઘને, રૂ. ૧૫૦૦)ના નકરાથી આપવાનું, તા. ૬–૩–૧૮૯૯ના રોજ, ઠરાવવામાં આવ્યું; સાથે સાથે એ જ તારીખે એમ પણ નક્કી કરવામાં આવ્યું હતું કે, આ પ્રતિમાજીની ખાલી જગ્યાએ, મોદીની ટૂકમાંથી પ્રતિમાજી લાવીને, એને પધરાવવાની કોઈ ગૃહસ્થની માગણી આવે તો, એ જગ્યાના અને પ્રતિમાજીના નકરાની તેમ જ કેસર-સુખડની મળીને કુલ કેટલી રકમ આપવાનું તેઓ કહે છે, તે બાબત પાલીતાણા પુછાવીને, એનો નિર્ણય કરવો.

ભાવનગર સંઘને પ્રતિમાજી આપવાનો ઉપર મુજબ ઠરાવ કરીને, એ પ્રતિમાજી ભાવનગર સંઘને સોંપ્યા પછી, દાદાની ટૂકમાંથી આ પ્રતિમાજી બહાર આપવાથી સંઘનું મન દૂભાયું હોય અને તેથી પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓને એ પ્રતિમાજી પાછી આપી દેવાની ભાવનગર સંઘને ભલામણ કરવાની ફરજ પડી હોય, એમ તા. ૨૩–૪–૧૮૯૯ના પ્રોસિડિંગમાં નોંધાયેલ એક ઠરાવ ઉપરથી જાણી શકાય છે, જે આ પ્રમાણે છે—

"પાલીટાણેથી મુળનાયકજીના રંગમંડપમાંથી જે પ્રતિમાજી ભાવનગર આપવામાં આવેલી છે, તે બાબતમાં સંઘના લોકોને અપ્રતી (અપ્રીતિ) ઊત્પન્ન થઈ છે, અને તે બાબતમાં પાલીટાણે કેટલાક ગૃહસ્થ ભેગા થઈ, અત્રે એ બાબત તેમણે લખાણ મોકલ્યું છે. માટે તેને સારૂ જે લખાણ સહીઓ સાથેનું આવેલું છે, તેની નકલ, આપણા કાગળ સાથે, ભાવનગર મોકલવી અને એ પ્રતમાજી તેઓ પાલીટાણે પાછી મોકલે એવી તેમાં ભલામણ કરવી, એમ એકમતે ઠરાવ કરવામાં આવ્યો."

પણ ઉપર મુજબનો ઠરાવ કરવાથી આ પ્રતિમાજી પાછાં મેળવવાનું કામ ન પત્યું, એટલે પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓએ, એ માટે કોઈ ઉતાવળું પગલું ભરવાને બદલે, શાણપણ અને દૂરંદેશીથી સંઘની દુભાયેલી લાગણી અને પ્રસંગની ગંભીરતાનો પૂરતો વિચાર કરીને, તા. ૧૭–૭–૧૮૯૯ના રોજ, પેઢીની જનરલ કમીટીમાં, નીચે મુજબ ઠરાવ કર્યો હતો—

"ભાવનગરના સંઘવાળાને પ્રતમાજી નકરો લઈ આપવામાં આવી છે. તે પાછી મગાવવા સબંધી પાલીટાણેથી જાત્રાળુઓના કાગલ આવ્યા છે. તથા તે સબંધમાં ભાવનગરના સંઘ તરફથી કાગલો આવ્યા છે. તે કાગલોની નકલો તમામ સ્થાનીક પ્રતીનીધી તથા બીજા મોટા મોટા ગામના સદગ્રહસ્થોને, પત્ર સાથે, મોકલી, તે પ્રતમાજી પાછાં મંગાવવાં કે શી રીતે, તે બાબત સંઘ મેલવી જે ઠરાવ થાય તે લખી જણાવવા લખવું."

આ ઠરાવ પ્રમાણે, આ બાબત સંબંધમાં, સ્થાનિક પ્રતિનિધિઓ વગેરેનો અભિપ્રાય મેળવ્યા બાદ, આ પ્રતિમાજી પાછાં આપવા સંબંધી પત્ર ભાવનગર સંઘ ઉપર લખવા અંગે, તા. ૧૪–૫–૧૯૦૦ના રોજ, પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓએ, નીચે મુજબ ઠરાવ કર્યો હતો—

"ભાવનગર સંઘવાળા પવીત્ર શેત્રુંજા ડુંગર ઊપર મોટી ટુંકમાંથી માહાવીરસ્વામીજીની પ્રતમાજી લેઈ ગયા છે, તે બાબત તા. ૧૭મી જુલાઈ સને ૧૯૯૯ના જનરલ કમીટીના ઠરાવ પ્રમાણે દેશાવરના સ્થાનીક પ્રતીનીધીઓ વગેરેના અભિપ્રાય માગતાં, વધારે અભીપ્રાય તે પ્રતમાજી પાછા લેવા મતલબના આવ્યા છે, વાસ્તે તેઓ જે પ્રતમાજી લઈ ગયા છે, તે પ્રતમાજી પાછા મોકલી આપવાને ભાવનગરના સંઘ ઉપર કાગળ લખવો."

એમ લાગે છે કે, ભાવનગર સંઘને લખવામાં આવેલ આ પત્રનું, પ્રતિમાજી પાછાં મેળવવાની બાબતમાં, અનુકૂળ પરિણામ આવ્યું હતું એમ, વહીવટદાર પ્રતિનિધિઓએ તા. ૨૨–૮–૧૯૦૧ ના રોજ કરેલ, નીચે મુજબના ઠરાવથી જાણી શકાય છે—

"ભાવનગરવાલા જે પ્રતમાજી પવીત્ર સેત્રુંજા ડુંગર ઊપરથી લેઈ ગઆ છે, તે પાછી પાલીટાંણે પહોંચાડેથી તેઓએ નકરાના રૂ. ૧૫૦૦) પંદરસે આપ્યા છે, તે તેમને પાછા આપવા."

આ પછી આ પ્રતિમાજી ભાવનગર સંઘ તરફથી પાછાં મળી ગયાં, તેથી આ પ્રકરણનો અંત આવ્યો, એટલે એ પ્રતિમાજીની ફરી પ્રતિષ્ઠા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો, તે વહીવટદાર પ્રતિનિધિઓના, તા. ૧૫–૧૧–૧૯૦૧ના, નીચે મુજબના ઠરાવથી જાણવા મળે છે—

"શ્રી ભાવનગરથી પાછાં આવેલાં પ્રતમાજીને તેમની મૂલ જગાએ પધરાવવાનું મૂહુર્ત સંવત ૧૯૫૮ના કારતક વદ ૨ બુધવારનું દીવસના કલાક ૧૧–૫૮ મીનીટનું છે, તેના ખબર મોટા મોટા ગામોના આગેવાનોને કાગળ લખી અને છાપામાં છપાવી આપવા."

વહીવટદાર પ્રતિનિધિઓએ તા. ૬–૩–૧૮૯૯ના રોજ ભાવનગર સંઘને પ્રતિમાજી આપવાનો ઠરાવ કર્યો અને ભાવનગર સંઘ એ પ્રતિમાજી પોતાને ત્યાં લઈ ગયો તે પછી તરત જ સંઘમાં એની સામે જે વિરોધ જાગ્યો, તેથી વહીવટદાર પ્રતિનિધિઓએ તા. ૨૪–૪–૧૮૯૯ના રોજ ઠરાવ કરીને એ પ્રતિમાજી પાછી આપવા ભાવનગર સંઘને ભલામણ કરી; પણ તેથી કામ ન પત્યું અને છેવટે, લગભગ અઢી વર્ષ જેટલા લાંબા સમયને અંતે, આ પ્રકરણનો શ્રીસંઘને સંતોષ થાય એવો નિવેડો આવ્યો, તે ઉપરથી સમજી શકાય છે કે ધાર્મિક લાગણીને સ્પર્શતા આવા બહુ જ આળા પ્રશ્નનું સુખદ સમાધાન થાય એ માટે પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓએ કેવી દાખલારૂપ ધીરજ, કુનેહ અને દીર્ઘદષ્ટિથી કામ લીધું હશે !

## નકરા માટે અત્યારના નિયમ

શ્રી શત્રુંજય મહાતીર્થ ઉપર પરોણા દાખલ બિરાજમાન કરેલાં પ્રતિમાઓને એ મહાતીર્થ ઉપર જ અન્ય સ્થાનમાં પ્રતિષ્ઠિત કરવા માટે, અત્યારે, આ પ્રમાણે નકરો લેવામાં આવે છે—

મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત કરવા માટે રૂ. ૧) જગાના નકરાનો; રૂ. ૧૦૦૧) મૂળનાયક ભગવાનના નકરાના અને રૂ. ૧૫૧) કેસર-સુખડના નકરાના—એમ કુલ મળીને રૂ. ૧૧૫૩) લેવામાં આવે છે.

મૂળનાયકની આજુબાજુમાં પ્રતિમાજી પ્રતિષ્ઠિત કરવા માટે રૂ. ૧) જગ્યાના નકરાનો; રૂ. ૫૦૧) પ્રતિમાજીના નકરાના અને રૂ. ૧૫૧) કેસર-સુખડના નકરાના—એમ કુલ મળીને રૂ. ૬૫૩) લેવામાં આવે છે.

૬. આવા થોડાક જાણવા જેવા દાખલા નીચે નોંધ્યા છે—

(૧) તીર્થની આશાતના થતી અટકે અને સંઘની ધાર્મિક લાગણી દુભાય એવો પ્રસંગ ફરી બનવા ન પામે એ અંગે પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓની તા. ૨૨–૩–૧૮૯૬ની સભામાં નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો—

"ડીસા કાંપના જનરલ હોગ સાહેબ તા. ૨૯–૧–૯૬ના રોજ પવીત્ર શેત્રુંજા ડુંગર ઊપર ગયા હતા. ત્યાં તેમણે ખાણું ખાધું હતું. માટે તે બાબત તેમના ઉપર અંગ્રેજી લખાણ કરવું કે આપને સારૂ ખાણું કોના તરફથી આવ્યું હતું અને તેમાં શી શી ચીજો હતી તેનો ખુલાસો આપશો. અને એક લખાણ અંગ્રેજીમાં કાઠીયાવાડના મેહેરબાન પોલીટીકાલ એજંટ સાહેબ ઊપર કરવું કે અંગ્રેજ ગ્રહસ્થો ડુંગર ઊપર જોવા સારૂ જાય છે ત્યારે દરબારવાલા તેમને સારૂ ખાણું મોકલે છે, તેમાં નઠારી ચીજો અમારા ધર્મવીરુધ મોકલે છે તેથી કરીને અમારા શ્રાવક કોમના લોકોના...[મન] ઘણા દુખાય છે માટે ડુંગર ઊપર એવું ...[ખાણું] નહીં મોકલે તેવો બંદાબસ્ત કરશો."

તીર્થની આશાતના થતી રોકવા માટે રાજસત્તાની સાથે પણ કોઈ પણ જાતના ભય કે સંકોચ વગર કામ લેવામાં આવતું હતું, તે ઉપર નોંધેલ પ્રસંગ ઉપરથી પણ જાણી શકાય છે.

(૨) મક્ષીજી તીર્થ અંગે વહીવટદાર પ્રતિનિધિઓએ કરેલ ઠરાવો—

(અ) "મુંબાઇથી કોન્ફરન્સનો કાગળ મક્ષીજીના કેસ બાબત આવ્યો છે. તેના જવાબમાં લખી જણાવવું કે, પંચ નીમીને ઠરાવ લેવા કરતાં આપણી દલીલ રજુ કરી અમલદાર ફેંસલો આપે તે લેવો ઠીક છે, કારણ, પંચથી થશે તો પછી અપીલ સરખી થશે નહીં." (તા. ૧૩–૯–૧૯૦૬)

(આ) આ તીર્થના કેસના ખર્ચ માટે પાંચ હજાર સુધીની રકમ આપવાનો ઠરાવ (તા. ૨૮–૯–૧૯૦૬).

(ઇ) મક્ષીજીનો કેસ ચલાવવામાં થનાર ખર્ચ માટે શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સને રૂ. ૧૫૦૦) આપવાનો અને વધુ રકમની જરૂર પડે તો લખી જણાવવા અંગેનો ઠરાવ (તા. ૧૯–૧૨–૧૯૦૬).

(ઈ) "મુંબાઈથી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનો તા. ૨૮મી જાનેવારી સને ૧૯૦૮નો મક્ષીજીના કેસની મુદત તા. ૮–૨૧–૯૦૮ની છે, તે ઊપર વકીલ બારીસ્ટરને મોકલવા સારૂ રૂપૈઆ આપવા મતલબનો આવ્યો છે તેના જવાબમાં લખવું કે— આશરે કેટલું ખર્ચ થવું અને કોને મોકલવા આપ ધારો છો, તે લખ્યું નથી તો તે હકીકત વિના સમજાય નહીં. પણ મુદત નજીક છે તો ખરચની જરૂર પડશે, માટે પંદરસેથી બે હજાર રૂપૈયા સુધી આ કારખાનામાંથી મદદ કરીશું." (તા. ૩૦–૧–૧૯૦૮)

આ પ્રકરણ સંબંધી વસ્તુસ્થિતિની માહિતી મેળવવા પત્રવ્યવહારની જરૂર હોવા છતાં, એમાં જે વખત જાય, તેને લીધે તીર્થ સંબંધી કેસ ચલાવવામાં આર્થિક મુશ્કેલી ન નડે, એ માટે પેઢીના વહીવટદારો કેવા દીર્ઘદર્શી અને સજાગ હતા, તે વાત ઉપરના ઠરાવ ઉપરથી પણ જોઈ શકાય છે.

(૩) વહીવટદાર પ્રતિનિધિઓએ એમની તા. ૫–૧૨–૧૯૦૭ની સભામાં કરેલ નીચેનો ઠરાવ, જેમ એમની વિવેકદૃષ્ટિનો ખ્યાલ આપે છે તેમ, અટપટા પ્રશ્નોની બાબતમાં જે તે સ્થાનોના સંઘો પેઢીની સલાહ-સૂચનાઓ મંગાવતાં રહેતા હતા, એ હકીકતની પણ સાક્ષી પૂરે છે—

"સીરોઈના સંઘ તરફથી સંવત ૧૯૬૪ના માગસર વદ ૧૨ સોમવાર મીતી મારૂનો કાગળ આવ્યો કે ડીગમ્બરવાળા પ્રતમા માગે છે, તો તે આપવી કે સી રીતે, તથા તે લોકો જુદુ માણસ રાખી ધર્મશાલામાં ઇલાઅદુ કારખાનું કરવા માગે, તો તે આપવું કે સી રીતે તેના સારૂ ખુલાસો આપવાની બાબતનો આવતાં તેના જવાબમાં લખવું કે હમારો વીચાર આપણા દેરામાંથી ડીગમ્બરી પ્રતમા હોય ને તે લોકો લઈ જાય તો આપી દેવા સલાહ બેસે છે; આપણી ધર્મશાલા તેમ કારખાના વીગેરેમાં શ્વેતામ્બર જૈન ભાઈઓ સીવાય કોઈનો હક નથી તેવું ચોકસ હરીશંકરજીને લખી જણાવવું."

આ ઠરાવમાં જે પ્રતિમા દિગંબર ફિરકાની હોય તે એમને આપી દેવાની ભલામણ, પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓની ન્યાયદૃષ્ટિ અને સમાધાનવૃત્તિનું સૂચન કરે છે, એમ કહેવું જોઈએ.

(આ ઠરાવમાં "મીતી મારૂ" લખ્યું છે, તેનો અર્થ મારવાડી તિથિ સમજવી. મારવાડી અને ગુજરાતી તિથિ અને મહિનામાં એ ફરક હોય છે કે, મારવાડી મહિનો વદિ એકમથી શરૂ થાય છે, જ્યારે ગુજરાતી મહિનો સુદિ એકમથી શરૂ થાય છે. એટલે સુદિ પક્ષમાં બન્નેનો એક જ મહિનો હોય છે, અને વદિ પક્ષમાં મારવાડી મહિનો એક મહિનો આગળ હોય છે. આથી સિરોહી સંઘના પત્રની ગુજરાતી તિથિ કારતક વદિ ૧૨ સમજવી.)

(૪) મારવાડમાં સોજત ગામના મુસલમાનોએ તોફાન કર્યું અને એમાં ત્યાંના જૈન દેરાસરનું શિખર વગેરે તોડી નાખ્યું, એ વાતની જાણ થતાં એ ઘટનાની જાતમાહિતી મેળવીને રિપોર્ટ આપવા માટે પેઢી તરફથી મુનીમ જેશંકર વજેશંકરને સોજત મોકલવામાં આવ્યા હતા; અને એમના રિપોર્ટ ઉપરથી તથા એ માટે કોર્ટમાં દાખલ કરવામાં આવેલ કેસ માટે પૈસાની જરૂર હોવાનો ત્યાંના સંઘનો પત્ર આવવાથી, પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓએ, તા. ૮–૭–૧૯૨૦ના રોજ, આ કામ માટે, સોજતના સંઘને રૂ. ૫૦૦) આપવાનો ઠરાવ કર્યો હતો.

(૫) રાજગૃહી તીર્થના કેસમાં સહાય કરવા માટે પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓએ, તા. ૨૨–૭–૧૯૨૫ના રોજ, નીચે મુજબ ઠરાવ કર્યો હતો—

"રાજગીરના કેસના ખરચ માટે રૂ. ૧૦૦૦૦] દસ હજાર સુધી ખર્ચ કરવાને મંજૂરી આપવામાં આવે છે; અને હાલ તુરતને માટે રૂ. ૨૦૦૦] બે હજાર બાબુ રાયકુમારસીંગજી તરફ મોકલવા."

(૬) એ જ રીતે પાવાપુરી કેસમાં નાણાંની જરૂર હોવાના બાબુ ધનુલાલ સુચંતીના પટણાથી આવેલ પત્ર ઉપરથી, એ માટે પાંચ હજાર રૂપિયા ભંડાર ખાતેથી આપવાનું, પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓએ, તા. ૧૫–૫–૧૯૩૦ના રોજ, નક્કી કર્યું હતું.

(૭) વળી શૌરીપુર તીર્થ અંગેના કેસમાં નાણાંની સહાય કરવા સંબંધી નીચે મુજબ ઠરાવ, વહીવટદાર પ્રતિનિધિઓએ, તા. ૧૪–૮–૧૯૩૭ના રોજ, કર્યો હતો—

"શ્રી શૌરીપુરી શ્વેતામ્બર તીર્થ કમીટી તરફથી શેઠ સુગનચંદજીના તા. ૫–૮–૩૭, તા. ૧૨–૮–૩૭ના પત્રો તથા તા. ૧૩–૮–૩૭નો તાર આવેલ છે કે, આ તીર્થને લગતા આગ્રા કોર્ટમાં ચાલતા કેસમાં પૈસાની તાત્કાલીક જરૂર છે. જો પૈસા વખતસર નહિ આવે તો આપણો કેસ બગડવા સંભવ છે. તેથી વધુ ૩૫૦૦]ની મદદ કરવા લખાઈ આવેલ છે. તે કાગળો વગેરે રજુ થતાં ઠરાવ—'સદરહુ કેસમાં પ્રથમ આપણે રૂ. ૫૦૦૦] આપ્યા છે, પરંતુ કેસ ધાર્યા કરતાં વધારે લાંબો ચાલ્યો હોવાથી, તથા કેસની ગંભીરતા અને તીર્થનું મહત્વ જોતાં, બીજા રૂ. ૨૦૦૦] બે હજાર આપવા મંજૂર કરવામાં આવે છે.'"

તીર્થસ્થાનો અંગે ઊભી થયેલી મુશ્કેલી એ ખરી રીતે ધર્મ અને શ્રીસંઘ બન્ને ઉપર આવી પડેલી મુશ્કેલી જ લેખાય. એટલે જ્યારે પણ એવો પ્રસંગ ભૂતકાળમાં ઊભો થતો કે વર્તમાન સમયમાં ઊભો થાય છે ત્યારે, તેના નિવારણ માટે, સહાય મેળવવા વાસ્તે, જે તે સ્થાનના સંઘનું ધ્યાન, સ્વાભાવિક રીતે જ, પેઢી તરફ જાય છે. અને એવા પ્રસંગે પેઢી પણ એ માટે જરૂરી આર્થિક તેમ જ બીજી દરેક પ્રકારની મદદ આપીને સમસ્ત શ્રીસંઘે એનામાં મૂકેલ વિશ્વાસને સાચો ઠરાવે છે. ઉપર નોંધેલ થોડાક દાખલાઓ પણ આ વાતની સાક્ષી પૂરે છે.

૭. પાલીતાણામાં પેઢી હસ્તક જ્યાં વર્ષીતપનાં પારણાં થાય છે, તે વંડાના નામે ઓળખાતી વિશાળ પટાંગણવાળી ઘણી મોટી ધર્મશાળા, હજારીનિવાસ ધર્મશાળા અને પાંચ બંગલાના નામે આધુનિક સુવિધા ધરાવતા ૨૦ બ્લૉકોવાળી ધર્મશાળા છે. ઉપરાંત પોતા હસ્તકનાં શ્રી ગિરનાર, તારંગા, કુંભારિયા, સેરિસા-વામજ, રાણકપુર, મક્સિજી, રાતા મહાવીર અને ચિત્તોડગઢમાં પણ પેઢીએ ધર્મશાળાઓ બંધાવી છે; અને તારંગા, સેરિસા, કુંભારિયા અને રાણકપુરમાં તો ચાલુ ધર્મશાળાઓ ઉપરાંત વર્તમાન સમયની સગવડોવાળી બ્લૉક પદ્ધતિની ધર્મશાળાઓ પણ બંધાવી છે. વળી, રાણકપુરમાં યાત્રિકો અને પ્રવાસીઓની ઉત્તરોત્તર વધતી જતી સંખ્યાને ઊતરવાની સગવડ આપવામાં ચાર-ચાર ધર્મશાળાઓ ઓછી પડતી હોવાથી, અત્યારે ત્યાં પાંચમી મોટી ધર્મશાળા પણ તૈયાર થઈ રહી છે.

ધર્મશાળાઓ ઉપરાંત રાણકપુર, કુંભારિયાજી અને મક્સીજી તીર્થમાં પેઢી તરફથી

ભોજનશાળા પણ ચાલે છે. (શ્રી સેરિસા, ગિરનારની તળેટી અને તારંગાજીમાં પણ ભોજન-શાળાઓ ચાલે છે, પણ તેનો વહીવટ પેઢી નહીં પણ બીજી સંસ્થાઓ સંભાળે છે.)

૮. ગિરિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થની તળાટીમાં પેઢી તરફથી આપવામાં આવતા ભાતા ઉપ-રાંત, શ્રી ગિરનાર અને તારંગા તીર્થમાં પણ, ચોમાસા સિવાયના સમયમાં, પેઢી તરફથી ભાતું આપવામાં આવે છે.

૯. પવિત્ર શત્રુંજય પહાડ ઉપર હજારો યાત્રિકો માટે નાહવાના ગરમ પાણીની સગવડ કરવામાં હમણાં હમણાં તો બળતણની પણ તંગી વરતાવા લાગી છે; અને સાથે સાથે, બળતણને નીચેથી પાણી ગરમ કરવાના સ્થાને પહોંચતું કરનાર મજૂરો મેળવવામાં યા તો મુશ્કેલી પડે છે, અથવા તો એ માટે ઘણું જ ખર્ચ કરવું પડે એવી પરિસ્થિતિ ઊભી થતી જાય છે; ક્યારેક તો આ પરિસ્થિતિ એવી વિકટ બની જાય છે કે, આ માટે પૂરતું ખર્ચ કરવા છતાં જરૂરી ગોઠવણ સમયસર કેવી રીતે કરી શકાશે એની વિમાસણ ઊભી થાય છે—અલબત્ત, અત્યાર સુધી તો યાત્રિકોને ફરિયાદ કરવાપણું ન રહે એ રીતે આ ગોઠવણ પેઢી તરફથી, ગમે તેમ કરીને, થતી જ રહી છે. પણ આ ચિંતાકારક સ્થિતિનો કાયમને માટે ઉકેલ આવી જાય એટલા માટે સૂર્યના તાપના ઉપયોગ દ્વારા પાણી ગરમ થઈ શકે એવું સૌર યંત્ર શત્રુંજય ગિરિરાજ ઉપર ગોઠવવાની વિચારણા અત્યારે ચાલી રહી છે. અને ગિરનારના પહાડ ઉપર તો, કેટલાંક વર્ષથી, નાહવા માટેનું પાણી ગરમ કરવા માટે યાંત્રિક ગોઠવણ થઈ પણ ગઈ છે.

વળી બન્ને પહાડો ઉપર પહોંચવાના માર્ગોમાં, યાત્રિકો પોતાની તરસ છિપાવી શકે એ માટે, જેમ ઠંડા પાણીની પરબો ગોઠવવામાં આવી છે, તેમ ઉકાળીને ઠંડા કરેલા પાણીની પણ એ પરબોમાં પૂરી સગવડ રાખવામાં આવે છે. આ વ્યવસ્થા બરાબર સચવાય એ માટે જે કંઈ ખર્ચ કરવું પડે તે કરવામાં આવે છે, એ તો ખરું, પણ મજૂરો વગેરે મેળવવાની મુશ્કેલીને કારણે આ વ્યવસ્થામાં કોઈ જાતની ખામી આવવા ન પામે એની પૂરતી અગમ-ચેતી અને તકેદારી રાખવામાં આવે છે. આ વ્યવસ્થા સરખી રીતે સચવાય એ માટે કરવા પડતા ખર્ચમાં તેમ જ મજૂરો મેળવવામાં પડતી મુશ્કેલીમાં પણ, પલટાયેલી પરિસ્થિતિને કારણે, ઉત્તરોત્તર વધારો જ થતો જાય છે, એ સ્પષ્ટ છે. પણ એને કારણે યાત્રિકોને પીવાના પાણીની બાબતમાં કોઈ પણ જાતની તકલીફ વેઠવી ન પડે, એનો અગાઉથી જ વિચાર કરીને જરૂરી પગલાં, સમયસર, ભરવામાં આવે છે.

૧૦, ૧૧, ૧૨. પેઢી હસ્તકના પાલીતાણા પાસેના છાપરિયાળી ગામમાં ચાલતી જીવદયા અને પ્રાણી-રક્ષાની કામગીરી, પાલીતાણાની પેઢીની પાંજરાપોળ અને ઓડાઢોરના ચરાણ માટે પેઢીએ વેચાણ લીધેલી જમીનની વિગતો, એને લગતા દસ્તાવેજો સાથે, "છાપરિયાળી ગામ અને પેઢીની જીવદયાની કામગીરી" નામે આ ગ્રંથના ૧૫ મા પ્રકરણમાં આપવામાં આવી છે, એટલે એની વિગતો અહીં આપવામાં આવી નથી.

૧૩. પોતા હસ્તકનાં જુદાં જુદાં ધાર્મિક કે ધર્માદા ખાતાંનાં નાણાંની બરાબર સાચવણી થતી રહે, અને ક્યારેક એ જોખમમાં મુકાઈ જાય એવી ચિંતાજનક સ્થિતિ ઊભી થવા પામી હોય ત્યારે પણ, એ જોખમમાંથી પૂરેપૂરા બચી જવાય અથવા પેઢીને ઓછામાં ઓછું આર્થિક

નુકસાન વેઠવું પડે, એ માટે પેઢીને કેટલું જાગ્રત રહેવું પડે છે, અને કોઈક વાર તો, ધર્મબુદ્ધિ અને પાપભીરુતાથી પ્રેરાઈને, એક ધર્મકર્તવ્ય તરીકે, સામી વ્યક્તિ નારાજ થાય એવી, કેવી કેવી કપરી કામગીરી બજાવવી પડે છે, એની ખૂબ જાણવા જેવી તેમ જ જાહેર સંસ્થાઓએ અનુકરણ કરવા જેવી માહિતી આ ગ્રંથના "નાણાંની સાચવણીની કપરી કાર્યવાહી" નામે ૧૪મા પ્રકરણમાં રજૂ કરવામાં આવી છે.

૧૪. બાઈ મેનાએ, આ બાબતમાં, તા. ૧૪–૩–૧૯૦૪ સોમવાર (વિક્રમ સં૦ ૧૯૬૦, ફાગણ વદિ ૧૩) ના રોજ, તે વખતના વડોદરા રાજ્યની હકૂમતવાળા વીજાપુર ગામની કોર્ટમાં, કરી આપેલા દસ્તાવેજમાંનું થોડુંક લખાણ આ પ્રમાણે છે—

"શ્રી પાલીટાણાની શેઠ આણંદજી કલ્યાંણજી પેઢીનો વહીવટ કરનાર પ્રતીનીધી ૧. શેઠ લાલભાઈ દલપતભાઈ તથા ૨. શેઠ જેશંગભાઈ હઠીસંગ તથા ૩. શેઠ મનસુખભાઈ ભગુભાઈ તથા ૪. શેઠ ચમનલાલ નગીનદાસ તથા ૫. ઝવેરી વાડીલાલ વખતચંદ તથા ૬. વકીલ સાંકલચંદ રતનચંદ તથા ૭. વકીલ હરીલાલ મંછારામ......સરવે અમદાવાદનાં જોગ લખી આપનાર પારસાત બાઈ મેનાં શા. હાથી ઊગરચંદની વીધવા ઓરત.........કસબે વીજાપુર તાબે પ્રાંત કડી રાજ્ય વડોદરાની; ગામમાં વહીવટદાર કચેરીથી તલાવ ઉપર જવાનાં રસ્તાની દક્ષણાદી બાજુએ દુકાન નંગ ૧ છે.......તે દુકાન આશરે કીમત રૂ. ૧૦૦] અંકે એકસો કલદારની છે. તે દુકાન હું આજરોજે પાલીટાણાનાં શેત્રુંજય ડુંગરની જાત્રાએ આવનારો પૈકી ઊકાલેલું પાણી પીનારાઓ માટે તમારી પેઢી તરફથી ઊકાલેલા પાણીની પરબ ચાલે છે તે પરબમાં આપું છું. .........તે અમોને અમારા વાલી વારસો સહ કબુલ મંજૂર છે. તારીખ ૧૬–૩–૧૯૦૪." (આમાં દસ્તાવેજની શરૂઆતમાં તા. ૧૪–૩–૧૯૦૪ નોંધી છે અને અહીં અંતમાં તા. ૧૬–૩–૧૯૦૪ લખી છે, તે દસ્તાવેજ લખ્યાની અને એની નોંધણી કરાવ્યાની તારીખો છે, એમ સમજવું.)

આવા ધર્મકાર્યમાં રકમ નાની હોય કે મોટી એનું એટલું મહત્ત્વ નથી લેખાતું, જેટલું મહત્ત્વ એની પાછળની ભાવનાનું હોય છે. અને અહીં તો આ પ્રસંગમાં શ્રીસંઘ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઉપર કેવો વિશ્વાસ ધરાવે છે, એ વાત પણ વિશેષ નોંધપાત્ર છે.

૧૫. "ધરમાદાનું વીલ" નામે આ વીલનું થોડુંક લખાણ નીચે આપવામાં આવે છે—

"સંવત ૨૦૦૭ના અસાડ વદ ૭ ને વાર બુધ તા. ૨૫ માંહે જુલાઈ સને ૧૯૫૧ના દીને સાબરકાંઠા જીલ્લાના ઇડર સ્ટેટ તાલુકા તાબાના વડાલી ગાંમના રહીસ દોસી ચુનીલાલ રખચંદ ઊ. આ. વ. ૬૨......મારી પાછળ પુત્ર, પુત્રી–સંતતી નથી તેમ જ મારાં સ્ત્રી પણ ગુજરી ગએલ છે અને હાલમાં હું એકલાપણે હોઈ મારી હાલમાં ગણા જ દિવસથી તબીયત નાદુરસ્ત રહે છે. .........મારી હયાતી બાદ મારી મીલકતની કોઈ રીતે ગેરવ્યવસ્થા ન થાય અને સારા મારગે ધરમાદામાં ઉપયોગ થાય તે કારણસર આ લેખ કરું છું.

"હાલના હીસાબે હાલમાં મારી પાસે નીચે મુજબની મીલકત છે. ....................

"તેની નીચે પ્રમાણે વ્યવસ્થા કરવા સારૂ મારા ભરૂસાના સેઠ આણંદજી કલ્યાણજી

અમદાવાદના જૈન શ્વેતામ્બર મુર્તિપૂજક જૈન કોમના પ્રતિનીધીને મારી મીલકતના વહીવટદાર નીમુ છું તો જે જે વખતે મજકુર પેઢીના જે જે ટ્રસ્ટીઓ હોય તેમણે મારી હયાતી બાદ મારી જે જ મીલકત બચત હોય તે પોતાના કબજે લેવી અને તે વેચી હરાજ કરી તેની જે રકમ ઉપજે તે રકમની અને તેની વ્યવસ્થા નીચે જણાવ્યા પ્રમાણે કરવી ધરમાદામાં કરવી—

"૧. મારી બચત રહેલ મીલકતનો ૧/૪ ભાગ ગાયોના ઘાસચારા (ચારા)માં વાપરવો.

"૨. તથા ૧/૨ ભાગ કબુતરાંને દાંણા નાખવામાં વાપરવો.

"અને ૧/૪ ભાગ ઊંચ કોમના સાધરમી ગરીબ માણસોને ખાવા માટે અનાજ આપવામાં તથા જીવ છોડાવવાના કામમાં વાપરવા."

આ વીલ કરનાર શ્રી ચુનીભાઈએ પોતે જ શેઠ આણંદજી કલ્યાણજી ઉપર પોતાનો ભરોસો હોવાનું લખ્યું છે, એ જ બતાવે છે કે, એમણે પોતાના વીલનો અમલ કરવાનું કામ પોતાના કોઈ મિત્ર, સગા કે સ્નેહીને ન સોંપતાં પેઢીને પૂરી સમજણ અને પૂરા ઈતબારથી સોંપ્યું હતું.

શ્રી ચુનીભાઈ દોશીએ કરેલ આ વીલમાંનું એક વાક્ય એમની ઉદારતા અને દયાભાવનાનો ખ્યાલ આપે એવું છે, તેથી તે અહીં નોંધવા જેવું છે, જે આ પ્રમાણે છે: "તે સીવાયનું બીજુ જે લેણું લોકવુ વસુલ કરવાનું બાકી હોય તે તમામ લોકવુ લેણુ મારી હયાતી પછી કોઈએ લોકો પાસેથી વસુલ કરવાનું નથી." ("લોકવુ લેણું" એટલે લોકો પાસેનું લેણું.)

૧૬. વિ૦ સં૦ ૨૦૧૨ના શ્રાવણ વદિ ૮, તા. ૧૩–૭–૧૯૫૫ના રોજ લખેલ અને તા. ૧૮–૭–૧૯૫૫ ના રોજ સરકારી દફતરમાં રજીસ્ટર કરવામાં આવેલ પોતાના વસિયતનામા (વીલ)માં શ્રી પન્નાલાલજી સોનીએ લખ્યું છે કે—

**"मनके पन्नालाल वल्द लिछमनदास जात सुनार साकिन जैसलमेरका हूँ :—**

**"मेरी उमर अब करीबन ७८ सालकी हो चुकी है। जिन्दगीका कोई भरोसा नहीं है। मेरे कोई औलाद नहीं है, न कोई मेरा वारिस ही है।... ...मैं चाहता हूँ कि मैं मेरी जिन्दगीमें ही मेरी जायदादका इन्तजाम कर जाऊं। मैंने एक वसियतनामा ता: २९–७–४३ को लिखाया जो सदर अदालत रियासत जैसलमेरमें रजिस्ट्री कराया था जिसको बदल कर आज यह दूसरा वसियतनामा लिखा देता हूँ। पहिले वाला वसियत अब बेअसर समझा जावे।"**

(પોતાના આ વસિયતનામાના અમલ માટે પોતે પાંચ ટ્રસ્ટીઓની નિમણૂક કરતા હોવાનું લખીને એમનાં નામો લખ્યાં છે.) તે પછી તેઓ લખે છે કે—

**"......मेरा मरनाका खर्चा करनेके बाद जो भी जायदाद बाकी बचेगी उसमेंसे आधी जायदाद श्री १०८ बाबा कालीकमली वाला रामनाथजी क्षेत्र हृषीकेस, हृषीकेस जिला देहरादूनके यहाँ भेज देवेंगे और आधी जायदाद सेठ आनन्दजी कल्यांणजीनी शा. आ (शाखा) पेढी पालीतणानी जैन स्वेतांम्बर पेढी पालीतणाके यहाँ भेज देवेंगे। श्री बाबा कालीकमली वालेके यहाँ और श्री पालीतणामें मेरे खाते हैं, उन्ही खातोंमे मेरी जायदाद या उसकी कीमतके**

**रुप्ये जमा कराये जावेंगे और उस रकमका जो ब्याज आवेगा वह धर्मार्थ लगाया जावेगा । अगर ट्रस्टी या कोई भी सख्स उपर लिखी मुख्य बातोंमें बाधा डालेंगे तो वे धर्मसे विमुख होंगे ।"**

(**અર્થ**—હું લિછમનદાસનો પુત્ર પન્નાલાલ, જાતે સોની અને રહેવાસી જેસલમેરનો છું. મારી ઉંમર અત્યારે આશરે ૭૮ વર્ષની થઈ ચૂકી છે. જિંદગીનો કોઈ ભરોસો નથી. મારે કોઈ સંતાન નથી, મારો કોઈ વારસદાર નથી. ...હું ઇચ્છું છું કે, મારી હયાતીમાં જ મારી મિલકતની વ્યવસ્થા કરતો જાઉં. મેં, તા. ૨૯–૭–૪૩ના રોજ, એક વસિયતનામું લખાવ્યું હતું અને તે જેસલમેર રાજ્યની અદાલતમાં રજિસ્ટર કરાવ્યું હતું. એને બદલીને આજે આ બીજું વસિયતનામું લખાવી દઉં છું. હવે પહેલું વસિયતનામું નકામું સમજવામાં આવે." ... ...(પોતાના આ વસિયતનામાના અમલ માટે પોતે પાંચ ટ્રસ્ટીઓની નિમણુક કરતા હોવાનું લખીને એમનાં નામો લખ્યાં છે. તે પછી તેઓ લખે છે કે—) "મારા મરણનું ખર્ચ કર્યા પછી જે કંઈ મિલકત બાકી બચશે, એમાંથી અડધી મિલકત શ્રી ૧૦૮ બાબા કાલી-કમલીવાલા રામનાથજી, ક્ષેત્ર હૃષિકેશ, મુ. હૃષિકેશ, જિલ્લો દેહરાદૂન—એને મોકલી આપવી; અને અડધી મિલકત શેઠ આણંદજી કલ્યાણજીની પાલીતાણાની શાખા પેઢી જૈન શ્વેતાંબર પેઢીને પાલીતાણા મોકલી આપવી. શ્રી બાબા કાલીકમલીવાલાને ત્યાં તથા શ્રી પાલીતાણામાં મારાં ખાતાં છે, એ ખાતાંમાં જ મારી મિલકત અથવા એટલી કિંમતના રૂપિયા જમે કરાવવામાં આવે અને એ રકમનું જે વ્યાજ આવે તે ધર્મના કામમાં વાપરવામાં આવે. જો ટ્રસ્ટી કે કોઈ પણ શખ્સ ઉપર લખેલી વાતોમાં અંતરાય નાખશે, તો તેઓ ધર્મથી વિમુખ થશે.)

આ વસિયતનામું કર્યા પછી આશરે સોળ મહિના બાદ, વિ૦ સં૦ ૨૦૧૩ના કારતક સુદિ પૂનમના દિવસે, શ્રી પન્નાલાલજી સોનીનો સ્વર્ગવાસ થયો હતો. આ હકીકત એમના વસિયતનામાના એક ટ્રસ્ટી, જેસલમેરના શ્રી જોહારમલજી ભણસાળીએ, તા. ૨૬–૧૧–૧૯૫૬ ના રોજ, અમદાવાદ, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઉપર લખેલ પત્રથી જાણી શકાય છે. આ પત્રમાં આ સમાચાર તથા એમના વસિયતનામાના અમલ અંગે કરવાની કાર્યવાહીનો નિર્દેશ કરવા ઉપરાંત, પત્ર પૂરો કર્યા પછી, એમણે આ પ્રમાણે નોંધ કરી છે: "**पनालाल S/o लछमनदास सोनार वही पार्टी है, जीसने पहिले भी आपको रु. ३०००) रुपये भेज कर आपके वहां खाता खोला था ।**" (અર્થાત્ લછમનદાસ સોનીના પુત્ર પનાલાલ એ જ વ્યક્તિ છે, જેમણે પહેલાં પણ, આપના ઉપર રૂ. ૩૦૦૦) મોકલીને આપને ત્યાં ખાતું ખોલાવ્યું હતું.)

શ્રી જોહારમલજી ભણશાળીના પત્રમાંના આ ઉલ્લેખથી એમ જાણી શકાય છે કે, શ્રી પન્નાલાલજી સોનીએ પોતાનું વસિયતનામું કર્યું તે પહેલાંથી તેઓ પેઢીના નામ અને કામથી પરિચિત તથા પ્રભાવિત થયા હતા.

શ્રી પન્નાલાલજીના સ્વર્ગવાસ પછી, એમના વસિયતનામામાં જણાવ્યા મુજબ, એમની મિલકતની વહેંચણી કરવાની કાર્યવાહી માટે, કાયદેસર વિધિ પતાવવામાં, આશરે સાડા ત્રણ વર્ષ કરતાં પણ વધારે સમય વીતી ગયો. અને છેવટે એમની મિલકતના અડધા ભાગના રૂ. ૩૩૪૪૮–૩૬ નવા પૈસા, તા. ૨૧–૬–૧૯૬૦ના રોજ, પેઢીને મળી ગયા હતા. (આમાં રૂ. ૩૩૪૦૦–૦૦ બેંકના ડ્રાફ્ટથી અને રૂ. ૪૮–૩૬ મનિઑર્ડરથી આવ્યા હતા.)

આ ગ્રંથના પૃ૦ ૧૨૯ ઉપર આ રકમ રૂ. ૩૩૪૪૯–૯૦ પૈસા જેટલી પેઢીને મળી હોવાનું લખ્યું છે, તેનો ખુલાસો આ પ્રમાણે છે: સ્વર્ગસ્થ શ્રી પન્નાલાલ સોનીની કુલ મિલકત રૂ. ૬૭૦૦૦) બે સરખે ભાગે વહેંચવાની થતી હતી. એ હિસાબે શેઠ આણંદજી કલ્યાણજીના ભાગે રૂ. ૩૩૫૦૦)ની રકમ આવતી હતી. આમાંથી રૂ. ૩૩૪૦૦)ના બેંક ડ્રાફ્ટના કમીશનના રૂ. ૫૦–૧૦ તથા રૂ. ૧–૫૪ રજીસ્ટર તથા મનિઓર્ડર વગેરેના ટપાલ ખર્ચના મળીને કુલ રૂ. ૫૧–૬૪ બાદ જતાં પેઢીને બાકીના રૂ. ૩૩૪૪૮–૩૬ મળ્યા હતા. અને વીલમાં સૂચવ્યા મુજબ પેઢીના પાલીતાણાના ચોપડામાં પણ આટલી રકમ જ જમા કરવામાં આવેલી છે.

આ રકમ મળી ગયા પછી પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓએ, એના વ્યાજના ઉપયોગ અંગે તથા એ મૂડીના રોકાણ અંગે, આ પ્રમાણે બે ઠરાવ કર્યા હતા—

**આવકનો ઉપયોગ:**—"જેસલમેરના સોની પનાલાલ લછમણદાસના વીલ મુજબ રૂ. ૩૩૪૪૮–૩૬ અંકે રૂપીયા તેત્રીસ હજાર ચારસો અડતાલીસ અને છત્રીસ નયા પૈસા આવેલા છે. તેનું વ્યાજ ધર્માર્થે વાપરવાનું છે. તેથી ઠરાવવામાં આવે છે કે આ રકમનું વ્યાજ દર વર્ષે છાપરીયાળી પાંજરાપોળમાં જીવદયા ખાતે વાપરવા માટે આપવું." (તા. ૧૬–૭–૧૯૬૦)

શ્રી પન્નાલાલજી સોનીને જીવદયાનાં કામો ઉપર વિશેષ ભાવ હતો એટલે એમની ભાવનાને ન્યાય આપવા પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓએ કેટલો ખ્યાલ રાખ્યો હતો, તે આ ઠરાવ ઉપરથી જાણી શકાય છે.

**મૂડીનું રોકાણ:**—"જેસલમેરના સુનાર પનાલાલ લછમનદાસના વીલથી ધર્માર્થે વાપરવા રૂ. ૩૩૪૪૮–૩૬ મળેલા છે, અને જેનું વ્યાજ છાપરિયાળી પાંજરાપોળમાં જીવદયા ખાતે વાપરવા તા. ૧૬–૭–૬૦ના રોજ ઠરાવ કરેલો, તે રકમમાંથી ૬.૩ ટકાના ટેક્ષ ફ્રી ન્યુ સ્ટેન્ડર્ડ એન્જીનીયરીંગ કંપનીના ૩૪૦ ત્રણસો ચાલીસ પ્રેફરન્સ શેર ખરીદવા મંજૂર કરવામાં આવે છે." (તા. ૨૭–૮–૧૯૬૦)

શ્રી પન્નાલાલજી સોની જન્મે જૈન નહીં હોવા છતાં એમને જૈનધર્મ ઉપર શ્રદ્ધા કેવી રીતે જાગી હશે અને એમને પોતાની અડધી મિલકત એક જૈન સંસ્થાને આપવાની જોગવાઈ પોતાના વસિયતનામામાં કરવાનો વિચાર કેવી રીતે આવ્યો હશે, એની જિજ્ઞાસા મને સહજપણે જ થઈ. એટલે, પરમપૂજ્ય મુનિરાજ શ્રી શીલચંદ્રવિજયજી મહારાજ મારફત, "શ્રી જૈસલમેર લૌદ્રવાપુર પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર ટ્રસ્ટ, જૈસલમેર"ના નવી દિલ્લીમાં રહેતા એક ટ્રસ્ટી શ્રી નેમચંદજી કન્હૈયાલાલજી બુરડનો સંપર્ક સાધતાં આ બાબતમાં, એમના તા. ૭–૧૦–૧૯૭૯ના પત્ર દ્વારા, જે માહિતી મળી, તે નીચે મુજબ છે—

"શ્રી પન્નાલાલજી સોની અજૈન (વૈષ્ણવ ધર્માવલંબી) હતા, પરંતુ જૈન મુનિઓનાં વ્યાખ્યાનો સાંભળવાથી તથા એમના સંપર્કમાં રહેવાથી એમને જૈનધર્મ ઉપર અતૂટ શ્રદ્ધા થઈ હતી."

આ ઉપરાંત શ્રી બુરડજીએ એમના તા. ૨૪–૧૨–૧૯૭૯ના પત્રમાં જણાવ્યું હતું કે—

"સ્વ૦ શ્રી પન્નાલાલજીના પિતા જૈનધર્મ ઉપર શ્રદ્ધા ધરાવતા હતા, તેથી સ્વ૦ શ્રી પન્નાલાલજીમાં પણ નાનપણથી એ જ સંસ્કાર પડ્યા હતા. જીવનભર તેઓ શાકાહારી રહ્યા હતા; અને મંદિર વગેરેના દર્શન માટે જતા હતા."

શ્રી બુરડજીના આ ખુલાસાથી શ્રી પન્નાલાલજી સોનીને પોતાના વસિયતનામામાં પોતાની અડધી સંપત્તિ એક જૈન સંસ્થાને આપવાની પોતાની ઇચ્છા હોવાનું લખવાનો વિચાર શાથી આવ્યો હશે તેનો ખુલાસો તો મળી ગયો; પણ પોતાની અડધી સંપત્તિનું દાન, રાજસ્થાનની જ કોઈ જૈન સંસ્થાને આપવાનો વિચાર આવવાને બદલે, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની છેક પાલીતાણા શાખાને આપવાનો વિચાર શાથી આવ્યો હશે, તેનો ખુલાસો મેળવવાનો બાકી રહી જતો હતો. આ જિજ્ઞાસાને સ્પષ્ટ રૂપમાં સંતોષે એવો ચોક્કસ ખુલાસો મેળવવાનો પ્રયત્ન કરતાં જે આછો-પાતળો ખુલાસો મળી શક્યો છે, તે અહીં નોંધવો ઉચિત લાગે છે, જે આ પ્રમાણે છે—

પરમપૂજ્ય આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ, જેસલમેરના ભંડારોના ઉદ્ધાર માટે, વિ૦ સં૦ ૨૦૦૬ના માહ માસમાં, જેસલમેર પહોંચ્યા હતા અને વિ૦ સં૦ ૨૦૦૭ના જેઠ મહિના સુધી એટલે આશરે સોળ મહિના સુધી, ત્યાં રોકાયા હતા. આ અરસામાં શ્રી પન્નાલાલજી સોની એમના સંપર્કમાં આવ્યા હોય, અને તેથી અથવા તેઓશ્રીની ભલામણથી, એમને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની પાલીતાણા શાખાને દાન આપવાનો વિચાર આવ્યો હોય, એ બનવા જોગ છે. આ અંગે પરમપૂજ્ય મહારાજજીની સાથે જેસલમેરમાં રહેલા પંડિત શ્રી અમૃતલાલ મોહનલાલ ભોજકને પૂછતાં શ્રી પન્નાલાલજી સોની મહારાજશ્રી પાસે આવતા હોવાનું પોતાને કંઈક આછું સ્મરણ હોવાનું એમણે કહ્યું છે. વળી શ્રી નેમચંદજી બુરડે, આ બાબતમાં, પોતાના તા. ૩૦–૯–૧૯૭૯ના પત્રમાં લખ્યું હતું કે "એ બનવા જોગ છે કે, પરમપૂજ્ય આચાર્ય પુણ્યવિજયજીથી પ્રભાવિત થઈને (એમણે) આણંદજી કલ્યાણજીની પેઢીને દાન આપ્યું હોય."

શ્રી પન્નાલાલજી સોનીના વસિયતનામાના એક ટ્રસ્ટી શ્રી જોહારમલજી ભણશાળીએ, પેઢીને, તા. ૨૬–૧૧–૧૯૫૬ના રોજ લખેલ પત્રનો, આ નોંધમાં, ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે; એમાં શ્રી પન્નાલાલજી સોનીએ પોતાનું વસિયતનામું કર્યા પહેલાં પેઢીની પાલીતાણા શાખાને જ ત્રણ હજાર રૂપિયા મોકલ્યા હોવાનું જણાવવામાં આવ્યું છે, તે બાબત પણ, સંભવ છે કે, આવો નિર્ણય કરવામાં ઉપયોગી બને.

એ ગમે તેમ હોય, અહીં મુદ્દાની વાત એ છે કે, જેસલમેર જેટલા દૂરના સ્થાનમાં રહેતા, સોની જ્ઞાતિના એક અજૈન ધર્માનુરાગી સદ્‌ગૃહસ્થનો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ એવો વિશ્વાસ સંપાદન કર્યો હતો કે, જેથી એમણે પોતાની અડધી મિલકતનું પેઢીને દાન આપવાની ગોઠવણ પોતાના વસિયતનામામાં કરી હતી.

## પેઢીની વિશ્વસનીયતાનો એક વધુ પુરાવો

છેક આગરા શહેરના એક દેરાસરના ટ્રસ્ટીને પણ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઉપર કેટલો બધો વિશ્વાસ હતો, તે પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓએ, તા. ૩–૧૨–૧૯૫૫ના રોજ, કરેલ નીચે મુજબના ઠરાવ ઉપરથી જાણી શકાય છે—

"આગ્રાથી શ્રી ગોડીજી પાર્શ્વનાથ તથા શ્રી સીમંધર સ્વામીના દેરાસરના ટ્રસ્ટી લાલા ચાંદમલજી દલાલ તરફથી તે મંદીરના રૂા. ૧૧૮૮૭–૧૩–૬ તેમની પાસે જમા હતા, તે અત્રે મોકલવામાં આવેલ છે, તે હકીકત રજુ થતાં ઠરાવ કે—'ઉપરના રૂપીઆની સને ૧૯૬૦ની પોણા ત્રણ ટકાની રૂા. ૧૨૦૦૦)ની લોન લેવી અને તે, પેઢીના ઠરાવ મુજબના વહીવટદાર

પ્રતિનિધિઓના નામ પર ચડાવવી અને તે રકમ તથા તેનું વ્યાજ આગ્રાના શ્રી ગોડીજી પાર્શ્વનાથ તથા શ્રી સીમંદર સ્વામીના દેરાસરના ટ્રસ્ટીઓને તે દેરાસરના ખર્ચમાં વાપરવા માટે આપવું.' "

અને આ પછી છએક મહિના બાદ જ, આ દેરાસરના વહીવટકર્તા બદલાતાં, એમણે દેરાસરની રકમ પાછી માગતાં, એ અંગે કશી હા-ના કર્યા વગર, એ રકમ પાછી આપવાની જોગવાઈ, તરત જ કેવી રીતે કરવામાં આવી, તે વહીવટદાર પ્રતિનિધિઓએ તા. ૫-૫-૧૯૫૬ ના રોજ કરેલ નીચે મુજબના ઠરાવથી જાણવા મળે છે—

"આગ્રાથી શ્રી દીવાનચંદ જૈનનો તા. ૧૮-૪-૫૬નો પત્ર રજુ થતાં ઠરાવ કે—'આગ્રાના શ્રી ગોડીજી પાર્શ્વનાથના તથા શ્રી સીમંદર સ્વામીના દેરાસર ખાતાની સને ૧૯૬૦ની પોણા ત્રણ ટકાની રૂા. ૧૨૦૦૦)ની બાર હજારની લોન અમદાવાદ કેસર સુખડ ખાતે, બજાર ભાવે, વેચાણ રાખી લેવા મંજૂર કરવામાં આવે છે.' "

## વિશ્વાસ મૂકી વિશ્વાસ જીતવાનો એક પ્રસંગ

પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓએ, તા. ૨૪-૧૨-૧૯૬૦નો કરેલ ઠરાવ, ભાવિક યાત્રિક ક્યારેય ખોટું બોલે જ નહીં એવો પાકો વિશ્વાસ એમને હોવાની સાક્ષી પૂરે છે. અને જ્યારે પેઢી યાત્રિક ઉપર આવો દૃઢ વિશ્વાસ ધરાવતી હોય ત્યારે, એના એક સહજ પરિણામ રૂપે, શ્રીસંઘ પેઢી ઉપર પૂરેપૂરો વિશ્વાસ ધરાવે એમાં શી નવાઈ? આ ઠરાવ આ પ્રમાણે છે—

"સંવત ૨૦૧૭ના માગશર સુદ ૩નું ભાતું "શેઠ કસ્તુરભાઈ ચંદુલાલ ચુનીલાલ ઠે. ધાંચીની પોળ અમદાવાદ"ના નામથી વ્હેંચવામાં આવેલું. તેમાં રૂ. ૫૭૩-૮૦ ખર્ચ થએલું. પરંતુ શેઠ મજકુરને આંકડો મોકલતાં તેઓ જણાવે છે કે તેમની તરફથી ભાતુ વ્હેંચવા તેમણે સુચના આપેલી નથી. તેથી આ ખર્ચ માટે તેઓ જવાબદાર નથી. આ હકીકત ધ્યાનમાં લેતાં મજકુર ખર્ચના રૂ. ૫૭૩-૮૦ તલાટી ભાતાના ખર્ચ ખાતે માંડવા મંજૂર કરવામાં આવે છે."

૧૭. વિ૦ સં૦ની અઢારમી સદીની શરૂઆતથી જ શ્રી શત્રુંજય મહાતીર્થનો વહીવટ અમદાવાદના શ્રીસંઘના હાથમાં હતો, એ વાતનો બોલતો અને સચોટ પુરાવો એ છે કે, પાલીતાણા રાજ્ય સાથે રખોપાનો સૌથી પહેલો કરાર, વિ૦ સં૦ ૧૭૦૭ની સાલમાં, નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી, રત્ના અને સુરા એ ત્રણ અમદાવાદ શ્રીસંઘના અગ્રણીઓના જ નામથી થયો હતો. ખરી રીતે તો, શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ આ અગાઉના સમયથી જ—એટલે કે નગરશેઠ શાંતિદાસ ઝવેરીના કાર્યકાળથી (વિક્રમની સત્તરમી સદીના ઉત્તરાર્ધથી) જ—અમદાવાદના શ્રીસંઘના હાથમાં હતો. આમ છતાં પાલીતાણા શહેરમાં ક્યારેક એક ગચ્છના તો ક્યારેક બીજા ગચ્છના શ્રીપૂજ્યો અને યતિઓનું વર્ચસ્વ કે જોર એટલી હદે વધી જતું કે જેથી તીર્થાધિરાજની યાત્રા કરવા માટે પણ, એક ગચ્છના શ્રીપૂજ્ય તથા યતિઓએ, પાલીતાણામાં વર્ચસ્વ ધરાવતા બીજા ગચ્છના શ્રીપૂજ્ય પાસેથી, રજા મેળવવી પડતી. અને આમાંથી ક્યારેક ક્યારેક કલહ અને મારામારી પણ થઈ જતાં. શાસનસમ્રાટ પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની અમદાવાદ-પાંજરાપોળમાં સ્થપાયેલ જ્ઞાનશાળામાં, બે પાનાંની એક હસ્તલિખિત પ્રત છે, એમાં વિ૦ સં૦ ૧૮૫૨ના વૈશાખ માસમાં, તપગચ્છ અને ખરતરગચ્છના શ્રીપૂજ્યો અને યતિઓ વચ્ચે, ગિરિરાજની તળાટીમાં જ, થયેલ મારામારીનું,

રોમાંચ ખડા કરે એવું, કાવ્યમય વર્ણન, મારવાડી-હિંદી ભાષામાં કરેલ છે. તપગચ્છના શ્રીપૂજ્યજીએ પોતાની રજા મેળવીને પછી ગિરિરાજની યાત્રા કરવાનું ખરતરગચ્છના શ્રીપૂજ્યજીને કહ્યું. એમાંથી આ સાઠમારી ઊભી થઈ હતી. ખરતરગચ્છના ભોજક ભીમડાએ રચેલ આ કાવ્ય વાંચતાં આ મારામારી કેટલી ઉગ્ર અને જૈન શાસનની હિલના નોતરનારી બની હશે, તેનો ખ્યાલ આવી શકે છે. પણ જૈન શાસનના મહિમાને ઝાંખપ લગાડનાર આ પ્રસંગનું વર્ણન કરતી વાણી અહીં રજૂ કરવી ઉચિત લાગતી નથી.

૧૮. બારોટો સાથે, એમની સાથે સમાધાન થયા પછી પણ, સમાધાનની જોગવાઈ અનુસાર પોતાને મળનાર ભાગ (પૈસા)ના બદલામાં, ક્યારેક જરૂર ઊભી થતાં, બારોટ કોમની કોઈ કોઈ વ્યક્તિને અગાઉથી લોન મેળવવા માટે માગણી કરવાનો પ્રસંગ ઊભો થાય છે. આવા પ્રસંગો ક્યારેક સહેલાઈથી ઊકલી જાય છે, તો ક્યારેક એમાંથી એવા પ્રશ્નો ઊઠવા પામે છે કે, જેથી મનદુઃખ કે કલહ થવા પામે છે. આવા પ્રશ્નોને પેઢીએ ખૂબ કુનેહ અને ધીરજથી ઉકેલવા પડે છે. (બારોટો સાથે થયેલ સમાધાનની વિગતો "પાલીતાણા રાજ્ય સાથે રખોપાના કરાર" નામે ૧૦મા પ્રકરણમાં આપવામાં આવી છે.)

૧૯. આવા જ બીજા બે પ્રસંગો પણ ધ્યાનમાં લેવા જેવો હોઈ એની વિગતો સંક્ષેપમાં અહીં રજૂ કરવી ઉચિત લાગે છે—

**પહેલો પ્રસંગ**—આ બનાવ સને ૧૯૫૬માં શરૂ થયો હતો અને સને ૧૯૬૦માં એનો અંત આવ્યો હતો. પાલીતાણામાં રચાયેલ "શ્રી શેઠ આણંદજી કલ્યાણજી પેઢી નોકરિયાત મંડળ" નામના મંડળે પેઢી સામે ઇન્ડસ્ટ્રીઅલ ડિસ્પ્યુટ એક્ટ સને ૧૯૪૭ મુજબ, રાજકોટના ઇન્ડસ્ટ્રીઅલ ટ્રીબ્યુનલની કચેરીમાં એક દાવો દાખલ કર્યો હતો. આ દાવામાં પેઢીએ પોતાની નોકરીમાં રાખેલ અને પહાડ ઉપર ગરમ પાણી લઈ જવાની, ભાતા તલાટીમાં યાત્રાળુઓની સરભરા કરવાની તથા પેઢીના ભાતાની વસ્તુઓ તૈયાર કરવાના કારખાનામાં કામગીરી કરતી કુલ ૩૬ મજૂર બહેનોને રોજના સાડાદસ આનાની રોજી આપવામાં આવતી હતી, તેના બદલે દોઢ રૂપિયો આપવાની મુખ્ય માગણી સાથે બીજી પણ ત્રણ માગણીઓ કરવામાં આવી હતી; અને આ માગણી પેઢી એક ઔદ્યોગિક સંસ્થા હોવાની રજૂઆત કરીને કરવામાં આવી હતી. પેઢીને એક ઉદ્યોગ ચલાવતી સંસ્થા કે કંપની લેખવામાં આવે, એ પેઢીને હરગિજ મંજૂર ન હતું. અને પેઢી જો, કાયદાની પરિભાષામાં, કોર્ટમાં એક ઔદ્યોગિક સંસ્થા પુરવાર થાય તો એનું એક ધાર્મિક સંસ્થા તરીકેનું પરાપૂર્વથી માન્ય થયેલું આખું સ્વરૂપ જ બદલાઈ જતું હતું, એટલે આ કેસની સામે વસ્તુસ્થિતિની સચોટ અને પ્રમાણભૂત રજૂઆત કર્યા વગર ચાલે એમ ન હતું.

આ બાબતમાં મજૂર ખાતાના કન્સીલિયેશન ઑફિસરે (સમાધાન અધિકારીએ) આ પ્રકરણનું સમાધાન કરાવવાનો પ્રયાસ કર્યો, પણ તે નિષ્ફળ ગયો, એટલે નોકરિયાત મંડળે રાજકોટના ઇન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલને આ પ્રકરણનો ફેંસલો આપવાની માગણી કરી. બન્ને પક્ષોની વાત સાંભળીને ટ્રીબ્યુનલે નોકરિયાત મંડળની માગણીઓ માન્ય રાખીને એની તરફેણમાં અર્થાત્ પેઢીના વિરુદ્ધમાં ફેંસલો આપ્યો.

પેઢી માટે આ પ્રશ્ન ઘણો જ અગત્યનો હોઈ એની સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાની ખાસ પરવાનગી (Special Leave to Appeal) મેળવીને એણે આ ચુકાદાની સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી. અને આ અપીલ તૈયાર કરવાનું અને તેને ચલાવ-

વાનું કામ, ભારત સરકારના તે વખતના સોલીસીટર જનરલ સી. કે. દફતરી જેવા કાયદાના નિષ્ણાત અને બાહોશ ધારાશાસ્ત્રીને સોંપ્યું. (એમની વતી આ કામ એમની સાથે કામ કરતા, શ્રી આઈ. એન. શ્રોફ સંભાળતા હતા.) અપીલ કરવાની મંજૂરીની સાથે સાથે રાજકોટના ટ્રીબ્યુનલે નાણાની ચૂકવણી માટે જે આદેશ આપ્યો હતો, તેનો અમલ, આ અપીલનો નિકાલ ન થાય ત્યાં સુધીને માટે, સ્થગિત કરવાનો પણ સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો.

આ પછી જ્યારે આ અપીલની સુનવણી સુપ્રીમ કોર્ટના ત્રણ જસ્ટીસો–માનનીય શ્રી આર. બી. ગજેન્દ્રગડકર, માનનીય શ્રી કે. સુભારાવ અને માનનીય કે. સી. દાસગુપ્તા–પાસે નીકળી ત્યારે, આ કેસ ચલાવતાં પહેલાં, પેઢીના કાયદાશાસ્ત્રી સી. કે. દફતરીને કોર્ટ તરફથી એમ પૂછવામાં આવ્યું કે, આ કેસમાં ઓછી બહેનોને (૩૬માંથી એક ગુજરી જવાથી ૩૫ બહેનોને)જ રોજના સાડા દસ આનાના બદલે દોઢ રૂપિયો આપવા જેવી નાની રકમ ચૂકવવાનો જ સવાલ રહેલો છે, તો પેઢી એ માટે તૈયાર છે કે નહીં? સોલિસીટર જનરલ અને પેઢીના વકીલ શ્રી દફતરીએ આ માટે પેઢીની તૈયારી હોવાનું જણાવીને, સાથે સાથે, એ વાત પણ સ્પષ્ટ કરી કે, પેઢીને ઔદ્યોગિક સંસ્થા ગણીને એને ઉદ્યોગોને લગતા કાયદાઓ લાગુ પાડવામાં આવે એની સામે અમારો વાંધો ઊભો જ છે. છેવટે, પેઢીને ઔદ્યોગિક સંસ્થા ગણવી કે નહીં એની કાયદેસરતાના ગુણ-દોષમાં ઊતરવાનું જતું કરીને, માનનીય જસ્ટીસોએ રાજકોટના ટ્રીબ્યુનલનો ચુકાદો માન્ય રાખ્યો અને પેઢીની અપીલ કાઢી નાખી. (આ ફેંસલો એમણે તા. ૧૯–૧–૧૯૬૦ના રોજ આપ્યો હતો. આ રીતે સને ૧૯૫૬ના જૂન મહિનામાં શરૂ થયેલ આ પ્રકરણનો આશરે સાડા ત્રણ વર્ષે નિકાલ થયો હતો.)

**બીજો પ્રસંગ**—ઉપર નોંધ્યો એવો જ બીજો પ્રસંગ સને ૧૯૬૯–૧૯૭૨ દરમ્યાન બન્યો હતો. એ અરસામાં ક્યારેક "શેઠ આણંદજી કલ્યાણજી પેઢી ડુંગર કામદાર મંડળ"ની સ્થાપના પાલીતાણામાં થઈ હતી; અને પેઢીમાં કામ કરતા નોકરો એના સભ્યો બન્યા હતા. આ મંડળે ઇન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યૂટ એક્ટ, ૧૯૪૭ અનુસાર, મિનિમમ વેજેસ એક્ટ (ઓછામાં ઓછા પગાર ધારા)નો આશ્રય લઈને, પેઢીના નોકરો માટે ઓછામાં ઓછો પગાર, મોંઘવારી ભથ્થું, રજાઓ, બોનસ વગેરે નક્કી કરવાની માગણી કરતી અરજી મજૂર ખાતાના કન્સીલીએશન ઓફિસરને (સમાધાન અધિકારીને), તા. ૧૨–૧–૧૯૭૦ના રોજ, કરી હતી અને એની નકલ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની પાલીતાણા શાખાને મોકલી હતી. આ પ્રકરણ લગભગ બે વર્ષ સુધી ચાલવા છતાં, ન તો સમાધાન અધિકારી કશું સમાધાન કરાવી શક્યા કે ન મંડળને પોતાની હિલચાલમાં કામિયાબી મળી. દરમ્યાનમાં આ મંડળમાંથી કેટલાક સભ્યો છૂટા થઈ ગયા, અને પ્રકરણ એમ ને એમ લંબાતું રહ્યું. અંતે ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર વિભાગના સેકશન ઓફિસરે, એના નં. એજેએ ૧૫૭૦/૪૭૪૮૪–ઝ, તા. ૧૯–૨–૭૧ના, ગાંધીનગરથી, નીચે મુજબ આદેશ-પત્ર લખ્યો, તેથી આ પ્રકરણમાં પેઢીના લાભમાં એટલે કે મંડળના ગેરલાભમાં ફેંસલો આવી ગયો, જે આ પ્રમાણે છે—

"શ્રી મેનેજર, શેઠ આણંદજી કલ્યાણજી પેઢી, પાલીતાણા,

"વિષય–પગાર, મોંઘવારી, અઠવાડિક રજા વગેરે.

"શ્રીમાન,

"આજ્ઞાનુસાર જણાવવાનું કે સરકારે શેઠ આણંદજી કલ્યાણજી પેઢી પાલીતાણા અને

તેની નીચે નિયુક્ત થયેલા કામદારો વચ્ચેના ઉપરના વિવાદ સંબંધે સને ૧૯૪૭ના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ : ૧૯૪૭ના ૧૪માં : ની કલમ ૧૨ની પેટા કલમ ૪ : અન્વયે ભાવનગરના સમાધાન અધિકારીએ રજુ કરેલા અહેવાલ પર વિચારણા કરેલી છે અને સરકારને ખાત્રી થઈ છે કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, પાલીતાણા ધાર્મિક અને ચેરીટેબલ પ્રવૃત્તિ કરતી સંસ્થા હોઈ, તેને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની જોગવાઈઓ લાગુ પડતી નથી. અને તે કારણે તે પેઢી અને તેના કામદારો વચ્ચેનો ઝગડો સદરહુ અધિનિયમની જોગવાઈ હેઠળ ન્યાયપંચને સોંપવાનું શકય નથી."

આ આદેશ-પત્રથી આ વિવાદનો આશરે બે વર્ષે અંત આવ્યો હતો.

૨૦. આ 'યાદી' શબ્દનો અર્થ, તે વખતના કાયદાની પરિભાષા પ્રમાણે, અમુક બાબતની જાણ કરતી નોંધ એવો થતો હતો, જેને અત્યારે 'નોટ' કહેવામાં આવે છે. આ અંગે આ મુસદ્દામાં જ ( પાનું ૪ ) જે જણાવવામાં આવ્યું છે, તે ઉપરથી આનો ભાવ સ્પષ્ટરૂપે ખ્યાલમાં આવી શકે છે. આ લખાણ આ પ્રમાણે છે :—

"નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈ સુધી આપણે પાલીતાણા દરબારને યાદી આપતા પણ અરજી કરતા નહીં. નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈ મરણના છેવટના કાળ સુધી કહેતા ગયા છે કે તમે પાલીતાણા દરબારની ગમે તેવી કનડગત પણ સહન કરજો પણ અરજી કરશો નહીં.

"પાછળથી પાલીતાણા દરબારની કનડગતથી ધૈર્ય ખોઈ બેસીને અને "અરજી આપો તો કોઈ જાતનો કજીયો રહેશે નહિ" તેમ પાલીતાણા દરબારના કહેવાથી અરજી કરી, જેના પરિણામે કજિયા વધ્યા, પાલીતાણા દરબારના હાથ મજબૂત થયા, અને પાલીતાણા દરબાર કુલ માલીકી તરીકે બહાર પડવા નીકળ્યા, અને આપણે અત્યંત દુઃખમય સ્થિતિમાં આવી પડયા છીયે."

("ભગવદ્ ગોમંડળ" નામે કોષમાં "યાદ" શબ્દનો એક અર્થ આ પ્રમાણે આપવામાં આવ્યો છે : "(૩) કહેણુ; ઊતરતા દરજ્જાવાળો વિનતિ ને ચડતા દરજ્જાવાળો યાદ કરે તેવો અધિકારીઓ વચ્ચેનો શિરસ્તો." ઉપર આપેલ "યાદી" શબ્દ આ અર્થમાં જ લખવામાં આવ્યો છે.)

૨૧. સમાધાન માટેના આ મુસદ્દાની નકલ સ્વ૦ પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજના સંગ્રહમાં છે; તેમાંથી આ લખાણ અહીં સાભાર ઉદ્ધૃત કર્યું છે.

## પાંચમી પાદનોંધની પુરવણી

પૃ૦ ૧૩૬ થી ૧૩૯ સુધી શ્રી શત્રુંજય તીર્થ ઉપર પધરાવવાની મૂર્તિઓના નકરાની સવિસ્તર માહિતી આપવામાં આવી છે, તેના અનુસંધાનમાં પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓએ, તા. ૧૫-૬-૧૯૫૯ના રોજ કરેલ આ ઠરાવ જાણવો વિશેષ રસપ્રદ બની રહેશે :

"શ્રી ગીરીરાજ પર પ્રતિમાજી પધરાવવા જેમની ભાવના હોય, તેમને આપણી પાસે શ્રી ગીરીરાજ પર પરોણા દાખલના પ્રતિમાજીઓ છે તેમાંના પ્રતિમાજી, રીવાજ મુજબ નકરો વિગેરે લઈ પધરાવવા મંજુરી આપવી. પરંતુ પ્રતિમાજી પધરાવવાની ભાવનાવાળા ગૃહસ્થના નામરાશી પ્રમાણે મલતા આવતા પ્રતિમાજી આપણી પાસે ત્યાં ન હોય તો બહારથી લાવી પધરાવવા દેવા મંજૂર કરવામાં આવે છે."

આ ઠરાવ પેઢીના વહીવટદારો સામી વ્યક્તિની ધર્મભાવનાને ન્યાય આપવામાં, અમુક નિયમને સ્થૂળ દૃષ્ટિથી વળગી રહેવાને બદલે, કેવી ઉદારતા, ધર્મભાવના અને કેવા શાણપણનો ઉપયોગ કરતા હતા તેનું દર્શન કરાવે છે.

૮

# પેઢીનું બંધારણ

પેઢીના સંચાલન માટે, અત્યારની દૃષ્ટિએ કાયદેસર કહી શકાય એવું, પદ્ધતિસરનું બંધારણ તો, સૌથી પહેલાં, વિ૦ સં૦ ૧૯૩૬ ની સાલમાં (સને ૧૮૮૦ માં) ઘડાયું; પણ એ પહેલાં પણ શ્રી શત્રુંજય ગિરિરાજની સાચવણી અને સુવ્યવસ્થાનો કારોબાર બહુ જ સારી રીતે અને દેશભરના જૈન સંઘોને સંતોષ થાય એ પ્રમાણે ચાલતો હતો. અને તીર્થનાં તથા યાત્રિકોનાં હિત અને રક્ષણની બાબતમાં જ્યારે કોઈ પણ પ્રકારનું સંકટ કે જોખમ ઊભું થતું હતું, ત્યારે એનો મક્કમતાપૂર્વક સામનો કરીને બને તેટલું વહેલું નિરાકરણ થઈ જાય એવો પ્રયાસ સફળતાપૂર્વક કરવામાં આવતો હતો. આવા કોઈ પણ જાતની મુશ્કેલીના વખતમાં, પેઢીના જે તે વખતના સંચાલકો આત્મવિશ્વાસ અને દૃઢતા-પૂર્વક કામગીરી બજાવીને એમાં સફળતા મેળવી શકતા હતા, એનું મુખ્ય કારણ એ હતું કે, એમણે પોતાની કાર્યકુશળતા અને ધ્યેયનિષ્ઠાને લીધે દેશભરના શ્રીસંઘોનો એવો વિશ્વાસ સંપાદન કરેલો હતો કે જેથી આવા કોઈ પણ પ્રસંગે આખા દેશના સંઘો એમની સાથે જ રહેતા, એમના આદેશોનું પૂરી તત્પરતા સાથે પાલન કરતા અને એમનું પૂરેપૂરું પીઠબળ પેઢીના સંચાલકોને મળી રહેતું. મતલબ કે, કોઈ પણ પ્રકારની મુશ્કેલી-નું નિરાકરણ કરવાની જવાબદારી પેઢીના સંચાલકો પોતે જ નિભાવતા રહેતા હોવા છતાં, જાણે આખો સંઘ એકદિલ અને એકબોલ બનીને વર્તતો હોય એવું અનોખું વાતા-વરણ સરજાઈ જતું અને એની અસર પણ તરત તથા ઘણી સારી થતી.

જ્યારથી તીર્થોનો વહીવટ સંભાળતી પેઢીઓ તથા બીજી જાહેર સંસ્થાઓ માટે ચોક્કસ પ્રકારનું બંધારણ ઘડવાની પ્રથાની શરૂઆત થઈ તે પહેલાં પણ પેઢીનો બધો કારોબાર, પરંપરાથી ચાલી આવતી પ્રણાલિકાઓ મુજબ, બરાબર ચાલતો રહેતો હતો; અને એમાં મહાજનપ્રથા અથવા પંચપ્રથાએ નક્કી કરેલી લક્ષ્મણરેખાનું (મર્યાદાનું) કલ્યાણ-બુદ્ધિથી બરાબર પાલન થતું રહે એની પૂરેપૂરી તકેદારી રાખવામાં આવતી હતી. અને આમાં મુખ્ય ભાર, કોઈ પણ સંસ્થાનો અર્થવ્યવહાર ભૂલ વગરનો, ચોખ્ખો અને સંસ્થાને કોઈ પણ જાતનું આર્થિક નુકસાન થવા ન પામે કે એને દોષ ન લાગે એ માટેની પૂરી ચીવટ અને ઝીણવટવાળો હોય એ વાત ઉપર આપવામાં આવતો હતો. જે સંસ્થાની આર્થિક વ્યવસ્થા દોષમુક્ત અને કાર્યક્ષમ હોય એ સંસ્થા યશનામી અને લોકોના વિશ્વાસને

પાત્ર આપમેળે જ બની જતી હોય છે. જેનો આર્થિક કારોબાર ચોખ્ખો એ સંસ્થાનો બધો કારોબાર ચોખ્ખો લેખાઈ જાય એ સ્વાભાવિક છે.

તેમાંય જ્યારે પવિત્ર તીર્થસ્થાનો કે એવાં જ કોઈ ધાર્મિક કાર્યો અને ક્ષેત્રોની વ્યવસ્થા સંભાળવાની વાત આવતી ત્યારે તો, સમગ્ર વહીવટને જોવાની અને સંભાળવાની દૃષ્ટિમાં પવિત્રતાથી શોભતી જવાબદારીનું વિશિષ્ટ તત્ત્વ ઉમેરાઈ જતું; અને તેથી જેને આવો વહીવટ સંભાળવાનો અવસર મળતો, તેઓ એક બાજુ આવો સુઅવસર મળવા બદલ પોતાની જાતને ધન્ય માનતા અને બીજી બાજુ, પોતાની અજાણમાં કે બિનકાળજીને કારણે, આવી સંસ્થાને એક પાઈનું પણ નુકસાન થવા ન પામે કે એના સંચાલનમાં કોઈ પણ જાતની ઊણપ રહેવા ન પામે, એ માટે બરાબર સાવધાન રહેતા, એટલું જ નહીં, જ્યારે પણ આવું આર્થિક નુકસાન થતું ત્યારે, જાણે પોતાને જ નુકસાન થયું હોય એવી ખેદની લાગણી અનુભવતા. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના સંચાલકોએ, પેઢીનું બંધારણ ઘડાયું તે પહેલાં તેમ જ તે પછી પણ, તીર્થ સંબંધી દરેક જાતની પોતાની જવાબદારીનું સફળતાથી પાલન કરીને સંઘની જે ચાહના અને વિશ્વાસની લાગણી મેળવી છે, તે આવી સ્વચ્છ દૃષ્ટિ અને પવિત્ર ભાવનાને કારણે જ.

### બંધારણનો યુગ

અંગ્રેજોની શાસનપદ્ધતિની અસર આપણા દેશમાં જેમ જેમ વ્યાપક બનતી ગઈ, તેમ તેમ ધાર્મિક તથા બીજી જાહેર સંસ્થાઓએ પણ, પોતપોતાની સંસ્થાઓનું સંચાલન બંધારણીય રીતે ચાલે એટલા માટે, બંધારણ ઘડવાની શરૂઆત કરી દીધી હતી—જાહેર સંસ્થાઓ માટે જાણે બંધારણ ઘડવાનો યુગ જ શરૂ થયો હતો. પેઢીના બાહોશ અને ધર્મનિષ્ઠ સંચાલકો સમયના જાણકાર અને વિચક્ષણ હતા; અને પેઢીનો વહીવટ શ્રીસંઘમાં વિશેષ સ્વચ્છ અને વિશ્વાસપાત્ર ગણાય એ માટે એકેએક પગલું ભરવા તેઓ હમેશાં તત્પર રહેતા હતા, એટલે એમણે, સને ૧૮૮૦ની સાલમાં, પેઢીનું બંધારણ ઘડવાની તૈયારી બતાવી, એટલું જ નહીં એ દિશામાં જરૂરી કાર્યવાહી પણ હાથ ધરી.

### બંધારણ તત્કાળ ઘડવાનું મુખ્ય કારણ

વધારામાં, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી આખા ભારતના જૈન શ્વેતાંબર મૂર્તિ-પૂજક સંઘનું કાયદેસરનું પ્રતિનિધિત્વ ધરાવે છે, એ વાતના સચોટ પુરાવારૂપે પેઢીનું બંધારણ તરત ઘડવું પડે એવી એક ઘટના, સને ૧૮૭૮ના અંતભાગમાં, બની હતી, જેની વિગતો સંક્ષેપમાં આ પ્રમાણે છે—

આલમ બેલીમ ઘણાં વર્ષોથી પેઢીમાં સિપાહી તરીકે નોકરી કરતો હતો; અને, છેલ્લે છેલ્લે, એ શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર, શ્રી ચૌમુખજીની ટૂકમાં, ચોકી કરવાની

કામગીરી સંભાળતો હતો. એ વખતે એની ઉંમર ૬૦-૬૫ વર્ષ જેટલી વૃદ્ધ થઈ હતી. આ કામગીરી દરમ્યાન, તા. ૨૪-૧૧-૧૮૭૮ ની રાત્રે, કોઈક વખતે, એ ગઢ ઉપરથી ચૂનાની ફરસબંધી ઉપર પટકાઈ પડ્યા હતો અને તેથી તેનું મરણ નીપજ્યું હતું, એટલે તા. ૨૫-૧૧-૧૮૭૮ ની સવારમાં એ ગઢની બહાર મરેલી હાલતમાં મળી આવ્યો હતો.

જૈન સંઘ અને વિશેષે કરીને પેઢી તરફની અણગમા કે દ્વેષની લાગણીથી પ્રેરાઈને, પાલીતાણા રાજ્યે, આ ઘટનાને પેઢીના માણસો દ્વારા કરવામાં આવેલ આલમ બેલીમના ખૂન તરીકે ઓળખાવીને અને આ માટે પેઢીના છ માણસો સામે આરોપનામું ઘડી કાઢીને, એમની ધરપકડ કરી પણ હતી. છેવટે આ છ તહોમતદારો ઉપર મૂકવામાં આવેલ આરોપ પુરવાર ન થઈ શકવાથી એમને જેલમુક્ત કરવામાં આવ્યા હતા અને આલમ બેલીમનું મૃત્યુ ખૂનથી નહીં પણ ગઢ ઉપરથી પડી જવાના અકસ્માતને કારણે થવા પામ્યું હતું, એવો ફેંસલો પણ કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. બાર્ટને તા. ૨૦-૧૨-૧૮૭૯ ના રોજ, આપ્યો હતો.[1]

એક રીતે વિચારીએ તો, આ ફેંસલો પેઢીના લાભમાં અને એને સંતોષ થાય તેમ જ ખૂનના આરોપનું નિરાકરણ થાય એવો આવકારપાત્ર હતો. આમ છતાં ૨૦ મુદ્દા-(કલમો)ના આ ફેંસલામાં કેટલાક મુદ્દા એવા હતા કે જેમાં આ ઘટના અંગે શ્રાવકોની ટીકા પણ કરવામાં આવી હતી. એટલે, આ ટીકાઓ સંબંધમાં ઘટતો ખુલાસો કરવો જરૂરી લાગવાથી, આ ફેંસલાની સામે, પેઢી તરફથી, તા. ૧૩-૧-૧૮૮૦ ના રોજ, મુંબઈના નામદાર ગવર્નર સર રિચાર્ડ ટેમ્પલ બેરોનેટને, એક અપિલ કરવામાં આવી હતી.

પણ આ અપિલનું પરિણામ ધારણા કરતાં સાવ જુદું અને વિચિત્ર કહી શકાય એવું આવ્યું! આ અપિલ રદ કરવા લાયક કેમ છે, તે અંગે કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટે ત્રણ કારણો મુંબઈ સરકારને લખી જણાવ્યાં હતાં. આ ત્રણ કારણોમાં ત્રીજું કારણ આ પ્રમાણે જણાવવામાં આવ્યું હતું: "આણંદજી કલ્યાણજી એ નામની કોઈ વ્યક્તિ છે નહીં. આણંદજી કલ્યાણજી એ નામ કોઈ એક વ્યક્તિનું નહીં, પણ કોઈ એક પેઢીનું છે. આણંદજી કલ્યાણજીની પેઢી શ્રાવક કોમની લાગણીઓનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરે છે. અને જો આ કોમ પાલીતાણા રાજ્ય અને એમની વચ્ચે પ્રવર્તતી ગેરસમજને સાચે જ દૂર કરવા માગતી હોય તો, એણે, પોતાની જ્ઞાતિની સામાન્ય સભા બોલાવીને, કોઈ વગદાર સભ્યની નિમણૂક કરવી જોઈએ અને એને પોલિટિકલ એજન્ટની મધ્યસ્થી અને દેખરેખ નીચે, પાલીતાણા રાજ્ય સાથેના બધા મુદ્દાઓનું સમાધાન કરવાની સત્તા આપવી જોઇએ."[2]

કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટે સૂચવેલ આ ત્રણ કારણોને માન્ય રાખીને, મુંબઈ

સરકારે, આ અરજી અરજદારને પાછી મોકલી આપવા અંગે, નીચે મુજબ ઠરાવ કરીને એ, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મારફત, પેઢી ઉપર મોકલી આપ્યો હતો—

"**ઠરાવ**—આ અરજી અરજદારને એવી સૂચના સાથે પાછી મોકલી આપવી કે, (મુંબઈ) સરકાર ફક્ત એવી વ્યક્તિ તરફથી આવેલી અરજીનો સ્વીકાર કરશે કે જેમાં પોતાની થકી અથવા તો જે વ્યક્તિ બીજી વ્યક્તિ કે વ્યક્તિઓનું પ્રતિનિધિત્વ કરવાની કાયદેસરની સત્તા ધરાવતી હોય એવી વ્યક્તિ તરફથી, શુદ્ધ દાનતથી, ફરિયાદ કરવામાં આવી હોય. અને શેઠ આણંદજી કલ્યાણજી નામની એવી કોઈ વ્યક્તિ કે જે "ભારતની શ્રાવક કોમનું પ્રતિનિધિત્વ કરવાનો" અધિકાર ધરાવતી હોય, એવું માનવામાં નથી આવતું; તેથી આ ફરિયાદ એવી નથી કે જેને (મુંબઈ) સરકારે સાંભળવાની કે ધ્યાનમાં લેવાની જરૂર હોય."[૩]

એક બાજુ મુંબઈ સરકારે, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ભારતના સમસ્ત જૈન સંઘનું (શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘનું) પ્રતિનિધિત્વ કાયદેસર નહીં ધરાવતી હોવા અંગે ઉપર મુજબ ટીકા કરી હતી; અને બીજી બાજુ, શ્રી શત્રુંજય તીર્થ અંગે પાલીતાણા રાજ્ય સાથે અવારનવાર ઊભા થતા પ્રશ્નો, વિવાદો કે ઝઘડાઓની પાલીતાણા રાજ્યમાં, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટના કાર્યાલયમાં કે મુંબઈ સરકારમાં યોગ્ય અને અસરકારક રજૂઆત કરવા માટે, પેઢી ભારતના જૈન સંઘની પ્રતિનિધિ-સંસ્થા હોવાની વાતનું ઉચ્ચારણ કરતાં રહેવું અનિવાર્ય હતું, એટલે મુંબઈ સરકારની આ ટીકાનું સત્વર પરિમાર્જન થાય એવી કાર્યવાહી કર્યા વગર ચાલે એમ ન હતું. પણ આ માટે પરિસ્થિતિને પારખીને, સમયને પિછાનીને અને દૂરંદેશી દાખવીને, આ બાબતમાં મુંબઈ સરકાર સાથે લખાપટ્ટી કરવામાં અનાવશ્યક કાળક્ષેપ કરવાને બદલે, પેઢીના સંચાલકોએ પેઢીનું કાયદેસર બંધારણ, શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ સમસ્તના સહકારથી, ઘડીને એનું કાયદેસરનું પ્રતિનિધિત્વ મેળવવાનું મુનાસિફ તથા જરૂરી માન્યું; અને એ માટેનાં ચક્રોને સત્વર ગતિમાન કર્યાં.

## પહેલું બંધારણ

એ વખતે રાવબહાદુર શ્રેષ્ઠીવર્ય શ્રી પ્રેમાભાઈ હીમાભાઈ અમદાવાદના નગરશેઠ હતા; અને, પોતાના પ્રતાપી પૂર્વજોની જેમ, તેઓ પણ અંગ્રેજોના રાજ્યશાસનમાં તેમ જ પ્રજાવર્ગમાં પણ ઘણો પ્રભાવ ધરાવતા હતા. વળી, નગરશેઠ શ્રી શાંતિદાસના વખતથી એક પ્રથા ચાલી આવતી હતી કે, જે અમદાવાદ શહેરના નગરશેઠ હોય એ જ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનો વહીવટ સંભાળતી સમિતિના મુખ્ય મોવડી એટલે કે પ્રમુખ હોય; અને શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના પ્રમુખ તરીકેનું ગૌરવશાળી પદ પણ તેઓ જ ધરાવતા.

આ પ્રથા પ્રમાણે વિક્રમની વીસમી સદીના પૂર્વાર્ધમાં શેઠ શ્રી પ્રેમાભાઈ હીમાભાઈ શ્રીસંઘના અગ્રણી હતા. તેઓ ખૂબ બાહોશ અને વિચક્ષણ મહાપુરુષ હતા.

એમની આગેવાની નીચે પેઢીના સંચાલકોએ પેઢીનું બંધારણ ઘડવા માટે વિ૦ સં૦ ૧૯૩૬ ના ભાદરવા વદિ એકમ, તા. ૧૯–૯–૧૮૮૦ ના રોજ, સકલ શ્રીસંઘની સભા અમદાવાદમાં બોલાવવાનું નક્કી કરીને, પેઢીનો એટલે તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનો વહીવટ સંભાળનાર અમદાવાદના આઠ જૈન અગ્રણીઓની સહીથી જાહેરખબર આપીને એ ગામેગામ મોકલવામાં આવી હતી; અને એ માટે દેશના જુદા જુદા ભાગમાં આવેલાં ૧૦૩ જેટલાં શહેરો-નગરોમાં સભાઓ ભરીને ઠરાવો પણ કરવામાં આવ્યા હતા. (આ ગામોની યાદી પેઢીના બંધારણની સને ૧૯૧૨-૧૩ ની સાલમાં પ્રગટ કરવામાં આવેલ જૂની ચોપડીમાં સચવાઈ રહી છે.) જે આઠ જૈન અગ્રણીઓની સહીથી આ સભા માટેની આમંત્રણ પત્રિકા બહાર પાડવામાં આવી હતી, તેઓનાં નામ આ પ્રમાણે છે—

૧. શેઠ શ્રી પ્રેમાભાઈ હીમાભાઈ
૨. શેઠ શ્રી ઉમાભાઈ હઠીસંગ
૩. શેઠ શ્રી જેસંગભાઈ હઠીસંગ
૪. શેઠ શ્રી મગનલાલ કરમચંદ તરફથી
 શ્રી ત્રિકમદાસ નથુભાઈ
૫. શેઠ શ્રી દલપતભાઈ ભગુભાઈ
૬. શેઠ શ્રી મનસુખભાઈ ભગુભાઈ
૭. શેઠ શ્રી મંછારામ ગોકળદાસ
૮. શેઠ શ્રી પરસોતમદાસ પુંજાસા

બંધારણ માટેની આ સભા એક દિવસ ચાલી હતી; એનું પ્રમુખપદ શેઠ શ્રી પ્રેમાભાઇ હીમાભાઈએ સંભાળ્યું હતું; અને એમાં કુલ આઠ ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા. આ સભામાં ઘણા સદ્‌ગૃહસ્થોએ હાજરી આપી હતી; અને હાજરી આપનાર સદ્‌ગૃહસ્થોમાંથી બની શક્યાં તેટલાનાં નામ નોંધી લેવામાં આવ્યાં હતાં. બંધારણની જૂની ચોપડીમાં છપાયેલ આ નામોની યાદી ઉપરથી પણ જાણી શકાય છે કે, એમાં એક હજાર જેટલા સદ્‌ગૃહસ્થોએ ભાગ લીધો હતો. આટલી વિશાળ હાજરી ઉપરથી એ સહજપણે સમજી શકાય છે કે, આ માટે કેટલો પ્રચાર કરવામાં આવ્યો હતો અને આ કાર્ય અંગે શ્રીસંઘમાં કેટલો ઉત્સાહ પ્રવર્તતો હતો.

આ સભાની કાર્યવાહીની શરૂઆતમાં એક નોંધ મૂકવામાં આવી છે, તેમાં શ્રાવક-

સમુદાયના (એટલે કે પેઢીના) પ્રતિનિધિ કોને નીમવા એ મહત્ત્વની વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ નોંધ આ પ્રમાણે છે—

"આ બધી એકસો ને ત્રણ જગ્યાઓએ જુદી જુદી મીટીંગો ભરાઈ તેના હકીકત-પત્રો અમદાવાદમાં શેઠ આણંદજી કલ્યાણજી તથા શેઠ પ્રેમાભાઈ હીમાભાઈના સરનામાથી વખતસર અહીં આવેલાં છે. ને તેમાં એમ નીકળે છે કે એ બધી જગ્યાઓએ શ્રાવકોએ ઠરાવો કર્યા છે તેમાં બીજી બાબતોની સાથે એમ ઠરાવ્યું છે કે આ સભા ભરવાની જાહેર-ખબર નીચે સહીઓ કરનાર **આઠ ગૃહસ્થોને આખા શ્રાવક સમુદાયના પ્રતિનિધિઓ નીમવા અને તેમને શત્રુંજા ડુંગર તથા તેના દેરાસરોની બાબતમાં કામ કરવાનો કુલ અખત્યાર આપવો."**

આ નોંધ તથા આ સભામાં પસાર થયેલ ઠરાવોમાંના પહેલા ઠરાવ ઉપરથી માલૂમ પડે છે કે, આ બંધારણ-સભા મળી તે વખતે પેઢી હસ્તક મુખ્યત્વે એકલા શ્રી શત્રુંજય તીર્થનો જ વહીવટ હતો. આ પહેલો ઠરાવ આ પ્રમાણે છે—

"પાલીતાણાના ઠાકોર સાહેબ તરફથી શેત્રુંજા ડુંગરના તથા તેને લગતા કામોમાં થતી હરકતો દૂર થવા બાબત શ્રાવક સમુદાય તરફથી શેઠ આણંદજી કલ્યાણજીના નામથી જે જે કામકાજ હાલ સુધી થયેલાં છે તથા તેને લગતાં બીજાં સર્વે કામો કાયમ રાખવાં."

આ ઠરાવ એ વાતનું સ્પષ્ટ અને અસંદિગ્ધ સૂચન કરે છે કે, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સમસ્ત શ્રાવક સમુદાયનું એટલે કે, શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ સમસ્તનું પ્રતિનિધિત્વ કરવાનો અધિકાર ધરાવતી હતી.

જુદાં જુદાં સ્થાનોના સંઘોએ સૂચવ્યા મુજબ, બીજા ઠરાવથી પેઢીના વહીવટ માટે, શ્રાવક સમુદાયના પ્રતિનિધિ તરીકે, અમદાવાદના આઠ જૈન અગ્રણીઓની કમિટી રચવામાં આવી. (આ આઠ અગ્રણીઓનાં નામ આ સભા માટેની જાહેરાતને લગતા લખાણ ઉપર આપવામાં આવ્યાં છે, તે જ છે.)

જરૂર જણાતાં આ આઠ પ્રતિનિધિઓને સહાય કરવા માટે ૨૩ શહેરો અને એની આસપાસનાં સ્થાનોના મળીને ૩૨ સદ્દગૃહસ્થોની સ્થાનિક પ્રતિનિધિઓ તરીકે વરણી ત્રીજા ઠરાવથી કરવામાં આવી હતી.

પેઢીનો વહીવટ સરખી રીતે ચાલતો રહે એટલા માટે વહીવટદાર પ્રતિનિધિઓનું મંડળ તેમ જ આ વહીવટમાં સકલ સંઘનું પ્રતિનિધિત્વ સચવાઈ શકે એ માટે સ્થાનિક પ્રતિનિધિઓનું મંડળ રચવાની જે પ્રથા પેઢીના આ પહેલા બંધારણ વખતે, બીજા અને ત્રીજા ઠરાવથી, નક્કી કરવામાં આવી હતી, તે એવી સંતોષકારક અને કાર્યસાધક પુરવાર થઈ છે કે, એ અત્યાર સુધી, અસ્ખલિતપણે, ચાલુ રહી છે.

**પેઢીનું પ્રમુખપદ :** ચોથો ઠરાવ ઘણો વિસ્તૃત છે અને એમાં વહીવટદાર પ્રતિનિધિઓની સત્તા અને કામગીરીની, સામાન્ય શિરસ્તા મુજબની, વિગતો આપવામાં આવી છે. એ ઉપરાંત, કાયમને માટે પેઢીનું પ્રમુખપદ કોણ સંભાળે એ બાબતમાં એ ઠરાવમાં જે મહત્ત્વની જોગવાઈ કરવામાં આવી છે, તે ખાસ ધ્યાન ખેંચે એવી છે. આ જોગવાઈ આ પ્રમાણે કરવામાં આવી છે—

"શેઠ પ્રેમાભાઈ હીમાભાઈ જેમને મરહુમ શેઠ શાંતિદાસના વારસ તરીકે સદરહુ ડુંગર તથા દેરાસરો સમુદાય મજકુર તરફથી તથા તેમની વતી ટ્રસ્ટમાં સોંપાયેલા છે તે તથા શેઠ શાંતિદાસ મજકુરના કુટુંબનો જે વખતે જે વારસ હોય તેઓ બહીવટ કરનાર પ્રતિનિધિઓની ઉપર લખેલી કમીટીના વંશપરંપરા સભાપતિ તથા ઓદ્ધાની રૂઈએ સભાસદ થાય તેઓને આથી મુકરર કરવામાં આવ્યા છે."

ચોથા ઠરાવમાંની આ જોગવાઈ ઉપરથી સ્પષ્ટ રૂપે સમજી શકાય છે કે, શેઠશ્રી શાંતિદાસે અને એમના વંશજોએ શ્રી શત્રુંજય તીર્થ, જૈન શાસન તથા શ્રીસંઘની જે વિશિષ્ટ અને યાદગાર સેવાઓ બજાવી હતી, એ પ્રત્યે સકલ સંઘે આ ઠરાવ દ્વારા, પોતાની કદરદાની અને કૃતજ્ઞતાની લાગણી પ્રદર્શિત કરવાની તક લીધી હતી.

આ રીતે સને ૧૮૮૦ની સાલમાં પેઢીનું પહેલું બંધારણ અસ્તિત્વમાં આવ્યું હતું.[૪]

## બંધારણમાં પહેલી વાર ફેરફાર

સને ૧૮૮૦ (વિ૦ સં૦ ૧૯૩૬)માં ઘડવામાં આવેલ બંધારણ મુજબ પેઢીનો કારોબાર ૩૨ વર્ષ સુધી સારી રીતે ચાલતો રહ્યો. તે પછી બદલાયેલા સંજોગો, અત્યાર સુધીનો અનુભવ, પેઢીનો કાર્યવિસ્તાર વગેરે કારણોને લીધે પેઢીના બંધારણમાં કેટલાક સુધારા-વધારા કરવાની જરૂર લાગતી હતી. આથી, સને ૧૯૧૨ ના માર્ચ મહિનાની ૧૦ મીથી ૧૨ મી તારીખો દરમિયાન, ત્રણ દિવસ માટે, તે વખતના પેઢીના પ્રમુખ શેઠશ્રી સરદાર લાલભાઈ દલપતભાઈના પ્રમુખપદે મળેલ વહીવટદાર પ્રતિનિધિઓ તથા સ્થાનિક પ્રતિનિધિઓની જનરલ સભાએ, તા. ૧૨–૩–૧૯૧૨ ને મંગળવારના રોજ, આ અંગે જે ઠરાવ કર્યો હતો, તેની નોંધ કાર્યવાહીની બુકમાં આ પ્રમાણે કરવામાં આવી છે—

"શેઠ મનસુખભાઈ ભગુભાઈએ દરખાસ્ત કરી કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટ સંબંધી સને ૧૮૮૦ માં નીયમો કરેલા છે પરંતુ તે સમયને લાંબો સમય વ્યતીત થયેલો છે, તેથી હિંદુસ્તાનના સકલ સંઘને હાલ સુધારો વધારો કરવાની જરૂર લાગે તો તેમ કરવા પ્રથમના રૂલ્સ હિંદુસ્તાનના જાણીતા સ્થળોના સંઘો તરફ મોકલવા અને તેવા કાગળ અત્રેથી લખવામાં આવે તે તારીખથી બે માસની અંદર તે સંઘો તરફથી સૂચના

પત્ર લખી મોકલવા લખવું અને તે મુદત પૂરી થયેથી આવેલી સૂચનાઓ પર વીચાર કરવા માટે વહીવટ કરનાર પ્રતિનિધિઓએ અમદાવાદ મુકામે હિંદુસ્તાનનો સકલ સંઘ એટલે આપણા સર્વે જૈન ભાઈઓને બોલાવવા તજવીજ કરવી. અને સકલ સંઘ અત્રે બોલાવવા બાબત વહીવટ કરનાર પ્રતિનિધિઓને યોગ્ય જણાય તેવા છાપા દ્વારા એ ખબર આપવી. આ દરખાસ્તને શેઠ દલપતભાઈ મગનભાઈએ ટેકો આપ્યો. તે ઉપર વોટ લેતાં ફક્ત માણેકલાલ ઘેલાભાઈએ વિરૂદ્ધ મત આપ્યો. બાકીના સર્વે તેની તરફેણમાં મત આપતાં તે દરખાસ્ત બહુમતે પાસ થઈ."

પેઢીની જનરલ સભાના આ ઠરાવમાં સૂચવ્યા મુજબની કાર્યવાહી પૂરી થતાં, બંધારણમાં જરૂરી સુધારા-વધારા સૂચવવા તથા સ્વીકારવા માટે, પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓએ "હિંદુસ્તાનના સકલ સંઘના શ્રાવક સમુદાયના તમામ મેમ્બરોની સભા" સને ૧૯૧૨ના ડિસેમ્બર માસની ૨૮, ૨૯, ૩૦ (વિ૦ સં૦ ૧૯૬૯ના માગસર વદિ ૫, ૬, ૭ શનિ, રવિ, સોમ) એમ ત્રણ દિવસ માટે અમદાવાદમાં બોલાવવાનું નક્કી કર્યું, અને એ માટે તા. ૫–૧૧–૧૯૧૨ના રોજ (જા૦ નં૦ ૧૪૦૫), "હિંદુસ્તાનના જુદા જુદા થળના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘોને પત્ર લખ્યા."

આ સભામાં ૨૯૧ શહેરો-નગરોના ૧૦૨૪ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો; અમદાવાદના ૪૪૮ સદ્‌ગૃહસ્થોએ હાજરી આપી હતી; અને અમદાવાદના ૧૫૧૩ જેટલા સદ્‌ગૃહસ્થોને પ્રેક્ષક તરીકે હાજર રહેવા દેવામાં આવ્યા હતા. સભામાં ગામ-પરગામના તથા અમદાવાદ શહેરના શ્રમણોપાસક સમુદાયની આટલી મોટી હાજરી જ એ વાતની સાક્ષીરૂપ બની રહે છે કે, આ સભા માટે ઠેર ઠેર કેટલો બધો પ્રચાર કરવામાં આવ્યો હતો; અને આ પ્રચારને લીધે, આ સભા માટે, શ્રીસંઘમાં કેટલો વ્યાપક ઉત્સાહ જાગી ઊઠચો હતો! આ હાજરીથી એમ પણ જોઈ શકાય છે કે, આ સભાને (અને એને લીધે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને) જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સકલ સંઘનું સાચું પ્રતિનિધિત્વ કરવાનું વિશેષ ગૌરવ અને બળ મળ્યું હતું; અને એમાં થયેલી કાર્યવાહીને સકલ સંઘે વધાવી લઈને એના ઉપર પોતાની મહોરછાપ લગાવી હતી.

આ સભાનું પ્રમુખપદ, પેઢીનું પહેલું બંધારણ જેમની આગેવાની નીચે ઘડાયું હતું તે નગરશેઠ શ્રી પ્રેમાભાઈ હીમાભાઈના પૌત્ર શેઠશ્રી કસ્તુરભાઈ મણિભાઈએ સંભાળ્યું હતું—આ વખતે તેઓ જ પેઢીના પ્રમુખ હતા. શેઠશ્રી કસ્તુરભાઈ મણિભાઈ ઘણા બાહોશ, કુનેહબાજ અને અંગ્રેજ શાસકોમાં ઘણી લાગવગ ધરાવનાર જૈન અગ્રણી અને અમદાવાદના નગરશેઠ હતા.

સભાના પ્રમુખસ્થાનેથી બોલતાં શેઠશ્રી કસ્તુરભાઈ મણિભાઈએ કહ્યું હતું કે—

"શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું પ્રથમ બંધારણ સને ૧૮૮૦ ની સાલમાં થયું હતું, તેને આજે ઘણો વખત થયેલો છે. તેથી આ પેઢીના સ્થાનિક પ્રતિનીધિઓની તારીખ ૧૨ માર્ચ સને ૧૯૧૨ ના રોજ મળેલી મીટીંગમાં થયેલ ઠરાવ મુજબ સદરહુ બંધારણ સંબંધમાં વિશેષ વિચાર કરી ઠરાવ કરવા સારૂ આ સભા બોલાવેલ છે."

આ પછી બંધારણને લગતી બાબતોનો વિગતે વિચાર કરીને, એને વ્યવસ્થિત રીતે, ઠરાવરૂપે સભામાં રજૂ કરી શકાય એ માટે, ૩૦ શહેરોમાંથી પસંદ કરેલા ૧૬૩ સભ્યોની એક કમિટીની રચના કરવામાં આવી હતી; અને આ કમિટીએ નક્કી કરેલ ઠરાવો જ મંજૂરી માટે સભામાં રજૂ કરવામાં આવ્યા હતા.

આ સભાની કાર્યવાહીની નોંધ ઉપરથી જાણી શકાય છે કે, બંધારણમાં ફેરફાર કરવા માટે હિંદુસ્તાનના સકલ સંઘની સભા બોલાવવાનો ઠરાવ, વહીવટદાર પ્રતિનિધિઓ તથા સ્થાનિક પ્રતિનિધિઓની જનરલ સભામાં, તા. ૧૨-૩-૧૯૧૨ ના રોજ, કરવામાં આવ્યો, ત્યારે પેઢીના પ્રમુખપદે શેઠશ્રી સરદાર લાલભાઈ દલપતભાઈ હતા, એટલે એ સભાનું પ્રમુખસ્થાન તેઓએ સંભાળ્યું હતું. ત્યાર પછી, તા. ૫-૬-૧૯૧૨ ના રોજ, તેઓનો સ્વર્ગવાસ થયો, એટલે, એમના સ્થાને નગરશેઠ શ્રી ચીમનલાલ લાલભાઈ પ્રેમાભાઈની પેઢીના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. પણ તેઓ પણ તા. ૨૧-૮-૧૯૧૨ના રોજ સ્વર્ગવાસી થતાં, નગરશેઠ શ્રી કસ્તુરભાઈ મણિભાઈને પેઢીના પ્રમુખ નીમવામાં આવ્યા હતા. એટલે બંધારણમાં ફેરફાર કરવા માટે બોલાવવામાં આવેલી આ સભા એમના પ્રમુખપદે મળી હતી. આ રીતે અઢી મહિના જેટલા ટૂંકા ગાળામાં પેઢીના બે બાહોશ અને વગદાર પ્રમુખો વિદેહી થયા હતા !

ત્રણ દિવસની કાર્યવાહી દરમિયાન આ સભાએ ૧૯ ઠરાવો પસાર કર્યા હતા. આમાં કેટલાક મહત્ત્વના બંધારણીય ફેરફારો આ પ્રમાણે કરવામાં આવ્યા હતા—

(૧) વિ૦ સં૦ ૧૮૮૦ ના બંધારણ મુજબ, ૨૩ શહેરોના મળીને કુલ ૩૨ સ્થાનિક પ્રતિનિધિ નીમવામાં આવતા હતા; તેના બદલે હવેથી, આ સભાએ કરેલ પાંચમા ઠરાવ મુજબ, ૯૦ શહેરોના કુલ ૧૧૦ સ્થાનિક પ્રતિનિધિઓ નીમવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) પેઢીનું પહેલું બંધારણ સને ૧૮૮૦ માં ઘડાયું ત્યારે, પેઢીને મુખ્યત્વે ફક્ત ગિરિરાજ શ્રી શત્રુંજય તીર્થનો જ વહીવટ સંભાળવાનો હતો; પણ, સમય જતાં, જેમ જેમ શ્રીસંઘનો પેઢીની કાર્યદક્ષતામાં વિશ્વાસ વધતો ગયો તેમ તેમ, પેઢીનું કાર્યક્ષેત્ર પણ વિશાળ થતું ગયું. આ વાતનો ખ્યાલ આ સભાના છઠ્ઠા ઠરાવથી પણ આવી શકે છે. આ ઠરાવ આ પ્રમાણે છે—

"શ્રી શત્રુંજય તથા શ્રી ગીરનારજીના ડુંગર તથા તે ઉપરનાં તથા પાલીતાણાના અને તેની આસપાસનાં તથા જુનાગઢ અને તેની આસપાસનાં તથા શ્રી રાણેકપુર-સાદરી તથા તેની આસપાસનાં જૈન સમુદાયના સાર્વજનીક તીર્થો, દેરાસરો તથા ધાર્મિક સંસ્થાઓ વીગેરેના અંગની કે લગતી હરેક પ્રકારની સ્થાવર કે જંગમ મીલકત તથા ઉપજ તથા તે સંબંધીનાં સર્વે કામકાજો જેનો હાલ સુધી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વહીવટ કરે છે તે તેમના જ વહીવટમાં હવે પછી આગળને માટે પણ કાયમ રાખવાં."

આ ઠરાવ ઉપરથી જોઈ શકાય છે કે, વખત જતાં, શ્રી ગિરનાર, શ્રી રાણકપુર-સાદરી અને તેની આસપાસનાં ધર્મસ્થાનો વગેરેનો વહીવટ પણ પેઢીની હકૂમતમાં આવી ગયો હતો, એ તો ખરું જ; પણ આ તીર્થો, જિનમંદિરો ઇત્યાદિનો વહીવટ સંભાળવા ઉપરાંત, સભાએ, વહીવટદાર પ્રતિનિધિઓને યોગ્ય જણાય તે "કોઈ પણ ઠેકાણે આવેલાં તીર્થો, દેરાસરો વીગેરે"નો વહીવટ સંભાળવાની સત્તા સાતમા ઠરાવથી આપી હતી. આ ઠરાવમાં પણ, પેઢીની સંતોષકારક કાર્યવાહીને કારણે, શ્રીસંઘમાં પેઢી પ્રત્યે જાગેલી ચાહના અને શ્રદ્ધા પ્રતિબિંબિત થયેલી દેખાય છે.

નવમા ઠરાવથી પેઢીના વહીવટ બહારનાં દેરાસરો વગેરેની સાચવણી માટે પંદર હજાર રૂપિયા અને દસમા ઠરાવથી પોતાના વહીવટની એક સંસ્થામાંથી પોતાના વહીવટની બીજી સંસ્થાના રક્ષણ માટે વીસ હજાર રૂપિયા ખર્ચ કરવાની સત્તા વહીવટદાર પ્રતિનિધિઓને આપવામાં આવી હતી.

**શ્રી સમ્મેતશિખર તીર્થના પહાડનો માલિકીહક્ક**—પેઢીના સ્થાનિક પ્રતિનિધિઓની તા. ૧૨-૩-૧૯૧૨ ના રોજ મળેલ સભાએ, શ્રી સમ્મેતશિખર મહાતીર્થના માલિકી હક્કો ખરીદી લેવા સંબંધમાં નીચે મુજબ ઠરાવ કર્યો હતો—

"રાય સાહેબ બદ્રીદાસજી બાહાદુર કલકત્તેથી અત્રે પધારેલા છે અને તેમણે મહા પ્રયત્ને શિખરજીના તિર્થ માટે પ્રયાસ કર્યો તે હકીકત શેઠ વલભજીભાઈ હીરજીભાઈએ રાય સાહેબની વતી અત્રે નીચે પ્રમાણે જાહેર કરી કે પાલગંજના રાજાના શીખરજી ઉપરના તમામ હકનું કાયમનું લીસ લેવા માટે રૂ. ૨,૪૨,૦૦૦] બે લાખ બેંતાલીસ હજાર એક વાર રોકડા આપવા તથા દર વર્ષે રૂ. ૪૦૦૦] ચાર હજાર આપવા એવી ગોઠવણ થઈ છે. અને તેમાં જે રૂ. ૧૫૦૦] પંદરસેં શ્રી શીખરજીના કારખાના તરફથી મળે છે તે લેવાના તથા પાલગંજના રાજાના હક તરીકે ડુંગરની જે ઉપજ આવશે તે પણ આપણે લેવાની એમ જાહેર કર્યું અને આ સંબંધે ગવર્નમેન્ટમાં મંજૂરી માટે માગણી કરી છે, તે માગણી મંજૂર થયેથી ઉપરની રકમ તથા તે શિવાય વકીલ વગેરે બીજા ખર્ચ માટે જરૂર પડતાં રૂ. ૧૫૦૦૦] પંદર હજાર સુધી જરૂર પડે તેમ છે એમ જાહેર કર્યું. આ હકીકત ઉપરથી

મી. માણેકલાલ ઘેલાભાઈએ દરખાસ્ત કરી તથા મી. અંબાલાલ બાપુભાઈએ ટેકો આપ્યો કે આ કામ ઘણું જ સારૂં છે અને ઉપર જે રકમ જણાવી તે રકમ શેઠ આણંદજી કલ્યાણજીએ સમેતશિખરજી તિર્થ ખાતે લખીને આપવી અને તે બાબત જે જે જરૂર અને યોગ્ય કામ લાગે તે સર્વે કરવા વહીવટ કરનાર પ્રતિનિધિઓને સત્તા આપવી અને આ કામ બદલ રાય બદ્રીદાસ બાહાદુરને ધન્યવાદ આપવો."

ઉપર મુજબનો જે ઠરાવ પેઢીના સ્થાનિક પ્રતિનિધિઓની તા. ૧૨-૩-૧૯૧૨ ના (સં૦ ૧૯૬૮ ના ફાગણ વદિ ૯, મંગળવારના) રોજ મળેલ સભાએ કર્યો હતો, એ ઠરાવને બંધારણ માટે બોલાવવામાં આવેલ આ સભાએ, નીચે મુજબ અગિયારમો ઠરાવ કરીને, પોતાની બહાલી આપી હતી—

"ઉપર પ્રમાણે સ્થાનિક પ્રતિનિધિઓની મીટીંગમાં ઠરાવ થયેલ છે તે મંજુર કરવામાં આવે છે અને ઠરાવવામાં આવે છે કે તે ઠરાવમાં જણાવેલી શરતોમાં અથવા રકમમાં કાંઈ ઓછું વધતું કરવાનું અગર ફેરફાર કરવાનું વહીવટ કરનાર પ્રતિનિધિઓને યોગ્ય લાગે તો તેમ પણ કરવાની તેમને સંપૂર્ણ સત્તા આપવામાં આવે છે."

છેક પૂર્વ દેશમાં આવેલ પરમપવિત્ર શ્રી સમ્મેતશિખર જેવા મહાતીર્થના પહાડના માલિકીહક્કો મેળવી લેવાની વાત ઉપસ્થિત થઈ ત્યારે, શ્રીસંઘનું અને ખાસ કરીને પૂર્વ દેશના જૈન અગ્રણીઓનું પણ ધ્યાન શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફ ગયું, એ ઉપરથી જોઈ શકાય છે કે પેઢીએ શ્રીસંઘનો કેટલો બધો વિશ્વાસ અને આદર સંપાદન કર્યો હતો! પેઢીનો વહીવટ એક રજવાડાના કારોબાર જેવો વિશાળ હતો, એમ જે અગાઉ કહેવામાં આવ્યું છે, એ વાતનું સમર્થન આ પ્રસંગ ઉપરથી પણ થાય છે. સાથે સાથે જ્યારે પણ તીર્થરક્ષાનો સવાલ આવતો ત્યારે પેઢી પણ, ખર્ચનો, ફૂરીનો કે વહીવટી મુશ્કેલીનો વિચાર કર્યા વગર, પોતાનું ધર્મકર્તવ્ય બજાવવા કેવી તત્પર રહેતી હશે એ વાતનું સૂચન પણ આ પ્રસંગ ઉપરથી મળી રહે છે.

આ તીર્થનો વહીવટ તો પહેલાં "શ્રી જૈન શ્વેતાંબર સોસાયટી, મધુવન" અને અત્યારે "શ્રી જૈન શ્વેતાંબર ભંડાર તીર્થ સમેતશિખરજી, મધુવન" એ નામથી કલકત્તાના સંઘની કમિટિ સંભાળે છે, છતાં આ તીર્થના દરેક પ્રકારના હક્કોના રક્ષણ માટે પેઢી અત્યારે પણ ઘણી મોટી જવાબદારી સંભાળી રહી છે. આની વિશેષ વિગતો આગળ ઉપર આપવામાં આવશે.

**ગૌરવભર્યો ઠરાવ**—બારમો ઠરાવ પેઢીના અખિલ-ભારતીય દરજ્જાને શોભાવે એવો ગૌરવભર્યો છે. એમાં નક્કી કરવામાં આવ્યું હતું કે, પાલીતાણામાં (શ્રી શત્રુંજય તીર્થમાં) દર વર્ષે ભંડાર ખાતે (દેવદ્રવ્ય ખાતે) જે ચોખ્ખી આવક થાય, તેમાંથી અડધી રકમ

બીજાં તીર્થો તથા સ્થાનોના જીર્ણોદ્ધાર માટે વાપરવી. આ ખર્ચ કરવાની સત્તા આ ઠરાવથી સંસ્થાના વહીવટદાર પ્રતિનિધિઓને આપવામાં આવી હતી.

આ ઠરાવ એવું સૂચન કરે છે કે, પેઢીના સંચાલનનું મુખ્ય કેન્દ્ર અમદાવાદ હોવા છતાં અને એના સીધેસીધા વહીવટમાં તો અમુક તીર્થો અને જિનમંદિરોને સાચવવાની જવાબદારીનો જ સમાવેશ થતો હોવા છતાં, આખા દેશનાં તીર્થો તથા દેરાસરોના રક્ષણમાં ફાળો આપવાની સમદૃષ્ટિ, ઉદારતા અને શાસનની દાઝ પેઢીના સંચાલકો ધરાવતા હતા. સમય જતાં પેઢીની આ વિશેષતા અને બધાં ધર્મસ્થાનો તરફની સમભાવની દૃષ્ટિનો ઉત્તરોત્તર વિકાસ થતો ગયો, એટલે પેઢીનું જીર્ણોદ્ધાર ખાતું, એક વિશાળ કારોબાર ધરાવતા મોટા ખાતા જેવું બની ગયું.

**વિશેષ મહત્ત્વનો ઠરાવ**—આથી પણ આગળ વધીને આ સભાએ, પંદરમો ઠરાવ કરીને તો, પેઢીના સંચાલકો ઉપરની શ્રીસંઘની શ્રદ્ધા ઉપર સુવર્ણકળશ ચડાવ્યો હતો, એમ જ કહેવું જોઈએ. આ ઠરાવથી, જે કોઈ માણસ જૈન તીર્થ, દેરાસર કે ધાર્મિક સંસ્થાના વહીવટનો હિસાબ અને મિલકત ન સોંપતો હોય, અને એ સ્થાનના સંઘે એને સંઘમાંથી દૂર કર્યો હોય, તો પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓ એને, પોતાના ગામના સંઘની સૂચના મુજબ વર્તવા સમજાવે; અને છતાં એ એ રીતે વર્તવા તૈયાર ન થાય અને વાસ્તવિક ખુલાસોય ન આપે તો, વહીવટદાર પ્રતિનિધિઓ, સ્થાનિક પ્રતિનિધિઓની બહુમતી મેળવીને, એને સંઘ બહાર મૂકી શકે એવી સત્તા એમને આપવામાં આવી હતી. શાસનહિત, તીર્થરક્ષા અને સંઘવ્યવસ્થા માટે ધર્મસત્તા અને સંઘસત્તાની પણ ક્યારેક જરૂર પડે છે, એ વાતનો ખ્યાલ આ ઠરાવ ઉપરથી પણ મળી શકે છે.

**વહીવટદાર પ્રતિનિધિઓ**—સને ૧૮૮૦ના બંધારણમાં પેઢીમાં આઠ વહીવટદાર પ્રતિનિધિઓને રાખવાની જોગવાઈ હતી. આ નવા બંધારણમાં, અઢારમા ઠરાવથી, આ સંખ્યા નવની નક્કી કરીને, અમદાવાદના નીચે મુજબ આગેવાનોને વહીવટદાર પ્રતિનિધિ નીમવામાં આવ્યા હતા—

(૧) નગરશેઠ કસ્તુરભાઈ મણિભાઈ
(૨) શેઠ અંબાલાલ સારાભાઈ
(૩) શેઠ મનસુખભાઈ ભગુભાઈ
(૪) શેઠ મણિભાઈ દલપતભાઈ
(૫) શેઠ દલપતભાઈ મગનભાઈ
(૬) શેઠ લાલભાઈ ત્રિકમલાલ
(૭) ઝવેરી વાડીલાલ વખતચંદ

(૮) રા. વકીલ સાંકળચંદ રતનચંદ
(૯) રા. વકીલ હરીલાલ મંછારામ

**પેઢીનું પ્રમુખપદ**—આ સભાના છેલ્લા–ઓગણીસમા ઠરાવમાં એમ જણાવવામાં આવ્યું હતું કે "ઉપર લખેલા ઠરાવોથી તારીખ ૧૯ સપ્ટેમ્બર સને ૧૮૮૦ની સાલની સ્કીમમાં જે ફેરફાર કરવામાં આવ્યો છે, તે શીવાય બીજી બધી બાબતોમાં મજકુર તારીખ ૧૯ સપ્ટેમ્બર સને ૧૮૮૦ ની સ્કીમ કાયમ છે એમ સમજવું." આ ઉપરથી એમ ફલિત થતું હતું કે, નગરશેઠ શાંતિદાસના કુટુંબના જે વારસ હોય તેઓ જ પેઢીના પ્રમુખપદે રહે એવી જે જોગવાઈ સને ૧૮૮૦ માં બંધારણ ઘડતી વખતે કરવામાં આવી હતી, તેનો આ બંધારણમાં પણ સ્વીકાર કરવામાં આવ્યો હતો.

## આ સભાની કેટલીક યાદગાર બાબતો

**પેઢીના કારોબારની પ્રશંસા**—ભાવનગરના સ્થાનિક પ્રતિનિધિ શેઠ શ્રી કુંવરજી આણંદજી જૈન સંઘમાં એક ઠરેલ, ઓછાબોલા, શાસ્ત્રાભ્યાસી અને શાણા ધર્મપુરુષ તરીકે જાણીતા હતા. એમણે આ સભામાં ચોથો ઠરાવ રજૂ કરીને પેઢી તરફની શ્રીસંઘની જે લાગણી વ્યક્ત કરી હતી, તે જાણવા જેવી છે. આ ઠરાવ રજૂ કરતી વખતનું એમનું વક્તવ્ય અને એ ઠરાવ આ પ્રમાણે છે—

"ત્યાર બાદ ભાવનગરવાળા શેઠ કુંવરજી આણંદજીએ જણાવ્યું કે અમદાવાદના ગૃહસ્થોએ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો બત્રીસ વર્ષ સુધી વહીવટ ઘણી જ સંતોષકારક રીતે કરેલો છે, અને તેટલી મુદતમાં સદરહુ પેઢીમાં રૂપીઆ ચોવીસ પચીસ લાખ જેટલી મોટી રકમનો વધારો કર્યો છે. વહીવટદાર પ્રતિનિધિઓએ દર વરસે પોતાની સો સો જેટલી મીટીંગો ભરી પોતાના શરીર અને વખતનો ભોગ આપી શેઠ આણંદજી કલ્યાણજીના હકો, હીંદુસ્થાનના બીજા સંઘોની પ્રસંગોપાત જરૂરી સહાયતા મેળવી, જાળવી રાખ્યા છે, તો આ પ્રમાણે ઉત્સાહ અને સંપથી પેઢીનો વહીવટ ઘણી જ સંતોષકારક રીતે તેમણે કરેલો છે. તેથી હું નીચેનો ઠરાવ રજુ કરું છું—

**ઠરાવ ૪**—શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનાં સરવૈયાં વગેરે હીસાબ આપણી સમક્ષ હાલ જે વાંચી બતાવવામાં આવ્યાં તે જોતાં સદરહુ પેઢીનો વહીવટ વગેરે કામકાજ સદરહુ પેઢીના વખતોવખતના અમદાવાદના વહીવટ કરનાર પ્રતિનિધિઓએ સંપૂર્ણ કાળજીથી પોતાના શરીર અને વખતનો ભોગ આપી પૂર્ણ સંતોષકારક રીતે બજાવેલ છે તે માટે હીંદુસ્થાનનો આ સકળ સંઘ તેમને ધન્યવાદ આપે છે. અને ઇચ્છે છે કે તેવી જ કાળજી અને બાહોશીથી સદરહુ પેઢીનો વહીવટ અમદાવાદના ગૃહસ્થો હવે પછી પણ ચલાવશે

અને ઠરાવે છે કે સદરહુ શેઠ આણંદજી કલ્યાણજીની મુખ્ય પેઢી (હેડ ઑફીસ) જે અત્યાર સુધી અમદાવાદમાં છે ત્યાં જ રાખવી."[૫]

**ઠરાવ પાછો ખેંચ્યો**—તા. ૨૯-૧૨-૧૯૧૨ ના રોજ, એટલે કે બીજા દિવસે, મળેલી સભામાં સુરતવાળા શરાફ શ્રી ચુનીલાલ છગનલાલે ઠરાવ નં. ૬, ૭, ૮ એમ ત્રણ ઠરાવો રજૂ કર્યા હતા. આમાં આઠમો ઠરાવ સંસ્થાના સંચાલન માટે આઠ વહીવટદાર પ્રતિનિધિઓની નિમણૂકને લગતો હતો. આ ત્રણે ઠરાવોને શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈએ ટેકો આપ્યો હતો; પણ આ ઠરાવો પસાર થાય તે પહેલાં કોઈકે એ વાત તરફ સભાનું ધ્યાન દોર્યું કે, વહીવટદાર પ્રતિનિધિઓની નિમણૂકને લગતા આઠમા ઠરાવ સંબંધી ચર્ચા બંધારણ કમીટીમાં થઈ નથી, એટલે એ અહીં રજૂ ન થઈ શકે. આ અંગે કોઈ પણ જાતની ચર્ચા થાય એ પહેલાં જ, ઠરાવ રજૂ કરનારે પોતે જ, એ પાછો ખેંચી લીધો હતો. આ નાના સરખા પ્રસંગ ઉપરથી પણ જાણી શકાય છે કે, બધું કામ ધારાધોરણસર ચાલે એ માટે શરૂઆતથી જ કેવી ચીવટ રાખવામાં આવી હતી! (આ અગાઉ સૂચવવામાં આવ્યું તેમ, સભાના ત્રીજા દિવસે, ૧૮ મા ઠરાવથી, આઠના બદલે નવ વહીવટદાર પ્રતિનિધિઓની નિમણૂક કરવામાં આવી હતી અને એમાં પાછા ખેંચાયેલ આઠમા ઠરાવમાં સૂચવેલ આઠે શ્રેષ્ઠીઓને સમાવી લેવામાં આવ્યા હતા.)

**સભામાં હાજર રહેવા દેવાનો ઇનકાર**—બીજા દિવસે (તા. ૨૯-૧૨-૧૯૧૨ ના રોજ) સભા મળી ત્યારે પ્રમુખશ્રીએ સભા સમક્ષ એક સવાલ રજૂ કર્યો. સુરત શહેરના સ્થાનિક પ્રતિનિધિ શ્રી માણેકલાલ ઘેલાભાઈ, જેઓ પહેલા દિવસની સભામાં હાજર હતા, તેઓથી બીજા દિવસની સભામાં હાજર રહી શકાય એમ નહીં હોવાથી, એમની વતી, એમના વકીલ શ્રી ચુનીલાલ માણેકલાલ ગાંધી તરફથી, એવી લેખિત માગણી કરવામાં આવી હતી કે, શ્રી માણેકલાલભાઈના બદલે, એમના પ્રતિનિધિ તરીકે, સભાની કાર્યવાહીની નોંધ લેવા માટે, શ્રી પ્રાણશંકર ત્રિપુરાશંકરને હાજર રહેવાની અનુમતિ આપવામાં આવે. આ બાબતમાં શું કરવું એવો પ્રશ્ન સભામાં રજૂ થતાં એવી અનુમતિ આપવાનો સભાએ સ્પષ્ટ ઇનકાર કરી દઈને ભવિષ્યને માટે એક દાખલો બેસાર્યો હતો. આ ઉપરથી એમ પણ સૂચિત થાય છે કે, પેઢીની કાર્યવાહીથી માહિતગાર રહેવા માટે સ્થાનિક પ્રતિનિધિઓ કેવા ઉત્સુક રહેતા હતા.[૬]

## બંધારણમાં છેલ્લો સુધારો

સને ૧૯૧૨ માં (વિ૦ સં૦ ૧૯૬૮ માં) સુધારેલ બંધારણ મુજબ, ૫૩ વર્ષ સુધી, પેઢીનો કારોબાર ચાલતો રહ્યો; પણ આ અરસામાં પેઢીના કાર્યક્ષેત્રમાં વધારો થવાને લીધે તેમ જ બીજાં કારણોસર પણ, પેઢીના બંધારણમાં ફેરફાર કરવાની જરૂર જણાતાં,

તા. ૬-૩-૧૯૬૫ ના રોજ મળેલી પેઢીના સ્થાનિક પ્રતિનિધિઓની સભામાં નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો—

"શેઠ આણંદજી કલ્યાણજી તેમના વહીવટ નીચેની જુદી જુદી સંસ્થાનો વહિવટ જૈન-ધર્મની પ્રણાલીકા અને ઉદ્દેશો મુજબ કરે છે અને તેમણે જુદા જુદા ટ્રસ્ટ રજીસ્ટર કરાવ્યાં છે તેમાં ઉદ્દેશ તરીકે "જૈનધર્મના સીદ્ધાંત મુજબ વહિવટ થાય છે" તેમ જણાવેલું છે. તેને સ્પષ્ટ કરવા ચેરીટી કમીશનર તરફથી જણાવવામાં આવ્યું છે. તેથી આ બધા ટ્રસ્ટો એકત્ર કરી તેની એક યોજના બનાવવાનો મુસદ્દો તૈયાર કરી સ્થા. પ્રતી. સાહેબોને મોકલવામાં આવેલ છે. તે રજુ થતાં તે ઉપર ચર્ચાવિચારણા કરી ઠરાવવામાં આવે છે કે રજુ થયેલ બંધારણ તપાસી તેમાં જરૂરી સુધારાવધારા કરી છેવટનો મુસદ્દો તૈયાર કરવા પેઢીના નવ ટ્રસ્ટીઓ તથા નીચેના ગૃહસ્થોની એક કમીટી નીમવામાં આવે છે. સદરહુ મુસદ્દો તૈયાર થએ ફરીથી સ્થા. પ્રતીનીધીઓની મીટીંગ બોલાવી તેમાં રજુ કરવો—વકીલ શ્રી છોટાલાલ ત્રીકમલાલ, શેઠ રમણલાલ દલસુખભાઈ, શેઠ મોતીલાલ વિરચંદભાઈ, વકીલ શ્રી ભાયચંદભાઈ અને શેઠ જીવતલાલ પ્રતાપશી."

આ રીતે પેઢીના બંધારણમાં જરૂરી સુધારા કરવાનું નક્કી કર્યા પછી તા. ૧૩-૨-૧૯૬૬ ના રોજ મળેલ પ્રતિનિધિસભામાં (જનરલ મીટિંગમાં) આ કામને આગળ વધારવા માટે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો—

"તા. ૬-૩-૬૫ ના રોજની સ્થાનીક પ્રતીનીધીઓની મીટંગમાં પેઢીના બંધારણનો મુસદ્દો તૈયાર કરવા કમીટી નીમવામાં આવેલી અને સદરહુ તૈયાર થયેથી સ્થાનીક પ્રતીનીધીઓની મીટીંગમાં રજુ કરવા ઠરાવેલું. તે મુજબ મુસદ્દો તૈયાર કરી તમામ પ્રતીનીધી સાહેબોને મોકલી આપવામાં આવેલ છે. તે કામ રજુ થતાં તેના ઉપર ચર્ચા વિચારણા કરી એક ઠરાવ કરવામાં આવે છે કે તા. ૬-૩-૬૫ ની સ્થાનીક પ્રતીનીધીઓની મીટીંગમાં બંધારણ બાબત નીમેલી સબકમીટીમાં શ્રી અમૃતલાલ કાલીદાસને વધારાના સભ્ય તરીકે લેવા અને તે સબકમીટીને રજુ થયેલ બંધારણ અંગે જે જે સુચનાઓ કરવામાં આવેલ છે તે ધ્યાનમાં લઈ બંધારણમાં જરૂરી ફેરફારો કરી છેવટનો મુસદ્દો નક્કી કરવા સત્તા આપવામાં આવે છે."

આ પછી તા. ૨૭-૨-૧૯૬૭ની જનરલ મીટીંગમાં બંધારણ સંબંધી નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો—

"પેઢીના બંધારણ અંગે થએલા ઠરાવો પર ફરીથી વિચાર કરતાં એમ લાગે છે કે પેઢીના બંધારણમાં કોઈ ફેરફાર કરવો નહિ. પરંતુ કામકાજ અને વહિવટ કરવા માટે ધારાધોરણ તથા નિયમો કરવાની જરૂર છે. તે નીયમો કરવા માટે એક પેટાસમીતી

નીચેના સભ્યોની નીમવામાં આવે છે: (૧) શેઠ શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી (૨) શેઠ રમણલાલ દલસુખભાઈ શ્રોફ (૩) શેઠ શ્રી જીવતલાલ પ્રતાપસીભાઈ (૪) શેઠ હીરાલાલ હાલચંદ બાર–એટ–લૉ. આ પેટાસમીતીએ સોલીસીટર્સ મેસર્સ મણીલાલ ખેર અંબાલાલની કં. સાથે મળી, કામકાજ અને વહિવટ અંગેના નિયમો તેમની પાસે તૈયાર કરાવવા અને પેઢીને મોકલી આપવા.”

પેઢીના બંધારણમાં વહીવટી અનુકૂળતા માટે સ્થાનિક પ્રતિનિધિઓની તા. ૬–૩–૧૯૬૫ તથા તા. ૧૩–૨–૧૯૬૬ ની એમ બે સભામાં કેટલીક વિચારણા કર્યા બાદ તા. ૨૭–૨–૧૯૬૭ના રોજ મળેલ આ જનરલ સભામાં આવો ઠરાવ કરવો પડયો, તેથી એમ લાગે છે કે, વચગાળાના સમયમાં, આ બાબતમાં કોઈક મુશ્કેલી ઊભી થઈ હશે અને એનું નિવારણ કરવા માટે આવો ઠરાવ કરીને સોલીસીટરની સલાહ લઈને પેઢીના વહીવટ અંગેના નિયમો તૈયાર કરવાનું ઠરાવવું પડયું હશે.

આ પછી તા. ૮–૨–૧૯૬૯ના રોજ મળેલી સ્થાનિક પ્રતિનિધિઓની સભામાં, બંધારણીય વહીવટની સરળતા માટે ઘડવામાં આવેલ, નિયમાવલીની કુલ ૫૩ કલમોમાંથી સ્થાનિક પ્રતિનિધિઓની સંખ્યાની જોગવાઈ કરતી એકમાત્ર ૮ મી કલમ સિવાય બાકીની બધી કલમોનો આ પ્રમાણે ઠરાવ કરીને સ્વીકાર કરવામાં આવ્યો હતો—

“શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના વહિવટ નીચેની તથા તેના ટ્રસ્ટીઓના વહિવટ નીચેની સંસ્થાઓના કામકાજ અંગે નિયમાવલી તૈયાર કરી રજુ કરવા, સ્થાનિક પ્રતીનીધીઓની તા. ૨૭–૨–૬૭ની મીટીંગમાં પેટાસમીતી નીમવામાં આવેલી. આ પેટાસમીતીએ તૈયાર કરેલ નિયમાવલીનો મુસદ્દો તમામ પ્રતીનીધી સાહેબોને મોકલવામાં આવ્યો હતો. તેના ઉપર ચર્ચા-વિચારણા કરવામાં આવી તેમ જ તે મુસદ્દામાં શેઠ અમૃતલાલ કાલીદાસ તથા શેઠ જીવાભાઈ પ્રતાપભાઈએ સુચવેલ સુધારાઓ જાહેર કર્યા તે ઉપરથી ઠરાવવામાં આવે છે કે આ પેટાસમીતીએ તૈયાર કરેલ નિયમાવલી, શેઠ અમૃતલાલ તથા શેઠ જીવાભાઈએ સુચવેલ સુધારા સહિતની નીયમાવલી તેની કલમ ૮ શીવાયની મંજુર કરવામાં આવે છે. ક. ૮ કે જે આધારે જુદા જુદા પ્રાદેશીક વિભાગોને કેવી રીતે પ્રતીનીધીત્વ આપવું તે હવે પછી નક્કી કરવામાં આવશે. અને જ્યાં સુધી નીયમાવલી મુજબ નવીન પ્રતીનીધીઓ નીમાઈ આવે ત્યાં સુધી હાલના પ્રતીનીધીઓ ચાલુ રહેશે.”

આ પછી, છેલ્લે છેલ્લે, તા. ૨૧–૬–૧૯૬૯ના રોજ મળેલી પ્રતિનિધિઓની સભાએ નિયમાવલીની બાકી રહેલ ૮મી કલમનો એટલે કે પ્રતિનિધિઓની સંખ્યાનો સ્વીકાર કરવા અંગે નીચે મુજબ ઠરાવ કર્યો હતો—

“આ મુસદ્દા પ્રમાણેની કલમ ૮ તથા આજરોજ નક્કી કરેલ પ્રતિનીધીઓની બેઠકો ૧૧૫ મંજૂર કરવામાં આવે છે.”

આ રીતે તા. ૯–૩–૧૯૬૫ થી શરૂ થયેલ બંધારણીય સુધારાને–૫૩ કલમો અને અનેક પેટાકલમો સાથેની સવિસ્તર નિયમાવલીને–મંજૂર કરાવવાનું કામ તા. ૨૧–૬–૧૯૬૯ ના રોજ, લગભગ સવાચાર વર્ષે, પૂરું થયું. અને પેઢીની આ નવી નિયમાવલીની છેલ્લી–૫૩ મી કલમ મુજબ, પેઢીનો કારોબાર વિ૦ સં૦ ૨૦૨૫ ના બીજા અષાડ સુદિ ૨ (તા. ૧૬–૭–૧૯૬૯) થી, આ નિયમાવલી મુજબ, ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું.

નિયમાવલી તૈયાર કરવાની જરૂર અંગે નિયમાવલીની પીઠિકામાં જણાવવામાં આવ્યું છે કે—

"અખિલ ભારતના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રીસંઘના પ્રતિનિધિ તરીકે "શેઠ આણંદજી કલ્યાણજી" ની પેઢી, શ્રી જૈન સિદ્ધાંતોને તથા તેમને અનુસરતી પ્રણાલિકાઓને અથવા તે સિદ્ધાંતોને બાધ ન આવે તેવી રીતિએ, પોતાના હસ્તકનાં જુદાં જુદાં ટ્રસ્ટોનો વહીવટ ઘણાં વરસોથી કરતી આવી છે અને એ જ રીતિએ હવે પછી પણ "શેઠ આણંદજી કલ્યાણજી" ની પેઢીનો વહીવટ ચાલુ રાખવાનો છે. એટલા માટે સને ૧૮૮૦ ના ઘડાયેલા તથા સને ૧૯૧૨ માં સુધારાવધારા કરાયેલા બંધારણને અનુસરીને, ચાલી આવતી પ્રણાલિકા મુજબ, વહીવટની સુવિધા ખાતર, આ નિયમાવલી કરવામાં આવે છે."

વહીવટનો વિસ્તાર થતો જતો હોય, જવાબદારીઓ વધવાની સાથે સાથે આવકો અને અસ્કયામતો વધતી જતી હોય, સંયોગો અને કાયદાઓ બદલાતા જતા હોય તેમ જ કામ કરવાની નવી નવી રીત-રસમો કે પદ્ધતિઓ પણ શોધાતી જતી હોય, એવી સ્થિતિમાં, જો કારોબાર સારી અને સંતોષકારક રીતે ચાલુ રાખવો હોય તો એમાં, મૂળ મુદ્દાઓને બાધ ન આવે અને પોષણ મળે એ રીતે, જરૂરી ફેરફાર કરવા જ જોઈએ. આ વાત બીજી સંસ્થાઓની જેમ પેઢીને પણ લાગુ પડે છે અને સને ૧૮૮૦ માં ઘડેલ પહેલવહેલા બંધારણ પછી ફક્ત બત્રીસ વર્ષ બાદ જ, સને ૧૯૧૨ માં, એમાં કેટલાક ફેરફાર કરવાનું જરૂરી લાગવાથી, તે વખતના પેઢીના બાહોશ સંચાલકોએ, એવો ફેરફાર કર્યો હતો, તે આગળ જણાવવામાં આવ્યું છે.

અને સને ૧૯૧૨ ના સુધારેલા બંધારણ મુજબ ૫૨–૫૩ વર્ષ સુધી, પેઢીનો કારોબાર ચાલતો રહ્યો; એ દરમિયાન પેઢીના કાર્યક્ષેત્રનો ઉત્તરોત્તર વધુ ને વધુ વિકાસ થતો જ રહ્યો. સને ૧૮૮૦ માં, પહેલવહેલાં પેઢીનું બંધારણ ઘડાયું ત્યારે, પેઢી હસ્તક માત્ર શ્રી શત્રુંજય તીર્થનો જ વહીવટ હતો; સને ૧૯૧૨ ના બંધારણ વખતે ગિરિરાજ શ્રી શત્રુંજય તીર્થ ઉપરાંત શ્રી ગિરનાર–જૂનાગઢ અને શ્રી રાણકપુર–સાદડી તથા એની આસપાસનાં જિનમંદિરોનો વહીવટ પેઢીની પાસે આવી ગયો હતો; અને તે પછીના સમયમાં તો શ્રી

તારંગાજી, શ્રી કુંભારિયાજી, શ્રી સેરિસાજી અને મક્સિજી–એમ બીજાં ચાર તીર્થોના વહીવટ ઉપરાંત શ્રી સમ્મેતશિખર તીર્થના પહાડની માલિકીનો, પાંજરાપોળ માટે ભાવનગર રાજ્ય તરફથી ભેટ મળેલ સીમ સહિત છાપરિયાળી ગામનો, વારાણસીના એક ટ્રસ્ટનો અને અમદાવાદ શહેરનાં જ નાનાં-મોટાં બાર જેટલાં ટ્રસ્ટોનો વહીવટ પેઢી હસ્તક આવી ગયો હતો. આ ઉપરથી પણ જોઈ શકાય છે કે, આટલા લાંબા સમયના વહીવટ પછી પણ, એમાં કોઈ જાતની ઊણપ અને ઢીલાશ આવી જવાના બદલે, એ કેવો વ્યવસ્થિત અને પદ્ધતિસર ચાલતો રહ્યો હતો ! અને, એનાથી શ્રીસંઘને સંતોષ થવાને કારણે, એનો પેઢી ઉપરનો વિશ્વાસ પણ ઉત્તરોત્તર કેટલો વધતો રહ્યો હતો ! તો પછી, શ્રીસંઘે સોંપેલી આવી અનેક પ્રકારની જવાબદારીઓને તથા એણે મૂકેલ વિશ્વાસને ન્યાય આપવા ખાતર, સને ૧૯૧૨ ના બંધારણમાં જરૂરી સુધારા–વધારા કર્યા વગર કેમ ચાલી શકે ? આ હતો બંધારણના છેલ્લા સુધારા–વધારારૂપે નિયમાવલી ઘડવાનો પાયો અને હેતુ.

પહેલાંનાં બે બંધારણો ઠરાવોના રૂપમાં હતાં : સને ૧૮૮૦ નું બંધારણ માત્ર આઠ ઠરાવોમાં સમાઈ જતું હતું; અને સને ૧૯૧૨ નું સુધારેલું બંધારણ કુલ ૧૯ ઠરાવોનું બનેલું હતું; અને એમાંથી પણ પહેલા ચાર ઠરાવો તો બંધારણને લગતા ન હતા, એટલે એને બાદ કરતાં આ નવું બંધારણ ૧૫ ઠરાવો જેટલું જ બન્યું હતું.[૮] અને છેલ્લે સુધારેલ બંધારણમાં–નિયમાવલીમાં–સંખ્યાબંધ પેટાકલમો સહિત ૫૩ જેટલી કલમો ઘડવામાં આવી છે. બંધારણના ક્રમિક વિકાસને સૂચવતું આ ચિત્ર સમગ્ર રૂપે જોતાં એમ સ્પષ્ટ લાગે છે કે, પેઢીના વહીવટનો વિકાસ કે વિસ્તાર થવાની સાથે સાથે પેઢીના બંધારણનો પણ વિકાસ કે વિસ્તાર થતો રહ્યો છે; અને તે પેઢીના સંચાલકોની પેઢી ઉપર આવી પડતી નવી નવી જવાબદારીઓને સરખી રીતે પહોંચી વળવાની જોગવાઈ કરતાં રહેવાની ચીવટનું સૂચન કરે છે.

હવે છેલ્લા બંધારણ–"નિયમાવલી"માંની થોડીક વિશેષ મહત્ત્વની કલમો જોઈએ.

## આઠમી કલમ

**પ્રતિનિધિઓના પ્રમાણની પદ્ધતિ**–આમાં સૌથી પહેલું ધ્યાન ખેંચે છે પ્રાદેશિક (સ્થાનિક) પ્રતિનિધિઓની જે તે સ્થાન માટે સંખ્યાનું ધોરણ નક્કી કરવાની વૈજ્ઞાનિક કહી શકાય એવી જોગવાઈ કરતી આઠમી કલમ. આમાં જૈનોની કેટલી વસ્તી ધરાવતાં શહેરો કે પ્રદેશોને કેટલા પ્રતિનિધિઓ નીમવાની સત્તા આપવામાં આવે છે, તે માટે આઠમી કલમની પહેલી પેટાકલમ, ચાર પેટાકલમો સાથે, આ પ્રમાણે નક્કી કરવામાં આવી છે—

"(૧) અખિલ ભારતના જુદા જુદા પ્રાદેશિક વિભાગોનું પ્રમાણસર પ્રતિનિધિત્વ

સચવાય તે હેતુથી સામાન્યપણે વસ્તીના ધોરણે તે તે પ્રાદેશિક વિભાગનું પ્રતિનિધિત્વ રાખવામાં આવશે. આ પ્રમાણે વસ્તીના ધોરણે પ્રતિનિધિઓની નિમણૂકની સંખ્યા નીચે પ્રમાણે રહેશે—

"(અ) કોઈ શહેર વગેરે અને તેની આસપાસનો વિભાગ કે જેની જૈન શ્વે૦ મૂર્તિપૂજક વસ્તી ૧૦૦૦૦ સુધીની હશે તે માટે પ્રતિનિધિ-૧.

"(બ) કોઈ શહેર વગેરે અને તેની આસપાસનો વિભાગ કે જેની જૈન શ્વે૦ મૂર્તિપૂજક વસ્તી ૧૦૦૦૧ થી ૨૦૦૦૦ સુધીની હશે તે માટે પ્રતિનિધિ-૨.

"(ક) કોઈ શહેર વગેરે અને તેની આસપાસનો વિભાગ કે જેની જૈન શ્વે૦ મૂર્તિપૂજક વસ્તી ૨૦૦૦૧ થી ૩૦૦૦૦ સુધીની હશે તે માટે પ્રતિનિધિ-૩.

"(ડ) કોઈ શહેર વગેરે અને તેની આસપાસનો વિભાગ કે જેની જૈન શ્વે૦ મૂર્તિપૂજક વસ્તી ૩૦૦૦૧ થી વધારે હશે તે માટે પ્રતિનિધિ-૪.

પ્રતિનિધિઓની સંખ્યા નક્કી કરવાની આ પદ્ધતિ એવી છે કે જેથી કોઈ પણ સ્થાનના સંઘને પોતાના પ્રતિનિધિત્વને માટે ફરિયાદ કરવાપણું ભાગ્યે જ રહે.

**કો-ઓપ્ટ પ્રતિનિધિ**—ચોથી પેટાકલમ મુજબ પ્રતિનિધિઓની સાધારણ સભાને ૧૦ સભ્યો કો-ઓપ્ટ કરવાની સત્તા આપવામાં આવી છે.

**પ્રતિનિધિઓની કુલ સંખ્યા**—પહેલી અને ચોથી એમ બન્ને પેટાકલમો મુજબ નીમવામાં આવનાર પ્રતિનિધિઓની કુલ સંખ્યા (વધારેમાં વધારે સંખ્યા), પાંચમી પેટાકલમથી, ૧૩૦ નક્કી કરવામાં આવી છે.

## કલમ ૨૨ મી તથા ૨૩ મી

**પ્રમુખપદની પ્રથામાં ફેરફાર**—સને ૧૮૮૦ ના બંધારણ (ઠરાવ ચોથો) તથા સને ૧૯૧૨ ના સુધારેલ બંધારણ (ઠરાવ ૧૯) માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ, શેઠ શાંતિદાસના જે વારસ હોય તેમને જ પેઢીનો વહીવટ કરનાર પ્રતિનિધિઓની કમિટીનું પ્રમુખપદ સંભાળવાનો, વંશપરંપરા, અધિકાર આપવામાં આવ્યો હતો. શેઠ શાંતિદાસના વારસ પેઢીનું પ્રમુખપદ સંભાળવાનો જે વારસાગત અધિકાર ભોગવતા હતા, તે પ્રથામાં આ છેલ્લા બંધારણમાં ફેરફાર કરીને એમને પેઢીના ટ્રસ્ટી મંડળમાં ટ્રસ્ટી તરીકે નીમાવાનો અધિકાર આપવામાં આવ્યો; અને પ્રમુખની વરણી ટ્રસ્ટી મંડળમાંથી ટ્રસ્ટીઓએ

કરવાનું ઠરાવવામાં આવ્યું. પેઢીના પ્રમુખપદને લગતી પ્રથામાં ફેરફાર કરતી આ બે કલમો આ પ્રમાણે છે—

"(૨૨) **ટ્રસ્ટી બનવાનો હક**—મરહુમ શેઠશ્રી શાંતિદાસ તથા તેમના કુટુંબે જૈન સંઘના પવિત્ર તીર્થોને લગતા ઘણા અગત્યના હક્કો તથા લાભો મેળવી આપી ચતુર્વિધ સંઘની અમૂલ્ય સેવા કરી છે. તેમ જ સદરહુ તીર્થોને લગતી ઘણી બાદશાહી સનંદો તેમના નામે શ્રીસંઘને પ્રાપ્ત થયેલ છે. તેથી ટ્રસ્ટીઓની સમિતિએ મજકૂર શેઠશ્રી શાંતિદાસના કુટુંબના વખતોવખત જે વંશવારસો હોય તેઓમાંથી એક વ્યક્તિની આ પેઢીના ટ્રસ્ટી તરીકે નિમણૂક કરવી."

"(૨૩) **પ્રમુખની ચૂંટણી**—ટ્રસ્ટીઓ તેમના પૈકી કોઈ એક સભ્યની તેમની સમિતિના પ્રમુખ તરીખે ચાર વર્ષ માટે બહુમતીથી ચૂંટણી કરશે."

પેઢીના પ્રમુખપદ માટેની જૂની પ્રથાના સ્થાને પેઢીના પ્રમુખની ચૂંટણી કરવાની જોગવાઈ કરતો આ ફેરફાર, જેમ સમયાનુકૂળ અને મહત્ત્વનો છે તેમ, એ પેઢીના સંચાલકોએ તથા સંસ્થાના સને ૧૮૮૦ ના તથા સને ૧૯૧૨ ના બંધારણ મુજબ શ્રેષ્ઠીવર્ય શ્રી શાંતિદાસના વારસ તરીકે, સને ૧૯૨૮ ની સાલથી, પેઢીના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી રહેલ શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ દાખવેલ દૂરંદેશી અને શાણપણનું સૂચન કરે છે.

## કલમ ૩૧ મી

પેઢી એ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘસમસ્તનું પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થા છે, એટલે ભારતભરનાં જિનમંદિરો અને તીર્થોમાંથી જે કોઈને જીર્ણોદ્ધાર કે સાચવણી માટે સહાયની જરૂર હોય, એમને સહાય આપી શકાય એવી જોગવાઈ પેઢીની નિયમાવલીની ૩૧ મી કલમમાં કરવામાં આવી છે, જે આ પ્રમાણે છે—

"(૩૧) આ પેઢી હસ્તક જેનો વહીવટ ન હોય તેવાં બીજાં કોઈ પણ તીર્થ, મંદિરો કે જિનચૈત્યોના જીર્ણોદ્ધાર અર્થે કે જિનબિંબોના સંરક્ષણ કે લાભાર્થે આ પેઢી હસ્તક વહીવટની કોઈ પણ સંસ્થાના નાણાંમાંથી કે જેમાંથી તેના ઉદ્દેશ પ્રમાણે આપી શકાય, તેવી મદદથી આપવાનું અને/અથવા ખર્ચ કરવાનું ટ્રસ્ટીઓને યોગ્ય જણાય તો એ તીર્થ અગર મંદિર કે સંસ્થા માટે રૂપિયા ૫૦,૦૦૦–૦૦ અંકે, રૂપિયા પચાસ હજાર સુધીની રકમ તે તીર્થ આદિને નામે ખાતે લખીને અગર ખર્ચ ખાતે લખીને આપવાનો પેઢીના ટ્રસ્ટીઓની

સમિતિને અધિકાર રહે છે. પરંતુ આવી રીતે મદદ આપે અને/અથવા ખર્ચ કરે તે રકમનો બધાં સ્થળોનો એકંદર આંકડો એક સાલમાં રૂપિયા ત્રણ લાખથી વધારે થશે નહીં. અને જો એક તીર્થમાં રૂા. ૫૦,૦૦૦/- કરતાં વધારે રકમ આપવાની જરૂર હોય તો, અથવા એક વર્ષમાં બધાં સ્થળોનો મદદ અને/અથવા ખર્ચનો એકંદર આંકડો રૂપિયા ત્રણ લાખથી વધારે થશે તેમ જણાય તો સાધારણ સભામાં મેળવેલી પ્રતિનિધિઓની બહુમતિપૂર્વકની સંમતિથી તેવી વધારે રકમ આપી શકશે અને/અથવા ખર્ચી શકશે."

આ કલમમાં જે તે સંસ્થાના નામે લખીને કે ખર્ચ ખાતે લખીને જરૂરતવાળી સંસ્થાને નાણાં આપવાની જે જોગવાઈ કરવામાં આવી છે, તે જરૂરતવાળી સંસ્થાને, એની નાણાકીય પરિસ્થિતિ પ્રમાણે, સમયસર પૈસા મળી રહે અને પૈસાના અભાવે કોઈ પણ સંસ્થાનું જીર્ણોદ્ધાર કે તીર્થરક્ષાનું કામ બગડવા ન પામે, એ માટેની પેઢીની તત્પરતા અને ચિંતાનું સૂચન કરે છે.

સને ૧૯૧૨ ની સાલના બંધારણમાં, ઠરાવ ૯ મુજબ, આ રકમ પંદર હજાર રૂપિયા જેટલી નક્કી કરવામાં આવી હતી. અને એમાં પણ નામે લખીને કે ખર્ચ ખાતે લખીને નાણાં આપવાની જોગવાઈ કરવામાં આવી હતી.

## કલમ ૩૨ મી (ક)

**સંઘ બહાર કરવાની સત્તામાં ફેરફાર**—સને ૧૯૧૨ ની સાલના બંધારણના ૧૫ મા ઠરાવથી જે માણસ જૈન ધાર્મિક સંસ્થાનો હિસાબ ન આપતો હોય કે એવી મિલકત સોંપતો ન હોય તેને, જરૂરી વિધિ કર્યા બાદ, સંઘ બહાર મૂકેલો જાહેર કરવાની સત્તા પેઢીના સ્થાનિક પ્રતિનિધિઓને આપવામાં આવી હતી. પણ, સરકારે ઘડેલા નવા કાયદા મુજબ, કોઈ વ્યક્તિને સંઘ બહાર કે નાત બહાર કરવો એ ગુનાહિત કૃત્ય બનતું હોવાથી, નિયમાવલીમાં એના બદલે કલમ ૬, ૭ અને ૩૨ (અ) મુજબ દોષપાત્ર થતી વ્યક્તિની સામે પગલાં ભરવા અંગે કલમ ૩૨ (ક) થી જે જોગવાઈ કરવામાં આવી છે, તે આ પ્રમાણે છે—

"(૩૨) (ક) આવી કોઈ વ્યક્તિ શ્રીસંઘનો પ્રતિનિધિ કે આ પેઢીનો ટ્રસ્ટી થઈ શકશે નહીં અને જો તે થયો હશે તો પ્રતિનિધિ તરીકે અથવા ટ્રસ્ટી તરીકે કમી થવાને પાત્ર ગણાશે."

## કલમ ૪૪ મી

**મકાનોમાં પણ નાણાં રોકવાની જોગવાઈ**—પેઢીનાં નાણાં, કાયદેસર રીતે, કયાં કયાં રોકી શકાય એની વિગતો ૪૪ મી કલમમાં આપવામાં આવી છે. એમાં "અને / અથવા ઓછી આવકવાળા જૈન ભાઈઓ માટે મકાન બાંધવામાં અને / અથવા તે માટે જગ્યા કે મકાનો ખરીદવામાં રોકવામાં આવશે"–એવી જે જોગવાઈ રાખવામાં આવી છે તે, અત્યારના સંજોગોમાં, ખૂબ આવકારપાત્ર અને અનુમોદનીય બની રહે એવી છે. પોતાની નિયમાવલીમાં આવી જોગવાઈને દાખલ કરીને પેઢીએ જરૂરતવાળા શ્રાવક ભાઈઓની મુશ્કેલી પ્રત્યે સક્રિય સહાનુભૂતિ દર્શાવી છે અને તે બીજી સંસ્થાઓએ અનુસરવા જેવી છે, એમ કહેવું જોઈએ.

## કલમ ૫૦ મી

**નિયમાવલીમાં ફેરફાર**—ભવિષ્યમાં જ્યારે પણ, વહીવટી સુવિધાની ખાતર, પેઢીની નિયમાવલીમાં સુધારો–વધારો કરવાની જરૂર ઊભી થાય ત્યારે, એમ કરી શકાય એ માટે, નિયમાવલીમાં ૫૦ મી કલમ નીચે મુજબ ઘડવામાં આવી છે—

> "(૫૦) આ નિયમાવલીમાં જૈન સિદ્ધાંતોને બાધ ન આવે તેવી રીતે, વહીવટ, વ્યવસ્થા અને સંચાલન અંગેના નિયમોમાં કોઈ પણ સુધારાવધારા કે ફેરફાર કરવાની જરૂર જણાય તો પ્રતિનિધિઓની સાધારણ અથવા અસાધારણ સભાના કાર્યક્રમ સાથે અને આ નિયમાવલીની મૂળ કલમો તથા તેમાં શું શું સુધારાવધારા કરવા છે, તે સવિસ્તર દર્શાવવા. ત્યાર પછી સભામાં હાજર રહેલ સભ્યોના ૩/૪ ભાગની સંમતિથી આ નિયમાવલીમાં સુધારાવધારા કે ફેરફાર થઈ શકશે."

**અમલ**—નિયમાવલીની છેલ્લી–૫૩ મી કલમમાં સૂચવ્યા પ્રમાણે, વિ૦ સં૦ ૧૯૨૫ ના બીજા અષાડ સુદિ બીજથી અમલમાં આવેલ નવા બંધારણની નિયમાવલીની કેટલીક વિશેષ નોંધપાત્ર કલમોનું થોડુંક અવલોકન ઉપર કરવામાં આવ્યું છે, તે ઉપરથી પણ પેઢીનો કારોબાર સરખી રીતે અને વ્યવસ્થિત તેમ જ નિયમસર ચાલતો રહે, એ માટે પેઢીના સંચાલકો સમયે સમયે કેટલું ધ્યાન આપતા રહે છે, તે જાણી શકાય છે.[૯]

## આઠમા પ્રકરણની પાદનોંધો

૧. આલમ બેલિમનું મરણ ગઢ ઉપરથી પડી જવાના અકસ્માતને લીધે થયું હતું કે પેઢીના માણસોએ એનું ખૂન કર્યું હતું—આ મુદ્દાને લઈને જૈન સંઘ એટલે કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અને પાલીતાણા રાજ્ય વચ્ચે કડવાશભર્યો વિખવાદ જગાડનાર આ પ્રકરણની વિશેષ માહિતી આ ગ્રંથના "પાલીતાણા રાજ્ય સાથેના કેટલાક ઝઘડા" નામે ૧૧ મા પ્રકરણમાં આપવામાં આવી છે.

૨. "Anandjee Callianjee is not an individual but the name of a firm, which propesses to represent the feelings of the Shravak Community, and that if the said community really wish to put an end to the misunderstandings at present existing between them and the Thakore Saheb of Palitana, they would do well to nominate some influential member at a common meeting of the caste and depute him with full powers to treat with the Thakore Saheb for a settlement of all points in dispute under the General supervission and medeation of the Political Agent." (દફતર નં. ૧૧, ફાઈલ નં. ૯૩).

૩. "RESOLUTION—The petition should be returned to the sender with an intimation that Government will only accept a petition from a person, who makes a BONAFIDE complaint on his own account, or on account of other person or persons whom he is lawfully empowered to represent; and as it is not believed that there is any such person as Seth Anandjee Callianjee who has the right to assume the title of "Representative of the Shravak Community of India", this complaint is not one which Government think it necessary or expedient to entertain." (દફતર નં. ૧૧, ફાઈલ નં. ૯૩).

૪. સને ૧૮૮૦ના સપ્ટેમ્બર માસમાં પેઢીનું બંધારણ ઘડયા પછી, પેઢી ભારતભરના જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘનું, આ બંધારણની રૂએ, કાયદેસરનું, પ્રતિનિધિત્વ ધરાવે છે, એ અંગે લેશ પણ શંકાને સ્થાન રહેતું ન હતું. એટલે મુંબઈ સરકારને એ વાતની તરત જ જાણ કરવા માટે મુંબઈના ગવર્નર નામદાર સર જેમ્સ ફરગ્યુસનને પેઢી તરફથી એક સવિસ્તર પત્ર લખવામાં આવ્યો હતો; અને એની સાથે ગુજરાતીમાં ઘડવામાં આવેલ પેઢીના બંધારણનો અંગ્રેજીમાં સાર પણ મોકલવામાં આવ્યો હતો.

પેઢી તરફથી અંગ્રેજી ભાષામાં લખવામાં આવેલ આ કાગળ, બંધારણ માટેની સભા બોલાવવાની જાહેર ખબરમાં અમદાવાદ સંઘના જે આઠ અગ્રણીઓએ સહીઓ કરી હતી, અને જેઓને બંધારણના બીજા ઠરાવથી પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓ નીમવામાં આવ્યા

હતા, એમની સહીઓથી લખવામાં આવ્યો હતો; અને એ કાગળ સાથે મોકલવામાં આવેલ બંધારણનો અંગ્રેજી ભાષાનો સાર ફ્રેડરીક યોર્ક સ્મીથ ( નોટરી પબ્લિક, બોમ્બે ) એમણે તૈયાર કર્યો હતો અને બંધારણ માટેની સભામાં પણ તેઓ હાજર હતા.

પેઢીના પ્રતિનિધિઓ તરફથી મુંબઈના નામદાર ગવર્નરશ્રીને આ કાગળ કઈ તારીખે લખવામાં આવ્યો હતો, તે વાતની નોંધ આ કાગળની છાપેલ નકલ ઉપર કરવામાં આવી નથી, પણ શ્રી ફ્રેડરીક યોર્ક સ્મીથે કરેલ બંધારણના અંગ્રેજી સાર નીચે ૨૧–૯–૧૮૮૦ ની –એટલે કે બંધારણ ઘડાયા પછી બે દિવસની–જ તારીખ લખવામાં આવી છે, એથી પેઢી તરફથી લખવામાં આવેલ કાગળ પણ આ તારીખની આસપાસની જ કોઈ તારીખે લખવામાં આવ્યો હશે, એમ કહી શકાય.

આ પત્રના આઠમા ફકરામાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સમસ્ત શ્રાવક કોમનું હવે કાયદેસર પ્રતિનિધિત્વ ધરાવે છે, એ વાતની ભારપૂર્વક રજૂઆત કરવામાં આવેલી હોવાથી, આ આઠમો ફકરો, આખા પત્રના હાર્દ સમો હોઈ, બહુ મહત્ત્વનો છે, એટલે એ અહીં રજૂ કરવામાં આવે છે, જે આ પ્રમાણે છે—

"8. In consequence of the above Government Resolution No. 872, dated Bombay Castle, 24th February 1 80, and another Government Resolution No. 2228, dated Bombay Castle, 11th May 1880, it becomes necessary for your Petetioners to procure satisfactory proof of the fact that they were authorized representatives of the Shrawak Community of India.

"Accordingly at your Petitioners' instance numurous meetings of the Shrawak Community were convened and held during the month of September last for the purpose of submitting to the Community resolutions amongst others to the following effect—

"That all previous acts performed on behalf of the Shrawak Community in the name of Seth Anandjee Cullianjee for the removal of hindranees on the part of the Thakore Saheb of Palitana and otherwise in connection with the affairs of and relating to Satroonja should be confirmed.

"That all affairs of the Shrawak Community relating to the Satroonja Hill and Temples and all the business of the said community in any manner connected therewith which have hitherto carried on in the name of Seth Anandjee Cullianjee should be managed by a Committee consisting of the eight persons whose names are subscribed to this Petition.

"That the said eight persons should have full power to manage in future the business of Seth Anandjee Cullianjee.

"The above resolution or resolutions having the same effect were unanimously passed at meetings of Shrawak Community which were, all held in the aforesaid month of September last, after due notice at the following places: (names of different cities and towns are given hereafter.)

(**અર્થ**—મુંબઈ કેસલ, તા. ૨૪–૨–૧૮૮૦ ના નં. ૮૭૨ ના તેમ જ મુંબઈ કેસલ, તા. ૧૧–૫–૧૮૮૦ ના નં. ૨૨૨૮ના મુંબઈ સરકારના ઠરાવોના અનુસંધાનમાં, આપના અરજદારો માટે એ જરૂરી થઈ ગયું કે, તેઓ ભારતની શ્રાવક કોમનું સત્તાવાર પ્રતિનિધિત્વ ધરાવે છે, એ હકીકતનો સંતોષકારક પુરાવો હાંસલ કરવો.

તેથી, આપના અરજદારોના સૂચનથી, શ્રાવક કોમની સંખ્યાબંધ સભાઓ, કોમની પાસે ઠરાવો રજૂ કરીને, એમાં નીચેની બાબતોનો સમાવેશ કરવા માટે, ગત સપ્ટેમ્બર માસમાં, બોલાવવામાં અને ભરવામાં આવી હતી—

—કે શત્રુંજયને લગતી કામગીરીમાં તથા એની સાથે સંબંધ ધરાવતી બાબતોમાં, પાલીતાણાના ઠાકોર સાહેબ તરફથી તેમ જ બીજી રીતે, જે જે મુશ્કેલીઓ ઊભી થવા પામી હોય, તેને દૂર કરવા માટે, શેઠ આણંદજી કલ્યાણજીએ, શ્રાવક કોમની વતી, અત્યાર અગાઉ, જે કંઈ કાર્યવાહીઓ કરી હોય, તેને મંજૂર કરવામાં આવે.

—કે શ્રાવક કોમે, શત્રુંજય પહાડ અને એનાં દેવાલયોને લગતાં કાર્યો તેમ જ એની સાથે સંબંધ ધરાવતી એ કોમની બધી કાર્યવાહી, અત્યાર સુધી, શેઠ આણંદજી કલ્યાણજીના નામે કરેલ છે, એનું સંચાલન, જેઓનાં નામ આ અરજીમાં લખવામાં આવ્યાં છે તે, આઠ વ્યક્તિઓની બનેલી કમીટીએ સંભાળવું.

—કે આ આઠ વ્યક્તિઓને, ભવિષ્યમાં, શેઠ આણંદજી કલ્યાણજીનો કારોબાર ચલાવવાની પૂરી સત્તા હોય.

એકસરખી અસરવાળા ઉપર મુજબના ઠરાવ કે ઠરાવો, આ આ સ્થાનોમાં, કાયદેસરની નોટીસથી, ઉપર સૂચવ્યા મુજબ ગત સપ્ટેમ્બર મહિનામાં, બોલાવવામાં આવેલી શ્રાવક કોમની સભાઓમાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા. (આ પછી આ શહેરો અને નગરોનાં નામો આપવામાં આવ્યાં છે.)

પેઢીએ મુંબઈના નામદાર ગવર્નરને લખેલ આ પત્રમાંના, ઉપર આપવામાં આવેલ, આઠમા ફકરાની શરૂઆતના લખાણ ઉપરથી એમ જાણવા મળે છે કે, મુંબઈ સરકારે પોતાના તા. ૨૪–૨–૧૮૮૦ ના નં. ૮૭૨ના ઠરાવ પછી, આશરે અઢી મહિના બાદ, તા. ૧૧–૫–૧૮૮૦નો નં. ૨૨૨૮નો ઠરાવ પણ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઉપર મોકલ્યો હતો. પણ આ ઠરાવની નકલ પેઢીના દફતરમાંથી મળી શકી નથી; તેથી એમાં કયો મુદ્દો લખવામાં આવ્યો

હતો, એ નિશ્ચિત રૂપે કહી શકાય એમ નથી. આમ છતાં પેઢીએ પોતાનું બંધારણ ઘડ્યા પછી તરત જ ગવર્નરશ્રીને લખેલ પત્રમાં આ ઠરાવનો જે રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે ઉપરથી એટલું તો લાગે છે કે, એમાં પણ, તા. ૨૪-૨-૧૮૮૦ના નં. ૮૭૨ના ઠરાવની જેમ, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી જૈન કોમનું કાયદેસર પ્રતિનિધિત્વ ધરાવે છે એ અંગેનો પુરાવો રજૂ કરવાનું સૂચન કરવામાં આવ્યું હોવું જોઈએ.

૫. શેઠશ્રી કુંવરજીભાઈએ આ ઠરાવમાં "શેઠ આણંદજી કલ્યાણજીની મુખ્ય પેઢી (હેડ ઑફીસ) જે અત્યાર સુધી અમદાવાદમાં છે ત્યાં જ રાખવી" એ પ્રમાણે રજુઆત કરીને, પેઢીનું મુખ્ય કાર્યાલય અમદાવાદમાં જ રાખવાનું સ્પષ્ટપણે નક્કી કરાવ્યું, તે એટલા માટે કે, એ અરસામાં પેઢીનું મુખ્ય કાર્યાલય મુંબઈમાં લઈ જવાનો જે વિચાર જાગ્યો હતો અને જેનો પ્રચાર પણ, અવારનવાર, થવા લાગ્યો હતો, એનો કાયમને માટે અંત આવી જાય.

૬. શ્રીસંઘને પેઢીના કાર્યથી કેટલો સંતોષ હતો અને પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓ પ્રત્યે કેવી આદર-બહુમાનની લાગણી ધરાવતા હતા, તે વાત નીચેની બે બાબતોથી પણ ખ્યાલમાં આવી શકે છે. આમાંની પહેલી બાબત આ પ્રમાણે છે—

એમ લાગે છે કે, આ વર્ષમાં (સને ૧૯૧૨ માં) માર્ચ મહિનામાં પેઢીના સ્થાનિક પ્રતિનિધિઓની સભા બોલાવવા માટે જે જાહેરાત (નોટિસ) કાઢવામાં આવી હતી એમાં, પેઢીના તે વખતના વહીવટદાર પ્રતિનિધિઓએ નિવૃત્ત થવાની પોતાની ઇચ્છા પણ લખી જણાવી હોવી જોઈએ. આ ઉપરથી સ્થાનિક પ્રતિનિધિઓએ (તા. ૧૧-૩-૧૯૧૨ ના રોજ), નીચે મુજબ ઠરાવ પસાર કરીને, પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓ તરફની લાગણી પ્રદર્શિત કરી હતી—

"હાલના વહીવટ કરનાર પ્રતીનીધીઓ રીટાયર થવા માગે છે તેથી તેમની જગ્યાએ બીજા નવા વહીવટ કરનાર પ્રતિનિધિઓ નીમવા એવું મીટીંગના આમંત્રણપત્રમાં જણાવ્યું છે, તે સંબંધે શેઠ જેઠાભાઈ નરશીંહભાઈએ દરખાસ્ત કરી કે વહીવટ કરનાર પ્રતીનીધીઓ પોતાનું કામ ઘણું સંતોષકારક બજાવતા હોઈને જે રીતે હાલ સુધી ચાલે છે તે અનુસારે કાયમ ચલાવવું એમ ઠરાવ કરવો. તે ઠરાવને વોરા અમરચંદ જસરાજે ટેકો આપ્યો. સ્થાનીક પ્રતિનિધિઓના મત લેતાં સર્વાનુમતે આ દરખાસ્ત પસાર કરવામાં આવી."

બીજી બાબત છે, બંધારણના સુધારા માટે બોલાવવામાં આવેલી, "હિંદુસ્તાનના સકળ સંઘના શ્રાવક સમુદાયના તમામ મેમ્બરોની" આ સભામાં થયેલી કાર્યવાહી અંગે, શેઠશ્રી કુંવરજીભાઈ આણંદજીએ, ભાવનગરની શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના માસિક મુખપત્ર "શ્રી જૈનધર્મ પ્રકાશ"ના વિ૦ સં૦ ૧૯૬૯ના પોષ માસના અંકમાં પ્રગટ કરેલ એક વિસ્તૃત નોંધ, જે આ પ્રમાણે છે—

"શા. કુંવરજી આણંદજી શ્રી ભાવનગરવાળાએ દરખાસ્ત કરી કે—આપ સાહેબની સમક્ષ સં૦ ૧૯૩૬થી સં૦ ૧૯૬૭ સુધીનો જે હિસાબ અને સરવૈયું રજુ કરવામાં આવેલ છે, તે ઉપરથી આપ સાહેબો જોઈ શકયા છો કે પ્રારંભમાં શેઠ આણંદજી કલ્યાણજીની મીલ્કત જે હતી તેમાં સં૦ ૧૯૬૮નો વધારો ગણતાં સુમારે ૨૪-૨૫ લાખ જેટલો એ

અરસામાં વધારો થયો છે એટલે કે સને ૧૮૮૦માં ૧૧ લાખ લગભગ મીલ્કત હતી, તે સં૦ ૧૯૬૮ની આખરે ૩૫–૩૬ લાખ લગભગ થયેલ છે. આપણે માત્ર દ્રવ્યની વૃદ્ધિથી લલચાઈ જવાનું નથી; પણ એકેક વર્ષમાં સો સો વખત મેનેજીંગ કમીટીની મીટીંગો ભરીને અહીંના વહીવટ કરનાર પ્રતિનિધિ સાહેબોએ શેઠ આણંદજી કલ્યાણજીના કામમાં પોતાના તન, મન, ધનનો ભોગ આપ્યો છે, અને આપણા તીર્થના હક્કો જેટલા બની શકયા એટલા જાળવ્યા છે, અને તેને માટે પૂરતો પ્રયત્ન કર્યો છે. જેમણે આવું સંતોષકારક કામ ૩૨–૩૩ વર્ષ જેટલી લાંબી મુદ્દત સુધી કર્યું છે, તેમના જ હાથમાં આ પેઢીનું કામ કાયમ રાખવું એ દરેક રીતે યોગ્ય જણાય છે, તે છતાં એક વાર તકરારની ખાતર નહીં પણ સંતોષ પમાડવાની ખાતર આપણે આ પેઢી અહીંથી ખસેડી બીજે લઈ જવાના વિચાર પર આવીએ, પણ જ્યાં સુધી કોઈ પણ શહેરના સંઘના આગેવાનો એકત્ર થઈને, એક વિચારથી એક દિલથી તેવા પ્રકારની માગણી આપણી એટલે આખા હિંદુસ્થાનના અત્રે મળેલા શ્રીસંઘની સમક્ષ રજુ કરે નહીં ત્યાં સુધી આપણે તેવા ઠરાવ પર શી રીતે આવી શકીએ? આ સંબંધમાં આજ સુધીમાં ઘણું છપાયું છે, લખાયું છે, બોલાયું છે, કહેવાયું છે, પરંતુ તેના પરિણામ તરીકે જ્યારે અત્યારે કોઈ પણ માગણી આપણી પાસે રજુ થતી નથી ત્યારે એમ માની શકાય છે કે અહીંના પ્રતિનિધિ સાહેબોએ કરેલું કામ પૂર્ણ સંતોષકારક છે, એમ આખો શ્રીસંઘ નિર્વિવાદપણે માને છે. તેથી આપણે અહીં ખાતે જ પેઢી કાયમ રાખવાના વિચાર પર આવવું તે જ યોગ્ય છે, અને તે જ સબાવર છે. તેથી આજ સુધી અહીંના જે પ્રતિનિધિ સાહેબોએ ઘણું સંતોષકારક કામ કર્યું છે તે ખાતે તેમનો આભાર માનવાની આપણી ખાસ ફરજ છે, કારણ કે અત્યાર સુધીમાં તેઓ સાહેબોએ તન, મન, ધનના ભોગે કામ કર્યું છે તેનો લાભ, તેનું માન તેઓ પોતે લેતા નથી, લેવા માગતા નથી, પરંતુ તેઓ શુદ્ધ અંતઃકરણથી એમ જ કહે છે કે અમે જે કાંઈ કરી શકયા છીએ તે અમારા બળથી નહીં, પરંતુ શ્રીસંઘની સહાયથી, તેમની મદદથી અને તેમની હુંફથી કરી શકયા છીએ. એટલે તેઓ કામ કરીને માન આપણને આપે છે, ત્યારે આપણે તેમને માન આપવું જ જોઈએ. તે પણ એટલા માટે નહીં કે તેઓની ઉલટ વૃદ્ધિમાન થાય; પરંતુ આવી રીતે કામ કરનારની શ્રીસંઘ તરફથી કદર બુજવામાં આવે છે તેવું જાહેરમાં આવવાથી તેમનો તેમ જ હવે પછી જેઓ કામ કરવાની શક્તિ કે ઉલટ ધરાવતા હોય તેમનો ઉલ્લાસ વૃદ્ધિમાન થાય. સબબ તેઓ સાહેબનો આભાર માનવા સાથે આપણે વિનંતિ શા માટે ન કરવી કે તેઓ સાહેબે જ જેવી રીતે આજ સુધી કામ કર્યું છે તેવી જ રીતે પુરતા ઉત્સાહથી અને શ્રીસંઘને પૂર્ણ સંતોષ મળે તેવી રીતે કામ કરવું. આવા વિચારથી હું દરખાસ્ત કરું છું કે "શેઠ આણંદજી કલ્યાણજીની મુખ્ય પેઢી જે અમદાવાદ ખાતે છે તે ત્યાં જ કાયમ રાખવી."

"આ સંબંધમાં અભિપ્રાય આપતાં પહેલાં અભિપ્રાય આપનાર ગૃહસ્થોને હું વિનંતી કરું છું કે પોતે જે અભિપ્રાય આપવો તે તેનું પરિણામ વિચારીને જ આપવો, આપણે જે અભિપ્રાય આપીએ તેનું પરિણામ જો શુન્યમાં આવવાનું લાગે તો તેવો અભિપ્રાય શા માટે આપવો? સબબ મારી કહેલી તમામ હકીકત ધ્યાનમાં લઈને આપ સાહેબો પોતપોતાનો સ્વતંત્ર અભિપ્રાય આપશો. પરંતુ હું આશા રાખું છું કે આપ સર્વ મારા વિચારને મળતા જ થશો. આટલું બોલીને આપનો વધારે વખત ન રોકતાં હું બેસી જવાની રજા લઉં છું.

"આ દરખાસ્તને શેઠ કલ્યાણચંદ સોભાગ્યચંદ જૈન કોન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરીએ, દામોદર બાપુશા એવલાકરે, રતલામવાળા ગાંધી વરધીચંદજીએ, સુરતવાળા શા. રતનચંદ ખીમચંદે અને બીજા ઘણાઓએ ટેકો આપ્યો હતો, અને દરખાસ્ત એક પણ વિરુદ્ધ મત શિવાય સર્વાનુમતે પસાર થઈ હતી."

૭. પેઢી હસ્તકનાં, અમદાવાદનાં આ બાર ટ્રસ્ટોની યાદી આ પ્રમાણે છે—

(૧) શ્રી શાંતિસાગર જૈન ટ્રસ્ટ.
(૨) ઉજમફૈબા ધર્મશાળા ટ્રસ્ટ.
(૩) ઉજમફૈબા ધર્મશાળા ટ્રસ્ટ પરચૂરણ વહીવટ ખાતું.
(૪) રામજી મંદિરની પોળનું સુપાર્શ્વનાથ ભગવાનનું દેરાસર.
(૫) શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું દેરાસર.
(૬ થી ૧૨) શેઠ મગનલાલ કરમચંદનાં નામનાં નીચે મુજબ સાત ટ્રસ્ટો—

૧. અષ્ટાપદ અને નંદીશ્વરદીપજી દેરાસર ફંડ.
૨. ચોથા વ્રતની બાધાનું ફંડ.
૩. દેરાસર કેસર-સુખડ ફંડ.
૪. દેરાસર, સાધુ-સાધ્વીને કપડાં વહોરાવવાનું ફંડ.
૫. પાલીતાણા દેરાસર ફંડ.
૬. પાલીતાણા સદાવ્રત ફંડ.
૭. પાલીતાણા ધર્મશાળા ફંડ.

૮. સને ૧૯૧૨ માં પેઢીના બંધારણમાં સુધારા-વધારા કર્યા પછી પણ પેઢીનો કારોબાર કેવી સારી રીતે ચાલતો હતો, અને તેથી શ્રીસંઘમાં પેઢી પ્રત્યે કેવી આદર અને મમતાની લાગણી પ્રવર્તતી હતી, તે હકીકત બંધારણના આ સુધારા પછી ચાર વર્ષે, સને ૧૯૧૬ માં (વિ૦ સં૦ ૧૯૭૨ માં), પાલીતાણાના "શ્રી શેત્રુંજય જૈન સુધારક મિત્રમંડળ" વતી શ્રી ગુલાબચંદ શામજી કોરડીયાએ તૈયાર કરેલ "શ્રી સિદ્ધાચળનું વર્તમાન વર્ણન" નામે પુસ્તકમાં (પૃ૦ ૧૮–૧૯ માં), "શેઠ આણંદજી કલ્યાણજીની પહેડી" નામે પાંચમા પ્રકરણમાં, પેઢીની કામગીરીનું જે વર્ણન કરવામાં આવ્યું છે, તે ઉપરથી પણ જાણી શકાય છે, જે આ પ્રમાણે છે—

"આ સંસ્થાની કમિટિ આખા હિન્દુસ્તાનના જુદા જુદા દેશના સંઘના આગેવાનો એટલે પ્રતિનિધીઓથી બનેલી છે. તેની મુખ્ય પહેડી ને હેડ ઓફીસ અમદાવાદ ઉર્ફે રાજનગરમાં છે. અહિંની આ પહેડી શાખા પહેડી છે. તેને અત્ર તરફના વતનિઓ 'કારખાનું' એ ઉપનામથી બોલે છે. એક બાહોશ મુનિમના હાથ નિચે આ સંસ્થા ચાલે છે. આણંદજી કલ્યાણજીનો વહીવટ એટલે જૈન તિર્થ સંરક્ષણનો હક તથા કાર્યભાર મોગલ મહાન્ પાદશાહ અકબર અને જહાંગીરના સમયથી અમદાવાદ નગરશેઠ શાંતિદાસના હસ્તક મૂકવામાં આવ્યો હતો, તે અદ્યાપી પર્યંત મજકૂર નગરશેઠના તનુજોના આધિપત્ય નિચે રહેતો આવ્યો છે. શાંતિદાસ શેઠથી તે શેઠ પ્રેમાભાઈ સૂધી તિર્થોની સંભાળ તેઓ પાસે સ્વતંત્રપણે રહી. ગુરૂ વચનાનુસાર અવસર જાણી શેઠ પ્રેમાભાઈએ શ્રી શેત્રુંજયાદિ તિર્થની સંભાળ માટે ઉત્તરાવસ્થામાં એક કમિટી નિમી. તેમાં કેટલાક દેશના લાખોપતી ગૃહસ્થોને પણ જોડ્યા હતા તથા

અત્યારે તમામ દેશના અગ્રેસરો કુલ એકસો ને નવની કમિટી છે, તેમાં પણ નગરશેઠ મજકૂરના જ તનુજો પ્રેસીડેન્ટપણામાં રહે છે. તે વહીવટ કરનારા પ્રતિનીધીઓ પણ ખાસ અમદાવાદના અમીર કુટુમ્બના નબીરા છે. તેઓ તિર્થરાજની જાહોજલાલી યાવત્ચંદ્રદિવાકરૌ સૂધી જળવાવવાને તન મન ને ધનથી બનતું કરી રહ્યા છે. આ કારખાનામાં નાના પ્રકારના ધાર્મિક ખાતાથી આવકવાળો **ભંડાર** રહે છે. તેની જાળવણી તથા અભિવૃદ્ધિ કરવાને મુનિમના હાથ નિચે સંખ્યાબંધ મેહેતાઓ, સિપાઈઓ અને નોકરો છે; આ સંસ્થા વિવિધ પ્રકારે ચતુર્વિધ સંઘની અને તિર્થયાત્રાએ આવતા યાત્રિકોની ઉત્તમ પ્રકારની સગવડ સાચવવાને બનતું કરી રહી છે."

૯. પેઢીનો કારોબાર ખૂબ મોટો હોવા છતાં એ, એના બંધારણ અનુસાર, એવી સુવ્યસ્થિત રીતે ચાલતો રહે છે કે, એની વિગતવાર માહિતી મેળવીને કેન્દ્ર સરકારે, સને ૧૯૬૦ની સાલમાં નીમેલ "હિંદુ રિલિજિયસ એન્ડાઉમેન્ટ કમિશન"ના ચેરમેન ડૉ. સી. પી. રામસ્વામી અય્યર ખૂબ સંતુષ્ટ અને પ્રસન્ન થયા હતા—એટલા બધા પ્રસન્ન કે, જેથી એમણે પોતાના રિપોર્ટમાં કેવળ પેઢીની કાર્યવાહીની જ નહીં, પણ જૈન સંઘો હસ્તકની જૈન સંસ્થાઓની કાર્યવાહીની પણ મુક્ત મને પ્રશંસા કરતાં આ પ્રમાણે નોંધ કરી હતી—

"અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, એ બહુ જ અગત્યની જૈન સંસ્થા છે. ... ...શરૂઆતમાં જ અમે, જૈન દેરાસરોમાં, મોટે ભાગે, સ્વચ્છતાને સાચવવાનું જે ધોરણ છે, તે અંગે અમારી હાર્દિક પ્રશંસાની લાગણીની નોંધ કરવા ઇચ્છીએ છીએ; આમાંનાં કેટલાંક દેરાસરોની મુલાકાત લેવાનો અમને અવસર મળ્યો હતો. જૈન સમાજ પોતાનાં મંદિરોની સાચવણી માટે તથા એમની આસપાસનું વાતાવરણ સુયોગ્ય, ગંભીર અને ધર્મમય રૂપમાં સચવાઈ રહે એ માટે ખૂબ જાગ્રત રસ લે છે. આ મંદિરોમાંનાં કેટલાંક તો શિલ્પ-સ્થાપત્યકલાની ઉચ્ચ કોટિની સુંદરતા ધરાવે છે. એમના સમારકામ, વિસ્તાર અને જીર્ણોદ્ધારને લગતી કામગીરી કરવાની દિશામાં, અમદાવાદનું આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ તથા બીજાં નાનાં ટ્રસ્ટો, વ્યવસ્થિત રીતે, જે પ્રવૃત્તિ કરે છે, તે એવા પ્રકારની છે કે, જેનું હિન્દુ ધર્મનાં દેવસ્થાનોએ તથા સંસ્થાઓએ તંદુરસ્ત અનુકરણ કરવા જેવું છે. ખાસ કરીને, અમે ભારપૂર્વક એવી ભલામણ કરવા ઇચ્છીએ છીએ કે, હિંદુ મંદિરો પોતાનાં સાધનોને એકત્ર કરીને, જૈન સમાજની જેમ, (મંદિરોનું) સમારકામ કે જીર્ણોદ્ધારનું કામ કરે; એથી એમને લાભ થશે."

(Sheth Anandji Kalianji, Ahmedabad, is a very important Jain institution (p. 107)... ...At the outset we would like to record our warm appreciation of the standard of cleanliness maintained in Jain temples generally, a few of which we had the privilege of visiting. The Jain community takes a great deal of enlightened interest in the maintenance of their shrines and in the maintenance of a proper and serene religious atmosphere surrounding them. The stupendous activity in the direction of repair, expansion and renovation work connected with these temples, some of which are

of great architectural beauty, undertaken in an organized manner by organizations like Anandji Kalyanji Trust, Ahmedabad, and other smaller trusts is such that it is worthy of healthy emulation by Hindu temples and organizations. In particular we would very strongly recommend that Hindu temples may with advantage pool their resources and undertake the work of repair and renovation on the lines on which this work is being done by the Jain community. p. 111)

## ચમત્કાર જેવી અસર

શ્રેષ્ઠિવર્ય કસ્તુરભાઈ લાલભાઈ પાસેથી જાણવા મળેલો એક પ્રસંગ, ડૉ. સી. પી. રામસ્વામી અય્યરે, પોતાના આ રિપોર્ટમાં, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, બીજાં જૈન ટ્રસ્ટો તથા શ્રીસંઘ હસ્તકની જાહેર જૈન સંસ્થાઓ અંગે જે સંતોષકારક અને પ્રશંસાત્મક અભિપ્રાય આપ્યો હતો એણે, ખરી ચિંતાકારક પરિસ્થિતિને રોકવામાં, કેવો મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો અને ચમત્કાર કહી શકાય એવી અસર તત્કાળ કેવી પાડી હતી, તે દૃષ્ટિએ ખાસ જાણવા જેવો હોવાથી, અહીં નોંધવો ઉચિત છે, જે આ પ્રમાણે છે—

સાતેક વર્ષ પહેલાં (વિ૦ સં૦ ૨૦૩૧માં), બિહારની સરકારે બધાં ધાર્મિક અને ધર્માદા જાહેર ટ્રસ્ટોનો વહીવટ રાજ્ય હસ્તક લઈ લેવાનો નિર્ણય કરીને એને લગતો નવો કાયદો ઘડવાની હિલચાલ શરૂ કરી હતી. આવો કાયદો ઘડાય અને અમલમાં આવે તો એમાં શ્વેતાંબર તથા દિગંબર જૈન સંઘોની માલિકીનાં તેમ જ અન્ય ધર્મોની માલિકીનાં બધાં ધાર્મિક અને ધર્માદા–સખાવતી જાહેર ટ્રસ્ટોનો પણ સમાવેશ થઈ જતો હતો.

બધાંય જૈન સંઘોને માટે તેમ જ અન્ય ધર્મોના અનુયાયીઓને માટે પણ આ વાત ખૂબ ચિંતા ઉપજાવે એવી હતી, એટલે આવો કાયદો ઘડતાં બિહાર સરકારને કોઈ પણ ઉપાયે અટકાવવી જ જોઈએ એમ સૌને લાગ્યું. પણ આ કામ કેવી રીતે પાર પડે અને એ કોણ પાર પાડે, એ અંગે કોઈ વ્યવહારુ અને કારગત ઉપાય મળતો ન હતો.

જૈન સંઘના મુખ્ય અગ્રણી અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શ્રેષ્ઠિવર્ય કસ્તુરભાઈ લાલભાઈ આવા કાયદાનાં દૂરગામી પરિણામોને લીધે, જૈન સંઘોને અને ખાસ કરીને જૈન ટ્રસ્ટોને કેટલું બધું નુકસાન થવાની શક્યતા રહેલી છે, એના વિચારથી વિશેષ ચિંતિત અને વ્યથિત હતા. તેથી તેઓને સ્પષ્ટ લાગતું હતું કે, જે રીતે બને તે રીતે પ્રયાસ કરીને, આ કાયદો ઘડાતો અટકાવવો જ જોઈએ. એમને માટે આ મુદ્દો રાત-દિવસની ચિંતાનો વિષય બની ગયો હતો. તેઓશ્રીની આ ચિંતા એવી હાર્દિક અને નિષ્ઠાભરી હતી કે છેવટે એ સફળ થઈ, એની વિગત ટૂંકમાં આ પ્રમાણે છે—

એમને ડૉ. સી. પી. રામસ્વામી અય્યરના આ રિપોર્ટનો અને ખાસ કરીને એમાં એમણે જૈન સંઘો હસ્તકનાં ધાર્મિક અને ધર્માદા ટ્રસ્ટોની એકંદર કામગીરી અંગે જે સંતોષ અને પ્રશંસાની લાગણી વ્યક્ત કરી હતી તેનો ખ્યાલ આવ્યો. એમને થયું કે, જૈન ટ્રસ્ટોની

ઉત્તમ કામગીરી અંગે ડૉ. રામસ્વામીએ જે સંતોષકારક અભિપ્રાય વ્યક્ત કર્યો છે, તે તરફ વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીનું ધ્યાન દોરવામાં આવે તો, સંભવ છે, એનું આવકારદાયક પરિણામ આવે, અને બિહાર રાજ્યમાં આવો કાયદો બનતો અટકી જાય; અને એથી અન્ય સમાજોને પણ લાભ થવા પામે.

એમણે આ સઘળી હકીકત વ્યવસ્થિત રીતે, વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીના ધ્યાન ઉપર લાવવા સક્રિય પ્રયત્નો કર્યા અને તેમાં તેઓ સફળ થયા. વડાપ્રધાનશ્રીએ, આ તમામ હકીકતો અને એકંદર પરિસ્થિતિનો ખ્યાલ કરીને, આવો કાયદો ન થાય તે તરફ બિહાર સરકારનું ધ્યાન દોર્યું. પરિણામે બિહાર સરકારે આ કાયદો ઘડવાની યોજના પડતી મૂકી.

આ કાયદો થયો હોત તો જૈનોનાં ટ્રસ્ટો ઉપરાંત બધા ધર્મોનાં ટ્રસ્ટોને માટે પણ મોટી મુશ્કેલીઓ ઊભી થાત. પરંતુ શેઠશ્રીએ યથાયોગ્ય સમયે, સમયોચિત અને ત્વરિત ગતિથી એવી કાર્યવાહી કરી કે તેના પ્રતાપે આ મહાસંકટ ટળી ગયું.

આ રીતે આ મહાસંકટ ટળી ગયું એમાં, સર રામસ્વામી અય્યરે, પોતાના રિપોર્ટમાં, જૈન ટ્રસ્ટો અને સંસ્થાઓની કામગીરી અંગે જે સંતોષ વ્યક્ત કર્યો હતો, અને અન્ય ટ્રસ્ટો અને સંસ્થાઓએ એનું અનુકરણ કરવાની જે ભારપૂર્વક ભલામણ કરી હતી, એણે પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો, એ નિશ્ચિત છે.

સર રામસ્વામી અય્યરના આ રિપોર્ટમાંનાં, જૈન ટ્રસ્ટોની કામગીરીને લગતાં, ખાસ જાણવા જેવાં, થોડાંક વિધાનો અહીં રજૂ કરવાં ઉચિત છે—

"અમદાવાદમાં શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ, જૈન સંઘના આચાર્યોએ અને અનેક અન્ય વ્યક્તિઓએ, જૈન તત્ત્વજ્ઞાન અને ધર્મનાં વિવિધ પાસાંઓને અનુલક્ષીને ગ્રંથો અને આધારો પણ અમારી સમક્ષ રજૂ કરીને સારી રીતે ભારપૂર્વક અમને એમ કહ્યું કે, જૈનોમાં કોઈ પણ મહંત નથી હોતા કે જેઓ, જેમ શૈવ ધર્મના મહંતો હિંદુ મંદિરોની સાચવણી કરે છે તેમ, ધાર્મિક સંસ્થાઓનો કારોબાર સંભાળતા હોય. ખરી રીતે તો, એમના આચાર્યો, વ્યક્તિગત રૂપે કે બીજી રીતે, કશી જ મિલકત ધરાવતા નથી હોતા, અથવા કશી ભેટ સ્વીકારતા નથી હોતા. અને જૈન ભક્તો પોતાના ઇષ્ટદેવ આગળ પૈસાની ભેટ ધરતા નથી કે એવો કોઈ વિધિ કરતા નથી; પણ તેઓ ફક્ત ફૂલો જ ચડાવે છે. જૈન શાસ્ત્રોએ ટ્રસ્ટના વહીવટ અને એનાં નાણાંના ઉપયોગ માટે ઝીણવટભર્યાં ધારાધોરણો ઘડયાં છે. ધર્માદા ખાતાંઓની બાબતમાં જૈન શાસ્ત્રોએ સાત પ્રકારનાં ક્ષેત્રોની રચના કરી છે; અને દરેક ક્ષેત્રનાં નાણાંનો ઉપયોગ કરવા માટેના નિયમો પણ ઘડયા છે." (પૃ૦ ૧૦૩-૧૦૪)... ...

"આ અનુસંધાનમાં એ વાતની નોંધ લેવી ખૂબ પ્રસ્તુત છે કે, એક ક્ષેત્રને આપવામાં આવેલ ભંડોળનો ઉપયોગ બીજા ક્ષેત્રમાં કરી શકાય નહીં. વળી એક જ ક્ષેત્રમાં કોઈ ફાળો અમુક ખાસ કામમાં જ વાપરવા માટે આપવામાં આવ્યો હોય તો, એનો ઉપયોગ એ કામ માટે જ કરી શકાય અને બીજા કોઈ કામમાં ન કરી શકાય. આ રીતે, ભિખારીઓને માટે જે દાન મળ્યું હોય એનો ઉપયોગ ઢોરોને ઘાસ નીરવામાં કે કબૂતરોને ચણ નાખવામાં ન થઈ શકે—જોકે બન્ને બાબતો ધર્માદાની છે." (પૃ૦ ૧૦૫)... ...

"અમુક ક્ષેત્રના ભંડોળોનો ઉપયોગ કરવામાં માર્ગદર્શક સિદ્ધાંત ખાસ ધાર્મિક ગુણવત્તાવાળો હોય છે. આ ફંડનો લાભ કઈ વ્યક્તિને મળે છે, એ બાબત ગૌણ છે. આ રીતે અમુક સ્થાન કે અમુક વ્યક્તિઓના જૂથને માટેના ફંડનો ઉપયોગ, એવા જ મૂળભૂત હેતુને માટે, દુનિયામાં ગમે ત્યાં બીજા સ્થાન અને બીજી વ્યક્તિઓને માટે કરી શકાય છે." ( પૃ૦ ૧૦૫ )

( We have been told fairly emphatically by Shri Kasturbhai Lalbhai in Ahmedabad, the Acharyas of the Jain community and various other persons, who also placed before us books and authorities on the various aspects pertaining to Jain philosophy and religion, that the Jains do not have any Mahant in charge of religious institutions in order to do anything corresponding to the Shebaits of Hindu temples and that, as a matter of fact, their Acharyas do not own any property or accept any offerings, personal or otherwise, and that Jain devotees do not make any cash offerings or rituals to the diety but only make offerings of flowers.

" Jain scriptures have made meticulous rules and regulations for the utilization of funds and management of the trusts. In respect of religious funds Jain Shastras enunciate seven types of funds called " Sat Kshetras " and also dictate the uses to which each type of fund could be put." pp. 103–104 )... ...

( " It is very relevant to note in this connection that the funds donated to one Kshetra cannot be utilized for another Kshetra. Even in the same Kshetra, funds allocated for a particular purpose can be utilized only for that purpose and for no other. Thus, the donations earmarked for beggars cannot be utilized for giving grass to cattle or grain to pigeons, though both are charitable objects." p. 105 )... ...

( " The guiding principle in the utilization of funds of a particular Kshetra is the special religious merit. The person receiving the benefit of the funds is a secondary consideration. Thus, the fund for one place or for particular group of persons can be used for another place and for another persons anywhere in the world but for the same identical object." p. 105 )

# પેઢી અને પાલીતાણા રાજ્ય

ધાર્મિક હક્કો અને હિતોની જાળવણી ખૂબ જાગ્રત અને જવાબદારીભરી કામગીરીની અપેક્ષા રાખે છે; કારણ કે, એક દૃષ્ટિએ જોઈએ તો, ધર્મક્ષેત્ર એ સૌકોઈનું ગણાય છે, અને સૌકોઈની ભક્તિ અને જવાબદારીભરી કામગીરી માગી લે એવું વિશાળ ક્ષેત્ર છે; અને, બીજી રીતે જોઈએ તો, ઘણી વાર તો, જે સૌકોઈનું એ, ખરી રીતે, વ્યવહારમાં અને અટપટી જવાબદારી અદા કરતી વખતે, કોઈનું નહીં અથવા એનું કોઈ ધણીધોરી નહીં, એવી શોચનીય સ્થિતિ પણ જોવા મળે છે. અને જ્યાં અને જ્યારે ધર્મક્ષેત્રમાં આવી શોચનીય અને જવાબદારીના ખ્યાલ વગરની સ્થિતિ પ્રવર્તતી હોય, ત્યાં અને ત્યારે ધર્મની વ્યાપક પ્રભાવના કરી શકે અને માનવસમૂહના કલ્યાણ અને ઉદ્ધારમાં ઉપકારક બની શકે, એવાં મંગલકારી હક્કો અને હિતો પણ જોખમાઈ ગયા વગર રહેતાં નથી— ભલે પછી એ હક્કો ને હિતો સામાન્ય દેવસ્થાનને લગતાં હોય, વિધિવિધાનોને સ્પર્શતાં હોય, મેળા-મહોત્સવો સંબંધી હોય, યાત્રાસંઘો અંગેનાં હોય કે નાનાં યા મોટાં તીર્થસ્થાનો અને એના યાત્રિકોના યોગક્ષેમ સાથે સંબંધ ધરાવતાં હોય.

જ્યાં અને જ્યારે પણ ધર્મક્ષેત્રની સંભાળ રાખનાર વ્યવસ્થાતંત્ર અવ્યવસ્થિત, નબળું કે પ્રભાવ યા વગ વગરનું બની જાય છે, ત્યાં અને ત્યારે ધર્મક્ષેત્રને હાનિ પહોંચ્યા વગર રહેતી નથી. અને ધર્મક્ષેત્રની હાનિ એટલે એનાં હક્કો અને હિતોની હાનિની સાથે સાથે ધર્મભાવનાશીલ ભાવિક જનોની ધર્મકરણીમાં અને શ્રદ્ધા-ભક્તિમાં બાધા. ધર્માનુરાગી જનોના ધર્મારાધનમાં અવરોધ આવવા ન પામે અને તેઓ નિરાંતે, શાંતિથી અને ઉલ્લાસથી પોતાની ધર્મક્રિયાઓ કરી શકે, એટલા માટે ધર્મક્ષેત્રની અર્થાત્ ધાર્મિક હક્કો અને હિતોની સાચવણી કરનાર વ્યવસ્થાતંત્ર સુવ્યવસ્થિત, શુદ્ધ અને શક્તિશાળી હોય એ ખૂબ જરૂરી છે.

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘનાં અને ધર્મનાં અને વિશેષે કરીને એની પાવનકારી કેટલીક પ્રાચીન-અર્વાચીન તીર્થભૂમિઓનાં હિતો અને હક્કો, છેલ્લા કેટલાક સૈકાઓથી, સારી રીતે રક્ષણ પામી શક્યાં છે એનો, મોટા ભાગનો, યશ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને ઘટે છે; તેમ જ એવી રીતની કામગીરી બજાવતી આપણા શ્રીસંઘની બીજી કેટલીક સંસ્થાઓનો પણ એમાં નોંધપાત્ર ફાળો છે.[1]

છેલ્લા ચારેક સૈકાથી શ્રી શત્રુંજય મહાતીર્થનાં હક્કો અને હિતોની જાળવણી કરવાની તેમ જ સમગ્ર રૂપે એ તીર્થની સારસંભાળ રાખવાની તથા હજારો યાત્રાળુઓની સગવડ તથા સલામતી સાચવવાની જવાબદારી શરૂઆતમાં જૈનપુરી, રાજનગર અમદાવાદના શ્રીસંઘના મોવડીઓ અને પછીથી, આશરે અઢીસો વર્ષ કરતાં પણ વધુ લાંબા સમયથી, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સંભાળે છે. અને ભારતની જેમ ગુજરાતમાંથી પણ મુગલ અને બીજી મુસ્લિમ સત્તાનો અંત આવ્યો અને જ્યાં શ્રી શત્રુંજય તીર્થ આવેલું છે, તે પાલીતાણાના પરગણા ઉપર ગોહેલ રાજવંશની સત્તા સ્થપાઈ, તે પણ લગભગ આ અરસામાં જ. એટલે શ્રી શત્રુંજય તીર્થના રક્ષણ તથા એનાં હક્કો અને હિતોની સાચવણી માટે, અમદાવાદના સંઘને કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને, સ્વાભાવિક રીતે જ, પાલીતાણાના રાજવીઓના સંપર્કમાં તેમ જ અનેક વાર એમની સાથે સંઘર્ષમાં પણ આવવું પડ્યું હતું.

દેશમાં અને વિશેષે કરીને સૌરાષ્ટ્ર–કાઠિયાવાડમાં, સને ૧૮૦૮ના વોકર સેટલમેન્ટને કારણે, અંગ્રેજી હકૂમતનો અમલ શરૂ થયો ત્યાર પછી, જ્યારે પણ શ્રીસંઘને અને પેઢીને પાલીતાણા રાજ્ય સાથે અથડામણમાં આવવું પડતું, ત્યારે એનો નિકાલ કરવાનું કે એની સામે ન્યાય મેળવવાનું કામ, પહેલાં કરતાં, પ્રમાણમાં કંઈક સહેલું થઈ ગયું હતું. કારણ કે, જૈનો ઘણી મોટી સંખ્યામાં બ્રિટિશ હકૂમતના નાગરિકો હતા, એટલે પાલીતાણા રાજ્ય સાથે ઊભી થયેલી કોઈ પણ તકરારનો, જ્યારે એની સાથેની સીધી વાટાઘાટોથી નિકાલ થઈ શકતો ન હતો ત્યારે, અંગ્રેજ સત્તાને વચમાં રાખીને એવી બાબતોનો નિવેડો લાવવામાં આવતો હતો, એટલું જ નહીં પણ, રખોપા જેવા મહત્ત્વના કરારો કરવામાં તેમ જ એ કરારોમાં પડેલા વાંધાઓનો નિકાલ લાવવામાં પણ અંગ્રેજ સત્તાની દરમિયાનગીરીનો જ ઉપયોગ કરવામાં આવતો હતો. સૌરાષ્ટ્રમાં અંગ્રેજ સત્તાનો અમલ શરૂ થયા પછી, શ્રી શત્રુંજય તીર્થ અંગે, કંઈક એવી અનુકૂળ અને વિલક્ષણ સ્થિતિનું સર્જન થવા પામ્યું હતું કે જેથી, આવી તકરારો વખતે, પાલીતાણા રાજ્ય અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી એ બન્નેને, અંગ્રેજ સરકારના પ્રતિનિધિની સામે, પક્ષકારો એટલે કે વાદી અને પ્રતિવાદીના રૂપમાં ઊભા રહેવું પડતું હતું ! આમાં ક્યારેક પાલીતાણા રાજ્યને વાદી બનવું પડતું, તો ક્યારેક શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને વાદી તરીકે પોતાની વાત કે ફરિયાદ રજૂ કરવાનો વખત આવતો.

દીવાની અને ફાંસી આપવા જેટલી વિશાળ ફોજદારી સત્તા ધરાવતા એક રાજ્યને, એક ધર્મસંઘની પ્રજાકીય ગણાય એવી સત્તાની સામે, વાદી કે પ્રતિવાદીરૂપે હાજર થવાની ફરજ પડે, એવી સ્થિતિ ઊભી કરવાનું કામ ઘણું જ કપરું, લગભગ અશક્ય કહી શકાય એવું ગણાય. છતાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ટ્રસ્ટીઓ, પાલીતાણા રાજ્ય માટે,

આવી પરિસ્થિતિ સફળતાપૂર્વક ઊભી કરી શક્યા એ હકીકત એમ દર્શાવે છે કે, તેઓ શ્રી શત્રુંજય તીર્થને લગતા પ્રશ્નોનો, તીર્થના અને સંઘના લાભમાં, નિકાલ આવે એ માટે કેટલા સજાગ અને પ્રયત્નશીલ હતા અને આવા પ્રસંગે કોઈ પણ બાબતને હાથ ધરવામાં કે હલ કરવામાં કેટલી કુનેહ, દીર્ઘદૃષ્ટિ અને ચીવટથી કામ લેતા હતા તેમ જ અંગ્રેજ રાજ્યસત્તા ઉપર એમનો કેવો પ્રભાવ હતો !

આવી વાંધાજનક બાબતોમાં એમને મોટે ભાગે સફળતા મળતી એનું મુખ્ય કારણ એ હતું કે તેઓ, વિવેકદૃષ્ટિથી, કોઈ પણ માગણીના વ્યાજબીપણા અને ગેરવ્યાજબીપણાનો અગાઉથી વિચાર કરીને, વ્યાજબી હોય એવી માગણી કરવાનું જ વલણ અખત્યાર કરતા હતા. ટૂંકમાં કહેવું હોય તો એમ કહેવું જોઈએ કે, તેઓ ક્યારેય પોતાના કાયદેસરના અધિકારને લેશ પણ હાનિ પહોંચે એ ચલાવી લેતા ન હતા; અને એ માટે દરેક પ્રકારે પ્રયત્ન કરવામાં જરા પણ કચાશ રહેવા દેતા ન હતા કે નમતું આપતા ન હતા; અને કોઈ ગેરવ્યાજબી બાબતમાં સંડોવાઈ ન જવાય એની પૂરી સાવધાની રાખતા હતા, એટલું જ નહીં, જ્યારે પણ કોઈ ગેરવ્યાજબી વાતમાં અટવાઈ ગયાનું એમના ખ્યાલમાં આવતું તો એને તેઓ આપમેળે જ જતી કરી દેતા હતા. આથી એમને પોતાની વ્યાજબી માગણીનો સ્વીકાર કરાવવામાં એક પ્રકારનું નૈતિક બળ પણ મળી રહેતું અને ત્રીજા પક્ષ ( અંગ્રેજ સત્તા ) ઉપર એની વિશેષ આવકારદાયક અસર પણ પડતી.

## નવમા પ્રકરણની પાદનોંધ

૧. એક એક તીર્થનો વહીવટ સંભાળતી તથા એકથી વધુ તીર્થોનો વહીવટ સંભાળતી સંખ્યાબંધ પેઢીઓ આપણા શ્રીસંઘમાં વિદ્યમાન છે. એમાંની કેટલીક પેઢીઓનાં નામ અહીં આપવામાં આવે છે—

### એક એક તીર્થનો વહીવટ કરતી પેઢીઓ

શ્રી સમ્મેતશિખર મહાતીર્થનો વહીવટ અત્યારે શ્રી શ્વેતાંબર ભંડાર તીર્થ સમેતશિખર, મધુવન નામે સંસ્થા હસ્તક છે.

શ્રી પાવાપુરી તીર્થનો વહીવટ શ્રી જૈન શ્વેતાંબર ભંડાર તીર્થના નામે ચાલે છે.

શ્રી ક્ષત્રિયકુંડ તીર્થનો વહીવટ શ્રી જૈન શ્વેતાંબર સોસાયટી હસ્તક છે.

શ્રી ચંપાપુરી તીર્થનો કારોબાર શ્રી જૈન શ્વેતામ્બર સોસાયટી તીર્થના નામથી ચાલે છે.

શ્રી પુરિમતાલ તીર્થનો વહીવટ શ્રી ઋષભદેવસ્વામી જૈન શ્વેતાંબર મંદિર નામે સંસ્થા સંભાળે છે.

શ્રી ઓસિયાં તીર્થનો કારોબાર, શેઠ શ્રી મંગલસિંહજી રતનસિંહજી દેવની પેઢી ટ્રસ્ટના નામે ચાલે છે.

શ્રી નાકોડા તીર્થની સંભાળ શ્રી જૈન શ્વેતાંબર નાકોડા પાર્શ્વનાથ તીર્થ નામે સંસ્થા સંભાળે છે.

શ્રી નાગેશ્વર તીર્થનો વહીવટ શ્રી જૈન શ્વેતાંબર નાગેશ્વર તીર્થ પેઢીના નામથી ચાલે છે.

શ્રી દેવકુલપાટક તીર્થનું સંચાલન શ્રી જૈન શ્વેતાંબર સભા હસ્તક છે.

શ્રી નાડલાઈ તીર્થની સંભાળ શ્રી શ્વેતાંબર જૈન દેવસ્થાન પેઢી હસ્તક છે.

શ્રી નાડોલ તીર્થનો વહીવટ શ્રી પદ્મપ્રભુ જૈન શ્વેતાંબર દેવસ્થાન પેઢી સંભાળે છે.

શ્રી વરકાણા તીર્થનો કારોબાર શ્રી જૈન દેવસ્થાન પેઢી હસ્તક છે.

શ્રી નાણા તીર્થનો વહીવટ શ્રી વર્ધમાન આણંદજી જૈન પેઢી કરે છે.

શ્રી દિયાણા તીર્થનો વહીવટ શ્રી દિયાણાજી જીવિતસ્વામીજી કારખાનું સંભાળે છે.

શ્રી નાંદિયા તીર્થનો કારોબાર શ્રી વર્ધમાન આણંદજી જૈન દેરાસરની પેઢી ચલાવે છે.

શ્રી ભદ્રેશ્વર તીર્થનો વહીવટ શ્રી વર્ધમાન કલ્યાણજીની પેઢીના નામે ચાલે છે.

શ્રી શંખેશ્વર તીર્થનો કારોબાર શેઠ જીવનદાસ ગોડીદાસનું કારખાનું એ નામથી ચાલે છે.

શ્રી ભોયણી તીર્થની સંભાળ શ્રી મલ્લિનાથ મહારાજ કારખાના ઓફિસ નામે સંસ્થા રાખે છે.

શ્રી પાનસર તીર્થનો કારોબાર શ્રી મહાવીરસ્વામીજી મહારાજની પેઢી ચલાવે છે.

શ્રી કડવી તીર્થનો વહીવટ શ્રી રિખવદેવજી મહારાજ જૈન દેરાસરના નામથી ચાલે છે.

શ્રી ગંધાર તીર્થનો વહીવટ શ્રી અમીઝરા પાર્શ્વનાથની પેઢી હસ્તક છે.

શ્રી ઝગડિયા તીર્થની સંભાળ શ્રી જૈન રિખવદેવજી મહારાજની પેઢી રાખે છે.

શ્રી મહેસાણાના શ્રી સીમંધરસ્વામી તીર્થનો કારોબાર શ્રી સીમંધરસ્વામી જૈન મંદિરની પેઢી હસ્તક છે.

શ્રી કંબોઈ તીર્થનો વહીવટ શ્રી મનમોહન પાર્શ્વનાથ કારખાના પેઢી સંભાળે છે.

શ્રી ભીલડિયાજી તીર્થનું સંચાલન શ્રી ભીલડિયાજી પાર્શ્વનાથ કારખાના પેઢી કરે છે.

શ્રી કદંબગિરિ તીર્થનો કારોબાર શેઠ શ્રી જિનદાસ ધર્મદાસ ધાર્મિક ટ્રસ્ટના નામથી થાય છે.

શ્રી માતર તીર્થનો વહીવટ શ્રી સાચાદેવ કારખાના પેઢીના નામથી થાય છે.

શ્રી માંડવગઢ તીર્થની સંભાળ શ્રી જૈન શ્વેતાંબર તીર્થ પેઢી રાખે છે.

શ્રી તળાજા તીર્થનો વહીવટ શ્રી તાલધ્વજ જૈન શ્વેતાંબર તીર્થ કમીટી નામે સંસ્થા સંભાળે છે.

## એકથી વધુ તીર્થોને સંભાળતી સંસ્થાઓ

સિરોહીની શેઠ શ્રી કલ્યાણજી પરમાનંદની પેઢી (૧) આબૂ દેલવાડાનાં જિનાલયો, (૨) મીરપુર તીર્થ, (૩) બામણવાડા તીર્થ અને (૪) મૂંડસ્થલ તીર્થનો વહીવટ સંભાળે છે.

શ્રી જેસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ (૧) જેસલમેરના જિનમંદિરો તથા જ્ઞાનભંડારો, (૨) લોદ્રવપુર, (૩) અમરસાગર અને (૪) પોકરણ તીર્થનો વહીવટ સંભાળે છે.

(કેટલાંક જૈન તીર્થોનો વહીવટ કરતી સંસ્થાઓની આ યાદી મદ્રાસના શ્રી મહાવીર જૈન કલ્યાણ સંઘે પ્રકાશિત કરેલ "તીર્થ-દર્શન" નામે સચિત્ર ગ્રંથના આધારે તૈયાર કરી અહીં સાભાર આપી છે.)

# પાલીતાણા રાજ્ય સાથે થયેલા રખોપાના કરારો

શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ રાજનગર-અમદાવાદના શ્રીસંઘના હાથમાં આવ્યો અને, સમય જતાં, બધો કારોબાર, જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ સમસ્તના પ્રતિનિધિ તરીકે, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના નામથી ચાલવા લાગ્યો, તે પહેલાં આ મહાતીર્થની યાત્રાએ જતાં યાત્રિકોના જાન-માલના રક્ષણ માટે કેવી વ્યવસ્થા હતી, અને એ માટે કે યાત્રા માટે કોઈ રકમ આપવી પડતી હતી કે નહીં એની આધારભૂત માહિતી સાંપડતી નથી. જે અરસામાં ગુજરાત ઉપર સોલંકી રાજવંશનું શાસન હતું ત્યારે (અને તે પહેલાં ચાવડા વંશના રાજશાસન દરમિયાન પણ) ગુજરાતના રાજ્યસંચાલનમાં જૈન મંત્રીઓ અને જૈન શ્રેષ્ઠીઓનો ફાળો પણ મહત્ત્વનો હતો અને શ્રી શત્રુંજય તીર્થ ઉપરના સ્થાપત્યની સમૃદ્ધિના વિકાસની શરૂઆત પણ સોલંકી રાજ્યશાસનના સમયથી જ થઈ હતી, તેથી એવું અનુમાન થઈ શકે છે કે, એ વખતે યાત્રિકવેરા અને મુંડકાવેરા જેવી રકમ એ તીર્થના યાત્રિકો પાસેથી વસૂલ કરવામાં નહીં આવતી હોય. પણ સોલંકી યુગની પડતી થઈ, ગુજરાતમાં મુગલ સત્તાનું તથા બીજી મુસ્લિમ સત્તાનું શાસન સ્થપાયું અને એનો પણ અસ્ત થયો, એવા સંક્રાંતિના કાળમાં તીર્થનો ઉદ્ધાર કરવો પડે એટલા મોટા પ્રમાણમાં તીર્થની ભાંગફોડ અને આશાતના ભલે ન થઈ હોય, પણ એ વખતે તીર્થના યાત્રિકોની બિનસલામતી વધી ગઈ હશે અને એમની કનડગત પણ થઈ હશે અને એમની પાસેથી કોઈ કે, યાત્રાવેરા કે મૂંડકાવેરાનું કોઈ નિશ્ચિત ધોરણ સ્વીકાર્યા વગર, મનસ્વી રીતે પૈસા પડાવ્યા કે ઉઘરાવ્યા હશે. એવું પણ જાણવા મળે છે કે શ્રી શત્રુંજય તીર્થની યાત્રા માટે-ભગવાન ઋષભદેવનાં દર્શન કરવા માટે-યાત્રિકો પાસેથી રૂપાનાણું તો ઠીક, સોનાનાણું એટલે કે સોનામહોર પણ દાપા (ટેક્ષ) તરીકે લેવામાં આવ્યાના પ્રસંગો ક્યારેક ક્યારેક બન્યા હતા.[૧]

પણ આ બધી વાત શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ અમદાવાદના શ્રીસંઘના હાથમાં આવ્યો અને ત્યાં ગોહેલ વંશની હકૂમત સ્થપાઈ તે પહેલાંની છે. ત્યાર પછી તો, મોટે ભાગે, સમયે સમયે, પાલીતાણા રાજ્ય સાથે એક વાર સીધેસીધા અને ચાર વાર, બ્રિટિશ હકૂમતની દરમિયાનગીરીથી રખોપાના કરારો થતા જ રહ્યા હતા. આ રીતે વિ૰ સં૰ ૧૭૦૭ થી વિ૰ સં૰ ૧૯૮૪ એટલે કે ઈ. સ. ૧૬૫૧ થી ૧૯૨૮ સુધીનાં ૨૭૭ વર્ષ

દરમિયાન પાલીતાણા રાજ્ય અને જૈન સંઘ વચ્ચે, રખોપાના કુલ પાંચ કરારો થયા હતા, જેની વિગત નીચે મુજબ છે—

(૧) ગોહેલ કાંધાજી તથા નારાજીએ શેઠ શાંતિદાસ શેષકરણ તથા રતન અને સુરા તેમ જ સંઘસમસ્તને વિ૦ સં૦ ૧૭૦૭ માં કરી આપેલ રખોપાનો પહેલો કરાર. આમાં રખોપા નિમિત્તે આપવાની કોઈ નક્કી રકમ નોંધવામાં નથી આવી, પણ જુદા જુદા પ્રસંગે, જુદા જુદા પ્રમાણમાં, સુખડી, કપડાં અને રોકડ નાણું આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) ગોહેલ કાંધાજી (બીજા) તથા કુંવર નોઘણજીએ શેઠ આણંદજી કલ્યાણજીને, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ આર. બાર્નવેલની દરમિયાનગીરીથી, તા. ૯-૧૨-૧૮૨૧, વિ૦ સં૦ ૧૮૭૮ ના માગશર સુદિ ૧૫ ના રોજ, કરી આપેલ, વાર્ષિક રૂ. ૪૫૦૦) ની રખોપાની રકમનો, દસ વર્ષ માટેનો કરાર.

(૩) કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મેજર કિટીંજના પ્રયત્નથી, શ્રાવક કોમ અને પાલીતાણાના ઠાકોર વચ્ચે, તા. ૫-૧૨-૧૮૬૩ ના રોજ, વાર્ષિક રૂ. ૧૦,૦૦૦ ની રખોપાની રકમનો, દસ વર્ષનો કરાર.

(૪) કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ કર્નલ જે. ડબ્લ્યુ. વૉટસનની દરમિયાનગીરીથી, પાલીતાણાના ઠાકોર માનસિંહજી અને શ્રાવક કોમના પ્રતિનિધિઓ વચ્ચે થયેલ, તા. ૧-૪-૧૮૮૬ થી, ૪૦ વર્ષની મુદ્દત માટેનો, રખોપાની વાર્ષિક રૂ. ૧૫૦૦૦)ની રકમનો, તા. ૧૩-૪-૧૮૮૬ ના રોજ થયેલ કરાર.

(૫) પહેલાં હિંદુસ્તાનના ગવર્નર જનરલ અને વાઇસરોય લૉર્ડ રીડીંગ તથા પછી લૉર્ડ ઇરવિનની દરમિયાનગીરીથી, પાલીતાણાના ઠાકોર સાહેબ બહાદુરસિંહજી અને શ્રાવક કોમના (શેઠ આણંદજી કલ્યાણજીના) પ્રતિનિધિઓ વચ્ચે, તા. ૨૬-૫-૧૯૨૮ ના રોજ થયેલ, રખોપાના વાર્ષિક રૂ. ૬૦૦૦૦) નો પાંત્રીસ વર્ષની મુદ્દત માટેનો કરાર.

પાલીતાણા રાજ્ય સાથે થયેલ રખોપાના આ પાંચેય કરારો કેવા કેવા સંયોગોમાં થયા હતા, એનું પાલન કેટલા વખત સુધી થયું હતું અને બે કરારોની વચ્ચેના સમય દરમિયાન કેવી પરિસ્થિતિ ઊભી થવા પામી હતી, એની માહિતી ઠીક ઠીક પ્રમાણમાં મળી શકે એવી પુષ્કળ સામગ્રી પેઢીના દફતરમાં સચવાયેલી છે; અને આ કરારના દસ્તાવેજો પણ સુરક્ષિત છે. એટલે એ બધી સામગ્રીમાંથી તારવીને કેટલીક ખાસ જાણવા જેવી મહત્ત્વની અને નોંધપાત્ર માહિતી અહીં રજૂ કરવામાં આવે છે.

## રખોપાનો પહેલો કરાર

આ કરાર, ઉપર સૂચવ્યું તેમ, ગોહેલ વંશના રાજવી કાંધાજી વગેરે તથા જૈન

સંઘના મુખ્ય અગ્રણી શેઠ શ્રી શાંતિદાસ ઝવેરી વગેરે વચ્ચે થયો હતો. પણ આ કરાર કરવાની જરૂર શેઠ શ્રી શાંતિદાસને શા ઉપરથી લાગી હતી, અર્થાત્ કેવા રાજકીય સંજોગોમાં આવો કરાર કરવાની એમને ફરજ પડી હતી, તેની કેટલીક વિગતો ધ્યાનમાં લેવા જેવી છે.

મોગલ બાદશાહોએ શ્રી શત્રુંજય વગેરે તીર્થોના માલિકી હક્કો જૈન સંઘને સોંપી દીધાનાં એકથી વધુ ફરમાનો આપ્યાં હતાં. આ ફરમાનો સમ્રાટ અકબર, બાદશાહ જહાંગીર તેમ જ બાદશાહ શાહજહાંએ આપ્યાં હતાં. એમના પછી બહુ જ થોડા દિવસ માટે બાદશાહ બનેલ મુરાદબક્ષે અને તેના પછી બાદશાહ ઔરંગઝેબે પણ આ ફરમાનો જારી કરી આપ્યાં હતાં. આ ફરમાનોમાં, શ્રી શાંતિદાસ શેઠે ગોહેલ રાજવી સાથે, વિ૦ સં૦ ૧૭૦૭માં, જે રખોપાનો પહેલો કરાર કર્યો હતો તે વખતે, તેમની પાસે બાદશાહ શાહજહાંએ, તેના રાજ્યારોહણના બીજા વર્ષ દરમિયાન, એટલે વિ૦ સં૦ ૧૬૮૫-૮૬ દરમિયાન, કરી આપેલ શત્રુંજયના માલિકી-હક્કને લગતું ફરમાન તો હતું જ. વળી, એ જ અરસામાં, એટલે વિ૦ સં૦ ૧૬૮૨ની સાલમાં, એમણે શાહી મંજૂરી મેળવીને અમદાવાદના બીબીપુર વિસ્તારમાં ચિંતામણિ પાર્શ્વનાથના આલિશાન નવા દેરાસરની પ્રતિષ્ઠા પણ કરી હતી. આ રીતે જોતાં, મોગલ સામ્રાજ્યમાં, શ્રી શત્રુંજય વગેરે તીર્થો સહીસલામત હતાં એમ કોઈને પણ લાગ્યા વગર ન રહે.

પણ વિ૦ સં૦ ૧૭૦૧ની સાલમાં શાહજાદો ઔરંગઝેબ ગુજરાતનો સૂબો બનીને અમદાવાદ આવ્યો ત્યારે એણે, ધર્મઝનૂનથી દોરવાઈને, શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના[2] દેરાસરને ખંડિત કરીને એને મસ્જિદમાં ફેરવી નાખ્યું હતું. આવી અતિ શોચનીય દુર્ઘટનાના કારણે શહેરમાં કોમી હુલ્લડ પણ થયું હતું. આ પ્રસંગથી શ્રી શાંતિદાસ શેઠને તેમ જ બધા જૈનો તથા હિંદુઓને એટલો મોટો આઘાત લાગ્યો કે જેથી એમને પોતાનાં દેવસ્થાનો અને તીર્થસ્થાનો બિનસલામત અને ભયમાં મુકાઈ ગયેલાં લાગ્યાં. જોકે, આ કમનસીબ બનાવ બન્યા પછી એ જ વર્ષની અંદર, શાહજાદા ઔરંગઝેબની બદલી કરીને બાદશાહ શાહજહાંના ફરમાનથી, આ ભગ્ન દેરાસર શાંતિદાસ શેઠને પાછું સોંપી દેવામાં આવ્યું હતું એટલું જ નહીં, પણ એમાં જે કંઈ ભાંગફોડ થઈ હોય, તે સરકારના ખર્ચે દુરસ્ત કરાવી આપવાનું અને એમાં રહેતા ફકીરોને દૂર કરવાનું પણ એ ફરમાનમાં ફરમાવવામાં આવ્યું હતું. આમ છતાં, શ્રી શાંતિદાસ શેઠની શ્રી શત્રુંજય વગેરે તીર્થોની સલામતી અંગેની ચિંતા ઓછી ન થઈ અને એ માટે કંઈક ને કંઈક કાયમી ઉપાય યોજવો જ જોઈએ એવું એમને લાગ્યા જ કરતું હતું.

,વળી બાદશાહ શાહજહાંના રાજ્યકાળનાં પાછલાં વર્ષો દરમિયાન, એના ચારે

॥ श्री ॥

॥ ए६० ॥ संवत १७०७ वर्षे कार्तिक वदि १३ सोमे गोहिल श्री कांधाजी तथा सारा जी तथा दमिरजीन
बाई पदमाजी तथा पाटमदे जत लषतं आम्हा श्री सेत्रुंजानी चोकी पुहुच करुं छुं तथा
संघनी चोकी करुं छुं ते माटि तेनु उपरांठ कांधो छे साह शांतिदास सहस्त्रकरण तथा सा
रतनसूरा तथा समस्त संघ मलीने श्री सेत्रुंजि संघ आवइ तथा छुटा छुटा विहार
आवि तथा पालु लोक आवि तेनु अमे करार दीधु छे ते अमे बापनी बोलसुं पाल
वूं तेनी विगत श्री सेत्रुंज उपर संघ आवि तेनी चुकी पुहुच करवो जे संघ आवि तथा सि
मलण करी लेवूं तेना वगत रूपईआ १ तथा लूण कानी जांमी रूप मोटि सं
घि छुटा आं तथा पालु संघ आवि ते पासि मलण न लेवु गामि १ जामी २॥
अके आढी लेवी मोटा संघ मधे पादर जि तेनु न लेवुं गाम मेलवाना
संघवीनी तथा बाजीपालनी तारक जि ते पासे लेवा आधी कूं न लेवूं बीजा छुटा विचा
आवि तेनी मारास १०० जामी ६० लेवा मालण मागवूं नहिं वली बीजा मालोस
पालु आवि ते जण १ नी जामी ॥ अके आरधी लेवी अधकूं कांई न लेवूं संघ श्री
सेत्रुंजी जात्रा करवा आवि ते पासिंथी एकरार रीते लेवूं गढ ८४ चोरासीनूं एकरार
लेवूं तथा एकरारना पना बोलसुं पालवूं तथा श्री आदेसरनी साखिं पालवूं
रणछोडजीनी साखिं पालवूं कारबानो पासि मलणवूं तपामडे नि ॥ श्री ॥ १

अत्र मतूं एलखं तेअमारो छे


१ गोहेल कांधाजी
१ बाई पदमाजी
१ बाई पाटमदे

लपतं दो० कहु वाल्हा एलखूं
न पालि तो श्री आमदाबाद मध्ये जवाप करी अं
लषतं नाटपरजतनो राणा एलखुं पालि नहिं तो अमि जमानुं
आमदावाद मध्ये जवाप करुं सही तमारा टले आगळ करा छे तेप वालवू सही सही


अत्र साख
१ गो० जेमलजी
१ गो० लखमणजी
१ रा० जीमजी
१ रा० जादव
१ सा० आपाल
१ ठा० परबत
१ दो० काननी

પાલીતાણા રાજ્ય સાથે, વિ. સં. ૧૭૦૭માં થયેલ રખોપાના પહેલા કરારનો હસ્તાવેજ

( જુઓ, પૃ. ૫૬, ૯૪, ૧૯૩ )




પાલીતાણા રાજ્ય સાથે સને ૧૮૨૧ ( વિ. સં. ૧૮૭૮ )
માં થયેલ રખોપાના દસ વર્ષના બીજા કરારનો દસ્તાવેજ
( જુઓ, પૃ. ૧૯૩ )




રખોપાના બીજા કરારનાં ૧૦ વર્ષ પૂરાં થતાં એ બીજાં ૧૦ વર્ષ સુધી ચાલુ રહે એવી ગોઠવણ કરવા પાલીતાણા રાજ્યે આસીસ્ટંટ પોલિટિકલ એજન્ટને વિ. સં. ૧૮૮૭માં કરેલ અરજી. ( જુઓ. પૃ. ૨૦૬, ૨૭૦ )

रो॰ अमांगरखीकसांगणीगोगलांगोहेलखीनोथेंगणीत
थानुपरखीपरतापरींघणीअतआंमोओरो॰हीमाभाइवेग
तंनंदतथा॰रीगदुगेरींघकरंमअंदरेथासीआंमदायादना
पारोपीआीरीअनुजादुगरणीरु॰३३३३५)आंकेतेतरीसहजा
रआंगसेटेपांतरीसरीआधकेरेआपीआआरुअआंकेजोकेसे
जेलीयाछेतेहेनुमतरीगोहीमाभाइवेगेरेतथादथा॰रीगद
डीरींघकरमअंदनेरीगी(?)नाआदरवाजुदरेनीतरेअनुस
पीआपुछेतेहेनापीआआनाहरयरसीओकेरेपैआयार
हजारथाअतेतेहेनपेटेरीअनुजादुगरनाआंमाराहेकनोओं
कडोहरयरसीओकेरेपैआ॰यारहजारनोछेतेरेपैआवरसी
यारहजारपरमांगणीरसमेसोमतनापीआआनेपेटेओ
मतनारेपैआपीआआअनुथांपलीरहेतांरांअनुभोगमोगटे
नेहरयरसअंमारीयतोआपलोरीगी(?)अआदरवाजुदरे
दसकतपारेमत॰चनमहंनदासलौगोगाइजमानौ पाहाजपा
रुपरआपरतांपरशंपसउपरसमतरहीहापरतांपरशंपु

પાલીતાણા રાજ્યે શેઠ હિમાભાઈ વગેરે પાસેથી રૂા. ૩૩૩૩૫) વ્યાજે લીધા સંબંધી
કરી આપેલ લખાણ ( જુઓ, પૃ. ૨૦૬, ૨૭૦ )



રૂપિયાના બીજા કરારની બે વર્ષની રકમ પોતે ઉઠાવેલ વટાવ સંબંધી તકરારને કારણે પોતાને મોડી મળી હોવાનું પાલીતાણા રાજ્યે આ પહોંચની પાંચમી લીટીમાં જણાવ્યું છે. ( જુઓ, પૃ. ૨૦૪, ૨૬૮ )



હેમાભાઈ શેઠની હવેલીની જીર્ણ ઈમારત,
પાલીતાણા શહેરમાં, મોટા દેરાસર પાસે, નગરશેઠ શાંતિદાસ ઝવેરીની મેડીની નજીકમાં, આવેલ આ હવેલીમાંથી, પોતાને ત્યાં ગિરો મુકાયેલ પાલીતાણા રાજ્યનો વહીવટ નગરશેઠ હેમાભાઈ ચલાવતા હતા.
( જુઓ, પૃ. ૨૦૦, ૨૫૯, ૨૬૪ )

# Agreement between Thakor Sahib Mansinghji of Pálitáná and the Jain Community.

1. The Thákor Sáhib of Pálitáná agrees to receive, and the Jain Community agrees to pay, a fixed annual sum of Rupees fifteen thousand (Rs. 15,000). In consideration of this annual payment to the Pálitáná Chief, the Pálitáná Darbár agrees that no further taxes of any kind will be levied from the Jain Community on account of pilgrimage taxes. This sum of Rs. 15,000 will be due on the 1st of April of each successive year; it includes police protection "malmi"

2. The Thákor Sáhib consents and the Jain Community agrees that this arrangement shall continue for forty (40) years from the 1st April 1886.

3. After the expiration of these forty

પાલીતાણા રાજ્ય સાથે, સને ૧૮૮૬ (વિ. સં. ૧૯૪૨) માં થયેલ રખોપાના
ચોથા કરારનો દસ્તાવેજ (જુઓ, પૃ. ૨૨૩, ૨૮૫)

(પાછળ ચાલુ)

forty years, either party shall be at liberty to ask for a modification of the fixed annual sum ......tioned in the first paragraph of this agreement. It will rest with the British Government after considering the respective arguments of the contending parties, to grant or to withhold such modification.

---

The above has been explained by me personally to the Thákor [illegible] and [illegible] leading Shrávaks and both parties sign this agreement, below, in token of consent.

| Signatures of leading Shravaks. | Signature Darbár. |
|---|---|
| (sd) J.F.F. [illegible] | (sd) [illegible] |
| (sd) J.W.W. (sd) [illegible] | [illegible] |
| [illegible] | (sd) J.W.W. |
| (sd) J.F.F. (sd) [illegible] | The Thákor |
| (sd) J.W.W. (sd) Mansookhbhai Bhagoobhai. | Sáhib signed this in my presence |

રખોપાના ચોથા કરારના દસ્તાવેજનો બાકીનો ભાગ

પુત્રોમાં બાદશાહ બનવા માટેનો જે ઊંડો વિખવાદ પેઠો હતો અને તેથી રાજ્યકુટુંબમાં તથા સલ્તનતમાં જે ઘેરો આંતર કલહ જાગી ઊઠચો હતો, એથી મોગલ સલ્તનતના પાયા ડગમગી ઊઠવાના છે, એ વાત વિચક્ષણ અને દીર્ઘદર્શી શાંતિદાસ શેઠને બરાબર સમજાઈ ગઈ હોય એમ લાગે છે. અને તેથી એમને એ વાતની પણ ખાતરી થઈ હોવી જોઈએ કે, શત્રુંજય તીર્થ તથા અન્ય જૈન તીર્થોને લગતાં આ બધાં મોગલ ફરમાનો, નજીકના જ ભવિષ્યમાં, આ તીર્થની તેમ જ તીર્થના યાત્રિકોના જાનમાલની સાચવણી કરવા માટે હવે ભાગ્યે જ કારગત થઈ શકવાનાં છે. કંઈક આવી દૂરંદેશીભરી વિચારણાથી પ્રેરાઈને એમણે, ઔરંગઝેબે પણ બાદશાહ બન્યા બાદ એમને તીર્થ સંબંધી જે બે ફરમાનો આપ્યાં હતાં એની સાત-આઠ વર્ષ પહેલાં, એટલે કે વિ૦ સં૦ ૧૭૦૭ માં, ગારિયાધારની રાજધાનીમાં રહીને પાલીતાણા શહેર અને શ્રી શત્રુંજયગિરિ ઉપર હકૂમત ભોગવતા ગોહેલ વંશના રાજવી કાંધાજી વગેરે સાથે તીર્થ અને યાત્રિકોની રક્ષાનો પહેલો કરાર કર્યો હતો,[3] જે આ પ્રમાણે છે—

## સંવત ૧૭૦૭ (સને ૧૬૫૧) નો પહેલો કરાર

॥ શ્રી ॥

॥ ૬૦ ॥ સંવત ૧૭૦૭ વર્ષે કાર્તિક વદિ ૧૩ સોમે ગોહિલ શ્રી કાંધાજી તથા ભારાજી તથા હમીરજી તથા બાઈ પદમાજી તથા પાટમદે જત લખતં આમા શ્રી સેત્રંજાની ચોકી પુહુર કરૂં છુ તથા સંઘની ચોકી કરૂં છુ તે માટે તેનું પરઠ કીધો છે. શાહ શાતિદાસ સહસકરણ તથા શાહ રતન સૂરા તથા સમસ્ત સંઘ મળી શ્રી સેત્રંજી સંઘ આવઇ તથા છઠીઆં છઠ વિહિવા આવિ તથા પાલુ લોક આવિ તેનું અમિ કરાર કીધું છે. તે અમો બાપના બોલશું પાળવું, તેની વગત્ય શ્રી શેત્રંજઇ સંઘ આવી તેની ચુકી પહુરૂ કરવો. જે સંઘ આવિ તે પાસે મલણું કરી લેવું તેની વગત. સૂખડી મણ ૧ તથા લુગડાની જામી ૨॥. મોટી સંઘિ છઠીઆ તથા પાલુ સંઘ આવી તે પાસિ મલણું ન લેવું. ગાડી ૧ જામી ૨॥ અંકે અઢી લેવી. મોટા સંઘ મધે પ્યાદા હુઅિ તેનું ન લેવું. બીજુ છઠ વીવા આવિ તેની માણુસ ૧૦૦, જામી ૬૦ લેવા. માલણુ માગવું નહીં. વલી બીજું માણુસ પાલુ આવિ તે જણ ૧ ની જામી ૦॥ અંકે અરધી લેવી. અદકૂં કાંહી ન લેવૂં. સંઘ શ્રી સેત્રંજી જાત્રા કરવા આવિ તે પાસિથી એ કરારિ લેવૂં. ગચ્છ ૮૪ ચોરાસીનું એ કરારિ લેવું. તથા એ કરાર બાપના બોલશુ પાળવું તથા શ્રી આદિશ્વરની સાખી પાળવું. રણછોડજીની સાખી પાલવું. કારખાના પાસિ ન લેવું તપાગછનિ. ॥શ્રી॥

| અત્ર મતૂ તે લખું તે પ્રમાણે છે. | અત્ર સાખ્ય |
|---|---|
| ૧ ગોહેલ કાંધાજી | ૧ ગો. ગેમલજી |
| ૧ બાઈ પદમાજી | ૧ ગો. લખમણજી |
| ૧ બાઈ પાટમદે | ૧ રા. ભીમજી |
| | ૧ રા. જાદવ |
| | ૧ સા. જગપાલ |
| | ૧ ઠા. પરબત |
| | ૧ દો. કડવા |

લખતં ભાટ પરબત નારાયણએ લખુ
પાલિ નહિ તું અમિ જમાન છું. અમદાવાદ
મધે જબાપ કરૂં સહિ ॥ તથા ભાટને
અગડ કરા છે તે પળાવું સહી સહી ॥

આ કરારમાં શ્રાવક સંઘના પ્રતિનિધિ તરીકે શાહ શાંતિદાસ સહસકરણ તથા શાહ રતન સૂરાનાં નામ લખેલાં છે. આમાં શ્રી શાંતિદાસ સહસકરણ એ તો રાજા અને પ્રજામાં બહુમાનભર્યો મોભો ધરાવનાર નગરશેઠ શાંતિદાસ ઝવેરી જ છે. તેમની સાથે શાહ રતન સૂરાનું નામ લખ્યું છે. તેઓ કોણ છે, તે અંગે તપાસ કરતાં શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય સ્વ૦ શ્રી વિજયધર્મસૂરિજી (કાશીવાળા) સંશોધિત "પ્રાચીન તીર્થમાલા સંગ્રહ" ભાગ ૧માં છપાયેલ અને શ્રી શીલવિજયજીએ રચેલ તીર્થમાળામાં જ્યાં (પૃ૦ ૧૨૪, કડી ૧૪૩) અમદાવાદના શ્રાવકોનાં નામો આપ્યાં છે, ત્યાં લખ્યું છે—

ઉસવંશ ભૂષણ શિરદાર, સૂરા રતન બે બંધુ ઉદાર;
સત્યાસીઇ દીઉ સત્રુકાર, વિમલાચલના સંઘ અઢાર.

આ કડીમાં થયેલ ઉલ્લેખ ઉપરથી એટલું જાણી શકાય છે કે, સૂરા અને રતન એ બન્ને પિતા-પુત્ર નહીં પણ સગા ભાઈ અને ઓસવાળ જ્ઞાતિના હતા.

## કરારની યથાર્થતા બાબત તકરાર અને તેનું નિરાકરણ

સને ૧૮૭૫માં શત્રુંજય ઉપર નવું દેરાસર બાંધવું હોય તો એ માટેની જમીન માટે શ્રાવક કોમે પાલીતાણા રાજ્યની મંજૂરી મેળવવાની અને એની કિંમત આપવાની જરૂર ખરી કે કેમ, એવો પ્રશ્ન ઊભો થયો. અને એ અંગે ઘટતી તપાસ કરીને પોતાનો અહેવાલ મોકલવા માટે મુંબઈ સરકારે તે વખતના કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. જે. બી. પીલને લખ્યું હતું. આ બાબત ઊંડી તપાસ માગે એવી હોવાથી મિ.

પીલે એ કામ પોતાના એકટીંગ જ્યુડિશિયલ આસિસ્ટંટ મિ. ઈ. ટી. કેન્ડીને સોંપ્યું હતું.

આ કેસમાં શ્રાવક કોમ તરફથી સંખ્યાબંધ પુરાવાઓ તથા જુબાનીઓ રજૂ કરવામાં આવ્યાં હતાં, એમાં વિ૦ સં૦ ૧૭૦૭ના આ રખોપાના દસ્તાવેજનો પણ સમાવેશ થતો હતો. (એનો દાખલા નં. Z (૨૭) હતો). આ દસ્તાવેજ પોરબંદરના જતિ શ્રી મોતીજીએ (ઉંમર વર્ષ ૩૨) રજૂ કર્યો હતો. અને તે અમુક વખત સુધી કેસ ચાલ્યા પછી, પાછળથી, રજૂ કરવામાં આવ્યો હતો. આ ઉપરથી પાલીતાણાના દરબારશ્રી તરફથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે આ દસ્તાવેજ બનાવટી છે, જેની વિગત આ પ્રમાણે છે—

આ દસ્તાવેજ અંગેની રજૂઆત કરનાર યતિ શ્રી મોતીજીએ જે જુબાની આપી હતી તે આ પ્રમાણે છે—

મિ. બ્રાન્સન સમક્ષ જુબાની આપતાં તેમણે જણાવ્યું હતું: "મારા ગચ્છના વડા હીરવિજયસૂરિ હતા. હું જે દસ્તાવેજ રજૂ કરું છું (વિ૦ સં૦ ૧૭૦૭નો કરાર) તે મને મારા ગુરુ પાસેથી પ્રાપ્ત થયો છે.

"હું પરમ દિવસે સાંજે ૬-૦૦ કે ૭-૦૦ વાગ્યે રાજકોટ આવ્યો છું. જોઈતારામ નામના એક શ્રાવકે મને આ દસ્તાવેજ લાવવા પોરબંદર લખેલું. તેઓ (જોઈતારામ) અમદાવાદના એક શેઠિયા છે."

મિ. બદ્રુદીન સમક્ષ જુબાની આપતાં તેમણે કહ્યું હતું: "આ દસ્તાવેજ મને છ દિવસ અગાઉ આચાર્ય ધર્માનંદસૂરિ, કે જે મારા ગુરુ ગુમાનજીના ભાઈ છે, તેમની પાસેથી પ્રાપ્ત થયો છે. આ દસ્તાવેજ મને ઉપાશ્રયમાં આપેલો. મને ખબર નથી કે મારા ગુરુના કબજામાં એ કેવી રીતે આવ્યો. તે ગાદીની માલિકીનો હોવો જોઈએ. જોઈતારામનો પત્ર મારા ગુરુ ઉપર હતો."[૪]

## યતિ શ્રી મોતીજીની જુબાની ઉપર દરબારશ્રીની ટીકા

પાલીતાણા દરબારે આની સામે ટીકા કરતાં કહ્યું હતું: "આ સાક્ષીએ પુરાવો નં. ૨૭ રજૂ કર્યો. તેનો પુરાવો અગત્યનો છે, કારણ કે તે દસ્તાવેજ બનાવટી છે. તેથી અમે તેની જુબાની અક્ષરશઃ અહીં આપીએ છીએ. આ દસ્તાવેજ રજૂ કરનારની પાસે તે ફક્ત છ દિવસ જ રહ્યો તે સૂચક છે. વળી પહેલાં આ દસ્તાવેજ જેના કબજામાં હતો તે અહીં હાજર રહેલ નથી અને જોઈતારામનો પત્ર પણ રજૂ કરાયો નથી; આ સંજોગોમાં દસ્તાવેજના ખરાપણા વિશે શંકા ઉઠાવવાને પૂરતાં સબળ કારણો છે."[૫]

પણ મિ. કેન્ડીએ દરબારશ્રીની આ વાત માન્ય રાખી ન હતી અને આ દસ્તાવેજ સાચો હોવાનું સ્વીકાર્યું હતું.[૬]

## સને ૧૮૨૧નો રખોપાનો બીજો કરાર

વિ૦ સં૦ ૧૭૦૭નો રખોપાનો કરાર કેટલો વખત અમલમાં રહ્યો તેની કોઈ ચોક્કસ માહિતી મળતી નથી. એટલે અંગ્રેજ સરકારની દરમિયાનગીરીથી, સને ૧૮૨૧ (વિ૦ સં૦ ૧૮૮૮)ની સાલમાં, રખોપાને લગતો જે બીજો કરાર થયો તે દરમિયાનના, ૧૭૦ વર્ષ જેટલા લાંબા ગાળામાં પાલીતાણાના ઠાકોરે શત્રુંજયના યાત્રિકો સાથે કેવો વ્યવહાર રાખ્યો હશે, તે જાણી શકાતું નથી.૭ આમ છતાં આ અંગે યાત્રાળુઓને કેવી કેવી હેરાનગતીમાંથી પસાર થવું પડવું પડતું હતું, એની આધારભૂત કહી શકાય એવી કેટલીક માહિતી એક પત્રમાંથી મળી રહે છે, એનો અહીં ઉલ્લેખ કરવો જરૂરી છે.

આ પત્ર તા. ૩૦–૮–૧૮૨૦ના રોજ, મુંબઈથી, શ્રી મોતીચંદ અમીચંદ અને શ્રી હેમચંદ વખતચંદની સહીથી મુંબઈના તે વખતના ગવર્નર માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટનને લખવામાં આવ્યો હતો. આ પત્રમાં શ્રી હેમચંદ વખતચંદની સહીની નીચે 'શાંતિદાસ ઝવેરીના વારસદારો' (Descendants of Santidass Javeree) એવી નોંધ કરવા ઉપરાંત 'અને બીજાઓ' (and others) એ પ્રમાણે નોંધવામાં આવ્યું છે. આનો અર્થ એ છે કે, શ્રાવક સંઘના આ બંને અગ્રણીઓએ આ પત્ર વ્યક્તિગત રીતે નહિ, પણ જૈન સંઘની વતી લખ્યો હતો. આ પત્રમાં સહી કરનાર શ્રી મોતીચંદ અમીચંદ તે શ્રી શત્રુંજય ઉપર પોતાના નામની એક વિશાળ ટૂંક બંધાવનાર અને મુંબઈના સુપ્રસિદ્ધ શાહસોદાગર શ્રી મોતીશા શેઠ હતા.

આ પત્રમાં શત્રુંજય તીર્થની યાત્રાએ જનાર યાત્રિકોની દરબારશ્રી અથવા તો એમના આરબ સિપાઈઓ દ્વારા થતી કનડગતનો ચિતાર આપીને એ કનડગત બંધ થાય એ માટે ઘટતાં પગલાં લેવાની અરજ કરવામાં આવી હતી. આ કનડગત કઈ કઈ રીતે કરવામાં આવતી, તેની કેટલીક વિગતો આ અરજીમાંથી મળે છે, જે આ પ્રમાણે છે—

"મજકુર શાંતિદાસે આ શેત્રુંજો પહાડ સાચવવાનું કામ આ જિલ્લાના રાજાને આપવાનું યોગ્ય ધારેલું. અને તેની સાથે એવી શરત કરેલી કે એ સ્થળે જાત્રાએ જનારા લોકોને સુખસગવડ આપવી તથા પહાડ ઉપરનાં મંદિરોમાં સ્થાપેલી પ્રતિમાજીઓની ધાર્મિક ક્રિયા કરાવવી અને પાલીતાણા પરગણાની આવકમાંથી એ મંદિરોને નિભાવવાં.

"જે રાજાને આ પ્રમાણેનું કામ સોંપવામાં આવેલું તેણે તથા તેના વંશજોએ આ પવિત્ર શરતો બરાબર પાળેલી. પણ ઘણો વખત વીત્યા પછી એ રાજાના એક વંશજે દરેક જાત્રાળુ ઉપર ગેરવ્યાજબી રીતે કર નાખવાની શરૂઆત કરી દીધી. આપ નામદારના અરજદારો તથા બીજા જાત્રાળુઓને આ કર ભરવાની ફરજ પડેલી. કારણ, લાંબી મુસાફરી

કરીને અને મોટો ખર્ચ વેઠીને ત્યાં ગયા પછી જાત્રા કર્યા વગર પાછા જવું એ નામોશી-ભરેલું લાગેલું. આવી દગાખોર રીતભાતથી તથા તે વખતે અમારે કોઈ સત્તા આગળ ફરિયાદ કરવાનું સાધન નહીં હોવાથી આવા મહાદુષ્ટ વેરાને અમારો ધર્મ પાળવાને ખાતર અમારે તાબે થવું પડેલું.

"રાજાને આ ઉપરથી એમ લાગેલું કે શ્રાવકો તો વગર હરકતે વેરો આપ્યે જાય છે, એટલે એણે આજદિન સુધીમાં નિરંકુશ વધારો ચાલુ જ રાખ્યો છે.

"થોડાંક વરસ થયાં રાજાએ પોતાની નોકરીમાં કેટલાક આરબોને રાખેલા છે. આ આરબોની નીતિ બહુ હલકા પ્રકારની છે. એ લોકો આ પહાડ ઉપર રહેવા લાગ્યા છે, અને મંદિરોમાં તથા તેની આસપાસ એ લોકો એવી વર્તણૂક ચલાવી રહ્યા છે કે જે અમારા ખુદ સ્વભાવની તથા ધર્મની વિરુદ્ધ છે. એ લોકો દારૂ પીને નશો કરે છે તથા જાનવરોની હિંસા કરે છે. આ કૃત્યોને અમે એટલાં બધાં ઘોર પાતકી કામો ગણીએ છીએ કે આવાં કામો અમારા અનાદિકાળના પવિત્ર અને પ્રિય મંદિર આગળ થવાં દેવાં કરતાં અમારી જાતને ખપાવી દેવા આરબોને અમારાં માથાં ધરી દેવાનું અમને વધારે યોગ્ય લાગે છે.

"એ આરબોને અત્રે આવાં કૃત્યો નહીં કરવાનું અમે કહીએ છીએ ત્યારે એ લોકો કહે છે કે, રાજા અમારો દેણદાર છે, અને અમારું માગણું વસૂલ કરવા સારું ગીરો રાખનાર તરીકે અમોએ આ પહાડનો કબજો કરેલ છે.

"આવા કરની વાતો સાંભળીને ભાવનગરના રાજાએ પણ ભાવનગર અને ઘોઘા થઈને જે જાત્રાળુઓ પાલીતાણે જાય આવે, તેના ઉપર કર નાખવા માંડ્યા છે."

આ પ્રમાણે યાત્રાળુઓને વેઠવી પડતી મુશ્કેલીનું વર્ણન કર્યા પછી અરજદારોએ પોતાની અરજીમાં મુંબઈના ગવર્નર પાસે નીચે મુજબ દાદ માગી હતી—

"આપ નામદારના અરજદારો અરજ ગુજારે છે કે તેમની શાંત અને નિરુપદ્રવી કોમ તથા દેશના (એક) ધર્મ પ્રત્યે આવી આશાતના કરનારી જુલ્મી વર્તણૂકથી અમને જે ખેદ અને દુઃખ થાય છે, તે તરફ આપ સહાનુભૂતિની નજરથી જોશો." [૮]

જૈન સંઘની વતી શેઠશ્રી મોતીચંદ અમીચંદ તથા શેઠશ્રી હેમચંદ વખતચંદ વગેરે તરફથી મુંબઈના ગવર્નરને કરવામાં આવેલ ઉપરોક્ત અરજી મળ્યા પછી બીજે જ દિવસે, એટલે કે તા. ૩૧-૮-૧૮૨૦ના રોજ, મુંબઈ સરકારના ચીફ સેક્રેટરી ફ્રાન્સિસ વોર્ડને કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ કેપ્ટન બાર્નવેલને પત્ર (સને ૧૮૨૦, નંબર ૧૩૨૪) લખીને આ બાબતની ઝીણવટભરી તપાસ કરીને શ્રાવક કોમની ફરિયાદને અંગે શું થઈ શકે એમ છે, એ વિશે પોતાનો અહેવાલ મોકલવાનો આદેશ આપ્યો હતો.

આના જવાબમાં કેપ્ટન બાર્નવેલે મુંબઈ સરકારના સેક્રેટરી જેમ્સ બ્રુસ સિમ્સનને તા. ૨૦-૧૨-૧૮૨૦ના રોજ જે પત્ર લખ્યો હતો તેમાં એમણે પાલીતાણા દરબારને વાર્ષિક રૂ. ૩૦૦૦) થી રૂ. ૪૦૦૦)ની રકમ, યાત્રિકવેરા તરીકે, શ્રાવક કોમે ઊચક આપવાનું સૂચન કર્યું હતું અને સાથે સાથે એમ પણ સૂચવ્યું હતું કે પાલીતાણા દરબારને ગાયકવાડના ખંડિયા તરીકે વાર્ષિક જે રકમ રૂ. ૮૦૦૦) ખંડણી તરીકે આપવાની થાય છે તેમાંથી, જો ગાયકવાડ સરકાર, યાત્રાવેરાની (આશરે રૂ. ૩૦૦૦) થી રૂ. ૪૦૦૦) જેટલી રકમ જતી કરવા મંજૂર થાય તો શ્રાવક કોમને કશીય રકમ આપવાની ન રહે.[૯]

કેપ્ટન બાર્નવેલની આ ભલામણ ઉપરથી આવી માફી આપવા અંગે ગાયકવાડ સરકાર સાથે વાટાઘાટ કરવામાં આવતાં તેમણે આવી માફી આપવાનો ઇનકાર કર્યો હતો. આ હકીકત વડોદરાના એકટીંગ રેસિડેન્ટ મિ. સી. નોરિસે મુંબઈ સરકારના સેક્રેટરી મિ. જે. બી. સિમ્સન ઉપર તા. ૧૭-૨-૧૮૨૧ના રોજ લખેલ પત્ર ઉપરથી જાણી શકાય છે.[૧૦]

પાલીતાણા રાજ્ય અને શ્રાવક કોમ વચ્ચે, યાત્રાવેરાને કારણે, જે એદિલી પ્રવર્તતી હતી, તેનો સંતોષકારક નીવેડો લાવવા માટે, જરૂર પડે તો, પાલીતાણાની નજીકમાં રહેલી લશ્કરી છાવણીનો ઉપયોગ કરવાનું એક સૂચન થયું હતું. એ જાણીને જેમ કંઈક રમૂજ ઊપજે છે, તેમ આ ઝઘડાનો નિકાલ કરવાની બાબતમાં મુંબઈ સરકાર કેટલી ચિંતિત અને ઉત્સુક હતી તે પણ જાણી શકાય છે. આ કાગળ, તા. ૮ (૧૮?)-૧-૧૮૨૧ના રોજ, મુંબઈ સરકારના સેક્રેટરી મિ. જે. બી. સિમ્સને કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મેજર એફ. ડી. બેલેન્ટાઈન ઉપર લખ્યો હતો અને તેમાં લેફ. કર્નલ સ્ટેનહોપના હાથ નીચેના લશ્કરનો ઉપયોગ કરવાની સત્તા આપી હતી. સાથે સાથે એ પત્રમાં એમણે બંને પક્ષોની વ્યાજબી વાત ધ્યાનમાં લેવાનું પણ સૂચન કર્યું હતું.[૧૧]

આ દરમિયાનમાં શેઠ હેમાભાઈ વખતચંદે, તા. ૧-૧૦-૧૮૨૧ના રોજ, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ કેપ્ટન બાર્નવેલ ઉપર, ચોમાસું પૂરું થતું હોવાથી, અને યાત્રાની શરૂઆત નજીકના સમયમાં જ થવાની હોવાથી, મુંડકાવેરાની રકમ નક્કી કરવાની માગણી કરી હતી, જેથી યાત્રિકો કનડગત વગર યાત્રા કરી શકે.[૧૨] શેઠ હેમાભાઈના આ પત્ર ઉપરથી એટલું સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે, એ વખતે શત્રુંજયના યાત્રિકોને યાત્રાવેરા નિમિત્તે કેવી કેવી હાલાકી ભોગવવી પડતી હશે. આને કારણે જ એમને આવો કાગળ લખવાની ફરજ પડી હોવી જોઈએ.

આ રીતે શેઠ મોતીશાથી શરૂ થયેલી પાલીતાણા રાજ્ય સાથે કાયમી સમાધાન કરવાની વાતને એક તાત્કાલિક ઉકેલવા જેવી મહત્ત્વની બાબત લેખીને મુંબઈ સરકારે સત્વરે હાથ ધરી હતી. અને એની સૂચના મુજબ કેપ્ટન બાર્નવેલે, એ અંગે જરૂરી તપાસ

કરીને, પોતાનાં સૂચનો મુંબઈ સરકારને મોકલી આપ્યાં હતાં. ઉપરાંત શેઠશ્રી હેમાભાઈ વખતચંદે પણ આ સમાધાન માટે કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ કેપ્ટન બાર્નવેલને ભારપૂર્વક લખ્યું હતું. એ બધાંના પરિણામે, કેપ્ટન બાર્નવેલે, પાલીતાણા રાજ્ય અને શ્રાવક કોમ વતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વચ્ચે, તા. ૯–૧૨–૧૮૨૧ ના રોજ, એક કરારનામું કરાવી આપ્યું, જે નીચે મુજબ હતું—[૧૩]

## સને ૧૮૨૧ નો કરાર

દસક્ત ગોહેલ કાંધાજી સહી
સહી દસકત નોઘણજી

લી. ગોહેલ શ્રી કાંધાજી તા. કુવર નોઘણજી જત શેઠ આણંદજી કલ્યાણજી રહે-વાસી પાલીતાણા જત સાવકનો સંઘ તથા પરચુરણ આદમી પાલીતાણે જાત્રાને આવે છે તે ઉપર અમારી રખોપાની લાગત છે. તે કુલ અમારી બાબત ડુંગર સમંધી તથા ભાટ તથા રાજગર તા. ચાકર પેસા વગેરે તથા બીજી દરોબસ્ત લાગત સુધાં ઉચક દર વરસ ૧ એકે રૂ. ૪૫૦૦) અંકે પસતાલીસ સેહે પુરા તેની વગત છે.

૪૦૦૦) દરબારના દેવા
૨૫૦) રાજગરને દેવા
૨૫૦) ભાટ સમસ્તને દેવા

જમલે ૪૫૦૦

એ પરમાણે વરસ દસનો સંવત ૧૮૭૮ના કારતગ શુદ ૧૫ થી તે સં. ૧૮૮૮ના કારતગ શુદ ૧૫ સુધી રૂ. ૪૫૦૦૦) અંકે પસતાલીસ હજાર પુરા સકાઈ માટે શ્રી સરકાર હંનરાબલ કુંપની બાહાધુર નીસવત આજમ કપતાન બારનવેલ સાહેબ પુલેટીકલ ઇજંટ પ્રાત કાઠીઆવાડના સાહબની વીદમાને તમોને આપું છે તે ઉપર લખા પ્રમાણે દર સાલ વરસ ૧૦) દસ સુધી ભરતા જજો. સંઘ અગર પરચુરણ લોક જાત્રાને આવસે તેની ચોકી પોરાની ખબરદારી અમે સારી પેઠે રાખીસુ. ને જાત્રાલુ લોકને કશી વાતે ઓજા પોચવા દેસુ નહી. અગર કોઈ લોકનું નુકસાન ચોરીથી થાસે તો તેનું વલતર કરી આપીસું. આફ્ત ફ્તુર આસમાની સુલતાની મુજરે આપીસું. તેના રૂ. કરાર પ્રમાણે આગલ ઉપર લઇસું તથા અવધ પુરી થઆ પછી કરાર પ્રમાણે રૂ. આગલ સાલ આપસો તાં સુધી ચાલુ પાલીસુ. કરાર પ્રમાણે. બીજુ શેઠ શાંતીદાસનું વંશવાળાની બે તરફથી જાત્રાની માફી સદામત થાએ છે તે તમારે પણ કરવી. એ રીતે લખી આપું છે તે સહી છે.

મતી સં. ૧૮૭૮ના વરખે માગશર સુદ ૧૫ તા. ૯ માંહે ડીસેમ્બર ૧૮૨૧ અંગરેજી.

| | |
|---|---|
| અત્ર ______________ સહી છે. | ૧ અત્ર સાખ શ્રી જુગદીસ |
| ગોહેલ કાંધાજી તથા | ૧ ગોહેલ અજાભાઈ ઉનડજીની શાખ |
| નોઘણજીની સહી ઉપર છે. | ૧ લા. મના ગગજી |
| | ૧ દ. ખમ ખસળ સ્હી. |
| | ૧ દેવાંણી ખોડાભાઈ સાખ. |
| | ૧ ગોહેલ વીસાભાઈ ઉનડજીની સાખ |
| | ૧ લી. મેતા કસળજી જગદીસ |

આ બંદોબસ્ત પક્ષકારોએ માહારી રૂબરૂમાં કરેલો છે. અને સરવે પક્ષકારોના વ્યાજબી હકો તેથી જળવાશે એમ જણાય છે.

(સહી) આર. બારનવેલ (અંગ્રેજી)
પો. એ. કા.

પાલીતાણા રાજ્ય અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વચ્ચે થયેલ ઉપર મુજબ રખોપાના બીજા કરારની પહેલાંનાં કેટલાંક વર્ષ અને એ કરાર આશરે ચાર દાયકા સુધી એટલે કે સને ૧૮૬૦ની સાલ સુધી અમલમાં રહ્યો એ સમય દરમિયાન (આશરે એકાવન વર્ષ જેટલા લાંબા સમય દરમિયાન) પાલીતાણા રાજ્યની આર્થિક સ્થિતિ કેવી નબળી ગઈ થઈ હતી અને એને કારણે જૈન સંઘના આગેવાનો સાથે એને કેવી કેવી જાતની સમજૂતી કરવાની ફરજ પડી હતી, એની કેટલીક બહુ મહત્ત્વની વિગતો આ સ્થાને જ આપવી ઉચિત લેખાશે.

**હેમાભાઈ શેઠનું વર્ચસ્વ :** અંગ્રેજ સલ્તનતનો પગપેસારો કાઠિયાવાડમાં 'વોકર સેટલમેન્ટ'થી થયો હતો. આ સેટલમેન્ટ સને ૧૮૦૮માં થયું હતું. સેટલમેન્ટ થયું એ જ અરસામાં પાલીતાણાના રાજવી કાંધાજી તથા એમના પાટવીકુંવર નવઘણજી વચ્ચે ખટરાગ થવાને કારણે રાજ્યની આર્થિક સ્થિતિ બહુ જ કથળી ગઈ હતી અને રાજ્યનું સંચાલન કરી શકે એવી શક્તિ એમનામાં નહોતી રહી. આ પરિસ્થિતિમાં નગરશેઠ વખતચંદના પુત્ર હેમાભાઈએ રાજ્યના સંચાલનનાં સૂત્રો પોતાના હાથમાં લીધાં હતાં. અને છેક સને ૧૮૨૧ સુધી એમણે રાજ્યની લગામ પોતાને હાથ રાખી હતી[૧૪]

ઉપર સૂચવેલ સને ૧૮૨૧નો રખોપાનો બીજો કરાર થયો તે અરસામાં તો પાલીતાણા રાજ્યની સ્થિતિ એટલા મોટા પ્રમાણમાં કથળી ગઈ હતી કે જેથી આખું રાજ્ય વાર્ષિક રૂ. ૪૨૦૦૦)[૧૫] (અંકે રૂપિયા બેતાળીસ હજાર)ની રકમથી શેઠ હેમાભાઈ વખતચંદને ત્યાં ગિરો મૂકવાનો વખત આવ્યો હતો. શરૂઆતમાં આ ગિરોખત ૧૦ વર્ષ માટે કરવામાં

આપ્યું હતું; પણ આ દસ વર્ષની મુદત પૂરી થયા પછી બીજાં દસ વર્ષ માટે રાજ્યે ખત તાજું (રિન્યુ) કરી આપ્યું હતું.[૧૬]

સને ૧૮૪૩માં આ ગિરોખત પૂરું થતું હતું તે પહેલાંના કોઈ સમયે, દરબારશ્રી નવઘણજીએ કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. મેલેટ સમક્ષ આ ગિરોખત નાબૂદ કરવાની મૌખિક માગણી કર્યાનો નિર્દેશ દરબારશ્રી સુરસિંહજીની એક અરજીમાંથી મળે છે. આ અરજી તા. ૮-૧૦-૧૮૬૦ના રોજ દરબારશ્રી સુરસિંહજીએ તે વખતના કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટને કરી હતી. આ નિર્દેશ આ પ્રમાણે છે :

"જ્યારથી મિ. મેલેટ આ પ્રાંતના પોલિટિકલ એજન્ટ નિમાયા, અને આ તાલુકામાં રહેવા લાગ્યા, ત્યારથી મેં ઉપરોક્ત તકરારો તેમની સમક્ષ રજૂ કરવી એમ વિચાર્યું. પરંતુ, ગમે તેમ, હું તેમ કરવાથી દૂર રહ્યો, કારણ કે મને લાગ્યું કે, મારું આમ કરવું શેઠને નાખુશ કરશે. તેથી મેં તે સજ્જન સમક્ષ મૌખિક રજૂઆત કરી. તેને તેમણે લક્ષમાં લઈ ઇજારો રદ કર્યો અને આમ થતું રોકવા શેઠના અનેક પ્રયત્નો છતાં પરગણું મને સોંપી દીધું."[૧૭]

પ્રસ્તુત પત્રમાં સૂચવ્યા પ્રમાણે મિ. મેલેટે આ ઇજારો સને ૧૮૪૩ એટલે કે વિ૰ સંવત ૧૮૯૯માં રદ કર્યો હતો.[૧૮]

આ ઘટનામાં કંઈક નવાઈ ઉપજાવે એવી બાબત એ છે કે, મિ. મેલેટે આ ગિરોખત સને ૧૮૪૩માં રદ કર્યું હતું. અને તે વાતની જાણ એમણે મુંબઈ સરકારના ચીફ સેક્રેટરી જે. પી. વિલ્બોયને, એ વર્ષ કરતાં પણ વધુ સમય બાદ, છેક તા. ૩૦-૧-૧૮૪૬ના રોજ પત્ર લખીને કરી હતી.[૧૯]

## સને ૧૮૨૧ નો કરાર ક્યાં સુધી ચાલુ રહ્યો?

પેઢીના દફ્તરમાં આ કરાર અંગે ચૂકવવામાં આવેલ નાણાંની પહોંચો સચવાયેલી છે, તે જોતાં સને ૧૮૬૦ સુધી એટલે આશરે ૪૦ વર્ષ સુધી આ કરાર અમલમાં રહ્યો હતો.[૨૦]

આ પહોંચો ઉપરાંત પેઢીના દફ્તરમાં એક કાગળ સચવાયેલ છે, જે પેઢી તરફથી તે વખતના કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટને, તા. ૨૧ મે ૧૮૭૪ના રોજ, લખવામાં આવ્યો હતો, જેમાંના નીચેના શબ્દો ઉપરથી એમ જાણી શકાય છે કે, આ કરારનો અમલ સને ૧૮૬૩ સુધી થયો હતો. તે શબ્દો આ પ્રમાણે છે—

"સાહેબ, આપ એ સારી રીતે જાણો છો કે, બન્ને પક્ષકારોએ, આપસઆપસની

સમજૂતી દ્વારા, કાયમી સમાધાનની જે શરતો, કેપ્ટન બાર્નવેલની સમક્ષ, નક્કી કરી હતી, તે મુજબ શ્રાવકોએ, ડુંગર અને જાત્રાળુઓના રક્ષણ માટે અથવા રખોપા તરીકે, ઠાકોર સાહેબને, દર વર્ષે, રૂ. ૪૫૦૦) આપવાના હતા; અને ઠાકોર સાહેબે પોતે તથા એમના પૂર્વજોએ સને ૧૯૨૧ થી તે સને ૧૯૬૩ સુધી એ રકમનો સ્વીકાર પણ કર્યો હતો, અને આશરે ૪૦ વર્ષ કરતાં વધુ વખત સુધી એની પહોંચો તેઓ આપતા રહ્યા હતા."[૨૧]

## એક જાણવા જેવું લખાણ

પેઢીના દફતરમાં એક કરારના લખાણ જેવો કાગળ સચવાયેલો છે, તેની વિગતો જાણવી અહીં રસપ્રદ થઈ પડે એવી છે. વિ૦ સં૦ ૧૮૬૦ ના કારતક સુદ ૧૫ની તિથિવાળા (સને ૧૮૦૩ ની સાલના) આ કરારના મુસદ્દાની નકલ આ પ્રમાણે છે—

મોહોર
ગોહેલશ્રી
ઊનડજી

લખીતંગ ગોહેલ શ્રી ઊનડજી તથા કુવર શ્રી બાવાજી જોગ વખતચંદ ખુશાલચંદ તા. મહાજન સમસત જત શ્રી પાલીતાણાના ડુગરની ચોકીનુ અમને મુડકીએ કરી આપેલ તે પ્રમાણે આજ લગણ લેતા તેનું ઊધડ ઠરાવી વરસ એકના રૂ. ૪૦૦૧) અંકે ચાર હજાર એક કરી આ લેખ તમોને લખી આપીએ છીએ જે હવેથી અમારે તથા અમારા વંશપરંપરાને મુડકી બાબત અટકાઅત વીગરે કાંઈ પણ કરવુ નહી ને ડુગરની ત્થા સંઘાળુ જે આવે તેની ચોકી કરાવવી ને કોઈનુ જાઅ આવે તો અમારે આપવુ એ ડુગર ઉપર કે શંઘ ઉપર બીજી કશી કનડગત કરવી નહી ફક્ત ઊપર લખા પ્રમાંણે રૂપૈઆ લેવા તથા સંઘ જમાડે તે પાસેથી પકવાંન વીગેરે ખાધાનુ લેવુ તે શીવાય બીજુ કાંઈ પણ લેવુ નહી ડુગર બાબતના પરવાના બાદશાઈ શેઠ વખતચંદ ખુશાલચંદવાલા પાસે છે તે પ્રમાણે ડુગરના માલેક માહાજનને ચોકીના ઠરાવ પ્રમાંણે લેવા તેના માલેક અમે આ લખું અમારે તથા અમારા વંશમાં પાલીટાંણાની ગાદીએ બેસે તેણે પાલવુ ને અમારે ઉપર લખા પ્રમાણે ચાલવુ તેમાં કોઈ ફરે તો શ્રી રણછોડજી તથા શ્રી આદેશ્વર ભગવાન દરમીયાન આપા છે. સં ૧૮૬૦ના વરખે કારતગ સુદ ૧૫

અતર મતુ

૧ ગોહેલ શ્રી ઊનડજી તથા
કુવર ખાવાજી ઉપર લખા
પ્રમાણે સહી છે

અતર સાખ

૧ શ્રી જગદીશની સાખ
૧ કુવર જેસાભાઈની સાખ
૧ કુવર મોડાભાઈની સાખ
૧. કુવર અજાભાઈની સાખ
૧. કુવર વીસાભાઈની સાખ
૧. કુવર સબલાભાઈની સાખ
૧. કુવર અદાભાઈની સાખ
૧. બારોટ લાધાની સાખ
૧. બાવા કેસવગરની સાખ
૧. ગઢવી ભોજા ભુઠની સાખ
૧. લા. શા. કમા વીરચંદ

(દફતર નં૦ ૫, ફાઈલ નં. ૪૭.)

આ કરારે પાકા દસ્તાવેજનું રૂપ લીધું ન હતું એ સ્પષ્ટ છે, કારણ કે, એનો અમલ થયાની કોઈ પણ નોંધ કે માહિતી મળતી નથી. એટલે એક રીતે આ લખાણને પાકા દસ્તાવેજરૂપે લેખાવી શકાય નહીં. તેથી આ લખાણનો અર્થ, સામાન્ય રીતે, એટલો જ થઈ શકે કે, પાલીતાણા રાજ્ય અને જૈન કોમ વચ્ચે આવો કોઈ રખોપાનો કરાર કરવાની હિલચાલ તે અરસામાં (સને ૧૮૦૩માં) થઈ હતી. આ કરારના મુસદ્દામાં રખોપાની વાર્ષિક રકમ રૂ. ૪૦૦૧) સૂચવવામાં આવી હતી. આ પછી ૧૮ વર્ષે, સન ૧૮૨૧ની સાલમાં, કેપ્ટન બાર્નવેલની દરમિયાનગીરીથી, પાલીતાણા રાજ્ય તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વચ્ચે જે રખોપાનો કરાર થયો હતો, તેમાં રખોપાની કુલ રકમ વાર્ષિક રૂ.૪૫૦૦) નક્કી કરવામાં આવી હતી. એમાંથી પાલીતાણાના દરબારશ્રીને તો રૂ. ૪૦૦૦) જ મળવાના હતા. દરબારને આપવાની વાર્ષિક રૂ. ૪૦૦૦)ની રકમનો આંક નક્કી કરવામાં, સંભવ છે કે, અહીં જે અમલમાં નહીં મુકાયેલ કરારનું લખાણ ઉપર આપવામાં આવ્યું છે, એમાં સૂચવવામાં આવેલી વાર્ષિક રૂ. ૪૦૦૧) ની રકમના નિર્દેશે કંઈક ભાગ ભજવ્યો હોય. આ તો માત્ર અનુમાન જ છે, પણ બંને લખાણોમાં દરબારશ્રીને મળવાની રકમ રૂ. ૪૦૦૦/ની જ હોવાથી આવું અનુમાન કરવાનું મન થઈ આવે એ સ્વાભાવિક છે.

## આ કરાર કાયમી હોવાનો પેઢીનો ખ્યાલ

સને ૧૮૨૧માં, તે વખતના કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ આર. બાર્નવેલની

દરમિયાનગીરીથી, વાર્ષિક રૂ. ૪૫૦૦/ ની રકમનો, રખોપાનો બીજો કરાર પાલીતાણા રાજ્ય અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વચ્ચે થયો હતો, તેમાં 'તથા અવધ પુરી થઆ પછી કરાર પ્રમાણે રૂા. આગલ સાલ આપસો તાં સુધી ચાલુ પાલીસુ. કરાર પ્રમાણે.'–આ પ્રમાણે શબ્દો નોંધવામાં આવ્યા હતા. આ શબ્દોનો, સામાન્ય રીતે, એવો અર્થ થતો હતો કે, કરારની દસ વર્ષની મુદત પૂરી થયા પછી પણ, જ્યાં સુધી શેઠ આણંદજી કલ્યાણજી વાર્ષિક રૂ. ૪૫૦૦/ આપવાના ચાલુ રાખશે ત્યાં સુધી, પાલીતાણા દરબાર એનો સ્વીકાર કરશે અને કરારમાં સૂચવ્યા પ્રમાણે—'સંઘ અગર પરચુરણ લોક જાત્રાને આવસે તેની ચોકી પોરાની ખબરદારી અમે સારી પેઠે રાખીસુ ને જાત્રાળુ લોકને કશી વાતે ઓજા પોચવા દેસુ નહી. અગર કોઈ લોકનું નુકસાન ચોરીથી થાસે તો તેનું વલતર કરી આપીસું. આફત ફતુર આસમાની સુલતાની મુજરે આપીશું.'—એ શરતનું પાલન કરશે.

## રખોપાની રકમ લેવા સામે દરબારશ્રીનો વાંધો

સને ૧૮૨૧ના આ કરારની સામે, સૌથી પહેલાં, પાલીતાણા દરબારે, સને ૧૮૫૨ની સાલમાં, એક વિચિત્ર પ્રકારનો વાંધો ઉઠાવીને રખોપાના પોતાના હિસ્સાના રૂ. ૪૦૦૦/ લેવાનો ઇન્કાર કર્યો હતો. એમનો વાંધો એ હતો કે, આ રકમની ચૂકવણી 'કાયદેસરનાં નાણાં' (Proper currency)માં કરવામાં નથી આવી.[૨૨]

સને ૧૮૫૨ની સાલમાં દરબારે વાર્ષિક મુકરર રકમ લેવાની ના પાડી, તેથી આણંદજી કલ્યાણજીની પેઢીએ કાઠિયાવાડના પોલિટિકલ એજંટ કર્નલ ડબલ્યુ. લેંગને તે રકમ મોકલી. પોલિટિકલ એજંટે તે રકમ દરબારને આપવા જૈનોને કહ્યું અને દરબારને નીચે પ્રમાણે લખ્યું:

"મારા લખવાનો હેતુ એવો છે કે, અસલ દસ્તાવેજ વાંચતાં મને એમ જણાય છે કે, તેમાં જણાવેલું સમાધાન કેપ્ટન બાર્નવેલની મારફત અને તેની રૂબરૂ થયેલું, તેથી વાર્ષિક રકમ વર્ષે વર્ષે જ્યાં સુધી નિયમિત આપવામાં આવે ત્યાં સુધી કાયમને માટે ચાલુ રાખવું. તે કાગળમાં આ અને બીજી હકીકતો જણાય છે, એટલે કે હૂંડી શેઠના માણસને તમને દેખાડ કરવા સારુ પાછી આપવામાં આવી હતી, પણ તમારી જ ભૂલથી આ રકમ તમને જલદી આપવામાં આવી નહોતી, તેથી જ્યારે જાત્રાળુઓ આવે ત્યારે તમારે કોઈ પણ રીતે ડખલ અગર ત્રાસ કરવો નહિ. આને સખત સૂચના તરીકે ગણવી."[૨૩]

આ પછી પાલીતાણાના દરબારશ્રીએ, પોલિટિકલ એજન્ટ કર્નલ ડબલ્યુ. લેંગના આ લખાણને ધ્યાનમાં લઈને, બે વર્ષના રખોપાના રૂ. ૯૦૦૦ એકીસાથે, પેઢી પાસેથી, સ્વીકારી લીધા હતા, એમ એક પહોંચ ઉપરથી જાણી શકાય છે.[૨૪]

## કરારમાં છેતરપિંડી થયાનોઃ દરબારનો આક્ષેપ

આ કરારમાં છેતરપિંડીરૂપે ઉમેરો થયો હોવાના દરબારના આક્ષેપનો પહેલવહેલો ઉલ્લેખ પેઢી તરફથી, તા. ૨૮-૨-૧૮૫૯ના રોજ, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટને લખવામાં આવેલ યાદમાં મળે છે. આ યાદનું મૂળ ગુજરાતી લખાણ તો મળી શક્યું નથી, પણ એનો અંગ્રેજી અનુવાદ પેઢીની ફાઈલમાં સચવાયેલ છે. એમાં સૂચવવામાં આવ્યું છે કે—

"ઠાકોરનું એવું પણ કહેવું છે કે, કરારનામાના દસ્તાવેજને અમલીકરણ માટેનું અંતિમ રૂપ આપવામાં આવ્યા પછી છેતરામણ થાય એવો કંઈક ઉમેરો એમાં કરવામાં આવ્યો છે."[૨૫]

પેઢીના આ કાગળનો જવાબ આપતાં, તા.૮-૧૦-૧૮૬૦ ના રોજ, પાલીતાણાના ઠાકોરશ્રીએ કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટને જે પત્ર લખ્યો હતો, એમાં પણ એમણે લખ્યું હતું કે—

"એમણે (શેઠ વખતચંદ ખુશાલચંદે) મેજર બાર્નવેલને મૌખિક રીતે એમ કહ્યું હશે કે, ઇજારો ફક્ત દસ વર્ષ માટે ચાલુ રહેશે, તેનાથી વધારે નહીં. આમ કહીને તેમણે, પ્રશ્નમાંનો મુદ્દો ઉવેખીને કરારનામા પર તેમની મંજૂરી મેળવી લીધી હશે."[૨૬]

આ દસ્તાવેજમાં પાછળથી ઉમેરણરૂપે કરવામાં આવેલ ઘાલમેલના આરોપનું પુનરુચ્ચારણ પાલીતાણાના દરબારશ્રીએ, કાઠિયાવાડના એક્ટિંગ પોલિટિકલ એજન્ટ મેજર ડબલ્યુ. ડબલ્યુ. એન્ડરસનને, વિ૦ સં૦ ૧૯૧૯ના કારતક વદ ૧ (સને ૧૮૬૨) ના રોજ, લખેલ પત્રમાં[૨૭] તથા સને ૧૮૬૨ના ઓકટોબર માસમાં દરબારશ્રી સુરસિંહજીએ આ જ એક્ટિંગ પોલિટિકલ એજન્ટ પર લખેલ કાગળમાં પણ કર્યું હતું.[૨૮]

આ દસ્તાવેજમાં પાછળથી ઉમેરો કરવામાં આવ્યો હોવાનો પાલીતાણા દરબારશ્રીનો ઉપરોક્ત આક્ષેપ પાયા વગરનો હોવા સંબંધી રજૂઆત પેઢી તરફથી સીધેસીધી કરવામાં આવી હોય એવું કોઈ લખાણ પેઢીના દફતરમાંથી મળી શક્યું નથી. પણ પાલીતાણા રાજ્ય અને પેઢી વચ્ચેના રખોપા બાબતના ઝઘડા અંગે કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મેજર આર. એચ. કીટિંજે જે તપાસ હાથ ધરી હતી, એમાં સને ૧૮૬૩ના ઓગસ્ટ માસમાં જુબાનીરૂપે પેઢી તરફથી જે મૌખિક જવાબ રજૂ કરવામાં આવ્યો હતો, એમાં આ આક્ષેપ ખોટો હોવાનો નિર્દેશ કર્યો હશે એમ લાગે છે. આ દસ્તાવેજમાં કોઈ પણ જાતની છેતરપિંડી કે ઘાલમેલ થઈ નથી તેવી રજૂઆત, સૌથી પહેલાં, કાઠિયાવાડના એક્ટિંગ પોલિટિકલ એજન્ટ મેજર ડબલ્યુ. ડબલ્યુ. એન્ડરસને, તા-૧૫-૧-૧૮૬૩ના રોજ, મુંબઈ

સરકારના ચીફ સેક્રેટરી મિ. એચ. એલ. એન્ડરસન ઉપર મોકલેલ અહેવાલમાં જોવા મળે છે, જે આ પ્રમાણે છે—

"જે કલમ સામે એમણે વાંધો લીધો છે, તે આ પ્રમાણે છે: 'કે જો શ્રાવકો આ જ રીતે, વર્ષોવર્ષ, રકમની ચૂકવણી કરવાનું ચાલુ રાખશે તો, દરબાર (આ) કરારનું પાલન કરશે.' આ લખાણ ખુદ કરારની અંદર, બાકીના લખાણ સાથે મળતા આવે એવા જ અક્ષરોમાં, લખાયેલું છે; કેપ્ટન બાર્નવેલની સહી તેમ જ નોંધ એમના પોતાના જ હસ્તાક્ષરમાં છે; અને એમાં આવી છેતરપિંડી થઈ હોય એવું કોઈ ચિહ્ન એના ઉપર નથી."[૨૯]

આગળ ચાલતાં આ જ મુદ્દા અંગે તેઓએ લખ્યું હતું કે—

"હવે ઠાકોરશ્રી એવું પુરવાર કરવા શક્તિમાન નથી કે, તેમની પાસેના કરારપત્રમાં તેમના વડવાઓએ સહી કરી નથી કે કેપ્ટન બાર્નવેલની હાજરીમાં તે અસ્તિત્વમાં આવ્યો નથી; અને ગુજરાતી ન સમજનાર અધિકારીની તેમાં સહી કરાવી છેતરપિંડી કરવામાં આવી છે. કરારનામું યોગ્ય અધિકારીની સહી ધરાવે છે અને બંને પક્ષની હાજરીમાં તે સ્વીકારાયેલ છે. તેથી હું તેને અસલ હોવાનું કહી શકું છું. સત્ય તો એ છે કે, હાલના ઠાકોર સાહેબના પિતાશ્રી પ્રતાપસંગજીએ યાત્રાવેરાને ગીરો મૂકીને, તેના બદલામાં, સને ૧૮૪૦માં, અમુક રકમ લીધેલ છે, તે તેને પુરવાર કરવા માટે પૂરતું છે."[૩૦]

## એક મહત્ત્વની ઘટના

ઉપર સૂચવેલ ગીરોના બનાવની વિગત આ પ્રમાણે છે—

આ કરારની બાબતમાં એક વિશેષ જાણવા જેવી વાત એ પણ છે કે, મૂળ આ કરાર, વિ૦ સં૦ ૧૮૭૮ થી ૧૮૮૮ સુધીના સમયનો, દસ વર્ષ માટે, જૈન સંઘની વતી શેઠ આણંદજી કલ્યાણજી તથા પાલીતાણાના દરબાર ગાહેલે કાંધાજી તથા એમના પુત્ર નોંઘણજી વચ્ચે થયો હતો. આ દસ વર્ષની મુદત પૂરી થયા પછી, પાલીતાણા રાજ્ય તરફથી, આ બન્નેની સહીથી, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટને આ કરાર બીજાં દસ વર્ષ માટે ચાલુ રાખવાની અરજી કરવામાં આવી હતી. અને એ અરજી માન્ય પણ રખાઈ હતી.[૩૧] આ ગોઠવણ મુજબ આ કરાર વિ૦ સં૦ ૧૮૯૮ સુધી ચાલુ રહેતો હતો.

પણ વિ૦ સં૦ ૧૮૯૮માં આ કરાર પૂરો થાય તે પહેલાં, તે વખતના પાલીતાણાના દરબાર નોંઘણજી તથા કુંવર શ્રી પ્રતાપસિંહજીએ, અમદાવાદના શેઠ શ્રી હીમાભાઈ વખતચંદ તથા શા. હઠીસિંગ કરમચંદ પાસેથી, એક ટકાના વ્યાજના દરથી, રૂ. ૩૩૩૩૫) વ્યાજે લીધા હતા; અને એના વ્યાજના એક વર્ષના ચાર હજાર રૂપિયા થાય તે, એમના પાલીતાણાના રખોપાના ગણીને, શેઠ શ્રી હીમાભાઈ વખતચંદ તથા શા હઠીસિંગ કરમચંદને, એમનું દેવું પૂરું ન થાય ત્યાં સુધી, દર વરસે, આપવાનું લખાણ શેઠ આણંદજી કલ્યાણજીને કરી આપ્યું હતું.[૩૨]

આ લખત એમણે, વિ૦ સં૦ ૧૮૯૮માં બીજા દસ વર્ષનો કરાર પૂરો થાય તે અગાઉ, વિ૦ સં૦ ૧૮૯૭ના ભાદરવા સુદિ બીજના રોજ, કરી આપ્યું હતું. આ ઉપરથી જોઈ શકાય છે કે વિ૦ સં૦ ૧૮૯૮ પછી પણ પાલીતાણા દરબારને, દર વર્ષે, રખોપાના ચાર હજાર રૂપિયા આપવાની સમજૂતી ચાલુ રહી હતી. આ મૂળ લખત પેઢીના દસ્તાવેજોમાં સુરક્ષિત છે.

આ સમજૂતી આઠ વર્ષ સુધી ચાલુ રહી હતી. અને એનો ઉલ્લેખ શ્રાવક સંઘ વતી મહારાણી વિક્ટોરિયાને કરવામાં આવેલ એક અરજીમાં મળે છે.[33]

આ કરાર મુજબ શેઠ આણંદજી કલ્યાણજીએ, દર વર્ષે, પાલીતાણા દરબારને રૂ. ૪૦૦૦/, રાજગોરને રૂ. ૨૫૦/ અને ભાટોને રૂ. ૨૫૦/ મળી કુલ રૂ. ૪૫૦૦/ આપવાના થતા હતા. તેમાં દરબારને આપવાના ચાર હજાર પૂરતી જ આ ગોઠવણ હતી, એટલે રાજગોરને રૂ.૨૫૦/ અને ભાટોને રૂ. ૨૫૦/ શેઠ આણંદજી કલ્યાણજીએ, દર વરસે, ચૂકવવાના બાકી રહેતા હતા. આ ગોઠવણ થઈ તે પહેલાં પણ આ બંનેને અઢીસો-અઢીસો રૂપિયા, દર વર્ષે, પેઢી સીધા જ ચૂકવતી હતી, અને એની પહોંચ દરબાર તરફથી મળતી હતી.

## દસ હજારનો ત્રીજો રખોપા-કરાર

પોલિટિકલ એજન્ટ મેજર કીટિંજે, તા. ૧૫-૪-૧૮૬૩ના રોજ, જે અહેવાલ તૈયાર કર્યો હતો, તેમાં મેજર ડબલ્યુ. ડબલ્યુ. એન્ડરસનના, આ દસ્તાવેજ સાચો હોવા સંબંધી, અભિપ્રાયનો પોતે પણ સ્વીકાર કરે છે એમ જણાવ્યું છે. પણ વધારામાં એમણે એવી પણ ભલામણ કરી હતી કે, સરકારે આ લખાણના શબ્દાર્થને વળગી રહેવાની જરૂર નથી.[34]

પોલિટિકલ એજન્ટ મેજર આર. એચ. કીટિંજની આ ભલામણનો પડઘો એમણે પાલીતાણા રાજ્ય અને શ્રાવક કોમ વચ્ચેના રખોપાને લગતા (મુંડકાવેરાને લગતા) ઝઘડાના નિકાલ માટે, ફેંસલારૂપે, જે નવો કરાર, તા. ૫-૧૨-૧૮૬૩ના રોજ, સૂચવ્યો હતો, તેમાં રખોપાની રકમના સારા પ્રમાણમાં કરવામાં આવેલ વધારારૂપે પડેલો જોવા મળે છે. સને ૧૮૨૧ના કરાર મુજબ રખોપા નિમિત્તે વાર્ષિક રૂ. ૪૫૦૦/ આપવાના થતા હતા, તે વધારીને એમણે વાર્ષિક રૂ. ૧૦,૦૦૦/ કરી આપવાનો ફેંસલો આપ્યો હતો, જેનો અનુવાદ આ પ્રમાણે છે—

## મેજર કીટીંજનો ફેંસલો

રૂ. ૧૦,૦૦૦ નો ઠરાવ

**શ્રાવકકોમ તરફે, શેઠ ડાહ્યાભાઈ અનોપચંદ. શા. ઠાકરશી પુંજાશા.**

**વિરુદ્ધ**

**પાલીતાણાના ઠાકોર સાહેબ**

**દાવો**—શેત્રુંજય પહાડની જાત્રાએ જનારા જાત્રાળુઓ પાસેથી લેવાતા જાત્રાવેરા સંબંધી થયેલા કરારની રૂએ જાથુકનો ઠરાવ હોવા બાબત.

સરકાર તરફથી, નં૦ ૧૭૨૨ ના ચોથી જૂનના અને નં૦ ૧૯૦૨ના તા. ૧૩-૬-૧૮૬૩ના પત્રોમાં ફરમાવ્યા પ્રમાણે તકરાર કરનારા પક્ષકારો વચ્ચે, મારી શક્તિ પ્રમાણે, વ્યાજબી ગોઠવણ કરવાની તજવીજ કરું છું.

(૧) તકરારી બાબતનો પાછલો ઇતિહાસ તપાસવાની જરૂર જણાતી નથી. કારણ, ગઈ સાલ એના ઉપર બે વખત રિપોર્ટ થઈ ગયા છે: પહેલો રિપોર્ટ તા. ૧૫-૧-૧૮૬૩ના રોજ મેજર ડબલ્યુ. ડબલ્યુ. વોટસન સાહેબે કર્યો હતો; અને બીજો રિપોર્ટ તા. ૨૫-૪-૧૮૬૩ ને રોજ મેં કર્યો હતો.

આ બંને રિપોર્ટો સામેલ રાખવામાં આવ્યા છે.

(૨) મિ. એંડરસનના તા. ૧૩ મી જૂન, નં૦ ૧૯૦૨ ના પત્રમાં થયલી બે ભૂલો સુધારવી જોઈએ. આ બંને ભૂલ તરફ ધ્યાન ખેંચવામાં આવ્યું છે અને એ બાબત પક્ષકારોને પૂછીને તપાસ કરવામાં આવી છે—

(અ) આણંદજી કલ્યાણજી કોઈ એક અમુક વ્યક્તિનું નામ નથી, પરંતુ મંદિરોના ભંડારનો વહીવટ કરવા સારુ શ્રાવક કોમે નીમેલી એક સંસ્થા યાને પેઢીનું નામ છે.

(બ) સાતમા પેરેગ્રાફમાં પણ એક ભૂલ છે. પાલીતાણાના ઠાકોરને દિલ્લી દરબાર તરફથી કોઈ સનંદ મળેલી નથી. તેમ જ જાત્રાળુઓ પાસેથી લેવાતા વેરા સંબંધીનું કોઈ સત્તાવાર ધોરણ પણ, કમનસીબે, મળી આવતું નથી.

(૩) પાલીતાણાના ઠાકોર પોતાના પરગણામાં રાજકર્તા છે. અને, સામાન્ય સંજોગોમાં તો, જાત્રાળુઓના વેરાના સંબંધમાં તથા પોતાની રાજધાનીની પડોશમાં આવેલા શેત્રુંજય પહાડ ઉપર જાત્રાળુઓને દાખલ કરવા સંબંધના નિયમો પોતે ઘડી શકે. પરંતુ શ્રાવક કોમ, બે જુદાં જુદાં કારણોને લઈ ને, તેમના લાભમાં આપણી દરમ્યાનગીરી મેળવવાનો દાવો કરે છે. એક તો, બાદશાહના ઝવેરી શ્રાવક કોમના પ્રતિનિધિ શાંતિદાસને પાલીતાણા પરગણું તથા શેત્રુંજય પહાડ દિલ્હીની સલ્તનતે ઇનામ આપેલાં છે, તેની સનંદ ધરાવનાર તરીકે; અને બીજું, પોલિટિકલ એજંટ સમક્ષ, સને ૧૮૨૧ માં, ઠાકોરે પટો કરી આપેલો છે તે કાયમી પટો છે એ કારણથી.

(૪) ઇનામી સનંદ શાહજહાનના અમલના ત્રીસમા વરસની એટલે આશરે ઈ૦ સ૦ ૧૬૫૭ ની છે. આ સમયે દિલ્લીના તખ્તને કાઠીઆવાડમાં કેટલી સત્તા હતી તેમ જ આવી બક્ષિસ અમલમાં મુકાવવાની પણ તેને કેટલી સત્તા હતી, તેનું શોધન કરવું ઘણું રસપ્રદ થઈ પડે. પરંતુ આ બાબત ઉપર સત્તાવાર માહિતી મેળવવાની મારી બધી મહેનત નિષ્ફળ ગઈ છે. આમ છતાં હું એટલી નોંધ કરું છું કે, જે સમયે આ બક્ષિસ આપવામાં

આવી છે, તે સમય મોગલ સામ્રાજ્યના ઇતિહાસમાં સાવ અંધેરનો સમય હતો. એ વર્ષે જ શાહજહાનને તેના દીકરા ઔરંગઝેબે ગાદીએથી ઉઠાડી મૂકયો હતો.

(૫) વળી, સને ૧૬૫૭ થી સને ૧૮૦૮ નો ગાળો ઘણી ફેરફારીનો હતો. સને ૧૮૦૮ માં કર્નલ વોકરે જ્યારે પહેલી વખત કાઠીઆવાડમાં બ્રીટીશ અમલની લાગવગ વધારી ત્યારે ગોહેલ વંશનો રજપૂત પાલીતાણાનો ઠાકોર હતો અને હાલ જે મિલકત તેના કબજામાં છે, તે તે વખતે પણ હતી. તથા એ ઠાકોર ગાયકવાડ સરકારને ખંડણી આપતો હતો અને પહાડ પર આવેલાં મંદિરોની જાત્રાએ આવનારા જાત્રાળુઓ પાસેથી પૈસા લેતો હતો.

આ વખતે પાલીતાણાની મિલકત લગભગ નાશ થઈ ગયા જેવી હતી. ઠાકોરથી પોતાનો કારભાર ચલાવી શકાતો ન હતો. પોતાના દીકરા જોડે તેને દુશ્મનાવટ હતી. અને એ શ્રાવક કોમ પૈકીના એક શાહુકારને ત્યાં કરજમાં ડૂબી ગયેલો હતો.

આ શ્રાવક કોમ ભારે સંપીલી તથા ખૂબ શ્રીમંત હોવાથી, હાલની માફક, તે વખતે પણ ભારે લાગવગવાળી હતી અને ગુજરાતના લગભગ દરેક રાજા એના દેવાદાર હતા.

આપણા તરફથી આ કોમના લાભમાં વારંવાર દરમ્યાનગીરી થઈ છે. પણ એ દરમ્યાનગીરી વખતે, કોઈ દિવસ, એવું નહોતું કહેવામાં આવ્યું કે પાલીતાણાના ઠાકોરના હક દબાવીને શાહજહાને આપેલી બક્ષિસ પાછી જીવતી કરાવવાનો પ્રયત્ન કરવો.

(૬) તા. ૨૦ મી ડિસેમ્બર સને ૧૮૨૦ ના રોજ પોલિટિકલ એજંટ કપ્તાન બાર્નવેલે સરકારને જે કાગળ લખ્યો હતો, તેમાં એવી સૂચના કરેલી હતી કે આ વેરો છોડી દેવાથી પાલીતાણાના ઠાકોરને જે નુકસાન થાય તેનો બદલો આપવા સારુ ગાયકવાડ સરકારને ભલામણ કરવી કે, પોતે જે ખંડણી ઠાકોર પાસેથી લે છે, તેમાં એટલી નુકસાન જતી રકમપૂરતી માફી આપવી. એઓ સાહેબે ત્રણથી ચાર હજાર રૂપીઆનો અંદાજ કાઢ્યો હતો. વડોદરા રાજ્ય સાથે આ બાબત સંદેશા ચલાવ્યા હતા. પરંતુ ગાયકવાડ સરકારની ખંડણીમાં ઘટાડો કરવાની નામરજી માલૂમ પડવાથી આ વાત પડતી મૂકવામાં આવી હતી.

મને લાગે છે કે, આ સંજોગો ધ્યાનમાં લેતાં, દિલ્લીના તખ્તની જે સનંદને લઈને શ્રાવકો પાલીતાણાના ઠાકોર જે વેરો લે છે, તેમાંથી માફી માગે છે તે સનંદ ધ્યાનમાં લેવા યોગ્ય નથી.

(૭) સને ૧૮૨૧ માં કેપ્ટન બાર્નવેલ સમક્ષ થયેલા કરારને લઈને શ્રાવકો આપણી દરમ્યાનગીરી માગે છે, એ બીજો મુદ્દો હવે લઈએ.

ઉપર જણાવેલા નં. ૧૯૦૨, તા. ૧૩-૯-૧૮૯૩ ના સરકારના પત્રમાં એવું જણાવવામાં આવ્યું છે કે, સને ૧૮૨૧ વાળા કરારના અર્થ ઉપર આ સવાલના નિર્ણયનો આધાર રહેલો છે. આ કરારના બે તરજૂમા આ સાથે સામેલ રાખ્યા છે. એક તરજૂમો કાઠિયાવાડ પોલિટિકલ એજન્સીની કચેરીના ત્રણ અમલદારની કમીટીએ કરેલો છે. અને બીજો તરજૂમો શ્રાવકોએ રજૂ કર્યો છે, જેના ઉપર તરજૂમાનો ધંધો કરનાર મિ. ફ્લીનની સહી છે.

આ બંને તરજૂમા વચ્ચે કંઈ મહત્ત્વનો ફેરફાર દેખાતો નથી.

જાત્રાળુઓ પાસેથી લેવાતા કર બાબતનો આ કરાર ઠાકોરે શ્રાવક કોમને લખી આપેલો છે એવી એની ઇબારત છે. શરૂઆતમાં એમાં એવું સ્પષ્ટ લખવામાં આવેલું છે કે, આ કરાર દશ વરસની મુદત માટે છે. પણ આગળ ચાલતાં એ ખતમાં એવી કલમ દાખલ કરેલી છે કે જેની રૂએ શ્રાવકોનું કહેવું એવું છે કે, એનો અમલ કાયમને માટે થઈ શકે છે.

| કમીટીનો તરજૂમો* | મિ. ફ્લીનનો તરજૂમો |
| --- | --- |
| And after the expiry of the period as long as you shall pay the money in future, so long we will continue you in the enjoyment according to agreement. | And after the expiration of the time, as long as you shall pay the amount in future according to the agreement, we will act up according to the agreement. |

(૮) આખા દસ્તાવેજમાંથી આટલો ફકરો છૂટો પાડીને વાંચીએ તો એનો અર્થ સ્પષ્ટ દેખાય છે. પરંતુ એ વખતના ખત-દસ્તાવેજોમાં વપરાતી શબ્દરચનાથી માહિતગાર કોઈ પણ ઇસમને એમ લાગ્યા વિના રહેશે નહીં કે કાયમનો અર્થ અને હેતુ જણાવનારી શબ્દરચના અહીં દાખલ થયેલી જણાતી નથી.

બાકીના દસ્તાવેજની ઇબારતને ભેળી કરીને આ કલમ વાંચીએ ત્યારે એના મહત્ત્વમાં ઘણો ઘટાડો થાય છે. તેમ જ જે અમલદારે આ ગોઠવણ પોતે વચ્ચે પડીને કરી આપી તેનો હેતુ કાયમને માટેની ગોઠવણ કરવાનો હોય એમ અંગ્રેજી તુમાર ઉપરથી જણાતું નથી. આટલું છતાં સામાન્ય કાયદાની હકૂમતમાં આવેલા બે સરખી પાયરીવાળા ઇસમો વચ્ચે થયેલા કરારમાં આવી કલમ દાખલ થયેલી હોત તો, બેશક, હું એવો અર્થ કરતાં અચકાઉં નહીં કે એમાં લખ્યા મુજબ જ્યાં સુધી નિયમિત રીતે રકમ ભરાતી રહે, ત્યાં સુધી આ ખતનો અમલ થવો જોઈએ.

---

* અસલ ગુજરાતીમાં આ પ્રમાણે છે: "તથા અવધ પુરી થઆ પછી કરાર પ્રમાણે રૂ. આગળ સાલ આપસો ત્યાં સુધી ચાલુ પાલીસું કરાર પ્રમાણે."

પણ અહીંયા મામલો જુદો જ છે. મેં ઉપર જણાવ્યું તેમ, પાલીતાણાના ઠાકોર પોતાની ભૂમિમાં એક રાજકર્તા છે. આ કરારની શરતો સામે એના તરફથી મોટો પોકાર થાય છે. તેમ જ એની મિલકત ઉપર શ્રાવકો તરફથી ગેરવ્યાજબી દબાણ થયેલું છે એમ જણાવે છે; અને કહે છે કે, અંગ્રેજ સરકાર પ્રત્યે એમને માન છે. તેથી જ પોતાને વસૂલ કરવાનો આ વેરો શ્રાવકોને વસૂલ કરવા દે છે.

આપણે યાદ રાખવું જોઈએ કે, પાલીતાણા ખાતે કેટલાક ખાસ હકોનો અને માફીઓનો આ શ્રાવક કોમ દાવો કરે છે, તે પૈકીનો આ એક દાવો છે.

(૯) કેપ્ટન બાર્નવેલે સરકારને એવો રિપોર્ટ કીધેલો છે કે તેમણે દશ વરસ માટેની ગોઠવણ કીધી હતી અને તે વખતની સરકારે એ ગોઠવણ દશ વરસની સમજીને એને મંજૂરી આપી હતી.

દેશી રાજ્યો યાત્રાળુઓ ઉપર કર નાંખવાનો દાવો અગાઉથી કરતાં આવ્યાં છે. આ યાત્રાળુ-મુસાફરોનું રક્ષણ કરવાની જવાબદારી તેમની સંખ્યા પ્રમાણે વધે છે. અને જો એક વખત આ કર નાંખવાના હકનો સ્વીકાર કરવામાં આવે, તો પછી એ કરનું પ્રમાણ યાત્રાળુની સંખ્યા પ્રમાણે વધવું જોઈએ એમ કબૂલ કરવું એ વ્યાજબીજ ગણાય.

(૧૦) તા. ૨૬-૪-૧૮૬૩ ના મારા રિપોર્ટમાં જણાવ્યા મુજબ, હું તો સરકારની દરમ્યાનગીરી મુલતવી રાખીને ઠાકોરને આ બાબત ગોઠવણ કરી લેવા પરવાનગી આપત; અને જો ઠાકોર પોતાની સત્તાનો દુરુપયોગ કરતો માલૂમ પડત અથવા તેનામાં મુકાયેલા વિશ્વાસનો દુરુપયોગ કરત, તો તે વખતે વચ્ચે પડવાની શરત રાખત. પણ ત્યાર પછીના સરકારના હુકમો, જે મેં જણાવ્યા છે તે, એવું ફરમાવે છે કે પોલિટિકલ એજન્ટે વચ્ચે પડીને આ બાબતનો નિવેડો લાવવો, જેથી ઉપરના બંને પક્ષકારોને ઓગસ્ટ માસની શરૂઆતમાં મેં રાજકોટ મુકામે હાજર થવાનું કહેલું.

(૧૧) રોજકામની ટૂંકી હકીકત આ સાથે સામેલ છે. પક્ષકારો માંહોમાંહે સમજી જાય એવી દરેક કોશિશ કરી જોઈ, પણ તે નિષ્ફળ ગઈ.

(૧૨) તા. ૨૦-૧૨-૧૮૨૦ ના પત્રના ચોથા પેરાગ્રાફમાં કેપ્ટન બાર્નવેલે જણાવેલું છે કે, સને ૧૭૮૮ ની અગાઉ ઠાકોર તરફથી વ્યાજબી દર લેવામાં આવતો હતો. પણ ત્યાર પછી એમાં ઘણો વધારો થયો હતો.

આ દર કેટલો હતો તે શોધી કાઢવાની મેં તજવીજ કીધી છે. એવું નક્કી જણાયું છે મુખ્ય યાત્રાળુ વેરો "કર" તરીકે ઓળખાતો હતો. પણ મલણું, નજરાણું અને વળાવાની નાની રકમો વહીવટી રકમો જણાય છે. સને ૧૭૫૦ (૧૬૫૦)નો કરાર માત્ર મલણું સબંધીનો છે.

સને ૧૭૮૮ ની અગાઉ કરનો દર કેટલો હતો તે નક્કી કરવા સારુ શ્રાવકોને કહેવામાં આવતાં, એમણે કહ્યું હતું કે એ સમયના ચોપડા એમની પાસે ન હતા. પાલીતાણાના ઠાકોર તરફથી હિસાબના ચોપડા રજૂ થયા હતા.

(૧૩) આ ચોપડા નિયમિત રીતે રાખવામાં આવેલા નથી, એવું કહી શ્રાવકોના પ્રતિનિધિએ ઠાકોરના ચોપડા દાખલ થવા સામે વાંધો લીધો હતો. પણ દેશી ગૃહસ્થોની એક કમીટીને આ બાબત તપાસ સારુ મોકલી આપી હતી. તેણે એવો અભિપ્રાય આપ્યો છે કે આ ચોપડા પુરાવામાં નહીં દાખલ કરવા જેટલાં કારણો નથી.

જે ચોપડા તપાસ્યા છે તે સંવત ૧૮૩૧ થી ૧૮૫૦ અને ઇ. સ. ૧૭૭૪ થી ૧૭૯૩ સુધીના છે.

સંવત ૧૮૩૩ માં ૫૮૭ યાત્રાળુઓ પાસેથી લીધેલા કરનો વધારેમાં વધારે સરકારી દર રૂ. ૪–૯–૯ દાખલ કરેલો જણાય છે.

સંવત ૧૮૩૫ માં ૨૪૫૧ યાત્રાળુઓ પાસેથી લીધેલા કરનો ઓછામાં ઓછો સરાસરી દર રૂ. ૧–૧–૪ જણાય છે.

જે ચોપડા તપાસ્યા છે, તેમાં કુલ્લે ૨૪,૪૫૪ યાત્રાળુઓ સંબંધી નોંધ કરેલી છે. અને બધાની સરાસરી કાઢતાં કરનો દર રૂ. ૨–૬–૫ થાય છે.

જેમાંથી આંકડા તારવી કાઢ્યા છે, તેનું વિગતવાર પત્રક આ સાથે સામેલ છે.

સરેરાશ કેટલા યાત્રાળુ દર વરસે આવે છે તેનો અંદાજ મળતો નથી.

(૧૪) પક્ષકારો વચ્ચેનો ખાસ સંબંધ જોઈને તથા એક બાજુએ પાલીતાણાના ઠાકોરનો રાજદ્વારી દરજ્જો ધ્યાનમાં લઈને, તેમ જ બીજી બાજુએ એક મોટી અને લાગવગ ધરાવનારી કોમની ધાર્મિક લાગણી ધ્યાનમાં લઈને, હું નીચે મુજબનો ફેંસલો કરું છું—

(૧૫) જાત્રાળુ-વેરો શ્રાવક કોમ ઉઘરાવતી આવી છે તેમ ઉઘરાવવાનું ચાલુ રાખે, પણ ઠાકોરને જે રકમ આપવાની છે તેમાં દર દસ વરસે ફેરફાર થાય.

(૧૬) વરસની શરૂઆત જાનેવારીની પહેલી તારીખથી થાય.

સને ૧૮૬૪ ના જાનેવારીની પહેલી તારીખથી શ્રાવકકોમે આ "કર" અથવા જાત્રાળુ-વેરા બદલ, દર વરસે, રૂ. ૧૦,૦૦૦) (દશ હજાર) આપવા. આ રકમમાં મલણું, નજરાણું, વળાવા વગેરેનો સમાવેશ થઈ જાય છે. પાકો વિચાર કરીને આ રકમ મેં ઠેરવી છે. શ્રાવક કોમની તિજોરીની સ્થિતિ જોતાં તથા જાત્રાળુઓની સંખ્યા ધ્યાનમાં લેતાં, દર વરસે, આટલી વધારે રકમ ઠેરવવી મને વ્યાજબી લાગે છે.

(૧૭) બે વરસની મુદ્દત સુધી એટલે સને ૧૮૯૫ની ૩૧ મી ડિસેમ્બર સુધી આ ઠેરવેલી રકમ બંધનકર્તા ગણાશે; એમાં ફેરફાર થઈ શકશે નહીં.

(૧૮) ઉપલી તારીખ પછી હરકોઈ પક્ષકારને આમાં ફેરફાર કરવાની છૂટ છે. નીચે આપેલા નિયમો પ્રમાણે ગણતરી કરવામાં આવશે. અને તેનું જે પરિણામ આવે તે દશ વરસ સુધી, અથવા પક્ષકારો વધુ મુદ્દત માટે ઠેરવે તો ત્યાં સુધી, અમલમાં રહેશે.

(૧૯) ગણતરીથી કરેલો દર, દશ વરસ સુધી અમલમાં નહિ આવ્યો હોય તો, ત્યાં સુધીમાં, ફરી ગણતરી કરવાને માગણી કોઈ પણ પક્ષકારથી થઈ શકશે નહીં. અને જ્યાં સુધી શ્રાવકકોમ અથવા પાલીતાણાના ઠાકોર રીતસર માગણી નહીં કરે ત્યાં સુધી ફરીથી ગણતરી કરવામાં આવશે નહીં.

(૨૦) બંને પક્ષકારની અરસપરસની સમજૂતીથી કોઈ પણ દર, દશ વરસ કરતાં વધુ મુદ્દત માટે, અમલમાં આવ્યો હોય તોપણ, ફેંસલાની શરત પ્રમાણે, ભવિષ્યમાં ફરીથી ગણતરી કરવાની માગણીને બાધ આવશે નહીં.

(૨૧) દરમાં ફેરફાર કરવાની માગણી થાય ત્યારે ગણતરી કરવાનું કામ કાઠીઆવાડના પોલિટિકલ એજંટ તરફથી નિમાયલા માણસો અથવા કાઠીઆવાડમાં મુખ્ય સિવિલ સત્તા ધરાવનાર સરકારી અમલદાર તરફથી નિમાયલા માણસો કરશે.

(૨૨) જાત્રાએ આવનારા ઇસમોની ખરેખરી કુલ સંખ્યા ઉપરથી દર નક્કી થઈ શકશે. પણ ગણતરી દરમ્યાન યાત્રાળુઓની સંખ્યા વધારવાની મતલબથી કે ઘટાડવાની મતલબથી કોઈ પક્ષ તરફથી અપ્રામાણિક ઉપાયો યોજવામાં આવે તો, તેની સામે સાવચેતી તરીકે, ગણતરીની મુદ્દત બે વર્ષ સુધીની રાખવાની છૂટ મુખ્ય અધિકારીને રહેશે અને એ મુદ્દત દરમ્યાન મરજી પડે તે પ્રમાણે ચાલુ અથવા તૂટક તૂટક વખત ગણતરી કરાવી શકશે.

(૨૩) ગણતરીની મુદ્દત દરમ્યાન આગલા દાયકામાં ઠરેલી રકમ કાયમ રહેશે. અને નવી ગણતરી પૂરી થયા પછીના નવા વરસ સુધી પણ કાયમ રહેશે.

(૨૪) આ ગણતરીનો ખર્ચ જે પક્ષકાર ગણતરી કરાવવાની માગણી કરશે તેને શિર રહેશે.

(૨૫) "કર" યા યાત્રાળુવેરા તરીકે પ્રત્યેક યાત્રાળુ રૂ. બે આપે છે એમ માનીને ગણતરી કરી છેવટની રકમ નક્કી થશે.

(૨૬) આ ગણતરી વખતે કરની માફી નીચે મુજબ આપવામાં આવશે—

(અ) શેઠ શાંતિદાસના વંશજો.

(બ) તમામ પૂજારીઓ અને પહાડ ઉપરનાં મંદિરો ખાતેના કાયમના પગારદાર નોકરો.

(ક) પાલીતાણા ઠાકોર, તેના સગાંવહાલાં અને તેના પગારદાર નોકરો.

(ડ) પાલીતાણા કસ્બામાં એક વરસ સુધી ચાલુ વાસ કરીને રહેલા શખ્સો અને જેઓ હંમેશા પહાડ ઉપર જવાની ઇચ્છા રાખતા હોય તે. આ લોકો દર વખત બબે રૂ. આપે તેને બદલે આખા વરસના રૂા. પાંચ આપે એમ ગણવું.

(૨૭) પાલીતાણાના ઠાકોરની તેમ જ શ્રાવક કોમના પ્રતિનિધિઓની મારે માફી માગવી જોઈએ. કારણ, આ ફેંસલાનો નિર્ણય કરતાં મને ત્રણ મહિનાની લાંબી ઢીલ થઈ છે.

પણ હું કારણસર ધીમો રહ્યો છું. આ મામલાના સંબંધમાં જે જાતની કડવી લાગણી લાંબા વખત થયા ચાલી આવે છે, તેનો અંત આણવા ખાતર વ્યાજબી અને મધ્યમસરની યોજના ઘડવામાં મારે ઘણી ચિંતા વેઠવી પડી છે.[૩૫]

કાઠીઆવાડ પોલિટિકલ એજન્સી

મુકામ વઢવાણ. (સહી) **આર. એચ. કીટીંજ.**

તા, ૫-૧૨-૧૮૬૩. પોલીટીકલ એજંટ.

અહીં એ વાતની ખાસ નોંધ લેવી જોઈએ કે મેજર કીટિંજે પોતાના ફેંસલામાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના નામનો નહીં, પણ શેઠ ડાહ્યાભાઈ અનોપચંદ તથા શા. ઠાકરશી પુંજાસાના નામનો ઉલ્લેખ કરેલો છે. પણ આનો અર્થ, વાસ્તવિક રીતે, શેઠ આણંદજી કલ્યાણજી જ સમજવાનો રહે છે.

## રખોપાની રકમ રૂ. ૬૫૦૦/– તથા રૂ. ૭૫૦૦/– ની રાખવાનું સૂચન

કાઠિયાવાડના એકટિંગ પોલિટિકલ એજન્ટે, મુંબઈ સરકારના ચીફ સેક્રેટરી મિ. એચ. એલ. એન્ડરસનને, તા. ૧૫–૧–૧૮૬૩ ના રોજ, મોકલેલ અહેવાલના ૧૭ મા પેરેગ્રાફ ઉપરથી એમ જાણવા મળે છે કે, મેજર બારે પાલીતાણા રાજ્ય અને શ્રાવક કોમ એટલે કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વચ્ચે સમાધાન કરાવવાનો જે પ્રયાસ કર્યો હતો, તે ઉપરથી પાલીતાણા રાજ્યે રખોપાની વર્તમાન રકમ કરતાં ત્રણ ગણી રકમ એટલે કે રૂ. ૪૦૦૦)ના બદલે રૂ. ૧૨૦૦૦) લઈને કાયમી સમાધાન કરવાની તૈયારી બતાવી હતી, પણ શ્રાવકોના કારભારીએ એ માન્ય રાખી ન હતી. અને મેજર બાર સૂચવે તે મુજબ વધારે રકમ આપવાની તૈયારી દર્શાવી હતી. આ ઉપરથી મેજર બારે શ્રાવકો અને પાલીતાણા દરબાર વચ્ચે એવી જાતનું સમાધાન કરાવવા પ્રયાસ કર્યો હતો કે, પર્વત ઉપરના અમુક ભાગમાંના ઘાસનો ઉપયોગ કરવાની તેમ જ કપાવવાની અનુમતિ આપવામાં આવે તો વાર્ષિક રૂ. ૭૫૦૦/- અને જો આવી અનુમતિ શ્રાવક કોમને આપવામાં ન આવે

તો વાર્ષિક રૂ. ૬૫૦૦/- રખોપાની રકમ તરીકે નક્કી કરવા. અને આ કરારને, દર દસ વર્ષે, નવેસરથી કરવો. આ માટે દરબાર તો સંમત થયા હતા, પણ જૈનોએ એનો સ્વીકાર કરવાની તૈયારી બતાવી નહીં.[૩૬]

પરિણામે, આ સૂચન પ્રમાણે, કોઈ પાકો કરાર થયો નહીં, એટલે પછી એનો અમલ થવાનો તો પ્રશ્ન જ ઉપસ્થિત થતો ન હતો. તેથી છેવટે મેજર કીટિંજે આપેલ રખોપાની વાર્ષિક રૂ. ૧૦,૦૦૦) ની રકમનો ફેંસલો અસ્તિત્વમાં આવ્યો. આ ગોઠવણને બે પક્ષ વચ્ચે થયેલ કરારના બદલે ફેંસલો કહેવાનું કારણ એ છે કે, એમાં પક્ષકારોની સંમતિરૂપે સહીઓ લેવામાં આવી નહોતી, પણ કીટિંજે જ પોતાની સહીથી એ આપેલ હતો.

વસ્તુસ્થિતિ આવી હોવાથી, મેજર કીટિંજે આપેલ ફેંસલાની સામે અપીલ કરવાનો બંને પક્ષને અધિકાર, વગર કહ્યે જ, મળી જતો હતો. અને એમણે એનો ઉપયોગ પણ કર્યો હતો. આ ફેંસલાની સામે, સૌથી પહેલાં, શેઠ આણંદજી કલ્યાણજી તરફથી વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. આ વિરોધ, પેઢી તરફથી મુંબઈના ગવર્નર સર એચ. બી. ઈ. ફ્રેર (Sir H. B. E. Frere) સમક્ષ, બે અપીલરૂપે, કરવામાં આવ્યો હતો. પહેલી અપીલ તા. ૧૨-૧-૧૮૨૪ના રોજ, એટલે કે આ ફેંસલા પછી સવા મહિના બાદ જ, કરવામાં આવી હતી. અને બીજી અપીલ, ત્રણેક મહિના પછી, તા. ૧૫-૪-૬૪ ના રોજ, કરવામાં આવી હતી. આ અપીલમાં મુખ્ય માગણી, સને ૧૮૨૧માં, તે વખતના કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મેજર બાર્નવેલની દરમિયાનગીરીથી વાર્ષિક રૂ. ૪૫૦૦/-નો રખોપાનો કરાર દરબારશ્રી અને આણંદજી કલ્યાણજીની પેઢી વચ્ચે થયો હતો તેનો જ અમલ ચાલુ રાખવાની ભારપૂર્વક માગણી કરવામાં આવી હતી.[૩૭]

મુંબઈ સરકારને શેઠ આણંદજી કલ્યાણજી તરફથી કરવામાં આવેલી ઉપર્યુક્ત બન્ને અપીલોનો ફેંસલો મુંબઈ સરકાર તરફથી શું આપવામાં આવ્યો હતો, તેની માહિતી પેઢીના દફતરમાંથી મળી શકતી નથી, પણ મુંબઈ સરકારે કર્નલ કીટિંજના ફેંસલાને, તા. ૯-૨-૧૮૬૬ ના રોજ, મંજૂરી આપી તેથી એમ લાગે છે કે, મુંબઈ સરકારે પેઢીની આ અપીલમાંની માગણીને મંજૂર નહોતી રાખી. આને પરિણામે પેઢીને, કોઈક સમયે (આની ચોક્કસ તારીખ જાણી શકાઈ નથી), મહારાણી વિક્ટોરિયાને અપીલ કરવાની ફરજ પડી હતી. અને એમાં પણ સને ૧૮૨૧ ના રખોપાના કરારનો અમલ ચાલુ રાખવાની માગણીનું પુનરુચ્ચારણ કરવામાં આવ્યું હતું. આ અપીલનો ફેંસલો ક્યારે અને કેવો આવ્યો, તે પણ સ્પષ્ટપણે જાણી શકાયું નથી. તેમ છતાં, સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડિયાના તા. ૨૪-૬-૧૮૬૭ ના પત્રના બીજા પેરેગ્રાફ ઉપરથી કંઈક એવો ભાવ ધ્વનિત થતો જાણી શકાય છે કે, એમણે કર્નલ કીટિંજનો રૂ. ૧૦,૦૦૦) નો ફેંસલો માન્ય રાખ્યો

હતો. વધારામાં સેક્રેટરી ઑફ સ્ટેટ ફૉર ઇન્ડિયાએ, પોતાના આ પત્રમાં, આ ફેંસલાનો અમલ શા માટે નથી કરવામાં આવ્યો એવો પ્રશ્ન પૂછવાની સાથે સાથે, પોતાની મેળે જ, એનું સમાધાન એ મતલબનું કર્યું હતું કે, પોલિટિકલ એજન્ટે આવી અનિશ્ચિતતા એટલા માટે ચાલુ રાખવાનું ઉચિત માન્યું હશે કે, જેથી બંને પક્ષ વચ્ચે સંતોષકારક ગોઠવણ થઈ શકે. વધારામાં એમણે એમ પણ લખ્યું હતું કે, જો આમ થઈ શક્યું હોત તો એની સામે વાંધો લેવા જેવું કંઈ નથી. [૩૮]

મેજર કીટિંજના આ ફેંસલા સામે પેઢી તરફથી વાંધો ઉઠાવવામાં આવ્યા છતાં, એ ફેંસલામાં જણાવ્યા મુજબ, પહેલા વર્ષના રખોપાના રૂપિયા ૧૦,૦૦૦) પેઢી તરફથી દરબારશ્રીને સમયસર આપવામાં આવ્યા હોય અને તે પછીનાં ૪ વર્ષના રખોપાના રૂપિયા ૪૦,૦૦૦) પેઢી તરફથી રોકી રાખવામાં આવ્યા હોય એવી ઘટનાની કેટલીક વિગતોની નોંધ અહીં જ લેવા જેવી છે.

મુંબઈના શેઠ કેશવજી નાયક અને એમના પુત્ર શેઠ નરસી કેશવજીએ, સને ૧૮૬૨ ની સાલમાં, ગિરિરાજ ઉપર એક દેરાસર બંધાવવાની શરૂઆત કરી હતી. અને સને ૧૮૬૫ની સાલમાં, આ કાર્ય પૂરું થતાં, મોટા ઉત્સવ સાથે, પ્રતિમાઓની અંજનશલાકા તથા મંદિરની પ્રતિષ્ઠા કરાવવાનું નક્કી કર્યું હતું અને એ માટે મોટો સંઘ લઈને પાલીતાણા પહોંચવાની યોજના પણ એમણે કરી હતી. આ મહોત્સવ દરમિયાન યાત્રાળુઓને પૂરેપૂરું રક્ષણ મળી રહે, એમની કોઈ પણ જાતની કનડગત ન થાય અને તેઓ જે કંઈ ચીજ-વસ્તુઓ પોતાની સાથે લાવે તેના ઉપર જકાત લેવામાં ન આવે, આ બધી બાબતોને ધ્યાનમાં લઈને શેઠશ્રી કેશવજી નાયકે, પાલીતાણાના દરબારશ્રીને, એ માટે રૂ. ૧૬,૧૨૫) ઉચ્ચક આપવાનું નક્કી કરીને એ રકમ આપી પણ દીધી હતી. [૩૯]

પેઢીને આ વાતની જાણ થતાં, એમ લાગે છે કે, પેઢીએ એની સામે એ મતલબની રજૂઆત કરી હતી કે, મેજર કીટિંજે આપેલ ફેંસલાને મંજૂરી આપતો જે પત્ર મુંબઈ સરકારની વતી, તેના સેક્રેટરી સી. ગોને, તા. ૬–૨–૧૮૬૬ ના રોજ કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ પર લખ્યો હતો, તે પત્રમાંની નીચે મુજબ જોગવાઈનો ભંગ થાય છે—

"વળી, મને વિશેષમાં જણાવવાનું ફરમાન થયું છે કે, આપના ફેંસલાની રકમમાં ઠાકોરની શ્રાવકોની પાસેની બધી માગણીઓનો સમાવેશ થઈ જાય છે, જેથી કોઈ પણ બહાને ઠાકોર શ્રાવકો પાસેથી કોઈ પણ રકમ વસૂલ કરે તો તે બધી શ્રાવકોને વળતર મળવી જોઈએ તથા જે રકમ આપવાની કરી છે, તેના અવેજમાં શ્રાવક કોમને તેમના જાન-માલની સલામતી માટે યોગ્ય પોલીસ રક્ષણ મળવું જોઈએ." [૪૦]

આ જોગવાઈનો ભંગ થાય તો કીટિંજના ચુકાદાથી પોતાને મળેલા અધિકારનો ભંગ થાય, એમ સમજીને પેઢી તરફથી, રખોપાની રકમની પહેલા વર્ષની ચુકવણી તા. ૧-૧-૧૮૬૪ના રોજ કર્યા પછી, બીજા વર્ષથી એટલે તા. ૧-૧-૧૮૬૫થી રખોપાની રકમની ચુકવણી બંધ કરી દેવામાં આવી હતી અને એ રીતે દરબારશ્રીને ચાર વર્ષની ચુકવણીના રૂ. ૪૦,૦૦૦) પેઢી પાસેથી લેવાના ચડી ગયા હતા.

આ રકમની ચુકવણી અટકાવવાની પાછળ પેઢીની મુખ્ય માગણી એ હતી કે, શેઠશ્રી કેશવજી નાયકે, પ્રતિષ્ઠા મહોત્સવ વખતે, આપેલ રૂ. ૧૬,૧૨૫)ની રકમ (તથા બીજી પણ કેટલીક નાની નાની રકમો)[૪૧] રખોપાની રકમમાંથી પેઢીને મજરે મળવી જોઈએ.

આ રીતે દરબારશ્રીનું પેઢી પાસે રૂ. ૪૦,૦૦૦)નું લેણું ચડી જવાથી એમણે કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ સમક્ષ, સને ૧૮૬૮-૬૯ દરમિયાન કોઈક વખતે, દાવો દાખલ કરીને આ રકમ પોતાને અપાવવાની માગણી કરી હતી. આ દાવાનો ફેંસલો આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ કેપ્ટન એલ. રસેલે, તા. ૨૫-૯-૧૮૬૯ના રોજ, દરબારની તરફેણમાં આપીને પેઢીને રૂ. ૪૦,૦૦૦) દરબારશ્રીને ચૂકવી આપવાનો આદેશ કર્યો હતો.[૪૨]

કેપ્ટન રસેલના આ ફેંસલા સામે પેઢીએ કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ સમક્ષ અપીલ કરી હતી. પણ એમણે પણ, તા. ૧૦-૩-૧૮૭૦ના રોજ, ફેંસલો આપીને કેપ્ટન રસેલના ફેંસલાને જ માન્ય રાખ્યો હતો. આ પછી પેઢીએ આ માટે મુંબઈ સરકારને અપીલ કરી હતી. પણ મુંબઈ સરકારે પણ, તા. ૧૪-૭-૧૮૭૨ના રોજ, કેપ્ટન રસેલના ચુકાદાને જ બહાલ રાખ્યો હતો.[૪૩]

આ મુદ્દાને લઈને આટલી હદે પ્રયત્ન કરવાની પાછળ પેઢીનો એક જ આશય હતો કે, આ હક્કો સમગ્ર જૈન સંઘના હક્કો હતા, અને એની જાળવણી માટે, કાયદાની મર્યાદામાં રહીને, જે કંઈ પ્રયત્નો થઈ શકે એમ હોય, તેમાં લેશ પણ કચાશ રહેવા ન પામે તે જોવું જોઈએ—ભલે પછી એનું પરિણામ ગમે તે આવે.

મેજર કીટીંજે આપેલ રખોપા અંગેના ફેંસલાનો અમલ કેટલાં વર્ષ સુધી ચાલુ રહ્યો એનો ઉલ્લેખ એક દસ્તાવેજમાંથી આ પ્રમાણે મળે છે:

"શેત્રુંજા ડુંગર પર જે શ્રાવક જાત્રાલુ જાય છે, તેમની પાસેથી જે કર લેવામાં આવે છે, તેની બદલીમાં, મહેરબાન કીટીંગ સાહેબના ઠરાવ મુજબ, દર વરસે રૂ. ૧૦,૦૦૦) અંકે એક દશ હજારની ઉધડ રકમ શ્રાવકો તરફથી સને ૧૮૮૧ સુધી ઠાકોર સાહેબને આપવામાં આવી."

આ લખાણ કાઠિયાવાડના આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ મિ. જે. એમ. હન્ટરે, તા. ૨૪-૮-૧૮૮૩ના રોજ આપેલ એક ફેંસલામાંનું છે. આ ફેંસલો યાત્રાવેરા (મુંડકાવેરા)ની માફી માટે શાંતિદાસ શેઠના વંશજો કોને ગણવા તે બાબતમાં પાલીતાણા દરબારે શ્રાવકોની વિરુદ્ધ ઉઠાવેલ વાંધા સંબંધમાં આપવામાં આવ્યો હતો.[૪૪]

આ ફેંસલામાંના નીચેના શબ્દોમાંથી જ એવો અર્થ નીકળે છે કે, કર્નલ કીટિંજના ફેંસલામાંની એક કલમ, જેમાં દસ વર્ષને અંતે યાત્રાળુઓની ગણતરી કરીને યાત્રિક દીઠ રૂ. ૨/- (અને પાલીતાણાના જૈન વતની પાસેથી વાર્ષિક રૂ. ૫/-) લેવાની જોગવાઈ કરવામાં આવી હતી, તેનો લાભ લઈને પાલીતાણાના દરબારશ્રીએ, સને ૧૮૮૦ થી, વ્યક્તિદીઠ કર લેવાની હિલચાલ શરૂ કરી હતી. મજકૂર લખાણ આ પ્રમાણે છે :

"આ ગણતરીના વખતમાં, સને ૧૮૮૦ ની સાલમાં, એક હરીલાલ બાલાભાઈ નામનો શ્રાવક જાત્રાળુ ડુંગરે આવેલ. તેણે શાંતિદાસના કુટુંબનો છું એમ કહી લીલી ટીકટ માગી, પણ પાલીતાણાના ઠાકોર સાહેબ તરફથી એ બાબત વાંધો લેવામાં આવ્યો હતો."[૪૫]

ઉપર સને ૧૮૮૧ સુધી રખોપાની રકમ દરબારશ્રીને આપવામાં આવી હોવાનું અને તે પછીના લખાણમાં સને ૧૮૮૦ ની સાલમાં યાત્રિકોની ગણતરી થતી હોવાનું લખ્યું છે, એનો અર્થ એ છે કે, પાલીતાણા દરબારશ્રીનો વિચાર સને ૧૮૮૦ થી રખોપાના કર તરીકે, વાર્ષિક રૂ. ૧૦,૦૦૦) લેવાને બદલે, વ્યક્તિગત મુંડકાવેરો ઉઘરાવવાનો થયો હતો અને એને કારણે આ ગણતરી શરૂ થઈ હતી. અને એ ગણતરીનું કામ પૂરું કરીને છેવટનો આંક સને ૧૮૮૧ પહેલાં નક્કી નહોતો થઈ શક્યો, તેથી તેમણે ૧૮૮૧ ની સાલની રખોપાની રકમ પણ સ્વીકારી હતી એમ નીચેની માહિતી ઉપરથી લાગે છે :

"૧૮૭૯ માં દરબારે કર્નલ કીટીંજે રૂ. દસ હજારની રકમ નક્કી કરી હતી, તેમાં ફેરફાર કરવા માગણી કરી અને તેના ઠરાવ મુજબ ગણતરી માગી. દરબારની અરજ ઉપરથી, તે ગણતરી કેટલાક વખત સુધી ચાલ્યા બાદ "જાત્રાળુઓની સંખ્યા દબાવવામાં આવે છે" એવું દરબાર તરફથી કહેવામાં આવ્યાથી તે ગણતરીને વધારે વખત સુધી જારી રાખવા હુકમ થયો.

"૧૮૮૧ માં એજન્સીએ રખોપું જાત્રાળુ પાસેથી સીધું લેવાની રીત શરૂ કરી તેના પરિણામે જાત્રાળુને બહુ ત્રાસ થયો અને તેથી દરબાર અને જૈનો વચ્ચે તકરાર થઈ"[૪૬]

આ રીતે દરબારશ્રીએ, રખોપાની ઊચક રકમને બદલે, મુંડકાવેરો લેવાની મેજર કીટીંજના ફેંસલામાંની કલમનો અમલ કરવાનું પગલું ભર્યું તેથી, સ્વાભાવિક રીતે જ,

જૈન સંઘની કનડગત વધી ગઈ અને એની સામે રોષની લાગણી પણ જન્મવા પામી. આ ગણતરી દરમ્યાન યાત્રિકોના બે વિભાગ પાડવામાં આવ્યા હતા :

(૧) ચાલુ જાત્રાળુઓ, જેમાં પાલીતાણાના જૈનોનો પણ સમાવેશ થતો હતો. અને (૨) શેઠ શાંતિદાસના વંશજો.

આ બે વિભાગો જુદા તારવી શકાય એટલા માટે ચાલુ યાત્રિકોને સફેદ પાસ અને શેઠ શાંતિદાસના વંશજોને લીલો પાસ આપવાની ગોઠવણ દરબારશ્રી તરફથી કરવામાં આવી હતી. આ બાબત કેવી વિવાદાસ્પદ બની હતી અને મમતે ચડી ગઈ હતી, તે એક જ દાખલાથી પણ જાણી શકાય છે. શેઠશ્રી પ્રેમાભાઈ હીમાભાઈ તે વખતના જૈન સંઘના અગ્રણી હતા, અમદાવાદના નગરશેઠ હતા અને, આ અરસામાં ઘડાયેલ પેઢીના બંધારણ મુજબ, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના, શેઠશ્રી શાંતિદાસ ઝવેરીના વંશજ તરીકે, પ્રમુખ પણ બન્યા હતા. ઉપરાંત શેઠશ્રી શાંતિદાસના વારસ તરીકેનો એમનો રાજા અને પ્રજામાં ઘણો મોભો હતો. આ બધું જગજાહેર હોવા છતાં, યાત્રિકોની ગણતરી દરમિયાન, પાલીતાણા રાજ્ય તરફથી એમને શરૂઆતમાં શેઠશ્રી શાંતિદાસના વંશજ તરીકે લીલી ટિકિટ આપવામાં આવ્યા પછી, તેઓ એમના વંશજ છે કે કેમ એ બાબતમાં શંકા ઉઠાવીને એમને સફેદ ટિકિટ આપવામાં આવી હતી. આવો વિચિત્ર બનાવ અંગ્રેજી હકૂમતની પાસે રજૂ ન થાય એ બનવા જોગ ન હતું. પરિણામે બ્રિટિશ સરકારને પાલીતાણા દરબારને એ જણાવવાની ફરજ પડી હતી કે, તેઓ નગરશેઠ શાંતિદાસના કાયદેસરના વંશજ છે.[૪૭]

આ રીતે દરબારશ્રીએ, રખોપાની ઊચક રકમ લેવાનું બંધ કરીને, મુંડકાવેરો લેવાનું શરૂ કર્યું, એના લીધે યાત્રિકોની કનડગત અને અશાંતિ ખૂબ વધી જવા પામ્યાં હશે એમાં કોઈ શક નથી. એટલે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અને જૈન સંઘના અગ્રણીઓ સતત એ વાતની ચિંતા સેવતા રહેતા હતા તેમ જ એ માટે પૂરેપૂરો પ્રયત્ન પણ કરતા રહેતા હતા કે, જેથી આ તીર્થની યાત્રાએ ઘણી મોટી સંખ્યામાં આવતા યાત્રિકોને હમેશાં વેઠવી પડતી આ મુસીબતનો, માનભરી અને યોગ્ય રીતે, જલદી અંત આવે. અને આમ ત્યારે જ બની શકે કે, જ્યારે આ સવાલનો વહેલાંમાં વહેલો ઉકેલ લાવવામાં આવે. પણ મળતી માહિતી ઉપરથી લાગે છે કે, આ ઉકેલ શોધતાં શોધતાં પાંચેક વર્ષ જેટલો લાંબો સમય તો વીતી જ ગયો હતો!

જ્યારે દરબારશ્રી રખોપાની ઊચક રકમ લેવાને બદલે મુંડકાવેરો લેવાનું પગલું અમલમાં મૂકે, ત્યારે એમાંથી કોને માફી આપવી એ સંબંધી મેજર કીટિંજે પોતાના ફેંસલાની છવીસમી કલમમાં વિગતે સ્પષ્ટતા કરી હતી. એ કલમની પેટા કલમ (અ) મુજબ શેઠ શાંતિદાસના વંશજોને માફી આપવામાં આવી હતી.

હવે જ્યારે મુંડકાવેરો લેવાનો પાલીતાણા રાજ્યે નિર્ણય કર્યો ત્યારે, શેઠ શાંતિદાસના વંશજો કોને કોને ગણવા એ સંબંધી પ્રશ્ન ઊભો થાય એ સ્વાભાવિક હતું. આના નિકાલ માટે કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. એલ. સી. બાર્ટનની, તા. ૨૩–૩–૧૮૮૨ની, સૂચના મુજબ, કાઠિયાવાડના એક્ટિંગ ફર્સ્ટ આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ તરફથી 'કાઠિયાવાડ પોલિટિકલ એજન્સી ગેઝેટ'ના તા. ૬–૪–૧૮૮૨ ના અંકમાં નીચે મુજબ જાહેરાત પ્રગટ કરવામાં આવી હતી—

"આ જાહેરખબર ઉપરથી સર્વેને ખબર આપવામાં આવે છે કે, શેત્રુજા ડુંગર ઉપર જનારા શ્રાવક જાત્રાલુ પાસેથી સ્વસ્થાન પાલીતાણા તરફથી જે કર લેવામાં આવે છે, તે કર શેઠ શાંતિદાસના વંશજો પાસેથી નહીં લેવા સરકારનો ઠરાવ છે, માટે જેઓ મજકુર શેઠ શાંતીદાસના વંશજો થવાનો દાવો રાખતા હોય તેમણે આજથી ત્રણ માસની અંદર વંશાવળીની ખરી નકલ સાથે અમારી હજુરમાં પોતાની હકીકત લખીતવાર જાહેર કરવી. મુદત વીતે કોઈનો દાવો સાંભલવામાં આવશે નહીં.

"તારીખ ૨૭ મી માહે માર્ચ સને ૧૮૮૨, મુ. કુડા.

એચ. એલ. નટ, મેજર,<br>
આકટીંગ ફર્સ્ટ આશીસ્ટંટ પોલીટીકલ એજન્ટ<br>
પ્રાંત ગોહેલવાડ."

આ જાહેરનામું મેજર કીટીંજે આપેલ ફેંસલામાંની જોગવાઈ મુજબ જ આપવામાં આવ્યું હતું; ઉપરાંત એને, સને ૧૮૨૧ માં, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. આર. બાર્નવેલની દરમિયાનગીરીથી કરવામાં આવેલ રખોપાના કરારમાંના 'બીજું શેઠ શાંતીદાસનું વંશવાલાની બે તરફથી જાત્રાની માફી સદામત થાએ છે તે તમારે પણ કરવી,' એ શબ્દોનું પણ પીઠબળ હતું.

સને ૧૮૨૧ ના કરારમાં તથા સને ૧૮૬૩ ના ફેંસલામાં શેઠ શાંતિદાસના વંશજોને મુંડકાવેરામાંથી માફી આપવાની કરવામાં આવેલ જોગવાઈ પ્રમાણે પોલિટિકલ એજન્ટને અરજી કરીને આ માફી કોને લાગુ પડે એનો નિર્ણય કરાવી લેવામાં આવ્યો હતો. પણ શત્રુંજયની યાત્રાએ જનારા યાત્રિકોની વિશાળ સંખ્યાની સરખામણીમાં તો, શેઠ શાંતીદાસના વારસ તરીકે કરમુક્તિનો હક્ક મેળવનાર વ્યક્તિઓની સંખ્યા ઘણી જ નાની હતી. એટલે યાત્રાવેરા કે મુંડકાવેરાને લીધે યાત્રિકોને વેઠવી પડતી કનડગત તો ચાલુ જ હતી. અને એ કનડગત વહેલાંમાં વહેલી તકે કેવી રીતે દૂર થાય એની ચિંતા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના તે વખતના પ્રમુખ નગરશેઠ પ્રેમાભાઈ હીમાભાઈ વગેરે અગ્રણીઓને સતત સતાવ્યા જ કરતી હતી. અને એ માટે એમણે પોતાનો પ્રયત્ન, યાત્રા-

વેરામાંથી મુક્તિ મેળવનાર શેઠશ્રી શાંતિદાસના વંશજોની યાદી તૈયાર કરવાની હિલચાલ શરૂ થઈ તે પહેલાંથી જ, હાથ ધર્યો હતો. આ માટે તા. ૫–૯–૧૮૮૧ ના રોજ પેઢીના પ્રમુખશ્રી તથા અન્ય વહીવટદાર પ્રતિનિધિઓની સહીથી, મુંબઈના તે વખતના ગવર્નર સર જેમ્સ ફર્ગ્યુસનને એક વિસ્તૃત અરજી કરવામાં આવી હતી. એ અરજીમાં મુંડકાવેરો સને ૧૮૮૧ ની સાલથી ઉઘરાવવાનું પાલીતાણા રાજ્યે શરૂ કર્યું હોવા છતાં એના એ માટેના નિયમોની જાણ, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને, છેક સાત-આઠ મહિના બાદ, તા. ૧૮–૮–૧૮૮૧ ના રોજ જ, કરવામાં આવી હતી, એવી ફરિયાદ કરીને પેઢીએ, છેવટે મુંડકાવેરાની પ્રથાથી વેઠવી પડતી હાલાંકીમાંથી યાત્રિકોને ઉગારી લેવા માટે, નીચે મુજબ ચારમાંથી ગમે તે એક માગણીનો અમલ કરવાની વિનંતી કરી હતી—

(૧) દરબારને મુંડકાવેરો લેતાં અટકાવવા.

(૨) ગિરિરાજ ઉપર પહોંચવા માટે પાલીતાણા રાજ્યની સરહદમાંથી પસાર ન થતો હોય અને બ્રિટિશ હકૂમતમાંથી પસાર થતો હોય એવો, નવો રસ્તો તૈયાર કરવો.

(૩) શ્રાવક યાત્રાળુઓને કારણે પાલીતાણાના ઠાકોર સાહેબને વધારાનું જે કંઈ પોલીસખર્ચ થાય તે શ્રાવકો તરફથી આપવામાં આવે એવી જોગવાઈ કરવી અથવા તો પોલીસ અંગેના ખર્ચને ધ્યાનમાં લઈને અંગ્રેજ સરકાર જે રકમ નક્કી કરે તે શ્રાવક કોમ તરફથી પાલીતાણા દરબારને આપવામાં આવે અને આ રકમમાં ફેરફાર કરવામાં ન આવે એવી જોગવાઈ કરવામાં આવે.

(૪) અથવા કેપ્ટન બાર્નવેલે જે કરાર કરાવી આપ્યા હતા, એને વળગી રહેવું. શ્રાવક કોમે એ કરારનો ક્યારેય ભંગ કર્યો નથી.[૪૮]

આ ઉપરાંત આ અરજીના ૮ મા ફકરામાં નીચે મુજબ બે બાબતોનો અંતિમ નિર્ણય કરવાની પણ માગણી કરવામાં આવી હતી—

(૧) પાલીતાણાની યાત્રાએ જતા શ્રાવક યાત્રિકો પાસેથી પાલીતાણા દરબારને કર ઉઘરાવવાની વધુ વખત માટે છૂટ આપવી કે કેમ તે નક્કી કરવું. અને

(૨) જો એવી છૂટ આપવામાં આવે તો એની પદ્ધતિ અને મર્યાદા નક્કી કરવી.[૪૯]

આ અરજીમાં મુંડકાવેરાની ઉઘરાણીને કારણે યાત્રિકોને વેઠવી પડતી મુશ્કેલીઓની રજૂઆત કરવાની સાથે સાથે યાત્રિકોની ગણતરી દરમિયાન શ્રાવક કોમ તરફથી ઘાલમેલ થતી હોવાના દરબારશ્રીના આક્ષેપની પણ રજૂઆત કરીને તેનો રદિયો આપવાનો

પ્રયત્ન કરવામાં આવ્યો હતો.[૫૦] એકંદર આ અરજીનો સૂર અથવા ઉદ્દેશ મુંડકાવેરાની પ્રથાને બંધ કરાવીને, એના સ્થાને રખોપાની વાર્ષિક ઊચક રકમ નક્કી કરાવવાનો જ હતો. આમ છતાં એ વાત મુંબઈ સરકારે તાત્કાલિક ધ્યાનમાં લીધી હોય એવું જાણવાનું કોઈ સાધન ઉપલબ્ધ થયું નથી. ઉપરાંત મુંબઈ સરકારે આ અરજીનો જવાબ પેઢીને શું આપ્યો તેની માહિતી પણ પેઢીના દફતરમાંથી મળી શકતી નથી.

એમ લાગે છે કે, નગરશેઠશ્રી પ્રેમાભાઈ હીમાભાઈ તથા અન્ય વહીવટદાર ટ્રસ્ટીઓની અવિરત ચિંતા અને મહેનત છતાં, આ મુંડકાવેરો ચાર વર્ષ સુધી તો ચાલુ રહ્યો જ હતો અને એના લીધે યાત્રિકોને પુષ્કળ હાલાંકી વેઠવી પડી હતી. આ હાલાંકી કેટલી ઉગ્ર હશે અને એને દૂર કરવાની પેઢીના મોવડીઓની મથામણ કેટલી વ્યાપક હશે, તે એ હકીકત ઉપરથી પણ જાણી શકાય છે કે, મુંબઈના ગવર્નરને તા. ૫-૯-૧૮૮૧ના રોજ કરવામાં આવેલ અરજીમાં, પાલીતાણા રાજ્યની હકૂમતમાંથી પસાર થવાને બદલે અંગ્રેજ સરકારની હકૂમતમાંથી પસાર થતો હોય એવા કોઈક માર્ગેથી જ ગિરિરાજ શત્રુંજય ઉપર પહોંચી શકાય એવો નવો માર્ગ તૈયાર કરવાની માગણી પણ કરવામાં આવી હતી.

## વાર્ષિક રૂા. પંદર હજારનો ચોથો રખોપા-કરાર

આ પછી આ મુંડકાવેરાનું નિવારણ કરીને રખોપાની ચોક્કસ રકમ આપવાનું નક્કી કરવા અંગે, પેઢી તરફથી અથવા જૈન સંઘ તરફથી, બીજા કેવા કેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા, તેની માહિતી મળી શકતી નથી. છતાં એટલું ચોક્કસ લાગે છે કે, જેમ એક બાજુ પાલીતાણા રાજ્યે બહારના યાત્રિકો પાસેથી, યાત્રિક દીઠ રૂ. ૨/- મુજબ અને પાલીતાણાના જૈન વતની પાસેથી વાર્ષિક રૂ. ૫/- મુજબ, મુંડકાવેરો ઉઘરાવવાનું ચાલુ રાખ્યું હતું, તેમ બીજી બાજુ આ મુંડકાવેરાનો વહેલામાં વહેલો અંત આવે અને કેપ્ટન બાર્નવેલ તથા કેપ્ટન કીટીંજની દરમિયાનગીરીથી થયેલ રખોપાના કરાર મુજબ, ફરી પાછી રખોપાની અમુક બાંધી રકમ પાલીતાણા રાજ્યને આપવાનો નવો કરાર અસ્તિત્વમાં આવે, એ માટે પેઢીના મોવડીઓના પ્રયાસો અવિરતપણે ચાલુ જ હતા. આ પ્રયાસો નિષ્ફળ ગયા હતા, એમ તો ન કહેવાય, પણ એને સફળ થતાં થતાં ચારેક વર્ષ જેટલો લાંબો સમય લાગી ગયો હતો, એ હકીકત, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ જે. ડબલ્યુ. વોટસનની દરમિયાનગીરીથી, તા. ૮-૩-૧૮૮૬ના રોજ વાર્ષિક રૂ. ૧૫,૦૦૦]ની ઊચક રકમનો, ચાલીસ વર્ષની મુદતનો, રખોપાનો ચોથો કરાર પાલીતાણા દરબાર ગોહેલશ્રી માનસિંહજી અને જૈન કોમ વચ્ચે થયો એ ઉપરથી જાણી શકાય છે. આ કરાર નીચે મુજબ છે—

## ૧૮૮૬ નો કરાર

૧૮૮૬ ના આ કરારથી વાર્ષિક રકમ ૧૫૦૦૦) ની ઠરાવવામાં આવી અને એવું કબૂલ કરવામાં આવ્યું કે કોઈ પણ જાતની વધારે રકમ નહિ લેવામાં આવે. તે કરાર નીચે મુજબ છે—

૧. રૂા. ૧૫,૦૦૦) (પંદર હજાર) ની નક્કી કરેલી રકમ દર વરસે પાલીતાણાના ઠાકોર સાહેબ લેવાને કબૂલ કરે છે, અને જૈન કોમ આપવાને કબૂલ કરે છે. પાલીતાણાના ઠાકોરને દર વરસે ભરવાની આ રકમના અવેજમાં પાલીતાણા દરબાર કબૂલ કરે છે કે જાત્રાળુના કર તરીકે જૈન કોમ પાસેથી બીજી કોઈ પણ વધારાની રકમ તે માગશે નહીં. દર વરસના એપ્રીલની પહેલી તારિખે આ રૂા. ૧૫,૦૦૦) (પંદર હજાર) ની રકમ ભરવાની છે. એમાં પોલીસ રક્ષણ, મલણું વગેરેનો સમાવેશ થઈ જાય છે.

૨. સને ૧૮૮૬ ના એપ્રીલની પહેલી તારીખથી ૪૦ (ચાલીસ) વરસની મુદત સુધી આ ગોઠવણ ચાલુ રહેશે એમ ઠાકોર સાહેબ કબૂલ કરે છે અને જૈન કોમ સંમતિ આપે છે.

૩. ચાલીસ વરસની મુદત પૂરી થયે, આ કરારના પહેલા પેરાગ્રાફમાં ઠેરવેલી વાર્ષિક રકમમાં ફેરફાર કરાવવાને બંને પક્ષકાર પૈકી હરકોઈ પક્ષકારને છૂટ રહેશે. બંને તકરાર કરનારા પક્ષકારોની પોતપોતાની ગોઠવણોની તપાસ કરીને આ રકમમાં ફેરફાર મંજૂર કરવો કે નહીં કરવો તેની સત્તા અંગ્રેજ સરકારના હાથમાં રાખવામાં આવી છે.

આ ઉપરનો મજકૂર પાલીતાણાના ઠાકોર સાહેબને તેમ જ શ્રાવકોના અગ્રેસરોને મેં જાતે સમજાવ્યો છે અને આ કરારને મંજૂર રાખ્યાની નિશાનીમાં બંને પક્ષકારોએ આની નીચે પોતાની સહીઓ કરી છે.

**અગ્રેસર શ્રાવકોની સહી**

(સહી) પ્રેમાભાઈ હીમાભાઈ સહી.
(„) જેએસીંઘભાઈ હઠીસીંગ.
(„) ઉમાભાઈ હઠીસીંગ.
(„) Mansookhbhai Bhagoobhai
(„) પરશોતમદાસ પુંજાશા.
(„) બદ્રીદાસ (બંગાલી ભાષામાં.)
(„) Balabhai Mancharam
(„) Talakchand Manekchand
(„) Dalpatbhai Bhagoobhai
(„) ચુનીલાલ કેસરીસીંઘ.

**દરબારની સહી**

(સહી) ગોહેલ શ્રી માનસંઘજી
ઠાકોર સાહેબે મારી રૂબરૂ
સહી કરી છે.
(સહી) જોન ડબલ્યુ. વોટસન,
પો. એજંટ, કાઠીઆવાડ.
પાલીતાણા, તા. ૮મી માર્ચ ૧૮૮૬.

પ્રેમાભાઈ હેમાભાઈ, ઉમાભાઈ હઠીસીંઘ અને ચુનીલાલ કેસરીસીંઘે અમદાવાદના ડેપ્યુટી કલેકટર રૂબરૂ સહી કરી છે અને બાકીનાએ મારી રૂબરૂ સહી કરી છે.

(સહી) જોન વૉટસન,
પો. એ.
કાઠીઆવાડ.

ગવર્નમેંટ રેઝોલ્યુશન નંબર ૨૦૧૬ તા. ૮ મી એપ્રીલ સને ૧૮૮૬, પોલીટીકલ ડીપાર્ટમેન્ટથી મુંબઈના નામદાર ગવર્નર ઇન કાઉન્સીલે આ કરારને મંજૂરી આપી છે. [૫૧]

(સહી) જોન. ડબલ્યુ. વૉટસન,

મુકામ ગોપનાથ,
તા. ૧૩-૪-૧૮૮૬.

પોલીટીકલ એજન્ટ.
કાઠીઆવાડ.

આ કરારનો ત્રીજો પેરેગ્રાફ નીચે મુજબ છે—

(૩) "આ ચાલીસ વર્ષ બાદ આ કરારના પહેલા પેરામાં જણાવેલી મુકરર રકમમાં ફેરફાર કરાવવા માટે દરેક પક્ષકારને છૂટ રહેશે અને તકરાર કરનાર પક્ષકારની દલીલો સાંભળ્યા બાદ તે સુધારાને મંજૂર કરવો કે કેમ તે બ્રીટીશ સરકારની મુનસફી ઉપર રહેશે." [૫૨]

આ કરાર એ જ વર્ષની (સને ૧૮૮૬ ની) તા. ૧ એપ્રિલથી અમલમાં આવતો હતો. એ કરારને મુંબઈ સરકારે, તા. ૮-૪-૧૮૮૬ ના રોજ પોતાના ઠરાવ નં. ૨૦૧૬ થી, માન્યતા પણ આપી દીધી હતી. અને કરારનામામાં દર્શાવ્યા મુજબ આ કરારનો અમલ ૪૦ વર્ષ સુધી, કોઈ પણ જાતની ખાસ મુશ્કેલી વગર, ચાલુ રહ્યો હતો. આવી મુશ્કેલી ઊભી નહિ થવાનું એક કારણ એ પણ હોઈ શકે કે, આ કરાર પછીથી નવ-દસ વર્ષે (સને-૧૯૦૫), દરબારશ્રી માનસિંહજીનો સ્વર્ગવાસ થયો હતો અને એ વખતે પાટવીકુંવર બહાદુરસિંહજી સગીર હોવાથી પાલીતાણા રાજ્યનો વહીવટ ચૌદેક વર્ષ સુધી (સને-૧૯૨૦ સુધી) અંગ્રેજ સરકારના એડમિનિસ્ટ્રેટર હસ્તક રહ્યો હતો. અને છતાં પણ દરબારશ્રી માનસિંગજીની હયાતી દરમિયાન શરૂ થયેલા પાલીતાણા રાજ્ય અને જૈન કોમના સભ્યો અથવા તો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના કાર્યકરો વચ્ચે, તેમ જ મુખ્યત્વે તીર્થની અને યાત્રિકોની સુરક્ષાને અનુલક્ષીને પણ નાનામોટા અનેક ઝઘડાઓ તો ચાલતા જ રહ્યા હતા. આમ છતાં એવા ઝઘડાઓથી યાત્રિકોની, સામૂહિક રીતે, ખાસ કોઈ કનડગત થઈ હોય એવું જાણવા મળતું નથી. એટલે એકંદર આ ૪૦ વર્ષ યાત્રિકોને માટે ખાસ કોઈ અગવડ ઊભી કરનારાં નીવડ્યાં નહોતાં એમ સ્વીકારવું જોઈએ.



તલાટીમાં ભાતું આપવાનો ઉપદેશ આપનાર પંન્યાસજી મહારાજ શ્રી કલ્યાણવિમળજી મહારાજ વગેરેનાં પગલાંની દેરી ( જુઓ, પૃ ૬૨, ૬૩, ૯૮ )




તલાટીમાં અપાતા ભાતા માટે ગંગામાએ બંધાવી આપેલ
ભાતાઘરનો લેખ
(જુઓ, પૃ. ૬૩, ૬૪)



યાત્રિકોને બેસવા વગેરેની આધુનિક સુવિધા આપતું ભાતાઘરનું નવું મકાન

( જુઓ. પૃ. ૬૪ )

20 This Agreement is produced by the parties and ratified by the Government of India

Dated this 26th day of May One thousand nine hundred and twenty eignt, Simla.

Signed in our presence
C H Setalvad
Bhulabhai J. Desai

Kikabhai Premchand
Kastoorbhai M Nagarsheth
Maneklal Mansukhbhai
Sarabhai Dahyabhai Sheth
Amratlal Kalidas
Pratapsinh Mohalalbhai

accredited representatives
of the Jain Community of India

Bahadursinhji
Thakore Saheb of Palitana

Ratified by the Government of India this 26th day of May 1928 at Simla.

Irwin
Viceroy & Governor General.
26/5/28.

પાલીતાણા રાજ્ય સાથે સને ૧૯૨૮ (વિ. સં. ૧૯૮૪) માં થયેલ રખોપાના પાંચમા છેલ્લા-કરારના દસ્તાવેજના સહીઓવાળા છેલ્લા પાનાની છબી (જુઓ. પૃ. ૨૩૮, ૨૪૧, ૨૯૬, ૩૦૦)

## રખોપાનો છેલ્લો–પાંચમો રૂ. ૬૦,૦૦૦)નો કરાર

સને ૧૮૮૬નો વાર્ષિક રૂા. પંદર હજારનો, ૪૦ વર્ષની મુદ્દતનો, રખોપાનો કરાર સને ૧૯૨૬ના એપ્રિલની ૧ લી તારીખના રોજ પૂરો થતો હતો; એટલે, આગળ ઉપર આ બાબતમાં શું કરવું એ માટે, દરબાર પક્ષે તેમ જ શ્રાવક સંઘના એટલે કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પક્ષે હિલચાલ શરૂ થઈ ગઈ હતી. શ્રાવક પક્ષે આ હિલચાલને શરૂઆતથી ઉગ્ર રૂપ નહિ આપવાનું એક સબળ કારણ આ કરારમાંની ત્રીજી કલમ હતું, જે આ પ્રમાણે છે:

"ચાલીસ વરસની મુદત પૂરી થયે, આ કરારના પહેલા પેરેગ્રાફમાં ઠેરવેલી વાર્ષિક રકમમાં ફેરફાર કરાવવાને બંને પક્ષકાર પૈકી હરકોઈ પક્ષકારને છૂટ રહેશે. બંને તકરાર કરનારા પક્ષકારોની પોતપોતાની ગોઠવણોની તપાસ કરીને આ રકમમાં ફેરફાર મંજૂર કરવો કે નહીં કરવો તેની સત્તા અંગ્રેજ સરકારના હાથમાં રાખવામાં આવી છે."

આ કલમના આધારે, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અર્થાત્ જૈન સંઘે એવો મદાર બાંધી રાખ્યો હતો કે, આ બાબતમાં પાલીતાણા રાજ્ય, બહુ બહુ તો, રખોપાની રકમમાં તેમ જ મુદ્દતમાં ફેરફાર કરવાની માગણી કરશે; અને આવી માગણીનો નિર્ણય અંગ્રેજ સરકારની દરમિયાનગીરીથી થવાનો હોવાથી આ કામ સહેલાઈથી પતી જશે અને એમાં કોઈ બહુ મોટી મુશ્કેલી ઊભી થવા નહીં પામે.

આની સામે, પાલીતાણાના દરબાર ગોહેલ શ્રી બહાદુરસિંહજી, કંઈક જુદી જ રીતે વિચારતા હતા: તેઓ રખોપાની વાર્ષિક ઊચક રકમ લેવાને બદલે, કર્નલ કીટિંજે સૂચવેલ ધોરણે (બહારના યાત્રિક દીઠ રૂ. ૨/– અને પાલીતાણાના જૈન વતની માટે વાર્ષિક રૂ. ૫/–), મુંડકાવેરો ઉઘરાવવાનું શરૂ કરવા ઇચ્છતા હતા. એ માટે એમણે તે વખતના કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસનને, કરાર પૂરો થવાની તારીખથી છ મહિના કરતાં પણ વધુ સમય પહેલાં, તા. ૧૪–૯–૧૯૨૫ના રોજ, અરજી પણ કરી દીધી હતી. આ અરજીમાં પોતાની માગણીના સમર્થનમાં, એમણે જે અનેક બાબતોની રજૂઆત કરી હતી, એમાં એક વિચિત્ર મુદ્દો એવો પણ રજૂ કર્યો હતો કે, "જ્યારે સને ૧૮૮૬માં, રૂ. ૧૫,૦૦૦)નો રખોપાનો કરાર કરવામાં આવ્યો ત્યારે, મારા પિતા સ્વ. ઠાકોર સાહેબ શ્રી માનસિંહજી યુવાન અને બિનઅનુભવી હતા. અને તેઓ તરતમાં જ ગાદીએ બેઠા હતા. વળી, એમની પાસે કોઈ વિશ્વાસપાત્ર સલાહકારો પણ ન હતા. તેમ જ એમના ભાઈની સાથે એમને સખત દુશ્મનાવટ હોવાને લીધે તેઓ બહુ પરેશાન હતા. આવી હાલતમાં, અંગ્રેજ સરકારના દબાણને વશ થઈને, એમને આવો કરાર

સ્વીકારવાની ફરજ પડી હતી.” આ અરજીમાં મુંડકાવેરો લેવાની પોતાની વાત રજૂ કરવાની સાથે સાથે પોતાને લાંબા વખતથી ખટકી રહેલી એ વાતની પણ એમણે રજૂઆત કરવાનો પ્રયત્ન કર્યો હતો કે, આવો કર ઉઘરાવવો એ પાલીતાણા રાજ્યના અધિકારની બાબત છે. અને એને અંગ્રેજ સરકારની દરમિયાનગીરીથી શ્રાવક કોમ અને પાલીતાણા રાજ્ય વચ્ચે થયેલ કરારરૂપે ઓળખાવવો એ રાજ્યના સર્વોપરિ અધિકારનો ઇન્કાર કરવા બરાબર છે.[૫૩] કોઈ પણ રીતે આ વાતનું પુનરાવર્તન નવો કરાર કરતી વખતે ન થવા પામે અને પોતાનો અધિકાર સુરક્ષિત રહે એ માટે, પાણી પહેલાં પાળ બાંધવાની જેમ, દરબારશ્રીએ આ અરજી બહુ જ સમયસર કરી હતી.

દરબારશ્રીએ મુંડકાવેરાને સજીવન કરવાની માગણી કરતી આવી અરજી કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટને કરી હતી, એ બાબતનો તો પેઢીના પ્રતિનિધિઓને અણસાર સુધ્ધાં મળવા પામ્યો ન હતો, એટલે તા. ૯-૩-૧૯૨૬ના રોજ પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓએ પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસનની મુલાકાત લીધી તે વખતે, પોલિટિકલ એજન્ટ તરફથી, તા. ૨૫-૩-૧૯૨૬ સુધીમાં પોતાનો જવાબ રજૂ કરવાની પેઢીના પ્રતિનિધિઓને સૂચના કરવામાં આવી તેનો એમણે સ્વીકાર કરી લીધો હતો. પણ ત્યાર પછી જ્યારે, પાલીતાણાના દરબાર ગોહેલ શ્રી બહાદુરસિંહજીએ પોલિટિકલ એજન્ટને તા. ૧૪-૯-૧૯૨૫ ના રોજ કરેલી અરજીની નકલ એમના જોવામાં આવી ત્યારે જ એમને દરબારશ્રીએ રખોપાની ઊચક રકમના બદલે મુંડકાવેરો લેવાની મંજૂરી આપવાની કરેલી માગણીનો ખ્યાલ આવ્યો હતો. આ જાણીને પેઢીના પ્રતિનિધિઓ સારી એવી ચિંતા અને વિમાસણમાં મુકાઈ ગયા હતા. કારણ કે, સને ૧૮૮૬ના કરારની ત્રીજી કલમ જોતાં, દરબારશ્રી તરફથી આવી માગણી કરવામાં આવશે એની તો તેઓને કલ્પના પણ ન હતી. દરબારશ્રીની આ અરજીના લીધે રખોપાની બાબતમાં તદ્દન અણધારી અને નવી જ પરિસ્થિતિ ઊભી થઈ હતી. એટલે એનો જવાબ, કોઈ પણ રીતે ઉતાવળે અને પોતે સ્વીકારેલી મુદતમાં, પેઢી તરફથી આપી શકાય એ શક્ય જ ન હતું.

દરબારશ્રીની આ અરજીનો મુદ્દાસર, સચોટ અને મુખ્યત્વે એમની મુંડકાવેરાને સજીવન કરવાની માગણીનો પાકો રદિયો આપી શકે એ પ્રકારનો જવાબ તૈયાર કરવા માટે, તેમ જ એ અરજીમાંની બીજી પણ કેટલીયે વિવાદાસ્પદ રજૂઆતોનો પ્રમાણભૂત જવાબ આપવા માટે, ઘણી ઘણી સામગ્રીની તપાસ કરવાની અને એને એકત્રિત કરવાની જરૂર હતી. આ માટે પેઢી તરફથી એક મહિનાની મુદતની, એટલે કે પચીસમી માર્ચને બદલે પચીસમી એપ્રિલના રોજ પોતાનો જવાબ રજૂ કરી શકાય એટલી મુદતની, માગણી કરવામાં આવી હતી. અને એજન્સી દ્વારા તે મંજૂર રાખવામાં આવી હતી.[૫૪]

જ્યારે પાલીતાણા રાજ્ય સાથેના રખોપાના કરારનો સમય પૂરો થવાની તૈયારીમાં

હતો ત્યારે, ભવિષ્યમાં આ કરાર કેવું રૂપ લેશે અને પાલીતાણા રાજ્ય તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી એટલે કે જૈન સંઘ વચ્ચેના સંબંધો પણ કેવું રૂપ લેશે; એની ચિંતા વાતાવરણમાં ઠીક ઠીક પ્રસરેલી હતી. એક રીતે કહીએ તો, આ તબક્કો પેઢીના સંચાલકો માટે કંઈક અગ્નિપરીક્ષા જેવો થઈ રહેવાનો હોય એવો આછોપાતળો અણસાર મળ્યા કરતો હતો. કારણ કે, સને ૧૯૨૦ની સાલમાં, યુવરાજ બહાદુરસિંહજી ગાદીનશીન થઈને પાલીતાણા રાજ્યના રાજવી બન્યા, ત્યાર પછી જૈન કોમ અને પાલીતાણા રાજ્ય વચ્ચેના સંબંધો ઠીક ઠીક પ્રમાણમાં વણસવા લાગ્યા હતા.

આવા અણીના વખતે, જાણે નજીકના ભવિષ્યમાં જ કુદરત સહાયરૂપ થવાની હોય એમ, શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટદાર પ્રતિનિધિ તરીકે, તા. ૨૨-૧૧-૧૯૨૫ના રોજ, વરણી કરવામાં આવી. એ વખતે પેઢીનું પ્રમુખપદ તો નગરશેઠ શ્રી કસ્તુરભાઈ મણિભાઈ સંભાળતા હતા, પણ એમની નાદુરસ્ત તબિયત તથા બીજા કેટલાક અનિવાર્ય સંજોગોને કારણે, તેઓ પેઢીની મીટીંગમાં નિયમિત હાજરી આપી શકતા ન હતા તેથી, મોટે ભાગે, મીટીંગનું પ્રમુખપદ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ જ સંભાળતા હતા.

કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટને પાલીતાણાના દરબારશ્રીએ કરેલી તા. ૧૪-૯-૧૯૨૫ ની અરજીની નકલ પેઢીએ જે રીતે મેળવી તેની વિગતો પેઢી પોતાના નાનામાં નાના હકની જાળવણી માટે પણ કેટલી સજાગ હતી, તેનો ખ્યાલ આપે છે. પાલીતાણાના દરબારશ્રીએ અરજી કર્યા પછી એજન્સી તરફથી દરબારશ્રીને કોઈક પત્ર દ્વારા એવી સૂચના આપવામાં આવી હતી કે, દરબાર તરફથી કરવામાં આવેલ અરજીની જાણ પેઢીના પ્રતિનિધિઓ વતી પાલીતાણા શાખાના મુનીમને તે કરે.

આ માટે પાલીતાણા રાજ્યના દફતરમાંથી એવી માહિતી મળે છે કે, પાલીતાણાના દીવાન શ્રી સી. જી. મહેતાએ, તા. ૨૧-૧૦-૧૯૨૫ના રોજ, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની પાલીતાણા શાખાના મુનીમને, પાલીતાણા દરબારશ્રી તરફથી તા. ૧૪-૯-૧૯૨૫ ના રોજ એજન્સીને કરવામાં આવેલી અરજીની નકલ બતાવી હતી. અને વધારામાં પોલિટિકલ એજન્ટનો હવાલો આપીને કહ્યું હતું કે, આ અરજીનો જવાબ પેઢીના પ્રતિનિધિઓ આપવા ઇચ્છતા હોય તો એમણે તે બે મહિનાની મુદતની અંદર આપી દેવો. અને એમ નહીં કરવામાં આવે તો, બે મહિનાની મુદત પૂરી થયા પછી, સને ૧૮૮૬ના કરારની બાબતમાં શો હુકમ ફરમાવવો તે એજન્ટ ટુ ધી ગવર્નર નક્કી કરશે. વિશેષમાં, આ વખતે પેઢીના મુનીમને એમ પણ સૂચવવામાં આવ્યું હતું કે, જો તમારે દરબારશ્રીએ કરેલ અરજીની નકલની જરૂર હોય તો એ માટે તમારે દરબારશ્રીને અરજી કરવી, અને એમ કરવાથી તમને આ અરજીની અધિકૃત નકલ આપવામાં આવશે.[૫૫]

પણ પેઢીની નીતિ શરૂઆતથી જ એજન્સી સાથેની કોઈ પણ બાબતમાં દરબારશ્રીને સીધી અરજી ન કરવાની હતી, એટલે દરબારશ્રીએ એજન્સીને કરેલી અરજી વગેરેની નકલ મેળવવા માટે પાલીતાણા રાજ્યને અરજી કરવા પેઢી તૈયાર ન હતી. એણે, એકાદ સો વર્ષથી ચાલી આવતી પ્રથા પ્રમાણે, પાલીતાણા રાજ્ય સાથે કોઈ પણ આંતરિક બાબતમાં વાંધો પડે તો પહેલાં પાલીતાણા રાજ્ય પાસે સીધેસીધો ન્યાય માગવાની અને એ ન્યાયથી જો પોતાને સંતોષ ન થાય તો એજન્સીને, એથી આગળ વધીને મુંબઈ સરકારને, ત્યાર પછી ક્યારેક ભારત સરકારને અને અંતે વિલાયતની સરકારને (સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડિયા એટલે કે પ્રિવી કાઉન્સિલને) અરજીઓ કરવાનો શિરસ્તો રાખ્યો હતો. અને આ શિરસ્તાનો ક્યારેય ભંગ થવા ન પામે એ માટે પેઢી તરફથી જરૂરી બધાંય કાયદેસરનાં પગલાં ભરવામાં આવતાં હતાં.

રખોપા અંગેની બાબત એવી હતી કે, એનો પાલીતાણા રાજ્ય સાથે સીધેસીધો સંબંધ ન હતો અને સને ૧૮૨૧, ૧૮૬૩ અને ૧૮૮૬ ના એમ ત્રણેય રખોપાના કરારો અંગ્રેજ હકૂમતની દરમિયાનગીરીથી જ થયા હતા. એટલે એમાં કોઈ પણ પક્ષે, કોઈ પણ જાતનો ફેરફાર કરવો હોય તો, તે અંગ્રેજ હકૂમતને વચમાં રાખીને જ કરવામાં આવતો હતો. તેમાંય સને ૧૮૮૬ ના કરારની ત્રીજી કલમમાં તો એવો સ્પષ્ટ નિર્દેશ થયેલો હતો કે, બંને પક્ષકારોમાંથી કોઈને પણ, એ કરારની મુદત પૂરી થયા પછી, રખોપાની રકમમાં કોઈ પણ જાતનો ફેરફાર કરાવવો હોય તો, તે માટે અંગ્રેજ હકૂમતને અરજી કરવી અને એ જે કંઈ નિર્ણય આપે તેને સ્વીકારી લેવો.

વાસ્તવિક સ્થિતિ આવી હોવાથી, અને સને ૧૯૨૫ માં ઊભું થયેલું પ્રકરણ રખોપાના કરારને લગતું જ હોવાથી, પેઢીના પ્રતિનિધિઓ, કોઈ પણ સંજોગોમાં, દરબારશ્રીએ એજન્સીને કરેલી અરજીની નકલ મેળવવા માટે, દરબારશ્રીને અરજી કરવા તેમ જ એ અરજીનો પોતાનો જવાબ દરબારશ્રી મારફત એજન્સીને પહોંચતો કરવા હરગિજ તૈયાર ન હતા. આને કારણે, દરબારશ્રીએ કરેલી અરજીની નકલ મેળવવાની બાબતમાં એક જાતની મડાગાંઠ જેવી સ્થિતિ ઊભી થવા પામી હતી. આની કેટલીક વિગતો આ પ્રમાણે છે—

પાલીતાણાના દીવાનશ્રી તરફથી પેઢીની પાલીતાણા શાખાના મુનીમને ઉપર મુજબ સૂચના આપ્યાની જાણ પોતાને થયા પછી, પેઢીના પ્રતિનિધિઓએ, તા. ૫-૧૧-૧૯૨૫ ના રોજ, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસનને એક અરજી કરીને આ રખોપા પ્રકરણ અંગેના કાગળોની આપ-લે પાલીતાણા દરબાર મારફત જ કરવાના એજન્સીના વલણનો વિરોધ કરીને સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે, એજન્સીએ અખત્યાર

કરેલું આ વલણ આ બાબતમાં ચાલ્યા આવતા શિરસ્તા સાથે સુસંગત નથી. આ અંગે અરજીમાં કહેવામાં આવ્યું હતું કે—

"અમે રજૂઆત કરવાની રજા માગતાં કહીએ છીએ કે, સો કરતાં પણ વધુ વર્ષથી ચાલી આવતી પ્રથાને તિલાંજલિ આપવામાં આવી છે અને બંને પક્ષકારોને માટે આ સ્થિતિ તદ્દન અનુચિત છે.

"અમે માનીએ છીએ કે, પાલીતાણા દરબાર અને જૈન સંઘ વચ્ચેના સંઘર્ષમાં બંને પક્ષો સંકળાયેલા છે. પાલીતાણા દરબાર વાદી તરીકે કરારમાં ફેરફારની માગણી કરે છે, ત્યારે જૈન સંઘ પ્રતિવાદી બને છે. આવા સંજોગોમાં જૈન સંઘને એમ કહેવું કે દરબારે કરેલી અરજીની નકલ મેળવવા દરબારને જ અરજી કરવી અને તેમની વાતનો વિરોધ પણ એજન્સી સમક્ષ દરબાર મારફત જ રજૂ કરવો, તેની સામે મક્કમ રજૂઆત કરતાં અમે કહીએ છીએ કે, આ સદંતર વાહિયાત પ્રથા છે. આપ જ આ બાબતને સાંભળનાર ટ્રિબ્યુનલ છો, કે જે દરબાર અને જૈન સંઘને સાંભળી શકે અને બંને પક્ષ પોતપોતાની રજૂઆત તેની સમક્ષ જ કરી શકે. પ્રતિવાદીને એમ કહેવું કે, પોતાની નકલ વાદી પાસેથી મેળવી લેવી અને પોતાનો બચાવ ટ્રિબ્યુનલ સમક્ષ વાદી મારફત રજૂ કરવો એ તદ્દન નવતર વાત છે."[૫૬]

આ અરજીનો કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસને, તા. ૧૩-૧૧-૧૯૨૫ના રોજ, જવાબ આપતાં પેઢીને જણાવ્યું હતું કે, આ બાબતમાં પોતે જે વલણ અપનાવ્યું છે, એમાં કોઈ પણ જાતનો ફેરફાર કરવાની જરૂર એમને લાગતી નથી; અને એમણે જે પદ્ધતિ અખત્યાર કરી છે તે વ્યાજબી છે.[૫૭]

એજન્સીના આ નિર્ણય સામે, તા. ૧૫-૧-૧૯૨૬ના રોજ, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસનને પેઢી તરફથી ફરીથી અરજી કરીને, આ બાબતની પુનર્વિચારણા કરવાની વિનંતી કરવામાં આવી હતી. આ વિનંતી પણ, તા. ૧૯-૧-૧૯૨૬ના રોજ, એજન્સીએ નકારી કાઢી હતી અને તા. ૧૩ નવેમ્બર ૧૯૨૫ના મેમોરેન્ડમમાં પોલિટિકલ એજન્ટે જે વલણ અખત્યાર કર્યું હતું તે જ એમણે કાયમ રાખ્યું હતું.[૫૮]

આ રીતે ઉપરાઉપર બે વાર, આ બાબતની અરજી, પોલિટિકલ એજન્ટ દ્વારા નામંજૂર થયાનું જાણ્યા પછી પણ પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓ નિરાશ ન થયા. અને એમણે, તા. ૭-૨-૧૯૨૬ના રોજ, આ બાબતનો ફરી વિચાર કરવાની એજન્સીને અરજી કરી. અને એમાં વધારામાં, આ અંગે જરૂરી ખુલાસા રૂબરૂ કરી શકાય અને આ મડાગાંઠનો નિકાલ લાવી શકાય એ માટે, રૂબરૂ મુલાકાતની પણ માગણી કરવામાં આવી હતી. પણ પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસન તો પોતાના નિર્ણયમાં અણનમ જ

રહ્યા હતા અને એ વાતની જાણ આણંદજી કલ્યાણજીની પેઢીના પાલીતાણા શાખાના મુનીમ દ્વારા, એજન્સીના તા. ૧૧–૨–૧૯૨૬ ના શેરા મુજબ, તા. ૧૫–૨–૧૯૨૬ના રોજ, પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓને કરવામાં આવી હતી. સાથે સાથે રૂબરૂ મુલાકાત લેવી હોય તો તા. ૧૮, ૨૧ કે ૨૨ ફેબ્રુ. ૧૯૨૬ના રોજ ૧૧–૦૦ના સમયે, રાજકોટમાં, મુલાકાતે આવવાનું પણ સૂચવ્યું હતું.[૫૯]

આ પછી, એમ લાગે છે કે, એજન્સીને અથવા તો પેઢીના પ્રતિનિધિઓને, આ તારીખોએ મુલાકાત ગોઠવવાનું અનુકૂળ નહિ પડયું હોય, એટલે આ મુલાકાત તા. ૯–૩–૧૯૨૬ના રાજકોટમાં ગોઠવી શકાઈ હતી. આ મુલાકાત દરમિયાન પેઢીના પ્રતિનિધિઓએ આ રખોપાની બાબતમાં દરેક પ્રકારના પત્રવ્યવહારની આપ-લે એજન્સી મારફતે જ થવી જોઈએ, એ વાતનું ભારપૂર્વક પુનરુચ્ચારણ કર્યું હોય એમ લાગે છે. પરિણામે પોલિટિકલ એજન્ટને પોતાના દફતરમાં રહેલી પાલીતાણા રાજ્યની, તા. ૧૪–૯–૧૯૨૫ ની, અરજીની નકલ કરવાની પેઢીને અનુમતિ આપવાની ફરજ પડી હતી. આ હકીકત પોલિટિકલ એજન્ટના તા. ૨૫–૩–૧૯૨૬ના રોજ વચગાળાના હુકમ (Ad Interim Order) માંના નીચેના શબ્દો ઉપરથી સ્પષ્ટ રૂપે જાણવા મળે છે—

"યોગ્ય ચર્ચા-વિચારણાને અંતે હું, શિરસ્તાના મુદ્દા પર કોઈ પણ જાતના પૂર્વગ્રહ વગર, સહમત થાઉં છું કે, પેઢીના પ્રતિનિધિઓ મારી ઓફિસમાંથી દરબારની રજૂઆતની નકલ જોઈ શકે છે અને તેનો ઉતારો લઈ શકે છે."[૬૦]

આ મુલાકાત વખતે મિ. સી. સી. વોટસને દરબારની અરજીના જવાબમાં પેઢીને જે કંઈ કહેવું હોય તે, જવાબરૂપે, તા. ૨૫–૩–૧૯૨૬ સુધીમાં, પોતાને જ લખી મોકલવા જણાવ્યું હતું. અને પેઢીના પ્રતિનિધિઓએ એ વાતનો સ્વીકાર પણ કર્યો હતો.[૬૧]

પોલિટિકલ એજન્ટે આપેલ અનુમતિ અનુસાર, પેઢીના વકીલે દરબારશ્રીની અરજીની નકલ પોતાની જાતે ટાઈપ કરાવી લેવાની હતી. કારણ કે, દરબારશ્રીએ કરેલ અરજીની ન તો વધારાની નકલ કે ન તો છાપેલ નકલ એજન્સી પાસે હતી. વકીલે આ નકલ તા. ૧૦ માર્ચના રોજ તૈયાર કરી અને, તા. ૧૧મીના રોજ, રાજકોટથી નીકળી, તા. ૧૨મીના રોજ, જાતે અમદાવાદ જઈને ત્યાં પહોંચતી કરી.

અમદાવાદથી તા. ૧૩ ના રોજ એ નકલ પેઢીના કાનૂની સલાહકાર સર ચીમનલાલ સેતલવાડને મુંબઈ પહોંચાડવામાં આવી. એ નકલ જોયા પછી શ્રી સેતલવાડને એમ લાગ્યું કે, દરબારશ્રીની અરજીમાં તો રખોપાની રકમમાં ફેરફાર કરવાની માગણી કરવાને બદલે, હવેથી (તા. ૧–૪–૧૯૨૬ થી) વાર્ષિક ઊચક રકમને બદલે, મુંડકાવેરો લેવાની, ચાલુ સ્થિતિમાં ધરમૂળનો ફેરફાર કરવાનું સૂચવતી, અનુમતિ માગવામાં આવી

હતી. અને પોતાની આ માગણીના સમર્થનમાં એ અરજીમાં એવી કેટલીયે બાબતો એમના તરફથી રજૂ કરવામાં આવી હતી કે, જેનો જવાબ તત્કાલ એટલે કે તા. ૨૫ માર્ચ પહેલાં આપી શકાય એમ ન હતો; અને એ માટે આ અંગેના જૂના દફ્તરમાંથી ઘણી સામગ્રી એકત્ર કરવાની જરૂર હતી. એટલે પેઢીના કાનૂની સલાહકાર તરફથી તેમજ પેઢી તરફથી એક માસની વધુ મુદતની માગણી કરવામાં આવી. આ માગણીનો પોલિટિકલ એજન્ટે, એ શરતે સ્વીકાર કર્યો હતો કે, હવે પછી વધુ મુદત આપવામાં નહીં આવે, તેમ જ મુદત ઓછી હોવા અંગેની ફરિયાદ પણ સાંભળવામાં નહીં આવે. વધારામાં એ તારમાં એમ પણ સૂચવવામાં આવ્યું હતું કે, દરબારના હિતની સાચવણી માટે એ મતલબનો વચગાળાનો હુકમ (Ad Interim Order) આપવામાં આવશે કે, જેથી દરબારશ્રીને ૧ લી એપ્રિલથી પહેલાં નક્કી થયેલા દરે, મુંડકાવેરો લેવાની છૂટ આપવામાં આવશે અને આ રીતે એકત્રિત થયેલી રકમ, આ બાબતનો છેવટનો નિકાલ ન થાય ત્યાં સુધી, ડિપોઝીટ તરીકે અલગ રાખવામાં આવશે.[૬૨]

એજન્સી તરફથી આ મતલબનો તાર મળ્યા પછી, તા. ૨૧–૩–૧૯૨૬ ના રોજ, સર ચીમનલાલ સેતલવાડે, એનો જવાબ આપતાં, મુદત વધારી આપવા માટે પોલિટિકલ એજન્ટનો આભાર તો માન્યો પણ, સાથે સાથે, વચગાળાના હુકમમાં આપવા ધારેલ મુંડકાવેરો વસૂલ કરવાની દરબારશ્રીને અનુમતિની બાબતમાં જૈન કોમની વતી સખત વિરોધ પણ લખી જણાવ્યો.[૬૩] આ પછી પણ એજન્સી તથા સર ચીમનલાલ સેતલવાડ વચ્ચે, વચગાળાના હુકમ અંગે, કેટલોક તાર-વ્યવહાર થયો હતો અને એમાં પેઢીની વતી સર ચીમનલાલ સેતલવાડે, આ બાબતનો છેવટનો નિકાલ આવે તે દરમિયાનના સમયમાં, દરબારશ્રીનું હિત સચવાય એ માટે, કેટલાક વિકલ્પો પણ સૂચવ્યા હતા. પણ એજન્સીએ વચગાળાના હુકમના અવેજમાં આવો કોઈ પણ વિકલ્પ સ્વીકારવાની તૈયારી બતાવી ન હતી. એમ છતાં, આ લાંબા તાર-વ્યવહારના અંતે, આ બાબતમાં એટલો ફરક પડ્યો કે, એજન્સીએ શરૂઆતમાં જે જાતનો વચગાળાનો હુકમ જાહેર કરવાનું વિચાર્યું હતું તેમાં, તા. ૧–૪–૧૯૨૬ થી દરેક જાત્રાળુ પાસેથી રૂ. ૨) ના હિસાબે મુંડકાવેરો પાલીતાણા રાજ્ય વસૂલ કરે અને એ રકમ અનામત તરીકે પોતાને ત્યાં જમા રાખે એવી જોગવાઈ કરવામાં આવનાર હતી, તેને બદલે ફક્ત રોજેરોજના યાત્રિકોની સંખ્યા ગણીને માત્ર એની નોંધ રાખવાનું જ છેલ્લા વચગાળાના હુકમમાં જાહેર કરવામાં આવ્યું હતું. મતલબ કે, તા. ૧–૪–૧૯૨૬ થી પાલીતાણા દરબારને યાત્રિકોની સંખ્યાની ગણતરી કરીને એની રોજેરોજની નોંધ રાખવાની અનુમતિ આપવામાં આવી હતી.[૬૪]

ભૂતકાળમાં, જ્યારે જ્યારે પણ, યાત્રિકો પાસેથી મુંડકાવેરો વસૂલ કરવાની વાત ઊભી થઈ હતી અથવા એનો અમલ કરવામાં આવ્યો હતો, ત્યારે દરબાર તરફથી

શ્રાવકોની સામે એવી ફરિયાદ કરવામાં આવતી હતી કે, તેઓ ગણતરીમાંથી છટકી જવાની તરકીબો અજમાવે છે. આની સામે જૈનો તરફથી પાલિતાણા રાજ્ય સામે એવી ફરિયાદ કરવામાં આવતી હતી કે, રાજ્ય, યાત્રિકોની સંખ્યામાં વધારો દેખાય એટલા માટે, જૈન ન હોય એવા યાત્રિકોને પણ પહાડ ઉપર લઈ જવાનો પ્રયત્ન કરતું હોય છે. જ્યારે આવો પ્રયત્ન થતો ત્યારે જૈનોની ઓછી સંખ્યા દર્શાવવાના પ્રયત્નનો અને રાજ્યના વધારે સંખ્યા દર્શાવવાના પ્રયત્નનો હેતુ એ રહેતો કે રખોપાની ઊચક રકમ નક્કી કરવાની બાબતમાં અંગ્રેજ સરકાર ઉપર એની અસર પડે.

જ્યારે પણ મુંડકાવેરો વસૂલ કરવાનો અથવા તો યાત્રિકોની સંખ્યા નક્કી કરવાનો પ્રયત્ન થયો છે, ત્યારે જૈનો અને પાલીતાણા રાજ્ય વચ્ચેનું ઘર્ષણ વધારે તીવ્ર બન્યું છે, અને યાત્રિકોને વેઠવી પડતી કનડગતમાં પણ વધારો થતો રહ્યો છે એ વાતની સાક્ષી, સને ૧૮૮૬નો રખોપાનો ચોથો કરાર થયો, તે પહેલાંનાં ચાર-પાંચ વર્ષ દરમ્યાન યાત્રિકોને વેઠવી પડેલ હાલાંકી પણ પૂરી શકે એમ હતી, એટલે આ દુઃખદાયક પરિસ્થિતિનું જૈન સંઘને માટે પુનરાવર્તન ન થાય એટલા માટે જ, તા. ૧-૪-૧૯૨૬ થી, મુંડકાવેરો લેવાની બાબતનો અથવા તો યાત્રિકોની સંખ્યાની ગણતરી કરવાની બાબતનો જૈનો તરફથી એજન્સી સમક્ષ સખત વિરોધ નોંધાવવામાં આવ્યો હતો, પણ એનું ધારણા મુજબ પરિણામ ન આવ્યું. અને પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસન તો કેટલાક ફેર-ફાર સાથેનો વચગાળાનો હુકમ જાહેર કરવા કૃતનિશ્ચય જ હતા ! એટલે યાત્રિકોની રોજેરોજની સંખ્યાની નોંધ રાખવા સંબંધી દરબારશ્રીને આપવામાં આવેલી અનુમતિનો સ્વીકાર કરવાની પેઢીને ફરજ પડી હતી. આને કારણે યાત્રિકોને મુંડકાવેરો આપવાની ફરજ ન પડી એ તો ખરું, પણ ચારેક દાયકાનો, કોઈ પણ જાતની દખલગીરી વગર, મુક્ત રીતે, યાત્રા કરવાનો અનુભવ કર્યા બાદ પોતાની નોંધણી કરવામાં આવે એ વાત પણ યાત્રિકોને કેવળ નવતર જ નહિ, પણ અજુગતિ અને કનડગત કરનારી પણ લાગે એ સ્વાભાવિક હતું. પણ તત્કાળપૂરતી આ લાચારીને વશ થયા વગર ચાલે એમ ન હતું. અને ફરી વાર યાત્રા, પહેલાંની જેમ જ, રાજ્યની કોઈ પણ જાતની દખલગીરીથી મુક્ત થાય એ માટે રાહ જોયા વગર પણ ચાલે એમ ન હતું. આમાં મોટા આશ્વાસન-રૂપ વાત તો એ હતી કે, આ બાબતમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પૂરેપૂરી સજાગ હતી અને કોઈ પણ કારણસર જરા પણ સરતચૂક થઈ જવા ન પામે એની એ પૂરેપૂરી તકેદારી રાખતી હતી.

સામાન્ય રીતે તો પેઢીનું વલણ જાહેરાતો અથવા તો નિવેદનો કરવાથી દૂર રહે-વાનું જ હોય છે, પણ આ પ્રસંગની ગંભીરતા અને આ બાબતમાં જે કંઈ નિર્ણય થાય

તેનાં દૂરગામી પરિણામોનો વિચાર કરીને, વર્તમાનપત્રોમાં જાહેરાતો કે નિવેદનો આપીને, તેમ જ બીજી રીતે વિચાર કરીને અને જૈન સંઘના અન્ય મોવડીઓનો પણ સાથ લઈને, પેઢીએ એવું ચેતનવંતું વાતાવરણ ઊભું કર્યું હતું કે જેથી, આ પ્રશ્ન જૈન સંઘને માટે એક પ્રાણપ્રશ્ન બની ગયો હતો, અને તેથી આ પ્રશ્નની બાબતમાં સમગ્ર ચતુર્વિધ શ્રીસંઘમાં અજબ, દાખલારૂપ અને અપૂર્વ કહી શકાય એવી એકતા અને જાગૃતિ આવવા પામી હતી—જાણે જૈન સંઘે એક પવિત્ર ધર્મયુદ્ધ જ શરૂ કર્યું હતું ! એટલે એની સવિસ્તર માહિતી આ પુસ્તકમાં સચવાઈ રહે એ જરૂરી છે. તેથી આ પ્રકરણની પાદનોંધો પછી આપવામાં આવેલ "પુરવણી"માં એ રજૂ કરવામાં આવી છે.

એજન્સી તરફથી આપવામાં આવેલ મુદ્દત પ્રમાણે, પાલીતણા રાજ્યે, તા. ૧૪-૯-૧૯૨૫ ના રોજ એજન્સીને કરેલી અરજીનો જવાબ પેઢી તરફથી તા. ૨૫-૪-૧૯૨૬ સુધીમાં એજન્સીને આપી દેવાનો હતો. આ સમયમર્યાદાનું બરાબર પાલન થાય એ રીતે પેઢી તરફથી શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ, શેઠશ્રી માણેકલાલ મનસુખભાઈ તથા શેઠશ્રી સારાભાઈ ડાહ્યાભાઈની સહીથી, તા. ૨૩-૪-૧૯૨૬ ના રોજ, એજન્સીને જવાબ મોકલી આપવામાં આવ્યો હતો. આ જવાબ સુપ્રસિદ્ધ કાયદાશાસ્ત્રી સર ચીમનલાલ સેતલવાડે ઘડ્યો હતો; અને એમાં જરૂરી મુદ્દાઓની વિસ્તારથી અને આધારભૂત રજૂઆત કરવામાં આવી હતી. આ બધી રજૂઆતને અંતે પેઢીએ જે માગણી કરી હતી, તેના મુખ્ય ત્રણ મુદ્દા આ પ્રમાણે તારવી શકાય છે—

(૧) સને ૧૮૮૬ ના કરારની ત્રીજી કલમ મુજબ, બંને પક્ષકારોને રખોપાની વાર્ષિક રકમમાં, અંગ્રેજ સરકારની દરમિયાનગીરીથી, ફેરફાર કરાવવાની માગણીનો હક પ્રાપ્ત થતો હોવાથી મુંડકાવેરાની પ્રથાને સજીવન કરવાનો કોઈ અવકાશ રહેતો જ નથી, એટલે જે કંઈ નક્કી કરવાનું રહે છે, તે રખોપાની વાર્ષિક ઊચક રકમમાં ફેરફાર કરવાનું જ.

(૨) રખોપાના કામકાજ માટે દરબારશ્રીને પહેલાં જે કંઈ ખર્ચ કરવું પડતું હતું તેમાં, બદલાયેલી પરિસ્થિતિમાં, નોંધપાત્ર ઘટાડો થયો છે, કારણ કે, રેલવે વગેરેની સગવડને કારણે, યાત્રિકોની મુસાફરી સરળ અને જોખમ વગરની થઈ ગઈ છે. એટલે રૂ. ૧૫,૦૦૦) ની રકમમાં પણ ઘટાડો કરી શકાય એવી સ્થિતિ છે, એટલે એમ કરવાની અમે આપને વિનંતી કરીએ છીએ.

(૩) હવે પછી રખોપાની ચુકવણી માટે જે કંઈ ઊચક રકમ નક્કી કરવામાં આવે તે, અમુક વર્ષ પૂરતી મર્યાદિત ન રાખતાં, કાયમને માટે નક્કી કરવી, જેથી ભવિષ્યમાં કોઈ પણ જાતના ઘર્ષણનું કારણ ઉપસ્થિત થવા ન પામે.[૧૫]

આ રીતે દરબારશ્રી તરફથી તથા પેઢી તરફથી પોલિટિકલ એજન્ટ મિ. સી. સી.

વોટસન સમક્ષ પોતપોતાની વાતની સવિસ્તર રજૂઆત થયા પછી એમણે, તા. ૧૨-૬-૧૯૨૬ ના રોજ, આ બાબતમાં પોતાનો જે વિસ્તૃત ચુકાદો આપ્યો હતો, એમાં એમણે આ વિવાદનો એવો ઉકેલ સૂચવ્યો હતો કે—

(૧) જૈન સંઘે દરબારશ્રીને, તા. ૧-૪-૧૯૨૭ થી, વાર્ષિક રૂ. એક લાખ રખોપાની ઊચક રકમ તરીકે આપવા.

(૨) આ ગોઠવણ દસ વર્ષ સુધી અમલમાં રહેશે.

(૩) મુદત પૂરી થયા બાદ આ બાબતમાં કયો માર્ગ અપનાવવો તે હું સૂચવવા માગતો નથી. તેમ જ એ વખતે શો ફેરફાર કરવો એનો અધિકાર સાર્વભૌમ સત્તાના હાથમાં રહેશે, એ પણ હું અત્યારે નક્કી કરવા ઇચ્છતો નથી. બંધારણીય પરિસ્થિતિ જે રીતે હું સમજું છું તે મુજબ, જ્યારે આ કરાર (દસ વર્ષને અંતે) રદ થઈ જશે, ત્યાર પછી, દરબારશ્રી કર્નલ કીટિંજે નક્કી કરેલ દરે યાત્રાવેરો ઉઘરાવવાનો અધિકાર ભોગવી શકશે. આ બાબતમાં જ્યારે સાર્વભૌમ સત્તાને એમ લાગે કે, પક્ષકારો વચ્ચે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે જેથી સાર્વભૌમ સત્તાને એમ લાગે કે પક્ષકારોની વચ્ચે પડવું જોઈએ ત્યારે જ તે એમ કરશે.[૧૬]

મિ. વોટસનના આ ચુકાદા ઉપરથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે, એમણે, જૈનોની કોઈ પણ માગણીને વિચારવા લાયક અને વજનદાર માનીને એને પણ ન્યાય મળે એ રીતે પોતાનો ફેંસલો આપવાને બદલે, દરબારશ્રીને, એમની માંગણી મુજબ પૂરેપૂરો લાભ થાય તેમ જ છેવટે રૂ. ૨/- મુજબનો મુંડકાવેરો ઉઘરાવવાની એમની માગણી પણ માન્ય રહે, એ રીતનો, સાવ એકતરફી કહી શકાય એવો, ફેંસલો આપ્યો હતો; એટલે એ કોઈ પણ રીતે જૈન સંઘને માન્ય થઈ શકે એમ હતું જ નહીં.

રખોપાની વાર્ષિક રૂ. ૧૫,૦૦૦) ની રકમને લગભગ સાત ગણી વધારી આપવી અને દસ વર્ષને અંતે મુંડકાવેરાનો અધિકાર પણ આપવો, એ વાત અગાઉના રખોપાના ત્રણે કરાર સાથે કોઈ પણ રીતે સુસંગત થઈ શકે એમ ન હતી. વિ૦ સં૦ ૧૭૦૭ના રખોપાના પહેલા કરારમાં તો કોઈ ચોક્કસ રકમ નક્કી કરવામાં નહોતી આવી. પણ સને ૧૮૨૧ માં, કેપ્ટન બાર્નવેલની દરમ્યાનગીરીથી, થયેલ રખોપાના બીજા કરારમાં વાર્ષિક રુ. ૪૫૦૦/-ની ઊચક રકમ ઠરાવવામાં આવી હતી. (આ રકમમાંથી દરબારશ્રીને તો માત્ર વાર્ષિક રૂ. ૪૦૦૦/- જ મળવાના હતા.) તે પછી સને ૧૮૬૩ માં મેજર કીટિંજના ફેંસલા પ્રમાણે રખોપાની વાર્ષિક રકમ રૂ. ૧૦,૦૦૦) ની ઠરાવવામાં આવી હતી. આ આ બંને કરારમાં દસ વર્ષની મુદત નક્કી કરવામાં આવેલ હોવા છતાં, રૂા. ૪૫૦૦) નો બીજો કરાર લગભગ ચાર દાયકા સુધી અને ત્રીજો રૂા. ૧૦,૦૦૦) નો કરાર આશરે અઢાર વર્ષ

સુધી ચાલુ રહ્યો હતો. અને સને ૧૮૮૧ થી ૧૮૮૬ નો કરાર થયો તે પહેલાંના સને ૧૮૮૧ થી તે સને ૧૮૮૬ સુધીનાં ચાર-પાંચ વર્ષના સમય દરમ્યાન પાલીતાણા રાજ્યે મુંડકા-વેરો ઉઘરાવ્યો એને લીધે, એક બાજુ યાત્રિકોને અપાર કનડગત ભોગવવી પડી હતી અને બીજી બાજુ જાતજાતની શંકા-કુશંકાઓને લીધે, રાજ્ય અને જૈન સંઘ વચ્ચેના સંબંધો ખૂબ કડવાશભર્યા થઈ ગયા હતા, કે જેને લીધે દરબારશ્રી માનસિંહજી ઉપર, અંગ્રેજ સરકાર વતી, મિ. એમ. મેલવિલે, તા. ૯-૧૨-૧૮૮૫ ના રોજ, જે પત્ર લખ્યો હતો, તેમાં એમણે શત્રુંજય પહાડની બાબતમાં શ્રાવકો અને તેમના પિતા (ઠાકોર સુરસિંહજી) વચ્ચે જે ઝઘડા ચાલતા હતા, તેનો સંતોષકારક નિકાલ લાવવાની સલાહ આપી હતી.[૧૭] આ બધાને પરિણામે, સને ૧૮૮૬ નો રખોપાનો, વાર્ષિક રૂ. ૧૫,૦૦૦/-ની રકમનો, ૪૦ વર્ષની મુદતનો, ચોથો કરાર મિ. ડબલ્યુ. સી. વોટસનની દરમિયાનગીરીથી, થવા પામ્યો હતો, જેની વિગતો આગળ આપવામાં આવી છે. અહીં જૂના રખોપાના કરારોની યાદ આપવાનું કારણ એ દર્શાવવાનું છે કે, મિ. સી. સી. વોટસને રખોપાની વાર્ષિક રૂ. એક લાખની રકમનો અને દસ વર્ષ બાદ દરબારશ્રીને મુંડકાવેરો વસૂલ કરવાની અનુમતિ આપતો, જે ફેંસલો આપ્યો હતો તે, કોઈ પણ સંજોગોમાં, જૈન સંઘને માન્ય થઈ શકે એવો હતો જ નહીં.

અને આ ફેંસલા પછી જૈન સંઘમાં જે રોષ અને દુઃખની મિશ્ર લાગણી પ્રગટ થઈ હતી, તે એટલી બધી તીવ્ર હતી કે, જેનું વર્ણન શબ્દોથી ભાગ્યે જ થઈ શકે. વળી, આ સમય એ મહાત્મા ગાંધીજીની રાષ્ટ્રીય આગેવાનીનો સમય હતો. અને, સમગ્ર દેશના વાતાવરણમાં, દેશને સ્વતંત્ર બનાવવાની લડતના અંગરૂપ, અહિંસક અસહકાર, સવિનય કાનૂનભંગ અને સત્યાગ્રહની લડતની ભાવના ખૂબ ઉગ્ર અને વ્યાપક બની ગઈ હતી. એક રીતે કહીએ તો, શ્રીસંઘની લાગણીઓ ખૂબ ઉશ્કેરાઈ જાય એવી આ પરિસ્થિતિ હતી; પણ આ પરિસ્થિતિ કેવળ ઝનૂન કે તોફાનનું રૂપ લે તો તેથી સરવાળે સંઘના પોતાના હેતુને જ નુકસાન થવાનું હતું એ વાત પેઢીના વિચક્ષણ સંચાલકો અને શ્રીસંઘના દીર્ઘદૃષ્ટિ આગેવાનો પણ સારી રીતે સમજતા હતા. એટલે એમણે આ લોકલાગણીની તીવ્રતાને શાંત છતાં અસરકારક વળાંક આપવાનું નક્કી કર્યું. આ નિર્ણય અનુસાર પેઢીના સંચાલકોએ, તા. ૨૭-૭-૧૯૨૬ના રોજ, પેઢીના સ્થાનિક પ્રતિનિધિઓ તેમ જ જૈન સંઘના અન્ય મોવડીઓની મીટિંગ, આ બાબતનો ગંભીરતાથી વિચાર કરીને, જરૂરી પગલાં ભરવા માટેનો નિર્ણય લેવા, અમદાવાદમાં બોલાવી હતી. આ મીટિંગમાં સર્વાનુમતે એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે, જ્યાં સુધી રખોપાના આ પ્રકરણનો સંતોષકારક ઉકેલ ન આવે, ત્યાં સુધી પાલીતાણા રાજ્ય સાથે અસહકાર કરવા માટે કોઈ પણ જૈને શત્રુંજય

મહાતીર્થની યાત્રાએ નહીં જવારૂપે, તા. ૧-૪-૧૯૨૬ થી જે અહિંસક અને શાંત લડત શરૂ કરી છે, તે બરાબર ચાલુ રાખવી.[૧૮]

ચતુર્વિધ શ્રીસંઘ શત્રુંજય તીર્થ પ્રત્યે જેવી ઉત્કટ શ્રદ્ધા અને ભક્તિ ધરાવે છે, તે જોતાં આવા નિર્ણયનું પાલન કરવું એ એને માટે ભારે કપરી અને વસમી વાત હતી. પણ, મિ. વોટસનના ચુકાદાને કારણે, સંજોગો એવા વિલક્ષણ અને દૂરગામી તેમ જ નુકસાનકારક પરિણામ નીપજાવે એવા ઊભા થવા પામ્યા હતા કે, આવું કોઈ જલદ પગલું ભર્યા વગર એમાં સમુચિત ફેરફાર થાય એવી કોઈ શકયતા દેખાતી ન હતી. એટલે સમગ્ર જૈન સંઘે, દુભાતે દિલે છતાં પૂરી દૃઢતા સાથે, આ નિર્ણયને માથે ચડાવ્યો હતો અને એનું અણિશુદ્ધ પાલન કરવાનો સંકલ્પ કર્યો હતો. પરિણામે શત્રુંજયની યાત્રા માટે બહારગામથી એક ચકલુંય ન ફરકે એવી અપૂર્વ સ્થિતિ ઊભી થવા પામી હતી. અહીં એ સ્વીકારવું જોઈએ કે, પેઢીએ શ્રીસંઘને આ માર્ગે દોરીને આ પ્રશ્નને એક રીતે રચનાત્મક રૂપ આપ્યું હતું, જે પેઢીની દૃઢતા, દૂરંદેશી અને શાણપણભરેલી નીતિનું જ પરિણામ હતું.

જૈન સંઘે શરૂ કરેલ અસહકાર જેવા આ આંદોલનને જાહેર જનતામાં પણ કેવો ઉત્સાહ પ્રગટાવ્યો હતો તે વાત એ હકીકત ઉપરથી પણ જાણી શકાય છે કે, મુંબઈમાં, તા. ૧૩-૮-૧૯૨૬ ના રોજ, શ્રીમતી સરોજિની નાયડુના પ્રમુખપદે, કોટના જૈન સંઘે બોલાવેલી, મુંબઈના નાગરિકોની જાહેરસભા મળી હતી અને એમાં, પાલીતાણા દરબારના આ પગલાને વખોડી કાઢીને, જૈન સંઘે એની સામે શરૂ કરેલ સત્યાગ્રહને વધાવી લેવામાં આવતો નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો હતો—

"આ સભા શ્રી શત્રુંજય તીર્થ-ગિરિના સંબંધમાં પાલીતાણાના ઠાકોર સાહેબે અપનાવેલ ગેરકાયદે અને અન્યાયી વલણ પ્રત્યે પોતાનાં દુઃખ અને અસ્વીકારનો ભાવ દર્શાવે છે; અને જૈનોએ સંતોષકારક સમાધાન ન થાય ત્યાં સુધી જે સત્યાગ્રહ શરૂ કર્યો છે, તેને ટેકો આપે છે; અને આ ઠરાવની નકલ વાઈસરોય, કાઠિયાવાડના એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ, પાલીતાણાના ઠાકોર સાહેબ અને આણંદજી કલ્યાણજીને મોકલી આપવાની પ્રમુખશ્રીને સત્તા આપે છે."[૧૯]

એક તરફ જૈન સંઘે, શત્રુંજયની યાત્રા બંધ કરવાના પેઢીના આદેશનું પૂરેપૂરું પાલન કરવા માંડ્યું હતું તેને લીધે, દેશભરના જૈન સંઘમાં આ પ્રશ્ન પરત્વે અભૂતપૂર્વ કહી શકાય એવાં રસ, જાગૃતિ અને એકતાની લાગણી ઊભાં થયાં હતાં, તો બીજી તરફ આ પ્રશ્નનો સંતોષકારક નીવેડો વહેલાંમાં વહેલો આવે એ અંગે ઘટતા પ્રયત્નો કરવા માટે પેઢીના સંચાલકો તેમ જ જૈન સંઘના વગદાર અગ્રણીઓ પૂરેપૂરા સજાગ અને પ્રયત્નશીલ બન્યા

હતા. કારણ કે, તેઓ આ પ્રશ્ન લાંબા વખત સુધી અણઊકલ્યો રહે અને યાત્રાનો બહિષ્કાર ચાલુ રાખવો પડે, એવું મુદ્દલ ઇચ્છતા ન હતા. તેથી એના ઉકેલના શક્ય પ્રયત્નો તેઓ તન-મન-ધનથી કરતા હતા. આ માટે પેઢીના તે વખતના વહીવટદાર પ્રતિનિધિઓએ પહેલાં વાઈસરોય અને ગવર્નર જનરલ લૉર્ડ રીડીંગની, પ્રતિનિધિ મંડળરૂપે, રૂબરૂ મુલાકાત લઈને જૈન સંઘનો કેસ સમજાવવા પ્રયત્ન કર્યો હતો. પણ આ કેસનો નિકાલ કરે તે પહેલાં જ તેઓ નિવૃત્ત થયા એટલે તેઓએ, તા. ૩૧–૩–૧૯૨૭ ના રોજ, નવા વાઈસરોય અને ગવર્નર જનરલ લૉર્ડ ઇરવિનને એક સવિસ્તર અપીલ કરી હતી. આ અપીલમાં રખોપાના આ સવાલ ઉપર પ્રકાશ પાડતી આગળપાછળની અનેક આધારભૂત વિગતો રજૂ કરીને, પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસને આપેલો ચુકાદો કેટલો અન્યાય ભરેલો હતો એની ભારપૂર્વક રજુઆત કરવામાં આવી હતી. અને અંતે, પોલિટિક એજન્ટને આપવામાં આપેલ જવાબમાં જે માગણીઓ રજૂ કરવામાં આવી હતી, એ જ મતલબની નીચે મુજબ ત્રણ માગણીઓ કરવામાં આવી હતી—

(૧) રૂ. ૧૫,૦૦૦) ની રખોપાની રકમમાં ફેરફાર કરવો પડે એવા કોઈ સંજોગો ઊભા થવા પામ્યા નથી. અને છતાં, જો એમાં ફેરફાર કરવો જ હોય તો, એમાં થોડોઘણો પણ ઘટાડો જ કરવો પડે એવી અત્યારની સ્થિતિ છે.

(૨) કોઈ પણ સંજોગોમાં મુંડકાવેરો ઉઘરાવવાની પ્રથા ફરી શરૂ કરવાની દરબારશ્રીને અનુમતિ ન જ આપવી જોઈએ.

(૩) અમારી આ અપીલનો નિકાલ કરતાં પહેલાં અમારી વાત આપની સમક્ષ રજૂ કરવા માટે આપની મુલાકાત લેવાની તક અમને મળવી જોઈએ.[૭૦]

આ અપીલ કર્યા પછી, આ બાબતોનો સંતોષકારક નિકાલ લાવવા માટે, કેટલીક બિનસત્તાવાર વાતચીત અથવા વાટાઘાટો કરવામાં અને એમ કરીને અંતિમ સમાધાનની પૂર્વભૂમિકા તૈયાર કરવામાં કેટલોક સમય ગયો હશે. છેવટે તા. ૨૨–૫–૧૯૨૮ ના રોજ, સિમલા મુકામે, પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓ તથા જૈન સંઘના અગ્રણીઓએ પોતાનો કેસ નામદાર વાઈસરોય સમક્ષ રજૂ કરવા માટે પહોંચવાનું નક્કી કરવામાં આવ્યું હતું. અને તે મુજબ શેઠ કીકાભાઈ પ્રેમચંદ, શેઠ કસ્તુરભાઈ મણિભાઈ નગરશેઠ, શેઠ માણેકલાલ મનસુખભાઈ, શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ તથા શેઠ પ્રતાપસિંહ મોહોલાલભાઈ સમયસર સિમલા મુકામે પહોંચી ગયા હતા. શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ એ વખતે પરદેશ હોઈ એ પ્રતિનિધિ મંડળમાં સામેલ થઈ શક્યા નહોતા. પ્રતિનિધિ મંડળને કાયદાની સલાહ આપવા માટે મુંબઈથી બે જાણીતા એડવોકેટો : સર ચીમનલાલ સેતલવાડ તથા શ્રી ભુલાભાઈ દેસાઈ પણ સિમલા ગયા હતા. આ પ્રસંગે

પાલીતાણાના દરબારશ્રી બહાદુરસિંહજી પણ સિમલા પહોંચ્યા હતા. આ બાબતની વાટાઘાટોને અંતે, તા. ૨૬–૫–૧૯૨૮ ના રોજ, જૈનો અને પાલીતાણા રાજ્ય વચ્ચે, ૨૦ કલમો જેટલું વિસ્તૃત કરારનામું થયું હતું અને તે બંને પક્ષે મંજૂર કર્યું હતું. તેમ જ નામદાર વાઈસરોય લોર્ડ ઈરવિને પણ એના ઉપર, હિંદી સરકારની વતી, મંજૂરીની સહી કરી હતી. આ કરારનામું આ પ્રમાણે છે—

## કરારનામું

"૧. શત્રુંજયનો ડુંગર પાલીતાણા રાજ્યની સરહદમાં અને, ઈ. સ. ૧૮૭૭ માર્ચ તા. ૧૬ મીના સરકારી ઠરાવ નં. ૧૬૪૧માં જણાવેલ જૈનોના હક્કો અને મર્યાદાઓને બાધ ન આવે તે રીતે, તે રાજ્યની હકુમત નીચે આવેલો છે.

"૨. ગઢની અંદર આવેલ સર્વ જમીન, વૃક્ષો, મકાનો તેમ જ બાંધકામોનો ધાર્મિક તેમ જ તેને લગતા હેતુઓ માટે ઉપયોગ કરવાને જૈનો કુલ મુખત્યાર છે, અને ફોજદારી કારણ બાદ કરતાં દરબાર તરફથી કોઈ પણ જાતની દરમિયાનગીરી કે દખલગીરી સિવાય ઉક્ત ધાર્મિક મિલ્કતોનો વહીવટ કરવાને જૈનો હક્કદાર છે.

"૩. જૈનોને જ્યારે જરૂર જણાય ત્યારે ગઢની દિવાલો અત્યારે જ્યાં છે તેમાં જરા પણ સ્થાનાન્તર ન થાય એ રીતે, દરબારની મંજુરીની અપેક્ષા સિવાય, ફરીથી બાંધવાની, સમારવાની તેમ જ સંભાળવાની જૈનોને સત્તા રહેશે. ગઢની કોઈ દિવાલ જે કોઈ મંદિરના વિભાગરૂપે હશે તે મંદિરની ઊંચાઈ જેટલી વધારવી હોય તેટલી તે ગઢની ભીંતને ઉંચી લેવાની જૈનોને છુટ રહેશે; અને ગઢની બાકીની ભીંતો વધારેમાં વધારે પચીશ ફીટ સુધી ઉંચી લઈ શકાશે.

"૪. ડુંગર ઉપરના અને ગઢની બહારના મંદિરોનો વહીવટ જૈનો દરબારની કશી દખલગીરી સિવાય કરી શકશે.

"૫. ડુંગર ઉપર અને ગઢ બહાર આવેલાં પગલાં, દેરીઓ, કુંડ તથા વિસામા —આ સર્વ જૈનોની માલીકીના ગણાશે અને તેનું સમારકામ દરબારી રજાની અપેક્ષા સિવાય જૈનો કરી શકશે. કુંડ અને વિસામાનો ઉપયોગ જૈન જૈનેતર સર્વ માટે ખુલ્લો રહેશે.

"૬. તે તે કુંડોમાં પાણી પુરૂં પાડતી નહેરો કે નીકો પાલીતાણા દરબાર સંભાળશે તથા વખતોવખત સમરાવતા રહેશે.

"૭. ડુંગરની તળાટીથી ગઢ સુધી જવાનો અને છુટીછવાઈ દિવાલો તથા પગથીયાં બાંધેલો મોટો રસ્તો, જાહેરના ઉપયોગ માટે હમેશાં ખુલ્લો રહે એ શરતે જૈનો

દરબારની કશી રજાની અપેક્ષા સિવાય પોતાના ખર્ચે સંભાળશે તથા સમરાવશે.

"૮. પાલીતાણા દરબાર પોતાને ખર્ચે નીચેના રસ્તા સંભાળશે તથા સમરાવશે—

(ક) શ્રીપૂજ્યની ટુંકે જવાનો મોટો રસ્તો. (ખ) ઘેટીની પાગ.

(ગ) રોહીશાળાની કેડી. (ઘ) છ ગાઉનો રસ્તો.

(ઙ) શેત્રુંજી નદીની કેડી. (ચ) દોઢ ગાઉનો રસ્તો.

(છ) છ ગાઉ અને રોહીશાળાના રસ્તાઓને વચગાળે મળતા ઉપમાર્ગો.

"જૈનોને આ રસ્તાઓનો મફત ઉપયોગ કરવાની પૂર્ણ સત્તા રહેશે.

"૯. કેન્ડીના રિપોર્ટમાં જણાવેલ અન્યધર્મીઓના જે દેવસ્થાનો શત્રુંજય ઉપર આવેલા છે, તેમાંથી મહાદેવનું મંદિર બાદ કરતાં ઇંગારશા પીર વિગેરે સર્વ દેવસ્થાનો ઉપર સત્તા અને હકુમત જૈનોની રહેશે. ઉક્ત મહાદેવના મંદિરની આસપાસ ભીંતો ચણી લઈને તેને ગઢથી છુટું પાડવામાં આવશે અને ત્યાં જવા આવવા માટે ગઢ બહાર ઇલાયદો રસ્તો કાઢવામાં આવશે અને એમ કરવામાં ભીમકુંડ અને સુરજકુંડને મહાદેવના મંદિરથી બહાર રાખવામાં આવશે.

"૧૦. ગઢની અંદરના મંદિરો તેમ જ ડુંગર ઉપરના દેવસ્થાનો જોવા આવનાર બહારના માણસોએ કેમ વર્તવું ? તે વિષે યોગ્ય નિયમો કરવાની જૈનોને સત્તા રહેશે, પણ જૈનેતર દેવસ્થાનો સંબંધી તેની રીતસર પૂજા કરવામાં આડે ન આવે તેવા નિયમો કરવાની સંભાળ લેવામાં આવશે.

"૧૧. મોટા રસ્તાની કેડી તેમ જ ગઢ બહાર અને ડુંગર ઉપર આવેલાં મંદિરો, પગલાં, દેરીઓ, છત્રીઓ, કુંડો તથા વિસામાઓનાં પ્રત્યેક સ્થાનને બરોબર સૂચવનાર નકશો તૈયાર કરવામાં આવશે. આ નકશો આ કરારનામાના એક અંગ તરીકે ગણાશે અને તેની બરોબર ચોકસી કરવામાં આવશે.

"૧૨. જૈન મંદિરોમાંની મૂર્ત્તિઓના શણગાર માટે બનેલાં જે કાંઈ ઘરેણાં તથા ઝવેરાત આણંદજી કલ્યાણજી તરફથી લાવવામાં આવે તે ઉપર કશી જગાત લેવામાં નહિ આવે. જે વસ્તુઓ ઉક્ત ઉપયોગ માટે છે એમ આણંદજી કલ્યાણજીની પેઢીનો મુનિમ જણાવશે તેના ઉપર જગાત માફ કરવામાં આવશે.

"૧૩. આ કરારનામામાં જણાવેલ જૈનોના હક્કો સંબંધમાં અને આ કરારનામાની શરતો પાળવાના સંબંધમાં જ્યારે કાંઈ પણ તકરાર પડે ત્યારે જૈનોએ પાલીતાણા ઠાકોરની હજુરમાં અરજ કરવી અને તે બાબતમાં પાલીતાણા ઠાકોરનો ચુકાદો જૈનોને પસંદ ન આવે તો તેઓ એજન્ટ ટુ ધી ગવર્નર જનરલની પાસે રજુઆત કરે. અને એજન્ટ બન્ને

પક્ષને સાંભળી પોતાનો નિર્ણય જણાવે. અને એ નિર્ણયથી સંતોષ ન પામે તે પક્ષ આથી આગળના ઉંચા અધિકારીઓને રીતસર અપીલ કરી શકે.

"૧૪. પાંત્રીશ વર્ષ માટે રૂપિયા ૬૦,૦૦૦) ની વાર્ષિક રકમ પાલીતાણા ઠાકોર લેવાને અને જૈનો આપવાને બંધાય છે. આ બંધનનો અમલ ઈ. સ. ૧૯૨૮ ના જુન માસની તા. ૧ લીથી કરવામાં આવશે અને પહેલું ભરણું ઈ. સ. ૧૯૨૯ ના જુન માસની તા. ૧ લી એ કરવામાં આવશે અને પછીના વર્ષોમાં તે તે તારિખે ભરણાં ભરવામાં આવશે. ઉપરના ભરણાના પરિણામે દરબાર યાત્રાવેરો કે એવો કોઈ પણ કર યાત્રાળુઓ પાસેથી નહીં ઉઘરાવવાને કબુલ કરે છે. આ ભરણામાં 'મલણુ' અને તેવા બીજા કરોનો સમાવેશ થઈ જાય છે.

"૧૫. આ પાંત્રીશ વર્ષની મુદત ખલાસ થયે તે વાર્ષિક રકમમાં ફેરફાર કરાવવા માટે કોઈ પણ પક્ષ માગણી કરી શકશે અને આવો ફેરફાર કબુલ રાખવો કે નામંજુર કરવો તે વિષે બન્ને પક્ષને સાંભળીને નિર્ણય આપવાની સત્તા અંગ્રેજ સરકારને રહેશે. દર વર્ષે કેટલી રકમ આપવી અને તે કેટલી મુદત સુધી આપવી તે આવી દરેક મુદત ખલાસ થયે અંગ્રેજ સરકાર નક્કી કરી આપશે.

"૧૬. ઉપર જણાવેલ વાર્ષિક ભરણું પાકતી તારિખથી એક માસ સુધીમાં ભરવામાં ન આવે ત્યારે પાલીતાણા દરબારનો માર્ગ એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ નક્કી કરશે.

"૧૭. મુંબઈ સરકારના પોલીટીકલ ખાતાના ઇ. સ. ૧૯૨૨ જુલાઈ ૫ મી તારીખના ઠરાવ નં. ૧૮૩ ટી. તથા ૧૯૨૩ મેની ૨૫ મી તારીખના ઠરાવ નં. ૮૪૪–૧–૬ માં જણાવેલા હુકમો અને ૧૯૨૪ ઓકટોબર ૯ મી તારિખના મુંબઈ સરકારના પત્ર નં. ૧૨૮૧ બી. માં જણાવેલા હિંદી પ્રધાનના હુકમો જે જે બાબતમાં આ કરારનામાના સર્વાંશે કે કોઈ પણ અંશે વિરોધી હોય તે સર્વ રદ કરવામાં આવે છે.

"૧૮. આ બધી બાબતોના સંબંધમાં બન્ને પક્ષ તરફથી અત્યાર સુધીમાં કરવામાં આવેલ અપીલો તેમ જ મેમોરીયલોનો આ કરારનામાથી નીકાલ થયો ગણાશે.

"૧૯. 'દરબાર' શબ્દથી 'પાલીતાણા રાજ્ય' એમ અર્થ સમજવાનો છે અને 'જૈનો' શબ્દથી શેઠ આણંદજી કલ્યાણજી અને તેના વારસદારો જેના પ્રતિનિધિ તરીકે કામ કરે છે તે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સમુદાય સમજવાનો છે.

"૨૦. આ કરારનામું બન્ને પક્ષોએ રજૂ કર્યું છે અને હિંદી સરકારે મંજૂર કર્યું છે. ૧૯૨૮ ની મે તા. ૨૬, સીમલા.

" કીકાભાઈ પ્રેમચંદ.
" કસ્તુરભાઈ એમ. નગરશેઠ.
" માણેકલાલ મનસુખભાઈ.
" સારાભાઈ ડાહ્યાભાઈ શેઠ.
" અમૃતલાલ કાળીદાસ શેઠ.
" પ્રતાપસિંહ મોહોલાલ શેઠ.
હિંદુસ્તાનની જૈન કોમના
કાયદેસરના પ્રતિનિધિઓ.

" બહાદુરસિંહ
" પાલીતાણાના ઠાકોર સાહેબ."

" અમારી રૂબરૂ સહીઓ કરી છે.
(સાક્ષીઓ)
" સી. એચ. સેતલવાડ.
" ભુલાભાઈ જે. દેસાઈ."

" સીમલામાં ૧૯૨૮ મે તા. ૨૬ મીએ હિંદી સરકારે મંજૂર કર્યું.

" ઈરવીન
" વાઈસરાય એન્ડ ગવર્નર જનરલ" ૭.૧

(" જૈન ધર્મ પ્રકાશ" માં છપાયેલ, તે સાભાર અહીં રજૂ કર્યું છે; ભાષાંતરકર્તા, શ્રી પરમાનંદભાઈ કુંવરજી કાપડિયા)

આ સમાધાન થયા પછી, શ્રી શંત્રુજય તીર્થની યાત્રા, તા. ૧–૬–૧૯૨૮ ના રોજ, શરૂ કરવાનો વિધિ પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબના હસ્તે જ કરાવવાનું નક્કી કરીને, તા. ૨૮–૫–૧૯૨૮ ના રોજ, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી, શ્રીસંઘ જોગ નીચે મુજબ પરિપત્ર પ્રગટ કરીને, જુદાં જુદાં શહેરો અને ગામોમાં, તરત પાઠવવામાં આવ્યો હતો—

" શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી જણાવવાનું કે, શ્રી શત્રુંજયની બાબતમાં સંતોષકારક સમાધાની થઈ ગઈ છે તે જાણી આપ સર્વ ભાઈઓને હર્ષ થશે. એ સમાધાની પ્રમાણે શ્રી શત્રુંજયની યાત્રા તા. ૧ જુન સને ૧૯૨૮ ના દીવસે ખોલવાની છે. આપણી વિનંતીથી પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબ એ શુભ ક્રિયા તે દીવસે કરશે તેથી હવે સર્વ ભાઈઓ પાલીતાણે જાત્રા કરવા સારૂ પધારશો.

" ઉપરની ખબર આપના ગામમાં તથા આજુબાજુના ગામમાં આપશો.

(સહી) " ભગુભાઈ ચુનીલાલ
વહીવટદાર પ્રતિનિધિ"

આ પ્રકરણને કારણે તેમ જ અગાઉ બનેલ કેટલાક બનાવોને લીધે પણ, પાલીતાણા રાજ્ય અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તથા જૈન સંઘ વચ્ચે કેટલી બધી કડવાશ અને કલેશ-દ્વેષની લાગણી ઊભી થવા પામી હતી, તે જગજાહેર હતું. આવી વેદના અને તીવ્રતાથી ઊભરાતી લાગણી, બે વર્ષ કરતાંય લાંબા સમય સુધી, ચાલુ રહી હોવા છતાં આ સમાધાન થયા પછીના પહેલા જ અઠવાડિયામાં, જાણે એ કડવાશ, વેદના અને કલેશ–દ્વેષની લાગણીની તીવ્રતાને જૈન સંઘ તરત જ ધોઈ નાખવા અથવા વીસરી જવા ઇચ્છતો હોય, અને પાલીતાણાના ઠાકોર સાહેબ સાથે શાંતિ-સુલેહ-સંપથી રહી શકાય એવું એખલાસભર્યું વાતાવરણ સર્જવા માંગતો હોય, એવી ખેલદિલી, શાણપણ અને દૂરંદેશીથી ભરેલી પેઢીની આ જાહેરાત હતી. અને એ પેઢીના સંચાલકોમાં તથા જૈન સંઘના મુખ્ય મોવડીઓમાં ટકી રહેલ મહાજન તરીકેની વિશિષ્ટ ઉદારતા, આવડત અને કુનેહની સાખ પૂરતી હતી.

આ કરારનામા ઉપરથી જોઈ શકાય છે કે, ગઢ, રસ્તા વગેરેના હક્કોની બાબતમાં તથા એના સમારકામ વગેરેની બાબતમાં તેમ જ જૈનેતર દેવસ્થાનોની માલિકી તથા સાચવણીના જૈન સંઘના અધિકારની બાબતમાં પાલીતાણા રાજ્ય સાથે પેઢીને કે જૈન સંઘને ભવિષ્યમાં ઘર્ષણમાં ઊતરવું ન પડે એ જાતની પૂરેપૂરી ચોખવટ એમાં કરવામાં આવી હતી.

ઉપરાંત જ્યારે આ કરારની ૩૫ વર્ષની સમયમર્યાદા પૂરી થાય ત્યાર પછી પણ રખોપાની રકમમાં ફેરફાર કરીને નિશ્ચિત રકમ જ નક્કી કરવાનું કરારમાં સ્પષ્ટ રૂપે જણાવવામાં આવ્યું હતું. આનો અર્થ એ થયો કે, ભવિષ્યમાં કોઈ પણ સંજોગમાં પાલીતાણા રાજ્ય શ્રી શત્રુંજયના યાત્રિકો પાસેથી મુંડકાવેરો ઉઘરાવવાની, પહેલાં ક્યારેક ક્યારેક ચાલુ રહેલી, પ્રથાને ફરી ચાલુ ન જ કરી શકે, એવી પાકી જોગવાઈ આ કરારમાં કરવામાં આવી હતી. આના લીધે યાત્રિકોને મુંડકાવેરા નિમિત્તે ભવિષ્યમાં કનડગત થવાની કોઈ શક્યતા રહેવા પામી ન હતી.

## જૈન સંઘમાં વ્યાપેલ હર્ષ અને ઉત્સાહ

આ કરાર થવાને લીધે જૈન સંઘમાં ખૂબ હર્ષ વ્યાપી ગયો હતો અને સહુએ આ કરારને ઉત્સાહથી વધાવી લીધો હતો. આ કરારને લીધે સંઘમાં વ્યાપેલ ઉત્સાહના પ્રમાણનો ખ્યાલ ફક્ત એક જ દાખલા ઉપરથી પણ આવી શકશે : હુબલીના શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજને આ પ્રસંગે જે ખુશાલી વ્યક્ત કરી હતી, અને એની ઉજવણી, જેવા ઉલ્લાસથી, મોટા પાયા ઉપર, કરી હતી, તે તેમના તા. ૭–૬–૧૯૨૮ ના

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઉપર લખેલા પત્ર પરથી જાણી શકાય છે. એ પત્રમાં તેઓએ લખ્યું હતું કે—

"જત વિનંતી સાથે લખવાનું કે, આપના તરફથી જુદા જુદા નામે ત્રણ પત્રો મળ્યા તેમ જ આસપાસના ગામોમાં મોકલવાના બીજા પત્રોનું બંડલ પણ મળ્યું છે. તે સુચનાનુસાર આસપાસના ગામે મોકલાવ્યા છે તે જાણશો.

"આ પત્રો મળ્યા પહેલાં જ ન્યુસ-પેપરોથી જાણવામાં આવ્યું કે તા. ૧–૬–૨૮ થી જાત્રા ખુલ્લી થયાનો સંતોષકારક ઠરાવ બન્ને પક્ષ વચ્ચે સમાધાનીથી થઈ ગયો તેથી તે દિવસે અહીં એક ઉત્સવ તરીકે તે દિવસને માની પાખી પાળવામાં આવી હતી, તેમ જ ધામધૂમથી ૯૯ પ્રકારની પુજા ભણાવવામાં આવી, સૌ ભાઈઓ એકત્ર થઈ ગાજતેવાજતે અરસપરસ મળવા નીકળી પડ્યા હતા, ઘર દીઠ સાકરની લાણી કરવામાં આવી હતી, તેમ જ સ્વામીવાત્સલ્યનું જમણ કરવામાં આવ્યું હતું. અને ગરીબોને લગભગ ૫૦૦) મણ મીઠાઈ છુટે હાથે વેંચવામાં આવી હતી. આ પ્રમાણે તે સુવર્ણમય દિવસ ઉજવવામાં આવ્યો હતો તે સહજ જણાવવામાં આવે છે.

"લી.

"શા કરમસી ખેતસી
સદર સંસ્થાના વહિવટદાર"

આ પત્રમાં જણાવવામાં આવ્યું છે તે પ્રમાણે જ, દેશના બધા વિભાગોમાં, જુદાં જુદાં સ્થાનોમાં, નાના-મોટા ધાર્મિક કાર્યક્રમો યોજીને, જે તે સ્થાનોના સંઘોએ, પોતાનો હર્ષ-ઉલ્લાસ પ્રદર્શિત કર્યો હતો. અને એમ કરીને આ કરારને એટલે કે યાત્રામુક્તિના આ સોનેરી અવસરને અંતરના ઉમળકાથી વધાવી લીધો હતો. પેઢીને માટે તો આ ઘટના પોતાની કાર્યવાહીની સફળતા અને ધન્યતાનો વિશિષ્ટ અનુભવ કરાવે એવી ઐતિહાસિક ઘટના પુરવાર થઈ હતી, એમ કહેવું જોઈએ.

આ રીતે આ પ્રકરણનો સુખદ અંત આવતાં બે વર્ષ અને બે માસ જેટલા લાંબા સમય સુધી ચાલેલ શ્રી શત્રુંજય તીર્થની યાત્રાબંધીરૂપે પાલીતાણા રાજ્ય સામે ચાલેલ અસહકારના આંદોલનનો અંત આવ્યો હતો અને ફરીથી યાત્રા, આનંદ અને ઉલ્લાસના વાતાવરણ વચ્ચે, શરૂ થઈ હતી. જૈન સંઘે દાખવેલ યાત્રાબંધીની આવી દાખલારૂપ મક્કમતાને લીધે દરબારશ્રીને, તા. ૧–૪–૧૯૨૬ થી તા. ૩૧–૫–૧૯૨૮ સુધીની, બે વર્ષ અને બે માસ જેટલા સમયની આવક ગુમાવવી પડી હતી !

આ સમાધાન થયા પછી રખોપાની વાર્ષિક રૂ. ૬૦,૦૦૦ની રકમ, નિયમિત રીતે અને વખતસર, પાલીતાણાના દરબારશ્રીને ચૂકવી શકાય એટલા માટે અમદાવાદ તથા મુંબઈમાંથી એટલી રકમનું ફંડ એકત્ર કરવામાં આવ્યું હતું કે જેના વ્યાજમાંથી રખોપાની રકમની ચૂકવણી કરી શકાય અને એ માટે પેઢીને કે શ્રીસંઘને બીજી કશી ચિંતા કરવાની જરૂર ન રહે.

## રખોપાની રકમની માફી

સને ૧૯૪૮ માં ભારતનાં દેશી રાજ્યો સ્વતંત્ર ભારતમાં ભળી ગયાં અને એ જ અરસામાં સૌરાષ્ટ્ર સરકારની રચના થઈ, એટલે એ સરકારના પહેલા મુખ્ય પ્રધાન શ્રી ઉછરંગભાઈ ઢેબરે રખોપાની આ રકમ લેવાનું બંધ કર્યું. એટલે પછી શત્રુંજયની યાત્રા ઉપર કોઈ પણ જાતના સરકારી લાગા, કર કે હક્કરૂપે પ્રતિબંધ રહેવા ન પામ્યો. અને આ મહાતીર્થની યાત્રા સર્વથા કરમુક્ત બની ગઈ.

હવે જ્યારે રખોપા નિમિત્તે કોઈ પણ જાતની રકમ સરકારને નિયમિત રીતે ભરવાની ન રહી એટલે પછી વાર્ષિક રૂ. ૬૦,૦૦૦ની વ્યાજની ઊપજ માટે જે ભંડોળ એકત્ર કરવામાં આવ્યું હતું તેને, સ્વતંત્ર જુદા ફંડરૂપે ન રાખતાં, પેઢી હસ્તકના સાધારણ ખાતાની રકમ સાથે ભેળવી દેવામાં આવ્યું.

આ રીતે શ્રી શત્રુંજય મહાતીર્થના રખોપા અંગે પાલીતાણા રાજ્ય સાથે કુલ જે પાંચ કરાર થયા હતા, તેની વિગતો પૂરી થઈ અને છેલ્લા રખોપાના કરારના અંત સાથે આ આખું પ્રકરણ પણ પૂરું થાય છે. આમ છતાં, એ પૂરું કરતાં પહેલાં, બે મહત્ત્વની બાબતો અહીં ખાસ ધ્યાનમાં લેવા જેવી હોવાથી, તેનો નિર્દેશ પણ અહીં કરવો જોઈએ, જે નીચે પ્રમાણે છે—

(૧) જ્યારે અંબાજી, દ્વારકા, આબુ–દેલવાડા વગેરે તીર્થસ્થાનોમાં યાત્રિકો પાસેથી મુંડકાવેરો વસૂલ કરવામાં આવતો હતો અને પાલીતાણા રાજ્ય તરફથી પોતાને શત્રુંજયના યાત્રિકો પાસેથી મુંડકાવેરો ઉઘરાવવાની અનુમતિ આપવાની માગણીના સમર્થનમાં આ દાખલાઓ ભારપૂર્વક રજૂ કરવામાં પણ આવતા હતા, ત્યારે પણ શત્રુંજયના યાત્રિકો, કેટલાંક વર્ષોનાં અપવાદને બાદ કરતાં, મોટા ભાગના સમય માટે, મુંડકાવેરાની કનડગતમાંથી મુક્ત રહી શક્યા હતા અને પાલીતાણા રાજ્યને રખોપાની વાર્ષિક બાંધી રકમ લેવાની ગોઠવણથી જ સંતોષ માનવો પડ્યો હતો, તે બીના આ બાબતમાં પેઢી કેટલી જાગૃત અને પ્રયત્નશીલ રહેતી હતી અને એના સંચાલકો તથા અન્ય જૈન આગેવાનો પણ બ્રિટીશ હકૂમતમાં કેટલો પ્રભાવ ધરાવતા હતા, એનું સૂચન કરે છે. સાથે સાથે એટલું પણ

ખરું કે, જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ત્યારે, પેઢી તરફથી પોતાની વાતની રજૂઆત મુદ્દાસર, મક્કમપણે અને ન્યાયસંગત રીતે જ કરવામાં આવતી હતી; અને એ માટે ઊંચામાં ઊંચી કક્ષાના કાયદાના નિષ્ણાતોની સલાહ લેવામાં કોઈ પણ જાતની ઉપેક્ષા કે કરકસર કરવામાં આવતી ન હતી. આ આખી બીના પેઢીના વહીવટની પ્રતિષ્ઠામાં વધારો કરે એવી અને એના માટે વિશેષ માન ઉપજાવે એવી છે. નાના કે મોટા કોઈ પણ જાતના હક્કની રક્ષાની બાબતમાં જરા પણ ગાફેલ ન રહેવું અને એ માટે છેવટ સુધી પૂરેપૂરો પ્રયત્ન કરવો, એ પેઢીનો મુદ્રાલેખ બની ગયો છે.

(૨) જ્યારે જ્યારે મુંડકાવેરાના અવેજમાં રખોપાની બાંધી રકમ નક્કી કરવાનો પ્રસંગ આવ્યો છે, ત્યારે ત્યારે પેઢીએ હંમેશાં એવું જ મક્કમ વિધાન કર્યું છે કે, રખોપાની આવક એ કંઈ પાલીતાણા રાજ્યની બીજી મહેસૂલી આવક કે કર જેવું ચાલુ સાધન નથી, પણ ભારતભરના જૈન સંઘ અને પાલીતાણા રાજ્ય વચ્ચે થયેલ રખોપાના વિશિષ્ટ પ્રકારના કરારના બદલામાં આપવામાં આવતી રકમ છે. પાલીતાણા રાજ્યે આ વાતનો સ્વીકાર કરવા અનેક વાર આનાકાની કરી હતી, પણ એ બાબતમાં જૈન સંઘે જરા પણ મચક આપી ન હતી.[૭૨] રખોપાનો કરાર એ, યાત્રિકોને આપવાના રક્ષણના બદલામાં દરબારશ્રીને આપવાની રકમને લગતો કરાર હતો, એટલે જ્યારે પણ કોઈક યાત્રિકની મિલકતને નુકસાન થતું ત્યારે પાલીતાણા રાજ્યે એ ભરપાઈ કરી દેવું પડતું હતું; આ વાતની ખાતરી નીચેના પ્રસંગ ઉપરથી પણ થઈ શકે છે—

સને ૧૮૮૬નો પાલીતાણા રાજ્યનો ૪૦ વર્ષની મુદતનો વાર્ષિક રૂ. ૧૫,૦૦૦) નો રખોપાનો કરાર સને ૧૯૨૬માં પૂરો થતો હતો. તે અંગે પાલીતાણા દરબારશ્રીએ કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સો. સી. વોટસનને જે અરજી કરી હતી, તેના જવાબમાં પેઢી તરફથી તા. ૨૩-૪-૧૯૨૬ ના રોજ જે અરજી કરવામાં આવી હતી, તેના ૪૫ મા ફકરા ઉપરથી જાણવા મળે છે કે, સને ૧૮૭૪ ની સાલમાં, એક સંઘના યાત્રિકને કંઈક નુકસાન થયું હતું અને એ ભરપાઈ કરવા માટે, પોલિટિકલ એજન્ટની સૂચના મુજબ, પાલીતાણા દરબારશ્રીને, સને ૧૮૭૬ માં, રૂ. ૪૩૦૦/- જેવી રકમ ચૂકવવી પડી હતી.[૭૩] આ બનાવની સવિસ્તર માહિતી " પાલતાણા રાજ્ય સાથેના કેટલાક ઝઘડા " નામે અગિયારમા પ્રકરણમાં આપવામાં આપવામાં આવી છે.

## સમાધાન અંગે કરવામાં આવેલ વિશેષ પ્રયત્ન

પાલીતાણાના દરબારશ્રીએ રૂ. ૧૫,૦૦૦) નો કરાર, તા. ૩૧-૩-૧૯૨૬ ના રોજ પૂરો થયા પછી, પોતે આ બાબતમાં શું ઇચ્છે છે એની સવિસ્તર રજૂઆત કરતો જે પત્ર, તા. ૧૪-૯-૧૯૨૫ ના રોજ, એજન્સીને લખ્યો હતો, એની વિગતો આગળ આપી

દેવામાં આવી છે. દરબારશ્રીની આ અરજીની નકલ, તા. ૯-૩-૧૯૨૬ના રોજ, પેઢીના પ્રતિનિધિઓ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ, શેઠશ્રી અંબાલાલ સારાભાઈ તથા શેઠશ્રી સારાભાઈ ડાહ્યાભાઈએ, રાજકોટ મુકામે, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસનની મુલાકાત લીધી તે પછી જ, પેઢીને (તા. ૧૦-૩-૧૯૨૬ના રોજ) મળવા પામી હતી. આ હકીકત ઉપરથી, વસ્તુસ્થિતિથી અજાણ વ્યક્તિઓને, એમ લાગી જવાનો સંભવ છે કે, પેઢીના પ્રતિનિધિઓ તથા જૈન સંઘના અગ્રણીઓ આ બાબતમાં પાલીતાણાના દરબારશ્રીની અરજીની નકલ મળ્યા પછી જ જાગૃત બન્યા હતા. પણ ખરી વાત એથી જુદા પ્રકારની હતી. અને પેઢીના પ્રતિનિધિઓ અને જૈન સંઘના અગ્રણીઓ આ પહેલાં જ આ બાબતમાં સજાગ અને પ્રયત્નશીલ થયા હતા. આ વાતની પ્રતીતિ નીચેની માહિતી ઉપરથી થઈ શકશે—

તા. ૧૨-૨-૧૯૧૬ના રોજ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ, શેઠશ્રી અંબાલાલ સારાભાઈ, શેઠશ્રી કીકાભાઈ પ્રેમચંદ તથા શેઠશ્રી શાંતિદાસ આસકરણે મુંબઈના નામદાર ગવર્નર સર લેસ્લી વિલ્સનની મુંબઈમાં મુલાકાત લીધી હતી અને, રખોપાની બાબતની અને પાલીતાણા રાજ્યની હકૂમત ( jurisdiction )ને લગતી વસ્તુસ્થિતિની રજૂઆત કરીને, આ બાબતમાં જૈન સંઘને વેઠવી પડતી મુશ્કેલીઓની વિગતવાર સમજૂતી આપી હતી. આ પ્રસંગે આ બાબતમાં નામદાર વાઈસરોય લોર્ડ રીડિંગને પણ જરૂરી લખાણ કરવાની નામદાર ગવર્નરશ્રીને વિનંતી કરવામાં આવી હતી, જેનો ગવર્નરશ્રીએ સ્વીકાર કર્યો હતો. આ પછી, તા. ૧૯-૨-૧૯૧૬ના રોજ, મુંબઈના ના. ગવર્નર સર લેસ્લી વિલ્સને, શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ ઉપર પત્ર લખીને, લોર્ડ રીડિંગ સાથે જે કંઈ પત્રવ્યવહાર થયો હતો એની જાણ કરી હતી. એમાં વાઈસરોયની વતી એવી ખાતરીનું ઉચ્ચારણ કરવામાં આવ્યું હતું કે, આ બાબતની અગત્ય તેઓ બરાબર સમજે છે અને એજન્ટ ટુ ધ ગવર્નર જનરલ એનું ધ્યાનપૂર્વક પરીક્ષણ કરે એવી એમને સૂચના પણ આપવામાં આવી છે.[૭૪]

( આગળ સૂચવવામાં આવ્યું છે તેમ, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસન એ બાબતનો પૂરેપૂરો આગ્રહ ધરાવતા હતા કે, પાલીતાણા રાજ્ય સામેની, એજન્સીને આપવાની, કોઈ પણ અરજી તથા એજન્સી તરફથી પેઢીને આપવાની કોઈ પણ સૂચનાની આપ-લે પાલીતાણા રાજ્ય મારફત જ થવી જોઈએ. આમ છતાં પેઢીના પ્રતિનિધિઓ સાથેની, તા. ૯-૩-૧૯૨૬ની, મુલાકાત વખતે એમણે પોતાના આ આગ્રહી વલણમાં ફેરફાર કરીને દરબારશ્રીની અરજીની નકલ એજન્સીના દફ્તરમાંથી કરી લેવાની પેઢીને અનુમતિ આપી હતી, તે મુંબઈના ગવર્નર સાહેબની આવી કોઈક ભલામણને કારણે જ હશે એમ લાગે છે. )

મુંબઈના ગવર્નરશ્રી સાથેની આ મુલાકાત પછી આ બાબતની નામદાર વાઈસરોય લોર્ડ રીડિંગને જાણ કરવા માટે અને એમ કરીને જૈન સંઘની લાગણીથી એમને પરિચિત કરવા માટે, તા. ૨૨-૨-૧૯૨૬ ના રોજ સાંજના, શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ, શેઠશ્રી અંબાલાલ સારાભાઈ અને શેઠશ્રી શાંતિદાસ આસકરણે એમની, નવી દિલ્હીમાં, મુલાકાત લીધી હતી. આ મુલાકાત વખતે નામદાર વાઈસરોય સાહેબે પોતે આ બાબતમાં શું કરી શકે એમ છે તે જાણવા માગ્યું હતું. અને ત્યારે એવું પણ નક્કી કરવામાં આવ્યું હતું કે, અત્યારે આ બાબત કાઠિયાવાડના એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ (પોલિટિકલ એજન્ટ) સમક્ષ રજૂ થયેલી હોવાથી, પેઢીના પ્રતિનિધિઓએ પહેલાં એમની મુલાકાત લઈને પોતાની વાત એમની સમક્ષ રજૂ કરવી. (આ નિર્ણય મુજબ પેઢીના પ્રતિનિધિઓએ, અગાઉ નોંધ્યા પ્રમાણે, તા. ૯-૩-૧૯૨૬ ના રોજ, રાજકોટ મુકામે, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટની મુલાકાત લીધી હતી.)

મુંબઈના નામદાર ગવર્નર લેસ્લી વિલ્સનની તા.-૧૨-૨-૧૯૨૬ના રોજ, પેઢીના પ્રતિનિધિઓએ મુલાકાત લીધી, તે વખતે એમની વચ્ચે જે વાતચીત થયેલી તેની અંગ્રેજીમાં લખાયેલી ખાનગી નોંધ પેઢીના દફતરમાં સચવાયેલી છે.[૭૫] ઉપરાંત, નામદાર ગવર્નરશ્રીને મળ્યા પછી, એમણે આ પ્રકરણના ઉકેલની બાબતમાં નામદાર વાઈસરોયને પત્ર લખ્યાની જાણ કરતો પત્ર, શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈને, તા. ૧૯-૨-૧૯૨૬ ના રોજ, લખ્યો હતો, તે પણ પેઢીના દફતરમાંથી મળી આવેલ છે, જેનો નિર્દેશ આ અગાઉ થઈ ગયો છે.

આ પ્રકારના અનુસંધાનમાં ધ્યાનમાં લેવા જેવી એક બાબત એ પણ છે કે, શત્રુંજય તીર્થની યાત્રાએ જતા શ્રીસંઘને દરબારશ્રી તરફથી અનેક પ્રકારે નાની-મોટી કનડગત કરવામાં આવતી હતી, તે અંગે પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓએ, તા. ૩૦-૯-૧૯૨૫ ના રોજ, નામદાર વાઈસરોય અને ગવર્નર જનરલ લોર્ડ રીડિંગ સમક્ષ એક સવિસ્તર અરજી કરી હતી. આ અરજીમાં દરબારશ્રી તરફથી કરવામાં આવતી કનડગતના કેટલાક કિસ્સાઓ પણ ટાંકવામાં આવ્યા હતા.[૭૬] પેઢી તરફથી આ અરજી મોકલવામાં આવી એ અગાઉ જ પાલીતાણાના દરબારશ્રીએ, તા. ૧૪-૯-૧૯૨૫ ના રોજ, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટને અરજી કરીને, તા. ૧-૪-૧૯૨૬ ના રોજ, રખોપાનો કરાર પૂરો થતો હોવાથી, આગળ ઉપર પોતે આ બાબતમાં શું કરવા ઇચ્છે છે, તેની વિગતો લખી જણાવી હતી. અને એમાં મુખ્ય માગણી રખોપાની બાંધી રકમને બદલે મુંડકાવેરો લેવા દેવા પોતાને અનુમતિ આપવામાં આવે તે મતલબની હતી.

જો દરબારશ્રીની આવી, યાત્રિકોને ખૂબ મુસીબતરૂપ થઈ પડે એવી માગણીની જાણ પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓને સમયસર થઈ હોત તો તેઓએ નામદાર વાઈસરોયને કરેલ અરજીમાં એ બાબતનો પણ નિર્દેશ કરીને મુંડકાવેરો શરૂ કરવાની દરબારની માગણી સામે પોતાનો સખ્ત વિરોધ જરૂર નોંધાવ્યો હોત. પણ પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓ તો એમ જ માનતા હતા કે, સને ૧૮૮૬ માં થયેલ રૂ. ૧૫,૦૦૦] ની વાર્ષિક રકમના રખોપાના કરારની ત્રીજી કલમ મુજબ, દરબારશ્રી તરફથી મજકૂર રકમમાં ફેરફાર કરવાની જ માગણી કરવામાં આવશે અને મુંડકાવેરો સજીવન કરવાની કોઈ માગણી કરવામાં નહીં આવે.

પણ જ્યારે પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓને દરબારશ્રીની મુંડકાવેરો શરૂ કરવાની ઈચ્છાની જાણ થઈ ત્યારે કોઈ પણ રીતે એને અટકાવી દેવી જોઈએ એમ એમને સ્પષ્ટ લાગ્યું અને એ ઉપરથી, પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓ તથા જૈન સંઘના અગ્રણીઓની દોરવણી મુજબ, સમગ્ર જૈન સંઘે, વોટસનના ચુકાદાની સામે, તેમ જ એ ચુકાદામાં પાલીતાણાના દરબારશ્રીને મુંડકાવેરો લેવાની આપવામાં આવેલી છૂટ સામે, સંપૂર્ણ એકતા સાધીને, સ્વેચ્છાથી યાત્રાનો ત્યાગ કરવારૂપે, કેવાં જલદ પગલાં ભર્યાં હતાં એની વિગત આ પહેલાં આપી દેવામાં આવી છે.

અહીં તો જે વાત ખાસ ધ્યાનમાં લેવા જેવી છે તે એ છે કે, પાલીતાણા દરબારશ્રી તરફથી થતી જૈન સંઘની અનેક પ્રકારની કનડગતો સામે પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓએ નામદાર વાઈસરોય અને ગવર્નર જનરલ લોર્ડ રીડિંગ સમક્ષ સમર્થ રજૂઆત કરીને એની સામે દાદ માગી હતી. એટલે હવે પછીના પ્રકરણમાં આવી કનડગતોની કેટલીક મહત્ત્વની હકીકતો રજૂ કરવામાં આવી છે.

## દસમા પ્રકરણની પાદનોંધો

૧. તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની યાત્રાએ જતાં ભાવિક યાત્રિકો પાસેથી, રાજ્ય તરફથી, મનફાવે તે રીતે, મુંડકાવેરા તરીકે કે કરરૂપે કેટલી રકમ વસૂલ કરવામાં આવતી હતી, તેની કેટલીક માહિતી, આ પુસ્તકના પાંચમા પ્રકરણ (પૃ૦ ૫૩)માં તથા એ પ્રકરણની ૧૦ મા નંબરની પાદનોંધ (પૃ૦ ૮૩-૮૪)માં આપવામાં આવી છે.

૨. નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીએ અમદાવાદમાં બીબીપુરામાં બંધાવેલ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના ભવ્ય, વિશાળ અને શિલ્પકળાના એક ઉત્તમ અને સુંદર નમૂના સમા જિનાલયની, શાહજાદા ઔરંગઝેબે એને ખંડિત કર્યું એની, વિદેશી પ્રવાસીઓએ કરેલી એની પ્રશંસાની, એ માટે રચાયેલ પ્રશસ્તિની અને એને રાજ્યના ખરચે સમું કરાવીને શ્રી શાંતિદાસ શેઠને પાછું સુપ્રત કરવા માટે બાદશાહ શાહજહાંએ આપેલ ફરમાનની સવિસ્તર માહિતી આ ગ્રંથના પાંચમા પ્રકરણની ૧૬ મા નંબરની પાદનોંધમાં (પૃ૦ ૯૦ થી ૯૪ સુધીમાં) આપી છે.

આ મંદિરના શિલ્પકામની ભવ્યતાનું જે વર્ણન મંદિર ખંડિત થયું તે પહેલાં જર્મન પ્રવાસી આલ્બર્ટ ડી. મેન્ડેલસ્લોએ અને મંદિર ખંડિત થયા પછી ફ્રેંચ પ્રવાસી એમ. ડી. થેવેનોટે કર્યું છે, તે ઉપર સૂચવેલ પાદનોંધમાં આપવામાં આવ્યું છે. એ જ રીતે ફ્રાન્સના એક જાણીતા ઝવેરી અને પ્રવાસી, કે જેમણે અમદાવાદની મુલાકાતો ઘણી વાર લીધી હતી, તે એમ. ટેવરનિયરે (M. Tavernier) પણ પોતાના "ટ્રાવેલ્સ ઇન ઇન્ડિયા" નામે પુસ્તકમાં એક ખંડિત મંદિરનું જે વર્ણન લખ્યું છે, તે પણ આ મંદિરને લગતું જ હોવાનું પ્રો. કોમિસેરિયેટ માને છે, જે આ પ્રમાણે છે—

"There was a Pagoda in this place which the Muhammadans took possession of in order to turn it into a mosque. Before entering it you traverse three great courts paved with marble, and surrounded by galleries, and you are not allowed to place foot in the third without removing your shoes. The exterior of the mosque is ornamented with mosaic, the greater part of which consists of agates of different colours, obtained from the mountains of Cambay, only two days' journey from thence."

અર્થ—"આ સ્થાનમાં (અમદાવાદમાં) એક પેગોડા-પવિત્ર ઇમારત (જિનમંદિર)-છે, જેનો મુસલમાનોએ કબજો લઈને એને મસ્જિદમાં ફેરવી નાખી હતી. એમાં પ્રવેશ કરતાં પહેલાં તમારે આરસ જડેલા અને ચારે કોર રવેસ (ગેલરી) ધરાવતા ત્રણ મંડપો (courts)-માંથી પસાર થવું પડે છે; અને, તમારા જોડા કાઢ્યા વગર, ત્રીજા મંડપમાં પ્રવેશ કરવાની

તમને છૂટ મળતી નથી. મસ્જિદ (મંદિર)નો બહારનો ભાગ રંગીન કાંકરીઓથી બનાવેલ ચિત્રકામથી શણગારવામાં આવેલ છે; અને એનો વધુ મોટો ભાગ, જુદા જુદા રંગના અકીકના પથ્થરોથી જડેલો છે. આ પથ્થરો ખંભાતના પહાડોમાંથી મળી આવે છે. ખંભાતથી અમદાવાદ બે દિવસની મુસાફરી જેટલે દૂર જ આવેલ છે."

ટેવરનિયરના આ વર્ણનમાંના "તમારા જોડા કાઢયા વગર ત્રીજા મંડપમાં પ્રવેશ કરવાની તમને છૂટ મળતી નથી"—એ શબ્દો કંઈક એમ સૂચવતા હોય એમ લાગે છે કે, બાદશાહ શાહજહાંના ફરમાન મુજબ, આ મંદિરનો કબજો નગરશેઠ શાંતિદાસ ઝવેરીને મળી ગયા પછી, એ જિનમંદિર સાવ ઉપેક્ષિત અને અરક્ષિત થઈ ગયું હોવા છતાં, એના ત્રીજા મંડપ એટલે કે ગભારામાં કંઈક એવી પવિત્રતાની ભાવના સાચવી રાખવામાં (અથવા તો એકાદ જિનપ્રતિમા ત્યાં મૂકી રાખવામાં) આવી હશે કે જેથી એમાં જોડા પહેરીને પ્રવેશ કરવાની મનાઈ કરવામાં આવતી હોય.

ટેવરનિયરે અમદાવાદનો આ પ્રવાસ કઈ સાલમાં કર્યો હતો, તે જાણી શકાયું નથી; તે જાણી શકાયું હોત તો, સને ૧૬૪૮માં એટલે કે વિ. સં. ૧૭૦૪માં એ મંદિર પાછું મળ્યા પછી, એની આવી સ્થિતિ કયાં સુધી ચાલુ રહી હતી, તે જાણી શકાત.

આ હકીકતના અનુસંધાનમાં એક વાત તરફ સહજપણે જ ધ્યાન ગયા વગર નથી રહેતું કે, ફ્રાન્સના આવા મોટા ઝવેરાતના વેપારીએ, પોતાના વેપાર નિમિત્તે, અમદાવાદની અનેક વાર મુલાકાતો લીધી હોવા છતાં, એમણે કોઈ પણ વખત નગરશેઠ શાંતિદાસ જેવા શાહી ઝવેરી તરીકેનું બિરુદ ધરાવતા અગ્રણીની મુલાકાત ન લીધી હોય, એ બનવાજોગ નથી. આમ છતાં એ બેની વચ્ચે મુલાકાત થઈ હોવાની નોંધ મળતી નથી એ હકીકત છે. આનો એક અર્થ, કદાચ, એવો થઈ શકે કે મિ. ટેવરનિયરે, પોતાના ઝવેરાતના ધંધા નિમિત્તે, અમદાવાદની મુલાકાત લેવાની શરૂઆત કરી હશે, તે પહેલાં (સને ૧૬૫૯ એટલે કે વિ. સં. ૧૭૧૫માં) નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીનો સ્વર્ગવાસ થઈ ગયો હોય, એ બનવાજોગ છે. (આમ છતાં આ અંગે વિશેષ શોધ કરવા જેવી છે ખરી.)

૩. ઓહેલો સાથે રખોપાનો આ પહેલો કરાર નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી વગેરેએ, શા કારણે, કેવા સંજોગમાં અને કયા સ્થાનમાં કર્યો હતો, તેની કેટલીક વિગતો, ભાવનગરથી પ્રગટ થતા "જૈન" સાપ્તાહિકની ભેટરૂપે, વિ. સં. ૧૯૮૫–સને ૧૯૨૯–માં, પ્રકાશિત થયેલ અને એ પત્રના તંત્રી શ્રી દેવચંદ દામજી શેઠે સંપાદિત કરેલ "શ્રી શત્રુંજય પ્રકાશ" નામે પુસ્તક (પૃ૦ ૧૦૦-૧૦૧)માં આપવામાં આવી છે, જે અહીં સાભાર રજૂ કરવામાં આવે છે—

"શાંતિદાસ શેઠે તીર્થનો વહીવટ સંભાળ્યો ત્યારે તીર્થાધિરાજ ઉપર આવેલો બહોળો ચૈત્ર (ચૈત્ય) પરિવાર તથા પવિત્ર સ્થાનોના દર્શનાર્થે યાત્રિકોનું આગમન વિશેષ રહેવાથી યાત્રિકોના જાનમાલના રક્ષણાર્થે આસપાસથી કાઠી-ગરાસીયા આવી રહેતા. તેને તેની કામગીરીના બદલામાં એકબીજાની ખુશી પ્રમાણે ઇનામ મળતું. દરમિયાન એક વખત નાડલાઈનો સંઘ આવતાં લે–દે સંબંધમાં ભાંજઘડ થવાથી ભવિષ્યમાં આડમાર્ગું અગવડ ન

પડે તે માટે પાલીતાણામાં સ્થાનિક દેખરેખ રાખનાર કડવા દોશી માર્ફત ગારીયાધારના ગોહેલોને તે કામ સોંપ્યું.

"આ ગોઠવણથી તેઓ આવતા સંઘની સામે જતા (મળણું કરતા), સ્થાનિક ઉતારાની ચોકી કરતા અને ડુંગર ઉપર ચઢતાં કોઈ અગવડ ન કરે તે માટે સંભાળ રાખતા. પરંતુ તે કામના મોબદલાની લેતી દેતીમાં એક સરખું ધોરણ ન હોવાથી ગુંચવણ થવા લાગી એટલે તેનું એકસરખું ધોરણ નક્કી કરવાને સં. ૧૭૦૭માં ગારીયાધારથી ગોહેલ કાંધાજી, બાઈ પદમાજી તથા બાઈ પાટમદેને લઈને કડવો દોશી અમદાવાદ ગયા. બારોટ પરબત, ગોરજી ગેમલજી તથા લખમણજી વગેરે તેમની સાથે ગયા, અને અમદાવાદમાં શેઠ શાંતિદાસ સહસકરણ તથા શા. રતન સુરા વગેરે સંઘ જોગું ખત કરવામાં આવ્યું, જેમાં ગોહેલોએ સંઘનું મળણું–ચોકી કરવાને તેના બદલામાં છુટક જાત્રાળુ પાસેથી અડધી જામી, એક ગાડે અઢી જામી અને સંઘ પાસેથી સુખડી મણ એક અને અઢી જામી મળે તેમ ઠરાવ્યું."

આ માહિતી ઉપરથી આ પ્રમાણે ત્રણ મુદ્દા સંબંધી વિશેષ જાણકારી મળવા પામે છે—

(૧) વિ. સં. ૧૭૦૭નો કરાર થયો તે પહેલાં પણ શ્રી શત્રુંજયનાં યાત્રિકોના જાન-માલની સાચવણીનું કામ ગારિયાધારના ગોહેલોને સોંપવામાં આવ્યું હતું.

(૨) તે વખતે કડવા દોશી પાલીતાણામાં રહીને તીર્થની દેખરેખ રાખતા હતા; અને આ કરાર એમના પ્રયાસથી અમદાવાદમાં થવા પામ્યો હતો.

(૩) આ કરાર (એટલે કે એના ઉપર સહી-સિક્કા) અમદાવાદમાં થયો હતો.

વિ. સં. ૧૭૦૭ નો રખોપાનો આ પહેલો કરાર કરવાની નગરશેઠ શાંતિદાસને એ દૃષ્ટિએ પણ જરૂર લાગી હશે કે, તે વખતે ઘોરી બેલમ નામે દિલ્લીના બાદશાહનો એક સગો પાલીતાણામાં રહેતો હતો અને લોકોને રંજાડતો હતો; એ યાત્રાળુઓને કનડગત ન કરી શકે. (જુઓ, Travels in Western India, p. 294.)

૪. મોતીજીની જુબાની અંગ્રેજીમાં આ પ્રમાણે નોંધવામાં આવી છે—

"To. Mr. Branson—The chief of our gach (sect) was Herbegeshwari. I produce the following document which I received from my Guru, i. e. an agreement of st. 1707.

[Recorded Z 27.]

"I arrived in Rajkot the day before yesterday at 6 or 7 P.M. Joetaram, a shravuk, wrote to me to Porebunder to bring this document. He is a Sheitia of Ahmedabad.

To Mr. Budrudin—This document was given to me six days ago by our Acharya Dharmanandsuri, who is the brother of my

Guru Gumanji. The document was given to me in the prayer-place. I do not know how it came into the possession of my Guru. It must belong to the gadi. The letter from Joetaram was to my Guru."

૫. યતિશ્રી મોતીજીની જુબાની ઉપર દરબારશ્રીની ટીકાની નોંધ આ કેસમાં આ પ્રમાણે અંગ્રેજીમાં લેવામાં આવી છે—

"This witness produced exhibit No. 27. His evidence is important, because he produced the document which it is contended is a forgery. So we give his evidence in full, simply remarking that the production by a witness in whose possession it had only been fot six days, the non-appearance of the person in whose possession the document had previously been, and the non-production of Joctaram's letter, are circumstances of suspicion sufficient to throw grave doubts on the genuineness of the document."

૬. આ દસ્તાવેજ સાચો હોવા અંગેનો મિ. કેન્ડીએ આ પ્રમાણે ફેંસલો આપ્યો હતો—

"68. I come now to the document Z (27). It was produced by the witness Motiji (32), a Jati of Porbandar. He deposed that he had brought the document from Dharnand Suri, a Jain Acharya.

"69. The learned counsel for the Thakore impugned its genuineness on the ground that it was produced at a late stage in the case. The Shravuks replied that it was only lately that they heard where the document was. This is possible. It was also contended that the ink looked too black for such an old document. The ink is dark; but it does not follow that, because a document is old, the ink must have faded.

"70. It must be remembered that the document was produced before Captain Barnewell as far back as A. D. 1820, and has been repeatedly referred to in previous proceedings. Captain Barnewell wrote :—'An agreement was entered into between the heads of the Shravuks and the ancestors of the present Palitana Chief, when, in consideration of protection, a moderate contribution was stipulated for by a written instrument which is forthcoming.' The document was therefore produced. Captain Barnewell refers to the

document as dated Samvut 1807 ( A. D. 1750 ); but this is clearly a mistake for Samvut 1707 ( A. D. 1650-51 ). In the petition of 1859, the Shravuks referred to the agreement as of Samvut 1707. In 1862, the Thakore wrote :—' Even the document dated Samvut 1707 produced by the Shravuks, itself proves the hill to be ours.' And Colonel Keatinge, in his proceedings in 1863, recorded a 'copy of an agreement alleged to have been passed by the Thakore to the Shravuks, in Samvut 1707 ( A. D. 1650-51 ).' The translation recorded in Colonel Keatinge's proceedings tallies with the document now produced. The document cannot therefore now be rejected."

**અર્થ**—"હવે હું ( ૨૭ મા ઝેડ ) નમૂનાના દસ્તાવેજ વિષે બોલું છું. તે દસ્તાવેજ પોરબંદરના જતી મોતીજીએ રજૂ કર્યો હતો. તેણે એવી જુબાની આપી છે કે, તે દસ્તાવેજ જૈન આચાર્ય ધારનંદસૂરી ( ધર્માનંદસૂરિ ) પાસેથી હું લાવેલો છું.

"ઠાકોર તરફથી વિદ્વાન વકીલે કહ્યું કે, તે દસ્તાવેજ અસલ નથી, માટે તે રદ કરવો જોઈએ, કારણ, કેસ ચાલી રહેવાની તૈયારીની વખતે તે રજૂ થયો છે. શ્રાવક લોકોએ જવાબ દીધો કે તે દસ્તાવેજ એમને હમણાં જ હાથ લાગ્યો છે. આમ હોઈ શકે. વળી એવી પણ તકરાર કરવામાં આવી હતી કે આવા જૂના દસ્તાવેજને વાસ્તે આ સહી બહુ કાળી છે. સહી કાળી છે, પરંતુ તે ઉપરથી એમ નથી સિદ્ધ થતું કે, દસ્તાવેજ જૂનો હોય માટે તેની સાહી ફીકી પડવી જોઈએ.

"એ વાત યાદ રાખવી જોઈએ કે, સને ૧૮૨૦ ની સાલમાં એ દસ્તાવેજ કેપ્ટન બાર્નવેલની આગળ રજૂ કરવામાં આવ્યો હતો અને આગળનાં કામોમાં વારંવાર તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કેપ્ટન બાર્નવેલે લખ્યું છે કે, 'શ્રાવકોના મુખત્યાર અને હાલના પાલીતાણાના રાજાના વડીલો વચ્ચે જે કરાર થયો, તે દસ્તાવેજ આ સાથે સામેલ છે.' તેટલા માટે આ દસ્તાવેજ રજૂ કરવામાં આવ્યો હતો. કેપ્ટન બાર્નવેલ તે કરારની તારીખ સંવત ૧૮૦૭ ( એટલે સને ૧૭૫૦ ) ની સાલ ગણે છે, પરંતુ આ સંવત ૧૭૦૭ ( એટલે સને ૧૬૫૦–૫૧ ) ને બદલે દેખીતી ભૂલ છે. ૧૮૫૯ ની અરજીમાં શ્રાવક લોકો એ કરાર ૧૭૦૭ માં થયેલો હોય એવી રીતે લખે છે. સને ૧૮૬૨ માં ઠાકોરે પોતે જ લખ્યું હતું કે, 'સંવત ૧૭૦૭ નો દસ્તાવેજ, જે શ્રાવકોએ રજૂ કર્યો છે, તે ઉપરથી પણ ડુંગર અમારો સાબીત થાય છે.' અને કર્નલ કીટીંજે પોતે ૧૮૬૩ માં કામ ચલાવ્યું, તેમાં ઠાકોરે શ્રાવકોને સંવત ૧૭૦૭ ( એટલે સને ૧૬૫૦–૫૧ ) માં કરી આપેલા કરારની નકલ નોંધી છે. કર્નલ કીટીંજના કામમાં નોંધેલો તરજૂમો હમણાં રજૂ કરેલા દસ્તાવેજની સાથે મળતો આવે છે. એટલા માટે એ દસ્તાવેજને નામંજૂર કરી શકાય નહીં."

૭. આ બાબતમાં મુંબઈ સરકારના ચીફ સેક્રેટરી મિ. જેમ્સ બ્રુસ સિમ્સન પર કાઠિયાવાડના

પોલિટિકલ એજન્ટ કેપ્ટન આર. બાર્નવેલે તા. ૨૦–૧૨–૧૮૨૦ ના રોજ લખેલ પત્રમાંથી મળતી માહિતીના આધારે કંઈક એવો અણસાર મળી રહે છે કે, આ રખોપાના પહેલા કરારનો અમલ છેક સંવત ૧૮૪૫ (સને ૧૭૮૮) સુધી એટલે કે કરાર થયા પછી ૧૩૭ વર્ષ જેટલા લાંબા ગાળા સુધી ચાલુ રહ્યો હતો. મજકૂર પત્રમાંનું લખાણ આ પ્રમાણે છે—

"4. An agreement was entered into between the heads of the Shravuks and the ancestors of the present Palitana Chief so far back as the Hindu year 1807 (A. D. 1750), when, in consideration of protection, a moderate contribution was stipulated for by a written instrument which is forthcoming; this rate of exaction continued until Sumvat 1845 (A. D. 1788), when it was greatly increased."

**અર્થ**—"શ્રાવકોના અગ્રેસરો અને હાલના પાલીતાણા દરબારના પૂર્વજો વચ્ચે છેક સંવત ૧૮૦૭ (ઈ. સ. ૧૭૫૦) માં એક લેખિત કરાર કરવામાં આવ્યો હતો કે જેના આધારે રખોપાના બદલામાં અમુક મધ્યમસર રકમ આપવાનું ઠરાવવામાં આવ્યું હતું. આ દસ્તાવેજ આની સાથે સામેલ કરવામાં આવ્યો છે. નક્કી કરેલ આ દરની ચૂકવણી સં. ૧૮૪૫ (ઈ. સ. ૧૭૮૮) સુધી ચાલુ રહી હતી; તે પછી તેમાં ઘણો વધારો કરવામાં આવ્યો."

(દફતર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ. ૪૫૯).

**નોંધ**—ઉપરના પત્રમાં દર્શાવવામાં આવેલ સં. ૧૮૦૭ (ઈ. સ. ૧૭૫૦) એ શરતચૂકથી નોંધાયેલ છે; ખરી રીતે આ કરાર વિ. સં. ૧૭૦૭ (ઈ. સ. ૧૬૫૦) માં થયો હતો. એટલે, ખરી રીતે, આ સાલ વિ. સં. ૧૭૦૭ (ઈ. સં. ૧૬૫૦) જોઈએ.

વળી સને ૧૯૨૬ ની પહેલી એપ્રિલે રખોપાનો, સને ૧૮૮૬નો ૪૦ વર્ષનો, કરાર પૂરો થતો હોવાથી, એ બાબતમાં પોતાની માગણીની બહુ જ વેળાસર, રજૂઆત કરવા માટે, પાલીતાણાના દરબારશ્રીએ, તા. ૧૪–૯–૧૯૨૫ ના રોજ, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વૉટસનને, જે અરજી કરી હતી, તેનો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓ તરફથી, તા. ૨૩–૪–૧૯૨૬ ના રોજ, જે જવાબ મોકલવામાં આવ્યો હતો, તેના ૩૩ મા પેરેગ્રાફમાંના નીચેના શબ્દો પણ, આ કરાર સને ૧૭૮૮ સુધી (૧૩૭ વર્ષ સુધી) અમલમાં હતો, એ વાતનું સમર્થન કરે છે—

"The Gohels and the Jain community continued to act upon this agreement till A. D. 1788 when the Palitana Chief began to make unwarranted exactions from the pilgrims."

**અર્થ**—"ગોહેલો અને જૈન કોમ આ કરારનું પાલન સને ૧૭૮૮ સુધી કરતાં

રહ્યાં; અને તે પછી પાલીતાણાના દરબારશ્રીએ યાત્રિકો પાસેથી ગેરવાજબી વસૂલાત કરવાની શરૂઆત કરી."

કેપ્ટન બાર્નવેલના ઉપર સૂચવેલ પત્ર ઉપરથી જ, વિશેષમાં, જાણવા મળે છે કે, આ કરવધારાનો લાભ પાલીતાણાના દરબારે લગભગ ૩૦ વર્ષ સુધી લીધો હતો. એ શબ્દો આ પ્રમાણે છે—

"However unjust or otherwise this encroachment may have been in its origin, or on its first taking place the benifit resulting from it has been enjoyed by the present Chief of Palitana and his family for a period of nearly 30 years."

**અર્થ**—"મૂળમાં અથવા પહેલવહેલાં આ અધિકાર વગરનો કબજો ગમે તેટલો અન્યાયી કે ન્યાયી હોય, પણ એનાથી મળતા લાભનો ભોગવટો, પાલીતાણાના અત્યારના દરબારશ્રી અને એમના કુટુંબે, લગભગ ૩૦ વર્ષ જેટલા સમય સુધી કર્યો હતો."

એટલે જ્યારે આ કર અસહ્ય અને યાત્રિકોની વધુ કનડગત કરનારો બની ગયો ત્યારે જ મુંબઈના શેઠ શ્રી મોતીચંદ અમીચંદ, અમદાવાદના નગરશેઠ હેમચંદ વખતચંદ વગેરેને, મુંબઈ સરકાર સમક્ષ, તા. ૩૦–૮–૧૮૨૦ના રોજ, એની લેખિત રજૂઆત કરીને, દાદ માગવાની ફરજ પડી હતી.

૮. અંગ્રેજી ભાષામાં લખવામાં આવેલ આ ઐતિહાસિક પત્રમાંનું મૂળ લખાણ આ પ્રમાણે છે—

"4. That the said Santidass thought proper to give the patronage of the said hill Shatrunjay to the Raja of that district, with the injunction to be mindful, and watch after the interests and comforts of the people of that pilgrimage, and perform the religious ceremoney of the image upon the said hill, and to defray the necessary expences of thoes edifices from the revenues of the Purgunna of Palitana.

"5. That the said Raja and his successors continued to act up to these solemn injunctions to their full extent, but, after a lapse of a long period, one of the Raja's successors unjustly impossed a tax of duty on every person who arrived at the pilgrimage, which your petitioners, in common with other pilgrims, were constrained to pay, or submit to the cruel mortification of returning without perfomrming the ceremony for which they had taken the trouble of a long and expensive journey, and therefore they were obliged, from the creation of the fraudulent necessity,

to pay the tax and perform their religious duty, having no means of redress, or authorites to appeal to against so flagitious and impious an inposition.

"6. The Raja, thus finding that the tax so levied was discharged without trouble, it has been gradually increased to a high rate up to this period, without any certain limit.

"8. That, a few years ago, the Raja employed some Arabs in his service, men of loose principles and character, and who have stationed themselves upon the said hill, and commit grievanees in and about the temple revolting to the nature and religion of your petitioners, by killing animals and getting drunk, which are offences of so heinous a nature in the judgment of your petitioners, that they would willingly offer themselves up as victims of slaughter rathar than incur such polution in a temple so consecrated, endeared, and venerated for ages.

"9. That, on remonstrating to the Arabs for such cruel deeds, their answer was that the Raja was indebted to them, and therefor they had taken their station upon the hill as mortgagees to redeem the debt due to them.

"11. On hearing these circumstances of oppression, the Raja of Bhownuggur has also lately inposed a tax upon the people who pass and re-pass to Palitana through Bhownuggur and Gogo.... ...

"Your petitioners therefore humbly implore that your Honorable Board will sympathize with them in those feelings of regret and mortification which result from such acts of pollution and brutal policy directed against an inoffensive caste and national religin of India. ... ... ... ..."

(દફતર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ. ૪૫૭–૪૫૮).

૯. કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ કેપ્ટન બાર્નવેલે આ વાત આ શબ્દોમાં લખી હતી—

"8. The probable extent of the expectation of the Palitana Chief from this source will not annually exceed about Rs. 3,000 or Rs. 4,000, and, considering the numbers of the Shravuk community who are subjects of the company and of His Highness

the Gaekwar, and the great vallues they would attach to an immunity giving them freedom from such a contribution, the Gaekwar Durbar might perhaps, in consideration of such circumstance, be induced to grant a reduction to such an extent in the tribute paid annually by the Chief of Palitana on his rendering the resort to that temple subject to no exaction, but imposing upon the Chief, at the same time, the responsibility of due protection to the pilgrims." (દ. નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ. ૪૬૦)

૧૦. કેપ્ટન બાર્નવેલે, ઉપરના પત્રમાં સૂચવ્યા મુજબ, ગાયકવાડ સરકાર પોતાને પાલીતાણા રાજ્ય પાસેથી જે ખંડણી લેવાની થાય છે, તેમાં વાર્ષિક ત્રણ હજાર કે ચાર હજારનો ઘટાડો કરે તો, શ્રાવક કોમને પાલીતાણા રાજ્યને, રખોપા નિમિત્તે, કશી રકમ આપવાની ન રહે, એ વાત મુંબઈ સરકારને લખી જણાવી, તે ઉપરથી મુંબઈના ગવર્નરના સેક્રેટરી મિ. જે. બી. સિમસને મેજર એફ. ડી. બેલેનટાઈનને આ બાબતમાં ઘટતું કરવા આ પ્રમાણે લખ્યું હતું—

"If it appear to you unobjectionable, you will communicate regarding it with the Acting Resident of Baroda, that he may obtain the Gaekwar's concurrence in the arrangement."

આ બાબતની જાણ પોતાને થયા પછી, વડોદરાના એક્ટીંગ રેસિડેન્ટ મિ. સી. નોરીસે, તા. ૧૭–૨–૧૮૨૧ના રોજ, મિ. સિમસનને પત્ર લખીને ખંડણીની આટલી રકમ જતી કરવાની બાબતમાં નામદાર ગવર્નરનો અભિપ્રાય પોતાને લખી જણાવવાની વિનતિ કરી.

આ વિનતિના જવાબમાં, મુંબઈના ગવર્નરના સેક્રેટરી મિ. સિમસને, તા. ૨૧–૨–૧૮૨૧ ના રોજ, લખી જણાવ્યું હતું કે—

"I am directed by the Hon'ble the Governor to request you will inform His Highness that there is no intention on the part of the British Government to urge him to make any pecunniary sacrifice which he may think inexpedient." (આનો ભાવ એ હતો કે, નામદાર મહારાજાને જે આર્થિક ભોગ આપવો ગેરવ્યાજબી લાગતો હોય, તે ભોગ તેઓ આપે એમ અંગ્રેજ હકૂમત ઇચ્છતી નથી.) આ પ્રમાણેના મુંબઈ સરકારના સ્પષ્ટ ખુલાસા પછી ગાયકવાડ સરકાર પાલીતાણા રાજ્ય પાસેથી જે ખંડણી ઉઘરાવતી હતી, એમાંથી વાર્ષિક ત્રણથી ચાર હજાર જેવી રકમ ઓછી લેવાની વાતનો અંત આવી ગયો હતો.

૧૧. આ પત્રનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે હતું—

"The Hon'ble the Governor authorizes you to take advantage of the presence of the troops under Lieutenant-Colonal Stanhope to

make a settlement of the disputes in Palitana, with due attention to any just claim that either party may possess."

(દફતર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ૦ ૪૬૨-૪૬૩)

૧૨. આ પત્ર ગુજરાતી ભાષામાં લખાયો હતો, પણ તે પેઢીના દફતરમાંથી મેળવી શકાયો નથી. એનું અંગ્રેજી ભાષાંતર આ પ્રમાણે છે—

"Therefore, Sir, kindly cause the amount of Mundaka-Poll tax to be fixed; because, for why, Sir, the 15th of Aso-shud is at hand, when pilgrims will come; their poll-tax shall have to be paid, which will not convenient in future. Therefore, Sir, make settle or arrangement (Bandobust) for the fixing the amount of mundka poll tax."

(દફતર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ. ૫૦૮)

(**નોંધ** : આ પત્રમાં આસો સુદ ૧૫ લખી છે, ત્યાં કારતક સુદ ૧૫ એમ હોવું જોઈએ. મૂળ ગુજરાતી પત્રનો અંગ્રેજી અનુવાદ કરતી વખતે આ સરતચૂક થઈ હોય એમ લાગે છે.)

૧૩. આ કરાર મુજબ પાલીતાણા દરબારને પોતાના હિસ્સાના જે ચાર હજાર મળવાના હતા તેની વહેંચણી કેવી રીતે કરવાની હતી, તેની વિગતો પાલીતાણા ઠાકોર ગોહેલ શ્રી સુરસિંહજીએ કાઠિયાવાડના એક્ટીંગ પોલિટિકલ એજન્ટ, મેજર ડબલ્યુ. ડબલ્યુ. એન્ડરસનને ઓક્ટોબર ૧૮૬૨ માં જે પત્ર લખ્યો હતો તેમાંથી મળે છે, જે આ પ્રમાણે છે: "બાકીના ચાર હજાર રૂપિયા જે દરબારના ભાગના છે, તેની વહેંચણી આ પ્રમાણે કરવી: વાર્ષિક રૂ. ૨૦૦૦/– જમાદાર નસીર–બીન–અહમદને આઠ વર્ષ સુધી; વાર્ષિક રૂ. ૧૦૦૦/– ગોહેલ વીસાજીને છ વર્ષ સુધી; રૂ. ૬૦૦/– ગોહેલ બાવાજીને; અને રૂ. ૪૦૦/– કુંવર દાદાભાઈને."

આનું મૂળ અંગ્રેજી લખાણ આ મુજબ છે :

"The balance, Rs. 4000/-, to the Darbar as follows:—2000 Rs. to Jemadar Nusur-bin-Ahmed for eight years annualy, 1000 Rs. to Gohel Vessajee for six years annualy, 600 Rs. to Gohel Bavaji, 400 Rs. to Koovur Dadabhoy—Rs. 4000 total.

(દ. નં. ૧૩, ફા. નં. ૧૧૪, પૃ. ૫૨૧)

આ ઉપરથી પણ એ સ્પષ્ટ થાય છે કે પાલીતાણા દરબાર આરબો પાસેથી પૈસા ઉછીના લેતા હતા.

૧૪. કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. મેલેટે, પોતાના તા. ૩૦–૧–૧૮૪૬ ના પત્રમાં, આ બાબતનો ઉલ્લેખ આ પ્રમાણે કર્યો હતો—

"It must be borne in mind, that from the (Samvat) year 1865 (A. D. 1809) until now though his farm has lepsed, Seth Hemchand Wukutchand has been supreme at Palitana. Kandhaja the late and Noghanjee the present Thakore being men unable to conduct their own affairs."

પાલીતાણાના દરબાર અને એમના યુવરાજ વચ્ચે અણબનાવ હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. આર. એચ. કિટિંગે, પોતાના તા. ૫-૧૨-૧૮૬૩ના રિપોર્ટમાં, આ પ્રમાણે કર્યો હતો—

"The Palitana Estate was at that period nearly ruined, the Chief was incapable of managing his own affairs, was at enmity with his own son and was deeply in debt to one of the Shrawuk community."

મિ. મેલેટે પાલિતાણા રાજ્યનો કારોબાર સને ૧૮૦૯ થી ૧૮૪૩ સુધી, ૩૪ વર્ષ લગી, શેઠ હેમાભાઈ વખતચંદના હાથમાં હોવાનું લખ્યું છે, તેનો ભાવ કંઈક એવો થાય છે કે—

(૧) સને ૧૮૦૯ થી, વાર્ષિક રૂ. ૪૨૦૦૦] નું ગિરોખત સને ૧૮૨૩ માં થયું ત્યાં સુધીનાં ૧૩ વર્ષ સુધી, એમણે પાલીતાણા રાજ્યનો વહીવટ સંભાળ્યો હતો.

(૨) અને સને ૧૮૨૨ના પહેલાં દસ વર્ષ અને પછી સને ૧૮૪૨ સુધીનાં બીજાં દસ વર્ષ અને તે પછી વધારાના એક વર્ષ સહિતનાં કુલ ૨૧ વર્ષ સુધી, વાર્ષિક રૂ. ૪૨૦૦૦] ની ઉચ્ચક રકમ આપવાના અવેજમાં કરેલ ગિરોખત મુજબ, પાલીતાણા રાજ્યના કારોબારની તમામ સત્તા એમણે ભોગવી હતી.

જે સ્થાનમાંથી પાલીતાણાના આખા રાજનો વહીવટ કરવામાં આવતો હતો, તે હેમાભાઈ શેઠની હવેલી નામનું મોટું મકાન, અત્યારે પણ, જર્જરિત હાલતમાં, વિદ્યમાન છે; અને તે શહેરના મધ્યભાગમાં આવેલ મોટા દેરાસરની નજીક આવેલું છે. (આ હવેલીની છબી આ પુસ્તકમાં આપી છે.)

૧૫. આ ગિરોખત મુજબ, પાલીતાણાના દરબારશ્રીને, વાર્ષિક, રૂ. ૪૨૦૦૦] (૪૨૦૦૧) ચૂકવવાના થતા હતા. પણ આ ચુકવણીની વાર્ષિક રકમ રૂ. ૪૭૦૦૦] અને રૂ. ૪૦૦૦૦] હોવાનો પણ ઉલ્લેખ મળે છે, જે આ પ્રમાણે છે—

પાલીતાણાના દરબાર સુરસિંહજીએ, સને ૧૮૭૪ માં, મહારાણી વિક્ટોરીઆના મુખ્ય મંત્રીને શ્રાવક કોમની વિરુદ્ધ દાદ માગતી જે અરજી કરી હતી, એમાં આ ગિરોખતની રકમ વાર્ષિક રૂ. ૪૦,૦૦૦] જેટલી મામૂલી (the paltry yearly sum of Rs. 40,000) હોવાનું નોંધ્યું હતું.

મુંબઈ સરકારના, તા. ૧૬-૩-૧૮૭૭, નં. ૧૬૪૧ ના અતિ મહત્ત્વના ઐતિહાસિક

ઠરાવમાં આ રકમ વાર્ષિક રૂ. ૪૭,૦૦૦) હજાર (The sum paid by Wakhutechand was about Rs. 47,000 a year) હોવાનું લખ્યું છે.

સને ૧૮૩૬ જેટલો જૂનો પુરાવો આ રકમ વાર્ષિક રૂ. ૪૨૦૦૧) હોવાનું જ સમર્થન કરે છે. વળી આ ગિરોખત પૂરું થયાની અને પાલીતાણા રાજ્યનો વહીવટ દરબારશ્રીને સુપ્રત કર્યાની મુંબઈ સરકારને જાણ કરતો કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. એ. મેલેટે, તા. ૩૦-૧-૧૮૪૬ ના રોજ, જે પત્ર લખ્યો હતો, એમાં પણ આ રકમ વાર્ષિક ૪૨,૦૦૦) રૂપિયા જેટલી જ હોવાનું જણાવ્યું છે. એટલે રૂ. ચાલીસ હજાર અને રૂ. સુડતાલીસ હજારના આંકડા ભૂલવાળા છે, એમ જ સમજવાનું રહે છે.

ઉપરાંત, પહેલી વારનું દસ વર્ષનું ગિરોખત પૂરું થતાં, બીજા દસ વર્ષ માટે એ ચાલુ રાખવાનો જે દસ્તાવેજ અંગ્રેજીમાં, વિ. સં. ૧૮૮૮ના વદિ ૧૩ ના રોજ, કરવામાં આવ્યો હતો, તે (દફતર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ. ૫૦૮-૫૦૯ માં) છપાયેલો છે. એમાં વાર્ષિક રૂ. ૪૨૦૦૧) ની વહેંચણી કઈ રીતે કરવાની છે, એની વિગતો આપવામાં આવી છે, તે પણ આ ગિરોખત રૂ. ૪૨૦૦૧) નું જ હોવાનો પુરાવો પૂરો પાડે છે.

## કરાર પછી પણ શત્રુંજય ઉપર લૂંટ ચલાવ્યાની એક ઘટના

કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ કેપ્ટન બાર્નવેલની દરમ્યાનગિરિથી, સને ૧૮૨૧ ની સાલમાં, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અને પાલીતાણા રાજ્ય વચ્ચે, રખોપાનો બીજો કરાર થયો હતો, અને તે મુજબ શ્રી શત્રુંજય તીર્થ અને એના યાત્રિકોનું રક્ષણ કરવાની જવાબદારી પાલીતાણા રાજ્યે અદા કરવાની હતી. વળી આ કરાર થયા પછી બીજા જ વર્ષે પાલીતાણાના રાજવીને પોતાનું રાજ્ય નગરશેઠ હેમાભાઈ વખતચંદને ત્યાં ગિરો મૂકવાની ફરજ પડી હતી અને એ ગિરોખત બે દાયકા સુધી ચાલુ રહ્યું હતું; આમ છતાં આ અરસામાં જ, એક બહારવટિયાએ, શત્રુંજયનાં દેરાસરોમાં લૂંટ કર્યાની ઘટના બની હતી. આ ઘટનાનો નિર્દેશ સોરઠના પોલિટિકલ એજન્ટ કેપ્ટન એચ. વિલ્બરફોર્સ-બેલે લખેલ "History of Kathiawad From the Earliest Times" નામે સને ૧૯૧૬ માં છપાયેલ પુસ્તક (પૃ. ૨૦૭-૨૧૦) માં કરવામાં આવ્યો છે, જેનો સાર આ પ્રમાણે છે—

ભાવનગરના ગોહેલ રાજવી વજેસિંહજી અને કાઠી કોમ અને એના જોગીદાસ ખુમાણ જેવા બહારવટિયા વચ્ચે લાંબા વખતથી વેરઝેર ચાલ્યાં આવતાં હતાં; અને તેથી ગામડાંઓ અને, ક્યારેક તો, શહેરો પણ બહારવટિયાના ત્રાસના ભોગ બની જતાં હતાં. આથી પ્રજા તો ત્રાસી ગઈ જ હતી, પણ રાજવી વજેસિંહજી પણ કંટાળી ગયા હતા. એટલે વિષ્ટિકારોની આશરે એક વર્ષ જેટલી લાંબી વાટાઘાટોને અંતે, સને ૧૮૨૯ (વિ. સં. ૧૮૮૫) માં, વજેસિંહજી અને કાઠીઓ વચ્ચે સમાધાન થયું હતું.

પણ આવું સમાધાન થયું હોવા છતાં, સાત વર્ષ બાદ એટલે કે સને ૧૮૩૬ (વિ. સં. ૧૮૯૨) માં, મહુવા પાસેના મોણપુર ગામના બહારવટિયા સાદુલ ખસિયાએ, પોતાના સાથી બહારવટિયા સાથે, પાલીતાણાના શત્રુંજય પહાડ ઉપરનાં શ્રાવકોનાં દેરાસરો ઉપર

હલ્લો કરીને કેટલીક મિલકત લૂંટી લીધી હતી. આથી પાલીતાણા રાજ્યે અને શ્રાવક કોમે અંગ્રેજ સરકારની એજન્સીમાં ફરિયાદ કરીને આ બહારવટિયા ભાવનગરની એટલે કે વજેસિંહજીની રૈયત છે, માટે વજેસિંહજીને આ નુકસાન ભરપાઈ કરી આપવાની અથવા ગુનેગારોને પોતાને સુપ્રત કરવાની ફરજ પાડવાની માગણી કરી. પોલિટિકલ એજન્ટને આ માગણી વાજબી લાગી, એટલે એમણે પોતાને ઠીક લાગે તે માગણી માન્ય રાખવાની ભાવનગર રાજ્યને વિનતિ કરી. અને, આવી માગણી ભાવનગર રાજ્ય માન્ય રાખે એવું એના ઉપર દબાણ લાવવા માટે એમણે એના ઉપર મોહસલ એટલે દંડ પણ લાદ્યો હતો. આથી ભાવનગર રાજ્યે સાદુલ ખસિયાને દંડ કર્યો.

આ વખતે ગાયકવાડના અમરેલી મહાલ સામે બહારવટે ચડેલ ચરખાનો ચાંપરાજ વાળા સાદુલ ખસિયા સાથે હતો. એણે આવા દબાણને વશ થવાને બદલે પોતાનું અનુસરણ કરવા એને ઉશ્કેર્યો. જો એ એમ કરે, અને પોતાની યુક્તિ-પ્રયુક્તિ સફળ થાય, તો મહુવા એને પાછું મળી જાય, એવી લાલચ બતાવી. સાદુલ ખસિયો આ લાલચમાં ઝડપથી ફસાઈ ગયો અને, પોતાના સાથીઓ સાથે, પોતાના આ મિત્ર (ચાંપરાજ વાળા)ની ટોળીમાં જોડાઈ ગયો.

પછી તો સાદુલ ખસિયાએ ઘણી લૂંટો કરી. એણે ગીરના ઘેરાં જંગલોને પોતાનું છુપાવાનું આશ્રયસ્થાન બનાવ્યું હતું, તેથી એને ગિરફતાર કરવાનું મુશ્કેલ બની જતું હતું. પણ છેવટે, જાણે એનાં પાપકર્મોનો છેડો આવી ગયો હોય એમ, એ જૂનાગઢ રાજ્યના ઉના જિલ્લાના મોથા ગામના એક કોળીના મકાનમાંથી પકડાઈ ગયો! એજન્સીએ એની સામે કેસ ચલાવીને એને દસ વર્ષની સખ્ત કેદની સજા ફરમાવી. આ સજા અમદાવાદની જેલમાં ભોગવીને એ છૂટો થયો અને પોતાની શેષ જિંદગી એણે પોતાના ગામ મોણપુરમાં શાંતિથી પૂરી કરી.

આ ઘટના એક લોકકથારૂપે સચવાઈ રહી છે, અને તે માનવ-મનમાં, આસુરી વૃત્તિઓની જેમ, દૈવી ગુણસંપત્તિ પણ છુપાયેલી હોય છે અને કોઈક અવસરે એ પ્રગટ પણ થઈ જાય છે, એ વાતની સાક્ષી પૂરે છે. એની વિગત જાણવા જેવી હોવાથી અહીં નીચે આપવામાં આવે છે—

સાદુલ ખસિયાએ, પોતાના બહારવટિયા સાથીઓ સાથે, શ્રી શત્રુંજય તીર્થના પહાડ ઉપરનાં જૈનધર્મનાં દેરાસરો ઉપર પોતાનો ગોઝારો પંજો ઉપાડ્યો અને દેવમૂર્તિઓનાં આભૂષણો લૂંટી લીધાં; અને, જાણે આટલું ઓછું હોય એમ, એણે ભગવાન ઋષભદેવની પ્રતિમાના ભાલ–કપાળમાં ચોડવામાં આવેલ રત્નજડિત ટીકો–તિલકમણિ પણ, ધગધગતી સાણસીનો ઉપયોગ કરીને, ઉખાડી લીધો! પછી એ લૂંટારાઓએ આ લૂંટનો ભાગ વહેંચી લીધો; એમાં આ તિલકમણિ સાદુલ ખસિયાના ભાગમાં આવ્યો. એને વેચીને કે વટાવીને નાણાં ઊભાં કરી શકાય એમ તો હતું નહીં અને એને સાથે રાખીને વન-વગડામાં રઝળતા–ભાગતા ફરવામાં તો એ ગૂમ થઈ જવાનું જોખમ હતું; એટલે ખસિયાએ એ અમૂલ્ય તિલકમણિને નાંદીવેલાના ડુંગરની કોઈક ગુફામાં છુપાવી દીધો!

એ સમય નગરશેઠ હેમાભાઈનો સમય હતો. અંગ્રેજ રાજશાસનમાં તેઓ મોટો મોભો અને ઘણી લાગવગ ધરાવતા હતા. એમણે પોતાના પ્રાણપ્રીય તીર્થ ઉપર ધાડ પડ્યાની અને પોતાના દેવાધિદેવનાં આભૂષણો લૂંટાઈ ગયાની દાદ માગી. એટલે ભાવનગર રાજ્યના અને અંગ્રેજોના લશ્કરે સાદુલ ખસિયા, એના સાથી ચાંપરાજ વાળા અને એમના સાથીઓને હિરાસતમાં લેવા કમર કસી અને એ માટે એવી નાકાબંધી કરી કે એમની નજરમાંથી એક ચકલુંય છટકી ન શકે.

આવા બધા રઝળપાટથી થાકી–કંટાળીને, એક દિવસ, સાદુલ જૂનાગઢની હદમાંના એક ગામમાં એક કોળીના ઘરમાં બેઠો હતો; એવામાં ત્યાં એક બાવાજી આવી ચડ્યા. એમને સાદુલે પોતાને આવી યાતનાઓ કયા કર્મને લીધે વેઠવી પડે છે, એ પૂછ્યું. બાવાજીએ એને વાતનો મર્મ સમજાવતાં કહ્યું: “સાદુલજી! તમારાથી કોઈ દેવસ્થાનની, કોઈ બ્રાહ્મણની, કોઈ ગાયની અથવા કોઈ સંત-સતીની કનડગત થઈ ગઈ હશે કે એમની આમન્યા લોપાઈ ગઈ હશે. તેનું જ આવું આકરું ફળ ભોગવવાનો વખત આવ્યો હશે! વિચારશો અને આવું જે કંઈ પાપ કર્યાનું સાંભરી આવે એનું પ્રાયશ્ચિત્ત કરશો. આ રીતે જ તમારા ઉપર વરસી રહેલો દુઃખનો દાવાનળ શાંત થઈ શકશે.”

બાવાજીની વાત સાંભળીને, અંધકારઘેર્યા અંતરમાં જાણે વીજળીના ઝબકારાનો પ્રકાશ રેલાઈ જાય એમ, ખસિયાને પોતે શ્રી શત્રુંજયનાં દેવસ્થાનોની કરેલી લૂંટનો અર્થાત્ દેવ અને દેવસ્થાનની આમન્યાનો લોપ કર્યાનો પ્રસંગ યાદ આવી ગયો, અને એનું મન, ગમે તેમ કરીને અને વહેલાંમાં વહેલી ઘડીએ, આ પાપને ધોઈ નાખવા ખૂબ ઉત્સુક બની ગયું —સને ૧૮૪૦ની એ વાત.

પણ આ પાપનું પ્રાયશ્ચિત્ત કરવાની સાદુલને તક મળે તે પહેલાં જ એ અને ચાંપરાજ વાળા ગિરફતાર થઈ ગયા. એમના ઉપર કેસ ચાલ્યો અને સાદુલને દસ વર્ષની અને ચાંપરાજ વાળાને જન્મકેદની, મજૂરી સાથેની, સખ્ત સજા થઈ. અને આ કેદની સજા ભોગવવા એમને અમદાવાદની જેલમાં લઈ જવામાં આવ્યા.

જેલમાં પણ, ક્યારેક શાંતિ અને નિરાંતની પળોમાં, સાદુલને પોતે દેવ અને દેવસ્થાનની આમન્યાનો ભંગ કર્યાનું પાપ સાંભરી આવે છે; અને હવે, અહીં જેલમાં રહ્યા રહ્યા, એ પાપને ધોઈ નાખવાનું કામ કેવી રીતે થઈ શકે એના ઊંડા વિચારમાં એ ઊતરી જાય છે; અને આ પાપનો ભાર વેઠતાં રહીને જ પોતાને આ જિંદગી પૂરી કરવી પડશે અને આવતી જિંદગી પણ બરબાદ થઈ જશે: આવા આવા વિચારોથી એ ખૂબ બેચેન અને અધીરો બની જાય છે. અને છતાં આ માટે શું કરવું એનો માર્ગ એને સાંપડતો નથી. એમ ને એમ સમય વહેતો રહે છે.

પણ, એક અંધારી રાતે, સાદુલની આ બેચેની અસહ્ય બની ગઈ; અને એણે જેલના આરબ સંત્રીને બોલાવીને, જેલના કપ્તાનને અત્યારે જ પોતાની પાસે બોલાવી મંગાવવાની આજીજીભરી વિનતિ કરી. સાદુલના અંતરમાં ઘોળાઈ ઘોળાઈને બહાર આવેલી આ વિનતિ

કઠોર હૃદયના સંત્રીના ચિત્તનેય સ્પર્શી ગઈ. અને એણે તરત જ, એક સિપાહીને મોકલીને, જેલના ઉપરી અધિકારી કેપ્ટન મિલને ત્યાં બોલાવી મંગાવ્યા.

પડછંદ કાયા ધરાવતા મિ. મિલ, પળવાર માટે, આ સિંહ સમા નરશાર્દૂલ સાદુલ ખસિયાને નીરખી રહ્યા. પછી એમણે લાગણીપૂર્વક પૂછ્યું : "બોલો સાદુલજી! મને અત્યારે–આવી મધરાતે–શા માટે યાદ કર્યો?"

અને પોતાના કોઈ સ્વજનને જોઈને દુઃખી માનવીના દુઃખિયારા અંતરનો બંધ છૂટી જાય, એવી અદમ્ય લાગણીએ, લોહપુરુષ જેવા ખસિયાને પણ જાણે પરવશ બનાવી દીધો! અને એણે, એક પાપનો એકરાર કરવા તૈયાર થયેલ સામાન્ય માનવીની જેમ, પોતાનાં જાત-જાતનાં વીતકોની કથા માંડીને કહેવા માંડી. અંગ્રેજ અમલદાર પણ આવા પરાક્રમી પુરુષની આપવીતી અને દુઃખકથા ખૂબ સહાનુભૂતિથી સાંભળી રહ્યો—છેવટે એય એક માનવી જ હતો ને!

પોતાની આ આપવીતીને અંતે, જાણે પોતાના મનમાં લાંબા વખતથી ઘોળાયા કરતી ઇચ્છાને પ્રગટ કરતો હોય એમ, સાદુલ ખસિયાએ કેપ્ટન મિલને વિનતિ કરી: "કપ્તાન સાહેબ! મેં કરેલું મોટું પાપ થોડુંક પણ દૂર થાય અને મારા જીવને શાંતિ થાય એટલા માટે મેં નાંદીવેલાના ડુંગરની ગુફામાં સંતાડેલા પેલા તિલકમણિની ત્યાં શોધ કરીને, અને એને મેળવીને શત્રુંજયના ડુંગર ઉપરના એ દેવસ્થાનમાં પાછો મોકલાવી આપવાની આપ મહેરબાની કરશો તો મારા જીવને ખૂબ સંતોષ થશે અને હું હમેશને માટે આપનો અહેસાન માનીશ."

આ ઘટના અહીં જ પૂરી થાય છે, એટલે પછી એ તિલકમણિનું શું થયું તે તો જાણી શકાયું નથી. છતાં જેલમાંથી છૂટયા પછી, સાદુલ, પોતાના વતન મોણપુરમાં, પોતાની શેષ જિંદગી, શાંતિ અને સંતોષ સાથે, ધર્મનાં અને બીજાં સારાં સારાં કામોમાં વિતાવી શકયો તે પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત કરવાની આવી ઉત્કટ ભાવનાનું જ જાણે ફળ હોય એમ જ માનવું પડે!

સાદુલ ખસિયાએ શત્રુંજય ઉપર પાડેલી આ ધાડ માટે ભાવનગર રાજ્ય સામે ધા નાખવામાં પાલીતાણા રાજ્યે શ્રાવકોને પૂરતો સાથ આપ્યો હતો તે, સને ૧૮૨૧ના, વાર્ષિક રૂ. ૪૫૦૦)ના રખોપાના બીજા કરારમાં પાલીતાણા રાજ્યે આપેલી બાંહ્યધરીના કારણે જ આપ્યો હતો એમ લાગે છે. આ બાંહ્યધરીવાળું લખાણ આ પ્રમાણે છે—

"સંઘ અગર પરચૂરણ લોક જાત્રાએ આવશે તેની ચોકી પોરાની ખબરદારી અમે સારી પેઠે રાખીસુ. ને જાત્રાલુ લોકને કશી વાતે ઓજા પોચવા દેસુ નહી. અગર કોઈ લોકનું નુકસાન ચોરીથી થાસે તો તેનું વલતર કરી આપીસું. આફ્ત ફૂતુર આસમાની સુલતાની મુજરે આપીસું."

આ લખાણના છેલ્લા વાકયમાં સૂચવ્યા પ્રમાણે, સાદુલ ખસિયાની લૂંટથી શ્રી શત્રુંજય તીર્થને જે નુકસાન થયું હતું, તે ભરપાઈ કરી આપવાની જવાબદારી પાલીતાણા રાજ્ય ઉપર

આવતી હતી. એટલે આની સામે ભાવનગર રાજ્ય પાસે દાદ માંગવામાં જૈનોને સાથ આપવાથી પાલીતાણા રાજ્ય આ જવાબદારીમાંથી બચી ગયું હતું એમ લાગે છે.

૧૬. મુંબઈ સરકારના, તા. ૧૬-૩-૧૮૭૭, નં. ૧૬૪૧ ના ઠરાવમાં, આ ગિરોખત માટે જણાવવામાં આવ્યું છે કે—

"Wakhutchand held the lease under two subsequent renewals upto 1843, when Noghanji (ought to be Pratapsingji), the father and predecessor of the present rular, was on the Gadi."

અર્થ—વખતચંદે, સને ૧૮૪૩ સુધી, એક પછી બીજું, એમ બે ગિરોખતથી રાજ્યનો કબજો રાખ્યો હતો; ત્યારે અત્યારના રાજવીના પિતા અને પુરોગામી રાજવી નોઘણજી (ખરી રીતે પ્રતાપસિંહજી જોઈએ) ગાદી ઉપર હતા.

આ ગિરોખત, પહેલ-વહેલું, સને ૧૮૨૧ના રખોપાના બીજા કરાર પછી, સને ૧૮૨૨માં, દસ વર્ષની મુદત માટે, કરવામાં આવ્યું હતું; અને તે પૂરું થયા પછી, સને ૧૮૩૨ માં (વિ૦ સં૦ ૧૮૮૮માં) બીજા દસ વર્ષ માટે એ ચાલુ રાખવામાં આવ્યું હતું. એટલે સને ૧૮૪૧ માં (વિ૦ સં૦ ૧૮૯૭માં) એ પૂરું થતું હતું. પણ આ ગિરોખતમાં એક એવી જોગવાઈ કરવામાં આવી હતી કે, રાજ્ય ઉપર કોઈ વર્ષમાં દુષ્કાળ જેવી આફત આવી પડે અને તેથી એ વર્ષનો વહીવટ આ ગિરોખત પ્રમાણે, સંભાળવાની શેઠશ્રીની તૈયારી ન હોય તો, એ વર્ષનો વહીવટ રાજ્ય સંભાળશે અને એના બદલામાં એવું વર્ષ ગિરોખતમાં વધારી આપવામાં આવશે.

આ ગિરોખતમાંના આ બાબતનો નિર્દેશ કરતા શબ્દો આ પ્રમાણે છે—

"If by chance afut (આફત), asmanee, sooltanee, (આસમાની-સુલતાની), feetoor (ફિતૂર) occur and you wish not that year to keep the farm, the Darbar will, in that year, manage it, and take what produce there is with the expence, and, in exchange for that year, one year will be added to the farm and given to you."

વિ૦ સં૦ ૧૮૯૦ અને ૧૮૯૫ નાં બે વર્ષ દુષ્કાળનાં હતાં, તેથી ગિરોખત સને ૧૮૪૧ (વિ૦ સં૦ ૧૮૯૭) ના બદલે સને ૧૮૪૩ (વિ૦ સં૦ ૧૮૯૯) સુધી અમલમાં રહ્યું હતું. (જુઓ પાદનોંધ નં. ૧૮)

આ ગિરોખત અંગે વિશેષ ધ્યાન આપવા જેવી વાત તો એ છે કે, એ કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટની સાક્ષીમાં કરવામાં આવ્યું હતું.

(દફતર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ. ૫૦૯, ૫૧૩, ૫૩૪)

૧૭. આ અરજીમાંનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે—

"Since Mr. Malet was appointed political Agent in this Prant and as that gentleman was residing in this taluka, I thought of laying the above grievance before that gentleman; however, I refrained from doing so from the sense that my doing so would indispose the Shett against to me. I therefore made a mention of it verbally to that gentleman who took the matter into his consideration, and dissolved the farm, despite of all this Shett's excertions to the contrary and, cause the taluka to be made over to me."

(દફ્તર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ. ૪૬૯)

૧૮. કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. આર્થર મેલેટે, મુંબઈ સરકારના ચીફ સેક્રેટરીને આ વાતની માહિતી આપતાં, એમના તા. ૩૦ જાન્યુઆરી, ૧૮૪૬ ના પત્રમાં લખ્યું હતું કે—

"I have the honour to report the completion, at the close of the year Samvat 1898, A. D. 1843, of the term of the farm of Palitana to sett Waktchund Kushalchand. The lease was for ten years, which ended at the close of 1897, but as the years 1890 and 1895 were of scarcity, two years more, as provided in the lease, were accorded."

**ભૂલસુધાર**—ઉપરના લખાણમાં શરૂઆતમાં સંવત ૧૮૯૮ લખ્યું છે, તે છાપકામની ભૂલ હોય એમ લાગે છે; આ સંવત ૧૮૯૯ની જ હોવી જોઈએ, એ ઉપરના લખાણના પાછળના ભાગમાં સૂચવવામાં આવ્યું છે કે સંવત ૧૮૯૭ થી બે વર્ષ માટે આ ગિરોખતનો અમલ વધારી આપવામાં આવ્યો હતો, એ ઉપરથી જ પ્રમાણિત થાય છે.

(જુઓ પાદનોંધ નં. ૧૫) (દફ્તર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ. ૫૧૨–૫૧૩)

૧૯. પાલીતાણાના દરબારે શેઠ વખતચંદ ખુશાલચંદને ત્યાં પોતાનું આખું રાજ્ય ગિરો મૂક્યાનો, બીજાં દસ વર્ષની મુદતનો, જે દસ્તાવેજ કરી આપ્યો હતો, તેની મુદત પૂરી થતાં, ઉપરની ૧૮ મા નંબરની પાદનોંધમાં સૂચવવામાં આવ્યું છે તે મુજબ, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. આર્થર મેલેટના પ્રયત્નથી, એનો સને ૧૯૪૩ માં અંત આવ્યો હતો; આખું રાજ્ય પાલીતાણાના રાજવીને સુપ્રત થયું હતું. આમ છતાં મુંબઈ સરકારને આ હકીકતની જાણ મિ. મેલેટે બે વર્ષ કરતાંય વધુ વખત વીત્યા બાદ, છેક તા. ૩૦–૧–૧૮૪૬ ના નં. ૩૯ ના પત્રથી કરી હતી એ શા માટે? આથી એવી કલ્પના કરવાનું મન થાય છે કે વર્ષનો ૧૮૪૬ નો આંકડો છાપવામાં કદાચ ભૂલ થઈ હશે અને ખરી રીતે આ વર્ષ ૧૮૪૪ હશે. પણ આ બાબતની ખાતરી કરવા માટે વિશેષ તપાસ કરતાં, આ સને ૧૮૪૬ નો અંક સાચો હોવાનું જાણવા મળે છે. મિ. મેલેટે, મુંબઈ સરકારના સેક્રેટરી બન્યા પછી, કાઠિયા-

વાડના પોલિટિકલ એજન્ટ, કેપ્ટન ડબલ્યુ લેંગને, તા. ૧૫–૧૦–૧૮૪૬ ના રોજ, જે પત્ર લખ્યો હતો, એમાં તા. ૩૦–૧–૧૮૪૬ ના નં. ૩૯ ના આ પત્રનો "No. 39, dated the 30th January last" આવા શબ્દોમાં ઉલ્લેખ થયેલો છે. એટલે સને ૧૮૪૬ ના અંકમાં છાપકામની ભૂલ હોવાની કલ્પના કરી શકાય એમ નથી. મતલબ કે આ ગિરોખત પૂરું થયા પછી મુંબઈ સરકારને એની જાણ તરત કરવાને બદલે બે વર્ષ કરતાંય વધુ સમય પસાર થયા બાદ કરવામાં આવી હતી એ હકીકત છે. એટલે વચમાં આટલો બધો સમય મિ. મેલેટ, આ બાબતમાં, કેમ ચૂપ રહ્યા હશે, એ સવાલનું સમાધાન મેળવવાનું બાકી જ રહી જાય છે. (દફતર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ૦ ૫૨૭)

૨૦. "શ્રી—નંબર ૨ ગોહેલ શ્રી નોધણજી તાં કુમારા શ્રી પરતાપશઘજી વી શેઠ આણાદજી કલાણજી જત, શેત્રુજા ડુગર બાબાતની રાકમના અમારા રૂપીઆ શાં. ૧૯૧૬ ના કરતક સુદ ૧૫ થી શાં. ૧૯૧૭ ઓગણીશેહે શતરાના કારતક સુદ ૧૫ સુધી વરશ ૧) એકના અમારા તમારી પાશે તેની વગતા

"૪૦૦૦ રૂપીઆ ચાર હજરા શકાઈ અમારા અમને દોસી પચણા ખુશલની દુકાનથી કારતક સુદ ૧૫ ની તારખનાં

"૫૦૦ ભાટ તાં રાજગરના રૂપીઆ પચશેહે શકાઈ તમારી પાશેથી પરભારા અમે અપાવાં.

"૪૫૦૦

"અકે પશતાલીશેહે શકાઈ ઉપર પરમાણે આપા તે લેઈ આ પોચ લખી આપી તે શહી છે શાં. ૧૯૧૬ નાં કારતક સુદ ૫ વાર રવીવાર, કુંવર શ્રી પ્રતાપસંઘજી સ્હી."

૨૧. આ અરજીમાંનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે:

"You are sir well aware, that by the terms of perpetual agreement entered into between both parties, by their mutual concurrence before Captain Barnwell, the shrawuks were to pay 4500 Rupees a year to the Thakor Sahib on account of Rakhopa or the protection of the hill and pilgrims, that the Thakore Sahib himself and his ancestors have received that amount annually from 1821 to 1863 and passed receipts for the same for long time for about more than 40 years."

(દફતર નં. ૫, ફાઈલ નં. ૪૭, પૃ૦ ૪૮૧)

૨૨. સને ૧૮૨૧ ના કરાર પ્રમાણે પોતાને લેવાના વાર્ષિક રૂપિયા ચાર હજારની રકમ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પાસેથી લેવાનો પાલીતાણાના દરબારશ્રીએ સને ૧૮૫૨ની સાલમાં ઇનકાર કર્યો, તેમાં મુખ્ય વાંધો 'સિક્કા' (સકાઈ) નામે ઓળખાતા રૂપિયા અને 'કંપની' ના ઓળખાતા રૂપિયા વચ્ચે જે હુંડિયામણના દરનો ફેર હતો અને એ ફેર મુજબ 'કંપની

સરકાર 'ના રૂપિયાની કિંમત ' સિક્કા ' નામે ઓળખાતા રૂપિયા કરતાં વધારે હતી તે હોવો જોઈએ એમ લાગે છે. આ રખોપાના કરાર મુજબ દરબારશ્રીને રૂપિયા ચાર હજાર, રાજગોરને રૂપિયા બસો પચાસ અને ભાટને રૂપિયા બસો પચાસ—એમ બધા મળીને રૂપિયા ૪૫૦૦ લેવાના થતા હતા. આ રકમ ' સિક્કા 'માં ચૂકવવામાં આવતી હતી, જેની કિંમત ' કંપની ' ના રૂપિયામાં રૂા. ૪૧૮૩–આ. ૪–પા. ૬ થતી હતી, એટલે સિક્કાના રૂપિયા ૪૫૦૦ ના બદલે કંપનીના રૂપિયા ૩૧૬–આના ૧૧–પાઈ ૬ ઓછા મળતા હતા. (સ્પેશિયલ અપીલ નં. ૨૫, પૃ૦ ૪૪.) એટલે આ હુંડિયામણના વાંધાને કારણે બે વર્ષ સુધી દરબારશ્રીએ રખોપાની રકમ લીધી ન હતી. દરબારશ્રીએ આ રકમ લેવાનો ઇનકાર કર્યાનો નિર્દેશ શેઠ પ્રેમાભાઈ હેમાભાઈ વગેરે શ્રાવક કોમના પ્રતિનિધિઓ તરફથી ક્યારેક મહારાણી વિક્ટોરિયાને પાલીતાણા રાજ્ય વિરુદ્ધ એક વિસ્તૃત અરજી કરવામાં આવી હતી, તેના સત્તરમા પેરેગ્રાફમાં નીચે મુજબ કરવામાં આવ્યો હતો એમ જાણવા મળે છે—

"In 1852, the Chief refused to receive Rs. 4,000, being his share of the commutation charge, on the ostensible ground that it was not paid in the proper currency; and after that the matter was constantly disputed."

(દફતર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ૦ ૫૨૫.)

દેશી રાજ્યના ચલણી નાણાં અને અંગ્રેજ સરકારના ચલણી નાણાં વચ્ચે હુંડિયામણનો ફેર રહેતો જ હતો. અર્થાત્ અંગ્રેજ સરકારના એક રૂપિયા કરતાં દેશી રાજ્યના એક રૂપિયાનું મૂલ્ય ઓછું ગણવામાં આવતું હતું. આ બાબત ગુજરાતના જાણીતા ઇતિહાસ–પુરાતત્ત્વવિદ્ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ, મુંબઈ યુનિવર્સિટી હસ્તકની, ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાન-માળામાં "ગુજરાતના અભિલેખો : ઐતિહાસિક સામગ્રી તરીકે" એ નામે જે પાંચ વ્યાખ્યાનો આપ્યાં હતાં, તેમાં બીજા વ્યાખ્યાનમાં એમણે જુદાં જુદાં રાજ્યો વચ્ચેના ચલણી નાણાં વચ્ચેનો ફેર દર્શાવતા ગાયકવાડી રાજ્યના તથા કંપની સરકારના નાણાં વચ્ચે ફેર હોવાનું દર્શાવતું નીચે મુજબ વિધાન કર્યું હતું, તે આ બાબતમાં પુરાવારૂપ બની રહે એવું છે—

"કંપની સરકારના સો રૂપિયા બરાબર બાબાશાહી એકસો સવા ચૌદ રૂપિયા ગણાતા."

(' પ્રબુદ્ધ જીવન ', તા. ૧૬–૩–૮૧)

વિશેષમાં અહીં એ જાણવું ઉપયોગી થઈ પડશે કે પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓની સભાની કાર્યવાહીની નોંધ રાખતી પ્રોસીડિંગ બુકમાંથી જાણવા મળે છે તે મુજબ, તા. ૮–૬–૧૯૦૦ ના રોજ, એમ ઠરાવવામાં આવ્યું હતું કે, "મુંબઈગરા રૂપિયા એક સોની સામે બાબા-શાહી રૂપિયા એકસો સાઈઠ ગણવા."

મુંબઈગરા એટલે કંપની સરકારના રૂપિયા અને બાબાશાહી એટલે વડોદરા રાજ્યના રૂપિયા સમજાતા હતા.

આ બધાંનો સાર એ છે કે દેશી રાજ્યના ચલણ કરતાં અંગ્રેજ સરકારના ચલણની

કિંમત હંમેશાં ઊંચી રહેતી હતી અને તેથી પાલીતાણાના દરબારશ્રીએ રખોપાની રકમ લેવાનો ઇનકાર કર્યો હોવો જોઇએ.

૨૩. કર્નલ લેંગે દરબારશ્રીને નીચે મુજબ અંગ્રેજીમાં પત્ર લખ્યો હતો—

પેરો ૩૮ : "...The object of my writing is to inform you that upon examining the original Mutalib it appeared to me to be quite evident that the settlement referred to therein had been effected in the presence and through the intervention of Captain Barnewell and further that upon payment regularly year by year of the annual sum therein stated the compact should be continued in perpetuity. These and other matters appear in the Mutalib, consequently the Hundis were returned to the Seth's man with instructions to present them to you direct but it is owing entirely to your own fault that this amount has not been earlier paid you. Therefore when the pilgrims congregate you are enjoined in no way to cause them obstruction or molestation. Consider this as a strict caution."

(પાલીતાણા જૈન કેસ, પૃ૦ ૧૯૧)

૨૪. કર્નલ લેંગના ફૂટનોટ નં. ૨૩ માં જણાવ્યા મુજબના લખાણને ધ્યાનમાં લઇને દરબારશ્રીએ બે વર્ષના રખોપાના પોતાના આઠ હજાર રૂપિયા અને રાજગોર તથા ભાટના એક હજાર રૂપિયા મળીને કુલ રૂપિયા નવ હજાર પેઢી પાસેથી સ્વીકારી લીધા હતા અને એની જે પહોંચ આપી હતી તેમાં સિક્કા નામે ચલણી નાણાં અને કંપની સરકારના ચલણી નાણાં વચ્ચે વટાવનો જે ફેર રહેતો હતો તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ પહોંચનું લખાણ કુંવર પ્રતાપસિંહની સહીવાળું નીચે મુજબ છે—

"નબર ૩૭. ગોહલ શ્રી નોઘણજી તથા કુમાર શ્રી પ્રતાપશીંહજી વિ શેઠ આણંદજી કલાંણજી જત શેત્રુંજા ડુંગર બાબતની રકમના અમારા રૂપૈઆ શા ૧૯૦૮ ના કારતગ સુદ ૧૫ થી તે સવત ૧૯૧૦ ઓગણીશેહે દશના કારતગ સુદ ૧૫ સુધી વરસ બેના અમારા તમારી પાશે શકાઈ કુપનીના વટાવની તકરાર બાબત રેહેતાં તે રૂપૈઆ વરશ બેના નવ હજાર શકાઈ અમોને તમોએ આપા તેની વિ

"૮૦૦૦ આઠ હજાર રૂપૈઆ અમારા અમને આપા તે શકાઈ રોકડા ગાંધી દેવરાજ ઉકરડા પાસેથી

"૧૦૦૦ ભાટ તથા રાજગરના એક હજાર શકાઈ તમારી પાસેથી પરભારા અમોએ અપાવા તે.

"૯૦૦૦) ઉપર પ્રમાણે નવ હજાર રૂપૈઆ શકાઈ અપા તે લઈ આ પહોચ લખી આપી છે તે સ્હી છે. શા. ૧૯૦૯ ના ફાગણ સુદ ૮ ગરુવાર

કુવર શ્રી પ્રતાંપશાંધજી સ્હી."

૨૫. પાલીતાણાના દરબારશ્રીએ ઉઠાવેલ વાંધાનું અંગ્રેજી ભાષાંતર આ પ્રમાણે છે—

"The Thakore also states that, in the deed of settlement, some addition has been fraudulently made subsequent to the final and formal execution thereof."

(દફતર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ૦ ૪૬૮)

૨૬. આ દસ્તાવેજમાં ઘાલમેલ થયો હોવાનો આરોપ દરબારશ્રીએ પોતાની અરજીમાં જે શબ્દોમાં કર્યો હતો, તે નીચે મુજબ છે—

"He (Shett Wakhatchand Khushalchand) may have told verbally to Major Barnwell that the farm was to continue for ten years only, and no longer, and obtained his attestation to the deed of settlement, omitting to mention to him the addition in question."

(દફતર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ૦ ૪૬૯)

૨૭. દરબારશ્રીની આ ફરિયાદના શબ્દો આ પ્રમાણે હતા—

"In the lease that was drawn up, the sett aforenamed committed a fraud by having got the following words inserted—'As long as you pay me the amount in perpetuity, so long we shall maintain it.'"

(દફતર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ૦ ૪૭૩)

૨૮. દરબારશ્રીએ આ પ્રમાણે ફરિયાદ કરી હતી—

"I have every reason to say that the supplementary lines in the document were added without the consent of my ancestors."

(દફતર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ૦ ૫૨૧)

૨૯. મેજર ડબલ્યુ. ડબલ્યુ. એન્ડરસનના કાગળમાંનું મૂળ લખાણ આ પ્રમાણે છે—

પેરા 10 : "The clause to which he took exception, viz, 'that if the shravuks continued to pay the amount, year by year in like manner, the chief would abide by the agreement,' is in the body of the deed written exactly uniform with the rest of the writing; the signature of Captain Barnewell, as well as memo, are in his own handwriting, and bear no signs of forgery."

(દફતર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ૦ ૪૮૫)

૩૦. મેજર ડબલ્યુ. ડબલ્યુ. એન્ડરસનના મજકૂર પત્રમાંનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે—

પેરા 11 : "At this period of time, it is out of the power of the Thakore to prove that the deed, as he maintains, was not signed by his ancestors, that it was not executed in the presence of Captain Barnewell, and from that officer not having been conversant with the Guzeratee language, was deceived by the parties who brought him the agreement to sign. The document, however, as bearing that officer's signature, and purporting, as it does, to have been concurred in by both parties in his presence, must now, I conceive, be accepted as genuine. The very fact alone of the present Thakore's father, Purtabsing, having mortgaged the pilgrim-tax towards liquidating the sum of money raised by him in 1840, is sufficient to stamp it as such."

(દફતર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ૦ ૪૮૫)

૩૧. "શ્રી સરકાર ડેવીડ બીલેન સાહેબ ઈસકાએર આકટીંગ પુલેટીકાલ એજંટ પ્રાંત કાઠીઆવાડનીા. હંનરાબલ કુંપની બાહાદરની ખીજમતમાં પાલીતાંણેથી લી ગોહેલ કાંધાજી તથા કુંવર નોધંણજીના સલામ વાંચજો અત્રે ખેરીઅત છે શાહેબશ્રીની ખેરખુશી નીરંતર ચાહુ છુ દીગર અરજ એ છે જે શેત્રુજા ડુગરનો ઈજારો પરથંમે શેઠ આંણદજી કલાંણજીને વરશ ૧૦નો બંદોબસ્ત કરી આપો હતો તે શા. ૧૮૮૮ના કારતગ સુદ ૧૫ પુરો થશે વાસ્તે હાલ નવો બંદોબસ્ત વરશ ૧૦નો ઠરાવી મતાલબ લખી ખુદાવંદ શાહેબની હજુરમાં મોકલી છે તે સાહેબ મેહેરબાંની કરી મતાલબમાં બાંદરી કરી આપનાર શરકાર ખાવન ધણી શમરથ છે । એ જ અરજ શા. ૧૮૮૭ના વરખે" (કાગળ ફાટી જવાથી સહી ઉકેલી શકાતી નથી પણ નવઘણજી લખ્યું હોય તેમ લાગે છે.)

૩૨. "શેઠ આંણદજી કલાંણજી જોગ લી ગોહેલ શ્રી નોધંણજી તથા કુવર શ્રી પરતાપશંઘજી જત અમોએ શેઠ હીમાભાઈ વખતચંદ તથા શા. હઠીશંઘ કરંમચંદ રેહેવાસી અંમદાવાદના પાશેથી શ્રી શેત્રુજા ડુગર ઉપર રૂ. ૩૩૩૩૫) અંકે તેતરીસ હજાર ત્રંણસેહેપાંતરીસ શકાઈ કર જેવી આજ ટકા. ૧ અંકે એક લેખે લીધા છે તેહેનુ ખતી શેઠ હીમાભાઈ વખતચંદ તથા. શા. હઠીશંઘ કરંમચંદને શા. ૧૮૯૭ના ભાદરવા સુદ ૨ ની તરેખનુ લખી આપુ છે તેહેના વીઆજના હરવરસ ૧ એકે રૂપૈઆ ચાર હજાર થાએ તેહેને પેટે શેત્રુજા ડુગરના અંમારા હકનો આંકડો હર વરસ ૧ એકે રૂપૈઆ ચાર હજારનો છે તે રૂપૈઆ વરસ ૧ ચાર હજાર પરમાંણે ઉપર લખેલા ખતના વીઆજને પેટે એ ખતના રૂપૈઆ વીઆજ સુધાં વલી રેહે તાંહાં સુધી તંમો તેહેને વરસ અંમારી વતી આપજો શા ૧૮૯૭ના ભાદરવા સુદ ૨ દસકત પારેખ જીવંન મકંનદાસ લૌ. ગોહલ શ્રી નોઘણજી શ્રી કુવર શ્રી પરતાંપશંઘજી ઉપર લખતે સ્હી દા. પરતાંપશંઘજી."

૩૩. મહારાણી વિક્ટોરિયાને કરેલી અરજીમાં આ સમજૂતી આઠ વરસ સુધી ચાલુ રહી હતી તેનું

સૂચન કરતા મૂળ શબ્દો આ પ્રમાણે છે : "The loan was repaid about eight years afterwards."

(દફતર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ૦ ૫૨૫)

૩૪. કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મેજર કીટિંજે, તા. ૧૫–૪–૧૮૬૩ ના પોતાના અહેવાલમાં, જે શબ્દોમાં પોતાની વાત રજૂ કરી હતી, તે આ પ્રમાણે છે—

"Major W. W. Anderson in his report on this subject No. 12/6 of 15th January 1863 has given good reasons for his opinion that the deed produced by the Srawak community is genuine, and was formerly so considered by the Palitana family. I concur in this view of the case but I do not now recommend Government to uphold the letter of the writing in question."

(પાલીતાણા જૈન કેસ, પૃ૦ ૧૪૪)

૩૫. રખોપાના ત્રીજા કરાર તરીકે ઓળખાયેલ, પણ ખરી રીતે મેજર કીટિંજે આપેલ મૂળ અંગ્રેજીમાં ફેંસલારૂપે જાહેર થયેલ, આ કરારનું મૂળ અંગ્રેજી લખાણ નીચે મુજબ છે—

DECISION BY MAJOR KEATINGE

and

Award of Rs. 10,000.

The Shrawuck Community represented by :

Shet Dayabhaee Unopchund

Sha Tacursee Punjasha

Against the Thakoor Saheb of Palitana.

Claim : the continuance in perpetuity of guranteed agreement regarding the Pilgrim tax taken from persons visiting the Shrines on the Shetroonjee Hill.

As directed in the letters of Government No. 1722 of 4th June and No. 1902 of 13th June 1863, I proceed to make, to the best of my ability, an equitable arrangement between the contending parties.

It is not my intention to review in any way the history of the quarrel, as within the last year it has been twice reported upon ;

1stly, By Major W. W. Anderson on the 15th January 1863, and 2ndly, by myself in my report dated 25th April 1863—both these reports are annexed.

2nd. It is desirable that two errors in Honourable Mr. Anderson's letter No. 1902 of 13th June, 1863 should be pointed out as having attracted notice and been enquired into before the representatives of the contending parties :

I. Annundjee Kallianjee is not the name of an individual. It is the designation of a Firm organized by the Shrawuck Community to receive and control the Treasury of the Temples.

II. The Statement in the 7th paragraph is erroneous, the Palitana Chief holds no Sunnud from the Delhi Court, and there is unfortunately no record of any authorized scale of Taxation on Pilgrims.

3rd. The Chief of Palitana governs his own territory and under ordinary circumstances would make his own rules for the taxation of the pilgrims and for their admission to the Shetrunja hill within his boundary and immediately overhanging his capital."

The Shrawak Community, however, claim our interposition in their favour on two separate grounds :—

I. As holders of a Sanad from the Delhi court, conferring Palitana and the Hill on Santidas, the King's Jeweller, one of their Community.

II. On account of a lease executed by the Thakore in the year 1821 before the Political Agent which they state to be binding in perpetuity.

4th. The Sanad is dated the 30th year of the reign of Shah Jahan about A. D. 1657. It would be an interesting study to trace what the real power of the Delhi Court in Kathiawad was at that period and how far it had the power to enforce such a gift. I have, however, searched in vain for any authentic information in this matter. I remark, however that the exact period of

the grant was one of utter anarchy in the empire, being the year in which Shah Jahan was dethroned by his son Aurangzeb.

5th. Between the year 1657, and 1808, there was however, abundant time for change, and the fact is undoubted that in the latter year when Colonel Walker first extended British influence into Kattywar, we found Chief of Palitana, a Gohel Rajpoot, in possession of the Estate he now holds, paying a tribute to the Guicowar of Baroda and levying fees on all Pilgrims visiting the Shrines on the Hill. The Palitana Estate was at that period nearly ruined; the Chief was incapable of managing his own affairs, was at enmity with his own son, and was deeply indebted to one of the Shrawuck Community.

The latter class possessed then, as they do now, the great influence consequent on a close combination amongst themselves and unbounded wealth which made them the creditors of almost every Chief in Guzerat.

Our interference in their behalf was constant, but it was never proposed that an attempt should be made to revive the terms of Sha-Jahan's grant by encroaching upon the rights of Palitana Chief.

6th. Captain Barnwell the Political Agent addressing Government on the 20th December 1820, suggested that the Guicowar should be requested to remit so much of his Tribute as would compensate the Palitana Chief for any loss he might incur by abandoning his claim to the Pilgrim tax. He assessed the amount at from three to four thousand Rupees.

A Negotiation was consequently opened with Baroda on this point, but His Highness the Guicowar proving unwilling to make any concession, the matter was not pressed.

These circumstances, I think, show that the Sunnud of the Delhi Court must be rejected as establishing any special claim on the part of the Shrawuck Sect to exemption from the Pilgrim tax levied by the Palitana Chief.

7th. In 1821 the lease was executed before Captain Barnwell which forms the second document on which the claimants demand our intervention on their behalf.

Government has stated in the letter above alluded to No. 1902 of 13th June 1863, that the whole question turns upon the wording and construction to be placed upon this deed; two translations of the document are annexed, one prepared by a Comittee of three Officers o˜ the Kathyawar Political Agency— and another presented by the Shrawuck Agent bearing the signature of Mr. Flynn, a professional translator.

There is no important difference between these translations.

The deed is of the nature of a form of the pilgrim tax given by the Thakore to the Shrawuk Community; it commences with a clear statement that the agreement is for ten years, but further on in the body of the document, is the clause on which the complainants claim that the deed may be enforced in perpetuity.

COMMITTEE'S TRANSLATION.

And after the expiry of the period as long as you shall pay the money in future years so long we will continue you in the enjoyment according to agreement.

MR. FLYNN'S TRANSLATION.

And after the expiration of the time as long as you shall pay the amount in future according to the agreement we will act up according to the agreement.

8th. This single clause in the lease when read apart from the rest appears sufficiently clear but it will be obvious to any person accustomed to the perusal of documents of that date that the form of words used in deeds intended to be binding in perpetuity are wanting in this instance.

This clause when read in context with the rest of the document loses much of its force and it is evident from the English correspondence that the officer who mediated the agreement did not consider it a leading feature in the agreement. Still if

such a clause occured in a document drawn up between two persons equally subject to the ordinary course of Law, I should not scrupple to decide that the lease was to continue in force according to its present terms as long as the lessee chose to make his payments with regularity.

But the case here is different. The Thakore of Palitana is, as I have above stated, a Prince ruling his own territory, he loudly declaims against the terms of the lease, and against the influences which the Srawucks have brought to bear upon his estate, and asserts that the respect he owes to the British Government alone induces him to permit the Shrawuck Agency to continue the collection of this tax.

It must be remembered that this claim is but one of many made by this sect for peculiar privileges and exemptions in Palitana.

9th. Captain Barnwell reported to Government that he had concluded an arrangement for ten years—and as ten year's guarantee, the Government of the day sanctioned his scheme.

The rights of levying some tax on Pilgrims has at all times been claimed by native Government—the responsibility of providing for the protection of these travellers with their numbers, and it is but just that the right of taxation being once conceded the revenue should be in proportion to the numbers who frequent the Shrine.

10th. I would willingly, as stated in my report of the 25th April 1863, have suspended the Government Guarantee, and have given the Thakore permission to manage this affair for himself reserving the right of Government to interfere if he should be proved to have abused the confidence reposed in his moderation and good sense; but the subsequent orders of Government quoted at the commencement of this report direct that a settlement between the parties should be mediated by the Political Agent; I consequently called upon the parties to attend thro' their Agents at Rajcote in the commencement of August.

11th. A short summary of my proceedings is appended.

Every endeavour was made, though unsuccessfully, to bring about an understanding between the parties and thus obviate the necessity of an authoritative decision.

12th. Captain Barnwell, in his letter to Government of 20th December, 1820, para 4, states that previous to the year A. D. 1788, an equitable rate was levied by the Thakore, but after that period it was greatly increased. I endeavoured to discover what these rates were, and ascertained that the main pilgrim tax was called the "Kur," but that minor exactions under the designation of "Mulnoo," Nazrana, and Wullawa were customary. The agreement of A. D. 1750 refers to Mulnoo only. On calling for accounts to ascertain the actual rates of taxation previous to 1788, the Shrawak representatives stated that they had no accounts of that period to produce. Books were brought forward by the Thakore of Palitana.

13th. The books in question were objected to by the representatives of the sect as being irregularly kept, but a committee of native gentlemen, to whom the matter was referred, decided that there were not sufficient grounds to warrant their rejection as evidence.

The account examined extended over the years from Samvat 1831 to 1850 corresponding to Christian years 1774 to 1793.

The maximum average rate of tax entered is Rs. 4–9–9 levied on 587 pilgrims in Samvat 1833. The minimum is Rs. 1–1–4 exacted from 2,451 pilgrims in 1835.

The entries in the books which have been taken into account refer to 24,454 pilgrims and the average tax collected on all is Rs. 2–6–5.

The detailed statement accompanies from which these figures are deducted.

No approximation of the number of the pilgrims visiting the shrines is procurable.

14th. Bearing in mind, the peculiar relations of the parties concerned to one another and keeping in view the political status of the Chief of Palitana on the one hand and on the other the consideration due to the devout feelings of a large and influential sect, I make the following decision :—

15th. The collection of the pilgrim tax is to continue with the Shrawak Community, but the amount payable to the Thakore Saheb of Palitana is to be subject to the revisal every ten years.

The year is to commence on the 1st of January.

16th. From the 1st of January 1864 the Shrawuck Community are to pay at the rate of ten thousand Rupees yearly ( 10,000 ) on account of " Kur " or Pilgrim tax, this sum to include every other minor tax such as Mulnoo, Nuzerana, and Wullawa. I have settled this sum after mature consideration, under a full impression that the state of the Shrawuck treasury, and the number of Pilgrims visiting the shrines quite warrant such an increase in the yearly payment.

17th. This order as regards the amount of payment to be considered binding and unalterable for the period of two years viz : to the 31st December 1865.

18th. At any time after that date either party are to be at liberty to call for a revisal of amount payable for the redemption of the tax; a scrutiny is then to be made under the rules provided below, and the result arrived at is to continue in force for ten years— or as much longer as the parties concerned may wish.

19th. Neither party are to be entitled to call for a revisal of rate until it has been in force for ten years, and no revisal is to be made unless formally demanded by the repressentatives of the Shrawuck Community or by the Chief of Palitana.

20th. One rate having by mutual consent continued in force for any period in excess of ten years will not be considered to bar any future revisal when called for according to the terms of the decision.

21st. When a revisal is called for it is to be made by persons appointed by the Political Agent in Kathiawar or any other Officer of Government for the time being holding chief civil authority in the Peninsula.

22nd. The rate is to be determined by an actual count of the Pilgrims visiting the Shrines, and as it is necessary to provide against unfair means being used either to increase or decrease the number of Pilgrims visiting the Temples during the period of the enumeration the chief civil authority should be at liberty to extend his scrutiny over a period of two years and to make his count continuous or intermittant during that period.

23rd. During the time of the scrutiny the amount of tax in force during the last decade is to be continued and is to remain unaltered until the next new year after the conclusion of the investigation.

24th. The cost of the enumeration is to be borne exclusively by the party calling for it.

25th. The amount is to be determined by assuming that each Pilgrim pays two rupees for Pilgrim tax or " kur. "

26th. The only exceptions to be allowed are as follows :—

I. The descendants of Set Santidass.

II. All Priests and paid servants permanently attached to the temples on the Hill.

III. The Thakoor of Palitana, his relation and his paid servants.

IV. Persons who have permanently resided in the Town of Palitana for one year and who wish constantly to ascend the Hill. This may be assumed to pay a yearly fee of five rupees in lieu of the sum of two rupees for each visit.

27th. I owe some apology to the Thakoor of Palitana and to the representatives of the Shrawuck sect for the long delay of three months that has occurred in arriving at this decision.

If I have been slow it has been because I was excessively anxious to frame a scheme which by its fairness and moderation would put a period to the illfeeling which has so long existed in connection with the subject.

Katt. Political Agency, (Signed) R. H. KEATINGE
Camp Wadhwan, Political Agent.
5th December, 1863.

(પાલીતાણા જૈન કેસ, પૃ૦ ૧૩૭ થી ૧૪૩)

૩૬. કાઠિયાવાડના એક્ટિંગ પોલીટીકલ એજન્ટ મેજર ડબલ્યુ. ડબલ્યુ. એન્ડરસને મુંબઈ સરકારના ચીફ સેક્રેટરી મિ. એચ. એલ. એન્ડરસન ઉપર તા. ૧૫-૧-૧૮૬૩ના પત્રમાં આ વાત નીચે મુજબના શબ્દોમાં લખી હતી—

પેરા 17: "Taking Major Barr's proposal, therefore, as my basis towards endeavouring to compromise the matter, I found the Thakore willing on receiving a sum equivalent to triple the former amount, and to pass a new deed binding himself and his heirs in perpetuity to relinquish all further claims, whilst the Shravuk's kamdar, refusing to allow the original deed to be superseded was willing to give the extra sum Major Barr had fixed, viz., Rs. 7,500 and permission to cut and use grass on certain parts of the mountain, or Rs. 6,500 if this were not allowed and they had to purchase it. ... ... This, though acceptable to the Thakore, did not meet the views of the Shravuks."

(દફતર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ૦ ૪૮૬)

૩૭. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી, મુંબઈના ગવર્નર સર એચ. બી. ઈ. ફ્રીયરને, મેજર કીટિંજના ફેંસલા સામે, તા. ૧૫-૪-૧૮૬૪ના રોજ, જે અપીલ કરવામાં આવી હતી, તેમાં જે માગણી કરવામાં આવી હતી તેનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે—

"Your petitioner, therefore, for and on behalf of the Shravuk community, most humbly prays that your Excellency in Council will be pleased to reject the scheme which has been framed by Major Keatinge. That your Excellency in Council will give such directions as may be necessary to carry out the agreement of A. D. 1821. And that your Excellency in Council will order and compel the present and all future Thakores and Chieftains of

Palitana, to strictly and honorably observe and carry out the stipulations contained in the agreement of 1821."

(દફતર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ. ૫૦૪)

૩૮. પાદનોંધ ૩૭ માં જણાવ્યા મુજબ, તા. ૧૫–૪–૧૮૬૪ ના રોજ, મુંબઈના ગવર્નરને પેઢી તરફથી મેજર કીટિંજના ફેંસલામાં ફેરફાર કરવાની અને કેપ્ટન બાર્નવેલના વાર્ષિક રૂ. ૪૫૦૦ ની ચૂકવણીના રખોપાના કરારનો અમલ ચાલુ રાખવાની માગણી કરતી જે અપીલ કરવામાં આવી હતી, તે મુંબઈ સરકારે માન્ય રાખી ન હતી એમ પેઢી તરફથી મહારાણી વિકટોરિયાને જે અપીલ કરવામાં આવી હતી તેમાંના શબ્દો ઉપરથી જાણી શકાય છે. આ મુજબ સરકારે પેઢીની માગણી મંજૂર નહોતી રાખી, એટલું જ નહીં, પણ મેજર કીટિંજે જે ફેંસલો આપ્યો હતો તેને સને ૧૮૬૬ ના ફેબ્રુઆરી મહિનામાં પોતાની સંમતિની મહોર પણ મારી હતી, એવું સૂચન નીચેના શબ્દો ઉપરથી મળી રહે છે—

"19. Against this decision your petitioners appealed in April 1864 to the Bombay Government, who, in February 1866, confirmed Major Keatinge's settlement, and your petitioners have now no resource but to lay their grievances humbly at the foot of the Throne."

(દફતર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ. ૫૨૫)

મેજર કીટિંજના આ ફેંસલાની સામે મુંબઈ સરકારે આપેલ ફેંસલાથી નારાજ થઈને પેઢી તરફથી મહારાણી વિકટોરિયાને આ બાબતમાં દરમ્યાનગીરી કરવાની જે અપીલ કરવામાં આવી હતી, (તેમજ પાલીતાણા રાજ્યે પણ મહારાણી વિકટોરિયાને અપીલ કરીને આ બાબતમાં દાદ માગી હતી) તેનું પણ કંઈ ધારણા મુજબ પરિણામ આવ્યું ન હતું અને મેજર કીટિંજનો ફેંસલો જ માન્ય રાખવામાં આવ્યો હતો, એમ સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડિયાના તા. ૨૪–૬–૧૮૬૭ ના નં. ૩૬ ના લખાણ ઉપરથી જાણી શકાય છે, જે મૂળ લખાણ આ પ્રમાણે છે—

"I regret to find from these papers that the long-pending dispute between the Palitana Thakore and the Shravuks, as to the payments to be made by pilgrims visiting the Shatrunjay hill, has not yet been adjusted, the Shravuks maintaining, and the Thakore denying, the perpetual character of the agreement mediated by Colonel Barnewell in 1821. Under your orders, Colonel, then Major, Keatinge proposed to decide the question, in 1863, by directing the Shravuks to pay Rs. 10,000 annually, instead of Rs. 4,500, as hitherto, and permitting them, on the other hand, to collect the tax from the pilgrims themselves. I do not gather

from the papers why the decision in question was never carried into effect, but observe that you have for the present left the matter in abeyance, in the hope that the Political Agent may be able to induce both parties to agree to an amicable adjustment. To this course there can be no objection."

(દફતર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ. ૫૨૭)

૩૯. પાલીતાણાના દરબાર અને શેઠ કેશવજી નાયક વચ્ચે થયેલ આ કરારનું અસલ લખાણ તો મળી શક્યું નથી, પણ એનો સાર, જે મિ. ઈ. ટી. કેન્ડીએ પોતાના તા. ૨૮-૧૨-૧૮૭૫ના રિપોર્ટમાં આપ્યો હતો, એનો ભાવાર્થ આ રિપોર્ટના ગુજરાતી અનુવાદમાં નીચે મુજબ આપવામાં આવ્યો છે—

"અમે હવે સને ૧૮૬૪ની સાલ વિષે કહીએ છીએ. મુંબઈના પ્રસિદ્ધ વેપારી કેશવજી નાયકે શેત્રુંજા ડુંગર ઉપર દેરું બાંધી તેની પ્રતિષ્ઠા કરવા બંદોબસ્ત કરવા માંડ્યો. તેના દીકરા નરસીએ પાલીતાણે જઈ સને ૧૮૬૪ના સપ્ટેંબર માસની તા. ૨૦મીના રોજ ઠાકોર સાથે નીચે પ્રમાણે કરાર કર્યો, તે દસ્તાવેજમાં લખેલું હતું કે નરસી કેશવજીએ ડુંગર ઉપર એક દેરું તથા ધર્મશાળામાં એક દેરી બાંધી હતી, અને તેની પ્રતિષ્ઠાને વાસ્તે એક મોટો સંઘ લઈ ત્યાં આવવાનો વિચાર હતો, તેટલા માટે નીચે લખેલ બાબતોને સારુ તેમણે રૂા. ૧૬૧૨૫] ઉધડ આપવા કબૂલ કર્યા હતા—

"૧. ડુંગર ઉપર તથા ધર્મશાળામાં એ રીતે બે દેરાંને વાસ્તે.

"૨. જકાતને વાસ્તે.

"૩. પડાવને માટે જમીનનું ભાડું.

"૪. પ્રતિષ્ઠાની ક્રિયા કરવાને માટે જમીનનું ભાડું.

"૫. પરચુરણ.

"નરસી કેશવજીએ આ ગોઠવણથી ઘણા ખુશી થઈ કેપ્ટન લો સાહેબને એ પ્રમાણે કાગળ લખ્યો."

૪૦. મુંબઈ સરકારના આ પત્રમાં આ વાતનો નિર્દેશ આ શબ્દોમાં કરવામાં આવ્યો છે—

"I am, however, desired to state that the award should include all demands on the Shravuks, who should receive credit for any payments which the Thakore Sahib may take from them on any pretext, and for this sum the Shravuks should be guaranteed efficient police protection for their persons and property."

(દફતર નં. ૧૩, ચોપડા નં. ૧૧૪, પૃ. ૩૪૮)

૪૧. શેઠ કેશવજી નાયકે પાલીતાણા રાજ્ય સાથે કરેલ કરાર મુજબના રૂ. ૧૬૧૨૫)ની અંદર રૂ. ૧૧૯૮) ઉમેરીને રૂ. ૧૭૩૨૩) રખોપાની રકમમાંથી પોતાને મજરે મળવા જોઈએ એવી શ્રાવક કોમ તરફથી જે માગણી કરી હતી અને એ માગણીને ધ્યાનમાં રાખીને પાલીતાણા રાજ્યના ચાર વર્ષના રખોપાના રૂ. ૪૦,૦૦૦) રોકી રાખ્યા હતા, તેમાં રૂ. ૧૧૯૮) ની રકમની વિગતો તો મળી શકી નથી, પણ એ ઉપરથી એટલું સાબિત થાય છે કે પોતાના નાનામાં નાના હક્કના રક્ષણ માટે પણ શ્રાવક સંઘ હમેશાં કેટલો સજાગ અને પ્રયત્નશીલ રહેતો હતો.

૪૨–૪૩. રસેલ વગેરેનો આવો ફેંસલો આપતા શબ્દો કેન્ડીના રિપોર્ટમાં ટાંકવામાં આવ્યા છે, જે નીચે મુજબ છે—

"However, Captain Russell, the Assistant Political Agent, decided (25th September 1869) that this was not a valid defence. His decision was confirmed by the Political Agent (10-3-1870) and by Government (No. 3573, 14th June 1872).

(પાલીતાણા જૈન કેસ, પૃ૦ ૧૫)

૪૪–૪૫. જુઓ : દફતર નં. ૧૨, ફાઈલ નં. ૯૭.

૪૬. પેઢી તરફથી કરવામાં આવેલ મૂળ અંગ્રેજી અરજીના શબ્દો આ પ્રમાણે છે—

પેરા 48 : "In 1879, the Darbar asked for a revisal of the fixed sum of Rs. 10,000 fixed by the Award of Colonel Keatinge and claimed an enumeration in terms of that Award. After the scruting had proceeded for a certain time, on the complaint of the Palitana Darbar that the number of pilgrims was artificially restricted, the scruting was ordered to be continued for an extended period.

પેરા 46 : "... During this period (from 1866 to 1881) numerous disputes arose between the Darbar and the Jain community which were dealt with by the Agency authorities."

(પાલીતાણા જૈન કેસ, પૃ૦ ૧૯૫)

૪૭. નગરશેઠ પ્રેમાભાઈને નગરશેઠ શ્રી શાંતિદાસના વારસ તરીકે ન સ્વીકારીને શરૂઆતમાં તેમને સફેદ ટિકીટ આપવામાં આવી અને પછી એમને નગરશેઠ શ્રી શાંતિદાસના વારસ ગણીને લીલી ટિકીટ આપવામાં, આવી એ ઘટનાની નોંધ (દફતર નં. ૧૨, ફાઈલ નં. ૯૭ માં) આ રીતે સચવાયેલી છે—

"સાંતીદાસની ઓલાદને માફીની લીલી ટીકીટ આપવાનું કરનલ કીટીંજ સાહેબના ઠરાવમાં તથા ગણત્રી ખાતાના રૂલમાં લખેલું છે તેથી પ્રથમ સને ૧૮૮૧ ની સાલમાં અમદા-

વાદના રહીસ આજમ શેઠ પ્રેમાભાઈ હીમાભાઈ અહીં આવેલા ને તેમણે સાંતીદાસની ઓલાદનો દાવો રાખી લીલી ટીકીટ માગેલી પણ તેને બદલે માજી સુપ્રીનટેન્ડેન્ટ સાહેબે તેને સફેદ ટીકીટ આપવાથી શેઠ મજકુરે વાલાસાન પોલીટીકાલ એજંટ સાહેબ તરફ અરજ કરતાં તે ઉપરથી તેઓ સાહેબ મેહેરબાને તા. ૧૭ મી ફેબરવારી સને ૧૮૮૧ નો હુકમ આજમ મેહેરબાન ગોહેલવાડ પ્રાંતના આસીસ્ટંટ સાહેબ મારફત આવતાં તેમાં શેઠ પ્રેમાભાઈ તથા તેના કુટુંબના સાંતીદાસની ઓલાદના છે માટે તેને માફીની લીલી ટીકીટમાં ગણવા લખું છે."

૪૮. તા. ૫–૯–૧૮૮૧ ની મૂળ અંગ્રેજી અરજીમાં કરવામાં આવેલી ચાર માગણીઓનું લખાણ નીચે મુજબ છે—

પેરા 40 : " Your petitioners respectfully submit that the several courses open to be adopted in the present case are the following :—

"(1) To decide finally that the Thakore Sahib shall no longer be allowed to levy a pilgrim tax on Shravak pilgrims visiting the Shetrunja Hill, and your petitioners submit that the dictates of reason, justice, and policy, and the principles of religious toleration, demand that this course shall be adopted.

"(2) To adopt the suggestions made by your petitioners as to the construction of a road which shall pass entirely through British territory to the summit of their sacred Hill.

"(3) Or to decide finally that the Shravaks shall pay to the Thakore Sahib of Palitana their fair share of any extra expenditure that he can satisfy the Government he has incurred bona fide through the necessity of increasing his police force on account of the Shravak pilgrimages, or that the Shravak Community shall pay to the Thakore Sahib a certain fixed sum calculated with reference to the police rates, such sum to be fixed by Government and not subject to alteration hereafter.

"(4) Or to adhere to the terms of the agreement and settlement effected by Captain Barnewell, which, your

petitioners submit, ought never to have been departed from."

(ચોપડા નં. ૩૨, પૃ૦ ૧૬-૧૭)

૪૯. તા. ૫-૯-૧૮૮૧ ની અરજીમાં આ બે માગણીઓ નીચે મુજબ શબ્દોમાં કરવામાં આવી હતી—

પેરા 8: "Your petitioners therefore respectfully submit that the time has now come when your Excellency in Council should finally decide (1), whether the Thakore Sahib of Palitana should any longer be allowed to levy a tax on Shravak pilgrims visiting the Shetrunja Hill, and (2) if so, what manner and to what extent."

(ચોપડા નં. ૩૨, પૃ. ૫)

૫૦. મૂંડકાવેરો અથવા યાત્રાવેરો યાત્રિકની સારા પ્રમાણમાં કનડગત કરનારો હોવાથી એના પ્રત્યે શ્રીસંઘમાં કેવી લાગણી પ્રવર્તતી હતી તે તા. ૫-૯-૧૮૮૧ની મજકૂર અરજીમાંના નીચે નોંધેલા થોડાક ઉદ્‌ગારો ઉપરથી પણ જાણી શકાય છે—

પેરા ૭: "They are convinced that unless an absolutely final decision be come to, the Shravak Community will never be safe from fresh exactions, demands, and annoyances on the part of the Thakore Sahib of Palitana."

પેરા ૧૦: "... your petitioners respectfully pray that your Excellency in Council will refuse to sanction any longer the levy of a tax so odious as that the permanent enforcement of which the Thakore Sahib of Palitana now asks for in the form most offensive to the Shravak Community."

પેરા ૪૧: "... ... your petitioners ernestly beseech your Excellency in Council to put an end once for all to the pernicious and beneful system of enumeration of pilgrims."

આવી અણગમાની લાગણી યાત્રાવેરા પ્રત્યે બીજાં સ્થાનોમાં પણ દર્શાવવામાં આવી છે. દરબારશ્રીએ અમદાવાદના શ્રાવકો તરફથી યાત્રિકોની સંખ્યા ઓછી દર્શાવવાની ચાલાકીભરી કાર્યવાહી થતી હોવાનો જે આક્ષેપ કર્યો હતો, તેનો નિર્દેશ આ અરજીમાં આ શબ્દોમાં કરવામાં આવ્યો છે—

પેરા 35: "... ... As to the Memorandum itself, it bases the proposition to perpetuate the enumeration of pilgrims on the allegation that the Ahmedabad Shravaks placed their men round

about Palitana, and allowed only a certain number of pilgrims to visit the Hill, so as to make the enumeration deceptive."

( ચોપડા નં. ૩૨, પૃ. ૪ થી ૧૭ )

૫૧. સને ૧૮૮૬ માં કરવામાં આવેલ રખોપાનો ચોથો કરાર અંગ્રેજી ભાષામાં કરવામાં આવ્યો હતો, જે નીચે મુજબ હતો—

AGREEMENT BETWEEN THE THAKORE SAHEB MANSINHJI OF PALITANA AND THE JAIN COMMUNITY.

"1. The Thakore Saheb of Palitana agrees to receive, and the Jain Community agrees to pay, a fixed annual sum of Rupees fifteen thousand ( Rs. 15,000 ). In consideration of this annual payment to the Palitana Chief, the Palitana Darbar agrees that no further dues of any kind will be levied from the Jain community on account of pilgrimage taxes. This sum of Rs. 15,000 will be due on the 1st of April of each successive year, it includes police protection, 'Malnu &c.'

"2. The Thakore Saheb consents and the Jain community agrees that this arrangement shall continue for forty ( 40 ) years, from the 1st April 1886.

"3. After the expiration of these forty years, either party shall be at liberty to ask for a modification of the fixed annual sum mentioned in the first paragraph of this agreement. It will rest with the British Government after considering the respective arguments of the contending parties to grant or to withhold modification.

"The above has been explained by me personally to the Thakore Saheb of Palitana, and to the leading Shrawaks, and both parties sign this agreement below in token of consent—

| | |
|---|---|
| "Signatures of leading Shrawaks. | "Signature of Darbar. |
| "(Sd.) J. F. F. પ્રેમાભાઈ હીમાભાઈ સહી. | (સહી) ગોહેલ શ્રી માનસંઘજી |
| "(Sd.) J. W. W. (સહી) જેસીંઘભાઈ હઠીસીંગ. | "The Thakore Saheb. |
| "(Sd.) J. F. F. (સહી) ઉમાભાઈ હઠીસીંગ. | "(Sd.) J. W. W. |

" (Sd.) J. W. W. (Sd.) MANSOOKHBHAI "Signed this in my presence.
BHAGUBHAI. " (Sd.) JOHN W. WATSON,

" (Sd.) J. W. W. (સહી) પરશોતમદાસ પુન્નશા. " Political Agent, Kathiawar,

" (Sd.) J. W. W. (સહી) બદ્રીદાસ (બંગાલી ભાષામાં) " Palitana, March 8th, 1886.

" (Sd.) J. W. W. (Sd.) BALABHAI MANCHARAM.

" (Sd.) J. W. W. (Sd.) TALACKCHAND MANECKCHAND.

" (Sd.) J. W. W. (Sd.) DALPATBHAI BHAGOOBHAI.

" (Sd.) J. F. F. (સહી) ચુનીલાલ કેશરીસીંઘ.

" All of these signed this in my presence with the exception of Premabhai Himabhai, Umabhai Hathising and Chunilal Kesharising who all signed betore the Deputy Collector at Ahmedabad.

" (Sd.) JOHN WATSON,
Political Agent, Kathiawar.

" This agreement has been ratified by H. E. the Governor in Council in Government Resolution No. 2016 of the 8th April 1886, in the Political Department."

" Camp Gopnath, " (Sd.) JOHN W. WATSON,
" April 13th, 1886. Political Agent, Kathiawar."

(પાલીતાણા જૈન કેસ, પૃ૦ ૧૧૨–૧૧૩)

આ કરાર મુજબ પાલીતાણા રાજ્યને દર વર્ષે આપવાની થતી રૂપિયા ૧૫,૦૦૦ની રકમની ચુકવણી માટે, એ ચુકવણી પોલિટિકલ એજન્ટ મારફત થાય એ અંગે, પેઢી કેટલી ચીવટ રાખતી હતી તેની હકીકત જાણવી રસપ્રદ હોવાથી અહીં આપવામાં આવે છે, જે નીચે મુજબ છે—

## રકમની ચુકવણી માટેની ઝીણવટ

રખોપાના આ ચોથા કરાર મુજબ પાલીતાણા રાજ્યને પહેલા વર્ષના પંદર હજાર રૂપિયા તા. ૧–૪–૧૮૮૭ના રોજ અથવા તે પહેલાં ચૂકવવાના થતા હતા. પંદર હજાર રૂપિયા જેવી રકમની ચુકવણી પાલીતાણા રાજ્યને એજન્સીની ઓફિસ મારફત થાય તો સારું,

કેમ કે રખોપાના ત્રીજા કરાર મુજબ વાર્ષિક દસ હજાર રૂપિયા પાલીતાણા રાજ્યને એજન્સીની ઓફિસ મારફત જ પહોંચતા કરવામાં આવતા હતા, એમ વિચારીને, આ રકમની ચુકવણી માટે પણ આવી જ ગોઠવણ કરવા માટે કાઠિયાવાડના આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટને, તા. ૭–૪–૧૮૮૭ના રોજ, પેઢી તરફથી નગરશેઠ પ્રેમાભાઈ હીમાભાઈ, શેઠ જેશિંગભાઈ હઠીસિંગ વગેરેની સહીથી, એક યાદી મોકલવામાં આવી હતી.

પણ, પેઢીની આ યાદીને નામંજૂર કરતાં, ગોહિલવાડના એકટીંગ આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ શ્રી જે. પી. બી. ફેરીક્ષની સહીથી, તા. ૧૨–૪–૧૮૮૭ના રોજ, પેઢીને જણાવવામાં આવ્યું હતું કે—

"રૂપીઆ પંદર હજારની વારસીક રકમ આ ઓફીસની મારફત અથવા કોઈ પણ પોલીટીકલ અમલદારની રૂબરૂ ભરવા બાબત તા. ૧૩ મી એપ્રેલના કરારમાં કાંઈ જ ઠરાવ નથી એટલા માટે આ બાબતમાં ઠાકોર સાહેબને હું સલાહ આપવા અશક્ત છું.

"રૂપીઆ ભરવાની મુદત ઉપરાંત બાર દીવસ થઈ ગયા છે તેથી મારા અભીપ્રાય પ્રમાણે શ્રાવક સમુદાયે એ રૂપીઆ ભરવાની સાથે તેની પોંહોંચ લઈને એકદમ દરબારમાં ભરી દેવા જોઈએ. જો તેમની મરજી હોય તો રૂપીઆ ભરી દીધા વીશે આ ઓફીસને જાહેર કરે.

"જો શ્રાવક સમુદાયની નજરમાં એમ આવતું હોય કે મી. પીલ સાહેબની વખતમાં આગલા કરારની રૂએ જે પ્રમાણે એજન્સી મારફત રૂપીઆ ભરાતા હતા તે પ્રમાણે ભરવા તો તેમણે સરકારમાં લખી તા. ૧૩ મી અપ્રેલ ૧૮૮૬ ના કરારમાં એ મતલબનો સુધારો કરાવવા પરવાનગી મેળવવી પણ આ વરસે જે રકમ ચઢી છે તે આપવામાં જરાદે ઢીલ બીલકુલ નહીં કરવી જોઈએ." (અંગ્રેજી જવાબના દફતરમાંથી મળેલ અનુવાદ)

ગોહિલવાડના આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ તરફથી આ પ્રમાણે સ્પષ્ટ અને તાકિદથી અમલ કરવો પડે એવો જવાબ મળ્યા પછી, તરત જ, તા. ૧૬–૪–૧૮૮૭ના રોજ, પંદર હજાર રૂપિયા પાલીતાણા રાજ્યમાં ભરી દેવામાં આવ્યા હતા. અને પાલીતાણા રાજ્ય તરફથી એની નીચે મુજબ પહોંચ આપવામાં આવી હતી—

"પાલીતાણાએ સને ૧૮૮૭ સુધી વર્ષ એકના રૂા. ૧૫,૦૦૦ લીધાની આપેલી પહોંચ પ્રા. જા. નંબર ૫૧૯

"શ્રી દરબારે સ્વસ્થાન શ્રી પાલીતાણા. જત તા. ૮ માહે માર્ચ સને ૧૮૮૬ ને રોજ સમસ્ત જૈન સમાજ અને શ્રી દરબાર વચ્ચે થએલ કરારની રૂઈએ તા. ૧ માહે અપ્રેલ સને ૧૮૮૭ સુધીના એક સાલના રૂપીઆ ૧૫૦૦૦] અંકે પંદર હજાર આજ રોજ શેઠ આણંદજી કલ્યાણજીના સેક્રેટરી રા. વ્રજવલભદાસ જેઠાભાઈ મારફત દરબારી જામદારખાને ભર્યા તેની આ પોચ આપવામાં આવી છે. તા. ૧૬ અપ્રેલ સને ૧૮૮૭.

"(સહી) — — — — —

"દીવાન સ્વ૦ પાલીતાણા"

ગોહિલવાડના આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટની સૂચના મુજબ, રખોપાના પંદર હજાર રૂપિયા પાલીતાણા રાજ્યમાં ભરાઈ ગયાની જાણ, એમને નીચે મુજબ પત્ર લખીને, પેઢી તરફથી, નગરશેઠ પ્રેમાભાઈ હીમાભાઈ વગેરેની સહીથી, તા. ૬ માહે મે, સને ૧૮૮૭ના રોજ કરવામાં આવી હતી—

"પાલીતાણાને સને ૧૮૮૭ સુધી રૂા. ૧૫,૦૦૦) ભર્યા બાબતની

"જાણ કરવા માટે

"યાદી ગોહેલવાડ પ્રાંતના આજમ મેહેરબાન આસીસ્ટંટ પોલેટીકાલ એજન્ટ સાહેબ બાહાદુર તરફ મોકલવાની—શેઠ આણંદજી કલ્યાણજીના વહીવટ કરનાર પ્રતીનીધી અમો નીચે સહી કરનાર તરફથી એવી જે—

"જૈન સમુદાય અને સ્વસ્થાન પાલીટાણાના દરબાર વચે તા. ૮ માહે માર્ચ સને ૧૮૮૬ ના રોજ વાલાસાંન મહેરબાન માજી પોલેટીકાલ એજન્ટ કરનલ વાટસન સાહેબ બાહાદુર વીદમાંન. પાલીટાણા દરબારને તા. ૧ એપ્રીલ સને ૧૮૮૬ થી દર સાલ રૂ. ૧૫૦૦૦) પંદર હજાર ચડેચડા આપવા મતલબથી થએલ કરારની રૂઈએ પેહેલી સાલના ચડેલા રૂપીઆ પંદર હજાર પેસ્તરની માફક એજન્સી મારફત ભરવા બાબત અમોએ આપ સાહેબની હજુર તા. ૭ મી એપ્રીલ સને ૧૮૮૭ના રોજની યાદી મોકલી અરજ કરેલી તે ઉપરથી સદરહુ રૂપૈયા પાલીતાણા દરબારને પોહોચ લેઈ આપવા મતલબથી આપ સાહેબનો તા. ૧૨ મી માહે એપ્રલ સને ૧૮૮૭ના રોજ હમારી તરફ કરેલ શેરાના માનની ખાતર રૂપૈયા પંદર હજાર આ લગતની નકલ મુજબ પોહોચ લેઈ તા. ૧૬ મી માહે અપ્રેલ સને ૧૮૮૭ના રોજ પાલીટાણા દરબારને ભરવામાં આવ્યા છે તે આપ સાહેબને જાહેર થાઅ."

આ રીતે ૪૦ વર્ષ સુધી (સને ૧૯૨૬ સુધી), દર વર્ષે, પહોંચ લઈને, પાલીતાણા રાજ્યમાં, પંદર હજાર રૂપિયા ભરવામાં આવ્યા હતા; અને એની જાણ, ગોહિલવાડના આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટને, પહોંચની નકલ સાથેની યાદથી કરવામાં આવતી હતી.

(દફતર નં. ૧૪, ફા. નં. ૧૨૪)

૫૨. મૂળ અંગ્રેજી કરારમાં આ કલમ નીચે પ્રમાણે છે—

પેરા ૩: "After the expiration of these forty years, either party shall be at liberty to ask for a modification of the fixed annual sum mentioned in the first paragraph of this agreement. It will rest with the British Government after considering the respective arguments of the contending parties to grant or to withhold modification."

પોતાના પિતાશ્રી દરબાર માનસિંહજીને સને ૧૮૮૬નો રખોપા-કરાર માન્ય રાખવાની કેવા સંજોગોમાં ફરજ પડી હતી, તેનું વર્ણન દરબારશ્રી બહાદુરસિંહજીએ પોતાની તા. ૧૪-૯-૧૯૨૫ની અરજીમાં નીચેના શબ્દોમાં કર્યું હતું—

૫૩. પેરો ૧૮ : " ... ... (a) When the settlement was effected that is in 1886 A. D. my father, the late Thakore Saheb was a young man, devoid of experience, and had just got the Gadi.

" (b) He had no reliable advisers.

" (c) He was harassed by the bitter enmity of his brother. "

પોતાની માગણીને વ્યાજબી ગણાવવા માટે વ્યક્તિ પોતાના વડીલોની સ્થિતિનું પણ કેવું કરુણ વર્ણન કરી શકે છે, તેનો ઉપરનું લખાણ એક દાખલો પૂરો પાડે છે.

પાલીતાણાના દરબારશ્રીએ કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસનને, તા. ૧૪–૯–૧૯૨૫ ના રોજ, કરેલી અરજીમાં મુંડકાવેરો લેવાના પોતાના અધિકારનું ઉચ્ચારણ આ શબ્દોમાં કર્યું હતું—

પેરો ૨૧ : " ... the interference of Government which he agreed to seek in submitting the settlement to the Government of Bombay, with clause 3 embodied in it, cannot deprive me, his successor, of an established right of managing in my own territory a domestic matter like the pilgrim Tax in virtue of my sovereignty."

( પાલીતાણા જૈન કેસ, પૃ૦ ૧૨૭–૧૨૯ )

૫૪. પાલીતાણાના દરબારશ્રીની તા. ૧૪–૯–૧૯૨૫ ની અરજીનો જવાબ આપવામાં ઘણી બાબતોની શોધ અને રજૂઆત કરવાની હોવાથી, એ ૨૫ મી માર્ચ ૧૯૨૬ સુધીમાં આપી શકાય એમ નહીં હોવાથી, એ માટે એક વિગતવાર તાર કરીને એક માસની વધુ મુદતની માગણી આ પ્રમાણેના શબ્દોમાં કરવામાં આવી હતી—" We earnestly beg therefore that you will be pleased to extend the time by one month from the 25th ( March 1926 ). "

પેઢીની આ માગણીનો સ્વીકાર મિ. સી. સી. વોટસને તાર દ્વારા આ શબ્દોમાં કર્યો હતો—" Agent Governor General willing grant extension of time to 25th April for submitting reply to Palitana Darbar's representation on understanding no further delay and no complaint will be made that time given inadequate. "

( પાલીતાણા જૈન કેસ, પૃ૦ ૧૬૧–૧૬૨ )

આ આખા પ્રકરણમાં કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની એટલે કે સમસ્ત જૈન સંઘની લાગણીની અને માગણીની જે

કડકાઈથી ઉપેક્ષા કરી હતી, તે કડકાઈનું આછું દર્શન એમના ઉપર નોંધેલ મુદત વધારી આપવાના તારમાં પણ દેખાઈ આવ્યા વગર રહેતું નથી. આ અંગ્રેજ અમલદારની મુખ્યત્વે કડકાઈનું જ એ પરિણામ હતું કે જૈન સંઘને, ૨૬ મહિના જેટલા લાંબા સમય સુધી, શત્રુંજય મહાતીર્થની યાત્રાનો બહિષ્કાર કરવો પડયો હતો. (આ યાત્રા-બહિષ્કાર પ્રકરણની સવિસ્તર માહિતી ખાસ જાણવા જેવી હોવાથી, એ આ પ્રકરણને અંતે આપવામાં આવેલ '**પુરવણી**'માં વિગતે આપવામાં આવી છે.)

૫૫. પાલીતાણાના દીવાન શ્રી સી. જી. મહેતાએ દરબારશ્રીની તા. ૧૪-૯-૧૯૨૫ની અરજીની નકલ મેળવવા માટે શેઠ આ. ક.ની પેઢીના મુનીમને જે શેરો, તા. ૨૧-૧૦-૧૯૨૫ના રોજ, બતાવ્યો હતો, તે આ પ્રમાણે છે—

"To be shown to the munim of Sheth Anandji Kalianji at Palitana on behalf of the Representatives of that firm as requested by the Hon. the Agent to the Governor General in the states of Western India, who asks the Palitana State to inform the representatives that they should submit to him, through the Palitana Durbar, any representation that they wish to make, within two months. The Hon. the Agent to the Governor General further intimates that at the end of that period he will decide what orders should issue under the last clause of the agreement of 1886."

(ચોપડી નં. ૧૨, આગળનું પાનું)

૫૬. પાલીતાણાના દીવાનશ્રીના આ શેરાની સામે પેઢી તરફથી કરવામાં આવેલ અરજીમાંની આ રજૂઆતનું મૂળ અંગ્રેજી લખાણ નીચે મુજબ છે—

"We beg to submit that the procedure adopted as above is a very serious departure from the practice in the matter invariably followed for over a hundred years and if we venture to submit quite inappropriate to the position of the parties in this matter.

" ... ... ... ... ...

"We submit that the Palitana Durbar and the Jain Community in this controversy are the two contending parties; the Palitana Durbar seeking a modification of the agreement being in the position of the Plaintiff and the Jain Community the Defendant. In such a case, to ask the Jain Community to apply for a copy of the representation made by the Durbar to the Durbar itself and to submit their rejoinder to your Honour through the

Durbar, is we beg strongly to represent altogether an incorrect procedure. Your Honour is the Tribunal to hear this matter between the Palitana Durbar and the Jain Community and both parties are it is submitted entitled to have direct access to the Tribunal. It is quite a novel thing for the Defendants to be told that they should obtain a copy of the plaint from the plaintiff and to submit their defence to the Tribunal through the plaintiff."

( ચોપડી નં. ૧૨, પૃ. ૨-૩ )

૫૭. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના જવાબમાં કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસનના સેક્રેટરી મિ. સી. એલ. કોરફિલ્ડ તરફથી એ માગણીને નકારતો જે જવાબ આપવામાં આવ્યો હતો, તે નીચે મુજબ હતો—

"With reference to their petition dated the 5th November, 1925, on the above subject, Sheth Kasturbhai Manibhai and three others, Managing representatives of Sheth Anandji Kalianji, are informed that the Honourable the Agent to the Governor General has given careful consideration to their arguments and to the previous correspondence and he regrets he sees no reason to alter his view as to the correct procedure to be followed. According to this the Agent to the Governor General has asked the Palitana Darbar to supply the Firm of Sheth Anandji Kalianji with a copy of its representation and has directed the firm to submit their rejoinder through the Palitana Durbar."

( ચોપડી નં. ૧૨, પૃ. ૯ )

૫૮. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની તા. ૧૫–૧–૧૯૨૬ ની અરજીમાંની માગણીને પણ નકારી કાઢતાં, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસનના સેક્રેટરી મિ. સી. એલ. કોરફિલ્ડ તરફથી તા. ૧૯–૧–૧૯૨૬ના રોજ જે જવાબ આપવામાં આવ્યો હતો, તે નીચે મુજબ હતો—

"In reply to their representation dated the 15th January, 1926, Sheth Kasturbhai Manibhai and others, Managing representatives of Sheth Anandji Kalianji, Ahmedabad, are informed that the Honourable the Agent to the Governor General sees no reason to modify the order contained in his Memorandum No. P. 59, dated the 13th November, 1925, and regrets that he cannot

extend the time for submitting their rejoinder by a further period of four months."

(ચોપડી નં. ૧૨, પૃ. ૧૯)

૫૯. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી પોતાની માગણી ત્રીજી વાર રજૂ કરવા માટે તા. ૭-૨-૧૯૨૬ ના રોજ, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસનને જે અરજી કરવામાં આવી હતી, તેનો પણ તેમના સેક્રેટરી મિ. સી. એલ. કોરફિલ્ડ તરફથી જે ઇન્કાર ભણવામાં આવ્યો હતો અને, વધારામાં, આ બાબત અંગે રૂબરૂ મુલાકાત લેવાની જે વાત જણાવવામાં આવી હતી, તે નીચે મુજબ હતી—

"With reference to their letter dated the 7th February, 1926 on the above subject, Sheth Kasturbhai Lalbhai and others, Managing Representatives of Sheth Anandji Kalianji, are informed that the Hon'ble the Agent to the Governor General has again considered his previous orders which will now be carried out.

"2. He is however ready to grant an interview at any time but can hold out no hope of changing his order.

"3. He will be pleased to see the representatives on the 18th, 21st or 22nd instant at 11 A. M. at the Residency, Rajkot."

(ચોપડી નં. ૧૨, પૃ. ૨૧)

૬૦. કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસને દરબારની તા. ૧૪-૯-૧૯૨૫ ની અરજીની નકલ પોતાની ઓફીસમાંની નકલમાંથી કરી લેવાની પેઢીને અનુમતિ આપી તેનો નિર્દેશ એમણે, તા. ૨૫-૩-૧૯૨૬ ના રોજ, આપેલ વચગાળાના હુકમ (ad interim order)માં નીચેના શબ્દોમાં કરેલો હતો—

"After considerable discussion I agreed, without prejudice to the question of procedure, to allow the firm's representatives to see the copy of the Darbar's representation upon my file and to take a copy of it in my office."

(પાલીતાણા જૈન કેસ, પૃ. ૧૭૩)

૬૧. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિઓએ દરબારશ્રીની અરજીનો જવાબ તા. ૨૫-૩-૧૯૨૬ સુધીમાં લખી મોકલવાની વાતનો પહેલાં સ્વીકાર કર્યો તે વાતનો ઉલ્લેખ પણ મિ. સી. સી. વોટસનના વચગાળાના હુકમમાં નીચેના શબ્દોમાં કરવામાં આવ્યો હતો—

"The Firm's representatives at first agreed to furnish a reply before the 25th of March in order to enable me to issue final

orders on this question before the 1st of April 1926."

( પાલીતાણા જૈન કેસ, પૃ. ૧૭૩ )

૬૨. કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસને પાલીતાણાના દરબારશ્રીની અરજીનો જવાબ આપવા માટે પેઢીને એક માસની મુદ્દત વધારી આપવાનો જે તાર કર્યો હતો, તેમાં આ બાબતનો પણ તેમણે નીચેના શબ્દોમાં નિર્દેશ કર્યો હતો—

"To safeguard interests of Darbar in event their request being granted Agent Governor General will issue ad interim orders allowing Darbar to recover tax from 1st April at rates proposed, full accounts being maintained and proceeds kept on deposit pending final orders."

( પાલીતાણા જૈન કેસ, પૃ. ૧૬૨ )

૬૩. વચગાળાના હુકમમાં કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટે પાલીતાણાના દરબારશ્રીને આપવા ધારેલ મુંડકાવેરો વસૂલ કરવાની અનુમતિની સામે જૈન કોમના સખ્ત વિરોધની લાગણી વ્યક્ત કરતાં, સર ચીમનલાલ સેતલવડે પોતાના, તા. ૨૧-૩-૧૯૨૬ના, તારમાં જણાવ્યું હતું કે—

"Impossible for Jains to accept the further condition imposed for granting extension that interim orders allowing Durbar to recover Rakhopa dues from 1st April at rates proposed maintaining full account and keeping proceeds on deposit would be passed. Such orders absolutly undesirable and unnecessary."

( પાલીતાણા જૈન કેસ, પૃ. ૧૬૪ )

૬૪. વચગાળાના હુકમમાં પાલીતાણાના દરબારશ્રીને, તા. ૧-૪-૧૯૨૬ થી, મુંડકાવેરો ઉઘરાવવાની અનુમતિ આપવાનો અને એ રકમ અનામત ( deposit ) તરીકે રાખવાનો હુકમ આપવાનો કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસને જે વિચાર કર્યો હતો, તે વિચારને જતો કરીને દરબારશ્રીને કેવળ યાત્રિકોની સંખ્યાની ગણતરી કરવાની અનુમતિ આપવામાં આવી હતી, તેનું મૂળ લખાણ નીચે મુજબ હતું—

"For these reasons the Palitana Darbar are allowed to make an enumeration of all pilgrims visiting the Shetrunja Hill with effect from the 1st April and until the date of the final orders in this case."

( પાલીતાણા જૈન કેસ, પૃ. ૧૭૫ )

૬૫. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ, તા. ૨૩-૪-૧૯૨૬ ના રોજ, કાઠિયાવાડના પોલિટિકલ

એજન્ટ મિ. સી. સી. વૉટસનને પાલીતાણાના દરબારશ્રીની તા. ૧૪–૯–૧૯૨૫ની અરજીના જવાબમાં જે સવિસ્તર જવાબ લખી મોકલ્યો હતો, તેમાં પેઢી તરફથી જે ત્રણ માગણીઓ સારરૂપે (પૃ. ૨૩૩માં) રજૂ કરવામાં આવી હતી, તે મૂળ અંગ્રેજી લખાણની નીચે મુજબની કલમોના સારરૂપ હતી—

(1) પેરા ૩: "... We confidently submit (according to clause 3 of the agreement of 1886) that, the only liberty left to either party was to apply to the British Government to substitute either a higher or lesser fixed annual sum for the Rs. 15,000 mentioned in the agreement. ... ... The method of the payment and recovery of the Rakhopa money was always to be by the Durbar receiving from the Jain community through their accredited representatives and not from the pilgrims, a fixed annual sum."

(૨) પેરા ૮૬: "...... Although the number of pilgrims may have increased, it cannot be shown that the expenses incurred by the Durbar for securing the protection as above stated have in any manner increased. On the contrary, looking to the peaceful and settled times and the effective protection assured by the Paramount power and the extended facilities of Railway travelling rendering it unnecessary for the pilgrims to travel by foot or cart, the expenses involved to the Durbar instead of increasing have in fact decreased.

(૩) પેરા ૯૫: "... ... We further pray that the orders that may be passed now fixing the annual lump sum to be paid to the Durbar should not be limited to a period of years, but should be permanent. Such course will remove all future friction and will be calculated to bring about harmonious relations between the parties."

(પાલીતાણા જૈન કેસ, પૃ. ૧૭૮, ૨૦૮, ૨૧૧)

૬૬. કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વૉટસનના ચુકાદાની આઠમી કલમમાં આ ત્રણ મુદ્દાઓ નીચે મુજબ રજૂ કરવામાં આવ્યા હતા—

૧. "In fixing the amount of the tax I propose to take the minimum number at Rs. 2/— per head and to allow the Darbar a sum of rupees one lakh in commutation of its right to levy the pilgrim taxes."

૨. "This arrangement should remain in force for ten years."

૩. "I do not propose now to lay down the procedure which should be adopted at the end of the ten years nor to prescribe in so many words that any modification will then rest in the hands of the Paramount Power. In my view of the constitutional position when the agreement lapses the Darbar will be restored to its full normal rights of levying pilgrim taxes at the rates decided by Colonel Keatinge to be fair and it will only be necessary for the Paramount Power to intervene if in its opinion the conditions existing between the parties at the time require and justify such intervention."

(પાલીતાણા જૈન કેસ, પૃ. ૨૨૫-૨૨૬)

૧૭. અંગ્રેજ સરકારની વતી મિ. એમ. મેલવિલે પાલીતાણાના રાજકુમાર શ્રી માનસિંહજીના રાજ્યારોહણના પ્રસંગને અનુલક્ષીને એમને જૈનો સાથે સમાધાન કરવાની સલાહ, તા. ૬–૧૨–૧૮૮૫ ના પત્રથી, નીચે મુજબ શબ્દોમાં આપી હતી—

"It is very desirable that at the commencement of your reign you should make such arrangements regarding the Shetrunjaya Hill as will put an end to the constant disputes and bad feeling which existed between your late father and the Shrawaks."

(પાલીતાણા જૈન કેસ, પૃ. ૧૪૮)

૧૮. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિઓ અને જૈન સંઘના અગ્રણીઓ તેમ જ સંભાવિત સદ્‌ગૃહસ્થોની, તા. ૨૭–૭–૧૯૨૬ ના રોજ, મળેલી જનરલ મીટીંગમાં યાત્રા-બંધીને ચાલુ રાખવા અંગે જે ઠરાવ કરવામાં આવ્યો હતો, તે યાત્રાબંધી અંગે જૈન સંઘે જે અહિંસક લડતનો આશરો લીધો હતો, તેની સવિસ્તર માહિતી આ પ્રકરણને અંતે આપવામાં આવેલ **પુરવણી**માં આપવામાં આવી છે.

૧૯. મુંબઈની આ જાહેર સભામાં જે ઠરાવ કરવામાં આવ્યો હતો, તે મૂળ અંગ્રેજીમાં હતો, જે આ પ્રમાણે હતો—

"This meeting expresses its disapproval of and grief at the unjust and illegal attitude adopted by the Thakore Saheb of Palitana in connection with the Shatrunjaya Tirth hill and supports the Satyagrah started by Jains to be continued till satisfactory settlement is arrived at. The President is authorised to send copy

of this resolution to Viceroy, Agent Governor General Kathiawar, Palitana Thakore Saheb and Anandji Kalianji.

" Sarojini Naidu
President of the meeting. "

૭૦. આ ત્રણ માગણીઓ વાઈસરોય પરની અરજીમાંના જે શબ્દોના આધારે રજૂ કરવામાં આવી હતી, તે મૂળ શબ્દો નીચે મુજબ હતા—

( ૧ ) પેરા ૬૯ : " Your Memorialists urge that the British Government should not allow any enhancement of the sum of Rs. 15,000." અને પેરા ૭૦ : " Your Memorialists submit that the Darbar has failed to make out any case for an increase. Indeed your Memorialist say that if a modification of this amount is to be made there are stronger grounds for reduction than increase.

( ૨ ) પેરા ૭૧ : " ... ... Equally therefore if a modification is made, there is no provision for making such modification applicable for only a term of years and thereafter permitting a direct levy. ( મુંડકાવેરો. ) "

( ૩ ) પેરા ૭૩ : " Your Memorialists request that your Excellency in Council will be pleased to hear the parties before disposing of this appeal. "

( વોટસનના ચુકાદા સામે પેઢીએ ભારતના વોઈસરોયને કરેલ અંગ્રેજી અપીલની છાપેલી ચોપડી, પૃ. ૨૮, ૨૯, ૩૦ )

૭૧. આ ગ્રંથના ૨૮૧ મા પાનાની ૧૫ મી લીટીમાં પાદનોંધનો નંબર ૭.૧ છપાયો છે તે ભૂલ છે. તે નિશાન ૭૧ મા નંબરની પાદનોંધનું સૂચન કરે છે. રખોપાનો આ પાંચમો કરાર મૂળ અંગ્રેજી ભાષામાં થયો હતો, એટલે એનું મૂળ લખાણ નીચે આપવામાં આવે છે—

Agreement arrived at between His Highness the Thakore Saheb of Palitana as representing the Palitana Dubar, and Sheth Anandji Kalianji as representing the Swetambar Murti Pujak Jain Community of India.

1. The Shatrunjaya hill is situate within and forms a portion of the Palitana State, subject to the limitation laid down and the rights of the Jains defined in Resolution No. 1641, dated the 16th March 1877.

2. The Jains are entitled to use, for religious purposes and purposes incidental thereto, all lands, trees, buildings and structures within the Gadh walls, and manage the said religious properties without any control or interference on the part of the Durbar, except for Police purposes.

3. The Jains shall be at liberty, without any permission. to rebuild (when necessary) repair and maintain the Gadh walls, provided that in so doing they do not alter the present dimensions or situation thereof. They will, however, be at liberty to raise such portion of the Gadh wall as forms part of any of the existing temples while raising the height of any such temple to the extent necessary to make the same, one of the walls of the said temple. They will further be at liberty to raise other portions of the said Gadh walls up to a maximum height of 25 feet.

4. The Jains shall manage the temples on the hill and outside the Gadh walls without any interference on the part of the Durbar.

5. The Paglas, Dehris, and Chhatris on the hill outside the said Gadh walls belong to the Jains as well as the Kunds and the Visamas, subject, as to the last two, to the user thereof by the public and the Jains can repair them without permission.

6. The Palitana Durbar will also maintain and repair the channels (natural courses) feeding the said Kunds.

7. The Jains shall be at liberty, without any permission, to maintain and repair at their cost the road with the parapet walls, called the 'Mota Rasta' leading to the said Gadh from the foot of the Hill, subject to the user of the said road by the public.

8. The Palitana Durbar will maintain and repair at their cost the paths mentioned below :—

1. Mota Rasta stretching to Sripuja Tunk.

2. Gheti Payag.

3. Rohishala Kedi.
4. Chha gau rasta.
5. Shetrunji River kedi.
6. Dodh gau rasta.
7. Branch roads joining the Chha gau rasta and other commencing from Rohishala road and meeting the Chha gau road.

and the Jains will have free access thereto and thereon.

9. The Jains will have control and management of the non-Jain Shrines mentioned in Mr. Candy's report, including the shrine of Ingarshah Pir and excluding the temple of Mahadev. The said temple of Mahadev shall be enclosed by a wall separating it from the Gadh wall and an independant access from outside the Gadh wall will be provided thereto. In so doing, the Bhim and Suraj Kunds will be left outside the Mahadev limits.

10. The Jains will have the right to prescribe all reasonable rules and regulations for the conduct of visitors to the Gadh, the temples and tunks therein as well as the other shrines on the hill; but such rules and regulations as regards the non-Jain shrines shall not interfere with their due and proper worship thereat.

11. The line of the said Mota Rasta and the situation of the said temples, paglas, dehris, chhatris, visamas and the Kunds on the Hill and outside the Gadh will be marked on a map which will form part of this Agreement. The said map shall be duly identified.

12. The Palitana Durbar will not levy any duties or taxes on ornaments and jewels brought by Sheth Anandji Kalianji for the decoration of the images in the Jain temples, and this exemption will be granted on a declaration made by the Munim of Sheth Anandji Kalianji.

13. That in the case of any dispute arising out of or rela-

ting to the rights of the Jains in this Agreement mentioned and in carrying out the terms of this Agreement the ruling Prince of Palitana State would in his executive capacity on the application of the Jains in that bahalf decide the matter and if the Jains feel aggrieved by any such decision, they will be entitled to approach the Agent to the Governor General, who after hearing the parties will give his decision and either party will have the right to appeal therefrom to the higher authorities in due course.

14. The Palitana Durbar agrees to receive and the Jains agree to pay a fixed annual sum of Rs. sixty thousand for 35 years. This obligation will have effect from 1st of June 1928 and the first payment will be made on the 1st of June 1929 and on corresponding dates in subsequent years during the said period of 35 years. In consideration of the above payment and the subsequent annual payments the Durbar agrees not to levy any further dues of any kind from the Jains on account of pilgrimage taxes. This payment includes protection, malnu &c.

15. At the expiration of the said period of 35 years, either party shall be at liberty to ask for a modification of said fixed annual sum and it will rest with the British Government, after hearing the parties, to grant or withhold such modification. The amount of the fixed annual sum and the period during which the same shall remain in force shall be determined by the British Government at the expiration of each such period.

16. In the event of the said annual payment not being made within a month from the due date thereof the Agent to the Governor General will determine the course to be followed by the Palitana Durbar.

17. The ordars of the Government of Bombay, contained in their Resolutions No. 183-T., Political Department, deted the 5th of July 1922, and No. 8. 44-1-6, Political Department, dated the 25th of May 1923, and those of the Secretary of State for India conveyed as per letter No. 1281-B, dated the 9th of October 1924 from the said Government, are superseded in so far

as they or any part thereof are contrary to or inconsistent with this Agreement:

18. All the appeals and memorials of the parties hereto regarding matters dealt with by this Agreement shall be deemed to be disposed of by this Agreement.

19. The expression ' Durbar ' means and includes the Palitana State and expression ' Jains ' means and includes the Swetamber Murtipujak Jain Community of India represented by Sheth Anandji Kalianji and their successors.

20. This Agreement is produced by the parties and ratified by the Government of India.

Dated this 26th day of May One thousand nine hundred and twenty eight, Simla.

| | | |
|---|---|---|
| | Kikabhai Premchand. | Bahadursing, |
| Signed in | Kastoorbhai M. Nagarsheth. | Thakore Saheb |
| our presence. | Maneklal Mansukhbhai. | of Palitana. |
| C. H. Setalvad. | Sarabhai Dahyabhai Sheth. | |
| Bhulabhai | Amratlal Kalidas. | |
| J. Desai. | Pratapsinh Moholalbhai. | |
| | Accredeted representatives of | |
| | The Jain Community of India. | |

Ratified by the Government of India this 26th day of May 1928 at Simla.

IRVIN,
Viceroy and Governor General, 26–5–28.

૭૨. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી પાલીતાણા રાજ્યની તા. ૧૪–૯–૧૯૨૫ ની અરજીનો જે સવિસ્તર જવાબ કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસનને મોકલવામાં આવ્યો હતો, તેમાં આ વાતનો ઉલ્લેખ નીચે મુજબ શબ્દોમાં કરવામાં આવ્યો હતો—

પેરા ૪૫ : " We submit that these Orders again clearly bring out and emphasize the position that the Darbar has not full sovereignty and authority over the Shatrunjaya Hill and that the

British Government recognised the obligation on them to protect the vested interests and rights of a large body of British subjects. They further show that the Rakhopa payment was not a tax for revenue purposes but was merely a payment to be made in return of certain services."

(પાલીતાણા જૈન કેસ, પૃ. ૧૯૪)

૭૩. આ બનાવની માહિતી ઉપર સૂચવેલ ગ્રંથના આ જ ફકરામાં નીચેના શબ્દોમાં સચવાઈ રહી છે—

"In 1874 a pilgrim sustained a loss in respect of which the Darbar after proceedings before the Political Agent paid Rs. 4300 to the pilgrim in 1876."

૭૪. તા. ૧૨-૨-૧૯૨૬ ના રોજ, શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વગેરે જૈન સંઘના ચાર અગ્રણીઓએ મુંબઈના ગવર્નર નામદાર સર લેસ્લી વિલ્સનની મુલાકાત લીધી હતી. એ મુલાકાતના ટૂંકા સારની નોંધ પેઢીના દફતરમાં સચવાયેલી છે, જે નીચે મુજબ છે—

STRICTLY PRIVATE & CONFIDENTIAL

"Interview with H. E. Governor was had on 12th February 1926, when Sheth Sahebs Kasturbhai Lalbhai, Ambalal Sarabhai, Kikabhai Premchand & Shantidas Askaran were present. They were received by H. E. cordially and sympathetic hearing was given in respect of Palitana affairs. Our difficulties about Jurisdiction & Rakhopa matter were explained & grievances stated. H. E. Sir Leslie Wilson was pleased to write about the matter to H. E. Viceroy, which he did. And after receiving a reply from H. E. Viceroy he addressed a letter to Sheth Saheb Kasturbhai Lalbhai, a copy of which is enclosed herewith."

આ મુલાકાત પછી મુંબઈના ગવર્નર સર લેસ્લી વિલ્સને શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ ઉપર જે પત્ર લખ્યો હતો, તે નીચે મુજબ હતો—

Government House, Bombay,
19th February, 1926.

Dear Mr. Kasturbhai Lalbhai,

With reference to your visit to me on the 12th instant, when you were accompanied by Mr. Kikabhai Premchand Roychand, Mr. Ambalal Sarabhai, and Mr. Shantidas Askuren, I

communicated at once with His Excellency the Viceroy, as I had promised, and received a very prompt reply from him.

I understand that Lord Reading has twice seen Sir Chimanlal Setalvad on the subject, and that he is also seeing you, and that Sir Chimanlal has had conversation on the question we discussed with the Political Secretary to the Government of India.

Lord Reading informs me that he told Sir Chimanlal that your committee should primarilly approach the Agent to the Governor General, and that he has asked Mr. Watson to give the representation careful examination in view of the importance of the case to the Jains in India generally.

I think this meets your case, namely, that you should not be asked to approach the Palitana Durbar; and Lord Reading has requested me to assure you or any one who should speak to me on this subject, that the importance of the question is well known to him, and that it is receiving careful examination at the hands of the Agent to the Governor General.

Yours sincerely
Leslie Wilson.

૭૫. આ ૭૫ મી પાદનોંધના અંકવાળા ફકરાની પહેલાંના ફકરામાં જૈન સંઘના અગ્રણીઓ શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વગેરેએ, તા. ૨૨–૨–૧૯૨૬ ના રોજ સાંજના ૭ વાગે, દિલ્હીમાં ભારતના વાઈસરૉય અને ગવર્નર જનરલ લૉર્ડ રીડીંગની મુલાકાત લીધી હતી, તેની નોંધ પેઢીના દફતરમાં સચવાયેલી છે, જે નીચે મુજબ છે—

STRICTLY PRIVATE & CONFIDENTIAL

Interview with H. E. Viceroy. This interview was had at Delhi Viceregal lodge on 22–2–26 6 P. M. when Sheth Sahebs Kasturbhai Lalbhai, Ambalal Sarabhai & Shantidas Askaran were present. H. E. was pleased to hear our whole case patiently and sympathetically for a pretty long time. Matters at issue between the British India Jain Community & the Palitana Darbar were explained to him & our grievances also stated. He seemed to appreciate the point re : the jurisdiction issue. But as regards the Rakhopa payment, it could be gathered that he was not able to

see eye to eye with us. The interview lasted nearly 45 minutes. H. E. seemed desirous of knowing exactly what could be done by him in the matter. As the matter is at present before A. G. G. at Rajkot, an interview was sought and obtained with him also.

મુંબઈના ગવર્નર સર લેસ્લી વિલ્સને, તા. ૧૯–૨–૨૬ ના રોજ, શેઠશ્રી કસ્તૂરભાઈને લખેલ કાગળની નકલ ૭૪મી ફૂટનોટના અંતે આપવામાં આવી છે—

૭૬. દરબાર તરફથી જૈન સંઘની કરવામાં આવતી કનડગતના અને એમના હક્કની ઉપેક્ષાના અનેક બનાવો બનતા રહ્યા છે. એમાંના કેટલાક નીચે મુજબ છે—

(૧) આપણાં દેરાસરોમાંનાં ભગવાનનાં આભૂષણો વગેરેની સાચવણી માટે પેઢી તરફથી ગિરિરાજ ઉપર હથિયારધારી આરબોનો ચોકીપહેરો રાખવામાં આવતો હતો. દરબારે ૧૮૬૩માં આની સામે વાંધો લીધો. આ અંગે કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ તરફ ફરિયાદ કરવામાં આવતાં એમણે પાલીતાણા રાજ્યને ચેતવણી આપતાં કેવા આકરાં શબ્દોનો ઉપયોગ કર્યો હતો, તે તેમના નીચેના ઉદ્દગારો ઉપરથી જાણી શકાય છે—

પેરા ૧૨ : "If instead of listening to wise counsel either of the parties proclamed a war to the knife, the result is very likely to be that the Thakore will have to leave Palitana and revert to his ancient capital, than that the sect will ever abandon their vested interests in the Hill."

**અર્થ**—"બંને પક્ષકારો શાણી સલાહને કાને ધરવાને બદલે, જો છરીનું યુદ્ધ જાહેર કરશે તો, ઘણે ભાગે, એવું પરિણામ આવવાનો સંભવ છે કે, જૈનો તો (શત્રુંજય) પર્વતમાંનાં પોતાના સ્થાપિત હિતોને નહીં છોડે, પણ પાલીતાણાના દરબારને પાલીતાણાનો ત્યાગ કરીને પોતાની જૂની રાજધાની (ગારિયાધાર)નો આશ્રય લેવો પડશે."

(૨) સને ૧૮૮૬માં કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ કર્નલ જે. ડબલ્યુ. વોટસનની દરમ્યાનગીરીથી રખોપાનો ચોથો કરાર, તા. ૮–૩–૧૮૮૬ના રોજ, થયો તે અગાઉના સમયમાં પાલીતાણા રાજ્ય અને જૈન કોમ વચ્ચે કેવી કડવાશની લાગણી પ્રવર્તતી હતી, તેની બીના મિ. જે. ડબલ્યુ. વોટસને, તા. ૧૯–૩–૧૮૮૬ના રોજ, આવો કરાર થયાની જાણ કરતો જે પત્ર મુંબઈ સરકારને લખ્યો હતો, તેના બીજા પેરેગ્રાફમાંના નીચેના શબ્દો ઉપરથી પણ સમજી શકાય છે—

પેરા ૨ : "Of late years, however, so much friction ensued between the Jain Community and the late Chief of Palitana that had this agreement not been concluded, Government would probably have found it necessary to interfere more directly."

**અર્થ**—" છેલ્લાં વર્ષો દરમ્યાન, જૈન કોમ અને પાલીતાણાના દરબારશ્રી વચ્ચે એટલું બધું ઘર્ષણ પ્રવર્તતું હતું કે, જો આ સમાધાન કરવામાં ન આવ્યું હોત તો, એ બાબતમાં સીધો હસ્તક્ષેપ કરવાનું સરકારને માટે જરૂરી થઈ પડત."

( ૩ ) પોલિટિકલ એજન્ટના આ કાગળના જવાબમાં આ સમાધાનને માન્ય કર્યાની જાણ કરતો જે કાગળ મુંબઈ સરકારે, તા. ૮-૪-૧૮૮૬ ના રોજ, પોલિટિકલ એજન્ટને લખ્યો હતો, તેમાંના નીચેના શબ્દો પણ જાણવા જેવા છે—

પેરા ૨૦ : " But the Political Agent should obtain the undertaking of the Thakore Saheb to adhere to the terms reported in the Political Agent's paragraphs 8 and 9."

**અર્થ**—" પણ પોલિટિકલ એજન્ટે ઠાકોર સાહેબ પાસેથી એવી બાંયધરી લેવી જોઈએ કે તેઓ પોલિટિકલ એજન્ટના કાગળના આઠમા અને નવમા પેરેગ્રાફમાં સૂચવેલ શરતોને વળગી રહેશે."

( ૪ ) મુંબઈ સરકારે પોતાના ઉપરના પત્રમાં પાલીતાણાના ઠાકોર સાહેબ પાસે જે આઠમા અને નવમા પેરેગ્રાફની વાતનો અમલ કરાવવાનું સૂચન પોલિટિકલ એજન્ટને કર્યું હતું, તે બે શરતો નીચે મુજબ છે.

" 8. The Thakore Saheb has also promised to levy Jakat or Customs dues from the Jains at the same rate as from other subjects and the late Thakore Saheb's oppressive rates have been withdrawn."

" 9. The Thakore Saheb has further agreed to grant the Jain Community land for building sites in and near the city of Palitana at moderate rates."

**અર્થ**—" ૮. ઠાકોર સાહેબે એવું પણ વચન આપ્યું છે કે, તેઓ બીજા પ્રજાજનો પાસેથી જે હિસાબે જકાત વસૂલ કરતા હશે, એ હિસાબે જૈનો પાસેથી પણ વસૂલ કરશે અને સ્વર્ગસ્થ ઠાકોર સાહેબે જકાતના જે બહુ ઊંચા દર રાખ્યા હતા, તે એમણે પાછા ખેંચી લીધા છે."

" ૯. વધારામાં, ઠાકોર સાહેબ એ વાતમાં પણ સંમત થયા છે કે, જૈન કોમને મકાન બાંધવા માટે પાલીતાણા શહેરમાં અને એની નજીકમાં જમીન જોઈતી હશે તો તે મધ્યમસરના દરે આપવામાં આવશે."

અહીં આવા કિસ્સાઓ વધારે નોંધવાની જરૂર એટલા માટે નથી કે એની સવિસ્તર રજૂઆત, આ ગ્રંથના બીજા ભાગમાં, " પાલીતાણા રાજ્ય સાથેના કેટલાક ઝઘડા " નામે ૧૧ મા પ્રકરણમાં કરવામાં આવેલ છે.

## પુરવણી

# યાત્રા-બહિષ્કારનું શકવર્તી અને અપૂર્વ ધર્મયુદ્ધ

## છવ્વીસ મહિના જેટલા લાંબા વખત સુધી ચાલુ રહેલ યાત્રા-બંધી

શ્રી શત્રુંજય તીર્થ અંગેના, પાલીતાણા રાજ્ય સાથે થયેલા, રખોપાના છેલ્લા એટલે ચોથા કરાર સંબંધી સવિસ્તર માહિતી આ ગ્રંથના દસમા પ્રકરણમાં આપવામાં આવી છે. તેમાં જણાવ્યા મુજબ, આ કરાર ચાલીસ વર્ષની મુદતનો અને વાર્ષિક રૂપિયા પંદર હજારની ચુકવણીનો હતો, તે તા. ૩૧-૩-૧૯૨૬ ના રોજ પૂરો થતો હતો; એટલે પાલીતાણા રાજ્ય આ કરાર પૂરો થયા પછી કેવું વલણ અખત્યાર કરશે, એ અંગે કંઈક ચિંતાની લાગણી જૈન સંઘમાં, અને ખાસ કરીને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં, પ્રવર્તતી હતી. આમ છતાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને એટલી નિશ્ચિંતતા હતી કે, આ કરાર પૂરો થયા પછી પાલીતાણા રાજ્ય, બહુ બહુ તો, રખોપાની વાર્ષિક રકમમાં વધારો કરવાની માગણી કરશે, પણ કોઈ પણ સંજોગોમાં મુંડકાવેરો ફરી ચાલુ કરવાની માગણી તો હરગિજ નહીં કરે, કારણ કે આ કરારની ત્રીજી કલમમાં એમ સ્પષ્ટ જણાવવામાં આવ્યું હતું કે, કરારની મુદત પૂરી થયા પછી, બંને પક્ષકારોને ચૂકવણીની વાર્ષિક રકમમાં ફેરફાર કરાવવાની માગણી કરવાની છૂટ આપવામાં આવી હતી અને આવી માગણી આવેથી તેનો નિકાલ કરવાની સત્તા બ્રિટિશ હકૂમતની હસ્તક રાખવામાં આવી હતી.

### અભિપ્રાય માગતો પત્ર

વસ્તુસ્થિતિ આવી વિશેષ ચિંતાજનક ન હોવા છતાં, પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓ આ બાબતમાં જરાય ઢીલાશ કે ઉપેક્ષા સેવવા માગતા ન હતા, એટલે એમણે પાલીતાણાના દરબારશ્રીએ, તા. ૧૪-૯-૧૯૨૫ ના રોજ, રખોપાનો આ કરાર પૂરો થયા પછી, પોતે આ બાબતમાં કેવું વલણ અપનાવવા ધારે છે તેની જાણ કરતી અરજી, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વૉટસનને કરી, તે પહેલાં જ, ત્રણેક અઠવાડિયાં અગાઉ, પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓ આ બાબતમાં સજાગ અને સક્રિય બની ગયા હતા. એટલે એમણે, તા. ૨૫-૮-૧૯૨૫ ના રોજ, જાવક નં. ૮૮૮ નો એક પત્ર છપાવીને તેમ જ 'રખોપાના જરૂરી કાગળો' નામની ચોપડી એની સાથે જોડીને, જૈન સંઘના શ્રમણ સમુદાયના અગ્રણીઓ તથા જૈન સંઘના અગ્રણી ગૃહસ્થો ઉપર મોકલી આપીને એમને પોતાની સૂચનાઓ લખી જણાવવા જણાવ્યું હતું. આ પત્ર નીચે મુજબ હતો—

"વી. વી. સાથે લખવાનું કે આ સાથે શ્રી પવિત્ર શત્રુંજયતીર્થના રખોપા સંબંધીના જરૂરીયાતના કાગળો આપને વાંચવા સારૂ મોકલ્યા છે. વાંચવાથી આપને ખબર પડશે કે આપણો પાલીતાણાના ઠાકોરસાહેબ સાથેનો છેવટનો કરાર માર્ચ માસમાં ખલાસ થાય છે તો તે સંબંધમાં આપની જે કાંઈ સુચના હોય તે લખી જણાવશો. તા. સદર

"B. G. K. "(સહી) નગરશેઠ **કસ્તુરભાઈ મણિભાઈ**

"વહીવટદાર-પ્રતિનિધિ."

આ પત્ર સાથે 'રખોપાના જરૂરી કાગળો' નામે જે પુસ્તિકા મોકલવામાં આવી હતી, તેની અંગ્રેજી આવૃત્તિ પણ છપાવીને જરૂર લાગી ત્યાં મોકલવામાં આવી હતી. આ પુસ્તિકામાં રખોપાના ચારેય કરારો અક્ષરશઃ આપવામાં આવ્યા હતા અને સાથે સાથે એને લગતો મુંબઈ સરકારનો જરૂરી પત્રવ્યવહાર પણ આપવામાં આવ્યો હતો.

પેઢી તરફથી લખવામાં આવેલ આ પત્રે ચતુર્વિધ શ્રીસંઘને આ બાબતમાં જાગ્રત કરવાનું ઘણું મહત્ત્વનું કામ કર્યું હતું એમ કહેવું જોઈએ. આ પત્રના જવાબમાં શ્રમણ સમુદાય તથા જુદા જુદા ગૃહસ્થો તરફથી પોતપોતાના અભિપ્રાયો લખી જણાવવામાં આવ્યા હતા. એમાં કેટલાક અભિપ્રાયોમાં, જો આ બાબતમાં માનભર્યું અને સંતોષકારક સમાધાન ન થાય તો, શત્રુંજયની યાત્રાએ જવાનું બંધ કરવાનું પણ સૂચવવામાં આવ્યું હતું.

## યાત્રાત્યાગનું સૂચન

પ૦ પૂ૦ પંન્યાસ શ્રી કેસરવિજયજી મહારાજે, રાણપુરથી લખેલ પત્રમાં, જણાવ્યું હતું કે, "કોઈ ઠાકોર સાહેબની દૃષ્ટિમાં અપ્રીતિરૂપ ન થયેલા હોય તેવા શાંત અને પ્રતિભાવાળા સાધુઓએ ઠાકોર સાહેબને રૂબરૂમાં મળીને તેમને સમજાવવા. તેમ છતાં ન સમજે તો એવો મજબુત પ્રતિબંધ કરવો કે કોઈ યાત્રાળુએ યાત્રાર્થે પાલીતાણે ન જવું એ રૂપે ઠાકોર સાહેબની સાથેનો સંબંધ તોડી નાખવો."

એ જ રીતે સિરપુરથી, પ૦ પૂ૦ મુનિરાજ શ્રી માણેકમુનિએ, લખેલ પત્રમાં જણાવ્યું હતું કે, "જો તે કષ્ટ (પાલીતાણા રાજ્યની સામે થઈને અને શૂરવીર બનીને યાત્રા કરવાનું કષ્ટ) સહન ન કરી શકે તો થોડો સમય યાત્રા મુલતવી રાખી ગીરનાર તળાજા જે શત્રુંજયની ટુંકો છે, ત્યાં જઈ તેમણે સંતોષ માનવો જોઈએ."

ગામ દેવાથી પ૦ પૂ૦ મુનિરાજ શ્રી મયાસાગરજીએ લખ્યું હતું કે, "તેમ પણ ન બને તો બીજો રસ્તો પણ છે. શેઠ આણંદજી કલ્યાણજી તથા નગરસેઠ કસ્તુરભાઈ મણિભાઈ તથા સરવે જૈન બંધુઓ વિગેરે સર્વની સંમતી લેઈને, સર્વનો એક મત હોય તો, અગર એકમત કરીને, શ્રી સીત્રુંજે જાત્રા કરવા જવાનું બંધ રાખવું. હાલ જાત્રાએ ન જાવું તે શ્રેયનું કારણ જણાય છે. જ્યા સુધી આ તકરારનો ખોલાસો ન થાય ત્યાં સુધી જાત્રાનું બંધ રાખવું જોયે."

એ જ રીતે સોનગઢના શ્રી મહાવીર જૈન ચારિત્ર રત્નાશ્રમવાળા પ૦ પૂ૦ મુનિરાજ શ્રી ચારિત્રવિજયજી મહારાજે, સોનગઢથી તથા પ૦ પૂ૦ મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજે ધ્રાંગધ્રાથી પણ યાત્રાનો ત્યાગ કરવાનું સૂચન કર્યું હતું. ઉપરાંત શ્રી વીરચંદભાઈ ગોકુળદાસ ભગતે પણ યાત્રા-ત્યાગનું પગલું ભરવાનું સૂચન કર્યું હતું.

## શ્રીસંઘની સભા

આ પછી દરબારશ્રીએ, તા. ૧૪-૯-૧૯૨૫ ના રોજ, પોતાની અરજી કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસનને મોકલી હતી. આ બાબતમાં તા. ૨૫-૮-૧૯૨૫ ના પત્રના જવાબમાં જૈન સંઘ તરફથી જે જે સૂચનો મળ્યાં હતાં તે અંગે વિશેષ વિચાર કરીને જરૂરી નિર્ણય લેવા માટે તા. બીજી અને ત્રીજી જાન્યુઆરી, ૧૯૨૬ ના બે દિવસ દરમ્યાન પેઢીના સ્થાનિક પ્રતિનિધિઓ

તથા જૈન સંઘના કેટલાક પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થોની સભા, અમદાવાદમાં, તા. ૧૬-૧૨-૧૯૨૫ નો જાવક નં. ૧૯૯ નો પત્ર લખીને, બોલાવવામાં આવી હતી. આ પત્ર આ પ્રમાણે લખવામાં આવ્યો હતો—

"અમદાવાદથી લી. શેઠ આણંદજી કલ્યાણજી વિશેશ લખવાનું કે શ્રી શત્રુંજય મહાતીર્થના ચાલતા કેસો તેમજ રખોપા સંબંધી તેમજ ગીરનારના કેસો સબંધી તેમજ પાવાપુરી પાસે આવેલા રાજગ્રહી તીર્થમાં દીગંબરો સાથે ચાલતી તકરારો સબંધી ખાસ વિચાર કરવા સારૂ સ્થાનીક પ્રતિનિધિઓ તેમજ કેટલાક પ્રતીષ્ઠીત ગૃહસ્થોની મીટીંગ તા. ૨. માહે જાનેવારી સને ૧૯૨૬, સંવત ૧૯૮૨ ના પોષ વદી ૩, શનિવાર તથા તા. ૩, માહે જાનેવારી સને ૧૯૨૬, સંવત ૧૯૮૨ ના પોષ વદી ૪, રવીવારના રોજ બપોરના બાર ઉપર એક વાગે નગરશેઠ પ્રેમાભાઈ હીમાભાઈના વંડે ભરવાનું નક્કી કર્યું છે માટે આપ જરૂર પધારશો. તા. સદર.

"(સહી) **કસ્તુરભાઈ લાલભાઈ**
"(સહી) **સારાભાઈ ડાહ્યાભાઈ**
"વહીવટદાર પ્રતિનિધિ."

આ વખતે પેઢીના પ્રમુખ નગરશેઠ શ્રી કસ્તુરભાઈ મણિભાઈ પોરબંદરમાં હતા અને પોતાની નાદુરસ્ત તબિયતના કારણે સભામાં હાજર રહી શકે એમ ન હતા, એટલે એમણે પોરબંદરથી તાર કર્યો હતો. એમાંના નીચેના શબ્દો ખાસ ધ્યાન ખેંચે એવા હતા—

"Extremely sorry could not attend meeting on account my weak health. Wish meeting unanimous and show united front to defend the cause of holy Tirth and not talk of compromise by which we lose our vested rights for which our ancestors devotedly fought and protected."

**અર્થ :**—"નબળી તબિયતને કારણે હું સભામાં હાજર રહી શકતો નથી તે માટે અત્યંત દિલગીર છું. ઇચ્છું છું કે, મિટીંગમાં એકમતિ અને સંયુક્ત મોરચો સાધવામાં આવે, જેથી આપણા પવિત્ર તીર્થની રક્ષાનું કામ થઈ શકે અને આપણા પૂર્વજોએ, ભક્તિપૂર્વક લડત ચલાવીને, આપણાં સ્થાપિત હિતોનું સંરક્ષણ કર્યું છે, તે અંગે કોઈ પણ જાતનું સમાધાન કરવાની વાત કરવામાં ન આવે."

એ દિવસ ચાલેલી આ સભામાં જે કંઈ ચર્ચા-વિચારણા થઈ, તેને અંતે નીચે મુજબ આઠ ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા—

## સભાએ પસાર કરેલા ઠરાવો

"**ઠરાવ પહેલો**—જૈનકોમના સકળ હીંદુસ્તાનના રીતસર નીમાયલા પ્રતિનિધિઓની તથા અન્ય આગેવાનોની આ સભા શ્રી શત્રુંજય પવિત્ર પહાડ ઊપરના તથા તેના ઉપર આવેલાં પોતાના મંદીરોના સંબંધમાં પોતાના જાહેર થએલા તેમજ સ્થાપિત થએલા હકોની હાલની દશા પ્રત્યે ઘણા ભયની નજરથી જુએ છે."

"**ઠરાવ બીજો**—જૈન સમુદાય તરફ તથા તેમની શ્રી શત્રુંજય પહાડ ઉપર આવેલી મીલક્ત તરફ પાલીતાણા દરબારનું વલણ દીવસે દીવસે સહાનુભૂતિ વિનાનું થતું જાય છે અને સૈકાઓ થયાં

આ કોમ જે હકો ભોગવતી આવી છે તથા જે હકોની બહાંયધરી વખતોવખત મોગલ શહેનશાહોએ તેમજ હાલની હિંદુસ્તાનની સાર્વભૌમ સત્તા નામદાર અંગ્રેજ સરકારે આપેલી છે, તે હક્કોનું મોટે ભાગે ખંડન કરવા તરફ દરબાર મજકુરની પ્રકૃતિ ચાલી રહી છે, તેથી આ સભાના મનમાં ઘણી ચિંતા પેદા થઈ છે."

"**ઠરાવ ત્રીજો**—નામદાર અંગ્રેજ સરકારની વફાદાર પ્રજાના એક મોટા વીભાગના હકોનું જાગૃત રહીને રક્ષણ કરવું એ અંગ્રેજ સરકારનો ધર્મ છે, એવો મક્કમ અભિપ્રાય આ સભા દર્શાવે છે, અને એ ધર્મ બજાવવાના કાર્યમાં સમસ્ત જૈન સમુદાય અને પાલીતાણા દરબાર વચ્ચે જે ખાસ પ્રકારનો અસાધારણ સંબંધ છે, તેને સરકારે પોતાના અંકુશમાં રાખવો જોઈએ તથા એ કાજે શ્રી શત્રુંજય સંબંધી જે જે સવાલો આ બંને પક્ષકારો વચ્ચે ઊભા થાય તેના ફેંસલા અંગ્રેજ સરકારે પોતે જાતે જ કરવાનું ચાલુ રાખવું જોઈએ."

"**ઠરાવ ચોથો**—પશ્ચિમ હિન્દુસ્તાનના સંસ્થાનોના નામદાર ગવર્નર જનરલના મેહેરબાન એજંટ સાહેબને તથા હિંદી સરકારને આ સભા આગ્રહપૂર્વક નિવેદન કરે છે કે નામદાર અંગ્રેજ સરકારની હાલની વલણ દેખાડનારાં કેટલાંક કૃત્યોથી સકળ હિંદનો જૈન સમુદાય ઘણો ખળભળી ઉઠયો છે અને ભયભીત થઇ ગયો છે, જેથી એવી અરજ ગુજારે છે કે, નામદાર અંગ્રેજ સરકારે એવાં પગલાં ભરવાં જોઈએ કે જેથી આ કોમના પ્રીય હકોનું સંપૂર્ણ રક્ષણ થાય અને એ હકો અખંડીતપણે જળવાઈ રહે, તથા સમસ્ત હિંદમાં વસતા જૈનોના મનમાં વિશ્વાસ અને સંતોષની લાગણી ફરીથી પેદા થાય."

"**ઠરાવ પાંચમો**—આ સભા વિનંતિ કરે છે કે પૂજ્ય મુનિ મહારાજાઓએ તથા અન્ય જૈન આગેવાનોએ અને લાગવગ ધરાવનારા કોમના પ્રતિનિધિઓએ હિન્દુસ્તાનમાં જુદે જુદે સ્થળે રહેનારા તમામ જૈનોને એવો ઉપદેશ આપવો કે, આ કટોકટીના મામલા વખતે બધાએ એક મત થવું અને કોમના માન્ય થયેલા પ્રતિનિધિ શેઠ આણંદજી કલ્યાણજી જે પગલાં ભરે તેને પૂરી દીલોજાનીથી ટેકો આપવો."

"**ઠરાવ છઠો**—આ સભા શેઠ આણંદજી કલ્યાણજીને વિનંતિ કરે છે કે જૈન સમુદાયના હકોનું સંપૂર્ણ રક્ષણ કરવા સારૂ તમામ પ્રકારના વ્યાજબી પગલાં તેમણે ભરવાં અને કોમના હકો ઉપર દબાણ થવા દેવું નહીં. તથા નામદાર અંગ્રેજ સરકારને આગ્રહ કરવો કે શ્રી શત્રુંજય ડુંગર ઉપરની જૈનોની પવિત્ર મીલ્કતનું રક્ષણ જેવી રીતે ઉત્સાહથી આગલા વખતમાં કરવામાં આવતું હતું તેવી રીતે કરીને આગલી રાજનીતિ ચાલુ રાખવી."

"**ઠરાવ સાતમો**—આ સભા પ્રેસીડેન્ટ સાહેબને સતા આપે છે કે, તેઓશ્રીએ ઉપલા ઠરાવોની નકલો નામદાર સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇંડીયાને, હિંદુસ્તાનના વાઈસરાય અને ગર્વનર જનરલના મહેરબાન એજન્ટ સાહેબને, પૂજ્ય મુનિમહારાજોને, તથા બીજા લગતા વળગતાઓને મોકલી આપવી."

"**ઠરાવ આઠમો**—આ સભા અત્રે એકત્રિત થયેલા સ્થાનિક પ્રતિનિધિઓને તથા જૈન સમુદાયના બીજા આગેવાનોને વિનંતિ કરે છે કે, તેમણે પોતાના ગામના સંઘો અથવા બીજી સંસ્થાઓ પાસે નીચેની મતલબના ઠરાવો પસાર કરાવવા.

"(અ) હિંદુસ્તાનના નામદાર વાઈસરાય અને ગવર્નર જનરલ સાહેબને આ સંઘના સભ્યોની સહી

સાથેની એક સામુદાયિક અરજ ( માસ મેમોરીયલ ) મોકલી આપવી. તથા તેની જોડે શેઠ આણંદજી કલ્યાણજીના વહીવટ કરનાર પ્રતિનિધિ સાહેબોએ જે છેલ્લું મેમોરીયલ નામદાર વાઈસરાય સાહેબને મોકલેલ છે તેની એક નકલ મોકલવી, અને એઓ નામદારને આગ્રહપૂર્વક વિનંતિ કરવી કે શ્રી શત્રુંજયના પવિત્ર પહાડ સંબંધીની કોમની જે ફરિયાદો છે તેની દાદ આપવી.

" ( બ ) શ્રી શત્રુંજયના સંબંધમાં શેઠ આણંદજી કલ્યાણજી વખતોવખત જે પગલાં લેવાનું જણાવે તે પ્રમાણે વર્તવાની પોતાની તૈયારી આ સંઘ જાહેર કરે છે, અને આ તૈયારીની જાણ થવા સારુ શેઠ આણંદજી કલ્યાણજીને આ ઠરાવની નકલ મોકલી આપે છે. "

## સાત ગૃહસ્થોની કમીટી

આ સભામાં આ પ્રકરણ અંગે જરૂરી વિચારણા અને ઘટતું કરવા માટે સાત ગૃહસ્થોની કમિટી નીમવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું. આ સાત સદ્ગૃહસ્થોમાં ત્રણ શ્રીસંઘના અગ્રણીઓનો અને ચાર પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓનો સમાવેશ થતો હતો. એમાં સંઘના ત્રણ અગ્રણીઓ તે (૧) શેઠશ્રી અંબાલાલ સારાભાઈ, (૨) શેઠશ્રી કીકાભાઈ પ્રેમચંદ અને (૩) શેઠશ્રી શાંતિદાસ આસકરણનો તથા પેઢીના ચાર વહીવટદાર પ્રતિનિધિઓ તરીકે (૪) નગરશેઠ શ્રી કસ્તુરભાઈ મણિભાઈ, (૫) શેઠશ્રી માણેકલાલ મનસુખભાઈ, (૬) શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ અને (૭) શેઠશ્રી સારાભાઈ ડાહ્યાભાઈનો સમાવેશ થતો હતો.

આ સભામાં પણ કેટલાક અગ્રણીઓએ સંતોષકારક સમાધાન ન થાય તો યાત્રાનો બહિષ્કાર કરવાનું સૂચન કર્યું હતું.

આ સભાની કાર્યવાહીથી પૂજ્ય શ્રમણ ભગવંતોને માહિતગાર કરવા માટે, શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈની સહીથી, નીચે મુજબ પત્ર લખવામાં આવ્યો હતો—

## પૂ. શ્રમણભગવંતોને વિનતિ

" શ્રી સર્વજ્ઞ શાસન સમુપાસક, પંચ મહાવ્રતાલંકૃત, પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ કરનાર, ચાર કષાયના જીતનાર, નવ પ્રકારના બ્રહ્મચર્યની ગુપ્તિના ધરનાર, પાંચ પ્રકારના આચારને પાળનાર, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ ધરનાર, પ્રાતઃસ્મરણીય શ્રી ૧૦૦૮ શ્રી—

" યત્ સવિનય વિજ્ઞપ્તિ કરવાની કે, હાલમાં પવિત્ર તીર્થરાજ શ્રી શત્રુંજય ગિરિરાજના સંબંધમાં જૈન સમુદાય કેવી દશામાં આવી પડેલો છે તે સંબંધીની કેટલીક અગત્યની માહિતી આપ સાહેબને કેટલાક વખત પર ખાસ માણસો મોકલી આપવામાં આવેલ છે તેનાથી આપ સાહેબ પૂરતા વાકેફ થયા હશો.

" આપ સાહેબને ઉપર મુજબ માહીતી પૂરી પાડયા બાદ, જાનેવારી માસની તા. ૨–૩ અને ૪ થીએ* અત્રે તમામ સ્થાનિક પ્રતિનિધિઓ તથા અન્ય આગેવાન પ્રતિષ્ઠિત જૈન સદ્ગૃહસ્થોની એક ખાસ સભા શેઠ આણંદજી કલ્યાણજી તરફથી ભરવામાં આવી હતી. આ સભામાં ઘણી જાતના વિચારોની આપલે કરીને હાલ તુરત જે ઠરાવો પસાર કરવામાં આવ્યા છે તે જાહેરપત્રોમાં પ્રસિદ્ધ થઈ ગયા છે.

* સભાના સરકયૂલરમાં તા. બીજી અને ત્રીજી જાન્યુઆરી—એમ બે દિવસ જ લખવામાં આવ્યા હતા; જ્યારે અહીં સભા ત્રણ દિવસ ચાલ્યાનું નોંધ્યું છે.

એ ઠરાવો પૈકી નંબર પાંચનો ઠરાવ આપ સાહેબના લક્ષ ઉપર ખાસ પ્રકારે લાવવાની અગત્ય હોવાથી સદરહુ સભાના ઠરાવ અનુસાર આપના તરફ તે ઠરાવની નકલ મોકલી છે. તેમજ તે સભામાં થયેલા બીજા ઠરાવોની નકલ પણ આપ સાહેબની જાણ સારુ આ સાથે મોકલી છે.

"ચાલુ સમય જૈન કોમના તીર્થ રક્ષણના સંબંધમાં કટોકટીનો છે એ બાબત હવે વધુ પિષ્ટપેષણ કરવાની અમને જરૂર લાગતી નથી. મુખ્ય મુદ્દાની વાત તો એ છે કે આખો સમુદાય એકમત અને એકપગ થઈ આ કામમાં લક્ષ આપે એ ઘણું જરૂરનું છે. માટે સર્વ વસ્તુસ્થિતિ ધ્યાનમાં લઈ સમસ્ત જૈન સમુદાયને યોગ્ય બોધ આ સંબંધમાં આપ સાહેબ આપતા આવ્યા છો તેમ આપશોજી. એજ વિનંતિ.

"**કસ્તુરભાઈ લાલભાઈ**

"ના વંદણા ૧૦૦૮ વાર અવધારશોજી."

આ રીતે ધીરેધીરે આ પ્રશ્ન અંગે શ્રીસંઘમાં વધુ ને વધુ જાગૃતિ આવવા લાગી હતી; અને તેથી જો અંતે, કમનસીબે, સંતોષકારક સમાધાન ન થાય તો, યાત્રાનો બહિષ્કાર કરવાની લડત શરૂ કરવાની હવા પણ શ્રીસંઘમાં પ્રસરતી જતી હતી.

## વચગાળાનો હુકમ

જ્યારે દરબારશ્રીએ પોતાની તા. ૧૪-૯-૧૯૨૫ની અરજીમાં પોતાને મુંડકાવેરો વસૂલ કરવા દેવાની માગણી કરી હોવાની જાણ જૈન સંઘને થઈ ત્યારે શ્રીસંઘ ખૂબ વિમાસણમાં મુકાઈ ગયો હતો અને આવી માગણીનો સામનો કરવા કેવાં પગલાં ભરવાં એની ગંભીરપણે વિચારણા થવા લાગી હતી. દરબારની આવી માગણીવાળી અરજીનો જવાબ આપવા માટે પેઢીએ એક મહિનાની વધુ મુદતની માગણી કરી અને એ માગણી મુજબ, તા. ૨૫-૪-૧૯૨૬ પહેલાં, પેઢી પોતાનો જવાબ એજન્ટ ટુ ધી ગવર્નરને મોકલી આપે એ પહેલાં જ, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટે પાલીતાણા રાજ્યનું હિત સચવાય એ દૃષ્ટિએ વચગાળાનો હુકમ એવો આપ્યો કે, જેથી દરબારને મુંડકાવેરાની રકમ ઉઘરાવવાનો તો નહીં પણ યાત્રાએ જનાર વ્યક્તિઓની ગણતરી કરવાનો અધિકાર મળતો જ હતો.

## યાત્રાના બહિષ્કારનો નિર્ણય

મિ. સી. સી. વોટસનનો આ નિર્ણય જૈન સંઘને કોઈ પણ રીતે માન્ય થઈ શકે તેમ હતો જ નહીં, એટલે છેવટે એને યાત્રાના બહિષ્કારનો, સ્વયંભૂ કહી શકાય એવો, દુઃખદ છતાં દૃઢ નિર્ણય કરવો પડચો. અને એ માટે એવું આવકારદાયક વાતાવરણ સર્જાયું કે તા. ૧-૪-૧૯૨૬થી એક પણ યાત્રિક શત્રુંજયની યાત્રા માટે પાલીતાણા ન ગયો!

બીજી બાજુ પાલીતાણા રાજ્ય મુંડકાવેરો લેવાની બાબતમાં કેટલું કૃતનિશ્ચય હતું, તે એના તરફથી છપાવવામાં આવેલ નીચે મુજબની જાહેરાત ઉપરથી પણ જાણી શકાય છે—

**શ્રા. જા. નં. ૭**

### જાહેરખબર

"તા. ૧ માહે એપ્રીલ સને ૧૯૨૬ થી જે શ્રાવકો શત્રુંજય ડુંગરની યાત્રા અર્થે આવે તેમની

પાસેથી કર લેવા બાબતની જાહેર ખબર નં. ૪ તા. ૨૮ માહે માર્ચ સને ૧૯૨૬થી પ્રસિદ્ધ કરવામાં **આવેલી છે.** તેમાં જાહેર કર્યા પ્રમાણે મુંડકાવેરાના ધારાની કલમ ૧૩ અનુસાર **શેઠ શાંતિદાસના** સીધા પુરૂષ વંશજો અને તેવા સીધા પુરૂષ વંશજોની દીકરીઓને મુંડકા વેરામાંથી માફી બક્ષવામાં આવી છે. તે માફીનો લાભ લેવાની ઇચ્છા રાખનાર સર્વે વંશજોને આ જાહેરખબરથી ખબર આપવામાં આવે છે કે જેઓ પોતે મજકુર **શેઠ શાંતિદાસના** ઉપર પ્રમાણેની માફી મેળવવાની લાયકાતવાળા વારસો હોવાનો દાવો રાખતા હોય તેમણે પોતાનો તે દાવો દાવાની પુષ્ટિમાં જે પૂરાવો હોય તે સાથે આ જાહેરખબર છપાયાની તારીખથી દસ રોજની અંદર આ સંસ્થાનના **"પીલગ્રીમટેક્ષકલેકટર"** રૂબરૂ હાજર થઈ અગર કાયદેસર મુખત્યાર મારફતે રજુ કરવો અગર રજુ કરવા તજવીજ કરવી. દાવા નીચે હકીકતના ખરાપણાની પ્રતિજ્ઞા કરવી જોઈશે.

"સામાન્ય રીતે આવા દાવાઓમાં પૂરાવો રજુ કરવા બાબતમાં દિવાની કાયદાનું ધોરણ સ્વીકારવામાં આવશે. તા. ૨૮ માર્ચ ૧૯૨૬.

"Chamanlal Girdharlal Mehta,
**"દિવાન સં. પાલીતાણા."**

આના અનુસંધાનમાં કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટની ઓફીસ તરફથી પ્રગટ કરવામાં આવેલ આ જ મતલબની નીચેની જાહેરાત પણ એ વાતનું જ સમર્થન કરે છે કે, એજન્સીની ઓફિસ પણ પાલીતાણા રાજ્ય મુંડકાવેરો ઉઘરાવે એમાં સંમત હતી. અથવા વધુ સાચી વાત તો એ હતી કે, એજન્સીની આવી સંમતિના બળ ઉપર જ, પાલીતાણા રાજ્યે મુંડકાવેરો ઉઘરાવવાનું નક્કી કરીને ઉપર મુજબ જાહેરાત પ્રગટ કરી હતી. એજન્સી તરફથી પ્રગટ કરવામાં આવેલ જાહેરાત નીચે મુજબ હતી—

શાંતિદાસના વંશજો હોવાનો દાવો કરનારાએ પોતાનો દાવો રજૂ કરવા "કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી ગેઝેટ"ના ૬-૪-૧૮૮૨ ના અંકમાં છપાયેલી જાહેરખબર—

### જાહેરખબર

"આ જાહેરખબર ઉપરથી સર્વેને ખબર આપવામાં આવે છે કે-શેત્રુંજા ડુંગર ઉપર જનારા શ્રાવક જાત્રાળુ પાસેથી સ્વસ્થાન પાલીતાણા તરફથી જે કર લેવામાં આવે છે, તે કર શેઠ સાંતિદાશના વંશજો પાસેથી નહીં લેવા સરકારનો ઠરાવ છે. માટે જેઓ મજકુર શેઠ સાંતિદાશના વંશજો થાવાનો દાવો રાખતા હોય તેમણે આજથી ત્રણ માસની અંદર વંશાવળીની ખરી નકલ સાથે અમારી હજુરમાં પોતાની હકીકત લખીતવાર જાહેર કરવી. મુદત વીતે કોઈનો દાવો સાંભલવામાં આવશે નહીં.

"તારીખ ૨૭મી માહે માર્ચ સને ૧૮૮૨, મુ. કુડા
"એચ. એલ. નટ, મેજર

"આકટીંગ ફર્સ્ટ આશીસ્ટંટ પોલીટીકલ એજન્ટ, પ્રાંત ગોહેલવાડ"

(દફતર નં. ૧૨, ફાઈલ નં. ૭)

### એક જાણવા જેવો પત્ર

અહીં એ જાણવું ઉપયોગી થઈ પડશે કે, તીર્થાધિરાજની યાત્રાનો બહિષ્કાર કરવાનો જૈન સંઘને

માટે અતિ વસમો કહી શકાય એવો સમય ન આવે એટલા માટે, અગાઉથી જ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા. અને એ પ્રયત્નો ભારતના સર્વોચ્ચ રાજ્યશાસનકર્તા નામદાર વાઈસરોય અને ગવર્નર જનરલ સુધી પણ વિસ્તારવામાં આવ્યા હતા. આનો એક પુરાવો કલકત્તાના એક વગદાર જૈન અગ્રણી તેમ જ સરકારમાન્ય નાગરિક બાબુ શ્રી રાયકુમારસિંઘજીએ, તા. ૨૪-૩-૧૯૨૬ના રોજ, એટલે કે રખોપાનો કરાર પૂરો થાય તેના એક અઠવાડિયા અગાઉ, શેઠ આણંદજી કલ્યાણજીને લખેલ પત્રમાંના નીચેના લખાણ ઉપરથી પણ જાણી શકાય છે. તેઓએ લખ્યું હતું કે—

"I am glad to inform you that today I have sent to the Private Secretary to His Excellency The Viceroy, Delhi, thirteen of the Printed Memorial Booklets containing as many signatures as could be obtained from Calcutta. ... ... ... I shall be glad to be of further assistance to you in this most vital matter in which I am deeply interested. Kindly let me know since what date the pilgrimage to the Hill will stop, as many people come to enquire this."

**અર્થ**—"તમને એ જણાવતાં મને આનંદ થાય છે કે, આજે મેં મેમોરિયલની છપાયેલ પુસ્તિકાની તેર નકલ ઉપર કલકત્તામાંથી બની શકે તેટલી વધારે સહીઓ મેળવીને નામદાર વાઈસરોયના ખાનગી મંત્રીને દિલ્હી મોકલી આપેલ છે......આવી અત્યંત મહત્ત્વની બાબતમાં મને ઘણો ઊંડો રસ છે અને તેથી જો હું તમને વધારે મદદરૂપ થઈ શકું તો હું રાજી થઈશ. મહેરબાની કરીને ગિરિરાજની યાત્રા ક્યારથી બંધ થાય છે તેની મને જાણ કરશો, કારણ કે ઘણાં લોકો તે અંગે પૂછપરછ કરવા આવે છે."

એ કહેવાની જરૂર નથી કે આ અને આવા જે કંઈ પ્રયત્નો એ વખતે હાથ ધરવામાં આવ્યા હતા, તેનું મહત્ત્વ "પાણી પહેલાં પાળ બાંધવા" જેવી દૂરંદેશી દાખવવા જેવું હતું. પણ, કમનસીબે, તેનું ધાર્યું પરિણામ ન આવ્યું અને છેવટે તા. ૧-૪-૧૯૨૬ થી યાત્રાનો બહિષ્કાર જૈન સંઘે કરવો જ પડ્યો.

## મુંબઈના સંઘનો રોષ

તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની યાત્રાના જૈન સંઘે, તા. ૧-૪-૧૯૨૬ના દિવસથી, કરેલ બહિષ્કારથી જૈન સંઘમાં તો અસાધારણ જાગૃતિ આવે એ સ્વાભાવિક હતું, પણ અસહકારના રૂપવાળા આ પ્રકરણે દેશની સામાન્ય જનતામાં પણ જે કુતૂહલ અને ઉત્સુકતા જન્માવ્યાં હતાં, એના પડઘા તે અરસાનાં દૈનિક, સાપ્તાહિક જેવાં જાહેર વર્તમાન-પત્રોમાં પણ પડ્યા હતા. આવાં કેટલાંક વર્તમાન-પત્રોનાં તે વખતના અંકો, પરમપૂજ્ય શાસનસમ્રાટ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના જ્ઞાનભંડારમાં સચવાઈ રહ્યાં છે. સદ્‌ભાગ્યે તે મને જોવા તથા ઉપયોગ કરવા મળેલ હોવાથી, એમાં આ પ્રકરણ અંગે છપાયેલ સમાચારો અને વિચારોમાંથી કેટલાક અહીં સાભાર રજૂ કરવામાં આવે છે.

## " મુંબઈ સમાચાર "

મુંબઈના સુપ્રસિદ્ધ " મુંબઈ સમાચાર " દૈનિકના, બહિષ્કારની શરૂઆત થઈ તેના બીજા જ દિવસના, તા. ૨-૪-૧૯૨૬, શુક્રવારના અંકમાં, ધ્યાન ખેંચે એવાં અનેક મથાળાં સાથે, લખવામાં આવ્યું હતું કે—

" જૈનોના પવીત્ર તીર્થ શત્રુંજય ઉપર ધાડ.

" પાલીતાણા દરબારની દખલગીરીથી જૈનોની દુખાયલી લાગણી.

" ગઈ કાલે મુંબઈમાં તેઓએ પાડેલી હડતાલ અને કહાડેલું સરઘસ.

" બંધ રાખવામાં આવેલાં સંખ્યાબંધ બજારો.

" લાલબાગમાં જૈનોની મોટી જાહેર સભા.

" જૈન જાત્રાળુઓની ગણતરી કરવાના કાઠયાવાડ ખાતેના એ. જી. જી.ના હુકમ સામે વીરોધ.

" સંતોષકારક ફડચો થાય નહીં ત્યાં સુધી પાલીતાણે જાત્રાએ ન જવાનો જૈનોનો આગ્રહ.

" જઈનોના પવીત્ર શ્રી શેતરંજય તીરથના રક્ષણ માટે પાલીતાણા દરબારને જઈનોની પ્રતીનીધી-રૂપ જાણીતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી દર વરષે રખોપાના રૂ. ૧૫૦૦૦ આપવાના બ્રીટીશ સરકારે ઠરાવી આપ્યા હતા અને તે માટે ૪૦ વરસનો કરાર થયો હતો. આ કરારની મુદત તા. ૩૧-૩-૨૬ ના દીને પુરી થઈ છે. પાલીતાણા દરબાર આ કરાર હવે લંબાવવા અને મંજૂર રાખવા માગતા નથી. પણ તે તીરથયાત્રાએ આવનાર દરેક જઈન દીઠ રૂ. ૨) નો મુંડકાવેરો લેવા માંગે છે. પોતે આ રીતે પાલીતાણા દરબારના અધીકાર હેઠળ આવવા સામે જઈનોએ પ્રોટેસ્ટ ઉઠાવ્યો છે. તેઓ પોતાને બાદશાહ અકબરના વખતથી મળતા આવેલા હકો તથા છેલ્લે તે દરબાર સાથે થયેલા કરારો મંજુર રખાવવા માગે છે. તેમ જ જો પાલીતાણા દરબાર છેવટ સુધી કાંઈ પણ સમજુતી પર આવવા ના પાડે તો જઈનોએ પાલીતાણાની જાત્રાએ સુધ્ધાં ન જવું, પણ આવી રીતનો મુંડકાવેરો તો ન જ ભરવો એવી ચળવળ ઉપાડી લીધી છે. આ વિષયમાં ગામેગામ પ્રોટેસ્ટ સભાઓ ભરીને તેઓ દ્વારા પશ્ચીમ હીંદના દેશી રાજ્યોના નાο ગવરનર-જેનરલના એજન્ટ નાο એ. જી. જી. વોટસન તથા નાο વાઈસરોય ઉપર સંખ્યાબંધ અરજીઓ તથા તારો મોકલવામાં આવતા રહ્યા છે. તથા આ સંબંધમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી જે સૂચનાઓ કરવામાં આવે તે મુજબ વરતવા સરવ જઈનો કબુલ થવાનું જણાતું રહ્યું છે.

" આ બાબતમાં જઈન ભાઈઓની ગમે તેટલી અરજીઓ અને પ્રોટેસ્ટો છતાં પણ નામદાર ગવર-નર જનરલના કાઠીઆવાડ ખાતેના એજન્ટ મીο વોટસને પાલીતાણે જાત્રાએ જતા જઈન જાત્રાળુઓની ગણતરી કરવા માટે પાલીતાણા દરબારને સત્તા આપવાનો વચગાળાનો હુકમ કહાડ્યો છે તેની સામે વિરોધ કરવા તથા તેથી જઈન ભાઈઓની દુખાયલી લાગણી જાહેર કરવા માટે મુંબઈના જઈન ભાઈ-ઓએ ગયા ગુરૂવારનો દિવસ પોતાનું કામકાજ અને ધંધોધાપો બંધ કરી હડતાળ પાડી શોકમાં ગાળ્યો હતો. શ્રી મુંબઈ જઈન સ્વયંસેવક મંડળ તરફથી બહાર પાડવામાં આવેલા હેંડબિલમાં કરવામાં આવેલી અરજ મુજબ ગઈ કાલે સવારે ૭ કο ૩૦ મીο પાયધુની ખાતેના ગોડીજીનાં દેરાસર પાસેથી જઈન ભાઈઓનું એક સરઘસ કાઢવામાં આવ્યું હતું જેમાં ઘણા જઈન ભાઈઓએ ભાગ લીધો હતો. સરઘસ

... ... વગેરે લત્તાઓમાં ફરીને પાંજરાપોળ ખાતેના જઈનોના લાલબાગમાં આવી પુગ્યું હતું. ... ...

"શ્રી શતરૂંજય તીરથને લગતા સવાલના સંબંધમાં જઈનોની દુભાયલી લાગણી જાહેર કરવા માટે તમામ જઈન ભાઈઓએ પોતાનું કામકાજ બંધ રાખી હડતાળ પાડી હતી એટલું જ નહીં પણ તેઓની તરફ સહાનુભુતી દેખાડવા માટે મુંબઈનાં જુદાં જુદાં વેપારી બજારોએ પણ પોતાનું કામકાજ બંધ રાખવાના અથવા ઘણાં જ અગત્યનાં કામકાજ માટે ફક્ત થોડો વખત જ તે ઉઘાડા રાખવાના ઠરાવો કર્યા હતા. ... ...

"**મોટી જાહેર સભા**—સરઘસ જુદા જુદા લતામાં ફરીને બરાબર નવ વાગે ભુલેશ્વર ઉપરના લાલબાગમાં આવી પુગ્યું હતું જ્યાં જઈનોની એક મોટી સભા ભરવામાં આવી હતી. ... ...... (શ્રી ઓધવજી ધનજી સોલીસીટરના પ્રમુખપદે મળેલી સભામાં નીચે મુજબ ત્રણ) ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. ... ... ...

"**ઠરાવ પહેલો**—શ્રી મુંબઈના સમસ્ત જઈન બંધુઓની આજની જાહેર સભા વેસ્ટર્ન ઈંડીઆ સ્ટેટસ રાજકોટના એજંટ ટુ ધી ગવરનર જનરલના પાલીતાણાની જાત્રા સંબંધી કરેલા વચગાળાના હુકમ તરફ પોતાનો સખત અણગમો તથા વાંધો જાહેર કરે છે અને થયેલા અન્યાયો માટે ફરી વીચાર કરી જઈનોની લાગણીઓને સંતોષવા વીનંતી કરે છે."

"**ઠરાવ બીજો**—તા. ૧ લી એપ્રીલથી પાલીતાણે યાત્રાએ જનાર યાત્રાળુઓની ગણત્રી કરવાનો જે અધીકાર નામદાર એ. જી. જી. સાહેબે નામદાર પાલીતાણા ઠાકોર સાહેબને આપેલ છે તે જઈન કોમના સ્વમાનને હીણું લગાડનાર તથા યાત્રાળુઓને હેરાનગતી પહોંચાડનાર હોવાથી શ્રી મુંબઈના સમસ્ત જઈન બંધુઓની આ જાહેર સભા ઠરાવ કરે છે કે જ્યાં સુધી છેવટનો સંતોષકારક નીરણય ન થાય ત્યાં સુધી પાલીતાણા યાત્રાએ જવાનું બંધ કરવું."

ત્રીજો ઠરાવ આ ઠરાવની નકલ એજન્ટ ટુ ધી ગવરનર જનરલ તથા નામદાર વાઈસરોય ઉપર તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઉપર મોકલી આપવા સંબંધી હતો. તે પછી પોતાના છેવટના ભાષણમાં પ્રમુખશ્રીએ કહ્યું હતું કે—

"અત્યારે આવા કટોકટીના સમયમાં આણંદજી (કલ્યાણજી)ની પેઢી સામે કોઈ પણ ફરીઆદ કરવી જોઈએ નહી. હું અત્યારે સહુને ચેતવણી આપું છું કે પેઢીને કઢંગી સ્થીતીમાં મુકવામાં આવે તેવું કોઈએ બોલવું જોઈએ નહીં. પાલીતાણાની જાત્રા કરવી એ જઈનોનો જન્મસીદ્ધ હક છે. ... ... ... ...હવે વખત એવો આવશે કે જ્યારે દરેક જઈન યુવક અને જઈન આગેવાને પોતાના જન્મસીદ્ધ હકને માટે સત્યાગ્રહ કરી પાલીતાણાની જેલયાત્રાનો અનુભવ લેવો પડશે." (પ્રમુખના ઉપસંહારનું આ કથન "મુંબઈ સમાચાર" ઉપરાંત "સાંજ વર્તમાન"ના આધારે અહીં નોંધ્યું છે.)

### "સાંજ વર્તમાન"

મુંબઈના જૈન સંઘના વિરોધનો આવો જ વિસ્તૃત અહેવાલ મુંબઈના "સાંજ વતમાન" દૈનિકના તા. ૧–૪–૧૯૨૬ ના અંકમાં છપાયો હતો. એને અહીં રજૂ કરીને આ બાબતનું પુનરાવર્તન કરવાની જરૂર નથી; પણ આ પ્રકરણ અંગે જૈન સંઘને જાહેર જનતા અને વર્તમાનપત્રોએ પણ કેવો સાથ

આપ્યો હતો, તેનો ખ્યાલ આવી શકે એટલા માટે એ અહેવાલનાં મથાળાં અહીં નોંધવાં ઠીક લાગે છે, જે આ પ્રમાણે છે—

"આજે મુંબઈના જૈનોની હડતાળ."

"બંધ રહેલાં વેપારી બજારો."

"શેતરંજય તીર્થના સંબંધમાં પાલીતાણા દરબાર સાથે પડેલા વાંધા માટે જઈનોએ જાહેર કરેલો શોક."

"સહવારના શહેરના લતાઓમાં ફરેલું જઈન સરઘસ."

"લાલબાગમાં જંગી પ્રોટેસ્ટ મીટીંગ—કાઠીયાવાડના એજન્ટના હુકમ સામે પોકાર."

"હાત તુરત જાત્રા બંધી કરવાનો ઠરાવ—જરૂર પડે, તો સત્યાગ્રહ કરવાની તથા જેલમાં જવાની સલાહ."

"મુંબઈ સમાચાર" અને "સાંજ વર્તમાન"ના આ અંકોમાં છપાયેલ સમાચાર ઉપરથી એમ પણ જાણી શકાય છે કે, મુંબઈના સુગર મરચન્ટસ એસોસીએશને પણ પાલીતાણા દરબારના આવા વલણ સામે પોતાનો અણગમો જાહેર કર્યો હતો; મુંબઈના જૈનોના સંઘપતિ શેઠ રતનચંદ ખીમચંદે હિંદના વાઈસરોય લોર્ડ ઈરવીન ઉપર તાર કરી આ પ્રકરણમાં વચ્ચે પડવા વિનતિ કરી હતી; મુંબઈના રાઈસ મર્ચન્ટસ એસોસીએશને પણ પાલીતાણાના દરબારના પગલા સામે નારાજી દર્શાવતો ઠરાવ કર્યો હતો; આ અંગે જૈન સંઘમાં મોટા પ્રમાણમાં ઉપવાસ અને આયંબિલની તપસ્યા થઈ હતી; અને અમદાવાદમાં પણ જૈનોએ હડતાળ પાડી હતી અને મોટી સભા ભરીને વિરોધનો ઠરાવ કર્યો હતો.

## "વીરશાસન"

અમદાવાદથી પ્રગટ થતા 'વીરશાસન' નામે સાપ્તાહિકે તા. ૨૬–૩–૧૯૨૬ ના રોજ બહાર પાડેલ પૂર્તિનો અગ્રલેખ 'સંરક્ષણનો એક જ માર્ગ : યાત્રા બંધ કરો!' એ નામે છપાયો હતો. એમાં આ પ્રકરણની છણાવટ કરીને તેના નિકાલ માટે જૈન સંઘે તાત્કાલિક પગલું ભરવાની જે ભલામણ કરી હતી, તે યાત્રાબંધીની હતી. આ અગ્રલેખ તો અહીં નહીં આપીએ પણ એના મથાળાં ઉપરથી પણ ખ્યાલ આવશે કે આ પ્રકરણે એમના મનને કેટલું દુભવ્યું હતું અને એના ઉકેલ માટે જૈન સંઘને એ ઠીક ઠીક આવેશપૂર્વક શું કહેવા માગતું હતું. આ રહ્યાં એ અગ્રલેખનાં મથાળાં—

'આજનું શ્રી શત્રુંજય પ્રકરણ.'

'પાલીતાણા અને રાજકોટનું ખેદજનક વાતાવરણ.'

'એક મહિનાની માગેલી મુદત અને તે દરમ્યાન સ્ટેટની એકતરફી માગણી બહાલ રાખીને મંજુર રાખવાની જણાવવામાં આવેલી હકીકત!'

'જાહેર શોક નિમિત્તે પાળો, ચૈત્ર વદ ૩, ગુરૂવાર, એપ્રોલ ૧ લી, એક મહાન્ શોકનો દિવસ.'

'તમોને તમારા તીર્થની આપત્તિથી દુઃખ થાય છે?'

'મુંડકાવેરાનો અસહ્ય અન્યાય તમારા ધાર્મિક લોહીને ખળભળાવે છે?'

'ફળ કરતાં મૂળની કીંમત વધારે છે એ સમજાય છે?'

'તીર્થની પવિત્રતા અને સ્વાધિનતાનું આજે મૂળ ગુમાવાશે તો પછી યાત્રા શાની કરશો ?'

'આ ધર્મસંકટનું સંપૂર્ણ નિવારણ કરવું હોય તો સંઘમાં ઘેર ઘેર ઉપવાસ, આયંબીલાદિકની મહાન્ તપશ્ચર્યા ઉજવો.'

'માર્ચની ૩૧મી અને ચૈત્ર વદી ૨ ને બુધવારની રાત્રી સુધીમાં પાલીતાણા ખાલી કરો.'

'એકેએક ધર્મશાળાને તાળાં વાગી જવાં જોઈએ.'

'આખા હિંદના સમસ્ત જૈનોને આ ધર્મસંકટથી થતા અસાધારણ હૃદયદુઃખ, અશાંતિ અને ગભરાટના સાક્ષાત્કારરૂપે એપ્રીલ ૧ લી યાને ચૈત્ર વદ ૩ ગુરુવારની ... ... ... ... (?) ભાસી જવો જોઈએ અને દુનિયાના ચારે ખુણાઓમાં જૈનોનાં ધાર્મિક દુઃખોના પોકારોનો ચમકારો પ્રગટવો જોઈએ."

## "સૌરાષ્ટ્ર"

રાણપુરથી પ્રગટ થતાં રાષ્ટ્રીય સાપ્તાહિક 'સૌરાષ્ટ્ર'નો તા. ૪–૪–૧૯૨૬નો અંક 'શત્રુંજયનો ખાસ વધારો' નામે બહાર પડ્યો હતો. એ પત્રના ખબરપત્રીએ તા. ૩૧–૩–૧૯૨૬ના રોજ યાત્રા-બહિષ્કારની ચળવળનો જે આંખે દેખ્યો અહેવાલ આપ્યો હતો, તે પણ જાણવા જેવો છે. એણે લખ્યું હતું કે—

'સૂનસાન શત્રુંજય : મૂંડકાવેરાનાં મંડાણ ! નિર્જન પાલીતાણા : જૈનોનો અડગ અસહકાર : લોક-લાગણીની પરાકાષ્ટા. સર્વત્ર શોક અને રોષની લાગણી : પાલીતાણા રાજ્યની દુરાગ્રહી મનોદશા.

'પાલીતાણા. તા. ૩૧–૩–૨૬ : ચોમાસાના ધોધમાર વર્ષાદ પછી જેમ માર માર કરતો નદીનો પ્રવાહ આગળ ધપે, તેમ એક પખવાડીઆથી પાલીતાણા ઉપર યાત્રાળુઓનું જાણે પૂર ફરી વળ્યું હતું. ભાવનગર રેલ્વેએ ખાસ ટ્રેનો દોડાવી હતી અને મદ્રાસ અને બંગાળ, પંજાબ અને મારવાડ–એ સૌ દેશના શ્રદ્ધાળુ સ્ત્રીઓ અને પુરુષો, બાળકો અને વૃદ્ધો તા. ૧–૪–૨૬ પહેલાં શ્રી સિદ્ધાચળ તીર્થાધિરાજની યાત્રાની પાછળ ઘેલા બન્યા હતા. આજે છેલ્લો દહાડો હતો. આવતી કાલથી યાત્રા બંધ થવાની છે એટલે આજે તો ટ્રેન લગભગ ખાલી હતી. માંડ માંડ ૧૫-૨૦ યાત્રાળુઓ હશે. તે પણ બધા સાંજે પાછા ચાલ્યા જવાના.

'શિહોર સ્ટેશને—સ્વયંસેવકના પટ્ટા પહેરેલા જૈન જુવાનીઆઓ ચોતરફ આંટા મારી રહ્યા છે. "જૈનોએ યાત્રા બંધ કરવી જોઈએ. કૃપા કરીને એકત્રીશમીની સાંજે પાલીતાણા ખાલી કરજો." વગેરે આજીજીઓ કરી રહ્યા છે. યાત્રાળુઓની લાગણીમાં દર્દનો પાર નથી. 'યાત્રા બંધ' એ એમને મન મૃત્યુ જેવું લાગે છે ! પણ રાજાની ગુલામી સ્વીકારી લેવી એ વાત એમને એથાયે વિશેષ શરમ ભરેલી છે એવી સ્વયંસેવકોની દલીલો તેઓ માન્ય રાખે છે.'

એ જ ખબરપત્રી તા. ૧–૪–૨૬ ના રોજ સમાચાર આપે છે કે—

'આ તળાટી ? ગઈ કાલે સાંજે પણ અમે તળાટી જોઈ હતી. આજે પણ અમે તળાટી જોઈ. એ ખદબદતી માનવતા ક્યાં અને આજની આ સુનસાન સ્થિતિ ક્યાં ? લાડવા વેંચવાની આખી પ્રવૃત્તિ બંધ છે. કોઈ માણસનું મોઢું–વેચનારાનું કે લેનારાનું–ત્યાં નથી. પાણીની પરબો નથી કે નાસ્તાની દુકાનો નથી. નથી મજૂર કે નથી ડોલીવાળા. પેલી ફૂલ વેચનાર માલણો નથી. તળાટીમાં આખી ભૂમિ

આજે ખાવા ધાય છે. સોગન ખાવા એક મનુષ્ય નથી. યાત્રિક કે યાત્રિક ઉપર નભતો કોઈ માનવી બચ્ચો આજે નથી દેખાતો. પાલીતાણાની આજ્ઞા સામે શાંત અસહકાર કરતો પ્રત્યેક માનવ આજે તળાટી છોડી ગયો છે.

'ઉડે છે કાગડા આજે—

'થતું ... ... ... ...

'પણ અહીં આ બીજું કાંઈક છે. પીળા ડગલાવાળા પાલીતાણા રાજ્યના સીક્કા ધરાવનાર ચાર પોલિસો અમને જોઈને પોતાના પટ્ટા સમારતા તૈયાર થઈ ગયા. ત્રણ બીજા પટાવાળા જેવા માણસ અને એક ટીકીટ કલેક્ટર: આટલા માણસો કોઈ ભૂખ્યું જાનવર શિકારની રાહ જોતું બેઠું હોય તેમ આંખો ફાડી બેઠા હતા. પણ અમે તો એમનું ખાજ ન્હોતા. અમે મૂંડકાવેરો આપવાવાળા નહીં, અમે તો પાસવાળા. "કેમ ભાઈ, મૂંડકાવેરાવાળી કેટલી ટીકીટો ચેક કરી?" "એક પણ નહીં." "આવી અમારા જેવી કેટલીક?" "આ તમે લાવો છો એ જ." રાજ્યે નાખેલો મુંડકાવેરો આમ નાસીપાસ થતો હતો. તેથી જાણે શરમાતા હોય તેમ એ લોકો બીચારા જાણે પ્રાર્થના કરતા હોય ને "કોઈ આવો—અમારા રાજ્યની આબરૂ બચાવો." રાજ્યભક્તિ તરફ સહાનુભૂતિનું એક સ્મિત ફેંક્યું અને ચાલ્યા!

'ચડવું શરૂ કર્યું'—ડુંગરના થોડાં પગથીઆં ચડ્યા. હજી તળાટીના માણસો અમારી નજરે પડતા હતા. અમે માનવસમુદાયની દૃષ્ટિમર્યાદામાં હતા. એ સ્થિતિ ન ટકી. ચઢાવ અને વળાવ પછી તળાટી દેખાતી બંધ થઈ. અમારી એકલતા અમને સાલવા લાગી. નથી ઉપર કોઈ દેખાતું, નથી નીચે કોઈ દેખાતું. બધું મનુષ્યહીન સૂનસાન લાગે છે. અમે નજર કર્યા જ કરીએ—લાંબી લાંબી નજરથી દોટ મૂક્યા જ કરીએ; પણ માનવબચ્ચો દેખાયો જ નહીં."

## અંગ્રેજી દૈનિકોનો સાથ

સમય જતાં, યાત્રા-બહિષ્કારની આ લડતે જેમ એક બાજુ મક્કમતા પ્રાપ્ત કરી તેમ, બીજી બાજુ, જાણે એ નાની સરખી રાષ્ટ્રીય લડત હોય એવી વ્યાપકતા પણ એણે પ્રાપ્ત કરી હતી, એ વાતની પ્રતીતિ એ હકીકત ઉપરથી પણ થાય છે કે, આ લડત અંગેના સમાચારો, વિચારો અને લેખો મુંબઈનાં અંગ્રેજી દૈનિકો—'The Times of India', 'The Bombay Cronical', કલકત્તાના 'Englishman' તથા અલાહાબાદના 'Pioneer' જેવાં દૈનિકોમાં પણ છપાયા હતા, એટલું જ નહીં પણ, લંડનથી પ્રગટ થતાં 'The Times' નામના દૈનિકમાં પણ આ પ્રકરણ સંબંધી લેખ છપાયો હતો.

## જૈન સંઘની નારાજગી

પાલીતાણાના દરબારશ્રીએ કાઠિયાવાડના એજન્ટ ટુ ધી ગવર્નર જનરલને આ રખોપા બાબતમાં, તા. ૧૪-૯-૧૯૨૫ ના રોજ, જે અરજી કરી હતી, તેનો જવાબ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી તા. ૨૩-૪-૧૯૨૬ ના રોજ આપવામાં આવ્યો તે દરમ્યાન કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વૉટસને, તા. ૨૫-૩-૧૯૨૬ ના રોજ, વચગાળાનો હુકમ આપીને પાલીતાણાના દરબારશ્રીને યાત્રિકોની સંખ્યાની નોંધ કરવાની છૂટ આપી હતી, તે સામે પણ જૈન સંઘે ઘણી જ નારાજગી દર્શાવી હતી.

## આબૂમાં મુલાકાત અને મિ. વોટસનનો ફેંસલો

પેઢી તરફથી પોતાને જવાબ મળ્યા પછી મિ. વોટસને પાલીતાણાના દરબારશ્રીના પ્રતિનિધિ તથા જૈન સંઘના પ્રતિનિધિઓને, આબૂમાં સરકીટ હાઉસમાં, તા. ૨૧-૬-૧૯૨૬ ના રોજ, મુલાકાત આપીને બંનેને પોતપોતાની અરજીઓના સમર્થનમાં જે કંઈ કહેવાનું હતું તે રજૂ કરવાની તક આપી હતી. આ પછી, તા. ૧૨-૭-૧૯૨૬ ના રોજ, મિ. વોટસને આ બાબતમાં પોતાનો સવિસ્તર ફેંસલો આપ્યો હતો અને એ ફેંસલામાં ખાસ જોગવાઈ એ કરવામાં આવી હતી કે, જૈન સંઘે, દસ વર્ષ સુધી, પાલીતાણા રાજ્યને વાર્ષિક રૂપિયા એક લાખ આપવા અને દસ વર્ષ બાદ, કેવી પરિસ્થિતિ થશે અથવા કયા પક્ષે શું કરવું અથવા તો મહાસત્તાએ (બ્રિટીશ હકૂમતે) એમાં ફેરફાર કરવા દરમ્યાનગીરી કરવી કે કે નહીં, એ અંગે કોઈ પણ જાતનો નિર્દેશ કર્યા સિવાય, પાલીતાણા રાજ્યને, કર્નલ કીટીંજે આપેલા ફેંસલા મુજબ, યાત્રિકો પાસેથી મુંડકાવેરો ઉઘરાવવાની છૂટ આપી હતી.

## જૈન સંઘનો રોષ

આવો ફેંસલો જૈન સંઘને માન્ય બને એ કોઈ રીતે શક્ય ન હતું, એટલે ફેંસલાની સામે ઉગ્ર રોષની લાગણી જૈન સંઘમાં વધારે વ્યાપક બની. પરિણામે યાત્રા-બહિષ્કારની લડત પણ મક્કમતાવાળી બની.

## વોટસન પોતાના શબ્દો પાછા ખેંચે છે

મિ. વોટસને પોતાના આ ફેંસલાના ચોથા પેરેગ્રાફમાં, જૈન સમાજના પૈસાથી પ્રભાવિત થઈને વર્તમાનપત્રોએ જૈનોની તરફેણમાં પોતાનો સાથ અને સહકાર આપ્યો હતો તે અંગે, આ પ્રમાણે આક્ષેપ કર્યો હતો—"subsidised presumably by the wealth which distinguishes the Jains an intensive propaganda in their interests has been carried on in several newspapers disigned to prejudice the issues and to bring press upon the British authorities who have to decide the question."

**અર્થ**—"જૈનોને વિશિષ્ટતા અપાવતી એમની સંપત્તિથી, માનો કે પૂરક સહાય મેળવીને, કેટલાંય વર્તમાનપત્રોએ તેઓની તરફેણમાં જે ઘનિષ્ટ પ્રચારકાર્ય હાથ ધર્યું હતું, તેનો હેતુ જેમને આ પ્રશ્નનો નિવેડો લાવવાનો છે, તે બ્રિટીશ હકૂમત ઉપર દબાણ લાવવા માટેના મુદ્દાઓ અંગે પૂર્વગ્રહ ઊભો કરવાનો હતો."

પણ પછી એમને પોતાના આ આક્ષેપનું ગેરવાજબીપણું સમજાયું હોય એમ, એમણે પોતાના હુકમના ચોથા પેરેગ્રાફમાંના ઉપર ટાંકેલ વિધાનમાંથી "subsidised presumably by the wealth which distinguishes the Jains" એ શબ્દો કમી કર્યાની જાહેરાત કાઠિયાવાડના એક્ટિંગ એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ લેફ્ટનન્ટ કર્નલ એ. ડી. મેકફર્સનની સહીથી કરાવી હતી, એ ઉપરથી લાગે છે.

મિ. સી. સી. વોટસનને પાછા ખેંચી લેવા પડેલા આ શબ્દો પણ એમને જૈનો પ્રત્યે કેવો અણગમો હતો એનું સૂચન કરે છે. અને વચગાળાના હુકમમાં તથા પોતાના ફેંસલામાં એમણે જૈન સંઘને જે આદેશ આપ્યો હતો અને પાલીતાણાના દરબારશ્રીને, એમની માગણી મુજબ વર્તવાની જે મોકળાશ કરી

આપી હતી, તે ઉપરથી એ સ્પષ્ટ જોઈ શકાતું હતું કે, તેઓ જૈન સંઘ પ્રત્યે કેવી કઠોરતાની અને પાલીતાણાના દરબારશ્રી પ્રત્યે કેવી કુણાશની લાગણી ધરાવતા હતા! આ બીના એમના તટસ્થ નહીં પણ એકતરફી વલણની જ સાક્ષી પૂરતી હતી. પણ એમનું આવું જૈન સંઘ વિરોધી વલણ અને વર્તન જૈન સંઘને માટે, આડકતરી રીતે, એવું લાભકારક પુરવાર થયું હતું કે, એથી જૈન સંઘના યાત્રા-બહિષ્કારના પગલાને અને એ માટેની એકતા તથા દૃઢતાને ઘણું જ બળ મળ્યું હતું.

જૈન સંઘે આપમેળે સ્વીકારેલ યાત્રા-ત્યાગ કેવો અસરકારક હતો, એ જાણવાનું એક સબળ સાધન તળાટીમાં યાત્રિકોને આપવામાં આવતા ભાતા સંબંધી તથા બીજી માહિતી મેળવવાનું હતું. એટલે પેઢીએ અમદાવાદથી આ અંગે જે પૂછપરછ કરી હતી, તેનો જે જવાબ ભાતા ખાતાના ગુમાસ્તા તથા પેઢીના મુનીમ તરફથી મળ્યો હતો, તે નીચે મુજબ હતો—

"શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી
"પાલીતાણા તા. ૧૭–૭–૧૯૨૬

"શેઠ આણંદજી કલ્યાણજી
અમદાવાદ
"શેઠ આણંદજી કલ્યાણજી
પાલીતાણા

"વિ. વિ. તલાટીએ ભાતું વેંચનાર ગું. છગનલાલ આણંદજીની નમ્રતાપુર્વક અરજ છે કે આજ રોજ તલાટીએ ભાતું લઈ જતા જાત્રાળુ નહીં હોવાથી ભાતું વપરાણું નથી એ જ વીનંતી. તા. ૧૫–૭–૨૬, અશાડ સુદ ૫ ગરવાર.

"દ. ગુ. છગનલાલ આણંદજી"

"શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી
"પાલીતાણા તા. ૧૭–૭–૧૯૨૬

"શેઠ આણંદજી કલ્યાણજી
અમદાવાદ

વી. વી. કે શ્રી. પ. શેત્રુંજય ડુંગર ઉપર રામપોળની બારીએ તથા બાવળવાળા કુંડે દરબાર તરફથી જે રાવટીઓ ઉભી કરી હતી તે આજ રોજ નીચે ઉતારી લઈ ગયેલા છે. રામપોળની બારીએ તથા ઈંગારશા પીરની બારીએ પાસ જોનાર દરબારી માણસ બેઠા નથી. રામપોળની બારી બહાર હનુમાન ધારાથી ઉગમણી બાજુએ છેટે દરબારી છાપરૂ છે. તે ઠેકાણે દરબારી કારકુન જીલુભા નામે છે તેમના સિવાય બીજો કોઈ નથી.

"આજે સાંજના ૭ વાગ્યા સુધીની ઉપર પ્રમાણે હકીકત છે. એજ વિનંતી. તા. સદર

હરિલાલ કી. મહેતા
મુનીમ પાલીતાણા

## સ્થાનિક પ્રતિનિધિઓ તથા અગ્રણીઓની સભા

આ પ્રમાણેનો હુકમ જાણ્યા પછી જૈન સંઘ માટે તો હવે એક જ માર્ગ ખુલ્લો રહેતો હતો અને તે યાત્રા-બહિષ્કારની લડતને વધુ મજબૂત અને વ્યાપક બનાવવાનો. આ માટે સૌથી પહેલું કામ પેઢીએ જૈન સંઘની મીટીંગ બોલાવીને શ્રીસંઘમાં અનુકૂળ વાતાવરણ ઊભું કરવાનું હતું. આ માટે, તા. ૨૧–૭–૧૯૨૬ ના રોજ, નીચે મુજબ પત્ર લખીને, પેઢીના સ્થાનિક પ્રતિનિધિઓ તથા બીજા જૈન સંભાવિત ગૃહસ્થોની એક સભા, તા. ૨૭–૭–૧૯૨૬ ના રોજ, અમદાવાદમાં, બોલાવવામાં આવી હતી—

"અમદાવાદ, તા. ૨૧–૭–૧૯૨૬.

"વિ. વિ. કે શ્રી શત્રુંજયના રખોપા સંબંધીનો ચુકાદો આવી ગયો છે તે બાબત ઘણી જ મહત્ત્વની અને ખાસ વિચાર કરવા લાયક હોઈ પેઢીના સ્થાનિક પ્રતિનિધિ સાહેબો તથા દેશના બીજા સંભાવિત ગૃહસ્થોની એક સભા શ્રી અમદાવાદ મુકામે તા. ૨૭–૭–૧૯૨૬, સંવત ૧૯૮૨ ના અશાડ વદ ૩ ને વાર ભોમેના રોજ મળશે. આ સભામાં કેટલાક મહત્ત્વના સવાલોનો નિર્ણય કરવાનો છે માટે આપ સાહેબ આ પ્રસંગ ઉપર જરૂર પધારશો. આપના તરફના જાણીતા ગૃહસ્થોને આમંત્રણો તો મોકલ્યાં છે છતાં કોઈ અજાણતા રહી ગયાં હોય તો તેમને આપની સાથે લાવવા વિનંતિ છે. એ જ.

"(Sd.) B. G. K.

"(સહી) સારાભાઈ ડાહ્યાભાઈ
"(સહી) ચુનીલાલ ભગુભાઈ
"વહીવટદાર–પ્રતિનિધિઓ"

આ સભામાં પોણાત્રણસો ઉપરાંત સદ્‌ગૃહસ્થોએ હાજરી આપી હતી અને આ પ્રસંગે સભાના પ્રમુખપદેથી શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈએ જે ભાષણ કર્યું હતું તે, પરિસ્થિતિની સચોટ રજૂઆત કરવા સાથે, જૈન સંઘના વર્તમાન ધર્મ-કર્તવ્ય તરફ આંગળી ચીંધે એવું અને સંઘની એકતા અને શક્તિમાં બળ પૂરે એવું હતું, એટલે એમનું એ આખું વક્તવ્ય અહીં રજૂ કરવું ઉચિત લાગે છે, જે આ પ્રમાણે છે—

### પ્રમુખશ્રીનું વક્તવ્ય

પ્રતિનિધિ સાહેબો અને બંધુઓ,

ગયા ડિસેમ્બર માસમાં આપ સૌ અત્રે પધારેલા ત્યારે ચાલુ સાલના માર્ચ માસની આખરે પૂરા થતા ચાલીસ વરસના રખોપા સંબંધી તેમ જ શ્રી શત્રુંજય ઉપરના આપણા હકસંરક્ષણ માટે આપણે વિચાર કરેલો. તે વખતે એવી સ્થિતિ હતી કે પાલીતાણા દરબારે પશ્ચિમ હિંદ સ્ટેટસના એજન્ટ ટુ ધી ગવરનર સાહેબને રખોપાના પૂરા થતા ઠરાવ સંબંધમાં અરજી કરેલી અને તે અરજીની નકલ, રીતસર આપણને, આપણો જવાબ વાળવાને માટે, આપવી જોઈએ તે આપવા એજન્ટ સાહેબે ના પાડેલી. તે ઉપરથી મુંબાઈ ઇલાકાના ગવર્નર સાહેબની મુલાકાત લેવામાં આવેલી અને આ બાબતમાં તેમની મદદ અને દિલસોજીથી હિંદુસ્તાનના વાઈસરોય અને ગવર્નર જનરલ લોર્ડ રીડીંગ સાહેબને બધી વાતથી વાકેફ કરવામાં આવ્યા હતા.

ત્યાર બાદ આપણા કાઉન્સેલ સર સેતલવાડ સાથે રાજકોટ મુકામે એજન્ટ સાહેબને મળી પાલીતાણા દરબારની અરજીની નકલ પૂરી પાડવાનું કહેવામાં આવતાં, કોઈ પણ પક્ષના હકને વાંધા સિવાય, નકલ

આપવામાં આવી હતી. અને તેનો જવાબ એક માસમાં એટલે તા. ૨૫ મી માર્ચે આપવા કબૂલેલું. આ રીતે કબૂલાત આપતી વખતે એવો બિલકુલ ખ્યાલ ન હતો કે પાલીતાણા દરબાર પોતાની અરજીમાં રખોપા સિવાયના બીજા સવાલો વિસ્તારપૂર્વક ચર્ચશે. અરજીમાં તેમ કરવામાં આવેલું હોઈ જવાબ આપવા માટે વધુ વખતની માંગણી કરવામાં આવેલી હતી, પણ તેના પ્રત્યુત્તરમાં એજન્ટ સાહેબે એવું જણાવેલું કે, ચાલીસ વરસનો ઠરાવ તા. ૧ લી એપ્રીલે પૂરો થતો હોઈ, ત્યાર બાદ પોતે એક જ શરતે મુદ્દત લંબાવી આપવાને કબૂલ છે અને તે એ જ કે, આપણે આપણો જવાબ વાળીએ અને તેનું નિરાકરણ તેઓ સાહેબ આપે ત્યાં સુધી હરકોઈ યાત્રી રૂ. ૨નો માથાવેરો ભરી યાત્રા કરી શકે. આ બાબતમાં ઘણી જાતની યોજનાઓ તેમના આગળ રજૂ કરવામાં આવી હતી, પણ તેમાંની એકે કબૂલ ન રાખતાં છેવટે તેમણે એવું જાહેર કર્યું કે યાત્રીની ગણતરી તો કરવામાં આવશે જ અને બન્ને પક્ષની આ બાબતની સુણાવણી થયા પછી પોતે જે નિર્ણય આપશે તદનુસાર અમલ કરવામાં આવશે. તેમના આ નિર્ણયનો વિચાર કરવા તા. ૩૦ મી માર્ચ લગભગમાં પ્રતિનિધિ સાહેબોની એક સભા બોલાવવામાં આવેલી અને તેમની આગળ આ વાત રજૂ કરવામાં આવેલી તે આપ સૌકોઈને વિદિત છે. આ નિર્ણય આપતાં પહેલાં જૈનોની ધાર્મિક લાગણીને કેટલું દુઃખ થશે તેનો એજન્ટ સાહેબે જરા પણ વિચાર કર્યો હોય તેમ લાગતું નથી.

આપણા કાઉન્સેલે ટૂંક મુદ્દતને માટે પણ તેમના આગળ જે જુદી જુદી યોજનાઓ રજૂ કરેલી તે કેવળ એ જ ધ્યેયથી કે જૈનોની યાત્રામાં ખલેલ ન પડે અને બન્ને પક્ષને સાંભળી આ બાબતમાં જ્યાં સુધી એજન્ટ સાહેબે પૂરો વિચાર કર્યો નથી ત્યાં સુધી બન્ને પક્ષની સમાનતા સચવાઈ રહે. જ્યારે તેમનો આ નિર્ણય જૈન કોમની જાહેરાતમાં મૂકવામાં આવ્યો ત્યારે જૈન કોમના ગૌરવ અને માનને તે ધોકો પોંહચાડતો હોઈ હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં વસતા જૈનોએ એકીઅવાજે, કોઈના કહ્યા-કહેવરાવ્યા વિના, યાત્રા-ત્યાગ કરવાનું વિષમ પગલું ગ્રહણ કીધું. અને તે આજ સુધી એવી એકચતાથી જાળવી રાખ્યું છે કે એક જૈન બચ્ચાએ પણ પાલીતાણા ક્યાં છે તેની તરફ નજર કીધી નથી. આ કઠિન પગલું જૈનો માટે કેટલું દુઃખદાયી છે, તે તો ધાર્મિક માણસો જ સમજી શકે. આ સ્થિતિનો જેમ બને તેમ જલદી અંત લાવવાની ખાતર આપણા કાઉન્સેલે આપણો જવાબ તૈયાર કરી એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ સાહેબ તરફ મોકલી આપ્યો. તે જવાબ એટલો તો સચોટ રીતે વાળવામાં આવેલો હતો કે ફક્ત જૈન બંધુઓને આપણી લડત શા માટે છે તેની જેટલી ખાતરી હતી, તેથી વધુ ખાત્રી અન્ય કોમના કેટલાક, જેમનું એમ માનવું હતું કે આપણે ખોટો ઝઘડો લેઈ બેઠા છીએ, તેમને અને હિંદુસ્તાનની દરેક કોમને થઈ. જે કોઈ વર્તમાનપત્રે આપણી લડત સમજવા તેના મુદ્દા તપાસવા પ્રયત્ન કીધો છે, તેની ખાત્રી થઈ છે કે આપણી લડત તદ્દન સાચી અને કેવળ ન્યાયના રસ્તે જ છે, અને તેથી જ કરીને તેમણે આપણને સબળ ટેકો આપેલો છે. મારી જાણમાં કે વાંચવામાં એક પણ પત્ર આવ્યું નથી કે જેમાં પાલીતાણા દરબારે અખત્યાર કરેલી નીતિ સામે સખ્ત વિરોધ દર્શાવવામાં આવ્યો હોય નહીં. ત્યાર બાદ તા. ૨૧ મી જૂને બન્ને પક્ષના કેસની સુણાવણી કરવામાં આવી. ઘડી ઘડી એમ કહેવામાં આવે છે કે, પાલીતાણા દરબાર પાલીતાણાના પરગણા માટે સર્વોપરી સત્તા ધરાવનાર છે. જો તેમ જ હોય તો આવી જાતની સર્વોપરી સત્તાને એક કોમના પ્રતિનિધિઓની સામે પોતાના મુદ્દાઓ પુરવાર કરવાને પક્ષ તરીકે બોલાવી શકાય જ નહિ. પણ આપ સૌ જાણો છો

કે આબૂ મુકામે તેમને એક પક્ષકાર તરીકે ઊભા રહેવું પડ્યું અને તે જ ચોખ્ખી રીતે બતાવી આપે છે કે તેમનો અને જૈનોનો સંબંધ એક સત્તાધારી સત્તાનો અને તેમની પ્રજા વચ્ચેનો નથી, પરંતુ બે પક્ષકારો વચ્ચે થયેલા કરારના એક પક્ષકાર તરીકેનો છે. વળી દરબારના વકીલે સ્પષ્ટ રીતે કબૂલ કરેલું હોવા છતાં એજન્ટ સાહેબે એવી તો દૂરંદેશી ચલાવી છે કે દશ વરસ બાદ શું સ્થિતિ હશે તે પોતે કલ્પી શકે તેમ નહીં હોવાથી, ત્યાર બાદ સાર્વભોમ સત્તાએ વચ્ચે પડી આ સવાલનો નિર્ણય લાવવો કે જૈનોને દરબારના શરણે સોંપી દેવા તે તે વખતના રાજ્યાધિકારી ઉપર મૂક્યું છે, અર્થાત્ એજન્ટ સાહેબના અભિપ્રાય પ્રમાણે જેમ બને તેમ જલદી જૈનોને પાલીતાણા દરબારને શરણે કરવાથી આ સવાલનો વહેલો ફડચો આવશે તેમ તેમનું માનવું જણાય છે.

સામાન્ય રીતે એક અંગ્રેજ અમલદાર આવા પ્રકારનો ન્યાય આપશે અને તે પણ મુંડકાવેરાનો હિમાયતી બનશે તે ભાગ્યે જ કલ્પી શકાય તેમ છે. અને છતાં, આપ જાણો છો કે, આ ફેંસલો સીવીલ સર્વીસમાં ઘડાયેલા એક અનુભવી અમલદારે આપ્યો છે. ઉપર જણાવ્યા મુજબ વોટસન સાહેબને જૈનોની ધાર્મિક લાગણીનો ભાગ્યે જ ખ્યાલ હોય તેમ લાગે છે. જો આ જગ્યાએ કોઈ ચુસ્ત હિંદુ, મુસલમાન કે ક્રિશ્ચિયન હોત તો તે સહેજે સમજી શકત કે આહાર, નિદ્રા અને પાણી મનુષ્યનું જીવન ટકાવવા જેટલાં જરૂરી છે, તેટલા જ પ્રમાણમાં ધાર્મિક જૈનોને યાત્રા એ એક અંગભૂત જરૂરિયાત છે. આ સિવાય વોટસન સાહેબે જ્યારથી એડ–ઇન્ટેરીમ (વચગાળાનો) ઓર્ડર બહાર પાડ્યો છે, ત્યારથી કેટલા કેટલા જૈનો શું શું તપશ્ચર્યા કરી દુઃખ વેઠી રહ્યા છે, તેનો પણ તેમણે ભાગ્યે જ ખ્યાલ કર્યો હોય તેમ જણાય છે.

આ ઉપરથી તાત્પર્ય એટલું જ છે કે જ્યાં સુધી જૈનોએ પોતાનું એકતાબળ બતાવ્યું નથી, ત્યાં સુધી તેમને સંપૂર્ણ ન્યાય મળવો મુશ્કેલ છે. વધુમાં મિ. વોટસન સાહેબની પાસે ફક્ત રખોપાના સવાલનો જ નિર્ણય કરવાની બાબત હતી, અને તે પોતે પોતાના ચુકાદામાં એક કરતાં વધુ વખત જણાવે છે કે, રખોપા સિવાય બીજી બાબતમાં ઊતરવા હું માગતો નથી; છતાં પોતાના ચુકાદાના પોણા ભાગમાં હકૂમતનો સવાલ ચર્ચવામાં આવ્યો છે, તેમાં પોતે એવો અભિપ્રાય જણાવે છે કે બ્રિટીશ અને હિંદુસ્તાનના અન્ય દેશી રાજ્યોમાં વસતા જૈનો અને પાલીતાણા દરબારની જૈન પ્રજા વચ્ચે કોઈ પણ જાતનો તફાવત છે જ નહીં. આપણી આગળ હમણાં વોટસન સાહેબના ચુકાદાનો સાર વાંચી સંભળાવવામાં આવશે તે ઉપરથી આપ જોઈ શકશો કે તે પોતે એટલે સુધી કહેવાને આગળ વધ્યા છે કે, એક ભારેમાં ભારે અન્યાય થાય અને તેવા અન્યાય સામે કોઈ પણ દેશી રાજ્યમાં વસતી કોઈ પણ પ્રજાને સર્વોપરી બ્રિટીશ સરકાર પાસે ન્યાય મેળવવાનો હક છે, તેટલો જ હક જૈનોને માટે બસ છે. વોટસન સાહેબ ભૂલી ગયા જણાય છે અને ભૂલ્યા ન હોય તો આંખ આડા કાન કર્યા જણાય છે કે, તેરમા સૈકા સુધી તો પાલીતાણા દરબાર જેવી વસ્તુ જ શત્રુંજયમાં હતી નહીં.

હવે હું ટૂંકમાં આપ આગળ મિ. વોટસને આપેલા ચુકાદાનો ભાવાર્થ વાંચી સંભળાવીશ. ચુકાદા પ્રમાણે શ્રી શત્રુંજય પર્વતનો સર્વોપરી હક્ક પાલીતાણા દરબારનો છે. યાત્રાળુ પાસેથી કર લેવાનો રાજ્યનો હક્ક છે અને તેથી દશ વરસ સુધી જૈનોએ દર વરસે પાલીતાણા દરબારને એક લાખ રૂપૈઆ આપવા અથવા તો રાજ્યે યાત્રાળુ પાસેથી રૂ. ૨ મુંડકાવેરો લેવો. દશ વરસ પછી જો જરૂર પડશે તો બ્રિટીશ સરકાર વચ્ચે પડશે. આપ સર્વે જાણો છો કે અત્યાર સુધી આપણા તરફથી જે રકમ પાલીતાણા દરબારને મળતી તે ફક્ત રખોપાના બદલામાં મળતી. ડુંગર આપણો જ છે, તે ઉપર બીજા કોઈનો હક્ક

નથી, છતાં આપણા પુરાવાની, બાદશાહી સણંદોની તેમ જ સિદ્ધ પુરાવાની મિ. વોટસને અવગણના કરી છે, જેની સામે વિરોધનો ઠરાવ આપની આગલ આજરોજ રજૂ થનાર છે. વધુમાં મિ. વોટસન જણાવે છે કે, જ્યાં સુધી એક દેશી રાજા પ્રજા ઉપર જુલમ ગુજારે નહિ ત્યાં સુધી બ્રિટીશ સરકારને તે રાજ્યના અંદરના કારભારમાં વચમાં પડવાની જરૂર નથી. સદરહુ ચુકાદો કેવળ એકતરફી છે, તેમ સૌકોઈને લાગ્યા વિના રહેશે નહીં.

આ સિવાય પ્રથમ જ્યારે પાલીતાણાની આસપાસ જંગલ હતાં ત્યારે રખોપાની રકમ આપવાની જરૂર હતી અને તેથી જ રૂ. ૧૫૦૦૦ આપવા આપણે કબૂલ કરેલું, પણ હવે તો વસ્તુસ્થિતિ તદ્દન બદલાઈ ગઈ છે અને ઠેઠ સુધી રેલ્વે થયેલી હોવાથી રાજ્યને, મિ. વોટસન જણાવે છે તેમ, રખોપાનું કાંઈ ખર્ચ વધ્યું નથી, બલકે કાંઈક ઘટેલું છે.

આજ સુધી જૈનોએ જે ઐક્ય બતાવ્યું છે તેને માટે સૌકોઈને ધન્યવાદ ઘટે છે. અને મને ખાત્રી છે કે આ લડતના વિજયડંકા ઐક્યતાને લીધે જ વાગનાર છે. એજન્ટ સાહેબના આપણી વિરૂદ્ધના ફેંસલાથી આપણે હિંમત હારી જવાની નથી. સત્ય, પ્રેમ અને લાગણીથી આપણે આપણી પુણ્યતીર્થભૂમિકાઓના પવિત્ર હક્કના સંરક્ષણનું કામ સુગમ અને સરળ રસ્તે કરે જવાનું છે.

સત્યવચનીને પણ પ્રભુ સખ્ત કસોટીએ ચઢાવવામાં બાકી રાખતા નથી, એ તો હરિશ્ચંદ્ર જેવા મહાન સમર્થ નૃપના સંબંધે પણ બનેલું સાંભલ્યું છે. આપણા પ્રાચીન પવિત્ર તીર્થના રક્ષણની જવાબદારી સમસ્ત કોમને માથે છે. ધાર્મિક જૈન કોમને માટે આ કટોકટીનો પ્રસંગ હોઈ આપણે એકત્ર થઈ સૌરાષ્ટ્રને પાવન કરનાર તીર્થની અને આપણી સલામતી માટે પગલાં લેવા જોઈએ, જેથી જૈન કોમની દરેકદરેક વ્યક્તિ પોતાનો ધર્મ બજાવવા, પ્રતિષ્ઠા અને ગૌરવ સાચવવા સજ્જ થાય. આવા ધર્મયુદ્ધમાં દરેક જૈનને પોતાનો ફાળો આપ્યા વિના ચાલી શકે તેમ નથી. આપણી કોમમાં ઘણાએ સ્વાર્થત્યાગી માણસો છે, પણ તેમની મદદે સમસ્ત કોમ ન હોય તો તેમનું કામ સહેલાઈથી અને સરળતાથી થવું અસંભવિત છે, જેથી આવા કસોટીના પ્રસંગે દરેક જૈન બંધુ એક બળથી સજ્જ થઈ દઢ આત્મનિશ્ચયથી આપણને રખોપા સંબંધી અને બીજી હક્કની તકરાર સંબંધી સંપૂર્ણ ન્યાય ન મળે ત્યાં સુધી યાત્રાત્યાગ કરી પોતાનો ફાળો આપે તેમાં જ આપણું શ્રેય છે. આ જ લડતમાં આપણાં ધર્મ, અર્થ, મોક્ષ, કામનો સમાવેસ થાય છે. જૈન સમાજ આપણી ઐક્યતાની અપેક્ષા રાખે છે. આ જગતમાં માનવ જાતિના ઉદ્ધારની ખાતર—ધર્મની ખાતર—મરે એ જ ખરો ચિરંજીવી. આપણા હક્કનું સંરક્ષણ કરવામાં જ આપણું સ્વર્ગ સમાયેલું છે.

હું વિરમું તે પહેલાં આપ દરેક જૈન બંધુને વીનવી એટલું માગી લઉં છું કે આજના પસાર થયેલા ઠરાવોને તમે સર્વાંગે અનુસરજો. આ સિવાય, હાલમાં, આપણા હક્ક-સંરક્ષણનો પ્રશ્ન અતિ ગંભીર અને અગત્યનો થઈ પડેલો હોઈ આપણા ભાઈઓ આપના કીમતી વિચારો દર્શાવી આપણું કાર્ય સુગમ અને સરળ બને તેવા હેતુથી આજની સંઘની સભામાં ઘણે દૂરથી પધાર્યા છો, તેને માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી આપનો સત્કાર કરતાં મને ઘણો જ આનંદ થાય છે, અને આપની સેવા-બરદાસમાં કાંઈ પણ ત્રુટી હોય, તેને માટે હું અંતઃકરણથી આપ ભાઈઓની માફી ચાહું છું.

## ઠરાવો

આ સભામાં આ પ્રકરણ અંગે વિસ્તારથી તેમ જ ઊંડાણથી ચર્ચા-વિચારણાને અંતે નીચે મુજબ સાત ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા—

"૧. શ્રી શત્રુંજયના સંબંધમાં વેસ્ટર્ન ઇન્ડીઆ સ્ટેટસ એજન્સીના નામદાર ગવર્નર જનરલના એજન્ટ સાહેબે તા. ૧૨–૭–૧૯૨૬ ના રોજ આપેલ ચુકાદાથી જૈન કોમમાં ભારે દુઃખ અને અસંતોષ ફેલાયો છે કારણ કે તે ચુકાદો જૈન કોમના પરાપૂર્વથી સ્થાપિત અને માન્ય થયેલા હકોને તદ્દન ડુબાવનાર છે. અને તેથી સમગ્ર હીંદના જૈન કોમના પ્રતિનિધિઓની આ સભા તે સામે પોતાનો સખ્ત વિરોધ જાહેર કરે છે. અને તે ચુકાદો જૈન કોમને માન્ય નથી એમ જણાવે છે.

"૨. આ સભા શેઠ આણંદજી કલ્યાણજીને આગ્રહ કરે છે કે તેમણે દરેક જૈનને ફરમાવવું કે જ્યાં સુધી આપણને આ રખોપાના સવાલ તેમજ પવિત્ર શત્રુંજયની બીજી ચાલતી તકરારોના સબંધમાં પુરતો અને સંતોષકારક ન્યાય ના મળે ત્યાં સુધી કોઈ પણ જૈને પાલીતાણે યાત્રાએ જવું નહિ અને વધુમાં દરેક સંઘને સુચવવું કે શ્રીસંઘની આ આજ્ઞાનો ચુસ્ત રીતે અમલ કરાવવો.

"૩. આ સભા સંવત ૧૯૮૨ ના શ્રાવણ સુદ ૭ ને રવિવાર તા. ૧૫–૮–૨૬ નો દીવસ આખા હિંદુસ્તાનમાં જૈનોને માટે શોકનો દીવસ જાહેર કરે છે. અને જૈનોએ તે દિવસે તપશ્ચર્યા કરવી, સભાઓ બોલાવવી અને શત્રુંજય સબંધી હાલની પરિસ્થીતિ સમજાવવી એમ ભલામણ કરે છે.

"૪. આખા ભારતવર્ષમાં જૈનોએ જે ઐકય અને આત્મસંયમ બતાવ્યા છે તે પ્રશંસાપાત્ર છે. અને આ સભા આશા રાખે છે કે આપણામાં ધર્મસંકટ અને મહાન કસોટીના સમયમાં તેવી જ રીતે ઐકય અને આત્મસંયમ છેવટ સુધી જાળવશે.

"૫. સર્વ પુજ્ય મુનિ મહારાજો તથા સાધ્વીજી મહારાજને આ સભા વિનતિ કરે છે કે તેમણે પાલીતાણે યાત્રાએ ન જવાનો સર્વ જૈનોને ઉપદેશ આપવો.

"૬. આ સભામાં થયેલ ઠરાવો પૈકી સંબંધ કરતા ઠરાવો મુંબાઈના નામદાર ગવર્નર સાહેબને તથા નામદાર વાયસરોય સાહેબ અને નામદાર સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડીયાને મોકલાવવાની આ સભા શ્રીમાન્ પ્રમુખ સાહેબને સત્તા આપે છે.

"૭. શ્રીમાન્ પ્રમુખ સાહેબે શાંતી અને કાર્યકુશળતાથી આજની સભાનું કાર્ય સંતોષકારક રીતે બજાવ્યું છે તે માટે આ સભા તેમનો ઉપકાર માને છે."

ઉપરના તમામ ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા.

શ્રીમાન્ પ્રમુખ સાહેબે જણાવ્યું કે દેશાવરથી પધારેલા સદ્‌ગૃહસ્થોએ જે શ્રમ લીધો છે અને વખતનો ભોગ આપ્યો છે તેમને માટે શેઠ આણંદજી કલ્યાણજીની કમીટી અને શ્રી અમદાવાદના સંઘ તરફથી અને મારી પોતાની તરફથી તેમનો આભાર માનવામાં આવે છે તેમ જ અહીંના સ્વયંસેવકો તરફથી શ્રીસંઘની વખતોવખત સારી સેવા બજાવાય છે માટે તેમને ધન્યવાદ આપવામાં આવે છે.

## લડતમાં વેગ

આ સભા પછી યાત્રા-ત્યાગની લડત વધારે મજબૂત બની હતી અને શ્રીસંઘમાં આ લડતને સફળ બનાવવાનું એક પ્રકારનું પ્રેરક વાતાવરણ ઊભું થયું હતું.

આ સભા સંબંધી કાર્યવાહીના અનુસંધાનમાં એ જાણવું ઉપયોગી અને રસપ્રદ થઈ પડશે કે,

આ પ્રશ્નની વિચારણા કરવા માટે, જૈન સંઘની જાણીતી સંસ્થા 'શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સે' પણ, સને ૧૯૨૬ના જુલાઈની ૩૧ મી તથા ઓગસ્ટની પહેલી, બીજી તારીખો–એમ ત્રણ દિવસો માટે, પોતાનું ખાસ અધિવેશન કલકત્તાના સુપ્રસિદ્ધ અગ્રણી બાબુ બહાદુરસિંહજી સિંઘીના પ્રમુખપદે બોલાવ્યું હતું. આને લીધે સ્વાભાવિક રીતે જ યાત્રા-ત્યાગની જૈન સંઘની લડતને વિશેષ બળ મળ્યું હતું અને એમાં વેગ આવ્યો હતો.

## ત્રણ પરિપત્રો

અમદાવાદમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ઉપક્રમે મળેલ સભાની કાર્યવાહીથી આપણા પૂજ્ય શ્રમણ સમુદાય, પૂજ્ય સાધ્વીજી મહારાજ અને સકળ જૈન સંઘને માહિતગાર કરવા માટે નીચે મુજબ ત્રણે પરિપત્રો શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈની સહીથી મોકલવામાં આવ્યા હતા.

(૧)

## પૂજ્ય મુનિમહારાજો અને સાધ્વીજી મહારાજને વિનંતિ.

### હિંદની સકળ જૈન સંઘની સભાનો ઠરાવ.

### શ્રી શત્રુંજયની યાત્રા ત્યાગ.

આ ઉપરથી અમે અમારા શમદમાદિ અનેક ગુણગણાલંકૃત જંગમ તીર્થ સ્વરૂપ ધર્મધુરંધર પરમ પુજ્ય આચાર્ય મહારાજ આદિ મુનિવરો તથા સાધ્વીજી મહારાજને અનેક વંદના સહીત વીદીત કરવાની રજા લઈએ છીએ કે આપણા મહાન પવિત્ર તીર્થરાજ શ્રી શત્રુંજયના રખોપા બાબતમાં હિંદુસ્થાનના પશ્ચિમ ભાગના દેશી રાજ્યોના નામદાર ગવર્નર જનરલના એજંટ મી. વૉટસન સાહેબે આપણા શત્રુંજય સંબંધિ પરાપુર્વથી સ્થાપીત અને માન્ય થયેલા હકોને ડુબાવે તેવો ચુકાદો આપ્યાથી આખી જૈન કોમમાં દુઃખ અને અસંતોષની લાગણી ફેલાયેલી છે તેથી શેઠ આણંદજી કલ્યાણજીના સ્થાનિક પ્રતિનિધિઓ તથા સકળ હિંદના સંભાવિત ગૃહસ્થોની તા. ૨૭–૭–૧૯૨૬ ના રોજ અમદાવાદ મુકામે મળેલી સભાએ આ ચુકાદા સામે પોતાનો સખ્ત વિરોધ જાહેર કરી, તેમજ જૈન કોમને માન્ય તે નથી એમ જણાવી સર્વાનુમતે એવો ઠરાવ કર્યો છે કે જ્યાંસુધી આપણને આ રખોપાના સવાલ તેમ જ પવિત્ર શત્રુંજયની બીજી ચાલતી તકરારોના સંબંધમાં પુરતો અને સંતોષકારક ન્યાય ન મળે ત્યાં સુધી કોઈ પણ જૈને પાલીતાણે યાત્રાએ જવું નહી અને તેની સાથે એવો પણ ઠરાવ કર્યો છે કે પુજ્ય મુનિ મહારાજો તથા સાધ્વીજી મહારાજને વીનતિ કરવી કે તેમણે પાલીતાણે યાત્રાએ ન જવાનો સર્વ જૈનોને ઉપદેશ આપવો. આવા મહાન ધર્મસંકટના પ્રસંગે પોતે શું કરવું અને શ્રી સંઘ દ્વારા શું કરાવવું એ હકીકતથી સંપુર્ણ જ્ઞાત એવા આપશ્રીને અમારે વિનંતિ કરવાપણું નથી છતાં પણ લાગણીને આધીન થઈને અમે આપશ્રીને વિનવીએ છીએ કે શ્રી સંઘે કરેલા ઠરાવનો ગામેગામ અને શહેરેશહેરના સકળ સંઘ પાસે સંપૂર્ણ અમલ કરવાનો ઉપદેશ આપવા કૃપા કરશો.

(સહી) લી. સેવક **કસ્તુરભાઈ લાલભાઈ**
ની ૧૦૦૮ વાર વંદના અવધારશોજી.

(૨)

## જાહેર ખબર

### હિંદના સકલ જૈન સંઘની સભાનો ઠરાવ.

### શ્રી શત્રુંજયની યાત્રા-ત્યાગ

આ ઉપરથી સકળ હિંદના જૈન શ્વેતાંબર મૂર્તિપુજક ભાઈઓ અને બહેનોને ખબર આપવામાં આવે છે કે આપણા મહાન પવિત્ર તીર્થરાજ શ્રી શત્રુંજયના રખોપા બાબતમાં હિંદુસ્તાનના પશ્ચિમ ભાગના દેશી રાજ્યોના નામદાર ગવર્નર જનરલના એજન્ટ મી. વોટસન સાહેબે આપણા શ્રી શત્રુંજય સંબંધિ પરાપુર્વથી સ્થાપીત અને માન્ય થયેલા હકોને ડુબાવે તેવો ચુકાદો આપ્યાથી આખી જૈન કોમમાં દુઃખ અને અસંતોષની લાગણી ફેલાયેલી છે તેથી શેઠ આણંદજી કલ્યાણજીના સ્થાનિક પ્રતિનિધિઓ તથા હિંદના સકળ સંઘના સંભાવિત ગૃહસ્થોની તા. ૨૭-૭-૧૯૨૬ ના રોજ અમદાવાદ મુકામે મળેલી સભાએ આ ચુકાદા સામે પોતાનો સખ્ત વિરોધ જાહેર કરી તેમજ જૈન કોમને તે માન્ય નથી એમ જણાવી સર્વાનુમતે એવો ઠરાવ કર્યો છે કે જ્યાં સુધી આપણને આ રખોપાના સવાલ તેમજ **પવિત્ર શત્રુંજયની બીજી ચાલતી તકરારોના સંબંધમાં પુરતો અને સંતોષકારક ન્યાય ન મળે ત્યાં સુધી દરેક જૈનને ફરમાવવું કે પાલીતાણા યાત્રાએ જવું નહી. ઉપર પ્રમાણે યાત્રા ત્યાગના થયેલ ઠરાવ અનુસાર સર્વે ભાઈઓને જણાવવાનું કે આ શ્રી સંઘની પવિત્ર આજ્ઞાને પોતાની ધાર્મિક ફરજ સમજી બરાબર પોતપોતાના ગામોમાં પાળવી અને પળાવવી અને આ ઠરાવનું પુરતી ચિવટથી પાલન થાય તેવું દરેક ગામના શ્રી સંઘે ખાસ ધ્યાન રાખવું.**

**કસ્તુરભાઈ લાલભાઈ**
પ્રમુખ

આ સભામાં કરવામાં આવેલ ત્રીજા ઠરાવમાં જણાવ્યા મુજબ ૧૫ મી ઓગસ્ટનો દિવસ શોક દિન તરીકે પાળવાનો જૈન સંઘને અનુરોધ કરવા માટે શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈની સહીથી નીચે મુજબ પરિપત્ર પ્રગટ કરવામાં આવ્યો હતો—

(૩)

## જાહેર ખબર

### હિંદુસ્તાનના સકળ જૈન સંઘની સભાનો ઠરાવ

### તા. ૧૫-૮-૧૯૨૬ શોકનો ઠરાવવામાં આવેલો દિવસ.

આથી સર્વે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ભાઈઓને ખબર આપવામાં આવે છે કે શ્રી શત્રુંજયની બાબતમાં શેઠ આણંદજી કલ્યાણજીના સ્થાનિક પ્રતિનિધિઓ તથા સકળ હિંદના સંભાવિત ગૃહસ્થોની સભા તા. ૨૭-૭-૧૯૨૬ ના રોજ અમદાવાદ મુકામે મળી હતી તેમાં ઠરાવવામાં આવ્યું છે કે તા. ૧૫-૮-૧૯૨૬ શ્રાવણ શુદિ ૭ રવિવારનો દિવસ જૈનોએ શોકના દિવસ તરીકે પાળવો અને તે દિવસે તપશ્ચર્યા કરવી, સભાઓ બોલાવવી અને શત્રુંજય સંબંધિ હાલની પરિસ્થીતિ સમજાવવી.

ઉપરના ઠરાવ અનુસાર આપ આપના ગામમાં વ્યવસ્થા કરાવશો અને સદરહુ ઠરાવનું બરોબર પાલન કરાવશો.

અમદાવાદ **કસ્તુરભાઈ લાલભાઈ**

તા. ૭ ઓગષ્ટ ૧૯૨૬. પ્રમુખ.

એ વાતની ગૌરવ અને હર્ષપૂર્વક નોંધ લેવી જોઈએ કે ૧૫ મી ઓગસ્ટનો દિવસ શોકદિન તરીકે પાળવાના આદેશનો સમસ્ત જૈન સંઘે ખૂબ નિષ્ઠા અને ઉત્સાહપૂર્વક અમલ કર્યો હતો, એટલું જ નહીં, પણ કેટલાય સંઘોએ આને લગતા સ્વતંત્ર પરિપત્રો બહાર પાડીને આ આદેશને વધાવી લીધો હતો. આવા પરિપત્રો ખેરાળુ, માલેગાંવ, ભાવનગર, તળેગામ-દાભાડા, કલકત્તા જેવાં શહેરોમાંથી પ્રગટ કરવામાં આવ્યા હતા.

શ્રીસંઘ આ પ્રશ્ન અંગેની પેઢી હસ્તકની કાર્યવાહીથી સારી રીતે માહીતગાર થાય એટલા માટે એના તરફથી પ્રગટ કરવામાં આવેલ સાહિત્ય હિંદી ભાષામાં પણ છપાવવામાં આવતું હતું.

યાત્રા-ત્યાગના સાડા ચાર મહિના બાદ, તા. ૧૫-૮-૧૯૨૬ ના રોજ, આ પ્રશ્નની બાબતમાં, જૈન સંઘમાં, કેવું લડાયક માનસ પ્રવર્તતું હતું, તેનું પ્રતીતિકર પ્રતિબિંબ, એ શોકદિનની ઉજવણી નિમિત્તે, તલેગામ દાભાડાના "જૈન પાર્શ્વજિન ગુણ મંડળ" તરફથી પત્રિકારૂપે પ્રગટ કરીને વહેંચવામાં આવેલા નીચેના યુદ્ધગીત ઉપરથી પણ જાણી શકાય છે—

## નહીં નમશે

અમે કરવાના અમે કરવાના, શતરૂંજય સ્વાધિન કરવાના;
નહીં ડરવાના નહીં ડરવાના, પશુબળ પેખી નહીં ડરવાના.

સીદ્ધાચળ પર અમ પ્રીતી છે, યમરાજની પણ નવ ભીતી છે;
ગુણ ગાઈ ઉરમાં ઠરવાના, શતરૂંજય સ્વાધિન કરવાના.

એ શાશ્વત તીરથ શાસ્ત્ર કહે, એથી ભવી જીવો મુક્તી લહે;
એ તીરથ માટે મરવાના, શતરૂંજય સ્વાધિન કરવાના.

તીરથ કાજે અમ જીવન છે, એ વિણ અમને ઘર પણ વન છે;
મરતાં માતમ ન વીસરવાના, શતરૂંજય સ્વાધિન કરવાના.

શતરૂંજય નામ જ પ્યારું છું, એ તીરથ નિત્ય અમારું છે;
રગરગમાં ભક્તિ ભરવાના, શતરૂંજય સ્વાધિન કરવાના.

અમ તનમનધન અર્પણ કરશું, હક્ક સિદ્ધ થયા વીણ નવ ફરસું;
સંકટમાં ધીરજ ધરવાના, શતરૂંજય સ્વાધિન કરવાના.

વોટસનનો ચુકાદો અન્યાયી છે, રે, કોણ કહે એ ન્યાયી છે;
અન્યાયની સામે લડવાના, શતરૂંજય સ્વાધિન કરવાના.

અન્યાયને તાબે નવ થાશો, યાત્રા કરવાને નવ જાશો;
દાદાને ધ્યાને તરવાના, શતરંજય સ્વાધિન કરવાના.

દીલમાં શ્રી આદીશ્વર સ્મરશું, શ્રીસંઘની આણા શીર ધરશું;
ભક્તીથી શીવવધુ વરવાના, શતરંજય સ્વાધિન કરવાના.

આ યુદ્ધગીત, દેશની સ્વતંત્રતા માટેના શાંત અને અહિંસક સંગ્રામ વખતે રચાયેલ અને લોક-જીભે ચડી ગયેલ "નહીં નમશે, નહીં નમશે, નિશાન ભૂમિ ભારતનું" એ યુદ્ધગીતને ધ્યાનમાં રાખીને રચાયું હતું એ જોઈ શકાય છે. આ ગીતમાંની **"વોટસનનો ચુકાદો અન્યાયી છે, રે, કોણ કહે એ ન્યાયી છે?"**—એ પંક્તિ તો આખા સંઘમાં, ઠેર ઠેર, ખૂબ પ્રચલિત થઈ ગઈ હતી.

## ભારત સરકારને દરમ્યાનગીરીની વિનતી

કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસનનો આવો કેવળ પાલીતાણાના દરબારશ્રીની તરફેણ કરતો અને જૈન સંઘને સરાસર અન્યાય કરતો ચુકાદો જાણ્યા પછી, એની સામે ફરિયાદ કરવાનું તથા સંતોષકારક સમાધાન થાય એવું અનુકૂળ વાતાવરણ ઊભું કરવાનું, કેન્દ્રસ્થાન હવે દિલ્હી એટલે કે દિલ્હીની સરકાર જ બની ગયું હતું, એટલે, શરૂઆતમાં તે વખતના વોઈસરોય અને ગવર્નર જનરલ લોર્ડ રીડિંગને આ કાર્યમાં દરમ્યાનગીરી કરવાની વિનતી જૈન સંઘ તરફથી કરવામાં આવી. પણ આ પ્રશ્નનો તેઓના હાથે નિવેડો આવે તે પહેલાં જ તેમની બદલી થઈ અને તેમના સ્થાને લોર્ડ ઈરવીન ભારતના વાઈસરોય અને ગવર્નર જનરલ નિમાયા, એટલે જૈન સંઘે આ માટે એમને વિનંતિ કરી. આ રીતે આ પ્રકરણ બહુ ઊંચી કક્ષાની વાટાઘાટોએ પહોંચ્યું, અને છતાં એનો તાત્કાલિક ઉકેલ આવે એવી પરિસ્થિતિ નિર્માણ થવી હજી બાકી હતી અને એમ ને એમ સમય વહેતો રહ્યો અને જૈન સંઘે સ્વયંભૂ રીતે સ્વીકારેલ યાત્રા-બહિષ્કાર વધારે જોશપૂર્વક ચાલુ રહ્યો.

## બહિષ્કારના ત્રીજા વર્ષના પ્રવેશની ઉજવણી

આમ કરતાં કરતાં બે વર્ષ જેટલો લાંબો સમય વીતી ગયો અને યાત્રાનો બહિષ્કાર શરૂ કર્યો એનો ત્રીજો વાર્ષિક દિવસ, એટલે તા. ૧-૪-૧૯૨૮ નો દિન, પણ આવી પહોંચ્યો. બીજા વર્ષની આ યાત્રા-બહિષ્કારની પૂર્ણાહુતિ નિમિત્તે જૈન સંઘ આ લડત માટે વધુ જાગ્રત થાય એવું પગલું ભરવું જરૂરી લાગવાથી, શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈની સહીથી બે પરિપત્રો તૈયાર કરીને ઠેર ઠેર મોકલવામાં આવ્યા હતા. એમાંનો પહેલો પરિપત્ર પૂજ્ય સાધુમુનિરાજોને સંબોધીને લખવામાં આવ્યો હતો અને બીજો પરિપત્ર શ્રીસંઘને ઉદ્દેશીને. સાધુ મુનિરાજોને મોકલવામાં આવેલ પરિપત્ર નીચે મુજબ હતો—

(૧)

"જાવક નંબર ૬૧૭ **"અમદાવાદ તા. ૧૯ મી માહે માર્ચ સને ૧૯૨૮**

**"શ્રી અનેક ગુણગણાલંકૃત પ્રાતઃસ્મરણીય—**

**શ્રીમાન્—**

"યત્ સવિનય વિદિત કરવાનું કે શ્રી શેઠ આણંદજી કલ્યાણજીના સ્થાનિક પ્રતિનિધિ તથા અન્ય સંભાવિત ગ્રહસ્થોની સભાએ અર્થાત્ શ્રી સકળ સંઘે તા. ૨૭ મી જુલાઈ ૧૯૨૬ ના રોજ શ્રી શત્રુંજયની

યાત્રાત્યાગનો ઠરાવ કરેલો તેને બે વર્ષ થયાં તે આપ મહાનુભાવોના જાણવામાં છે. આ ઠરાવનું પરિપાલન અત્યાર સુધી ઘણી શોભા આપે તેવી રીતે થઈ રહ્યું છે તે આપ પૂજ્યોના ઉપદેશનું પરિણામ છે એમ કહેવામાં આવે તો તે ખોટું નથી. આપ સાહેબોને તા. ૨૬-૩-૧૯૨૭ના અહીંના જાવક નંબર ૫૪૭ થી અમોએ વિનંતિ કરેલી તેવી જ રીતે આ વખતે પણ સંવત ૧૯૮૪ની ચૈત્રી પૂર્ણિમા પાસે આવે છે માટે આપ પૂજ્યોને વિજ્ઞપ્તિ કરીએ છીએ કે આપ જ્યાં જ્યાં બિરાજમાન હો ત્યાંના અને વિહારમાં જે જે સ્થાનોમાં ઉપદેશનો પ્રસંગ આવે ત્યાંના સંઘોને ઉપદેશ દ્વારા યાત્રાત્યાગના ઠરાવને વધારે મજબૂત રીતે વળગી રહેવાની સૂચના આપવાની તસ્દી લેશો. યાત્રાત્યાગ આપણા કાર્યની સિદ્ધિ માટે બીજા ઉપાયોની સાથે એક સંગીન ઉપાય છે તેટલા માટે આપ સર્વ ભાઈઓ અને બહેનોને એના અવલમ્બનમાં અડગ રહેવા યોગ્ય ઉપદેશ આપશો કે જેથી સમય પાકતા આપણા કાર્યની સિદ્ધિ આપણે મેળવી શકીએ. એ જ વિજ્ઞાપના.

"તા. સદર "કસ્તુરભાઈ લાલભાઈ

"સાં. દે. "ની વંદના ૧૦૦૮ વાર અવધારશોજી."

શ્રીસંઘ જોગ મોકલવામાં આવેલ પરિપત્ર નીચે પ્રમાણે હતો—

(૨)

"જાવક નંબર ૬૧૬ "અમદાવાદ, તા. ૧૯ મી માહે માર્ચ સને ૧૯૨૮

"શ્રી ગામ ... ... ... ... ... ... ... ... ના સંઘ સમસ્ત

"જોગ,

"વિશેષ. જયજીનેન્દ્ર સાથ જણાવવાનું કે શ્રી પવિત્ર શત્રુંજય તીર્થ સંબંધમાં પાલીતાણા દરબાર સામેના આપણા કેસોમાં કાઠીઆવાડના એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ સાહેબે આપણા વિરૂદ્ધ ઠરાવ આપતાં તે સામે આપણે નામદાર વાઈસરૉય સાહેબને અપીલ કરેલી છે, તે અપીલનો ચુકાદો હજી હાંસલ થયેલો નથી. દરમ્યાન જ્યાં સુધી સદરહુ કેસનું સંતોષકારક પરિણામ ન આવે ત્યાં સુધી શ્રી સકળ સંઘે શ્રી શત્રુંજયની યાત્રાત્યાગનો ઠરાવ કર્યો છે તે અનુસાર લગભગ બે વર્ષ સુધી યાત્રાત્યાગનું અવર્ણનીય દુઃખ પૂર્ણ સંયમથી સહન કરી તે ઠરાવને આખા હિંદુસ્તાનના આપણા સર્વ ભાઈઓએ અડગ રીતે વળગી રહી સદરહુ ઠરાવનું યથાર્થ પાલન કર્યું છે એ હકીકત જૈન કોમની સ્વમાનની લાગણી, શાન્તિપ્રિયતા અને ન્યાયપરાયણતા સ્વતઃસિદ્ધ કરે છે; અને તે માટે આપણે અભિમાન લેવા જેવું છે. યાત્રાત્યાગનું આ સબળ શસ્ત્ર આપણા કાર્ય માટે એક અણમોલું સિદ્ધિનું સાધન છે. અને ધૈર્ય નહિ ખોતાં તેને તેવી જ અડગતાથી વળગી રહેશું તો તે આપણા કાર્યની સિદ્ધિ પ્રાપ્ત કરવામાં બીજી પ્રવૃત્તિઓની સાથે અવશ્ય મદદરૂપ થશે.

"આવતી તારીખ ૧ લી એપ્રીલ એટલે સંવત્ ૧૯૮૪ ના ચૈત્ર સુદ ૧૨ ની મીતિ યાત્રાત્યાગના ત્રીજા વર્ષની શરૂઆતનો દિવસ છે તથા તા. ૫ મી એપ્રિલના રોજ પવિત્ર ચૈત્રી પૂર્ણિમા છે. માટે તા. ૧ લી એપ્રીલના દિવસે સર્વ સ્થળોના સંઘોએ સભાઓ ભરી યાત્રાત્યાગમાં અડગ રહેવા સર્વ

બન્ધુઓને સમજાવવું અને યાત્રાત્યાગમાં મક્કમ રહેવા ઠરાવ કરવા તેમ જ તે દિવસે અણોજો (પાખી) પાળી સર્વ ભાઈઓ અને બહેનોએ પોતાથી બનતા તપ સંયમ આદરવાનો પ્રબન્ધ કરવો.

"આપના તરફથી જે ઠરાવો કરવામાં આવે તે અત્રે જણાવતાં તેને યોગ્ય જાહેરાત આપી લાગતાવળગતા સ્થળે મોકલવા ગોઠવણ કરશો. તા. સદર

**"કસ્તુરભાઈ લાલભાઈ**

## "ટીપ

**"૧. યાત્રાત્યાગમાં મક્કમ રહેવા બાબતનો ઠરાવ નીચેના સ્થળોએ મોકલશો :—**

"૧. મે. વેસ્ટર્ન ઈન્ડીઆ સ્ટેટસના એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ સાહેબ, મુ. માઉન્ટ આબુ.

"૨. નામદાર વાઇસરોય સાહેબના પ્રાઈવેટ સેક્રેટરી સાહેબ, મુ. દીલ્હી.

"૩. નામદાર વાઈસરોય સાહેબના પોલીટીકલ સેક્રેટરી સાહેબ, મુ.–દીલ્હી

"૪. પોતાના પ્રાંતના એડમીનીસ્ટ્રેટીવ હેડ એટલે કે ગવર્નર સાહેબ, લેફટેનન્ટ ગવર્નર સાહેબ અને દેશી સ્વસ્થાનમાં મે. પોલીટીકલ એજન્ટ સાહેબ અગર રેસીડન્ટ સાહેબ.

**"૨. મુનિ મહારાજો સાહેબ ઉપરનો આ સાથેનો પત્ર આપને ત્યાં બીરાજતા મુનિ મહારાજોના નામ તેમાં લખી તેઓ સાહેબને આપશો.**

**"૩. જે જે ઠરાવો થાય તે તમામની નકલો જાહેર છાપામાં મોકલતાં એકેક પ્રત અમારા તરફ મોકલશો."**

યાત્રાત્યાગના ત્રીજા વર્ષના પ્રવેશના પ્રસંગની ઉજવણી આ બાબતમાં જૈન સંઘને વિશેષ જાગૃત કરવાની દૃષ્ટિએ કરવામાં આવેલી. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની આ જાહેરાતને મુંબઈની શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સે પણ, તા. ૨૧–૩–૧૯૨૮ ના રોજ, એક ખાસ પત્રિકા પ્રગટ કરીને વધાવી લીધી હતી. આ પત્રિકા કોન્ફરન્સના બે એકટીંગ રેસીડેન્ડ જનરલ સેક્રેટરીઓ (૧) શેઠ શ્રી નગીનદાસ કરમચંદ અને (૨) શ્રી ચીનુભાઈ લાલભાઈ શેઠની તેમ જ શ્રી શત્રુંજય પ્રચાર કાર્ય સમિતિના છ સભ્યો (૧) શ્રી બાબૂ કીર્તિપ્રસાદજી જૈન, (૨) શ્રી મણીલાલ વલ્લભજી કોઠારી, (૩) શ્રી મણીલાલ ખુશાલચંદ પરી, (૪) શ્રી દયાલચંદજી ઝોહરી, (૫) શ્રી હીરાલાલજી સુરાણા અને (૬) શ્રી પોપટલાલ રામચંદ્ર શાહ એમ આઠ અગ્રણીઓની સહીથી પ્રગટ કરવામાં આવી હતી, અને જૈન સંઘને ઉદ્દેશીને એમાં મુખ્યત્વે હાકલ કરવામાં આવી હતી કે—

"મહાન પવિત્ર તીર્થાધિરાજ શ્રી શત્રુંજય સંબંધમાં જૈન કોમને થએલો મહા અન્યાય. શ્રી શત્રુંજયની યાત્રાત્યાગના ત્રીજા વર્ષનો આરંભ. સકલ જૈન કોમનું મહાન કર્તવ્ય : યાત્રાત્યાગમાં મક્કમ દૃઢતા રાખો. અખિલ ભારતની જૈન કોમને નમ્ર વિજ્ઞપ્તિ … … જ્યાં સુધી આ મહાતીર્થને અંગે ન્યાયી અને સંતોષકારક પરિણામ મેળવી શકીએ નહીં ત્યાં સુધી મક્કમતાથી યાત્રાત્યાગ ચાલુ રાખવો જોઈએ. તેમાં જ આપણો જય છે, અને આપણા પરમ તીર્થનો ઉદ્ધાર છે. … … … … …"

આ સહીઓમાં શ્રી મણિલાલ કોઠારીની પણ સહી છે. તેઓ તે વખતે ગાંધીજીની અહિંસક લડતના સૌરાષ્ટ્રના એક અગ્રણી હતા.

આ બંને પરિપત્રોની અસર ખૂબ આવકારદાયક અને પ્રેરણાદાયક થઈ હતી. દેશમાં સર્વત્ર સમસ્ત શ્રીસંઘે યાત્રા-બહિષ્કારના ત્રીજા વર્ષના પ્રવેશદિનને (તા. ૧-૪-૧૯૨૮ ના દિનને) ખૂબ ભાવનાપૂર્વક ઊજવ્યો હતો અને જાતજાતના ઠરાવો કરીને યોગ્ય સ્થળે મોકલી આપ્યા હતા, તેમ જ તપસ્યાઓ પણ કરી હતી.

## બહિષ્કાર ચાલુ હોવાની જાહેરાત

યાત્રા-બહિષ્કારની લડત એ જૈનોએ શરૂ કરેલ એક ધર્મયુદ્ધ જ હતું, એટલે ગેરસમજ, અફવાઓ કે ખોટા પ્રચારને કારણે એમાં લેશ પણ શિથિલતા આવવા ન પામે એ માટે શ્રીસંઘને સતત જાગ્રત રાખવાની તાતી જરૂર હતી. એટલે જ્યારે પણ આવું કંઈ ધ્યાનમાં આવે ત્યારે એનું સત્વર પરિમાર્જન કરવું અનિવાર્ય બની જતું હતું. આ લડત દરમ્યાન પાલીતાણા રાજ્યને, પાલીતાણા રાજ્યની પ્રજાને તેમ જ ખાસ કરીને પાલીતાણા શહેરના વતનીઓને ઘણું આર્થિક નુકસાન વેઠવું પડયું હતું. એટલે પ્રજા તો એમ જ ઇચ્છતી હતી કે આ ઝઘડાનો સત્વર અંત આવે. આવી જ કોઈ વૃત્તિથી પ્રેરાઈને એવી પાયા વગરની જાહેરાત કરવામાં આવી હતી કે હવે યાત્રા છૂટી થાય છે. આવી કોઈ યાત્રા-બંધી ઊઠી જવાની અને યાત્રા શરૂ થવાની અફવા એટલા મોટા પ્રમાણમાં પ્રચલિત થઈ ગઈ હતી કે, શેઠ આણંદજી કલ્યાણજીની પાલીતાણા શાખાને પેઢીના મુખ્ય કાર્યાલયને, તા. ૨૨-૩-૧૯૨૮ ના રોજ, આ પ્રમાણે પત્ર લખીને, આનો ખુલાસો પુછાવવાની ત્યાંના મુનીમ શ્રી હરિલાલ ફ્રી. મહેતાને ફરજ પડી હતી—

"વિ. વિ. કે અહીં એવી અફવા ચાલી છે કે રખોપાની રકમ નક્કી થઈ ગઈ છે અને તે ત્રીસ હજારથી પચીસ હજારની વચમાં છે અને નામદાર ઠાકોર સાહેબની સાલગીરા તા. ૨૬-૩-૨૮ એટલે ચૈત્ર સુદ ૫ ના રોજ આવે છે, તે પ્રસંગે, દર સાલના રિવાજ મુજબ, દરબાર ભરાશે તે વખતે તે વાત જાહેર થશે અને યાત્રા ખુલશે.

"આ અફવામાં અમને કાંઈ વજુદ જણાતું નથી. વળી આમાં કાંઈ સત્ય હોય તો કાંઈ પણ જાતનો ઇશારો અમને આપની તરફથી પણ મળે જ.

"હું ધારું છું કે પ્રથમ જેમ દરબારે યાત્રાળુઓને અહીં આવવા લલચાવવા જેમ જાહેરાત આડીની આપી હતી, એવા રૂપમાં આ સાલગીરાના દરબાર વખતે કદાપી એવી કાંઈ જાહેરાત આપે. પરંતુ આજ સુધી એ સંબંધિ અમારા જાણવામાં કાંઈ આવ્યું નથી."

એટલે આ અફવાને ઊગતી જ દાબી દેવા માટે પેઢી તરફથી તરત જ નીચે મુજબ જાહેરાત જૈન સંઘમાં પ્રસારિત કરવામાં આવી હતી—

### "જાહેર ખબર

"શ્રી પવિત્ર શત્રુંજયની તકરારોનું સ્વ. પાલીતાણા સાથે સમાધાન થયું છે અને યાત્રા ખુલ્લી છે એમ કોઈના તરફથી અફવા ફેલાવવામાં આવ્યાનું જાણવામાં આવતાં આથી સર્વ જૈન ભાઈઓ તથા

બહેનોને જણાવવામાં આવે છે કે તે અફવા તદ્દન બીનપાયાદાર અને ખોટી છે. હજી તેવું કશું સમાધાન થયું નથી અને તેથી જ્યાં સુધી સંતોષકારક સમાધાન ન થાય ત્યાં સુધી યાત્રાત્યાગમાં મક્કમ રહેવું ખાસ જરૂરનું છે.

"શેઠ આણંદજી કલ્યાણજીની ઓફીસ. "પ્રતાપસિંહ મોહોલાલભાઈ"
"અમદાવાદ. તા. ૨૩–૩–૨૮

વળી આ અરસામાં જ અમદાવાદના શ્રી જૈન સ્વયંસેવક મંડળ તરફથી પણ, તા. ૨૨–૩–૧૯૨૮ ના રોજ, નીચે મુજબ એક પત્રિકા પ્રગટ કરીને, જૈન સંઘને, આવી બિનપાયાદાર વાતોને સાચી નહીં માનવાની ચેતવણી આપવામાં આવી હતી—

"સાવચેત રહેજો "સાવચેત રહેજો

"જાહેર સુચના

"બીનપાયાદાર અફવા

"સર્વે જૈન ભાઈઓને સુચના આપવામાં આવે છે કે આજ રાત્રે શ્રી શત્રુંજયની યાત્રા ઉઘડયાની અફવા સારા શહેરમાં ચાલી રહી છે પણ તે બીનપાયાદાર છે. તેવા કોઈ પણ જાતના સત્તાવાર સમાચાર શ્રીમાન્ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને અત્યાર સુધી મલ્યા નથી. માટે જ્યાં સુધી શ્રીમાન્ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી સત્તાવાર યાત્રા ખુલ્લી થવાના સમાચાર લેખીત પ્રસિદ્ધ ના થાય ત્યાં સુધી કોઈએ યાત્રાએ જવું નહિ. અને યાત્રાત્યાગના ઠરાવનું મક્કમતાથી રક્ષણ કરવું."

આ વખતમાં સમાધાન અંગેની અફવા કેટલી વ્યાપક બની હતી, તે મુંબઈના શ્રી કેશરીમલજી કિશનલાલજી બાગડિયાના, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અમદાવાદ ઉપરના, તા. ૨૮–૩–૧૯૨૮ ના પત્રમાંના નીચેના લખાણ ઉપરથી પણ જાણી શકાય છે.

"ગઈ કાલે સવારમાં જવેરી બજારના દહેરે પુજા કરવા ગયો ત્યાં … … જે એક સારા વગદાર માણસ છે, તેઓ કેટલાક બીજા માણસો આગળ ઉપરની બાબતમાં નીચેની મતલબનો સ્ટેટમેન્ટ કરતા હતા: 'શત્રુંજયના વાંધાનો નીકાલ, પાલીતાણા ઠાકોર સા૦ સાથે, ખાનગી મેલે થઈ ચુકયું છે અને 'તહનામા'નો કાચો ખરડો પક્ષકારોની સમ્મતિથી તૈયાર કરી તેના ઉપર બન્ને તરફના પ્રતિનિધિઓએ સહી મુકી છે, તેમાં હવે પછીના ૪૦ વરસ માટેના જુના ધોરણ મુજબના કોલ કરારો કરવામાં આવ્યા છે અને વાર્ષિક રૂ. ૫૦૦૦૦) ની રકમ કર રૂપે ઠાકોરને આપવાની નક્કી થઈ છે. પણ જાત્રા ચાલુ કરવા પુર્વે કેટલીક કારવાઈ થવાની છે તેમાં હજી ૧૫ દિવસ લાગશે. પાકો દસ્તાવેજ થયા પછી જાત્રા ચાલુ કરવા ઠરાવ બહાર પાડવામાં આવશે.'

"આ પ્રમાણેની હકીકત સાંભળતાં જ મારા મનને આંચકો લાગ્યો કે, જે થવું સ્વાભાવિક છે, કેમ કે આ પ્રમાણે ગોઠવણ તદ્દન ગેરવાજબી અને અન્યાયી છે."

આ પત્રમાંની વાતો એ હકીકત નહીં પણ કેવળ અફવારૂપ જ હતી, એટલે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી, તા. ૨૫–૪–૧૯૨૬ ના રોજ, જા. નં. ૮૦૪ ના પત્રથી, નીચે મુજબ રદિયો આપવામાં આવ્યો હતો—

"વિશેષમાં આપનો તા. ૨૮–૩–૨૮ નો પત્ર શત્રુંજયના સમાધાન સંબંધમાં આવ્યો, તેના જવાબમાં લખવાનું કે–શ્રી શત્રુંજયના સમાધાન બાબતમાં આપે જે વાત સાંભળી છે તેમાં કાંઈ વજુદ નથી અને સમાધાન ભાંગી પડ્યું છે અને તેથી સર્વેએ યાત્રાત્યાગને વળગી રહેવાની જરૂર છે. તા. સદર."

(**નોંધ**—શ્રી કેશરીમલજીના તા. ૨૮–૩–૨૮ ના પત્રનો જવાબ, છેક તા. ૨૫–૪–૨૮ ના રોજ–એટલે મોડેથી–અપાયો, એનું કારણ એ હતું કે એ કાગળ શેઠશ્રી કસ્તુરભાઈ ઉપર ગયો હતો; અને એમની પાસેથી પેઢીને એ તા. ૧૮–૪–૨૮ ના રોજ મળ્યો હતો.)

## ત્રણ મોરચાની કામગીરી

કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વૉટસનનો ચુકાદો આવી ગયા પછી જૈન સંઘ માટે ત્રણ મોરચે સતત કામગીરી કરવાનું જરૂરી બની ગયું હતું: (૧) આ ચુકાદા સામે જૈન સંઘનો વિરોધ જાગતો રહે એવાં પગલાં ભરવાં. (૨) પાલીતાણા રાજ્ય સાથે માનભર્યું, વાજબી અને સંતોષકારક સમાધાન ન થાય ત્યાં સુધી શત્રુંજયની યાત્રાના બહિષ્કારમાં જરાય ખામી ન આવે એ માટે સતત જાગ્રત રહેવું. આ માટે જેમ દેશભરનાં જુદાં જુદાં સ્થાનોમાં પ્રચાર ચાલુ રાખવામાં આવ્યો હતો, તેમ પાલીતાણામાં અને ખાસ કરીને શિહોર સ્ટેશને સ્વયંસેવકોની ટુકડીઓને ગોઠવીને એવી વ્યવસ્થા કરવામાં આવી હતી કે, કોઈ પણ યાત્રિક પાલીતાણા જાય નહીં અને જતા હોય તો એમને સમજાવીને ત્યાંથી પાછા વાળવા. અને (૩) આ માટે દિલ્હી સરકાર સાથે એટલે કે હિંદના ગવર્નર જનરલ તથા વાઈસરોય સાથે આ પ્રશ્નના ઉકેલ માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિઓ તથા જૈન સંઘના અગ્રણીઓએ સતત સંપર્કમાં રહીને પ્રયત્ન જારી રાખવો.

## સીમલામાં ત્રીપક્ષી બેઠક

આ પ્રયત્ન દરમ્યાન નામદાર વાઈસરોય અને ગવર્નર જનરલ લોર્ડ ઈરવીન સાથે શી શી વાતચીત અને વાટાઘાટો થઈ, તેની કશી આધારભૂત માહિતી પેઢીના દફતરમાંથી મળી શકતી નથી, પણ, એમ લાગે છે કે, આ વાટાઘાટો દરમ્યાન જૈન સંઘના આગેવાનો અને પેઢીના પ્રતિનિધિઓ શત્રુંજય તીર્થ અંગે ઊભી થયેલ દુઃખદાયક અને યાત્રાના બહિષ્કાર સુધી આગળ વધેલી પરિસ્થિતિની રજૂઆત કરીને આ બાબતમાં સત્વર સમાધાન થવાની જરૂર છે, એટલી પ્રતીતિ એમને કરાવી શક્યા હશે. આને પરિણામે પેઢીના પ્રતિનિધિઓ, જૈન સંઘના અગ્રણીઓ, પાલીતાણાના નામદાર દરબાર બહાદુરસિંહજી વગેરેએ, પોતપોતાના કાયદાના સલાહકારો સાથે, તા. ૨૨–૫–૧૯૨૮ ના રોજ, સિમલામાં નામદાર વાઈસરોય સમક્ષ હાજર થવું એમ નક્કી થયું હતું, જે પેઢીના નીચેના સરક્યુલર ઉપરથી જાણી શકાય છે—

"શ્રી પાલીતાણા કેસ માટે શ્રી સીમલે જવા માટે નિચે પ્રમાણે ઠરાવ તા. ૧૦–૫–૨૮ ની મીટીંગમાં થયો છે, એ ઠરાવ અન્વયે આપ સાહેબને વિદિત કરવાનું કે તા. ૧૭–૫–૧૯૨૮ ને ગુરૂવારના સ્હવારમાં મેઈલમાં શેઠ આણંદજી કલ્યાણજીની કમીટીના મેમ્બરો સીમલા તરફ સિધાવવાને નક્કી થયું છે, તેથી આપ પણ તે ટ્રેઈનમાં નીકળી આવવાનો બંદોબસ્ત કરશો. તા. ૧૬–૫–૨૮.

"નગરશેઠ કસ્તુરભાઈ મણિભાઈ

"શેઠ માણેકલાલ મનસુખભાઈ

"શેઠ કસ્તુરભાઈ લાલભાઈ વીલાયત ગયા છે
"શેઠ પ્રતાપસિંહ મોહોલાલભાઈ
"શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ
"શેઠ અમરતલાલ કાળીદાસ
"રા. રા. વકીલ કેશવલાલ પ્રેમચંદ
"રા. રા. સા. ભગુભાઈ ચુનીલાલ
"રા. રા. શીવાભાઈ હરિલાલ સત્યવાદી

"સેવક
"બાલાભાઈ ગટાભાઈ

"તા. ૧૬-૫-૨૮
"અમદાવાદ.

"સ્પેશ્યલ શત્રુંજય કમીટી ના. વાઈસરોય સાહેબની મુલાકાતે તા. ૨૨-૫-૧૯૨૮ ના રોજ સર સેતલવાડ સાહેબ સાથે સીમલે સમાધાન માટે જવાની છે અને આ બાબત મહત્ત્વની હોવાથી કન્સલ્ટેશન માટે આપણી કમીટીના દરેક મેમ્બર સાહેબોને ત્યાં આવવા માટે શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ મારફત કહેવરાવે છે, તો તેથી ઠરાવ કરવામાં આવે છે કે દરેક મેમ્બરે તા. ૨૨-૫-૨૮ પહેલાં સીમલા કન્સલ્ટેશન માટે પધારવું."

તા. ૨૨-૫-૧૯૨૮ ના રોજ યોજવામાં આવેલ વાટાઘાટોમાં ભાગ લેવા માટે પેઢીના નીચે મુજબ પાંચ વહીવટદાર પ્રતિનિધિઓ—(૧) નગરશેઠ કસ્તુરભાઈ મણિભાઈ, (૨) શેઠ માણેકલાલ મનસુખભાઈ, (૩) શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ, (૪) શેઠ અમૃતલાલ કાળીદાસ અને (૫) શેઠ પ્રતાપસિંહ મોહોલાલભાઈ ઉપરાંત છઠ્ઠા જૈન સંઘના વગદાર અગ્રણી શેઠ કીકાભાઈ પ્રેમચંદ—એમ છ જૈન આગેવાનો, પોતાના કાયદાના બે સલાહકાર—(૧) શ્રી ચીમનલાલ હરિલાલ સેતલવાડ અને (૨) શ્રી ભુલાભાઈ જે. દેસાઈ સાથે—સમયસર સીમલા પહોંચી ગયા હતા.

## સમાધાન

એમ લાગે છે કે, જૈન સંઘના પ્રતિનિધિઓ, પાલીતાણાના દરબાર શ્રી બહાદુરસિંહજી અને એ બન્નેના સલાહકારો તેમ જ દિલ્હી સરકારના અમલદારો તથા નામદાર વાઈસરોય એ ત્રણેય પક્ષ વચ્ચે ત્રણ દિવસ સુધી થયેલી ત્રિપક્ષી વાટાઘાટોને અંતે, એક સમાધાનનો મુસદ્દો તૈયાર થઈ શક્યો હતો. એટલે, તા. ૨૬-૫-૧૯૨૮ ના રોજ, હિંદના નામદાર વાઈસરોય અને ગવર્નર જનરલ લોર્ડ ઈરવિનની હાજરીમાં, એ સમાધાનના મુસદ્દા ઉપર સહી-સિક્કા થયા હતા અને છવ્વીસ મહિના જેટલા લાંબા સમય સુધી ચાલેલ આ કલેશકારક અને દુઃખદ પ્રકરણનો સુખદ અને સંતોષકારક અંત આવ્યો હતો.

આ સમાધાન થઈ ગયા પછી તરત જ નગરશેઠ શ્રી કસ્તુરભાઈ મણિભાઈએ એ વાતની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, અમદાવાદને જાણ કરતો નીચે મુજબ તાર કર્યો હતો—

"Agreement signed today before Viceroy. All property rights secured.

Approach to agency against Thakore Sahebs executive orders secured. Sum fixed sixty thousand for thirthy five years. Yatra opens first June. Inform all."

અર્થ—"આજે, નામદાર વૉઈસરૉયની હાજરીમાં, સમાધાન પર સહી-સિક્કા થઈ ગયા છે, મિલકતના હક્કો મેળવી લેવામાં આવ્યા છે. ઠાકોર સાહેબના અમલ કરવાના આદેશોની સામે એજન્સી પાસે પહોંચવાનો અધિકાર મેળવ્યો છે. રકમ ૩૫ વર્ષ માટે વાર્ષિક રૂપિયા સાઈઠ હજાર નક્કી કરવામાં આવેલ છે. યાત્રા ૧ લી જૂને ખૂલે છે. બધાને ખબર આપશો."

આ જ રીતે સિમલાથી શેઠશ્રી સારાભાઈ ડાહ્યાભાઈએ પણ પેઢીની પાલીતાણા શાખાને નીચે મુજબ તાર કરીને સમાધાનના સમાચાર આપ્યા હતા—

"All our matters settled amicably. Yatra will probably open first June. Perticulars posted."

અર્થ—"બધાં મુદ્દાઓ અંગે સુલેહભર્યું સમાધાન કરવામાં આવ્યું છે અને યાત્રા, ઘણે ભાગે, પહેલી જૂને ઉઘડશે. વિગતો ટપાલમાં રવાના કરી છે."

આ તાર મળ્યા પછી પાલીતાણામાં હર્ષ અને ઉલ્લાસનું કેવું વાતાવરણ સર્જાઈ ગયું હતું, તે પાલીતાણા પેઢીના મુનીમ શ્રી હરિલાલ ફ્રી. મહેતાના તા. ૨૬–૫–૨૮ ના અમદાવાદની પેઢી ઉપરના કાગળમાંના નીચે મુજબના ઉદ્‌ગારોથી જાણી શકાય છે—

"આ પ્રમાણે તાર અમને મળ્યો છે જે વાંચી અનહદ ખુશી થઈ છે. જેવો તારવાળો તાર આપવા આવ્યો તેવી જ વાત બધે પ્રસરવા માંડી અને ટોળેટોળા આપણી પેઢી ઉપર ખબર કાઢવા આવ્યા. વાત જાહેર થઈ અને અહીંના મહાજનના આગેવાનો, બારોટો તથા બીજા ઘણા માણસો પેઢી ઉપર આવ્યા અને ખુશાલીમાં સાકર વહેંચી ગળ્યાં મોં કરાવ્યા તથા ગામને દેરે આંગી રચાવી છે."

આ સમાધાનની છેલ્લી વાટાઘાટો વખતે સમાધાન સમિતિના એક સભ્ય અને પેઢીના વહીવટદાર પ્રતિનિધિ શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ પરદેશ ગયેલા હતા. એમને જ્યારે આ સમાધાનના સમાચાર મળ્યા ત્યારે એમણે, પેરીસથી, તા. ૨૯–૫–૧૯૨૮ ના રોજ, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અમદાવાદ ઉપર નીચે મુજબ તાર કર્યો હતો—

"Please tender my congratulations to Shrisangh for their firm stand which mainly contributed to satisfactory settlement."

અર્થ—"મહેરબાની કરીને સમસ્ત શ્રીસંઘને મારાં અભિનંદન આપશો, કે જેમના મક્કમ વલણે સંતોષકારક સમાધાન સાધવામાં મુખ્યત્વે ફાળો આપ્યો છે."

આમાં શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈએ યાત્રા-બહિષ્કારની લડતની સફળતાનો યશ સમસ્ત શ્રીસંઘને આપ્યો છે તે તેમની વિવેકદૃષ્ટિનું સૂચન કરે છે, એ કહેવાની જરૂર નથી.

## જૈન સંઘમાં વ્યાપેલ હર્ષોલ્લાસ

જૈન સંઘને આ સમાધાન થયાની જાણ થતાં દેશભરમાં હર્ષોલ્લાસ વ્યાપી ગયો હતો. અને સમસ્ત સંઘે આ સમાધાનને પૂરા ઉમંગ અને ઉત્સાહથી વધાવી લઈને પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી હતી, મીઠા મોં કર્યાં હતાં અને આવી સફળતા માટે પેઢીને હાર્દિક અભિનંદન પણ આપ્યાં હતાં. આ સમાધાનને કારણે જૈન સંઘમાં ખુશાલીની કેવી લાગણી પ્રસરી ગઈ હતી, એની થોડીક માહિતી આ ગ્રંથના ૨૪૨–૨૪૩મા પાનામાં આપવામાં આવી છે, એટલે એની પુનરુક્તિ કરવાની અહીં જરૂર નથી.

**વિરોધ**—અહીં એ વાતની નોંધ લેવી જોઈએ કે, આ સમાધાન મુજબ પાલીતાણા રાજ્યને દર વર્ષે રખોપા નિમિત્તે આપવાની થતી સાઈઠ હજાર જેટલી મોટી રકમની વાતનો કોઈક કોઈક સંસ્થાએ કે વ્યક્તિએ વિરોધ પણ કર્યો હતો—જેમ કે કલકત્તાની ‘જૈન શ્વેતાંબર નવયુવક સમિતિ’, અજમેરના શ્રી કેશરીમલજી ભાંડાવત, સિરોહીની જૈન દેરાસરની વ્યવસ્થાપક કમિટી, આગ્રા જૈન શ્રીસંઘ, મેઘરાજ પુસ્તક ભંડારના માલિક શ્રી લાલજી હીરજી શાહ, કોટાના દીવાન બહાદુર શ્રી કેસરીસિંહજી, શ્રી લાહોર જૈન સંઘ વગેરે. પણ આવો વિરોધ કરનારની સંખ્યા નહિ જેવી જ હતી.

આ સમાધાન મુજબ ગિરિરાજ શ્રી શત્રુંજયની યાત્રા તા. ૧–૬–૧૯૨૮ના રોજથી શરૂ થવાની હતી. આ માટે અમદાવાદ, મુંબઈ તથા અન્ય સ્થાનોમાંથી યાત્રિકો મોટી સંખ્યામાં પાલીતાણા જઈ શકે તે માટે જરૂરી પ્રચાર તથા રેલ્વેની વધારાની સગવડનો બંદોબસ્ત પણ કરવામાં આવ્યો હતો. અને તા. ૧–૬–૧૯૨૮ના રોજ, જ્યારે ભગવાનનાં પહેલવહેલાં દર્શન થાય ત્યારે, સુંદર આંગી સાથે એમનાં દર્શન કરી શકાય એટલા માટે, પાલીતાણાના શ્રીસંઘને, તા. ૩૧–૫–૧૯૨૮ના રોજ, શ્રી આદીશ્વર ભગવાનને લાખેણી આંગી રચવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

## બે પ્રશંસનીય પગલાં

આ પ્રકરણનો સૌથી ઉજ્જ્વળ અને જૈન સંઘની ઉદારતા અને મૈત્રીભાવનાને ગૌરવ અપાવે એવો અંશ તો એ હતો કે, આ સમાધાન થયા પછી, બે ખૂબ પ્રશંસનીય પગલાં ભરવામાં આવ્યાં હતાં: (૧) પાલીતાણાના દરબારશ્રીનો આભાર માનતો, તા. ૨૯–૫–૧૯૨૮ના રોજ કરવામાં આવેલ તાર અને (૨) યાત્રાનો મંગળ પ્રારંભ પાલીતાણાના દરબાર શ્રી બહાદુરસિંહજીના શુભ હાથે કરાવવાનો નિર્ણય.

આભારનો તાર નીચે મુજબ કરવામાં આવ્યો હતો—

"To H. H. Thakore Saheb, Palitana

"We are very grateful to Your Highness for the generous spirit shown in bringing about an amicable settlement to our mutual satisfaction of our long drawn out disput and pray that same generous spirit shall continue in our future relations.

"Shree Sangh."

**અર્થ**—"પ્રતિ, નેક નામદાર ઠાકોર સાહેબ, પાલીતાણા,

"આપણી વચ્ચે લાંબા વખત સુધી ચાલેલ ઝઘડાઓનું આપણને બંનેને સંતોષ થાય એવું સુલેહભર્યું સમાધાન કરાવવામાં આપશ્રીએ જે ઉદારતાની ભાવના દર્શાવી છે, તે માટે અમે આપના ખૂબ આભારી છીએ અને પ્રાર્થના કરીએ છીએ કે એવી જ ઉદારતાની ભાવના આપણા ભવિષ્યના સંબંધોમાં પણ ચાલુ રહેશે.

"**શ્રીસંઘ.**"

## યાત્રાનો મંગળ પ્રારંભ

### "ઓચ્છવ રંગ વધામણાં" ગિરિરાજને નામે

આ યાત્રાનો મંગળ પ્રારંભ પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબના હાથે થવાનો હોવા અંગેની જાહેરાત, પેઢી તરફથી, તા. ૨૮–૫–૧૯૨૮ ના રોજ, નીચે મુજબ કરીને સર્વત્ર એની જાણ કરવામાં આવી હતી—

"અમદાવાદ તા. ૨૮–૫–૧૯૨૮

"શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી જણાવવાનું કે શ્રી શત્રુંજયની બાબતમાં સંતોષકારક સમાધાની થઈ ગઈ છે તે જાણી આપ સર્વ ભાઈઓને હર્ષ થશે. આ સમાધાની પ્રમાણે શ્રી શત્રુંજયની યાત્રા તા. ૧ જુન સને ૧૯૨૮ ના દીવસે ખોલવાની છે. આપણી વિનંતિથી પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબ એ શુભ ક્રિયા તે દીવસે કરશે તેથી હવે સર્વ ભાઈઓ પાલીતાણે જાત્રા કરવા સારૂ પધારશો.

"ઉપરની ખબર આપના ગામમાં તથા આજુબાજુના ગામમાં આપશો.

"**(સહી) ભગુભાઈ ચુનીલાલ**
"વહીવટદાર પ્રતિનિધિ"

આ જાહેરાતને સમસ્ત શ્રીસંઘે ખૂબ આનંદ અને ઉલ્લાસથી વધાવી લીધી હતી; અને, દૂરથી તેમ જ નજીકથી, યાત્રા શરૂ થવાના મંગળ પ્રસંગે હાજર રહેવા માટે, સંખ્યાબંધ ભાવિકો સજ્જ થઈ ગયા હતા. અને તેઓ પાલીતાણા સમયસર અને સુખરૂપ પહોંચી શકે એ માટે, મુંબઈ, અમદાવાદ તથા અન્ય સ્થાનોએથી રેલ્વેની જરૂરી સગવડ સહેલાઈથી મળી જાય એવી ગોઠવણ તત્કાલ કરવામાં આવી હતી. આથી, તા. ૩૧–૫–૧૯૨૮ ના રોજ, પાલીતાણા શહેરમાં જાણે માનવ-મહેરામણ હિલોળા લેવા લાગ્યો હતો. આ પ્રસંગે પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓ પણ સમયસર પાલીતાણા પહોંચી ગયા હતા. પરંતુ પેઢીના તે વખતના પ્રમુખ નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણિભાઈ એ પ્રસંગે હાજર રહી શક્યા ન હતા. એટલે એમણે પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબ ઉપર એક તાર કરીને પોતે આ પ્રસંગે હાજર રહી શકે એમ નથી એ માટે ક્ષમા માગી હતી અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના તેમ જ જૈન સંઘના અન્ય આગેવાનો મળીને આશરે પંદરેક વ્યક્તિઓના ઉતારાની વ્યવસ્થા કરવા દરબારશ્રીને વિનતિ કરી હતી.

અગાઉ જાહેર થયા મુજબ, તા. ૧–૬–૧૯૨૮, વિ૦ સં૦ ૧૯૮૪, જેઠ સુદ તેરસ ને શુક્રવારના

રોજ સવારમાં, ગિરિરાજની તળાટીનું વિશાળ પ્રાંગણ હજારો ભાવિક યાત્રિકોથી સાંકડું બની ગયું હતું, અને એ પ્રસંગને અનુરૂપ મંગળાચરણ થયા પછી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની વતી પાલીતાણાના દરબાર શ્રી બહાદુરસિંહજીને આવકાર આપતું, આ પ્રસંગને અનુરૂપ વક્તવ્ય પેઢીના એક બાહોશ વહીવટદાર પ્રતિનિધિ શેઠશ્રી પ્રતાપસિંહ મોહોલાલભાઈએ નીચે મુજબ રજૂ કર્યું હતું—

"નામદાર ઠાકોર સાહેબ તથા અધિકારી મંડળ,

"સ્વધર્મી બંધુઓ અને બ્હેનો,

"આજનો દિવસ ઘણો માંગલિક દિવસ છે. તે ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે નોંધાઈ રહેશે. પાલીતાણા રાજ્ય ને અમારો સંબંધ કાળજૂનો છે. ગમે તેવા કારણો આવે ને વિક્ષેપો પડે છતાં પણ તે કોઈ પણ રીતે તોડ્યો તૂટે તેવો છે જ નહીં. પાલીતાણા રાજ્ય અને જૈનો કદી પણ છૂટા પડી શકશે નહીં. આપના જેવા વિશાળ હૃદયના રાજવીના શાસનકાળમાં તે સંબંધ ઘણો જ દૃઢ અને વિશેષ ગાઢો બને તે આશા અસ્થાને નથી. હાલમાં ચાલતા ઝગડાએ જે વિરાટ સ્વરૂપ પકડ્યું હતું, તેનો સર્વને સંતોષકારક નિર્ણય આપની ઉદાર વૃત્તિનું જ પરિણામ છે. આપ નામદારના હૃદયની વિશાળતા ઘણી જ પ્રશંસનીય છે ને તે અમોને આશા રાખવા પ્રેરે છે કે આપના હાથે હંમેશાં યશસ્વી ને ઉજ્જ્વળ કાર્યો જ થયાં કરશે.

"નામદાર ઠાકોર સાહેબ, અમારી આપને આગ્રહપૂર્વક વિનંતિ છે કે પાછલો ઇતિહાસ ભૂલી જઈ આપ નવો યુગ પ્રવર્તાવશો. આપની ઉદારતાથી આજને દિવસે લાખો સ્ત્રી-પુરુષોને અનહદ આનંદ થયો છે. આજે હજારો સ્ત્રી-પુરુષો લાંબા વખતે તેમના પ્રાણસ્વરૂપ પવિત્ર શત્રુંજયનાં દર્શન-પૂજનનો અમૂલ્ય લ્હાવો લઈ રહ્યાં છે તે અથાગ પુણ્ય-ઉપાર્જનમાં આપ પણ ભાગીદાર છો. યાત્રાળુઓ યાત્રા કરવા ઘણાં જ ઉત્સુક થઈ રહ્યાં છે તેથી આપ નામદારનો વધુ વખત ન લેતાં આપને શેઠ આણંદજી કલ્યાણજી તરફથી સપ્રેમ વિનંતિ કરવાની કે આપના સ્વ-મુખે યાત્રા ખુલવાની વધાઈ જાહેર કરો ને પવિત્ર શત્રુંજય ઉપર ચડી શ્રી યુગાદિદેવના પ્રથમ દર્શનનો અપૂર્વ લ્હાવો લેવામાં અમારા અગ્રેસર થાવ."

શેઠશ્રી પ્રતાપસિંહભાઈના ઉપર મુજબના વક્તવ્ય પછી પેઢીના બીજા વહીવટદાર પ્રતિનિધિ શેઠશ્રી અમૃતલાલ કાળીદાસે પાલીતાણા રાજ્ય અને જૈનો વચ્ચેના કાયમી અને એખલાસભર્યા સંબંધનો ઉલ્લેખ કરતાં "ડાંગે માર્યાં પાણી જુદાં ન પડે" એમ કહીને દુઃખદ ભૂતકાળને ભૂલી જઈને ઉદાર હૃદયથી કામ લેવાનો અનુરોધ કર્યો હતો.

આ પછી પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબે શ્રીસંઘને સંબોધતાં લાગણીભીના શબ્દોમાં કહ્યું હતું કે—

"શ્રી સંઘના પ્રતિનિધિ ગૃહસ્થો, ભાવિક શ્રાવક-શ્રાવિકાઓ અને અન્ય ગૃહસ્થો,

"તમારા આ મોટા સમુદાયને હું ભાવભરેલો આવકાર આપું છું.

"મેં રાજ્યની સત્તા હાથમાં લીધી ત્યારે હિંદુસ્થાનના દરેક ભાગમાંથી મારા પાટનગરમાં આવનાર યાત્રિકને મારા રાજ્યમાં વસતી પ્રજાની બરાબર ગણવાનું જાહેર કર્યું હતું. તે જ પ્રમાણે અમલ કરવાનો મેં પ્રયત્ન કર્યો છે. યાત્રાળુઓની સગવડ માટે જે જે જરૂરનું જણાયું તે તે કરવામાં આવ્યું

છે. પ્રભુએ જેમને સુખ-શાંતિ આપવાની મને તક આપી છે, તેમને અધિક અધિક સુખ-શાંતિ મળે, તે જળવાય અને તેમાં વધારો થતો જાય તેમાં મને મળેલી તકની હું સફળતા માનું છું.

"યાત્રાળુઓ પ્રતિ મારી કાયમની પ્રજા પ્રતિ મારો જેવો આદર છે તેવો જ છે. જ્યાં સુધી યાત્રાળુઓ મારા રાજ્યમાં હોય ત્યાં સુધી તેમનો મારા ઉપર મારી કાયમની પ્રજા જેટલો જ હક્ક છે. તમારાં શરીરને આરામ મળે અને તમે તમારાં મનની શાંતિ મેળવી શકો તેવી વ્યવસ્થા કરવામાં રાજા તરીકેના મારા ધર્મનું પાલન છે એમ હું માનું છું.

"ધર્મ સંબંધી વિચારોના પરિવર્તનના આ કાળમાં પૂજા-અર્ચા અને ધાર્મિક ક્રિયાઓમાં રહેલા ઊંડા મર્મને નજરમાં રાખી તમારી ધર્મભાવના ખીલવવાની પ્રવૃત્તિ શરૂ થાય અને તેમાં આગળ વધી અનેક ખૂબીવાળા જૈન ધર્મનો પૂરો લ્હાવ લઈ, આ લોક અને પરલોક સુધારવાને તમે સૌભાગ્યશાળી થાઓ એ શુભેચ્છા છે. યાત્રાનાં સર્વ શુભ ફળ તમને મળો એ શુભેચ્છા પણ હું પ્રેરું છું.

"સદ્ભાવનું કારણ સદ્ભાવ છે અને સદ્ભાવનું પરિણામ સદ્ભાવ જ હોઈ શકે. સદ્ભાવ કેળવવાથી દુનિયા ઉપરની ઘણી મુશ્કેલીઓ ઊભી થતી નથી અને કદાચ ઊભી થાય તો ઊઠી જાય છે. રાજ્ય તરફથી સદ્ભાવ કેળવવાનું ધર્મપાલન કરવા મારી કોશિશ ચાલુ જ છે. મને આશા છે કે, મારી કાયમી પ્રજા અને ભાવિક યાત્રાળુઓ પણ સદ્ભાવને ખીલવી યાત્રાનો અધિક અધિક લાભ મેળવી કૃતાર્થ થશે."

ઠાકોર સાહેબનું પ્રવચન પૂરું થયા બાદ, આ સુઅવસર અંગે જૈન સંઘની ખુશાલીની લાગણી વ્યક્ત કરતું અને કવિ શ્રી શામજીભાઈ હેમચંદભાઈ દેસાઈએ, પોતે રચેલું, નીચે મુજબ ગીત મધુર અને બુલંદ સ્વરે ગાઈ સંભળાવ્યું હતું—

(ઝૂલણા છંદ)

આજ આનંદની નોબતો ગડગડી, આજ તો હર્ષના તૂર વાગ્યાં;
સ્નેહના સાગરો આજ ઉછળી રહ્યા, આજ જૈનો તણાં પુન્ય જાગ્યાં.

આજ અમ આંખડી તૃપ્ત થાશે હવે, વિરહની વેદના સર્વ જાશે;
પુત્ર ઉત્સવ થકી અધિક ઉત્સવ સમા, આજ ઉભરાય હૃદયો ઉલ્લાસે.

આજ નારી કહે નાથને સ્નેહથી, અન્ય કામો હવે દો વિસારી;
ગિરિતણા શૃંગ પર દેવના દેવને, ભેટવા ત્વરિત થઈ વૃત્તિ મારી.

આજ 'બહાદુર' રજપૂત રાજા તણી, બુદ્ધિના કિરણો ખૂબ ખીલ્યાં;
બંધ દ્વારો ગિરિરાજના ખોલવા, નૃપવરે આજ આદેશ ઝીલ્યા.

યાત્રા ખુલ્લી મૂકયાની નામદાર ઠાકોર સાહેબે મંગળ જાહેરાત કર્યા બાદ શેઠશ્રી લાલભાઈ કલ્યાણભાઈ ઝવેરીએ આ પ્રસંગે ઠાકોર સાહેબનો તથા અન્ય સૌનો આભાર માન્યો હતો અને સૌનાં હર્ષનાદો વચ્ચે એ વાતની જાહેરાત કરી હતી કે, "શ્રી શત્રુંજય તીર્થની યાત્રા નિમિત્તે જે સેંકડો ભાઈઓ-બહેનોએ જુદી જુદી જાતના નિયમો ઉચ્ચર્યાં હતાં તે આજે છૂટાં થાય છે. અને આવા શુભ

પ્રસંગમાં આપ નામદારે જૈન સમુદાય પ્રત્યે જે સહાનુભૂતિ અને પ્રેમ બતાવ્યા છે તે માટે આપનો આભાર માનું છું."

આ રીતે આ સમારોહ પૂરો થયા પછી નામદાર ઠાકોર સાહેબનું, સૌના હર્ષનાદ વચ્ચે, બહુમાન કરવામાં આવ્યું હતું. અને પછી ઠાકોર સાહેબ તથા જૈન સંઘના તથા પેઢીના અગ્રણીઓ પગે ચાલીને ગિરિરાજની યાત્રાએ ગયા હતા અને આવા ઉલ્લાસ અને મંગળમય વાતાવરણમાં હજારો યાત્રિકોએ, લાંબા સમય બાદ, ખૂબ ઉમંગથી, યાત્રાનો લાભ લીધો હતો.

આ શુભ પ્રસંગના અનુસંધાનમાં એ જાણવું રસપ્રદ થઈ પડશે કે, યાત્રાનો મંગળ પ્રારંભ થવાના દિવસે ગિરિરાજ ઉપર દાદાને ભારે આંગી રચવાનો લાભ અમદાવાદના શેઠશ્રી ગુલાબચંદ નગીનદાસને આપવામાં આવ્યો હતો. અને અંતે યાત્રા-બહિષ્કારના દુઃખદ પ્રકરણનો આવો સુખદ અને સંતોષકારક અંત આવ્યો હતો.

## ઉપસંહાર

આ પ્રસંગે જૈન સંઘે દાખવેલી એકતાની ભાવના, એકવાક્યતા અને મક્કમતા, જૈન પરંપરાના સેંકડો વર્ષના સુદીર્ઘકાલીન ઇતિહાસમાં, એવી અપૂર્વ હતી કે એનો જોટો મળવો મુશ્કેલ છે. એટલે આ પ્રકરણ જૈન પરંપરાના ઇતિહાસમાં સોનેરી અક્ષરોથી અંકિત થઈ રહે એવું અનુપમ અને અનોખું છે. અને તેથી જ એની વિગતો આટલા વિસ્તારથી અહીં આપવામાં આવી છે.

॥ श्रीसिद्धाचलतीर्थराजमनिशं वंदेऽहमादीश्वरम् ॥

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
| --- | --- | --- | --- |
| ૪ | ૨૦ | સીંચન | સિંચન |
| ૬ | ૧૬ | अबन्धुना— | अबन्धूना— |
| ૧૧ | ૧૫ | —मार्हतीमुष्टि— | —मार्हती मुष्टि— |
| ,, | ૧૮ | તે જિનવરે | તે જિન વીરે રે |
| ૧૮ | ૧ | सम्यव् | सम्यग् |
| ,, | ૨ | तीर्थयात्रा फलानि | तीर्थयात्राफलानि |
| ,, | ૫ | बिभ्रमणतो | बम्भ्रमणतो |
| ,, | ૭ | जगदीशमा— | जगदीशम— |
| ૨૦ | છેલ્લી | चित्तना | चित्तनी |
| ૨૪ | ૬ | ત્રણ શ્લોકના | ચાર શ્લોકના |
| ૨૫ | ૧૮ | शिरस्फार— | शिरःस्फार— |
| ,, | ૨૩ | पायाले | पायालि |
| ૨૭ | ૧૨ | चरणेन | चरणेण |
| ,, | ૧૭ | समुद्दा | समुद्द |
| ૨૮ | ૬ | मिस्थात्व— | मिथ्यात्व— |
| ૪૦ | ૯ | ક્યારેય | ક્યારેક |
| ૪૪ | ૯ | આસ્થને | અસ્થિને |
| ૫૪ | ૧૦ | શ્રેષ્ઠીવર્ય | શ્રેષ્ઠીવર્ય |
| ૫૬ | ૧૬ | (વિ૦ સં૦ ૨૦૩૬માં) | (વિ૦ સં૦ ૨૦૩૬ થી) |
| ૫૯ | ૨૧ | ૧૮૨૧ એમ ચોખ્ખું જોઈએ | |
| ૬૭ | ૨૦ | કમનોવાળા | કમાનોવાળા |
| ૬૮ | ૨ | (પૃ૦ ૨૯૬) | (પૃ૦ ૨૯૪) |
| ૭૦ | ૭ | ફરસબંધી | ફરસબંધી |
| ,, | ૨૧ | જંગલી કબૂતરો અને | જંગલી કબૂતરો પુષ્કળ છે, અને |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૭૨ | ૧૭ | हजारों | हजारों |
| ૭૪ | ૧૯ | અજ્ઞાતકતૃક | અજ્ઞાતકર્તૃક |
| ૯૫ | ૪ | શકચા હૃતા. | શકચા હતા. |
| ૯૬ | છેલ્લી | વગેરે | વગેરે |
| ૧૦૦ | ૧૦ | ( P. 296 ) | ( P. 294 ) |
| ,, | ૧૩-૧૪ | fortrees | fortress |
| ૧૦૨ | ૨૫ | ringdoves, and | ringdoves abound, and |
| ૧૦૩ | ૬ | rodo | rode |
| ૧૦૬ | ૨૪ | ૧૦૬ | ૧૮૬ |
| ૧૧૦ | છેલ્લી | ચાપડાઓમાં | ચોપડાઓમાં |
| ૧૨૩ | ૨૦ | આસાતના | આશાતના |
| ૧૩૨ | ૬ | સને ૧૮૧૮ માં | સને ૧૮૭૮ માં |
| ૧૫૦ | ૧૪ | લેવા જેવો | લેવા જેવા |
| ૧૫૧ | ૬ | સુનવણી | સુનાવણી |
| ૧૭૫ | ૨૮ | પૈઢી તરફથી | પેઢી તરફથી |
| ૧૭૬ | ૧૫ | 1 80 | 1880 |
| ૧૯૦ | ૧૮ | સ્વીક ાર્યો | સ્વીકાર્યો |
| ૧૯૨ | છેલ્લી | ,વળી | વળી, |
| ૧૯૭ | ૨૮ | ( સને ૧૦૨૦, | ( સને ૧૮૨૦, |
| ૨૧૨ | ૭ | ચેપડા | ચોપડા |
| ૨૧૭ | મથાળું | થથેલા | થયેલા |
| ,, | ,, | રેકરાા | કરારો |
| ૨૨૫ | ,, | પાલીત્તાણા | પાલીતાણા |
| ૨૩૨ | ૨૨ | અજુગતિ | અજુગતી |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૩૪ | ૧૩ | "સાર્વભૌમ સત્તાને એમ લાગે કે"-આટલું લખાણ ૧૨ મી લીંટીમાં પણ આપેલ છે, તેથી અહીં એ બેવડાય છે, માટે રદ કરવું. | |
| ૨૩૭ | મથાળું | થશેલા | થયેલા |
| ,, | ૪ | પ્રતિનિધિ મંડળ | પ્રતિનિધિમંડળ |
| ,, | ૨૨ | સમક | સમય |
| ,, | ૨૫ | કસ્તુરભાઈ | કસ્તુરભાઈ |
| ,, | ૨૮, ૨૯ | પ્રતિનિધિ મંડળ | પ્રતિનિધિમંડળ |
| ૨૪૧ | ૧૫ | ૭.૧ | ૭૧ |
| ૨૪૫ | ૨૫ | પાલતાણા | પાલીતાણા |
| ૨૪૬ | ૧૧ | ૧૨-૨-૧૯૧૬ | ૧૨-૨-૧૯૨૬ |
| ,, | ૧૮ | ૧૯-૨-૧૯૧૬ | ૧૯-૨-૧૯૨૬ |
| ૨૪૭ | ૧૬ | પ । | પત્ર |
| ૨૫૪ | ૧૯-૨૦ | શરતચૂક | સરતચૂક |
| ૨૫૫ | ૨૩ | thoes | those |
| ૨૫૬ | ૯-૧૦ | grievanees | grivances |
| ,, | ૨૭ | religin | religion |
| ૨૫૮ | ૮ | will not | will not be |
| ૨૫૯ | ૨ | lepsed | lapsed |
| ૨૬૦ | ૬ | વાષિક | વાર્ષિક |
| ૨૬૨ | ૨ | પ્રાણપ્રીય | પ્રાણપ્રિય |
| ૨૬૫ | ૭-૮ | excertions | exertions |
| ,, | ૮ | cause | caused |
| ૨૭૪ | ૮ | o the | of the |
| ૨૭૫ | ૩ | scrupple | scruple |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૮૮ | ૩૧ | પોતાના પિતાશ્રી.... | ૫૩. પોતાના પિતાશ્રી |
| ૨૮૯ | ૧ | ૫૩. પેરા ૧૮.... | પેરા ૧૮.... |

( આ છેલ્લી બે ભૂલોનો સુધારો એવો સમજવાનો છે કે પાદનોંધ નં. ૫૩નો અંક પૃ. ૨૮૯ની પહેલી લીટી સાથે મુકાયો છે, તે ૨૮૮માં પેજની ૩૧મી લીટીની શરૂઆતમાં મૂકવાનો છે. )

| | | | |
|---|---|---|---|
| ૨૯૫ | ૭ | pilgrim ta... | pilgrim taxes |
| ૨૯૬ | ૨૦ | વોઇસિરોય | વાઇસિરોય |
| ૨૯૭ | ૬ | permission. | permission, |
| ૩૦૦ | ૨૦ | Accredeted | Accredited |
| ૩૦૩ | ૬ | આવી છે— | આવી છે. |
| ,, | ૭ | હક્કના | હક્કની |
| ૩૦૮ | ૯ | અ'ગ્રેજ | અંગ્રેજ |
| ,, | ૧૬ | હિદમાં | હિંદમાં |
| ૩૧૩ | ૯ | કાઠયાવાડ | કાઠિયાવાડ |
| ૩૧૪ | ૩૦ | "સાંજવતમાન" | "સાંજવર્તમાન" |
| ૩૨૬ | ૩ | ।હંદના | હિંદના |
| ૩૨૭ | ૨૫ | પ્યારું છું | પ્યારું છે |
| ૩૩૫ | ૪ | વોઇસિરોય | વાઇસિરોય |